
# હિમાલયના પત્રો

(શ્રી યોગેશ્વરજીના સાધનાકાળના પત્રોનો સંગ્રહ)




# Himalay Na Patro

[Collection of Shri Yogeshwarji's letters]

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


☼ ☼ ☼




e-book

| | |
|---|---|
| Title | : Himalay Na Patro |
| Language | : Gujarati |
| Version | : 1.1 |
| Pages | : 297 |
| Created | : December 31st 2006. |


☼ ☼ ☼

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

# નિવેદન

સાહિત્યમાં પત્રલેખનનું સ્થાન અનોખું છે. સાહિત્યની વાતને બાજુએ રાખીએ અને સામાન્ય જીવનની જ વાત કરીએ તો પણ જીવનના ગઠન તથા પુનર્ગઠનમાં પત્રોના લેખનવાચન અથવા પરિશીલનથી મોટી મદદ મળે છે. મને પોતાને પણ મદદ મળી છે.


આ પત્રસંગ્રહના મોટા ભાગના પત્રો મારી દ્વારા મારા હિમાલયવાસ દરમિયાન લખાયેલા છે. આરંભના પત્રો મારા હિમાલયના પાવન પ્રવેશની પૂર્વભૂમિકા પૂરી પાડે છે. એ દૃષ્ટિએ જોતાં એમનું મૂલ્ય ધાર્યા કરતાં ઘણું મોટું છે. પત્રોમાં સાધનાત્મક જીવનવિકાસની કેટલીક સેવાપયોગી વાતોનો સમાવેશ થયેલો છે. તે વાતો જીવનવિકાસમાં રુચિ રાખનારા સાધકોજનોને માટે પ્રેરક તથા પથપ્રદર્શક ઠરશે એવી આશા છે.

ઈ. સ. ૧૯૪૦ થી લખાયેલા આમાંના અધિકાંશ પત્રો ભાઈશ્રી નારાયણભાઈએ ગુણજ્ઞભાવે વરસો સુધી સાચવી રાખેલા. આજે એમના પ્રકાશન પ્રસંગે એમને પણ સ્વાભાવિક રીતે જ સંતોષ થશે. કેટલાક પત્રો શ્રી ભાઈલાલભાઈની ગુણદર્શી વૃત્તિને લીધે સચવાયેલા છે. માતાજીને તે ઘેર રહેતાં ત્યારે લખેલા થોડાક પત્રો પણ આ પત્રસંગ્રહમાં જોઈ શકાશે. મારા જીવનવિકાસની ક્રમિક વિચારણા માટે આ પત્રો ઉપયોગી થશે.

- યોગેશ્વર

☼ ☼ ☼ ☼ ☼

**શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર**



# અનુક્રમણિકા


૧. સ્ત્રી જગદંબા છે
૨. નિરાશા ખંખેરી નાખો
૩. યોગસાધના
૪. સર્વે ભદ્રાણિ પશ્યન્તુ
૫. મહર્ષિ અરવિંદને પત્ર
૬. કોણ કોનું છે ?
૭. પ્રાણાયામ સંબંધે
૮. ધર્મનો સાર
૯. પ્રત્યુત્તર
૧૦. સ્વામી શિવાનંદને પત્ર
૧૧. લગ્નની વાત પડતી મુકાઈ
૧૨. અદ્વૈતનો અનુભવ
૧૩. વિદ્યાર્થીઓનો પ્રેમ
૧૪. હિંદમાતાની વેદના
૧૫. કવિતાની સાચી મહત્તા
૧૬. કાર્યમાં શ્રદ્ધા
૧૭. માયા કઠિન છે
૧૮. સંયમ એ જ શોભા
૧૯. જીવનનો મુખ્ય હેતુ
૨૦. ઈશ્વરનું શરણ
૨૧. સર્વ સમર્પણ
૨૨. મનુષ્યજીવનની સાર્થકતા
૨૩. સચ્ચિદાનંદની ઝાંખી
૨૪. ઈશ્વરનો પ્રેમ
૨૫. ઈશ્વરી પ્રેમનો સાદ
૨૬. સત્યમ્ શિવમ્ સુંદરમ્
૨૭. પ્રેમનું બળ
૨૮. અમૃતનું તીર્થ
૨૯. ઉદાત્ત રહસ્યજ્ઞાન
૩૦. સાધનાપરાયણતા
૩૧. આધ્યાત્મિક વિકાસ કરવા માટે
૩૨. વિલક્ષણ દશાની પ્રાપ્તિ
૩૩. જે સાકર ચાખે તેને સ્વાદ સમજાય
૩૪. ધીરજપૂર્વકની સતત સાધના
૩૫. જીવનની ધન્યતા
૩૬. અંતિમ ધ્રુવસ્થાન
૩૭. મનુષ્યજીવનની ઇતિશ્રી
૩૮. હૃદયશુદ્ધિ
૩૯. ધ્યેય અને ધ્યેયની દિશા
૪૦. મનનો ખેલ
૪૧. ચિત્તશુદ્ધિ
૪૨. લોખંડી શ્રદ્ધા
૪૩. દક્ષિણેશ્વરનો અનુભવ
૪૪. યોગનું સાચું રહસ્ય
૪૫. આત્મપરિક્ષણ
૪૬. અમિટ લગનીની આવશ્યકતા
૪૭. મન અને ઇન્દ્રિયના સ્વામી
૪૮. સતત પ્રયત્નશીલતા
૪૯. સાચા હૃદયનો તલસાટ
૫૦. ઈશ્વરની વિચિત્ર લીલા
૫૧. બે પ્રકારના યોગીઓ
૫૨. મહાપુરુષોની સત્યનિષ્ઠા
૫૩. સમયની વ્યર્થતા એ મોત
૫૪. નક્કર સંકલ્પ
૫૫. પરમકૃપાળુ 'મા'ને પ્રાર્થના
૫૬. આનંદ આનંદ પરમાનંદ
૫૭. અનુભવના અગ્નિમાં કાંચન
૫૮. એકાંતની અગત્યતા

૫૯. ઈશ્વરીય લીલાનો આનંદ
૬૦. મેરે તો ગિરિધર ગોપાલ
૬૧. જીવનનું સુખ
૬૨. શાંતિનું ધામ
૬૩. એક ધ્રુવ વાત
૬૪. વિધિના લખેલા લેખ
૬૫. ગડમથલ
૬૬. સાચું સુખ
૬૭. કાર્યનું મહત્વ
૬૮. વ્યાવહારિક પરિસ્થિતિ
૬૯. એ સાંજ !
૭૦. પ્રેમસંગીત
૭૧. ધ્રુવ લક્ષ
૭૨. અમર સંદેશ
૭૩. અમરનાથ અને દક્ષિણેશ્વર
૭૪. કૃતનિશ્ચય અને કાર્યસિદ્ધિ
૭૫. તરતાં લાકડાં
૭૬. શક્તિમતી સરિતા
૭૭. બ્રહ્મચર્ય
૭૮. સાત્વિકતાની ખીલવણી
૭૯. પોતે જ પોતાના વિવેચક
૮૦. જ્ઞાનદૃષ્ટિની પ્રાપ્તિ
૮૧. જીવનનો ઉપયોગ
૮૨. આત્મિક વિકાસની સાધનામાં શું જરૂરી ?
૮૩. ચંચલ જીવનમાં સુખી થવાનો માર્ગ
૮૪. ભારતની વિચિત્ર દશા
૮૫. પૂર્વજન્મના સુકર્મ
૮૬. સાધનાનો માર્ગ
૮૭. ભરતમંદિર વિશે
૮૮. બરફ નીચેના પ્રવાહો
૮૯. વિચાર-વર્તનના કજોડા
૯૦. મહુવાના સપ્તર્ષિ
૯૧. સંતસમાગમ - એક વનસ્થલી
૯૨. ચાર પ્રકારના માણસો
૯૩. ત્રણ જરૂરી વસ્તુ
૯૪. પ્રેરણાદાયક કાર્યક્રમ
૯૫. આત્મિક મૂલ્યોની સ્થાપના
૯૬. સાધનાપરાયણતા
૯૭. આફતરૂપ યોજના
૯૮. ખોદ્યો ડુંગર કાઢ્યો ઉંદર
૯૯. અસાધારણ પ્રસંગો
૧૦૦. રાષ્ટ્રીય કર્તવ્યો
૧૦૧. પ્રવચનોનું મૂલ્ય
૧૦૨. સંસાર એક પાઠશાળા
૧૦૩. નિષ્કપટ પ્રેમદર્શન
૧૦૪. 'પવિત્ર' શબ્દપ્રયોગ
૧૦૫. પ્રેમનું પરમામૃત
૧૦૬. યજ્ઞભૂમિ
૧૦૭. તીર્થ પ્રજાની મનોદશા
૧૦૮. પૂર્ણ સિદ્ધિ ક્યારે ?
૧૦૯. વિશ્વનું અમૃત
૧૧૦. નસીબ
૧૧૧. જીવન એક સંગ્રામ
૧૧૨. ચર્મવૃત્તિ
૧૧૩. અમૃતપદ
૧૧૪. તડકા-છાંયા
૧૧૫. ચંચળ સંબંધો
૧૧૬. જીવનનો આદર્શ
૧૧૭. કૃપાનો ચાતક
૧૧૮. ગ્રામજીવનનો આનંદ
૧૧૯. પુરુષાર્થ


**<u>પૂજ્ય માતાજીને લખેલા પત્રો</u>**


૧૨૦. અભ્યાસની શરૂઆત
૧૨૧. શાળાજીવન

૧૨૨. શાળાજીવન
૧૨૩. શિક્ષકજીવન
૧૨૪. શિક્ષકજીવન
૧૨૫. શિક્ષકજીવન
૧૨૬. સાધુના ગામમાં
૧૨૭. સાધન-ભજનનો આનંદ
૧૨૮. પ્રભુસ્મરણ
૧૨૯. મનુષ્યજીવન એક લૂંટ
૧૩૦. અજ્ઞાનીનું નિશાન
૧૩૧. કર્મનો નિયમ
૧૩૨. પ્રભુની કસોટી
૧૩૩. ડૂબ ગઈ દુનિયા
૧૩૪. ભગવાનની લીલા અપાર
૧૩૫. દક્ષિણેશ્વરની યાત્રા
૧૩૬. દેહ જેવું મોંઘું રતન
૧૩૭. ભાવનાં ભૂખ્યા ભગવાન
૧૩૮. સાચું સુખ
૧૩૯. શરીર એક ધર્મશાળા
૧૪૦. પૂર્વજન્મના પુણ્યપ્રતાપ
૧૪૧. નામજપનો મહિમા
૧૪૨. ઇશ્વર સ્મરણ
૧૪૩. સાચો ધર્મ
૧૪૪. પ્રેમરૂપી ધન
૧૪૫. ઘાંચીનો બળદ
૧૪૬. ક્ષણિક જીવન
૧૪૭. આનંદના દિવસો
૧૪૮. દેવદુર્લભ માનવશરીર
૧૪૯. સંત્સંગનું મહત્વ
૧૫૦. કળિયુગમાં તરવાનો ઉપાય
૧૫૧. પાછા દેવપ્રયાગ તરફ
૧૫૨. છૂપાં રત્નો
૧૫૩. સાચી સંપત્તિ
૧૫૪. હિમાલયનું સ્વર્ગ
૧૫૫. ચાર દિવસનું ચાંદરણું
૧૫૬. ફોગટ ફેરો
૧૫૭. માખણચોરની મમતા
૧૫૮. ક્ષણભંગુર જીવન
૧૫૯. ઈશ્વરપ્રેમની તુલના
૧૬૦. ભવાની શંકરનો પત્ર

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧ : સ્ત્રી જગદંબા છે

લોહાણા બોર્ડીંગ, વડોદરા.
તા. ૩ એપ્રિલ, ૧૯૪૦

વહાલા ભાઈ,

તમારો પત્ર મને આજે જ મળ્યો છે. તમે સારા હશો.

સાચું છે કે સંજોગો માણસને પલટાવે છે, પણ અમુક શક્તિ મેળવ્યા પછી માણસ સંજોગોને પોતાને અનુકૂળ બનાવી શકે છે, એ પણ ક્યાં એટલું જ સાચું નથી ?

રખે માનતા કે મારી આ નિષ્ફળતાને હું નિષ્ફળતા માનું છું. મને તેનો જરાયે શોક કે હર્ષ નથી. હું સફળ થયો હોત તોય મારા મુખે એ જ ભાવ રમત જે આજે રમે છે. જીવનના વિસ્તૃત અને ઉમદા ક્ષેત્રમાં આવી પરીક્ષાઓને તો જરાય અગત્યનું સ્થાન નથી. ક્યાં જીવનની એ ઊર્ધ્વગામી ભાવના અને ક્યાં આ રાક્ષસી-અરે જરાય પાયા વિનાની એવી પરીક્ષાઓ ! આને તમે પરીક્ષાઓ કહો છો ? કોલેજમાંથી કેળવણી લઈને પ્રતિવર્ષ બહાર પડનારા યુવકને કેળવાયેલા કોણ કહી શકે ? વિવેકાનંદનાં વાક્યોને ફરી યાદ કરવાં પડશે ? ‘આ તમારી ડીગ્રીઓ અને પદવીઓ, શું સમુદ્રમાં એટલું પણ પાણી નથી કે આ બધાંની સાથે તેમને પણ એમાં ડુબાવી શકાય ?’

પણ આ બધું તમે જાણો છો. હું તો એમ જ માનું છું કે મારા જીવનમાં આવી કેળવણીને બહુ સ્થાન નથી. મારી કેળવણી પળેપળની છે. પળે પળે તે મને કેળવે છે, ને મને એવી શ્રદ્ધા છે કે મારા જીવનનો કોઈ પણ અણધાર્યો પ્રસંગ મારા ઉત્કર્ષ માટે જ હોવો જોઈએ. તે સનાતન શક્તિ-જગન્માતા પર મને સંપૂર્ણ શ્રદ્ધા છે. તે જ મને દોરે છે. અંધારી ભેખડો ને ગુફાઓમાં પણ ફૂલની શય્યા પર ચાલતો હોઉં તેમ હું તેની પાછળ પાછળ ચાલ્યો જાઉં છું.

તમારી પાસે રહેતાં બેનને મારાં લાખલાખ વંદન હો ! એમના ચરણે મારાં હજાર-હજાર વંદન હો ! એમને તો મારો પરિચય પણ નહિ હોય. અત્યારના સમાજનું બંધારણ કંઈક એવું છે કે એક જ કુટુમ્બનાં ભાઈ-બહેનો પણ એકમેક સાથે ઘણી જ સહેલાઈથી હળીમળી શકે નહિ. મારાથી પણ એ બેન સાથે જરાય વાત થઈ શકી નથી. પણ મારો પૂજ્યભાવ તો એવો જ છે, જેવો તે વખતે હતો. બીજી બહેનો કરતાં તમારી વાત પરથી એમનામાં હું વધારે શુદ્ધિ ને દિવ્યતા જોઉં છું. પણ આપણો સંસર્ગ માત્ર ત્યારે જ કીમતી ગણાય જ્યારે આપણે જેના સંસર્ગમાં આવીએ, તેને પરમમય કરતા જઈએ-આદર્શ પ્રતિ દોરવા મથીએ.

ભાઈ, સ્ત્રીમાત્ર પરમશુદ્ધિ છે, સ્ત્રીમાત્ર જગદંબા છે. સ્ત્રી ન હોત તો પુરુષ જાણત નહિ કે પરમેશ્વર છે.

આપણને શુદ્ધ થવા દો, આપણને પવિત્ર થવા દો ને પછી હજારો વાવાઝોડાં ભલે વરસે, મોતના ઝંઝવાતો ભલે વાય, દ્વારિકા-નિમજ્જન વખતે ઊભેલા પીપા ભગતની જેમ આનંદ સ્મિતને વેરતા આપણે પ્રલયની ગરદન પર પાય મૂકીને ઊભા રહીશું : ચાલો, તમારા જેવા જ તેવી શક્તિ મેળવી શકશે.

વધારે શું ? તમારા પર મને પ્રેમ છે. ને છે તમારા અન્ય મિત્રો પર. બધાંને તો હું પત્ર લખી નથી શકતો અને એ મને ગમતું ય નથી, એ તમે જાણો છો. હવે આપણે મળીશું કે કેમ એ ના કહેવાય. છતાં પણ

'મા' પર શ્રદ્ધા રાખો ને શુદ્ધિ આચરતાં ધપ્યા જાવ. આપણે ભલે કાંઈ નહીં કરી શકીએ, આપણું જીવન યથાર્થ રીતે જીવી જાણીશું તો ય ઘણું છે. સમય મળ્યે પત્ર લખશો.

અત્યારે હિંદ વાટ જોઈને બેઠું છે. વિવેકાનંદ ને રામતીર્થ, અરે દયાનંદ ને પરમહંસ તો નહિ પણ શુદ્ધિની તાલાવેલી સેવનારા પુત્રો પણ આજે ભારતમાં કેટલા છે ? ક્યાં છે ? આજે તો જ્યાં ત્યાં જડવાદ જ જણાય છે. જીવન જેમ તેમ કરીને પસાર કરવું એ જ ઘણાનો પરમમંત્ર અત્યારે તો લાગે છે. આપણે પણ તેવા જ થઈશું કે ? તો પછી ભારત સંપૂર્ણપણે દરિદ્રી નહિ થઈ જાય ? ઈશ્વર વિચારી જ રહ્યો છે; 'મા' એ યોજના ઘડી જ રાખી છે.

આપણે પ્રતિદિન ઉમદા ચારિત્ર્યના પાયા પર ઊભા રહીએ અને વિરાટની સાથે એક થઈ જવાના પ્રયોગો આદરીએ. પ્રયત્ન કરો અને વિજય આપણો જ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨ : નિરાશા ખંખેરી નાંખો

વડોદરા.
તા. ૧૫ જુલાઈ, ૧૯૪૦

વહાલા ભાઈ,

તમારા પત્રમાં તમે જે પ્રશ્નને સ્પષ્ટ કર્યો છે તે નવીન નથી. આપણે તે વિષે પહેલાં ઘણી વાર વાત કરી છે પણ આટલો વાસ્તવિક તે કોઈ કાળે જણાયો ન હતો, એ દૃષ્ટિએ જોતાં તેની કીંમત આજે ખૂબ વધી પડી છે.

૧

તમે જે બેનનો નિર્દેશ કર્યો છે તે બેનને હું જાણું છું. તેમની ઉંમર ધાર્યા પ્રમાણે ૧૨-૧૩ વર્ષની હશે.

આપણાં માતા-પિતા પુત્ર-પુત્રીને પરણાવી દેવામાં જીવનની ઈતિ કર્તવ્યતા માને છે. પુત્રને પરણાવી દીધો એટલે જગ જીત્યા એવો એમને ખ્યાલ હોય છે. પણ એ આટલી બધી ઉતાવળ કાં કરતાં હશે ? શું તેઓ એમ નથી ઈચ્છતાં કે તેમનો પુત્ર સામાન્ય મટી અસામાન્ય થાય ? શું તેઓ એમ નથી ઇચ્છતાં કે તેમનો પુત્ર અમુક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી, ને બને તો આજીવન બ્રહ્મચારી રહી, પોતાનું તેમજ બીજાનું ભલું કરે ? આખી દુનિયામાં તે આગળ આવે, છાતી કાઢીને ઉભો રહે, એમ એ કેમ નથી ઈચ્છતાં ? ને એ ખરેખર જ એમ ઈચ્છતાં હોય, તો પોતાના જ પુત્ર પર એક પ્રકારનો ભાર-કવખતનો ભાર-મૂકી પોતાના જ પુત્રને નીચે ચગદવા શા માટે તૈયારી કરતાં હશે ? આપણે બધા આનો ઉત્તર જાણીએ છીએ. કોઈ કહે છે કે માબાપનો પ્રેમ ખૂબ ઉભરાઈ જાય છે માટે એ આમ કરે છે. શું એ સાચું છે ? માબાપનો પ્રેમ ઉભરાઈ જતો હોય તો પોતાના સ્વાર્થ સારુ પુત્રના જીવનને એ જંજાળથી શા માટે જકડી દે ? શું માબાપ આવી જ રીતે પુત્ર પ્રત્યેનો પ્રેમ પ્રદર્શિત કરી શકે છે ? તેને આગળ વધવા ઉત્સાહ આપી, અનેક પ્રકારે તેને સંસ્કારથી અભિસીંચી, માબાપ પોતાનો પ્રેમ ન પ્રદર્શાવી શકે ? પણ આપણે ત્યાં ઘણે ઠેકાણે માબાપ જ સંસ્કારહીન જણાયાં છે, ને જ્યાં સંસ્કાર છે ત્યાં સ્વાર્થ ને ટૂંકી દૃષ્ટિના જાળાં પથરાયાં છે.

કોઈ કહે છે માબાપ પુત્રના લગ્ન કરી દે છે કેમ કે પોતાની પાછળ વંશ ચાલુ રહેતો જોવાને તે બહુ આતુર હોય છે. આપણે પૂછીશું કે લગ્ન કરવાથી પ્રજોત્પત્તિ થવાની જ છે એવી માબાપને ખાતરી છે ? કે લગ્ન કરવાથી જ વંશ રહી શકે છે ? અને એવા વંશ શું કામના ? કાળના સાગરમાં એમનું મૂલ્ય કેટલું ? દયાનંદ ને રામકૃષ્ણને કયા વંશજો હતા ? તુલસીદાસ ને સુરદાસને કયા પુત્રો હતા ? મીરાંને કયી બાલિકાઓ હતી ? શું એમનાં નામ જતાં રહ્યા છે ? ઠેકઠેકાણે ફૂટેલી ને ફાલેલી આર્યસંસ્થાઓ, ધર્મપીઠિકાઓ, ને તેમાં ધર્મસ્નાન કરતાં હજારો બાલક-બાલિકાઓ, દયાનંદના જ બાળકો નથી ? ‘મીરાં કે પ્રભુ ગિરિધર નાગર’ ગાનારી બધી જ કુમારિકાઓ કે માતાઓ મીરાંની જ વારસ નથી ?

છતાં પણ લગ્નજીવન નકામું નથી. સામાન્ય જન માટે તે અતિ આવશ્યક છે. જે બહુ ઉચ્ચ થઈ ગયા હોય છે તેમને તો એની પોતાને માટેની નિરર્થકતા આપોઆપ સમજાઈ ગઈ હોય છે.

લગ્નજીવન પ્રવૃત્તિ રોકે છે એ પણ પૂર્ણ સાચું નથી. એનાથી મર્યાદા બંધાય છે. પણ ઘણી વાર તે મર્યાદા સકારણ હોય છે ને લાભદાયી નીવડે છે. લગ્ન વિના એક હૃદય ઉચ્ચ થતું હોય છે તો લગ્નથી બે હૃદય ઉચ્ચ થાય છે એ પણ સાચું છે. અને લગ્ન કરનાર બેઉ વિશુદ્ધ હોય તો પરમ પ્રતિપક્ષ, દેહનાં બંધનને શિથિલ કરી, પ્રગતિ સાધે છે એ સ્પષ્ટ છે. ગાંધીજી ને કસ્તુરબા, કે કિશોરલાલ મશુરવાળાનો દાખલો સ્પષ્ટ છે.

પણ તે જ લગ્નજીવન એક બેન કે જેને આપણે બેન જ માનીને રમાડી છે, તેની સાથે ગાળવાનું હોય ત્યારે શું થાય ? અને તે પણ એ લગ્નજીવનમાં એવા પાત્રે પ્રવેશ કરવાનો છે, જેને લગ્નની આવશ્યકતા નથી.

આ સંબંધમાં તમે તમારી માતા પર પત્ર લખવા વિચાર્યું છે તે પ્રશસ્ય છે. મને તે રુચે છે. તમારી માતાને તમારે સ્પષ્ટ જણાવી દેવું જોઈએ ને એમનું હૃદય ન દુભાય માટે તમારે લખવું જોઈએ કે મારું આખું જીવન આ રીતે લથડી જશે. હું લગ્ન કરવાનો જ નથી એમ નહિ, પણ હમણાં તો નહિ જ કરું. ને તે પણ આવી બેન સાથે એવો સબંધ બાંધતાં મને સંકોચ જ થાય. આગળ વધીને હું તો એમ પણ કહું છું કે માતા ન માને તો તમારે તમારા પિતાને વિનવવા મથવું. ને તે છતાં પણ પરિણામ તમારા હૃદય વિરુદ્ધ આવે તો તેનો ખુલ્લે હૃદયે વિરોધ કરવો. ફક્ત માતાપિતાનો જ વિચાર કરીને આપણા જીવનને જીવતું ન રાખવું. એમાં જરાય ડહાપણ નથી. અને માતાપિતાની દૃષ્ટિ ચોખ્ખી જ હોય છે એવું ક્યાં છે ?

૨

પણ હમણાં તો તમારું સગપણ જ થયું હશે. લગ્નને વાર હશે. માતાપિતાની તૃપ્તિ અર્થે આપણા જેવાએ લગ્ન કરવાનું થાય તો ઓછામાં ઓછું ૨૨-૨૩ વર્ષે કરવું એવો મારો મત છે અને તે પણ જ્યારે આપણે આપણા પગ પર સ્થિર હોઈએ ત્યારે. તમારા સંબંધમાં તેમ થવાનું હોય તો તો હરકત જેવું કાંઈ નથી. પરંતુ તમારાં માતાપિતાને લગ્નનો લાડવો હમણાં જ ખાઈ લેવાની ઈચ્છા હોય, તો તો તમારે ના જ કહેવી જોઈએ એમ હું માનું છું. અને સાચાં માતાપિતા કે જે પુત્રનું હિત ઈચ્છે છે ને આણવા યત્ન કરે છે તે, વસ્તુસ્થિતિ સમજ્યા પછી, પોતાના સ્વાર્થ કાજે આઘાત ન જ પામે.

પણ તે છતાં તમારે લગ્ન કરવાનું થાય, તમારે માટે તે અનિવાર્ય બને, તો તેમાં નિરાશ થવાનું કાંઈ જ નથી. 'મા'ની ઈચ્છા સમજીને તેને તમારે વધાવવાનું જ છે. ત્યાર પછીની સ્થિતિ આપણા પર જ અવલંબે છે. જી. એમ. ભટ્ટ જેવા માણસનું તેમાં કામ નથી. તો પણ એમણે અમુક સમય સુધી જે બ્રહ્મચર્ય પાળ્યું તે ધન્યવાદ જ માગે છે. પણ વધુ ધન્યવાદ તો તેમની પત્નીને જ આપવા ઘટે. તેમની નિષ્ઠા મને એક ગુણિયલ બાલિકાની યાદ આપે છે. આપણે એવી જ બહેનોની જરૂર છે. તમારાં લગ્ન જેની સાથે થાય તે બેન જો એટલી નિષ્ઠા કેળવી શકે, ને તમે એમ કરવામાં એને સહાય કરો, તો તો 'મા'ની કૃપા જ સમજવી. તો જીવનમાં વિકૃતિ ન જ આવે. તો પછી લગ્ન થયું એમ કહેવાય જ કેવી રીતે ? હું તો ન જ કહું.

આમ આપણી પાસે વિવિધ માર્ગ છે. હજી હું એ વિષે વધારે લખી શકું એમ છું પણ સ્થળસંકોચ હોવાથી મુલતવી રાખું છું.

હમેશાં સારી ભાવનાઓ કેળવતા જાઓ, શુદ્ધ વિચાર સેવ્યા કરો, ને 'મા'ના સાતત્યમાં બનતો સમય પસાર કરો. એટલે ગમે તે પ્રસંગ આવશે, તેની અંદર સ્મિત સચવાશે જ. આપણું હૃદય તેમાંથી આપોઆપ પ્રગતિ શોધી લેશે.

3

પ્રાણાયામ વિષે પૂછો છો તે સારું છે. હું જે રીતે પ્રાણાયામ કરું છું તે જણાવું છું. પહેલાં તો જમણે અંગુઠે જમણું નાક દબાવી, ડાબે નાકેથી શ્વાસ ચઢાવવો; તે વખતે ૐ ભૂ: ૐ ભૂવઃ એ મંત્ર એક વાર બોલવો. પછી બેઉ નાક દબાવવાં - શ્વાસ રુંધવો ને એ જ મંત્ર ચાર વાર બોલવો. ત્યાર પછી ડાબું નાક બંધ કરી, જમણા નાકમાંથી શ્વાસ કાઢી નાખવો ને તે સમયે પેલો મંત્ર બે વાર બોલવો. શ્વાસ લેવાની ને કાઢવાની ક્રિયા જેમ ધીરે થાય તેમ સારું. આ અર્ધ પ્રાણાયામ થયો કહેવાય. તે પછીથી ડાબું નાક બંધ કરી જમણા નાકથી શ્વાસ લેવો. તે વખતે મંત્ર એક વાર બોલવો. પછી બંને નાકને બંધ કરી ચાર વાર મંત્ર બોલવો. ને છેલ્લે જમણું નાક બંધ કરી ડાબે નાકેથી શ્વાસ ઉતારતા બે વાર મંત્રોચ્ચાર કરવો. આમ એક પ્રાણાયામ થાય. પ્રાણાયામને અંતે આંખ અર્ધી મિનિટ કે મિનિટ મીંચેલી રાખવી, ને પછી ઉઘાડતી વખતે હાથને પહોળા કરી સોહમ્ ભાવ પ્રકટાવવો.

પણ શરૂઆતમાં આમ ન પણ થાય. એવે વખતે ક્રિયા તો ઉપર્યુક્ત કરવી; પણ એક, ચાર ને બે વાર મંત્ર બોલવાને બદલે ૮, ૩૨ ને ૧૬ ઓહમ્ બોલવા.

ઉષા સમયે, મધ્યાહ્નને, સંધ્યા સમયે ને મધરાતે પ્રાણાયામ અનુકૂળ આવે છે. પ્રાણાયામથી ધ્યાન માટેની ભૂમિકા જલદી થાય છે, કારણ કે ધ્યાનમાં પણ શ્વાસને રુંધવાનો જ હોય છે. મેં આજે રાતે ૪ વાગે બે પ્રાણાયામ કર્યા હતા.

તે ઉપરાંત ઉષઃકાલે ઉઠીને મોં ધોઈ, તાંબાના વાસણમાંનું શેરેક પાણી પીવાથી મળ સારો થાય છે. નાકે પાણી પીવાથી આંખ સુંદર થાય છે.

ક્યારે ઊઠો છો ? ક્યારે સૂઓ છો ? શીર્ષાસન કરો છો ?

અત્યારે હું કામાટિબાગમાં છું. આકાશ વર્ષાનાં વાદળવાળું છે. કાલે ને પરમ દિવસે અહીં વરસાદ બરાબર પડેલો. ગઈ કાલે સાંજે તો બહુ મઝા પડી. એટલી બધી કે એ જોઈને સંધ્યા પણ આકાશના આવાસમાં બેસી રહી. હું મનુભાઈ સાથે દૂર જંગલ જેવા સ્થાનમાં ગયેલો. એક તળાવ પાસે બેઠેલો. વાદળ તો એટલા બધા ખેલ કરે ને વેશ બદલે કે આંખ ત્યાં જ ઠરી રહે.

રોજનીશીમાં વિચારો લખવાનું ચાલુ રાખશો.

નિરાશ ના થશો. કોઈ પણ પ્રસંગ-'મા' જે આપણી આગળ મૂકે તેથી નિરાશ ના થશો. મારે અનેક અનુભવમાંથી પસાર થવું પડ્યું છે-પડે છે પણ મને તે અસર કરી શકતા નથી. 'મા'ની કૃપા છે. મુશ્કેલ પ્રસંગોમાં પણ સ્મિતને રેલતાં રેલતાં આપણે માર્ગ કાઢીએ ને સૌથી આગળ જઈને ઊભા રહીએ ત્યારે જ આપણી શક્તિ સાર્થક કહેવાય. આપણે નિરાશ થવાનું શું કારણ છે ? આપણે કોણ છીએ ? આપણે તો સૃષ્ટિના વિધાયક છીએ; વિધિના વિધાતા છીએ. આપણે તો અનંતાનંદ છીએ. આપણને નિરાશા હોય જ નહિં.

## પત્ર ૩ : યોગ સાધના

લોહાણા બોર્ડીંગ, વડોદરા.
તા. ૧૮ ઓકટોબર, ૧૯૪૦

ભાઈ નારાયણ,

પત્ર મળ્યો. રજા દરમ્યાન જે કાર્ય કરવા વિચાર કર્યો છે તે સારો છે. શુદ્ધિની ભાવના ભૂલ્યા નથી એ જાણીને આનંદ થાય છે. ખાત્રી છે કે નહિ જ ભૂલો.

પત્ર લખ્યાને ઘણો વખત થયો. તે દરમ્યાન અમુક પ્રસંગ બન્યા છે જે લખું છું. અહીં કોલેજમાં મારાથી બે વાર બોલાયેલું; એક વાર 'આપણી નૈતિક શિથિલતા : કોણ જવાબદાર ?' ને બીજી વાર 'વીર નર્મદની કવિતા' એમ બે વિષય હતા. પ્રો. મંજુભાઈ ને પ્રો. ચતુરભાઈ બંને ખુશ થયા હતા. મારું નામ ને સ્થાન તેમણે પૂછી લીધું. વિદ્યાર્થીઓ પણ ખુશ થયેલા. તે પછીથી ગાંધી જયંતી વખતે અહીંના વિદ્યાર્થીમંડળે હરિફાઈ રાખેલી જેમાં 'મારી દૃષ્ટિએ ગાંધીજી' એ વિષય પર હું બોલ્યો હતો. તેમાં પ્રથમ ઈનામ મળ્યું છે તથા તે જ મંડળ તરફથી યોજાયેલી પાદપૂર્તિ ની હરિફાઈમાં પણ ઈનામ મળ્યું છે. પંદર રૂપિયાનાં પુસ્તકો વિલ્સન કોલેજમાંથી મને મળી ગયાં છે જે મેં વાંચી લીધા છે. પુસ્તક બાર છે.

તે ઉપરાંત એક બીજી વાત, અહીં એક યોગાશ્રમ છે. ત્યાં હું જાઉં છું ને ધ્યાનયોગ (રાજયોગ) શીખું છું. જ્ઞાનયોગ ને ભક્તિયોગ પછી આ યોગમાં અજબ રસ આવે છે. રામકૃષ્ણ પરમહંસે એ ત્રણે યોગો સાધ્ય કરેલા. સ્વામીજીનો પ્રેમ સારો છે. મારી ધારણા પ્રમાણે સાક્ષાત્કાર નહિ કર્યો હોય પરંતુ કાંઈ નહીં. મારું ધ્યાન તો ચાલુ જ છે. એકલા હઠયોગ કે રાજયોગથી જીવન ઉચ્ચ નથી થતું એ મારી સમજ છે; હૃદયની શુદ્ધિની ને તાલાવેલીની એટલે ભક્તિયોગની પણ જરૂર છે.

સફળતાઓ મળે છે, માન મળે છે, વાહવાહ થાય છે, પણ મારે મન તેની કીંમત નથી. મારા મનને એ પવન પલટાવી શકે તેમ નથી. એ સફળતા તો 'મા'ના ચરણમાં ઢળ્યાનું અંશ જેટલું ફળમાત્ર છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪ : સર્વે ભદ્રાણિ પશ્યન્તુ

લોહાણા બોર્ડીંગ, વડોદરા.
તા. ૩૦ ઓકટો. ૧૯૪૦

મારા વહાલા આત્મા,

રોજ જેવાં મારાં આજેય અભિવંદન; નૂતન વર્ષ છે માટે નહિ, નૂતન ભાવનાથી તમને પ્રેરાતા જોવા ઈચ્છું છું માટે. નૂતન વર્ષને દિવસે જેવી પ્રેરણા, જેવું જોમ ને જેવો ઉત્સાહ હોય છે, તેવો જ ઉત્સાહ, તેવું જોમ ને તેવી પ્રેરણા પળે પળે રહે ત્યારે જ નૂતન વર્ષની સાર્થકતા.

સર્વે ભદ્રાણિ પશ્યન્તુ !

દુનિયાના પશ્ચિમ પ્રદેશની સ્થિતિ આજે કફોડી છે. ત્યાંની સંસ્કૃતિ ને ત્યાંનો સુધારો આજે પરપોટાની જેમ હવામાં અદૃશ્ય થતો લાગે છે. માનવો ને પશુઓની-રે, મૂંગી ધરતીની વેદનાથી આખું આકાશ છવાઈ જાય છે. પરમ શક્તિની જ એ લીલા છે. આસુરીતત્વનો નાશ દેવીતત્વના ઉદય માટે જ છે. એ જ બતાવે છે કે ભારતનો ઉદય સમીપ છે. આપણે એ ઉદયમાં માનતા હોઈએ, જગતની શાંતિ પ્રત્યે આપણી લેશ પણ સહાનુભૂતિ હોય, તો આપણે આપણા અંતરની શાંતિને સાધવા અવશ્ય મથવું જોઈએ. આખું જગત પ્રેમમય બને એ આપણે ઈચ્છતા હોઈએ તો પહેલાં તો આપણા કુટુંબ પર ને આપણાં સંબંધીઓ પર આપણે આપણા પ્રેમનો પ્રવાહ વહેવડાવવો જોઈએ. આ વસ્તુ બરાબર સમજી લેવી જોઈએ કેમકે જગતની શાંતિ માટે મથનારા ને વિશ્વપ્રેમ માટે પ્રયત્ન કરનારાની નિષ્ફળતાનું કારણ એ જ હોય છે કે તેઓ પોતે તે શાંતિ ને તે પ્રેમથી દૂર હોય છે. આપણે પોતે તો પ્રેમ ને શાંતિથી ભરેલાં છીએ. જગતના બંધન આપણને બાંધી શકવાના નથી. સંસારમાં રહીને પણ આપણે તો સ્મિતને છોડ્યા કરવાના છીએ. આપણે પવિત્ર છીએ, મુક્ત છીએ, દિવ્ય છીએ. જન્મ ને મૃત્યુથી પર છીએ. સંસારમાં જે કામિની ને કાંચનની જાળ છે તે આપણે માટે નથી. આપણે તો વીર્યવાન છીએ. આપણે પૂર્વજન્મના ઋષિવર હતા, મુક્ત હતા, એક અમર કામને માટે અહીં આવ્યા છીએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૫ : અરવિંદને પત્ર
(શ્રી અરવિંદને લખેલો પત્ર)

વડોદરા,
તા. ૨૫ નવે. ૧૯૪૦

જ્યોતિસ્વરૂપ,

મારી ઉંમર ૧૯ વર્ષની છે.

આજથી ત્રણ વર્ષ પહેલાં મારી બધી વૃત્તિઓ ધીરે ધીરે ફેરવાતી ગઈ : મારી મલિનતા દૂર કરવાની મને તાલાવેલી થઈ ને સત્વસંશુદ્ધિ ત્યારથી જ થતી રહી. પણ તે પછી થોડા જ સમયમાં મારા હૃદયમાં વેદના જાગી. સ્થળે સ્થળે મને આત્મીયતાનો અનુભવ થવા માંડ્યો ને તે આત્મતત્વમાં એક થવાની મને તાલાવેલી થઈ. તેના પરિણામે કોઈ વાર રોઈ પડાતું. તો કોઈ વાર નિદ્રા પણ ના આવતી. પહેલેથી મારામાં કવિતાની ભક્તિ હતી તે આમ આધ્યાત્મિકતામાં એટલે જગન્માતાની ભક્તિમાં ફેરવાઈ ગઈ. તેનાં દર્શન કરવા મારું હૃદય આતુર થયું. જો કે તેનો અનુભવ મને સર્વત્ર થતો હતો પરંતુ તે મારા નયન સમક્ષ ખડી થતી ન હતી. એ વસ્તુએ મારી વેદનાને વધારી મૂકી. ત્યાર પછી ઘણી રાત્રિઓ એની ઝંખના કરવામાં ને શુદ્ધિ કરવામાં જતી.

આ ઝંખના બે વર્ષ પહેલાં ખૂબ જ વધી ગઈ. શરીરમાં કોઈ વાર દાહ થતો ને ગરમી બહુ રહેતી. રાતે વસ્ત્રો ના પહેરાતાં. ને ગયે વર્ષે તો એવી પણ રાત્રિ ગઈ છે કે જ્યારે લોઢાના ખુલ્લા પલંગ પર ચાંદની રાતમાં હું વસ્ત્ર વિના સૂઈ રહ્યો છું.

આ વિકાસ બે પ્રકારનો માલમ પડયો : દિવસે સાગરકિનારે કે ક્યાંય હોઉં ત્યારે મન મહાન વિચારો ને ભાવનાઓથી ભરાઈ જતું. પણ રાત્રિ પડતી એટલે 'હજી તેનાં દર્શન ન થયાં' એ ભાવથી સખત વેદના થતી. 'હજી આપણામાં કંઈ નથી કેમકે આપણે દર્શન કર્યાં નથી' એમ થતું. ગયે વર્ષે જ્યારે રસ્તા પરથી જતો હોઉં કે કંઈ કરતો હોઉં ત્યારે ઓહમ્ નો અવાજ અંતરમાંથી આવતો ને એ રીતે બે કામ થતા. હજી પણ એમ ચાલે છે. પરંતુ હજીય કેટલીક રાતો કરુણ જેવી જાય છે.

યોગના માર્ગ પ્રત્યે મને શ્રદ્ધા હતી તેથી ગયે વર્ષે હું એક યોગાશ્રમમાં જોડાયો. પરંતુ ત્યાં શીખવતાં આસન મને ગમ્યાં નહિ કેમકે મારા મનમાં તો 'મા, તું આવ, તું ક્યારે આવશે ?' એમ જ થયા કરતું. અંતે મેં યોગાશ્રમને છોડી દીધો. વડોદરામાં આવ્યા પછી અહીં એક યોગાશ્રમ છે ત્યાં જવાનું શરૂ કર્યું છે. પરંતુ મને તેનો સંપૂર્ણ સંતોષ નથી. કેમકે જે પોતે જ પૂર્ણ નથી તે બીજાને પૂર્ણ શી રીતે કરી શકશે ? આવા યોગાશ્રમો તો મુખ્યત્વે આસનો શીખવી શકે તેમ છે એટલું જ. છતાં હું ગયે વર્ષે કેટલાંક આસનો શીખ્યો હતો તે તથા ધ્યાનનો અભ્યાસ અહીં કરું છું. રોજ એક કલાક સવારમાં અને એક કે અડધો કલાક સાંજે ધ્યાન ધરું છું.

પણ મારી ઈચ્છા જુદી જ છે. મેં શરૂઆતમાં જ કહ્યું છે કે મારે સાક્ષાત્કાર કરવો છે એટલું જ નહિ, બનતી વહેલી તકે કરવો છે; પણ મને અહીં માર્ગદર્શન કરનાર પોતે જ એ ધ્યેયને પહોંચેલા નથી.

કહે છે કે આપણે જ્યારે સમજી લઈએ છીએ કે આપણે મુક્ત છીએ ત્યારથી જ આપણે પૂર્ણ થઈએ છીએ, પણ એવી સ્થિતિ તો મને ઘણી વાર આવી છે. પણ જ્યાં સુધી મને આત્મદર્શન-પૂર્ણ સાક્ષાત્કાર અથવા નિર્વિકલ્પ સમાધિ થઈ નથી ત્યાં સુધી એમ કેમ કહેવાય ?

મારા મનમાં પૂર્ણ શાંતિ છે, આનંદ છે. હું જ શાંતિ ને આનંદસ્વરૂપ છું; મુક્ત છું. મને કશામાં મોહ નથી. આજ હું કેટલાય દિવસથી યત્નો કર્યા કરું છું. મને તમારે ત્યાં આવવાની રજા મળશે ? માતાએ મને આ લખવા પ્રેર્યો લાગે છે. વધારે લખતો નથી. તમે બીજું જાણી લેશો એવી આશા રાખું છું.

રામકૃષ્ણ પરમહંસ આજે કલકત્તામાં હોત તો તો તેમની પાસે હું કયારનોય પહોંચી ગયો હોત. શું એવા કોઈ સિદ્ધ પુરુષની જરૂર નથી ? મને તમે ત્યાં રાખી શકશો ? જવાબ લખવા કૃપા કરશો. આશ્રમ વિષેની વિગત પણ લખશો. ટિકિટ બીડું છું.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬ : કોણ કોનું છે ?

લોહાણા બોર્ડીંગ, વડેદરા.
તા. ૬ ડીસે. ૧૯૪૦

નારાયણ,

તારો પત્ર ઘણા વખતથી નથી. પણ હું કાંઈ તેનું કારણ પૂછું તેવો નથી. આજે હું તને કંઈક નવીન ને જે મારા જીવનમાં એક વળી જુદી દિશા ખોલવાની છે તે બાબત લખવા માંગું છું. તું તે પ્રેમથી સાંભળજે. એનાથી તને આશ્ચર્ય તો નહિ જ થાય કેમકે તું મને જાણે છે તથા જગતની સામાન્ય સપાટી કરતાં તું ઊંચો છે. મારા તને વંદન હો !

ગયા માસની તા. ૨૫ મીને સોમવારે મેં અરવિંદને એક પત્ર લખ્યો હતો. તેમાં મારો ટૂંકો વિકાસ જણાવ્યો હતો તથા લખ્યું હતું કે મારે ત્યાં જવું છે ને તે પણ આત્મસાક્ષાત્કાર માટે જવું છે. બનતી વહેલી તકે આત્મસાક્ષાત્કાર થાય એવી મારી ઈચ્છા છે. એ પત્રનો ઉત્તર નથી તને અમુક ભાઈના કહેવા પરથી તથા કંઈક અંશે મારા માનવા પરથી પણ એમ લાગે છે કે અરવિંદ પત્ર ના પણ લખે. કેમકે એને આપણી ઓછી પડી હોય છે ! એ તો આજેય લખે, ને છ માસ કે વરસેય લખે. એટલે જો આપણને ખરી આતુરતા હોય તો તો આપણે પોતે જ ત્યાં જવું એ સારું છે. આપણી યોગ્યતા પ્રમાણે આપણે તેમની કૃપાને પાત્ર થઈશું જ.

એટલે મેં પોંડીચેરી જવાનો વિચાર કર્યો છે - કોલેજના અભ્યાસમાં મને રસ નથી. હજી કંઈ વાંચ્યું નથી. ને મારી કેળવણી છેક હાઈસ્કૂલના સમયથી જ કેવી રહી છે એ તું સારી પેઠે જાણે છે. અંગ્રેજી ભાષાનો સારો અભ્યાસ જોઈએ, તે તો આપણી મેળે પણ થઈ શકે ને સાથે સાથે આપણને જેમાં અનેરો રસ છે એ આધ્યાત્મિકતા પણ આચરાય. બે વર્ષમાં આપણાથી કેટલી બધી પ્રગતિ થાય ? જી. ટી. બોર્ડીંગમાં હોત તો પણ હજી બે વર્ષ તો ગાળવાનાં જ હતાં. વળી આ વર્ષે પાસ થાઉં તો પણ આગળ અભ્યાસ કેવી રીતે કરવો એ પ્રશ્ન ઉભો જ રહે. કેમકે આપણે ધનવાન નથી. એના કરતાં બે કે ત્રણ વર્ષ આ દિશામાં શું ખોટાં ? એટલામાં તો કેટલોય વિકાસ થઈ શકે. ત્યાં તો આપણી આજુબાજુનું વાતાવરણ જ એવું હોય કે આપણે એ દિશામાં સહેલાઈથી ને જલદી આગળ વધીએ. તને શું લાગે છે ?

હવે માતાની વાત રહી. અત્યારે તો તે સુખી છે. ને અત્યારે હું અભ્યાસ કરું તોય કાંઈ કમાઉં તેમ નથી. હમણાં બે વરસમાં પૈસાનો ભંડાર ભરી કાઢવાનો નથી. વળી ઈશ્વર આપણાં કરતાં વધારે ડાહ્યો છે. એનો જ આ સંકેત છે એમ હું માનું છું. ખરી રીતે તો એ જ સર્વની સંભાળ લે છે. એક માતાને માટે આપણે કાં રોવું ? જગતમાં હજારો માતાઓ છે જે ભૂખે ને દુઃખે ટળવળે છે, દુઃખાય છે; એમનાં આંસુ શું આપણને નહિ સ્પર્શે ? ને જગત શું છે ? કોણ કોનું છે ? આ માયા જ છે. આપણે એમ માનીએ છીએ કે આપણાથી અમુક વ્યક્તિ પોષાય છે પણ તે ભ્રમ જ છે કેમકે ઈશ્વરની જ એ લીલા છે. એ બધું ઈશ્વર જ કરે છે.

છતાં હું કાંઈ ત્યાગી કે સંન્યાસી બની જવાની ઈચ્છા નથી રાખતો. મને બહારના દેખાવની ચીડ છે. હું ગૃહસ્થાશ્રમને વખોડતો કે અવગણતો નથી. મને તેને માટે માન છે. પણ જીવનના બે વર્ષો, જ્યારે અવાજ આવ્યો છે ત્યારે ચૂકયા વિના ઉન્નત દિશાએ દોરી જવાં એવી મારી ઈચ્છા છે.

જે આપણી દિશા અને આપણો વિકાસ જાણતા નથી તેને આ બધું તરંગો જેવું જ લાગવાનું. અહીં પણ એવું છે. પણ મને તેની દરકાર નથી. મારી માતા મારી સાથે છે. એના વિના આપણને દોરનારું કોણ છે ? એણે જ આપણી અત્યાર સુધીની સંભાળ રાખી છે. તું આ સમજી શકશે પણ બીજાને-ખાસ કરીને ઓછા વિચારવાળાને આ વાત ના કરે એમ ઈચ્છું છું. દરેકના મગજ જુદાં હોય છે.

તને ખબર છે કે રામકૃષ્ણે વિવેકાનંદના શિર પર પહેલી જ વાર હાથ મૂકયો હતો ને તેથી વિવેકાનંદને સમાધિ થઈ હતી. એવા કોઈ સિદ્ધની જરૂર છે. યોગ્યતા પ્રમાણે આપણને પ્રકાશ મળે.

મુંબઈ આવીશ તો લગભગ આ પંદરમી વીસમી સુધીમાં આવીશ. ત્યારે વધુ વાત કરીશ. બને તો પત્ર લખજે.

તબિયત કેવી છે ? અભ્યાસ ? પિતાજી, માતાજી, સર્વે સારાં હશે. સર્વને મારા નમસ્કાર.

☼ ☼ ☼ ☼ ☼



## પત્ર ૭ : પ્રાણાયામ સંબંધે

વડોદરા,
તા. ૧૨ ડીસે. ૧૯૪૦

ભાઈ,

પત્ર મળ્યો. પત્ર લખવાનો વિચાર તો ક્યારથી હતો પણ એક કામ હાથમાં લીધેલું તેનું પરિણામ જણાય તો તે જણાવતો પત્ર લખવો એવી ઈચ્છા હતી એટલે આટલી વાર થઈ છે. હજી તે ઈચ્છા ફળી નથી. છતાં પત્ર લખું છું. આ સાથે થોડા દિવસ પહેલાં પત્ર લખ્યો હતો તે પણ બીડું છું. તારીખ વાર વાંચશો.

અરવિંદને ત્યાં જવાનો વિચાર હતો પણ અમુક ભાઈ તરફથી જાણવા મળ્યું કે તે પોતે ત્યાં જવા ઈચ્છાનારાઓને ઉત્તર આપે છે, એટલે તેના પત્રની રાહ જોઉં છું.

અરવિંદના પત્રનો ઉત્તર હજી નથી. ગયે રવિવારે મેં ફરી પત્ર લખ્યો છે. પંદરમી સુધીમાં પત્ર આવવો જોઈએ. ઈશ્વર સિવાય જગતમાં મેળવવા જેવી બીજી વસ્તુ જ નથી. ખરું કહીએ તો જગત એક ભુલભુલામણી છે. કો'ક તેમાં આવીને પૈસા પાછળ પડે છે ને કો'ક કીર્તિની જાળમાં જકડાય છે. કો'ક સ્ત્રી ને વૈભવ, કો'ક ભોગ કે વ્યવહાર, ને કો'ક જ્ઞાન કે પ્રજ્ઞામાં ડૂબે છે. ઈશ્વરને સહુ કોઈ વિસરી જાય છે. મેં એ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો નિશ્ચય કર્યો છે. નિશ્ચય ઘણા વખતથી હતો પણ હવે તો તેના દર્શન વિના બીજા દરેક કાર્યને હું બાજુએ મૂકવા માગું છું. તેના મળ્યા વિના મને ચેન પડવાનું જ નથી. હમણાં દિવસો બહુ જ તાલાવેલીભર્યા જાય છે. જેને ઈશ્વરની પાછળ જવું છે તેને જંપવાનું હોય ખરું કે ? ઈશ્વર એ કાંઈ બજારુ વસ્તુ નથી. એને માટે મહાન ભોગ આપવો પડે છે. પણ તેમાં જ ખરી મજા છે. ધ્યાન ધરું છું તથા ખૂબ પ્રાર્થના કરું છું. ભણવાનું છોડી દેવાયું છે. ઈશ્વર આગળ 'ભાખરીના ભણતર'ની શી વિસાત હોય ? માતા જ બધે આંખ આગળ આવે છે ને તેના વિના કોઈ વસ્તુ મારે મેળવવી નથી. કવિતા લખાય છે પણ એય ઠીક છે. બનતો સમય ધ્યાનમાં જ ને આરાધનામાં જ જાય છે. અરવિંદની પાસે જવામાં મહાન હેતુ છે. એનો ઉત્તર આવે પછી વાત.

પ્રાણાયામ સંબંધી પૂછ્યું તે માટે કહું છું કે મેં સૂચવેલી રીત બંધ કરવી. તેવા પ્રાણાયામ માટે માર્ગદર્શકની જરૂર છે. હવેથી આ ક્રિયા કરજે. પદ્માસન વાળીને બેસવું. ત્યાર પછી જમણું નાક બંધ કરી ડાબા નાકથી શ્વાસ અંદર ખેંચવો ને બહાર કાઢવો. આ ક્રિયા જેમ દીર્ઘ થાય તેમ સારું. શ્વાસ ભરતી વખતે જાણે આખા વિશ્વનો શ્વાસ ભરી લેતા હોઈએ એવી ભાવના કરવી. એક નાકથી આમ કરાય-લગભગ દસેક વાર પછી બીજા નાકથી તેમ કરવું. આ પહેલી ક્રિયા. આને નાડીશોધન કહે છે. આપણે મળીશું ત્યારે વધારે કહીશ ને પ્રત્યક્ષ બતાવીશ. સૂર્યોદય પહેલાં અથવા સૂર્યાસ્ત સમયે આ ક્રિયા કરવી. ધ્યાન કરતા રહેવું. શિવ, કાલી કે કોઈ પ્રિયની મૂર્તિનું ધ્યાન ધરવું. નહિ તો શૂન્યમન કરી દેવું.

પોંડીચેરી જવાનું થશે. કેમકે ઈશ્વર હવે મારી પાસે આવવાનો છે. નહિ તો બીજું સ્થાન મળશે, જે ઋષિકેશ તરફ છે. ગમે તેમ, સાક્ષાત્કાર એ જ મારું આજનું ધ્યેય છે.

આર્થિક મુશ્કેલીઓ આપણા જેવાને આવે જ. પણ તેથી છેક નિરાશ થવું નહિ. મારે જી. ટી. બોર્ડીંગ છોડવી પડેલી છતાં પણ તે વખતનો મારો પત્ર કેવો હતો ? શું તેમાં નિરાશા હતી ? મુશ્કેલી જરૂર દૂર થશે. ઈશ્વર પર શ્રદ્ધા રાખો, ઈશ્વર પર શ્રદ્ધા રાખો. બસ આજ એક મહાન સત્ય છે. સર્વ ધર્મોને આ જ કહેવાનું છે. ઈશ્વર કરતાં સત્ય અને મહાન એવી કોઈ વસ્તુ નથી. તે તમને જે પરિસ્થિતિમાં મૂકે તેમાં શ્વાસ લો ને તે પણ સંપૂર્ણ શાંતિથી લો. એમ જ માનો કે બધું સારું જ થાય છે. તમારી આજની સ્થિતિ આવતી કાલની ભવ્યતા ને ઉન્નતિ માટે જ છે એ કદી ના ભૂલો. ભલે તમારી પાસે પૈસા ના હોય, ભલે તમારે ખાવા માટે એક રોટલાનો ટુકડોય ના હોય, ભલે તમારા શરીર પર એક ફાટેલું કપડુંય ના હોય, આ સત્યને મનમાં ઘૂંટી દો. સુંદર સ્મિત સાથે એ પરિસ્થિતિને પસાર કરો. આવતી કાલ તમારી જ છે. ભલા, રાત તે કેટલોક કાળ રહી શકે ? તમે નાના છો કે અશક્ત છો કે હીન છો, એવી ભાવના સ્વપ્ને પણ કરતા નહીં. કેમકે તમે મહાન છો, પ્રભુના પુત્રો, અરે, પ્રત્યક્ષ પ્રભુ છો. જો તમે એમ માનશો કે તમે નીચ છો તો તમારી ઉન્નતિ શક્ય જ નથી. સદા ધ્યાનમાં રાખો કે તમે પ્રકાશના પુત્રો, અરે, સ્વયં પ્રકાશ છો. તમે આનંદ છો. પૂર્ણ છો, મુક્ત છો. મૃત્યુને મારવા માટે તમે આ પૃથ્વી પર અવતાર લઈને આવ્યા છો એ કદીય ના ભૂલો. સદા ધ્યાનમાં રાખો કે તમે એ પયગંબરોના પુત્રો છો જેમણે માનવતાની દયા માટે પોતાની જિંદગીને ધૂળ જેમ ગણી હતી. જેમણે દિવસ ને રાત, આંસુ ને સ્મિતની વચ્ચે, એક જ ધ્યેયની ઝંખનાથી પોતાની છાતીને ભરી દીધી હતી. જેઓ પોતે પવિત્ર થયા હતા ને પછી જ બીજામાં પવિત્રતા પ્રસારતા. તમે એ ભૂમિના પુત્રો છો જે ભૂમિ ઋષિઓની ને તપસ્વીઓની, ત્યાગીઓની ને દૈવી ગુણસંપન્ન મહર્ષિઓની છે. જે ભૂમિમાં પોતાના સુખ માટે બનતું છોડી દેવાય છે; ને આત્મ પ્રતિ જવું એ જ મહત્વનું લેખાય છે. આ બધું જાણીને ચાલવા માંડો. પ્રગતિને પંથે કૂચ કરવા માંડો. આજની સ્થિતિ સારી જ છે, બહુ જ સારી છે, ઈશ્વરે તે તમને ડહાપણપૂર્વક, તમારા આવતીકાલના ઉત્કર્ષને લક્ષમાં રાખીને જ આપી છે એ કદી ન ભૂલો. ઈશ્વર પર શ્રદ્ધા રાખો, ઈશ્વર પર શ્રદ્ધા રાખો.

પેલાં બેન પર મને પૂર્ણ પ્રેમ છે. એ શક્તિનું સ્વરૂપ છે તથા એમની અંદરની અવસ્થા આધ્યાત્મિકતા માટે બહુ અનુકૂળ છે માટે આ લખું છું. બને તો તેમને આ વંચાવવું.

પ્રિય બેન,

તમારો અભ્યાસ ચાલુ છે એમ માનું છું. નારાયણ જેવા એક મહાન આત્મા તમારી નિકટ છે તે માટે તમને ધન્ય ગણું છું. પહેલી વાર તમને જોયાં હતાં ત્યારથી જ મારી માન્યતામાં કંઈક પલટો થયો હતો પણ આજે એક વસ્તુ હું તમને કહેવા ઈચ્છું છું. ધ્યાન દઈને સાંભળશો ને બને તો આચરશો.

ભારત એ એવો દેશ છે જેની અંદર ગાર્ગી ને મૈત્રેયી, સીતા ને સાવિત્રી જેવી પુત્રીઓ ઉત્પન્ન થઈ છે. એમનાં જ નામ ભારત જાણે છે. ખરું કહીએ તો ભારતની સંસ્કૃતિ હજી એવી માતાઓથી જ ટકી રહી છે કેમકે એવી જ માતાઓએ વિવેકાનંદ ને રામકૃષ્ણ જેવા મહાત્માઓને અને ગાંધીજી જેવા મહાપુરુષને જન્મ આપ્યો છે. તમે શું કરો છો ? તમારા દિવસ કેમ પસાર થાય છે ? તમારે ભાવિમાં શું કરવું છે ? સ્ત્રીઓ શું કરી શકે તે હમણાં જ ભગિની નિવેદીતાએ બતાવ્યું છે. આપણે બે વાર ખાઈએ છીએ, પીએ છીએ, ભણાય તેટલું

ભણીએ છીએ, ને ફરીએ છીએ. એમાં જ આપણને સંતોષ છે ? નહીં ? તો તો હું તમને સારાં કહીશ, મહાન કહીશ. ખરું જીવન એટલામાં જ નથી, પણ પ્રેમ, શુદ્ધ પ્રેમ, ભ્રાતૃભાવ, અંતરની શાંતિ, સારા વિચારો ને સંયમથી સંપન્ન થવામાં જ છે.

તમે આ સમજો છો ? સમજ્યાં જ હશો. તો પછી હું શી આશા રાખું ? સીતા ને સાવિત્રીની, અહલ્યા ને સંઘમિત્રાની, પવિત્રતા, સાદાઈ ને સંયમની મૂર્તિની, એ સંસ્કૃતિને સાચવનારી તરીકે તમને હું ભાવિમાં જોઈ શકું ? વિલાસથી વેગળી એવી પવિત્રતાની પ્રતિમા તરીકે જોઈ શકું ? હાલ તો એટલું જ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮ : ધર્મનો સાર

વડોદરા.

તા ૪ જાન્યુ. ૧૯૪૧.

ભાઈ નારાયણ,

પત્ર વાંચીને આનંદ થયો. હજુ શ્રી અરવિંદનો પત્ર મળ્યો નથી. અધીરાઈ વધતી જાય છે. થાય છે કે જલદી ઉત્તર આવે તો સારું. પરીક્ષા પાસે હશે. અભ્યાસ કર્યો હશે. સફળતા ઈચ્છું છું. મિત્રોને વંદન કરું છું.

જ્યારે જ્યારે જગતમાં વેરઝેર વધ્યાં છે ને અધર્મને ઓથે અનેક જાતની જ્વાલાઓ ઉત્પન્ન થઈ છે ત્યારે ત્યારે ભારતના ભવ્ય ભાલમાંથી એકાદ કિરણ છૂટ્યું છે. જગતને જ્યારે જરૂર પડી છે ત્યારે ભારતે તેને જીવન આપ્યું છે. જ્યારે માનવતાનો છેક જ ધ્વંસ થયો છે ત્યારે ત્યારે ભારતના તપસ્વીનાં પગલાંથી પુનિત થયેલા પ્રદેશમાંથી એકાદ ધર્મમૂર્તિનો સ્વર બહાર આવ્યો છે. છેલ્લાં સો વર્ષનો આપણો ઈતિહાસ જોતાં જણાશે કે દયાનંદ, રામકૃષ્ણ, વિવેકાનંદ, રામતીર્થ ને તે પછી ગાંધીજી, અરવિંદ, ને ટાગોર-એ મહાપુરુષોએ હિંદને ઉન્નત રાખવામાં ફાળો આપ્યો છે. આ બધા પરથી જણાય છે કે ભારતનું ભાવિ ઉજ્જવલ છે ને તેના સુવર્ણકાળની ઉષા પ્રગટી ચૂકી છે. (ખરી રીતે જોતાં તો આજે જેટલી ધર્મની જરૂર છે તેટલી બીજા કોઈ કાળે ન હતી.) એ ધર્મમૂર્તિ તો છે, ને હશે, પણ એના ધર્મયુદ્ધમાં અનેક સૈનિકોની જરૂર પડશે, જેવી રીતે રામને વાનરોની જરૂર પડેલી. એવે વખતે સાગર પરનો પુલ બંધાતો હતો ત્યારે પેલી ખીસકોલીએ જેમ થોડીક રેતી મૂકીને જ કૃતકૃત્યતા માની હતી તેમ આપણે પણ એ વિરાટ કાર્યમાં થોડાક પણ મદદગાર થવા અત્યારથી જ ઉદ્યત થવું જોઈએ. આપણા આત્મબળને આપણે ખીલવવું જોઈએ અને આપણી સંસ્કૃતિને પૂરેપૂરી સમજી લેવી જોઈએ.

સર્વ ધર્મોનો સાર એ જ છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, તિરસ્કાર, અશાંતિ, વાસના, ઈન્દ્રિયોની ગુલામી વગેરેમાંથી મુક્તિ મેળવવી ને પ્રેમ, શાંતિ, દયા, પરોપકાર, અહિંસા, અભય વગેરેને હૃદયમાં રંગી દેવાં. જેટલે અંશે આપણે એમ કરી શકીએ તેટલે અંશે આપણે જીવ્યું સાર્થક કહેવાય. એટલું આપણે કરી શકીએ, ને કોઈ પણ કરી શકે છે, તો આપણે મહાનમાં મહાન થઈ શકીએ, કેમકે મહાન પુરુષો બીજું કાંઈ નહિ પણ આમાંના એકાદ બે ગુણોના વિકસાવનારા જ હોય છે. દાખલા તરીકે ગાંધીજી સત્ય ને અહિંસાના પૂજારી છે. નેપોલિયન અભયનો પૂજારી હતો. સિકંદર સાહસનો હતો. ઈશુ એ પ્રેમ ને સ્વાર્પણની પ્રત્યક્ષ પ્રતિમા હતી, ને એવી જ રીતે બુદ્ધ એ ત્યાગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ અથવા અનુકંપાના અવતાર હતા. એક ગુણના બળથી બીજા ગુણો આપોઆપ આવે છે. આપણે શુદ્ધિનો યત્ન કર્યા જ કરીએ એ બહુ સારું છે. એ પ્રયાસ એવો છે કે જે એને આચરશે તે પોતાના હૃદયમાં સ્વર્ગ ઊતરેલું જોશે. સુખને માટે, પછી તે વ્યક્તિગત હોય, સામાજિક હોય, કે આખા જગતને લગતું હોય, આના વિના કોઈ પણ મહાન ઉપાય છે નહિ. હિટલર આટલો મહાન છે તેનું કારણ તેનામાં અવગુણ વધ્યો છે એ છે. એ દિશા અવળી છે. એટલે જીવનમાં આપણે ગમે તે કરતા હોઈએ, કુટુંબનું સુખ જોઈતું હોય તો પણ, આ ગુણો સાધવા તરફ આપણી દૃષ્ટિ રહેવી જોઈએ. જેને જેને સાચી શાંતિ જોઈતી હશે તેણે એક વાર તો તેમ કરવું પડશે.

પુસ્તકોમાંથી પૂજાલાલનો કાવ્યસંગ્રહ 'પારિજાત' સારો છે. 'બુદ્ધ ને મહાવીર', 'જીવનશોધન', 'કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ' એ પુસ્તકો વાંચવા જેવાં છે. કંઈ નહિ તો વિવેકાનંદના વ્યાખ્યાનો ઉત્તમ છે. હમણાં મેં 'સત્યાગ્રહ ને અસહયોગ' વાંચ્યું છે. બહુ જ સુંદર છે. દરેકે વાંચવા જેવું છે. એમાં ભારતના પ્રાચીન ગૌરવનો ઈતિહાસ આલેખ્યો છે. ભારત કેટલું બધું ઉન્નત હતું ! ભારતનાં બાળકો કેવાં હતાં, જીવન કેવાં હતાં ! ભારતની શિક્ષણપ્રથા, લગ્ન સંસ્થા, સામાજિક વ્યવસ્થા, રાજકરણ પ્રથા, બધું ઉત્તમ હતું. શિલ્પ, સંગીત, ચિત્ર, જયોતિષ, બધામાં ભારત આગળ હતું. રસાયન, ઔષધિ, આધ્યાત્મિકતા, એમાં ભારતે ખૂબ જ પ્રગતિ સાધી હતી. ભારતમાં વીર હતા, સતીઓ હતી. ભારતનું ઋષિત્વ હવે રહ્યું નથી. જન્મભર બ્રહ્મચર્ય પાળનારા યુવાનોને બદલે હવે નપુંસક જેવો યુવાનો રહ્યા છે. લગ્નસંસ્થાની પવિત્રતા પણ ઓછી રહી છે. લગ્નસંસ્થાની પવિત્રતા પણ ઓછી રહી છે. સામાજિક સુધારો, કેળવણી, ચારિત્ર્ય, દરેક બાબતમાં આપણે પાશ્ચાત્ય પવનથી રંગાવા માંડ્યા છીએ. આના જેવું ખરાબ કંઈ નથી. આપણે સત્વર શરીરને સુધારવું જોઈએ, ઋષિનું જ્ઞાન લેવું જોઈએ, હૃદયના ગુણ ખીલવવા જોઈએ, તો જ આપણે સાચા સ્વદેશી કહેવાઈશું . હિંદની ભૂમિ પર જન્મ લઈને જે પોતાનું જીવન વ્યર્થ વિવાદ, ખાવું, પીવું ને મરવું તથા ઈન્દ્રિયોના વિલાસો પાછળ જ ગાળે છે, તેના જેવો અધમ બીજો કોઈ નથી. આ બધું જલદી સમજાય તેમ સારું. હજી ઘણા આ સમજતા નથી. આપણે કયાં સુધી ઊંઘીશું ?

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯. પ્રત્યુત્તર

લોહાણા બોર્ડીંગ, વડાદરા.

તા. ૩૦ જાન્યુ. ૧૯૪૧

મારા વ્હાલા આત્મા,

આનંદ, આનંદ, આનંદ. પત્ર મળ્યો. અરવિંદનો પત્ર આવી ગયો. તેમના નલીનીકાન્ત બાબુ નામના સેક્રેટરીએ લખ્યું હતું 'We beg to inform you that it will not be possible to take you in the Asram as an inmate'. પછી-શી કલ્પના થાય છે ? હું નિરાશ થયો હોઈશ ? નિરાશ થનારને માટે આ આધ્યાત્મિક જગતમાં સ્થાન જ નથી. મેં એમ જ માન્યું કે અરવિંદાશ્રમમાં હમણાં જવાનું નહિ હોય, અને એ પણ ખરું છે. સાક્ષાત્કાર કાંઈ કોઈ એક ઠેકાણે જ થઈ શકે છે ?

ગઈ ૨૨મી તારીખે સ્વામી શિવાનંદને ઋષિકેશ પત્ર લખેલો તે બીજા પાને લખ્યો છે. તેમનો ઉત્તર સુંદર આવ્યો છે. એ આ રહ્યો--

Beloved Self,

Delighted to peruse the contents of your letter. You are a man of great spiritual samskaras. You can nicely progress in the spiritual line. Have some daily, regular practices in concentration, meditation, Japa. Through selfless service to society, to religious institutions, purify your heart. Then you quickly progress in meditation while remaining in solitude.

Strict solution is only for advanced students. Kindly try to get some job and serve your mother. This is a great yoga. Side by side, remain as Brahmachari and practise yoga. When you advance, then you can come to me. This is a place for advanced students. Preparation for this life should be nicely done while remaining in the world. Otherwise, the sadhaks become very laury at the end. Have daily practice. At the end of every month, write to me about your progress. I will give you further lessons for your practice.

- They own self.

કેવું સરસ લખાણ છે ! આ જ ડાહ્યો પ્રત્યુત્તર છે. મારા મામાને મેં વાત કરી છે ને તેમણે મને કહ્યું છે કે હું ૧૦૦ રૂ. નું દેવું પતાવું એટલે મને છૂટો કરવામાં આવશે.

પ્રાણાયામ બંધ રાખશો. ધ્યાન ચાલુ રાખવું. રોજ રાતે આખા દિવસને યાદ કરવો ને શુદ્ધિ માટે પ્રાર્થના કરવી. સાગરના કિનારા પર જઈને ઊંડા શ્વાસ લો. ૐ ૐ ને સોહમ્ થી ઉરને ભરી દો. એ વખતે ભાવના કરો કે તમે નિરોગી છો, પ્રેમ છો, આનંદ છો, મુક્ત ને બુદ્ધ છો. આપણા અસલના ઋષિઓ ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મ કાર્ય કરતા. એ કાંઈ સહેલું નથી. એ તો યોગિનામપ્યગમ્યમ્ છે. સ્ત્રીને પોતાના આત્મારૂપ માનવી એ જ ઉત્તમ છે. આધ્યાત્મિક પ્રગતિ ત્યારે જ થાય જ્યારે નિર્દોષ ને પ્રેમાળ એવી

ગ્રામકન્યા પત્ની તરીકે મળે. તમને એ મળ્યું છે એટલે તમે પ્રગતિ કરી શકશો. જીવન એક યજ્ઞ છે એ ના વિસરશો.

બેનના વિષે તમે મને પહેલાં વાત કરી હતી. હવે તેમના વિચાર કેવા છે ? એ બેનને કહેજો કે એક ઉડાઉ કે શ્રીમંતની સાથે તમારાં લગ્ન થાય તેથી કાંઈ ગભરાવાનું નથી. લગ્ન કરવાં જ પડે તો પણ મહાભાગ્ય જ માનવું. તમારા સંસ્કારથી જો તમે એ પતિના ઉડાઉપણાને નાબૂદ કરી શકો, ને એના પોકળ જીવનમાં કંઈક પણ પ્રાણ પૂરી શકો, તો તમે મહાન કાર્ય કર્યું કહેવાશે. એ શ્રીમંત હોય તો એના હૃદયમાં ગરીબો પ્રત્યે પ્રેમ પ્રકટાવવો એ તમારો ધર્મ હોઈ શકે. એની સાથે જીવન જોડતાં તમે એક મહાન આદર્શ માટે તેમ કરો છો એટલું સ્મરણમાં રાખશો. તો લગ્નજીવન બહુ જ સારું જશે.

જઠર સાફ હોય તો ખરાબ વિચાર થતા નથી. કબજીયાતથી જ ઘણાં રોગ થાય છે. આપણા ખોરાક પર વાસના વધારે ભાગે અવલંબે છે. ખોરાકમાં તેલ, મરચું, ખટાશ, ખારાશ વધારે ના હોવાં જોઈએ, એકલા ફરવા જાઓ. વહેલા ઊઠતા રહો. મોડામાં મોડા ૧૦ વાગે સૂઈ જાઓ. તમે 'નારાયણ' છો, સંપૂર્ણ સ્વતંત્ર ને પૂર્ણ છો. લગ્ન પછી પણ અભ્યાસ થાય એ સારું છે. કોઈ સારી જગા મળતી હોય તો કાંઈ નહિ. તમે કદી માયામાં ફસાશો એ હું માની શકતો નથી. મને વિશ્વાસ છે. વિચારો લખતા રહો. વાર્તાઓ થોડી જ વાંચો. ચિંતનપ્રધાન સાહિત્ય કે જીવનચરિત્રો વધારે વાંચો. બને તો 'રામકૃષ્ણ પરમહંસ' ફરી વાંચી જાઓ.

Life is short, Time is fleeting
    And the world is full of miseries;
Cut the knot of Avidya
    And drink the Nirvanic Bliss.
        - Swami Sivananda.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. સ્વામી શિવાનંદને પત્ર

Baroda
Date: 22nd Jan. 1941

Dear Swamiji,

I beg leave to usurp your precious time and go through the following with due consideration.

I am a young Brahmin of 19. My father died when I was 9 and after that time I was brought up in an orphanage in Bombay. I failed in the first year Arts there and I had to leave Bombay.

Before three or four years I was tended to examine my days regularly. I was practicing सत्वसंशुद्धि every night before going to bed. After sometime my heart became full of love towards all and my mind full of perfect peace and pleasure. Since that time I have been writing poems and articles in Gujarati.

Just after that I realized that everywhere there was something, which was my own आत्मानुभव and a keen thirst from inside made me uneasy; the thirst for becoming one with the soul spread everywhere. Sometimes I wept at night; sometimes I sang सोहम् सोहम् near the singing storms of the sea and sometimes in my heart lined a silence for so many hours. Knowledge of schools and college seemed nothing to me and that is why I failed last year.

This year I came across one Swamiji – Swami Jivantirthji. He was greatly pleased with me. I made him aware of my only ideal, self-realization and persisted in asking again and again as to how I could reach that in due time.

Now about my mother, she is at my native place, Saroda near Ahmedabad. She maintains herself by hard work and some help by my maternal uncle. When she knew that I have resolved for self-realization, she was greatly impressed. Settlement was made for my marriage, which was undone by the great GOD. I have resolved not to marry until I attain self-realization and am ready to sacrifice my whole & sole for this great goal. My mother has just written me to take up some service, which I do not like. Whom shall I serve - for the poor stomach? I am the master myself. This is a very good period and I fear if I jump in *maya* - which I can not; I shall be nowhere. I meditate three or four times a day. I like निर्गुण meditation. Doing everything I keep ॐ in mind.

I wish to practice Yoga well and to become a great yogi. I keep silence and live in solitude. I shall get a good shape if I get some solitary place and someone like you - the Lord Shiva, to guide. A day will come when I will enchant the whole world. I read your

pamphlets and booklets, which are really very nice. I have been really attracted to you. I am in great difficulty but I will get way.

Swami Jivantirthji is aware of all this as he is greatly interested in me. He suggested me to go to Rishikesh and promised to keep me under you, but he is going to Bombay after a couple of days. He will return after a month, which is really a very long period for me. Hence I have written this.

What do you suggest? Service? Or hard practice for self-realization of any way? I wish to come to you. I beg I must be given proper guidance in Yoga. I wait for the day when I shall sit before the feet of the Sat-Guru, You; and awaking through this untruth shall stand before the Divine truth.

Anyway, I put my head to your feet. O lord, lead me to the land of light. न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोङयमग्निः। Oh! When shall I realize this? I will realize and realize it very soon. I am born for that. Oh I am *Sat-Chit-Anand*. The Lord is ready to embrace me and I must go to Him!

Hoping for an early answer,

I remain,

Yours obediently.

## પત્ર ૧૧ : લગ્નની વાત પડતી મુકાઈ

લોહાણા બોર્ડીંગ, વડોદરા.
તા. ૨૧ ફેબ્રુ. ૧૯૪૧

વ્હાલા ભાઈ,

પત્ર ધાર્યા કરતાં બહુ મોડો લખાયો પણ કાંઈ નહિં. થયું એમ કે જે દિવસે તમે અહીં આવવાના હતા તેને બીજે દિવસે જ મને પત્ર મળ્યો. જે પ્રમાણે મારે નડિયાદ જવાનું થયું. ત્યાંથી બીજે દિવસે ઘેર ગામમાં ગયો, અને અઠવાડિયું રહીને કોલેજ અહીં પાછો આવ્યો છું.

ભિક્ષુ અખંડાનંદને મેં ૨૦-૨૨ લેખ મોકલ્યા હતા. જે વાંચીને તેમણે મને મળવા બોલાવ્યો. લેખ બદલ તે કોઈને પણ પૈસા આપતા નથી છતાં મને પુરસ્કારરૂપે ૧૨૦ રૂ. તેમણે આપ્યા છે. ઈશ્વરની લીલા અપાર છે. જે દિવસે અખંડાનંદનો પત્ર આવ્યો તે દિવસે સવારે મને સખત લાગી આવ્યું હતું. નોકરી વિના રહેવું ને યોગમાર્ગે પણ ના વધવું એવી પરિસ્થિતિ મને અસહ્ય લાગી. મારા મામાએ મને ૧૦૦ રૂ. ભરવા કહ્યું હતું પણ તે લાવવા કયાંથી ? કૃષ્ણે પોતે કહ્યું છે કે - યોગક્ષેમં વહામ્યહમ્. મને થયું કે જો આ શબ્દો સાચા હોય તો તેણે મારું યોગક્ષેમ વહન કરવું જ જોઈએ. ને તે જ દિવસે નડિયાદ જવાનું થયું. જેને જિદગીમાં જાણેલાય નહિ તેની પાસેથી સારી મદદ મળી. ખરેખર, એની શક્તિ અવર્ણનીય છે. જે એને શરણે જાય છે તે એનો જ થઈ રહે છે.

હવે માર્ગ ખુલ્લો છે. માતાએ પણ સમજીને રજા આપી છે. લગ્નની વાત તો પડતી જ મુકાઈ છે. આજે શિવાનંદને પત્ર લખ્યો છે. ઉત્તર આવશે એટલે જણાવીશ. તમારું લગ્નજીવન ઉત્તમ જાય એવા આશીર્વાદ આપું છું. લગ્ન સંસ્થામાં જે પાશવી વૃત્તિનું પોષણ થાય છે તેમાં તમે જકડાઈ નહિ જ જાઓ એવી આશા રાખું છું. રોજ રાતે દિવસને તપાસતા રહો.

બેનની વાત વાંચી. બને તો તેમને દુઃખ ના પડવા દેતા. તેમને આશ્રય આપજો. ઘેર તેડજો. પણ 'કામ' થી દૂર રહેજો. 'કામ' માણસને અંધ બનાવે છે, પ્રેમ એને પ્રભુ કરે છે.

ખુલ્લા ખેતરમાં ફરવા જાઓ છો એ કેટલું આનંદદાયક ! 'મા'ને ખોળે આત્મનિવેદન કરતા રહો. પંડ્યા ત્યાં આવ્યા છે ? કદાચ આ પહેલી તારીખે હું ઋષીકેશ જઈશ. પણ પત્ર તો અહીં જ લખશો. સર્વને મારાં વંદન કહેશો. અભ્યાસ ચાલુ રાખશો. ત્યાં કેટલો વખત રહેવાના છો ?

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨ : અદ્વૈતનો અનુભવ

વડોદરા,

તા. ૧૪ માર્ચ ૧૯૪૧

નારાયણ,

વંદન. અઠવાડિયું થયું હશે એટલામાં તો ઋષિકેશ ગયો ને આવ્યો. કેટલોય ફેરફાર થઈ ગયો. જાણે આખો યુગ વીતી ગયો. હવે શાંતિ છે, આનંદ છે, કૃતકૃત્યતા છે.

સ્વામી શિવાનંદે મને બોલાવ્યો ન હતો છતાં હું ગયો હતો. હિમાલય તરફ જઈને કે યોગ શીખીને સાક્ષાત્કાર કર્યા પછી જ પાછા ફરવું એવો વિચાર હતો. ત્યાં ગયા પછી જણાયું કે ત્યાં રહેનારા ૭-૮ સંન્યાસી હજુ તો પ્રથમ પગલી ભરનારા જ હતા. બધા જ કર્મમાર્ગી હતા. મારે પણ ત્યાં કાંઈક કામ કરવું પડશે એવું કહેવામાં આવ્યું. તે રાતે મેં સ્વામીજીને કહ્યું કે હું ગમે તે કામ કરીશ ને ત્યાં રહીશ. તેમણે હા કહી. પણ એક રાતમાં જ બધું બદલાઈ ગયું, રાતે મારી આંખ ભીની હતી. શું કરવું તેની સાચી સમજ ન હતી. મારી સાધના જો સાચી હોય તો મને માર્ગ મળવો જ જોઈએ એવી મારી શ્રદ્ધા હતી. સાક્ષાત્કાર એટલે શું તે વિષે પણ મને પૂરો ખ્યાલ ન હતો. અમદાવાદમાં સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયમાં પેલા સ્વામીજીએ કહ્યું હતું - 'તમે ત્યાં ગયા પછી જાણશો કે જે માટે તમે ગયા હતા તે તમારી પાસે જ હતું. એમણે કહ્યું હતું કે આત્માનુભવ થાય ને તે પછી આનંદ ને શાંતિમાં મન મગ્ન થાય, પ્રત્યેક વસ્તુમાં નૂતનનત્વ જણાય, અને એ અનુભવમાં એક પળ પણ કે તેથી વધારે વાર સુધી દેહનું ભાન ભુલાય, તો તે સમાધિ છે. માણસ અનુભવે કે પોતે બ્રહ્મ છે, એક અને અખંડ છે, સર્વ છે. પછી તો તે જે કરે છે તે નિર્લેપ રહીને જ કરે છે. જ્યાં જ્યાં જુએ છે ત્યાં આત્મા અનુભવે છે. આ જ - બ્રહ્મની સાથે આત્મના અદ્વૈતનો અનુભવ થવો, એ જ સાક્ષાત્કાર છે.'

તે વખતે મને શંકા હતી પણ હવે લાગે છે કે એ ખરું છે. એ પણ જ્ઞાનયોગનો વિકાસ છે. માણસ જ્યારે અનુભવે છે કે પોતે જ સર્વ કંઈ છે, જ્ઞાન ને જ્ઞાતા કે જ્ઞેય છે, પૂર્ણ છે, મુક્ત છે, બુદ્ધ છે, પછી તેને જાણવા જેવું ક્યાં ને શું રહ્યું ? તે તો પછી જીવનમુક્ત જ બની રહે છે.

તે રાતે હું કીર્તનખંડમાં સૂતો. ખંડમાં કૃષ્ણની છબી હતી. અંધારું હતું. ને સવારે જોઉં છું તો અદભુત અનુભવ થયો. શાંતિ. કેવી દશા હતી કે કહી શકાય તેમ નથી. હૃદયના ઊંડાણમાંથી અવાજ આવ્યો. એવું મેં કોઈ વાર અનુભવ્યું નથી. એ શબ્દ આ હતા : 'તું નિત્યસિદ્ધ છે, મુક્ત છે. મેળવવાનું તે મેળવી લીધું છે. તારે આ સાધના શી ? તું મુક્ત છે. હવે તું ભલે સંસારમાં જા. તું કદી નહિ લેપાય.' અવાજ દિવ્ય હતો. હું આનંદથી પુલકિત થયો. ઉલ્લાસ પ્રસરી વળ્યો. ગંગાનો સુંદર કિનારો હતો ત્યાં જઈને મેં મારો સ્વર વહેતો મૂક્યો. અદ્વૈતનો અનુભવ થયો. દિવ્ય દેશનો રસ મળ્યો. ઉત્સાહ ના માયો.

સવારના પહોરમાં જ એક સ્વામીજીને મેં કહ્યું, હું પાછો જઈશ. મારે સાધનાની જરૂર નથી. એ આશ્ચર્ય પામ્યા. હું આનંદમગ્ન હતો. મારો અનુભવ પણ એ પૂરો સમજી ના શક્યા. લોકોમાં ખાસ કરીને એવો રૂઢ વિચાર ફેલાયો હોય છે કે અમુક ઉંમરે જ અમુક અનુભવ થઈ શકે. ગમે તેમ. હું ત્યાં રહી શકત. ઓછામાં ઓછું એક વરસ ત્યાં રહેવું એવો મારો વિચાર હતો. હિમાલયમાં આગળ જવાનો પણ વિચાર હતો. બને તો

પાછા ન જ ફરવું એવો સંકલ્પ હતો. છતાં હું સંન્યાસ-બહારનો સંન્યાસ-લેવાની વિરુદ્ધ હતો. પરંતુ આ અજબ અનુભવે મને પાછો આણ્યો. મેં જે અનુભવ્યું છે તે મારા વિના કોણ જાણી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩ : વિદ્યાર્થીઓનો પ્રેમ

ટી. બી. હાઈસ્કુલ, ભાદરણ.
તા. ૧૦ એપ્રિલ, ૧૯૪૧

નારાયણ,

નમસ્કાર. ઋષીકેશથી આવ્યા પછી તરત જ મને અહીં ખાલી જગા હોવાથી નોકરી મળી છે. તેથી ઘેર બેસી રહેવા કરતાં આ સારું એમ માનીને અહીં આવ્યો છું. આવતી તા. ૨૬ મીએ હુકમ પૂરો થાય છે. પછી જે કરવાનું છે તે થતું રહેશે. થશે તેમ તેમ જણાશે.

આનંદ-સુખ-શાંતિ-કલ્યાણ રાજસિંહાસન પર બેસનારા રાજાને જે સુખ નહિ સાંપડતું હોય તે સુખ અહિંયા છડી પોકારી રહ્યું છે. ધન ને વૈભવમાં મહાલનારને જે નહિ મળતો હોય તે આનંદ અહિંયા આનંદી રહ્યો છે. ચારે બાજુ કલ્યાણ ફરી વળ્યું છે. ખરી રીતે જોઈએ તો આપણી આજુબાજુ આનંદ ને કલ્યાણનો સાગર ઊછળી રહ્યો છે. બહુ જ ઓછા પુરુષો એને ઓળખી શકે છે ને તેથી પણ ઓછાં એમાં અહર્નિશ આનંદે છે. એ સાગરને ઓળખવાથી જ ને તેમાં હંમેશાં સ્નાન કરવાથી જ માણસ મુક્ત થાય છે, સાચા સુખની પ્રાપ્તિ કરે છે.

અહીં આવ્યે વીસેક દિવસ થયા. દરમ્યાન દિવસો બહુ આનંદમાં પસાર થઈ રહ્યા છે. મને હવે કશાનો શોક નથી. શાનો શોક હોય ? મારા વિના વિશ્વમાં બીજું કોઈ તત્વ જ નથી. મારામાં શોક ને નિરાશા જેવા દુન્યવી તત્વો પ્રવેશી શકે તેમ નથી. હું ગુણથી પર છું છતાં કહો કે સચ્ચિદાનંદ છું. જન્મ ને મરણનાં બંધનોને લાત મારીને બહાર નીકળેલો છું. હૃદયમાં વહી રહેલો આનંદ અંગઅંગમાં વહી રહ્યો છે.

અહીં સ્કૂલના બોર્ડીંગ છે ત્યાં રહું છું. નાની ઓરડી છે. પરંતુ તે વિદ્યાર્થીઓથી ભરાઈ જાય છે. વિદ્યાર્થીઓનો પ્રેમ ખૂબ છે. તેઓ પ્રભુની પ્રતિમાઓ છે. તેમની આંખમાં, તેમની વાણીમાં, તેમના હલનચલનમાં-બધામાં, ઈશ્વર નહિ તો બીજું શું છે ? તેમની વાણી મીઠી છે, તેમનું હૃદય પ્રેમાળ છે, તેમની આંખમાં ઈશ્વરનો ચમકાર છે; ઈશ્વરે જ કહ્યું છે - હું ત્યાં છું જ્યાં જ્યાં સૌન્દર્યનો ઝબકાર છે, જ્યાં આનંદનો વાસ છે, બુદ્ધિનો ચમકાર છે. ગમે તેમ, પણ વિદ્યાર્થીઓનો પ્રેમ ખૂબ છે. દિવસમાં કેટલીયવાર તેઓ આવે છે ને 'વાત કહો' ભજન કહો' કહીને આનંદ વ્યક્ત કરે છે. કેટલાક મેટ્રિકના છે, એક બે માસ્તર છે, બીજા છઠ્ઠા કે પાંચમા ધોરણના છે. અત્યાર સુધી પીંજરમાં પુરાયેલા પંખીને એના સ્વાભાવિક એવા પ્રદેશમાં ગીત સંભળાવનાર કોઈક મળે અને એ પંખીમાં જે ભાવ જાગે, એવું જ કાંઈક અહીં થયું છે.

આનો શોક પણ છે, આનંદ પણ છે. આનંદ એટલા માટે કે આવી ભાવનામાં સ્નાન કરવું બહુ દુર્લભ છે. ને શોક એટલા માટે કે આપણા શિક્ષણે આપણને ક્યાં મૂક્યા છે ! આપણે નથી રહ્યા ઘરના કે નથી રહ્યા ઘાટના ! જીવનની સાચી દિશા બતાવે, જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે આપણો માર્ગ અજવાળે, દૃઢ મુદ્દાથી આગળ ને આગળ વધવા પ્રેરે, આત્મજ્ઞાનનું ગૌરવ જગાવે, આવું સાહિત્ય આપણને શીખવવામાં આવ્યું જ નથી. આપણને હસતાં આવડતું જ નથી. રડવાનું પણ આપણે પૂરેપૂરું જાણતા નથી. આપણે માત્ર નકલ કરીએ છીએ ! આ આપણો આનંદ ! આનંદને આપણે વિસારી દીધો છે. એ તો આપણો જન્મસિદ્ધ હક છે.

ભવ્ય ભારતનાં આ બાળકો ! તેમને યોગ્ય દિશા સૂચવવી હોય તો તેમના સ્વરૂપનું જ્ઞાન આપવાની પણ જરૂર છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪ : હિંદમાતાની વેદના

કન્યા વિદ્યાલય, ભાદરણ.

તા. ૧૯ જુલાઈ, ૧૯૪૧

વ્હાલા નારાયણ,

આજે ગામથી દૂર દૂર આવેલા એક ખેતરમાંથી પત્ર લખવામાં આવે છે. સમય સાંજનો છે. સામે જ વૃક્ષની હાર છે ને તેના પર ઊભેલો સૂર્ય મારાં દર્શન કરતો કરતો કૃતાર્થ થાય છે. સાથે જ આ સુમધુર પવન વાય છે. એનું ગીત પણ અદભુત છે.

હૃદયમાં આ વખતે અનેરું ગીત જાગી રહ્યું છે. સંપૂર્ણ સંવાદ છે. દેહથી ભિન્નત્વની દશા અનુભવાઈ રહી છે. સંપૂર્ણ શાંતિથી આ લખાય છે.

આંખ આગળ હિંદમાતા આવે છે. હાથમાં સિતાર છે. માથું ઉઘાડું છે. લટેલટ વિખરાઈ ગઈ છે. પગમાં જોર નથી. માથું ઢળી ગયું છે-એ સિતાર પર નમી પડ્યું છે. સિતારના તાર તૂટી ગયા છે, ગીત બંધ પડી ગયું છે. 'મા'ની આંખમાં દર્દ છે, કરુણા છે, અપાર વેદના છે. એ પૃથ્વીના ગોળા પર બેઠી છે. એક વખત એ એવી ન હતી. આખી સૃષ્ટિની શક્તિ હતી. સૌને પ્રેરણા પાનારી એ એક વખત પરમપાવની હતી. આજે એ કેવી છે ? એના સુમધુર મુખમાંથી આજે એક સ્વર પણ નીકળતો નથી, એક શ્વાસ પણ છૂટતો નથી- અરે, એની આંખ ભીની છે. આંસુની ધાર પણ ઊઠી શકતી નથી. કેમ આમ થયું ? એના બાળકોએ એને ધુતકારી કાઢી ? એનાં છોરુ કછોરુ પાક્યાં ? એક વારની ગંગા હતી-મૈયા હતી. એનાં ધાવણ કેમ સુકાયાં ? એ કેમ દીન બની ? એ શાંતિનો અવતાર હતી. ભીષ્મ, કૃષ્ણ, ઋષિવરો એના પુત્રો હતા. સીતા ને સાવિત્રી એની સહેલી હતી. દુષ્યન્ત ને અશોક, શિવાજી ને પ્રતાપ તથા જનક એના કુંવર હતા. એને ખોળે કોણ ન હતાં ? નદીનાં મીઠાં તીર હતાં ને તટે તટે તીર્થ હતાં. આજે એ ક્યાં ગયાં ?

આંખમાં આંસુ આવે છે. માતાની આ દશા નથી જોઈ શકાતી. શું જે હજારોની પ્રેરણા હતી, જે હજારોની માતા હતી, હવે તે ફરી નહિ ઊઠે ? એની આંખ નહિ ઊઘડે ?

એ વિશ્વનો પ્રાણ છે ને એ વિશ્વની શક્તિ છે. બીજાએ એને હલકી ગણી, જંગલી કહી. ભલે, એને સુધરવું નથી. કટ્ટર દુશ્મન બની એકમેકની કતલ કરવી, લાખોની સંખ્યામાં ગુનેગાર કે બિનગુનેગારને ગોળીએ ઉડાડવા, કુમળાં કુસુમોને પળવારમાં હતાં-ન હતાં કરવાં, લક્ષ્મી ને સત્તાનાં સિંહાસનો માંડવાં, પાશવી લાલસાઓનાં ટોળેટોળાં કાઢવાં, આ જો સુધારો હોય તો એને એ નથી જોઈતો. ભલે એ ગૌ રહી. એને વાઘણ થવું નથી. એને આંચળે આંચળે એક વાર અવની વળગી હતી, એક વાર ફરી એ અવનીને નોતરશે, ફરી એનું પય ચખાડશે.

પેલે દિવસે દ્રૌપદીનાં ચીર ખેંચાયાં હતાં, આજે શાંતિનાં વસ્ત્ર ખેંચાઈ રહ્યાં છે. કયો કૃષ્ણ એની વહારે ધાય ? મારા ભાઈ, આપણે તો એ 'મા'ના બાળકો રહ્યાં. આપણો ધર્મ એ માતાની સારવાર કરવાનો રહ્યો. પણ આપણને એનો શો હક છે ? એ પવિત્ર પુરુષોની જનનીને, એ પતિતપાવનીને, સ્પર્શ પણ કરવાનો આપણને શો અધિકાર છે ? આપણે તો એની ગોદમાં લપાઓ. એને સમજો. એના આદર્શને જીવનમાં ઉતારો.

એનો મંત્ર ત્યાગનો છે; વિલાસ ને વૈભવને છોડવાનો, જીતવાનો છે, શુદ્ધ થવાનો છે. આટલું કર્યા પછી એને કહો- ઓ મા, હું તારો છું, તું મારી છે. એ જરૂર હસશે-ઊભી થશે.

પૈસા માટે ચિંતા કરવી નહિ. તમારી શ્રદ્ધા અડગ હશે ને તમારી આતુરતા સાચી હશે તો ઈશ્વર તમને યોગ્ય માર્ગ બતાવ્યા વિના રહેશે નહીં. જીવનના અનુભવ પરથી આ વસ્તુ હું ખુલ્લે દિલે કહી શકું છું. ભણવાની તીવ્ર ઈચ્છા હશે તો પૈસા તમને ગમે ત્યાંથી મળશે એમા શંકા નહિ. તમારી સ્થિતિ મને જણાવતા રહેશો.

બ્રહ્મચર્યનું ખંડન થયું તે ઠીક છે. પાત્ર ઉભરાયું એટલે તે છલકાવું જ જોઈએ ને ઉભરાયા પછી શાંત પણ થવું જોઈએ. જેના મનમાં અનેક દુષ્ટ તર્કવિતર્કો છે, જે વ્યવહારથી જ પવિત્ર હોવાનો ડોળ કરે છે ને મનમાં વિષયના વિચારો કર્યા કરે છે, તે ખરે જ પાપી છે. તેના કરતાં વધારે સારો તો એ છે કે જે પવિત્ર હોવાનો ડોળ કરતો નથી ને કામની વેદના અસહ્ય થતાં કર્મેન્દ્રિયો વડે અમુક કર્મ કરે છે. તોય બ્રહ્મચર્ય આપણો મંત્ર હોવો જોઈએ.

દેશમાં(ગામમાં) વિલાસમય જીવનમાં પડ્યા તે જરા દુઃખાવનારું છે. જીવનની આવી અસ્થિરતા દૂર થવી જોઈએ. જ્યાં સુધી સાચી શુદ્ધિને માટે ઝંખના નહિ જાગે ત્યાં સુધી આ અસાધ્ય જ રહેશે. વાતાવરણની અસર આપણા પર શા માટે થવી જોઈએ એ સમજી શકાતું નથી. વાતાવરણ જો આપણને પતનની ગર્તા તરફ ફેંકવા માંડે તો તેમાં આપણી કચાશ વિના બીજું કંઈ જ નથી. આપણામાં એવી શક્તિ આવવી જોઈએ કે વાતાવરણ આપણામય બની જાય; વાતાવરણના આપણે ગુલામ ન થઈએ. જ્યાં જઈએ ત્યાં અમુક વાતાવરણ પ્રસારી શકીએ એ આપણું બળ હોવું જોઈએ. વિલાસી જીવન ખરાબ છે, તેથી ખરાબ વિલાસી જીવનની ઈચ્છા ને તૃષ્ણા છે. વિલાસ શા માટે હોવો જોઈએ ? જેણે હજારો નગ્ન ને ભૂખ્યા ભિખારીઓને બાબુલનાથના મંદિરના પગથિયે પગથિયે જોયા છે, જેણે અનેક આશ્રયહીન બંધુઓને સવારના પહોરમાં ફુટપાથ પર ઘસઘસાટ ઊંઘતા જોયા છે, તે વિલાસનો વિચાર જ કેમ કરી શકશે ? સ્વામી વિવેકાનંદ પાસે એ વિલાસ હતો-ત્યાં અમેરિકાના ધનાઢ્યને ત્યાં-પણ તે વિલાસની વચ્ચે તેમને ભૂખ્યાં ને દુઃખ્યાં દેશજનોની પ્રતિમાઓ ને તેમની અશ્રુભર આંખો દેખાઈ. તે આંખે તેમની આંખે આંસુ આણ્યાં. આવી દેશદાઝ, આ દેશભક્તિ હૃદયને જો એક વાર સ્પર્શ કરે ને વિલાસના વિચારોમાંથી વૈરાગ્યનું નવનીત જન્મે તો ખરે જ નવો અવતાર મળવાનો. એવો માણસ કોઈ પણ સંજોગોમાં વિલાસી નહિ થવાનો. આ સ્થિતિએ આવવું એ આપણો યત્ન હોવો જોઈએ. અત્યારે યુવાનોએ સંયમ, ત્યાગ ને તપસ્યા શીખવાની ખાસ જરૂર છે. હું પોતે અહીં એક શેતરંજી, એક આશીકુ, શાલ, એક ધોતિયું ને બે ખમીસ રાખું છું. આજે ૨૪ દિવસ થયાં મગફળી ને ગોળ પર રહું છું. બોર્ડીંગમાં પ્રાર્થના ચાલે છે. વિદ્યાર્થીઓ આસન શીખે છે. છતાં પવિત્રતા પરનું મારું લક્ષ તેવું જ અગત્યનું છે.

એક વસ્તુ વિશેષ કહું. બેન પ્રીવિયસ થાય કે બી. એ. થાય; એમ. એ. થાય કે અહીં જ અટકી જાય; એ વસ્તુ મારી દૃષ્ટિએ વિશેષ મહત્વની નથી. એથી બહુ રાજી થવાનું છે નહીં. બેન પોતાનું સ્ત્રીત્વ કેવી રીતે સાચવી ને વિકસાવી શકે છે તે પરથી જ તેમના વિષે મત બાંધી શકાય. હું એમ સાંભળું કે બેન ત્યાં રહીને પણ પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનો પ્રયાસ કરી રહ્યાં છે; હું એમ વાંચું કે કોલેજના અભ્યાસ સાથે પણ બેનનું

આત્મ-પરીક્ષણ ચાલુ છે, તો જ મને સાચો આનંદ થાય. બેન એ એક સ્ત્રી છે; તેમનામાં સ્ત્રીત્વ છે, તે કુમારી છે ને તેથી સવિશેષ પવિત્ર છે - એ પવિત્રતાની ફોરમ બેનમાંથી કેટલે અંશે ફેલાય છે એ જ એમના પર રાજી થવાનું કારણ હોઈ શકે. બેન કદાચ બી. એ. થશે પણ ગૃહકાર્ય વિસરી તો નહિ જાય ને ? કદાચ બેન કોલેજનો અભ્યાસ જારી રાખશે પણ તે પોતાના હૃદયના ગુણોને કેળવવાનો પ્રયત્ન તો ચાલુ જ રાખશે ને ? આજે સ્ત્રીનું શરીર-કુમારીનું શરીર-લાકડી જેવું જ રહ્યું છે; અમારી આજુબાજુ કેટલીય કુમારી-દેવીઓ ફરે છે; તેમનાં શરીર સ્વસ્થ નથી; મન જોઈએ તેટલાં મહાન ને સ્થિર નથી-અલબત્ત, તેઓ નિર્મળ ને નિર્દોષ છે. પણ આ વખતમાં શારીરિક શક્તિ એ છેક નાખી દેવા જેવી વાત નથી એ સમજી લેવું જોઈએ. એ શક્તિને વિકસાવવા માટે પ્રયત્ન થવો જોઈએ.

બેનોએ કોઈ વાત ધ્યાનમાં રાખવાની હોય તો તે તેમની જવાબદારીની છે. સ્ત્રીઓ રાષ્ટ્રની માતા છે એ સંપૂર્ણ સત્ય છે. સ્ત્રીઓએ જો આવતીકાલના રાષ્ટ્રને ઉન્નત બનાવવું હોય તો તેમણે પોતે ઉન્નત ને સંસ્કારવાન બન્યા વિના છૂટકો નથી. જેને સેવા કરવી છે તેને પણ આ જ નિયમ લાગુ પડે છે. બહારની ટાપટીપ કદાચ આજની સંસ્કારિતાનો નમૂનો ગણતો હશે પણ એના જેવો સ્વચ્છંદતાનો નમૂનો ભાગ્યે જ મળશે. અત્યારના અનેકવિધ પ્રવૃત્તિશીલ યુગમાં આપણે સીતાને કે સાવિત્રીને, દ્રૌપદીને કે અહલ્યાને જરાય વિસરી શકીશું નહીં. બેનને અપરિણિત રહેવાનો જે અવસર મળ્યો છે તે તેવી પવિત્ર મૂર્તિનું પ્રતીક બનવા માટે જ મળ્યો છે એમ માનવું પડશે ને કોઈ પણ કાળે એનો અંશ પણ બેનમાં ઉતરે તો આપણને જે આનંદ થશે તે તેમના કોલેજના પ્રવેશના કરતાં અનેક ગણો વધારે ને સાચો હશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫ : કવિતાની સાચી મહત્તા

લોહાણા બોર્ડીંગ, વડોદરા.
તા. ૨૯ જાન્યુ. ૧૯૪૨

ભાઈ નારાયણ,

ગઈ કાલે તમારો પત્ર મળ્યો. આજે હું વડોદરા આવ્યો અને અહીંથી લગભગ અઠવાડિયા પછી ભાદરણ જવાનો છું. તે દરમિયાન અહીં હઠયોગની કેટલીક પ્રક્રિયાઓ કરવા ઈચ્છું છું. દરમ્યાન પત્ર લખવો હોય તો ભાદરણ જ લખશો. મને તે મળી શકશે. આજે હું કેટલાંક મુક્તકો તથા કાવ્યો મોકલું છું.

પત્રમાં તમે જે લખ્યું છે તે બરાબર છે. અત્યારની પ્રકટ થતી કવિતા મોટે ભાગે અર્થઘન અને શબ્દપ્રચૂર હોઈ લોકોની વૃત્તિ પણ કાંઈક અંશે એવી કવિતા માટે ટેવાઈ ગઈ હોય છે. પણ તે ઠીક નથી. આપણે તો સામાન્ય માણસો પણ સમજી શકે તેવી કવિતા જોઈએ. ગાંધીજીએ કહેલું કે કોશિયા પણ સમજે તેવી કવિતા લખાવી જોઈએ. કવિતાની સાચી મહત્તા બહારના છંદ અને શબ્દભંડાર પર નહીં પરંતુ તેની અંદરના વિધાન તથા વસ્તુ પર જ છે. કવિતાની ભાષા સાદી જોઈએ પણ તેની અંદરની વસ્તુ પ્રેરક અને ચિરંજીવ જોઈએ. અત્યારની કવિતાની એક મોટામાં મોટી મર્યાદા એ છે કે તે ચિરંજીવી તત્વ ઓછું ધરાવે છે. શબ્દભંડાર ને પદલાલિત્યવાળી કવિતાઓ ઠેરઠેર જડશે પણ પ્રેરણા આપી શકે એવી કવિતાઓ ઓછી હશે. આ એક અધઃપતન છે. રવિન્દ્રનાથ જેવો કવિ જોઈએ છે એમ ગાંધીજીએ કહેલું. તેનો અર્થ એ જ કે રવિન્દ્રનાથનાં કાવ્યોમાં જે પ્રેરણા, સંદેશ, આશા ને સાદાઈ છે તેને કવિતામાં વણી લેનાર કવિ વધારે ઉપયુક્ત લેખાય. કદાચ થોડા સમયને માટે તેનું મૂલ્યાંકન ના થાય પરંતુ તેની મહત્તા કોઈ પણ કાળે જણાઈ રહેવાની એમાં શંકા નહીં. સાચી કવિતાનું એ લક્ષણ છે. ગુજરાતી સાહિત્યમાંથી એવી પચીસ કવિતાઓ શોધી આપશો જે તમને દુઃખના વખતમાં સુખનો સંદેશ આપે, તમે નિરાશ થયા હો તો જે તમને આશા આપે, તમને ઉચ્ચ વિચારો આપે, જિંદગીમાં તમારા મિત્ર બની રહે ? હું માનું છું કે આપણે ત્યાં એવી કવિતાઓ થોડી જ છે. બીજું, ખુલ્લે રાગે આનંદથી ગાઈ શકાય, એવાં કાવ્યો પણ કેટલાં ? ખંડકાવ્યો આપણે ત્યાં છે. પણ એમાં ચિરંજીવી તત્વ કેટલું ? રાસનું પણ એવું જ છે. ઉત્સાહ આપે, ઉચ્ચ વિચાર આપે, માર્ગદર્શન કરાવે, એવું કાવ્ય સાહિત્ય આપણે ત્યાં બહુ જ થોડું છે અને એ જ આપણી કંગાલિયત છે. આપણાં કાવ્યોમાં આ બધું છે એવો દાવો ના જ થાય, પરંતુ એક કવિ તરીકે આ દૃષ્ટિને લક્ષમાં રાખવાનો આપણો ધર્મ છે એ સંપૂર્ણ સાચું છે. આપણાં કાવ્યોમાં આધ્યાત્મિકતા વધારે હશે, પણ તેથી શું ? જીવનની સાથે સગાઈ હોય એવી આધ્યાત્મિકતા જરૂર પ્રશસ્ય છે. વળી એનું કારણ જીવનનો વિકાસ છે. આપણું જીવન પહેલું કાવ્યપ્રધાન હતું, હવે ભક્તિપ્રધાન, આધ્યાત્મિક છે એટલે કાવ્યમાં પણ એ જ વિકાસ જોઈ શકાય છે. બીજા ગમે તે કહે, આપણને શ્રદ્ધા હોવી જોઈએ. એકની દૃષ્ટિ તે કાંઈ દરેકની દૃષ્ટિ નથી. એટલે આપણું કાર્ય ચાલુ જ રાખવું જોઈએ. એમાં સત્વ હશે, આપણા કાવ્યોમાં હીર હશે. તો તે જરૂર તરશે. રતનને ઝવેરી જ પારખે છે ને ઝવેરી ઝવેરી હોવાના દાવા કરતા નથી. તમારા કાર્યમાં સફળતા મળે એમ ઈચ્છું.

☼ ☼ ☼ ☼ ☼

**પત્ર ૧૬ : કાર્યમાં શ્રદ્ધા**

કન્યા વિદ્યાલય, ભાદરણ.
તા. ૩ એપ્રિલ, ૧૯૪૨

ભાઈ નારાયણ,

ઘણો વખત થયો. તમારો પત્ર નથી, લખશો. પુસ્તકનું શું થયું ? જણાવશો. ગમે તેવા સંજોગોમાં પણ નિરાશ થવું નહિ. આપણા કાર્યમાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ. અભ્યાસ તો પૂરો થયો હશે. બેનનો અભ્યાસ પણ સારો હશે. તેમને મારા પ્રણામ કહેશો. રજાઓ પડવાને હવે એક મહિનો છે. તે પણ વિદ્યાલયમાંથી હું છૂટો થવાનો છું. પછીના સમયમાં શું નિર્માયલું તે અત્યારે કેમ કહી શકાય ? પણ એટલું તો ખરું કે હવેનું જીવન જરાક રોમાંચક હશે. ઈશ્વરને ચરણે જીવનનું સર્વસ્વ ધરી દેવું ને એક એની જ ઈચ્છાનુસાર વર્તવું એ મારો ટેક હતો. આજ સુધી એને વત્તેઓછે અંશે સાચવી રહ્યો છું. હવે પછી પણ તે નષ્ટ થશે નહિ. ઈશ્વરે જે કરવા ધાર્યું હશે તે જરૂર સારા માટે હશે એ મારી માન્યતા છે. એમાં કદિકાળ પણ ફેર પડે એમ નથી. આજ સુધી એણે મારી સંભાળ રાખી છે. ઠેઠ બાલપણમાં જ્યારે પિતાજી શરીર છોડી ગયા ત્યારે દૂરદૂરના દેશમાં મૂકનાર કોણ હતું ? ઈશ્વર જ. ત્યાં પણ એણે જ વિકાસ માટે ભૂમિકા તૈયાર કરી. છેવટે ઋષિકેશ જવાની પ્રેરણા આપનાર ને ત્યાં જવા માટે વાતાવરણ તૈયાર કરનાર પણ તે જ હતો. હવે તે જરૂર સંભાળશે. ન સંભાળે તેમ બને જ નહિ. હજી સુધી મારો વિકાસ રુંધાયો નથી. ઈશ્વરને ચરણે સર્વસમર્પણ કરવાનું ને તેને આત્મનિવેદન કરવાનું હજી ગયું નથી-જઈ શકે તેમ નથી. એટલે તે સદા માર્ગદર્શક તરીકે છે જ.

ભાદરણમાં રહ્યે એક વરસ થયું એમ કહી શકાય. દરમ્યાન ઘણું મળ્યું છે. ઋષિકેશથી આવ્યો ત્યારે આનંદ હતો. આજેય છે કેમકે તેનું સ્થાન અંતરમાં છે, બહારની કોઈ વસ્તુમાં નહિ. આનંદ ને સુખનું મૂળ અંતર છે, તે જેને લાધ્યું તે કૃતાર્થ થાય છે. બહારનાં પ્રદેશમાં ફાંફાં મારવાની તેને જરૂર રહેતી નથી. છતાં ખરું કહું તો જીવનની દિશામાં મહાન ને ત્વરિત ફેરફાર થાય એવો પ્રસંગ ઉપસ્થિત થયો છે. ફરીથી હિમાલય તરફ જવું એ વિચાર હમણાં હમણાં ખૂબ રહે છે, નીકળી શકતો નથી. હઠયોગની ભીતરમાં ઊતરવાની ઈચ્છા છે. સંકટો પડશે પણ સંકટોને સુમનો માનીને કંઠમાં નાખી દેવાં એમાં તો વીરતા છે. આ માર્ગ લેવામાં બીજી કોઈ મુશ્કેલી નથી. માત્ર માતાનો પ્રશ્ન છે. હૃદય કહે છે કે તે પ્રશ્ન ઊકલી જશે. તેમ થાય તો સારું. માર્ગ ઉઘાડો થશે. સંસારની કોઈ પણ વસ્તુ પ્રત્યે સાચું કહું તો મને જબરું આકર્ષણ રહ્યું નથી. કદાચ ત્યાં હું રહેતો તે વખતનું વાતાવરણ આને માટે જવાબદાર હશે. કે પછી અનાથાશ્રમમાં જે સુયોગ્ય ભૂમિકા વિકાસને માટે ઈશ્વરે તૈયાર કરી હતી તે આનું એક અગત્યનું કારણ હશે. ગમે તેમ સેવા કરવાનો બીજો વિચાર છે-પહેલાં પણ હતો. પરંતુ શું સેવા થાય ? પહેલાં હું લાયક થાઉં, પછી તે કરું. આટલા અનુભવ પછી એમ સાચે જ લાગ્યું છે કે માનવજાતિની સારી સેવા કરવી હોય તો આથી પણ વધારે સુંદર ને વધારે વિકાસની આવશ્યક્તા છે. આટલો વિકાસ કાંઈ પર્યાપ્ત નથી. ખરી રીતે તો તે સમુદ્રમાંના એક બિંદુની બરાબર પણ નથી. એવી શક્તિ જ પ્રાપ્ત કરી શકાય જેથી કદિ ચલિત ન થવાય, એ સારું છે. આ

બધા વિચારો મનમાં છે માટે જ ઈશ્વરે અહીંથી ખસેડવાનું કર્યું છે એમ માનું છું અને આથી વધારે સારું વાતાવરણ આવવાનું છે એને માટે જરાય શંકા રખાય ? નહિ જ.

ભાદરણમાં રહ્યો તે દરમ્યાન બહુ બહુ પરિચયો થયા. વિચારો પણ મળ્યા. કેટલાક તો ખાસ યાદ રહે એવા ને રાખવા તથા કહેવા જેવા છે. કદાચ તે લખાશે. નહિ તો પ્રસંગ મળતાં કહેવાશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૭ : માયા કઠિન છે

લોહાણા બોર્ડીંગ, વડોદરા.
તા. ૨૨ જૂન, ૧૯૪૨

ભાઈ નારાયણ,

પ્રણામ. ત્યાથી (બ્રહ્મપુરીથી) છૂટા પડ્યા ત્યારે કહેલું કે દસમી પછી પત્ર લખીશ. દસમી તો ક્યાંય ગઈ ને આજે બાર દિવસ વધારે થયા. આટલો માડો પત્ર લખું છું તેનું કારણ ? કારણ જુદું જ છે. વહેલો પત્ર લખું એવી ઈચ્છા હતી પરંતુ કોઈક સ્થાયી પ્રવૃત્તિમાં પડું ને પછી લખું તો સારું એવી ઈચ્છાને લીધે તેમ થઈ શક્યું નહિ. પ્રવૃત્તિ હજી સુધી હાથ લાગી નથી. પરંતુ ક્યાં સુધી તેની રાહ જોતાં જોતાં પત્ર લખવાના દિવસને લંબાવવો ? હવે તો આજે જ લખું છું. મેં કહેલું કે આ વખતે કદાચ મારે મુંબઈ આવવાનું થશે. પરંતુ અમારાં ગામના બે ભાઈ કે જેમની સાથે હું ત્યાં આવવાનો હતો તે ઘેર માંદગી હોવાથી રોકાઈ ગયા. એટલે હું અહીં ગઈ તા. ૧૬ મીનો આવ્યો છું. આજે પાંચ દિવસ થયા પરંતુ કયી દિશામાં કામ કરવાનું થશે ને ક્યાં જવાનું થશે એ વિષે કશું જ નક્કી નથી. છેવટે કાંઈ નહિ બને તો ત્રણચાર દિવસમાં સરકારી નોકરી કરવા કોઈ બહારગામની નિશાળમાં જવું પડશે.

યોગાશ્રમનું કાંઈ જ થઈ શક્યું નથી. શરૂઆતમાં કાંઈક સારી આર્થિક સ્થિતિ જોઈએ. એ વિના કશું બને નહિ. ને અત્યારના 'વરસાદના વખતમાં' યોગની પ્રવૃત્તિ કરવી એ એક સાહસ જ લેખાય. રોગોપચાર શીખવાનો મારો વિચાર હતો ને છે પરંતુ હમણાં તો કશું બની શકે તેમ નથી. એકલો હોત તો કશું ન હતું. ગામેગામ ફરીને ઉપદેશ તથા આચરણ વાટે પ્રચાર કરત કે કાંઈક પ્રાણાયામવિદ્ ને શોધી કાઢીને (હઠયોગ જાણવાની દૃષ્ટિએ) પ્રાણાયામમાં પારંગત થઈ જાત. એમાનું કશું જ બની શકે તેમ હમણાં તો લાગતું નથી. ઈશ્વરની ઈચ્છા જુદી જ છે. ભલે, તેણે જેમ ધાર્યું હશે તેમ થશે. અત્યાર સુધી તો મેં તેના ચરણમાં શિર રાખ્યું છે ને તેણે મને માર્ગ બતાવ્યો છે. બહારથી વિચિત્ર લાગવા છતાં પણ તે દરેક માર્ગ મારે માટે સારો ને ઉન્નતિપ્રેરક નીવડ્યો છે. એટલે મને તેમાં શ્રદ્ધા છે જ. એ જ બળને લીધે હું ફરી રહ્યો છું. તે જે બતાવશે તે સારું જ બતાવશે.

તમારે કોલેજમાં જવાનું શરૂ થયું હશે. ત્યાં ઋતુ કેવી છે ? અહીં પરમ દિવસે રાતે વરસાદ ઠીક પ્રમાણમાં પડ્યો હતો. અત્યારે તો સૂરજ છે.

તમારે ત્યાં આવવામાં મને બહુ આનંદ આવ્યો. પરંતુ વધારે વખત રહેવાયું નહિ. એ બાજુના લોકોનો ભાવ હૃદયને કબજે કરી લે તેવો છે. ભક્તિભાવમાં પણ લોકો ઠીક માનનારાં છે. જો કે તેમાંનાં કેટલાક વધારે પડતી શ્રદ્ધાવાળાં છે. પરંતુ સૌથી સુંદર મને લાગ્યું, તે તો તે તરફનો ડુંગરાળ પ્રદેશ જ. નારાયણેશ્વરની જગા તો ગમે તેવી જ છે. પરંતુ વીરેશ્વરનું સ્થાન બહુ સુંદર છે. એવાં તો કેટલાંય સ્થાનો એ ડુંગરોની ગોદમાં હશે. એ બધાને જોવાની ખરેખર મજા જ પડે. તમારાથી છૂટા પડ્યા પછી અમે માત્ર બે જ કલાકમાં ઈડર આવી પહોંચ્યા હતા. ત્યાં સ્વામીનારાયણના મંદિરમાં ઉતરેલા. તે મંદિરની આજુબાજુ જે ડુંગરોનું દૃશ્ય છે તે ખરેખર રમણીય છે. ત્યાં શિખરો ઉપર દહેરા જેવું કંઈક જણાય છે. તે જ તમે કહેતા હતા તે સ્થાનો હશે.

પ્રવૃત્તિ શી ચાલે છે ? તમારે ત્યાં હું આવ્યો. જુવાનો પણ જોયા. તેઓ ખરેખર ભાવવાળા છે પરંતુ એમનું એકીકરણ કરીને કોઈક પ્રવૃત્તિ કરવાનું જરૂરી છે. એ દ્વારા એમનામાં સંયમ, સેવા, ત્યાગ, એવો ગુણો આવી શકે. ત્યાગ જેવો ગુણ અત્યારે બહુ આવશ્યક છે. યુવાનોમાં જો સ્વેચ્છાપૂર્વક ગરીબ થઈ જવાની લગની લાગી જાય તો તે અવશ્ય ઉત્તમ લેખાય. તે માટે દેશનાં ગરીબ ને દરિદ્ર તથા દીનદુ:ખી લોકોનો ચિતાર તેમની આગળ હોવો જોઈએ.

અહીં એક યોગાશ્રમ હતો તેની ખબર છે ને ? ત્યાં કામ કરનારે હવે પોતાનું નામ, પોતાનો વેશ, સર્વ બદલી નાખ્યું છે. પહેલાં જે ભગવું ઓઢતા તેને બદલે હવે ખમીસ, ઝભ્ભો, પહેરવાનું શરૂ કર્યું છે. આ પલટાનું કારણ શું ? કારણ સ્પષ્ટ છે : માયા કઠિન છે....મમ માયા દુરત્યયા...અભ્યાસ ને વૈરાગ્યનું બળ હોય તો જ તેને જીતી શકાય. પણ તે ના જ હોય તો ? તેને માટે વિનાશ જ છે. 'સ્વામી' કાંઈ નામ માત્ર ધરવાથી થવાતું નથી. સ્વામી તો જે ઈન્દ્રિયોનો સ્વામી થયો છે તે જ થઈ શકે છે. જીવનને જ આત્મદેવનું તીર્થ માનીને જેણે પોતાની અખિલ આરાધનાને ફક્ત એ દેવને જ ચરણે ઢાળી છે, ને જીવનને શુદ્ધિની ભઠ્ઠીમાં હોમી દઈને જેણે પરમજ્ઞાનનું નવનીત ઉતારી લીધું છે તે જ જીવનતીર્થ થઈ શકે છે. એવો માણસ આખી સૃષ્ટિનો સ્વામી થઈ શકે છે. એવી ક્યી વસ્તુ છે કે જે તેને ચરણે ના નમે ? ભલભલા શહેનશાહોની પણ તેની આગળ કાંઈ વિસાત નથી. પણ લોકોનો બહુ જ ઓછો ભાગ આ સમજે છે. બીજા તો યોગની થોડીક ક્રિયાઓને જાણી એટલે વાળ વધારવાનું શરૂ કરીને એકાદ આશ્રમને ખોલી નાખે છે ને સ્વામી થઈ જાય છે. શું યોગ વાળમાં છે ? તેમજ શું તે કાંઈ યોગની નજીવી ક્રિયાઓમાં છે ? એમ હોત તો તો બધાય વાળ રાખવા ને નાકમાં દોરડાં ઘાલવા મંડી જાત. પણ તેવું નથી. યોગ તો આત્માની મૂંગી ભાષા છે. ને જેટલા પ્રમાણમાં જગતમાં વહેતા ચૈતન્ય સાથે તાદાત્મ્ય અનુભવાય તેટલા પ્રમાણમાં તે સધાયો છે એમ જણાય છે. ખરી રીતે દંભ, અભિમાન, અહંતા, કઠોરતા વગેરે આસુરી સંપત્તિના ગુણોને કાઢી નાખીએ ને તેને સ્થાને દયા, પ્રેમ, શાંતિ, જેવા દૈવી સંપત્તિના ગુણોને લાવીને આખા વિશ્વ સાથે આપણે એક થઈ જઈએ કે આખી પૃથ્વીમાં આપણો પ્રેમ પ્રકટાવીએ ત્યારે જ યોગ શરૂ થાય છે. એ પછીની સ્થિતિમાં તો માણસ ગમે તેવાં દુન્યવી પ્રલોભનોથી પણ ચલિત થતો નથી. માન-અપમાન, સુખદુ:ખ, વગેરે દ્વંદ્વોમાં સમ રહે છે, તો પછી આવા વેશપલટા ને નામ પલટાનું તો સ્થાન જ કયાં છે ?

અત્યારે હું ગીતા પરનું શંકર ભાષ્ય વાંચું છું. ગીતાનો સંદેશ પણ આ જ છે : યોગી બનો. આત્માની આગળ જે અશુદ્ધિનું પડળ છે તેને હરરોજની સાધના કરીને કાઢી નાખો ને સર્વ ઠેકાણે રહેલા ચૈતન્યનો અનુભવ કરો. એ વિના કોઈને શાંતિ પ્રાપ્ત થતી નથી કે કોઈને સુખ મળતું નથી. અત્યારે આપણા જીવનમાં જે પોકળતા, નિર્બળતા ને શિથિલતા લાગે છે તેનું કારણ આપણું અજ્ઞાન જ છે. જો આપણી રગેરગમાં આપણે આત્મા છીએ એ ધ્વનિ ઊતરી જાય તો આપણામાં નવીન જ બળનો સંચાર થાય.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૮ : સંયમ એ જ શોભા

લોહાણા બોર્ડીંગ, વડોદરા.
તા ૮ જુલાઈ, ૧૯૪૨

ભાઈ નારાયણ,

વસ્તુસ્થિતિ જુદી જ બની છે. સરકારી નોકરી પસંદ કરત પરંતુ ભાદરણ વિના બીજી કોઈ જગાનો હુકમ ન હતો. ને ભાદરણની વાત તો મેં તને આપણે મળેલા ત્યારે કરેલી, એટલે તું ત્યાંના વાતાવરણથી તથા માણસોથી ને મારા અનુભવથી પરિચિત છે જ. એવા સ્થળે જવાનું મને બહુ પસંદ નથી. ને તે પણ હુકમ માત્ર એક મહિનાનો છે. એક મહિના પછી તો પાછું આવવું જ પડે ! તે પછી શું ? પાછું કંઈક શોધવું તો રહ્યું જ. આવી મુશ્કેલીમાં હતો ત્યાં તો રસ્તો સ્પષ્ટ થયો. અહીં બોર્ડીંગમાં જ રહી શકાય તેવી વ્યવસ્થા થઈ. અહીંના ગૃહપતિએ મને અહીં જ રહેવા કહ્યું. વિદ્યાર્થીઓની દેખરેખ રાખવાની. તેમની સાથે રહેવાનું, રસોડે જમવાનું ને તેમનામાં સારી કેળવણીનો પ્રસાર થાય એવું કામ કરવાનું. બીજો કોઈ ઉપાય નહિ હોવાથી, મેં હા કહી. એટલે આજથી કે કાલથી જ અહીંઆ વિદ્યાર્થીઓ સાથે રહેવાનું શરૂ કરીશ. આમ પણ બહારગામ કોઈ નોકરી મળત તો તેમાંથી મકાનભાડું, ખાવાનું, સાબુ, કાગળખર્ચ, દૂધખર્ચ, બધું નીકળતાં ને ઘેર મોકલતાં ભાગ્યે જ કંઈક બચત. ભાદરણમાં પણ આમ જ થતું તો પછી અહીં શું ખોટું છે ? અહીં તો વિદ્યાર્થીઓ સાથે રહીને કામ પણ સારા પ્રમાણમાં કરી શકાય. તેમના આંતરજીવનમાં પ્રવેશ કરીને તેને યોગ્ય વળાંક આપી શકાય તથા તેમાં અનેક અંશે પરિવર્તન કરી શકાય. એટલે હમણાં તો અહીં જ સારું છે.

કાંઈ બહારનું વાચન ચાલે છે કે નહિ ? મેં હમણાં હમણાં સ્વામી વિવેકાનંદનું જીવન, પાતંજલ યોગદર્શન તથા મણિરત્નમાલા વાંચ્યાં છે. અત્યારે 'હ્યુ-એન-સંગ' વાચું છું. સ્વામી વિવેકાનંદનું જીવન ખરે જ અદભુત છે. એવાં પુસ્તકો ફરી ફરી વાંચવાનું મન થાય એ સ્વાભાવિક છે. તેમનો જુસ્સો અજબ હતો. તેમની નિસ્પૃહતા વિષે પણ કાંઈ કહેવાનું નથી. તેમની વૈરાગ્યવૃત્તિ તો ખરે જ આશ્ચર્યચકિત કરનારી છે. જ્યારે તેમને સંન્યાસ ધારણ કરવાની ઈચ્છા હતી ને તેમની માતાને માટે (ગુજરાન માટે) કશી વ્યવસ્થા ન હતી તે વખતનો પ્રસંગ યાદ છે ? તે રામકૃષ્ણ પાસે ગયાં ને બધી વાત કહી. રામકૃષ્ણે કહ્યું : કાલિકા પાસે જા ને ધન માગ. વિવેકાનંદ આનંદમાં આવ્યા. કાલિકા પાસે જઈને એ ઊભા. ધારત તો તેઓ આખું સામ્રાજ્ય માગી શકત. કદાચ ત્રિલોકનું રાજ્ય માગ્યું હોત તો પણ તેમને મળી શકત. પરંતુ વિવેકાનંદ તો જગન્માતાનું સુંદર રૂપ જોઈને બધુંય માગવાનું ભૂલી ગયા. તેમણે તો કહ્યું : જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય, માતા, એ વિના કશુંય ના જોઈએ.

માતાએ કહ્યું : તથાસ્તુ. વિવેકાનંદ પાછા આવ્યા.

રામકૃષ્ણે પૂછ્યું : કેમ માગી લીધું ?

વિવેકાનંદ કહે : હું તો બધું જ ભૂલી ગયો. મેં તો જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય જ માગ્યાં.

રામકૃષ્ણે કહ્યું : અરે, ભલા માણસ, જા, ફરીથી મા પાસે જા ને પૈસા માગ.

વિવેકાનંદ ફરી ગયા પરંતુ ફરીયે તે તો જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્ય માગીને આવ્યા.

ત્રણ ત્રણ વખત આમ થયું. છેવટે રામકૃષ્ણે કહ્યું : જા તારી માતાને ખાવાપીવાની ને વસ્ત્રની તંગી પડશે નહીં. પછી વિવેકાનંદ સંન્યાસી થયા.

રામકૃષ્ણ તો બ્રહ્મનિષ્ઠ હતા. તેમનું પત્ની પ્રત્યેનું વર્તન તો જાણીતું છે. આપણે આ બધુંય વાંચીએ છીએ. આપણામાંના ઘણાખરા આવા મહાન સંતસાધુઓનાં જીવન વાંચે છે. પરંતુ તેનું આચરણ કેટલા કરે છે ? રામકૃષ્ણે પત્ની પ્રત્યે જે પ્રેમ બતાવ્યો તેવો ને તેના જેવો શુદ્ધ પ્રેમ કેટલાક બતાવી કે જાળવી શકે છે ? અરે, પતિપત્નીમાંનાં કેટલાં એકમેક પ્રત્યે સંપ રાખી શકે છે ? ખરી રીતે તો આપણી લગ્નસંસ્થા લથડી પડી છે ને શિક્ષિત વર્ગમાં તો તેની વિકૃતિ બહુ જ ભયંકર રીતે પ્રત્યક્ષ થાય છે. રામતીર્થના વિદ્યાર્થી જીવનમાં જે સાદાઈ ને સંયમ જડે છે તે બીજે કેટલેક ઠેકાણે જડશે ? ખરું કહીએ તો આપણે યુવાન છીએ પણ આપણામાં યુવાની નથી, મનોબળ નથી, કોઈ આદર્શ માટે મરી ફીટવાની તમન્ના નથી, સંયમી જીવન નથી. મહાન પુરુષોનાં જીવન આપણે વાંચીએ છીએ પણ તેથી શું ? તેની અસર આપણા હૃદયમાં ઊતરે ત્યારે જ સાચું વાંચન થયું ગણાય. ખરી રીતે તો કોઈ પણ મહાન થઈ શકે છે. તેને માટે કાંઈ ડીગ્રીની (ઉપાધિની) કે પ્રખ્યાતીની જરૂર પડતી નથી. જે સ્થિતિ બુધ્ધે પ્રાપ્ત કરી હતી તે આપણે પણ પ્રાપ્ત કરી શકીએ ને જે સ્થિતિને લીધે ગાંધીજી પુજાય છે તે સ્થિતિએ આપણે પણ સ્થિત થઈ શકીએ. ઈશુ તો શું તેનાથી પણ ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાએ પહોંચી શકીએ. માત્ર તે માટે આપણો પ્રયાસ જોઈએ. બુધ્ધે જે ત્યાગવૃત્તિ ને દયાની લાગણી ખીલવી હતી તે વૃત્તિ આપણે પણ ખીલવી શકીએ. ત્યારે જ આપણી મહત્તા છે. દરેક માણસે ધીરે ધીરે આસુરી વૃત્તિઓને વશ કરીને દૈવી વૃત્તિ મેળવવાની છે ને છેવટે સર્વે વૃત્તિઓની પર થઈ જવાનું છે. અખંડ જીવનમુક્તિ એ દરેક માણસનો ઈજારો છે પરંતુ તે મેળવવા માટે આવશ્યક સાધના કરવી પડે છે. અત્યારના પ્રગતિશીલ ઝડપી યુગમાં આવા વિચારને સ્થાન જ ક્યાં છે ! અત્યારે તો આપણી આજુબાજુના શતાવધિ લોકો માત્ર દુન્યવી વ્યવહારમાં જ મગ્ન છે. નાનું બાળક હોય તેને શાંત રાખવા તેની આગળ એક માટીનું રમકડું મૂકીએ એટલે તે રમે ને શાંત થઈ જાય. તેને બિચારાને ઓછી જ ખબર છે કે એ રમકડાનું બાળક તે તેના જેવું સાચું બાળક નથી ? આવી જ સ્થિતિ આ દુનિયાના હજારો લોકોની છે. (યદ્ અસત્યમસ્તિ તદ્ સત્યમિવ પરિકલ્પ્ય) જે અસત્ય છે તેને સત્ય માનીને પેલા નાના બાળકની પેઠે તેઓ રમ્યા કરે છે. ભૌતિક સમૃદ્ધિ ને ભૌતિક સંપત્તિએ માણસને એટલો બધો જકડી લીધો છે કે તેને તે બંધનરૂપ છે કે નહિ તે પણ ખ્યાલમાં નથી આવતું. આ પરાધીનતા ને નિર્બળતા ઓછી છે ?

જીવનને સંયમી બનાવવું જોઈએ કેમકે સંયમ એ જ શોભા છે, વિલાસ નહીં. ઈન્દ્રિયોના સ્વાદને જીતવામાં જ સાચો પુરુષાર્થ છે, તેને વશ થવામાં નહિ, આવું આવું કોણ જાણે કેમ આપણા ખ્યાલમાં જ આવતું નથી. અત્યારે તો જેમ વધારે સંપત્તિ તેમ વધારે ધનભાગ્ય; જેમ ઊજળાં ને વધારે કપડાં તેમ વધારે શિક્ષિત; આજ વિચારો આપણા લોકોમાં વધારે પ્રમાણમાં ઘર કરી બેઠા છે.

નહિ, જીવનનું મૂલ્યાંકન એમાં નથી. યોગી થવું જોઈએ. સમસ્ત શક્તિને આત્મામાં લીન કરી અખંડાનંદમાં લીન થવું જોઈએ. એ વિના સાચી શાંતિ જ ક્યાં છે ? જીવનનો ઉપયોગ શું ધન, ધરા ને રમા માટે છે ? નહિ જ. તે તો પામરતાની નિશાની છે. ઈન્દ્રિયોનો નિરોધ એ જ મહાન છે, ઈન્દ્રિયોનો વિલાસ

નહિ. મનનો સંયમ એ જ મહાન છે, મનનો સ્વચ્છંદ વિહાર નહિ. એક વાર આ આત્મદેવનાં દર્શન કરી લેવાં ને પછી પ્રેમના પ્રતીક થઈ સર્વત્ર વિચરવું કે સેવામાં લાગી જવું એ સાધના આજને માટે અનુકૂળ છે.

મને ભગવું બહુ જ ગમે છે. પણ તે ધારણ કરવાનો વિચાર પહેલાં ન હતો, અત્યારે પણ નથી. રીતસર દીક્ષા લેવાની જરૂર શું છે ? એટલું ખરું કે સંન્યાસ લીધા પછી (એટલે સંન્યાસનાં બાલચિહ્ન ધારણ કર્યા પછી) ગૃહજીવનમાં પડવાની જરાય શક્યતા રહેતી નથી. તે વિના પણ દૃઢ નિશ્ચય આગળ કશું જ થઈ શકે નહિ. પરંતુ અહીં છીએ ત્યાં સુધી આપણને કોઈ કંઈ કહી શકે ને આપણે પણ વિચારવું પડે. પરંતુ માતાજી છે ત્યાં સુધી તો તેમ કરવું શક્ય નથી. ને તેમ કરવાની જરૂરેય નથી. કેમકે સંન્યાસ એ તો વાસનાનો ત્યાગ છે. આત્મજ્ઞાનમાં સ્થિતિ કરનાર ને ઈન્દ્રિયને જીતનાર કે તે માટે યત્ન કરનાર સંન્યાસી જ છે અને આખરે તો માણસે સંન્યાસી પણ મટી જવું પડે છે. જ્યાં સુધી તે એમ માને કે હું સંન્યાસી છું ત્યાં સુધી તેની પ્રગતિ અપૂર્ણ છે. ચારે આશ્રમોની પર થવું એ જ ઉચ્ચ સ્થિતિ છે. એવો માણસ ગમે ત્યાં રહે ને ગમે તે વેશે રહે તોય શું ?

હે મારા મન, તું ભગવાં કે સફેદની જંજાળમાં ના પડીશ. કોઈ ભગવાં ધારે, કોઈ કાબરચીતરાં પહેરે, પણ તેથી શું ? રૂપ ને રંગની પાર પહોંચવું એ જ તારું ધ્યેય છે.

તું તો સર્વત્ર માંગલ્ય જોનારું છે ને સર્વમાં તારા આત્મદેવનાં દર્શન કરનારું છે. એ અમૃતનું પાન કર ને મસ્ત થા. બીજો વિચાર પણ તને કેમ સ્પર્શે ?

અભ્યાસ કેમ ચાલે છે ?

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૯ : જીવનનો મુખ્ય હેતુ

વડોદરા.

તા. ૧૦ ઓગસ્ટ, ૧૯૪૨

ભાઈ નારાયણ,

પત્ર મળ્યે બહુ વખત થયો. છેક આજે ઉત્તર લખું છું. શરીર તો સારું હશે જ. લગભગ બે દિવસ પહેલાં હું બેનને મળી આવ્યો. એ એક આનંદની વાત છે. માટે જ શરૂઆતમાં લખું છું. બેન કેવાં છે ? કદાચ આ જ પ્રશ્ન તું શરૂઆતમાં પૂછશે. તેનો ઉત્તર હું જ આપું કે તે સંપૂર્ણ તંદુરસ્ત છે. તેમનો સ્વભાવ પણ સારો છે. પહેલાં તે કેવો હતો તેનો ખ્યાલ મને નથી કેમકે પ્રત્યક્ષ પરિચય આ પહેલો જ છે, પરંતુ બહુ જ આનંદી ને નિખાલસ છે. સારું. તેમને મેં તમારો પત્ર તથા ફોટો બતાવ્યો ત્યારે તે રાજી થયાં. મેં કહ્યું : તમારે જોઈએ તો ફોટો રાખો. તેમણે કહ્યું : ના, હું મંગાવી લઈશ. કદાચ તેમણે પત્ર લખ્યો હશે. ના લખ્યો હોય તો આ વાંચીને તેમને ફોટો મોકલજે. જો વ્યવસ્થા થઈ શકે તેમ ન હોય તો પણ લખજે. ખરેખર, બેનના હૃદયમાં બહુ જ ઉચ્ચ કોટિનો પ્રેમ વસે છે. દુનિયામાં એવાં થોડાંક ધન્યહૃદયી મનુષ્યો હોય છે જેમના હલનચલનમાં એક પ્રકારનું પાવિત્ર્ય ને જે પોતે જ એક પ્રકારની દિવ્યતાનું તીર્થ હોય છે. એમાંનાં બેન પણ છે ને તેમની સાથેના પરિચયને હું ધન્ય માનું છું. તેઓ કેટલાં બધાં આનંદી છે ! તેમના હૃદયમાં વસતો તારા પ્રત્યેનો પ્રેમ બહુ વિશાળ છે ને ઉચ્ચ પણ છે. ભણેલાં છે છતાં તે કામ કરતાં શરમાતાં નથી. કારણ કે તેમનું ભણતર માત્ર પુસ્તકિયા નહિ, પરંતુ જુદું છે. કેટલીક વાર ગૃહના એકલવાયા જીવનને લીધે તેમને તેમનાં કાકા-કાકીની સ્મૃતિ થઈ આવે છે ને પરિણામરૂપે શોક થાય છે, પરંતુ તેથી શું ? તેઓ ધીરજની મૂર્તિ પણ છે. સહનશીલતા તેઓ શીખ્યા છે. એટલે લાગણીના અતિરેક તળે તેઓ દબાઈ જતાં નથી. વધુમાં તેમણે ગીતા વાંચવાની શરૂ કરી છે, તેમજ શ્લોકો મોઢે કરે છે.

અત્યારે દેશમાં વિચિત્ર સ્થિતિ ઊભી થઈ છે એ તો તારી જાણ બહાર ન જ હોય. એવો કયો ભારતવાસી હશે કે જે આ વાતાવરણની વચ્ચે પણ ઘોર કુંભકર્ણની જેમ પડ્યો રહ્યો હશે ? સાંભળ્યું છે કે ત્યાંની પરિસ્થિતિ બહુ ઉગ્ર છે. અહીં પણ નિશાળો ને કોલેજોમાં હડતાળ છે, સરઘસ નીકળે છે, ભાષણો થાય છે, પરંતુ લાઠીમાર જેવું કશું હજી થતું નથી. ખરેખર, ગાંધીજી ને બીજા દેશનેતાઓને પકડીને સરકારે ભયંકર ભૂલ કરી છે. જે ડાળી પર તે બેઠી છે તેના પર તેણે એક વધારે કઠોર કુહાડો આથી માર્યો છે. આખાયે દેશમાં સત્યાગ્રહ સળગી ઊઠ્યો છે. આવી કટોકટીની પળે સરકારને આ શું સુઝ્યું ? ગમે તેમ, પણ સરકારની દાનત સારી નથી જ એ તો તેના મુંબઈ ને અમદાવાદના વલણે બતાવી આપ્યું છે. આ સરકાર શું હિંદને સ્વેચ્છાએ સ્વતંત્ર કરે ? પરંતુ જ્યારે તેણે કઠોર પ્રહાર કરવા માંડયા છે ત્યારે આપણી ફરજ છે કે જે ભૂમિને માટે ને જે દેશની સ્વતંત્રતાને માટે લાખો લોકોએ બલિદાન આપ્યાં ને જેને માટે ગાંધી જેવા મહાત્માજી પણ જેલવાસી થયા તે દેશને માટે પણ યથાશક્તિ કરી છૂટવું. આ જ આપણી દેશસેવા છે. ખરી રીતે તો આજે આપણી કસોટી છે. દેશસેવા કે દેશપ્રેમને પારખવાની આ સાચી પળ છે. આવે વખતે આપણે ચોપડીઓને ને સરકારી કોલેજોને શું કરીશું ? જે કેળવણીએ આપણને એક સદી જેટલા સમયથી ગુલામ કર્યા

ને છેક જકડી લીધા ને જે કેળવણીને કમને પણ આપણે ઉત્તેજન આપ્યું તેને શું આપણે આવે વખતે પણ વળગી રહીશું ? એ કેળવણીની ભયંકર હાંસી છે. કોલેજોનાં પુસ્તકોને આ વખતે તો સમુદ્રના ઊંડા જળમાં છૂટાં મૂકવાં જોઈએ. મુંબઈનો દરિયો બહુ જ વિશાળ છે. તમારાં છૂટાં મૂકેલાં પુસ્તકોથી એ કાંઈ ભરાઈ જવાનો કે નાનો થઈ જવાનો નથી.

ગાંધીજીને પકડીને સરકારે ભુલ કરી છે એ આગળ કહ્યું. કદાચ સરકાર એમ ધારતી હોય કે ગાંધીજી ને બીજા કેટલાક નેતાઓને કેદ કરવાથી પ્રજા દબાઈ જશે. પરંતુ એ મોટામાં મોટી મુર્ખાઈ જ છે. ગાંધીજી ને નેતાઓ એ આખાય દેશના પ્રાણ છે. તેમની પાછળ આખી જનતા રહેલી છે, ને પ્રત્યેક પુરુષના સ્વાંગમાં એકેક નેતા રહેલો છે. ગાંધીજી કે મુઠ્ઠીભર માણસોને કેદ કરવાથી શું પ્રત્યેકના હૃદયમાં ઊતરેલી સ્વતંત્રતાની ભુખને કેદ કરી શકાશે ? નહિ જ.

પરંતુ મુખ્ય વસ્તુ તો એ જ છે કે આ લડાઈમાં (સત્યાગ્રહમાં) આપણે દૃઢ રીતે ઊભવું રહ્યું. 'દૃઢ રીતે'નો અર્થ એવો કરું છું કે ગમે તેવા સંજોગોમાં પણ પ્રજાએ હિંસાત્મક પ્રતિકાર કરવો નહિ. તેમજ સત્યાગ્રહને માટે લાઠી ખાવી પડે, ગોળીથી વીંધાવું પડે, સંકટો સહેવાં પડે, જેલ જવું પડે, તો પણ ડગવું નહિ. દરેક મનુષ્યના હૃદયમાં મૃત્યુ પ્રત્યે સ્મિત કરી તેને ભેટવાની તૈયારી હોવી જોઈએ. ખરી રીતે આપણી પ્રજા ભીરુ છે. મૃત્યુનો ભય તેને મોટો છે. પણ કૃતકાર્યને મૃત્યુ એ જીવન જેવું જ જ્વલંત નથી શું ? તેને વળી મૃત્યુ જેવું રહે જ શું ? લાઠી પડે ને લોકો ડગે નહિ, ગોળીબાર થાય તોય હારમાંથી હઠે નહિ, ને વ્યક્તિગત સજા થાય તો શ્વાસ છૂટતાં લગી ખસે કે સિદ્ધાંતથી ડગે નહિ, તો સરકારના સ્વાંગમાં રહેલી હિંસા જરૂર નમી પડે ને અહિંસાનો વિજય નક્કી થાય. આ ભોગ માટે આપણે તત્પર રહેવું જોઈએ. દરેક સત્યાગ્રહીએ આની તૈયારી રાખવાની છે. જેલ જવાનું પણ થાય. સકુટુંબ જવાનું થાય તો શું ? દેશને માટે તેણે તે પણ કરવું જોઈએ. આપણે કેટલે અંશે અહિંસાત્મક રીતે ટકીએ છીએ તે પર જ બધી સફળતા અવલંબે છે. એવી રીતે ટકવું એ કાંઈ બહુ સહેલું નથી. આજે જ અમારી સંસ્થાના વિદ્યાર્થીઓ આખા વડોદરાના વિદ્યાર્થીઓ સાથે સરઘસમાં જોડાયા હતા. ફરતા ફરતા તેઓ કેમ્પમાં પહોંચ્યા. ત્યાં વિદ્યાર્થીઓએ પોલીસો સામે જેમ તેમ બોલવા માંડ્યું. વાત એટલી બધી વધી કે વિદ્યાર્થીઓએ ત્યાંના પોલીસ કોન્સ્ટેબલના ઘર પર પથરા મારવા માંડ્યા, ઘરના કાચ તોડ્યા. પોલીસોએ વિદ્યાર્થીઓને કહ્યું: તમે ચાલ્યા જાઓ. પણ વાત આટલી વધી ત્યારે તેમણે લાઠી મારવી શરૂ કરી. બસ, વાત અહીંથી જ પતી. લાઠી શરૂ થઈ એટલે સરઘસ વિખેરાઈ ગયું. કેટલાક ઘેર નાઠા, કેટલાક બીજે ગયા. આ શું બતાવે છે ? એ જ કે આવી રીતે સત્યાગ્રહ થાય નહિ. પથરા મારવાની શી જરૂર હતી વારુ ? અહિંસાનું આ પ્રદર્શન ખરું ? વળી લાઠી પડે તોય ન ડગવું એ દૃઢતા આપણામાં નથી એની અહીં પ્રતીતિ થઈ. આવી રીતે જ જો આપણી લડત ચાલે તો ભયસ્થાનો અનેક આવે.

એ વાત જવા દઈએ ને વિચાર કરીએ કે વિદ્યાર્થીઓ આ લડતમાં શો ભાગ ભજવી શકે. પહેલાં તો એ ધારવું જરૂરી છે કે આ લડત એની છે કે જે અહિંસામાં માનતો હોય. આ લડત લડનારે સત્ય ને અહિંસાનું પાલન કર્યે જ છૂટકો. એટલે વાણીમાં, કાર્યમાં, મનમાં, ઘરમાં, ને બહાર સર્વત્ર આ બે, સત્ય ને અહિંસારૂપી દેવોને જ સ્થાન આપવું જોઈએ. ખાદી પહેરવી જોઈએ એ તો છે જ. સાથે સાથે અમુક સમય કાંતવાની પણ

જરૂર છે. સ્વદેશીનું વ્રત પણ લેવું રહ્યું. બધી વસ્તુઓ ગ્રામબનાવટની જ હોવી જોઈએ. જેમને હિંદી ના આવડતી હોય તે હિંદી બોલતાં, વાચતાં ને લખતાં શીખી લે. આ દેશ કે જેને માટે આપણે મથીએ છીએ તે ગરીબ છે એમ જાણીને આપણે ગરીબ થઈએ; આપણી જરૂરિયાતો ઓછી કરીએ, વ્યસનો દૂર કરીએ, ને આપણા વિચારોનો લખાણ, ભાષણ, વાતચીત ને પ્રત્યક્ષ કાર્ય દ્વારા પ્રચાર કરીએ. વખત આવ્યે જેલમાં જવા પણ તૈયાર રહીએ. જ્યાં ભેદ હોય ત્યાં સંપ કરીએ, ને હિંદની જ નહિ, આખા જગતની શાંતિ શીઘ્ર સ્થપાય એવી હરરોજ, પ્રતિક્ષણ, પ્રાર્થના કરીએ. ખરેખર, સ્વરાજનું સાચું રહસ્ય કદાચ આપણે સમજ્યા નથી, નહિ તો હિંદનાં ગામડાંને સ્વાયત્ત ને સ્વાશ્રયી બનાવીને, તેમાં વ્યાયામ, સફાઈ, સંપ વગેરે વધારીને, આપણે આપણું ને બીજાનું સ્વરાજ વધારે નજીક આણ્યું હોત. અલબત્ત, આજે એ માટે અવકાશ નથી એમ લાગે, પરંતુ જેને યોગ્ય લાગે તે આજેય એ ગામડાંની પ્રજાને જાગ્રત કરી શકે છે. અંતે તો આ જેને લીધે સંસારનું નિયમન થાય છે તેનું જ કાર્ય છે. જેને લીધે સૂર્ય તપે છે, પૃથ્વી દોડે છે, પવન વાય છે, તેની જ આ લીલા છે. એને નિરંતર શાંતિ ને કલ્યાણ માટે પ્રાર્થતા રહેવું એ પણ ઉત્તમ કાર્ય છે.

અહીં સમય સારી રીતે પસાર થાય છે. વકતૃત્વકળા, ચર્ચા, નાટક, ખાદી પ્રચાર, હિંદી, આસન તથા સૂર્યનમસ્કાર વગેરેનો વિદ્યાર્થીઓમાં પ્રચાર થાય છે.

ગીતા ચાલુ છે ને ? આસન પણ સ્વાસ્થ્યને માટે ચાલુ રાખવાં. જીવનનો મુખ્ય હેતુ ઈશ્વરપ્રાપ્તિ, સ્વરૂપદર્શન કે સાક્ષાત્કાર છે ને તેમાં આજની પરિસ્થિતિની માતા જેવી દેશભક્તિ બાધક થાય છે એ મારું માનવું નથી.

પત્ર જરૂર લખજે. દર વખતે 'આળસને લીધે લખી શક્યો નહિ' એમ લખે છે. હજી આળસ રહી છે ? ત્યાંના સમાચાર જણાવજે. સર્વ મિત્રોને મારા નમસ્કાર કહેજે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૦ : ઈશ્વરનું શરણ

ઋષિકેશ,
તા. ૩ મે, ૧૯૪૩

ભાઈ નારાયણ,

પત્ર મળ્યો. વાંચી આનંદ થયો.

પરીક્ષા તો થઈ ગઈ. એમ. એ. નો અભ્યાસ કરવાનું સારૂં છે. પણ તે ઘરની સ્થિતિને લક્ષમાં લઈને કરવું. મતલબ કે અભ્યાસ તો કરવો જ પણ સાથે સાથે આર્થિક સંપાદન પણ કરવું એ યોગ્ય છે. મનુભાઈ પ્રિવિયસની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયા છે. બહુ હોંશિયાર ને બુદ્ધિમાન છે. ભવિષ્યમાં એક મહાન પુરુષ થશે એમાં શંકા નહિ. ઘેર માતાજી તથા બેન બધાં મજામાં છે.

બીજું કંઈ પણ લખતાં પહેલાં ફરી વાર કહી દઉં કે તારામાં કોઈ પણ ગુણ મુખ્યત્વે હોય તો તે સ્પષ્ટતાનો છે. જે હોય તે જરાય સંકોચ વિના સ્પષ્ટ કરવું એ બહુ જ ઉત્તમ ને પ્રશંસનીય ગુણ છે. અને એ ગુણ જેનામાં હોય છે તે ધીરે ધીરે પોતાની વિશુદ્ધિ સાધીને આખરે મહાન કક્ષાએ પહોંચી શકે છે એ નક્કી સમજવું. જો માણસ સમજે તેટલું સહેલાઈથી આચરી શકતો હોત તો તો પૂછવાનું જ શું હતું ? મુક્ત થતાં વાર જ ના લાગત. પરંતુ વસ્તુતઃ તેમ નથી. બારીકાઈથી જોતાં જણાશે કે મનુષ્યના હૃદયમાં દૈવી ને આસુરી વૃત્તિઓ વચ્ચે યુદ્ધ ચાલ્યા જ કરે છે. એક વૃત્તિ માણસને ઊંચે ચઢાવવા મથે છે, બીજી તેને નીચે પાડવાનો પ્રયત્ન કર્યા કરે છે. પરંતુ સતત અભ્યાસથી આ વૃત્તિઓ પર વિજય મેળવી શકાય છે. જે માણસ પોતાના હૃદયનો સતત અભ્યાસ કે તેનું પરીક્ષણ કરતો રહે છે ને વારંવાર પડવા છતાંય કરોળિયાની જેમ ઊભો થઈને પ્રયત્નમાં લાગ્યો જ રહે છે, તે અંતે જરૂર જીતે છે ને વૃત્તિ તેને વશ થાય છે. સાધારણ પ્રકારનાં મનુષ્યો જીવન કે સંસારના થોડાશા ફટકા પડતાં ગભરાઈ જાય છે, હતાશ થઈ જાય છે, ને ઘણીવાર જીવનને દુ:ખમય માની તેનો ઘાત કરવાની મુર્ખાઈ પણ કરી બેસે છે. જ્યારે કાંઈક ઉચ્ચ કોટિના મનુષ્યોનું તેવું નથી. તેઓ જીવનમાં નિરાશા અનુભવે છે ખરાં પરંતુ આશાને છોડતાં પણ નથી. થોડી વાર સુધી જીવનના કડવાં અનુભવો તેમના પર અસર કરે છે પરંતુ વળી પાછા તેઓ મનનું સમાધાન કરી લે છે ને જીવનમાં પ્રયત્નપૂર્વક ઝંપલાવે છે. આનાથી પણ ઉચ્ચ કોટિ છે. તે કોટિના મનુષ્યોને નિરાશા કે સંકટો તથા કડવાશની અસર જ થતી નથી. તેમની આશા એટલી ભારે હોય છે કે લાખો નિરાશા આવે તોય તેઓ પૂર્ણ ધીરજ ને ઉત્સાહથી કાર્ય કર્યે જાય છે. આવા પુરુષો વિરલ હોય છે. પરંતુ તેવી સ્થિતિ કેળવ્યા વિના છૂટકોય નથી. વારંવાર આવતા શોક ને દુ:ખને વશ થનારા મનુષ્યોમાં બે ખોડ છે. એક તો તેનામાં ઈશ્વરની નિષ્ઠા નથી તે તથા તે એટલી સ્વલ્પ સ્થિતિનો છે કે વૃત્તિઓ તેને રમકડાંની જેમ રમાડ્યા કરે છે. મોહ આવે છે ને તેને મોહિત કરે છે, તથા રાગદ્વેષ પણ તેની આગળ ફાવી જાય છે. પરંતુ જેણે પોતાનું જીવન ઉન્નત બનાવવું હોય તેણે તો આ સ્થિતિ જીત્યે જ છૂટકો. માટે જ મનને વારંવાર સમજાવવાનું છે - રે મન, કદિ નિરાશ ન થા.

વૃત્તિઓને વશ કરવાના તથા મનને જીતવાના અનેક ઉપાય છે. જેમ કે (૧) ઈશ્વરને શરણે જવું (૨) મન કહે તે ના કરવું (૩) મનનું પરીક્ષણ કરતા રહેવું (૪) સત્સંગ (૫) સુંદર પુસ્તકો, સુંદર સ્થાનો ને

પુરુષોનો પરિચય કેળવવો (૬) પ્રાર્થના (૭) થોડો ને સાત્વિક આહાર (૮) સેવાના કાર્યમાં લાગ્યા રહેવું (૯) ઉન્નત ને ઉચ્ચ ભાવનાઓ કરવી (૧૦) વારંવારનું ધ્યાન તથા જપ - વગેરે. પરંતુ સુંદર ને સહેલો ઉપાય ઈશ્વરનું શરણ છે. ઈશ્વરના શરણથી દુ:ખોનો નાશ થઈ જાય છે. ભય, ક્રોધ, દ્વેષ વગેરે વસ્તુઓ ઈશ્વરનું શરણ લેતાં પલાયન થઈ જાય છે. જીવનમાં હર્ષ-શોક કે નિંદા-સ્તુતિના પ્રસંગો પણ આવા માણસને સ્પર્શી શકતા નથી.

આ શરણ શું છે ? જેને શરણે જવાનું હોય છે તેનામાં એક તો આપણને પૂર્ણ શ્રદ્ધા હોય છે ને બીજું ગમે તેવા સંકટમાં તે આપણી રક્ષા કરવા સમર્થ છે એ આપણી સમજ હોય છે. આપણે ઈશ્વરનું શરણ લઈએ તો જે વાતાવરણમાં આપણે મુકાઈએ તે સર્વમાં આપણે આનંદ માણતાં શીખવું જોઈએ કેમ કે ઈશ્વરે જ આપણને તે વાતાવરણ આપ્યું છે ને તે આપણા સારાને માટે જ હોવું જોઈએ. સાંસારિક સંકટોમાં પણ આનંદ જ માનવો કેમ કે એ પણ ઈશ્વરની પ્રસાદી જ છે. આપણા ભલાને માટે જ ઈશ્વરે તે સંકટો મૂક્યાં છે એમ સમાધાન કરવું. આવા માણસને સંકટો શું કરી શકે ? તે તો પુત્રપ્રસવ થાય ત્યારેય આનંદમાં રહે ને કોઈ મરી જાય ત્યારેય ખુશ રહે. આ સ્થિતિ બહુ સુંદર છે ને તેને જ ગીતાએ તેરમા અધ્યાયમાં નિત્યં ચ સમચિત્તત્વં ઈષ્ટાનિષ્ટોપપત્તિષુ (ઈષ્ટ તેમજ અનિષ્ટની પ્રાપ્તિમાં સમાનતા રાખવી) એમ કહીને વર્ણવી છે. અલબત્ત, પ્રાર્થના, મનનું પરીક્ષણ, સંગ વગેરે વસ્તુઓ પણ બહુ લાભ કરે છે પણ સાથેસાથે આ શરણાગતિ ભાવ રાખવાથી ઘણું કલ્યાણ થઈ શકે છે. આવા માણસને જીવનમાં કદી પણ હતાશ થવાનો પ્રસંગ આવતો નથી.

વ્હાલા ભાઈ, જીવન તો એક મહાન વિદ્યાલય (યુનીવર્સીટી) છે. જેની આંખ ઉઘાડી છે તે તેમાંથી ઘણું ઘણું શીખી શકે છે. સારાયે આધ્યાત્મિક વિકાસનો પાયો જીવનમાં અને તે પણ દુનિયાની વચ્ચે તો નખાય છે. એમાં જે કડવા મીઠા અનુભવો થાય છે તે ન થતાં હોત તો માણસ કસાત કેવી રીતે ? એમાં જે સંકટો આવે છે તે ના આવતાં હોત તો માણસ તપી તપીને કંચન જેવો થાત કેવી રીતે ? સાચી રીતે જોઈએ તો જીવન એક ક્રીડાસ્થાન છે. તે એક જલબિંદુ વિનાના રણ જેવું પણ થઈ શકે છે ને તે નંદનવન એક નરક કરતાં પણ ભયંકર બની શકે છે. પણ તે કોને માટે ? જે સ્વાર્થને માટે બીજાના સુખને છેદવા મથે છે તેને માટે. જે કામ ને ક્રોધથી ભરેલા તથા દુન્યવી લાલસાઓથી દબાયેલા છે તેમને માટે. જગત ને જીવન બેય ખરે જ નરક સમાન ને દુ:ખદાયી છે. પરંતુ જે બીજાના સુખમાં સુખ માને છે, જેણે પોતાનું સર્વ કાંઈ ઈશ્વરના ચરણમાં ધર્યું છે ને જે પ્રસંગો આવે તેમાં તેની પ્રસાદી સમજી તૃપ્ત રહે છે તેને માટે જીવન એક આનંદનું ઝરણ બની જાય છે. આ અનુભવ કરવાની શક્તિ ના હોય તે જીવન ને દુનિયા છોડીને નાસે. આખાયે વિશ્વની માતા એવી ગીતાને જોઈએ તો જણાય છે કે કોઈ પણ ઠેકાણે તેણે એમ નથી કહ્યું કે સુખ શાંતિ કે આનંદ ને મુક્તિ માટે દુનિયાનો ત્યાગ કરો. તે તો કહે છે કે બહારની દુનિયાને નહિ પણ તમારા અંતરમાં રહેલી કામ-ક્રોધની દુનિયાને જ તજો. કામક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્રયં ત્યજેત્ I આખીયે ગીતાનો ઉપદેશ જો ગૃહસ્થીએ સમજવો ને આચરવો હોય તો તે મામનુસ્મર યુદ્ધય ચ (મારું સ્મરણ કર ને યુદ્ધ કર) એ શબ્દોમાં છે. બસ, આટલું જ યાદ રાખો ને આખી ગીતાને ભૂલી જાઓ તોય કંઈ વાંધો નથી. ઈશ્વરની

નિષ્ઠાને જાગ્રત રાખો ને સંસારનાં કાર્યો કરતા રહો. સંસારમાં મુક્તાવસ્થા અનુભવવાનો આ રામબાણ ઉપાય છે.

બીજી આવશ્યક વાત એ છે કે આજથી જ કાર્યમાં લાગી જવું. આ દુનિયામાં એવાં કેટલાંય માણસો છે જે પોતાની શક્તિનો ને સમયનો ઠીક ઠીક ઉપયોગ કરે તો મહાન થઈ શકે. પરંતુ દુ:ખની સાથે કહેવું પડે છે કે લાખોમાંથી કોઈ એક પ્રતિભાશાળી થાય છે. આનું કારણ શું ? કારણ એ જ કે પ્રથમ તો આપણને ભાન નથી કે આપણામાં શક્તિનો કેવો અખૂટ ભંડાર ભરેલો છે. કેટલાંક માણસો 'થશે થશે' કરીને મુલતવી રાખવાના સ્વભાવનાં હોય છે. જ્યારે ઉત્તમ પુરુષો તરત જ કાર્યારંભ કરી દે છે ને તેઓને સફળતા પણ ઝટ મળે છે. એટલે આપણે જેટલું જાણતા હોઈએ તેટલાનું પાલન કરવા મંડી જવું એ જરૂરી વાત છે. જે પ્રયત્ન કરે છે તેને માટે વિજય પોતે તેની પૂરણી જરૂર કરી દે છે. એટલે તારે પણ બનતા સમયમાં ઈશ્વરના નામનાં જપ કે ધ્યાન, પ્રાર્થના તથા જીવનનું પરીક્ષણ ચાલુ રાખવું તથા રામકૃષ્ણ જેવા સંતપુરુષોના જીવનનું વારંવાર મનન કરવું. યાદ રાખો કે પ્રયત્ન કરનારને કશું અસાધ્ય નથી. 'નોક ધ ડોર એન્ડ ઈટ શેલ બી ઓપન્ડ (ક્રાઈસ્ટ). એક વાર નહિ ઊઘડે, બીજી વાર નહિ ઊઘડે, પરંતુ પ્રયત્ન ચાલુ રાખશો તો મુક્તિનું દ્વાર જરૂર ઊઘડી જશે.

*

હવે તેં પ્રાણાયામ વિષે પૂછ્યું છે તેનો ઉત્તર આપું. શું પ્રાણાયામ કે શું જપ, દરેક સાધનનું લક્ષ્ય કે અંતિમ ધ્યેય હૃદયની શુદ્ધિ તથા તે વાટે થનારા જ્ઞાનની પ્રાપ્તિ છે. અલબત્ત, પ્રાણાયામ કરતાં કરતાં કેટલીક લોકોત્તર શક્તિઓ કે જેને સિદ્ધિ કહેવામાં આવે છે તે સાંપડે છે ખરી પરંતુ તે તેનું ધ્યેય નથી. એ તો રસ્તાનાં સ્થાનો-સ્ટેશન્સ- છે.

વળી પ્રાણાયામના પ્રકારો અનેક છે. પરંતુ આહાર સાત્વિક ને સૂક્ષ્મ રાખવામાં આવે તો જે જાતના પ્રાણાયામ કરાતા હોય તે રીતે એક માસ જેટલા સમયમાં તેની અસર સારી રીતે જણાવા માંડે છે. યાદ રાખવું કે બહુ બોલવાથી પ્રાણાયામ થઈ શકતા નથી તથા પ્રાણાયામ માટે કોઈ અનુભવીનું માર્ગદર્શન જરૂરી છે.

*

હાલ લખવાનું ચાલે છે. અહીં કલ્યાણવાળા જયદયાલ ગોએન્કા આવ્યા છે. કદી કદી ત્યાં જાઉં છું. ભજનો તથા સાધકો માટે નોંધ લખું છું. બાકી સમય સુંદર રીતે પસાર થાય છે. આ વસ્તુનો તો આનંદ જ અનેરો છે. સંસારના કોઈ પણ વિષય પાસે આટલો આનંદ નથી આમાં તો ખુદ આનંદ બની જવાય છે. મારો સમય સાધારણ રીતે

(૧) રાતે ૯-૩૦ વાગે સૂવું.

(૨) ૧ વાગે ઊઠવું.

(૩) ૧ થી ૩ ધ્યાન કરવું.

(૪) ૩ થી ૪ ફરવું.

(૫) ૪ વાગે શૌચાદિથી નિવૃત્ત થવું.

(૬) પછી પ્રાણાયામમાં બેસવું.

(૭) સ્નાન કરવું.

(૮) આસન કરવાં.

(૯) છ વાગ્યા પછી વળી ધ્યાન કરવું.

(૧૦) ૭ થી ૮ વાંચવું.

(૧૧) ૮ થી ૯ મુદ્રા વાટે ધ્યાન કરવું.

(૧૨) ગંગાસ્નાન કરવા ૧૦ વાગે જવું ને ભોજન પકાવવું તથા પછી જમવું.

(૧૩) ૧૧ થી ૧૨ આરામ તથા વિચારણા.

(૧૪) ૧૨ થી ૨ વાંચવું -લખવું.

(૧૫) ૨ થી ૫ ધ્યાન.

(૧૬) ૫ થી ૭ વાંચવું- લખવું.

(૧૭) ૭- ૩૦ પછી પ્રાણાયામ.

(૧૮) ૮-૩૦ થી ૯ ગંગાતટ જવું.

એ રીતે પસાર થાય છે. જરૂરી સમયે તેમાં ફેરફાર કરું છું.

અયાચક વ્રત હજી ચાલુ છે. ઈશ્વરની કૃપાથી આનંદ છે. એના પ્રેમના ખૂબ સારા અનુભવો થયા. પછી તેના પરની નિષ્ઠા કેવી રીતે જાય ?

*

ધ્યાનને માટે ગીતામાં સારું વર્ણન છે. ધ્યાન બે પ્રકારનું છે. સગુણ ને નિર્ગુણ. સગુણ ધ્યાન રામ, કૃષ્ણ, નારાયણ, શિવ, શક્તિ વગેરેનું હોઈ શકે. તે ધ્યાનમાં જે ઈષ્ટ હોય તેની મૂર્તિની કલ્પના કરી તે ઈષ્ટની લીલાનું સ્મરણ કરતાં કરતાં તેમાં એક થઈ જવું અથવા તો તેના મંત્ર કે નામના જપ કરતાં કરતાં તેની મૂર્તિનું દર્શન કરતા રહેવું એવું સાધારણ રીતે કરાય છે. સાધકની શરૂઆતની દશાને માટે આવું ધ્યાન બહુ અગત્યનું છે.

નિર્ગુણ ધ્યાનમાં શું કરવું તે ગીતામાં સુંદર રીતે કહેવાયું છે. આસન પર સ્થિર બેસીને મનમાં ઊઠતાં સંકલ્પોથી ઉત્પન્ન થતી કામનાઓને ત્યજી દેવી, તથા મનથી ઈન્દ્રિયોને પોતપોતાના કાર્યમાંથી પાછી વાળવી. પછીથી બુદ્ધિપૂર્વક ઉપરામતા મેળવવી તથા મનને આત્મામાં એકાગ્ર કરવું ને કાંઈ પણ વિચારવું નહિ.

પરંતુ સગુણ ધ્યાન ઘણાને અનુકૂળ પડે છે. નિર્ગુણ ધ્યાન કરનારનું મન જલદી સ્થિર નહિ થાય. તેને માટે તેણે ઉત્તમ ભાવનાઓ કરવી પડશે. વળી નિર્ગુણ ધ્યાનમાં હૃદયની શુદ્ધિ ખૂબ જ ભાગ ભજવે છે. આવા ધ્યાન કરનારે જો તે નિર્ગુણ ધ્યાન કરતો હોય તો સર્વત્ર ઈશ્વર છે, આત્મા છે, એવો અનુભવ અથવા અભ્યાસ કરતા રહેવું અને જો તે સગુણ ધ્યાન કરતો હોય તો જેનું ધ્યાન કરતો હોય તે ઈષ્ટને સર્વમાં જોતાં કે તે જોવાનો અભ્યાસ કરતાં રહેવું. આ ધ્યાનનું ફળ છે. સર્વમાં એક તત્વનું દર્શન થાય છે. આનંદ, શાંતિ કે પ્રેમની પ્રાપ્તિ થાય છે ને માણસ મુક્તાવસ્થા પ્રાપ્ત કરે છે.

પરંતુ ધ્યાન નિયમિત કરવું. એથી પરિણામ સારું મળે છે. સર્વને મારા પ્રણામ

તા. ક. - બ્રહ્મચર્ય ખૂબ અગત્યની વસ્તુ છે, તે જેટલું જળવાશે તેટલું જ જીવન ઉજ્જવલ થશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૧ : સર્વસમર્પણ

ઋષિકેશ

તા. ૨૧ મે, ૧૯૪૩

પ્રિય ભાઈ નારાયણ,

બે દિવસ પહેલાં હું હરિદ્વાર હિંદી સાહિત્ય સંમેલનમાં ગયો હતો. જો કે સાહિત્યને ખાતર સાહિત્યમાં મને હવે રસ રહ્યો નથી પરંતુ એક ભાઈના આગ્રહથી ગયેલો. મને તો હવે ભગવાનની સાથે વાતો કરવી ને તેની અંદર જ સંતોષ પામવું તથા રમવું આનંદદાયી લાગે છે. સાચો ભક્ત હમેશાં ભગવાનની અંદર જ રમણ કરે છે. તે તૃપ્ત પણ તેમાં જ થાય. સંસારના કોઈ પદાર્થથી તેને સંતોષ ના વળે. તે વાત પણ ભગવાનની જ કહે. ભગવાનના પ્રેમી જોડે જ વાત કરે. તેનું ચિત્ત ભગવાનના ચિત્ત સાથે એક થયું હોય એટલે ભગવાન જેવું થયું હોય. તેમાં સંસારી વાસના ના હોય. પ્રભુનો પ્રેમ જ હોય. તેનો પ્રાણ પ્રભુના પ્રેમથી જ પોષાતો હોય. તેમાં જ સ્નાન કરતો હોય. માછલીને જલ બહાર કાઢો. જીવી શકે ? ભક્તની સ્થિતિ પણ તેવી હોય. ભગવાનની પ્રેમભક્તિની બહાર તે તરફડીને મરી જાય. શ્વાસે શ્વાસે તે પ્રભુનું જ સ્મરણ કરતો હોય. આ સાચી ભક્તિ કહેવાય. 'ગીતા'માં ભગવાન આવા ભક્તો વિષે કહે છે કે તેઓ

મચ્ચિત્તા: મદ્ગતપ્રાણા: બોધયંત: પરસ્પરમ્ ।
કથયંતશ્ચ માં નિત્યં તુષ્યંતિ ચ રમંતિ ચ ॥

હોય છે. ગોપીઓ આવી જ હતી. શબરી આવી જ હતી. મીરાં પણ હતી તો મહારાણી પણ તેય આ જ રહસ્યની દીક્ષા લેનારી તપસ્વિની હતી. પ્રહ્લાદ પણ આ જ ભાવનો નમૂનો છે. એવી ભક્તિ આપણામાં પ્રકટે ત્યારે ધન્ય થવાય. ત્યારે ભગવાન આપણો ને આપણે ભગવાનના બની રહીએ. એટલે સારી વાત તો એ છે કે ભગવાનની ભક્તિ વધારવી ને તેને માટે ભગવાનને પ્રાર્થના કરવી. આપણે જો ભગવાનનો જરા પણ પ્રેમ વધારીશું તો ભગવાન અનેકગણો વધારશે. કેમકે તે પોતે જ કહે છે -

યે યથા માં પ્રપદ્યંતે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।

એમ ના માનવું કે આપણે પાપી છીએ એટલે ભગવાન આપણી ભક્તિ નહિ સ્વીકારે. ભગવાન એવો નગુણો નથી. ભગવાન તો કહે છે કે ગમે તેવો પાપી હોય, ભક્તિનો અધિકારી બને એટલે થયું. મારી પાસે આવે એટલે તેનાં પાપ તો ક્યાંય જતાં રહે. ફક્ત ઉચ્ચ જાતિ કે બ્રાહ્મણ જ નહિ, સ્ત્રી, વૈશ્ય તથા શુદ્ર પણ મારે શરણે આવે તો પાપમુક્ત થઈ સુખી થાય છે એમ ભગવાન કહે છે. પછી શા માટે ગભરાવું ? આટલી પાકી ખાત્રી કોણ આપવાનું હતું ? ને આટલી ખાત્રી આપ્યા છતાંય જે સંસારી પદાર્થો પાછળ જ સારી જિંદગી વળગી રહે ને કૂતરાં બિલાડાં જેમ પેટ ભરે તથા પૈસા ભેગા કરવા જ સારી જિંદગી બરબાદ કરી દે, તેના જેવો મૂર્ખ બીજો કોણ હોય ? જ્યારે ભગવાન કહે છે કે મારા નામનું સ્મરણમાત્ર કરવાથી સૌ કોઈ પાપમુક્ત થાય છે ત્યારે આપણે આપણને શા માટે પાપી માનવા ? આપણે તો ભગવાનનું સ્મરણ જ કર્યા કરવું જોઈએ. બધામાં ભગવાન છે, ભગવાન જ બધાં રૂપ ધરીને આવ્યા છે. કોઈ ઠેકાણે તે વૃક્ષ બન્યા છે તો કોઈ ઠેકાણે ફૂલ. કોઈ ઠેકાણે પંખી બન્યા છે તો કોઈ ઠેકાણે ફળ. સગાંસંબંધી, માતાપિતા, પત્થર, માટી, ધૂળ,

સૌ રૂપે તે જ આવ્યા છે એમ માનવું. આખી સૃષ્ટિ ઈશ્વરમય જ છે એમ અનુભવવું અને આનંદવું. શ્રુતિ ભગવતી પણ કહે છે કે હે મનુષ્ય ! આનન્દોઽસિ. તું આનંદ છે. હે મનુષ્ય ! શુદ્ધોઽસિ. તું શુદ્ધ છે. બુદ્ધોઽસિ. તું મુક્ત છે. આ છતાંય આપણે શા માટે શોક રાખ્યા કરવો, શા માટે આપણે પાપી છીએ એમ માનવું ? સારીયે જિંદગી ને સારોયે વખત આપણે તો ભગવાનમાં જ ગાળવો, ભગવાનની જ વાતોમાં પસાર કરવો, ભગવાનનું સ્મરણ કરવું, જોવું તોય ભગવાનનું જ દર્શન કરવું, ને ચિત્તને એ રીતે ભગવાનમાં જ લીન રાખવું, ને ભગવદાકાર કરી દેવું. આજ ડહાપણ છે. જગતના સર્વ પ્રપંચ ને આ સિવાયના સર્વ વ્યાપાર મૂર્ખાઈ માત્ર છે. એ મનુષ્યો સાવ અજ્ઞાન છે જેઓ રાતદિવસ સંસારી પદાર્થો પાછળ જ વ્યતિત કરે છે ને પરમેશ્વરને યાદ કરતાં નથી.

*

ઋષિકેશ ખૂબ સુંદર સ્થાન છે. અહીંના પત્થર, અહીંની રેતી, ડુંગર, ગંગાજી, સર્વ અનેરું લાગે છે. અહીંની જમીન પર પગ પડે છે ત્યાં જ મને જુદું જુદું લાગે છે. એવી ભૂમિમાં રહેવાનો આનંદ કેટલો હોય ! અહીં તો ભગવાને જ વાસ કર્યો છે એટલે અહીં આવીને ભગવાનની સાધના શું કરવાની ? ભગવાનનાં દર્શન જ અહીં તો સર્વત્ર કરવાનાં. હરિદ્વાર ગયો હતો પણ અહીં આવ્યો ત્યારે સાસરે આવ્યો એવું લાગ્યું, મીરાં જેમ કહે છે કે 'પૂર્વજનમની હું વ્રજ ગોપી' તેમ મારે પણ ઋષીકેશ સાથે પહેલાંનો ગાઢો સંબંધ છે. આ ભૂમિ વધારે સુંદર ને પવિત્ર લાગવાનું એક કારણ તો એ છે કે અહીં ઘણા સંતોએ તપશ્ચર્યા કરેલી છે. તેનાં પરમાણું અહીં પ્રસરેલાં છે. જેનું હૃદય જેટલું તૈયાર હોય તેને તેટલી પ્રસાદી અહીંથી મળી રહે છે.

*

કલા વિષે મારું પહેલાંનું જે દૃષ્ટિબિંદુ હતું, તે જ અત્યારે છે. મારું એવું માનવું છે કે દરેક કલા ઈશ્વર કે મનુષ્યની અંદર રહેલા ચૈતન્ય સાથે સંવાદ સાધવા માગે છે. તે પ્રયત્નનું પરિણામ એ કલાનું રૂપ છે. સંગીત, ચિત્ર, શિલ્પ, સાહિત્ય, નૃત્ય, દરેકનો મુખ્ય ઉદ્દેશ તો આત્માને ભુલી જવાનો, સ્વયં આનંદ ને રસમાં તરબોળ થવાનો છે. એને રસ સમાધિ પણ કહી શકાય અથવા દેહાધ્યાસનું વિસ્મરણ પણ કહેવાય. આ વિચારધારાને લક્ષમાં રાખીને કહેવું પડે છે કે કોઈ પણ કલા આ હેતુને જેટલે અંશે સાધ્ય કરી શકે તેટલે અંશે તેનું ગૌરવ વધારે છે. કલાકાર પોતે તો તે કલાના અનુભવકાળે આત્મતલ્લીન થયો હોય છે પરંતુ તેને અપનાવનાર પણ એ અનુભવ કરે એ શક્ય છે. અલબત્ત, જેમાં અપનાવનારની કક્ષાનો વિચાર તો છે જ પરંતુ એ પણ સાચું છે કે કલાનું બળ વધારે હોય તો સાધારણ મનુષ્ય પર પણ તે અસર કરે ખરી. એટલે હું તો એમ માનું છું કે જે કલા ઈશ્વર સાથે એક થાય, ઈશ્વરમાં જ રમણ કરે તથા આત્મા જ જેની આરાધના બને, તે ઉચ્ચોચ્ચ કલા છે. જે કલા મનુષ્યને એની સાંપ્રત દશામાંથી ઊંચકીને સાત્વિક ને શુદ્ધ આનંદના પ્રદેશમાં મૂકે, શાંતિ ને પ્રેમના પ્રવાહમાં વહેતો કરે, તથા શરીરની સ્મૃતિ પણ ભુલાવે એટલે કે આત્મા સાથે એક કરે, તે કલા ઉત્તમોત્તમ કહેવાય. આને માટે સાહિત્યનું દષ્ટાંત જોઈએ તો વેદ ને ઉપનિષદ તથા ગીતા જુઓ.

એટલે જે કલા આત્મામાં રમણ કરનારી છે, ઈશ્વરને ઓળખાવનારી છે, તથા માણસને દેહાતીત ભૂમિકામાં મૂકનારી છે, તે જ કલાને હું વંદન કરવા યોગ્ય માનું છું. જેટલે અંશે કલાકાર આત્મામાં ઓતપ્રોત

હોય તેટલે અંશે તે આવી કલા આપી શકે. આ જ અર્થમાં કહી શકાય કે જીવન એક કલા છે. જે દેશમાં આવા કલાધરો પાકે તે દેશ નંદનવન જેવો થઈ જાય એમાં શંકા નથી.

ઉપલી વિચારસરણીને જીવનમાં પણ ઘટાવી શકાય. શરીર, મન ને આત્મા એ ત્રિપુટી વિકાસ ક્રમની ત્રણ ભૂમિકાઓ છે. જે મનુષ્ય માત્ર શરીરમાં રમે છે. તેની જ પાછળ સર્વ કાંઈ કરે છે, મરી ફીટે છે, સમય ગાળે છે, તે પ્રાથમિક દશામાં છે. તેનાથી જે આગળની ભૂમિકા પર હોય છે તે શરીરનું ધ્યાન તો રાખે છે પરંતુ મનનો વિકાસ તેનું પ્રધાન લક્ષ્ય હોય છે. સુંદર વિચારો ને ભાવનાઓથી તે માનસિક ખોરાક મેળવે છે. ને શરીરમાં જ નહિ પણ મનમાં ને મન વાટે આનંદ મેળવે છે. આથી પણ આગળની ભૂમિકા છે, તે આત્માની છે. તે ભૂમિકાનો માણસ પોતાના અંતરને પોતાના સુખ ને શાંતિનું મૂળ બનાવે છે, ને તેને દૈવી ગુણો વાટે પુલકિત કરવા પ્રયાસ કરે છે. શરીર ને મન વાટે તેણે જે મેળવ્યું છે તેનો અનુભવ કરે છે. તે ભેદાભેદથી પર થાય છે, ને આત્માનો જ-સર્વમાં રહેલા એકત્વનો-પૂજારી થઈ જાય છે. તેની સર્વ પ્રવૃત્તિઓ આત્મલક્ષી હોય છે ને આત્મામાં જ મળનારી હોય છે. તેની પ્રસન્નતા કોઈ બાહ્ય વસ્તુ કે વાતાવરણ પર આધાર રાખતી નથી. આ ભુમિકા છેવટની છે. જેમ મનુષ્યને માટે તેમજ રાષ્ટ્રને માટે. જે રાષ્ટ્ર માત્ર ભૌતિક પદાર્થોમાં રમે છે તે બાલક છે. જે માત્ર માનસિક અવસ્થા સેવે છે તે મધ્યમ છે ને જે બંને અવસ્થાઓમાંથી ઊઠીને આત્મા પર ધ્યાન ઠરાવે છે તે ઉત્તમ છે. એટલે કોઈ પણ રાષ્ટ્ર કે મનુષ્યની માપણી આ ગજથી થઈ શકે છે.

*

અહીં મને કેટલાક પૂછે છે કે આગળ જતાં કાંઈ પ્રવૃત્તિ સ્વીકારશો ? હું શું કહું ? ઊંડે ઊંડે પણ થોડીક વાસના રહી હશે ત્યાં સુધી ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક અવસ્થા અળગી રહેશે. વાસના ભલે પછી તે શુદ્ધ હોય કે અશુદ્ધ હોય, રાજસી હોય કે સાત્વિક હોય, આખરે તો બંધનકારક છે જ. સાંકળ લોઢાની હોય કે સોનાની તે બાંધી તો શકે જ. એટલે આધ્યાત્મિક ક્ષેત્રમાં સંપૂર્ણતાએ પહોંચતાં પહેલાં તો બધી લૌકિક ને પારલૌકિક વાસનાઓનો ભોગ આપવો પડે છે. સાધનદશામાં સાધકને એવો વિચાર હોય કે સાધન પૂર્ણ કરીને હું લોકોનું ભલું કરીશ, ધર્મ ફેલાવીશ, તો તે વાસના છે તો સાત્વિક છતાં તેની પૂર્ણતાની આડે તે આવશે. ને પહેલાં તેણે તે પૂરી કરવા ભટકવું પડશે. અલબત્ત, આ એક પતન જ છે. જો એવી વાસના હશે કે સાધના પછી સેવા કરીશ તો પણ એ જ દશા થશે. એટલે કે પૂર્ણતા પ્રાપ્ત થતાં પહેલાં એ વાસના તમને સેવાના ક્ષેત્રમાં ખેંચી લાવશે ને તેનો ભોગ પૂરો કરાવશે. એટલા માટે વાસનાથી પર પહોંચવું ઉપયુક્ત છે. 'પૂર્ણતા માટે જ પૂર્ણતા' એ સાધકનો વિચાર હોય. 'ઈશ્વર માટે રહી શકાતું જ નથી. ઈશ્વર માટે તરફડવું એ સ્વભાવ જ છે. માટે ઈશ્વર માટે જ ઈશ્વર' એમ હોવું જોઈએ. બીજી ભાષામાં કહીએ તો આધ્યાત્મિક સાધનમાં સૌથી આવશ્યક વસ્તુ સર્વસમર્પણની છે. ઈશ્વરને માટે સર્વનું સમર્પણ કરવું, નિરાશી થઈ જવું ને ઈશ્વરને માટે જ ઈશ્વરની ઝંખના કરવી કે આત્માને માટે જ આત્માનું સાધન કરવું એ આવશ્યક છે. પ્રીતમ કવિએ આ ભાવને બહુ સુંદર રીતે ગાયો છે. આ રહ્યા એ શબ્દો-

સુત વીત દારા શીશ સમરપે તે પામે રસ પીવા જોને,
સિંધુ મધ્યે મોતી લેવા માંહિ પડે મરજીવા જોને.

અહીં 'સુત વીત દારા શીશ સમરપે' એનાથી સર્વ વાસના ને આસક્તિનું સમર્પણ એમ જ સમજવાનું છે.

*

આધ્યાત્મિક વિકાસ એ જ સર્વકાંઇ છે. તેની ઈચ્છા રાખનારે અમુક બાબતો સારી પેઠે સમજી લેવાની જરૂર છે. પહેલાં તો તેણે નક્કી કરી લેવું જોઈએ કે ઈશ્વરની પ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય છે ને તે મેળવવામાં જ પુરુષાર્થ, માનવતા, સર્વકાંઇ છે. વસ્તુતઃ દરેક મુક્ત છે એટલે શોક, મોહ, લોભ, વાસનાઓ, વગેરેથી સાચેસાચ મુક્ત થઈ જવું એ દરેકનું લક્ષ હોવું જોઈએ. આપણા સર્વ પ્રયત્નો એ મહાન ને ઉદાત્ત ધ્યેયની દિશામાં જ થવા જોઈએ. જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ આપણે પ્રેમને અનુભવવામાં, શાંતિને ભોગવવામાં અને આનંદમાં એક થવામાં કરવો જોઈએ. જેટલા પ્રમાણમાં આપણે પોતે પ્રેમ, શાંતિ ને આનંદ અનુભવતા જઈશું તેટલા જ પ્રમાણમાં આપણે પરમાત્માની પાસે ને પાસે પહોંચતા જઈશું એ નક્કી.

માણસ આટલું જ સમજી જાય તો ? પરંતુ અત્યારનો માણસ વાસનાનો એવો તો દાસ થયેલો છે કે તે આનંદને ભોગવી શકતો જ નથી. તેને માટે પ્રેમ એ આકાશપુષ્પ જેવી વસ્તુ થઈ પડી છે, કેમકે તેનું જીવન ઝેર જેવા દ્વેષથી ભરેલું છે. તેને માટે સુખ ને શાંતિ બધું જ દુર્લભ થઈ ગયું છે કેમકે તેને સુખ ને શાંતિની સાચી દિશાની ખબર નથી. માણસ આજે પોતાનો જ ગુલામ થઈ ગયો છે. સ્વાદનો ગુલામ, વિષયનો ગુલામ, રાગદ્વેષનો ગુલામ - આ ગુલામી કાંઈ નાનીસૂની નથી. પણ જેણે ખરેખર કૃતકૃત્ય ને જીવનમરણના ચક્રાવામાંથી મુક્ત થવું છે તેણે તો તે ગુલામીની બેડીમાંથી છૂટ્યે જ છૂટકો. માટે જ પહેલાં તો મુક્તિને માટે દૃઢ નિશ્ચય કરી લેવાની જરૂર છે.

યાદ રાખો કે મનુષ્યશરીર કાંઈ જેને તેને મળતું નથી. એ એક દુર્લભ વસ્તુ છે. તે કલ્પવૃક્ષ સમાન છે. તેમાંથી તમે ઈચ્છાનુસાર ફળ મેળવી શકશો. તમારી ઈચ્છા હોય તો સંસારના બે ઘડી આનંદ આપનારા વિષયી પદાર્થો પાછળ તેનો નાશ કરી શકો છો. નહિ તો મુક્તિની દિશામાં તેનો ઉપયોગ કરી તેને તમારા પ્રભુનું પવિત્ર મંદિર પણ બનાવી શકો છો. દિવસો ચાલ્યા જાય છે તેમ જીવન પણ ટૂંકું થતું જાય છે. એટલે જો ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો અત્યારથી જ પ્રયત્ન કરવાની જરૂર છે. દુનિયામાં અનેક પુરુષો થયા છે પણ આપણે તો થોડાક મહાન પુરુષો કે જેણે પ્રભુની પ્રસાદી ચાખી છે તેમને જ જાણીએ છીએ. હજારો જન્મ્યા ને કાળના પ્રવાહમાં અદૃશ્ય થયા. આપણે પણ જો અસાવધ રહીશું તો તે જ દશા પામવાના. માટે દૃઢ પુરુષાર્થ કરવો જોઈએ ને મહાન સંત પુરુષોના ગુણો આપણામાં ઉતારી પ્રેમ, શાંતિ ને આનંદની મૂર્તિ બની જવું જોઈએ. ત્યારે જ આપણું જીવન કૃતકૃત્ય થશે.

ઈશ્વરના પ્રેમમાં મસ્ત રહેવામાં જેટલો આનંદ છે તેટલો સંસારભરમાં ક્યાંય નથી. આત્માના આનંદમાં મસ્ત રહેવામાં જેટલી મજા છે તેટલી સૃષ્ટિ સારીના કોઈ પણ પદાર્થમાં નથી. અરે, ઈશ્વરની પાછળ આંસુ સારવામાં જે રંગ છે તેનું બિંદુ પણ સ્વર્ગના ભોગસુખમાં નથી. માટે એ પ્યારા પ્રિયતમમાં જ રહેવું જોઈએ. એનું જ સ્મરણ કરવું જોઈએ ને એના જ ધ્યાનમાં મસ્ત રહેવું જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૨ : મનુષ્યજીવનની સાર્થકતા

ઋષિકેશ,

તા. ૨૯ જુન, ૧૯૪૩

પરમ પ્રિય ભાઈ,

પ્રણામ. પત્ર મળ્યો. આનંદ થયો. અહીં શાંતિ છે. આનંદ છે. બી. એ. માં સફળતા મળી તે માટે અભિનંદન. સુનીતિ ગર્લ્સ સ્કૂલમાં શિક્ષકનું કામ સ્વીકાર્યું તે પણ સારું થયું. શિક્ષણ વાટે આપણે ઠીકઠીક કામ કરી શકીએ. જો કે અત્યારે તો શાળામાં નિયત પુસ્તકો ને નિયત સમય હોવાથી શિક્ષકોને પુસ્તકો વાંચ્યા વિના વધારે કાંઈ ભાગ્યે જ કરવાનું હોય છે, પરંતુ જો ધગશ હોય તો તેટલામાંથી પણ અવકાશ મેળવીને સારો શિક્ષક બહારનું ઘણું ઘણું અંદરના ટેકારૂપે વર્ગ સમક્ષ મૂકી શકે છે. સારો શિક્ષક હંમેશાં એક લીટી વાંચે છે તો પાંચ લીટી બહારથી શીખવે છે. આમ શિક્ષણ એક રસિક વસ્તુ બની જાય છે. તારે ત્યાં આવી શક્યતા ન જ હોય ને એવું શિક્ષણ લેવાની વૃત્તિ પણ બેનોમાં ભાગ્યે જ કેળવાઈ હોય. છતાં પણ બીજો કોઈ પણ માર્ગ લેત તેના કરતાં આ માર્ગ સારો છે ને તે લીધા બદલ તને શાબાશી આપું છું. સાથે સાથે એમ. એ. નો અભ્યાસ પણ જરૂર ચાલતો રહે એમ ઈચ્છું છું અને એ રીતે આવતીકાલના ભાવિ જીવનમાં તારી કારકીર્દિ ઉજ્જવલ ને યશસ્વી થાય એમ ઈચ્છું છું.

આપણી સાથેના પંડ્યા, મોદી સફળ થયા પણ તેઓ તો મને ક્યાંથી જાણતા હોય ! આપણે હતા તો એક વર્ગના કે ગુરુના વિદ્યાર્થી પણ પેલા કૃષ્ણની જેમ તમે બધા જાણે વિદ્યા ને ઉપાધિના ઉચ્ચ આસને બેસી ગયા ને હું તો 'મારે તુંબડી ને લાકડી' એવા સુદામા જેવો જુદે જ રસ્તે પડી ગયો. ભાવિને કોણ મિથ્યા કરી શકે છે ? બધું મંગલમય જ થાય છે એની પણ કોણ ના કહે છે ?

મારા આવવા વિષે પૂછ્યું છે પણ તે વિષે નિશ્ચિત લખી શકતો નથી. આસો મહિનાની શરૂઆતમાં અહીંથી રવાના થવા વિચાર રાખું છું. પણ ઈશ્વરની લીલાને કોણ જાણે ? તેટલા વખતમાં શું થશે તે કશું જ કહી શકાય નહિ. આટલું શાંત વાતાવરણ ને કાંઈક આજની સલામતી તે દરમ્યાન તે બાજુ હશે કે કેમ એ ઉપર ઘણો આધાર રહે છે. પ્રભુ જે કરશે તે સારું જ કરશે.

*

મારા વ્રતને ઓછું જ ભારે વ્રત કહેવાશે ? જ્યાં આગળ માણસ પણ ન હોય, ફળ કે ફૂલ પણ ન હોય, ત્યાં આગળ ફક્ત ઈશ્વરને માટે ને ઈશ્વરની શ્રદ્ધાએ જ જીવવું એ ઉચ્ચોચ્ચ તપ ને વ્રત છે. હું તો અહીં માણસોની વચ્ચે રહ્યો. પરંતુ એ ખરું કે અહીં મને ઓળખનાર ઓછાં છે, ને કોણ જાણે કેમ, મને કોઈ જાણે કે ઓળખે એ મને રુચતું પણ નથી. છતાં ઈશ્વરની દયા અજબ છે. જ્યારથી આ વ્રતનો આશ્રય લઈ રહ્યો છું ત્યારથી અત્યાર સુધીમાં લગભગ હરરોજ એવા અદભુત પ્રસંગ બન્યા છે જેથી એ કૃપાળુ પરમેશ્વરનો પ્રેમ જણાઈ આવ્યો છે. ખરેખર, જો તેની આગળ આપણે બાળક બની જઈએ તો તે આપણને જાળવી જાળવીને એક માતાની જેમ રાખે છે - એટલે કે સમય પર ખવડાવે છે, પિવડાવે છે, પહેરાવે છે, ને તેનો પ્રેમ પાયા કરે છે.

*

તું એક યોગભ્રષ્ટ પુરુષ છે એમ મને સતત લાગ્યા કર્યું છે. અને એથી કરીને ઈશ્વરની તારા પર વિશેષ દયા છે. તું જોઈશ તો આખાયે જીવનના આર્થિક સંકડામણ તેમજ બીજી મુશ્કેલીના પ્રસંગમાંથી અજબ રીતે સાચવીને ઈશ્વરે તને આ સ્થિતિએ આણ્યો છે. ઈશ્વરની એ દયાનો ખ્યાલ કરવો જરૂરી છે. ઈન્દ્રિયોનો સંયમ એ કપરી વસ્તુ છે પરંતુ પ્રયત્નસાધ્ય છે ને ઈન્દ્રિયલુબ્ધ કદી ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત કરી શકતો નથી. વળી ઈશ્વરની સતત પ્રાર્થના કરવાથી સંયમ સુસાધ્ય બને છે. રાતે સૂતી વખતે પ્રાર્થના કરવાથી તેમજ પરમહંસદેવ, રામતીર્થ, ગાંધીજી જેવાનાં જીવન યાદ કરવાથી ખૂબ લાભ થાય છે. તેમણે કેવી સ્થિતિ પ્રાપ્ત કરી હતી ! પરમહંસદેવ તો શારદાદેવીમાં 'મા' જોતા. આપણે પણ પ્રયત્નથી એ અનુભવે પહોંચી શકીએ. પ્રયત્ન કોડીનો જ થાય તો પ્રભુ તેને લાખનો કરી દે છે. માટે પ્રભુની દયાની ભીખ માગવી જરૂરી છે. આખાય જગતમાં કામવાસનાથી મુક્ત (પૂર્ણ) કોઈક જ મળે. અને તમે તો સાપના દરમાં રહો છો. પરંતુ તેથી તો તમારું જોખમ વધે છે. દરેક પરીણિત જીવન જીવનારે યાદ રાખવું ઘટે કે સ્ત્રીના શરીર પર તેની પૂર્ણ માલિકી નથી. અને જેમ પોતાનું તેમ સ્ત્રીનું શરીર પણ ઈશ્વરનું મંદિર છે એટલે તેને વારંવાર અશુદ્ધ કરે તે એક જાતનું પાપ કરે છે ને પોતાની તેમજ બીજાની હત્યા કરે છે એ સમજવું જોઈએ. ઈશ્વરની ભક્તિ જેટલી વધે છે તેટલી જ વાસના ઘટે છે. ઉપરાંત, શુક્ર પણ બહુ પવિત્ર વસ્તુ છે. તેની શક્તિ અપરિમિત છે. જે તેનો યથેચ્છ ઉપયોગ કરે છે તે જરૂર અશક્ત બની જાય છે.

*

વ્રત વિષે લાંબુ લખવાની જરૂર જોતો નથી. એટલું લખું છું કે સ્ત્રીને માટે તેમજ બાળાઓને માટે આ સમયમાં પહેલું તો સ્વશરીરની રક્ષા ને તેનું આરોગ્ય, પછી સ્વાદિષ્ટ ખાનપાન ને શોખીલા પહેરવેશનો ત્યાગ, ત્રીજું કુટુંબીજનોની સેવા તથા બનતી ઈશ્વરભક્તિ એ જ ઉત્કૃષ્ટ વ્રત છે. અલબત્ત, તેની ખોટી વિષય લાલસાને તૃપ્ત કરવામાં તેની પૂજા નથી રહી પરંતુ તેની યથાયોગ્ય સેવા કરવામાં ને તેને તે લાલસામાંથી ઉપરામ કરવામાં જ રહેલી છે.

આ ઉપરાંત એકાદશી જેવા વ્રતની જરૂર છે. તેમજ આ ઉપર્યુક્ત હેતુઓને લક્ષમાં લઈને જ વટસાવિત્રી જેવાં ઈતર વ્રતો કરવાં ઉચિત છે. તેનાથી ઈન્દ્રિયદમન થાય છે પરંતુ તેના હેતુને લક્ષમાં લેવાથી જ તે લાભ મળે છે એ ધ્યાનમાં રાખવું ઘટે છે.

સેવા જેવું ઉત્તમ વ્રત બીજું એકે નથી. પણ તે નિ:સ્વાર્થ ભાવે ને સહજ રીતે થવી જોઈએ. તેનાથી પોતાને તેમજ બીજાને અનેક લાભ થાય છે. બીજાને માટે પોતાને કષ્ટ પડે, ત્રાસ થાય, વિપત્તિ આવે, માન-અપમાન સહેવાં પડે, તો પણ તેને ગણકાર્યા વિના બીજાને ઉપયોગી થવામાં આનંદ માનવો એ સેવાની ઉચ્ચ અવસ્થા છે. એટલે સેવા, એ ઉચ્ચ વ્રત છે.

*

સ્વામી શિવાનંદ સાથે કાંઈ વાત થતી નથી ને હું ભાગ્યે જ ત્યાં જાઉં છું. ઉનાળામાં અહીં કલ્યાણવાળા જયદયાલજી ગોયન્કા આવ્યા હતા. તેમની વૃત્તિ એક સંતની હતી. ભક્તિ પર તેમનું વિશેષ લક્ષ છે. તે દરમ્યાન અહીં ઘણા સારા સંતો આવ્યા હતા. જયદયાલજી પોતે જ્યારે ગંગાના અંધારા શાંત પટ

પર મંજીરાં લઈને ધૂન સાથે ગોળગોળ ફરતા ત્યારે તેમના મુખ પર અજબ ભાવો મૂર્ત થતા ને તે સમયે નરસિંહ ભગતની યાદ આવતી.

બીજી એક પવિત્ર મૂર્તિ ને સાધ્વી તે આનંદમયી માતા. હું થોડા દિવસ પર દેહરાદુન ગયેલો. ત્યાં તેમનાં દર્શન થયાં. બહુ પવિત્ર મૂર્તિ. સદા આનંદમાં રહે. પરીણિત જીવનમાં પણ પવિત્રતાથી જીવતાં. એક બાલિકા જેવી સરલ સ્નેહાળ વૃત્તિનાં છે.

*

દુનિયામાં અનેક સંતપુરુષો છે. કો'કને આપણે જાણીએ છીએ, કો'કને નથી જાણતા. પણ તેથી આપણને શું ? આપણે જો તેમને જાણ્યા છતાંય આપણી વૃત્તિઓને ઈશ્વરાભિમુખ ના કરી શકીએ તો એના જેવું આશ્ચર્યજનક બીજું કાંઈ જ નથી. દિવસો ચાલ્યા જાય છે, જીવન ટૂંકું છે. એટલે સમજુ પુરુષે બનતી વહેલી તકે ને વધારે વાર ઈશ્વરાભિમુખ થતા રહેવાનું છે, ને પવિત્રતા, શાંતિ તથા સેવા ને સત્યના રસ્તે વળીને કલ્યાણને અનુભવવાનું છે. એમાં જ મનુષ્યજીવનની સાર્થકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૩ : સચ્ચિદાનંદની ઝાંખી

ઋષિકેશ,
તા. ૨૪ જુલાઈ, ૧૯૪૩

પ્રિય નારાયણ,

પ્રણામ. લગભગ ત્રણ દિવસ પહેલાં તારો પત્ર મળ્યો. ઉત્તર લખવાની ઈચ્છા તરત થઈ પરંતુ અવકાશ ઓછો મળ્યો ને આજે જ લખી શકું છું. તારા પત્રો વાંચી આનંદ થાય છે કેમકે એમાં તારા હૃદયનું દિગ્દર્શન તો થાય જ છે પરંતુ સાથે સાથે ભાવિનો નારાયણ પણ ઝાંખો ઝાંખો જોઈ શકાય છે.

અહીં મને આનંદ છે. અત્યારે મારી સ્થિતિ અજબ છે. મુંબઈની મારી કરૂણ દશા તું જાણે છે. તે પછી બે વરસ પહેલાં અહીં આવ્યો એ અવસ્થા પણ તને યાદ હશે. તે અવસ્થા અને આ અવસ્થામાં ફેર એટલો છે કે તે વખતની શક્તિ ધોધ જેવી વધારે હતી; તેનો પ્રવાહ પ્રચંડ વેગવાળો હતો. એ એક ઉભરા જેવી શક્તિ હતી એમ કહી શકાશે. અત્યારે તે ઠરી ગઈ છે. ધીમી થઈ છે ને ઊંડી ઊતરી છે.

પણ આનાથી તને શો લાભ ? એ તો મારું ને ભગવાનનું -'મા'નું કામ રહ્યું. એ તો 'મા'નો ને મારો સંબંધ રહ્યો. હું તો જેમ પહેલાં તેમ આજે પણ 'મા'નાં શ્રીચરણોનું ને તેના મનોહર મુખારવિંદનું દર્શન કરવામાં ને ત્યાં જ નયનને ઠારી દેવામાં-એક કરવામાં આનંદ માનું છું. જગતમાં એનું જ સૌન્દર્ય છે, એ જ છે, એ કહેવાની શી જરૂર હોય ?

ખરેખર, જગત આખું એક અમૃતનો બગીચો છે. માણસો તેમાં આવે છે પણ તેમને અમૃત નથી મળતું. તેનું કારણ ? રામકૃષ્ણદેવે પોતાના ઉપદેશમાં તેનું એક કારણ અદભુત રીતે બતાવ્યું છે. તેઓ કહે છે કે કેટલાક માણસો એક બગીચામાં ગયા. ત્યાં કેરીનાં ઝાડ હતાં. કેટલાક તો તે ઝાડોની શોભા જોઈ મુગ્ધ થયા ને ડાળી, પાંદડાં તથા ફળો કેટલાં છે તે સંખ્યા નક્કી કરવા લાગ્યા. જ્યારે કેટલાક પ્રેમી પુરુષો તે બગીચાના માલિક પાસે ગયા, તેની પ્રિયતા પ્રાપ્ત કરી લીધી. તેની સંમતિ મેળવી ને પછી સુંદર સુંદર કેરી ખાવા લાગ્યા. તેમને તૃપ્તિ ને સ્વાદનું સુખ બેઉ મળ્યાં. આ ઉપદેશમાં કેટલું બધું રહસ્ય છે ! એ જ લોકોની પેઠે કેટલાય પુરુષો આ જગતના બગીચામાં આવે છે ને ખરી વસ્તુને બાજુએ મૂકી દઈ તેના બહારના આકાર પર જ ચિત્તને કેન્દ્રિત કરી દે છે. બીજા અર્થમાં લઈએ તો ડાહ્યા પુરુષો તો આ જગતમાં આવીને તેના સ્વામી જેવા ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરી લે છે ને પછી તેના જગતવનનો ભોગ યથેચ્છ રીતે કરે છે.

અને જગત દુઃખકારી ક્યાં સુધી રહે છે ? જ્યાં સુધી સત્ય વસ્તુને પકડી નથી ત્યાં સુધી જ. મૂળને પકડો એટલે ડાળીપાંદડાં આપોઆપ આવી જાય. ઈશ્વર એ જગતનું મૂળ છે. સનાતન સત્ય પણ તે જ છે. વળી જગતની વસ્તુઓમાં પ્રેમ, સત્ય, આનંદ, દયા તથા સુંદરતારૂપે જે અનુભવાય છે તે પણ તેનો જ અંશ અથવા તે પોતે જ છે. આ સમજાઈ જાય તો જગત આપણે માટે સ્વર્ગ થાય. આપણું જીવન પરમેશ્વરના સાગર પ્રત્યે વહેતું ઝરણું થાય. એટલે સુંદર ઉપાય એ છે કે જ્યાં પણ સુંદરતા દેખાય, પ્રેમ જણાય, સત્ય કે આનંદની ઝાંખી થાય, ત્યાં ત્યાં ઈશ્વર પોતે એ રૂપે પ્રકટિત થાય છે એવું ભાન લાવી નમસ્કાર કરાય, તેની સાથે તન્મય થવા પ્રયાસ થાય. આ દૃષ્ટિ કેળવીએ તો જે સ્ત્રી આપણને ભોગનું આગાર લાગે છે તે જ સ્ત્રી

આપણે માટે સાક્ષાત્ જગદંબા બની જાય. જે સ્નેહીઓ આપણને તુચ્છ અને તિરસ્કારણીય લાગે છે તે આપણે માટે પ્રભુનાં પવિત્ર રૂપો થઈ જાય કેમ કે ઈશ્વર જ તેમનામાંથી સ્નેહનું રૂપ લઈને વહી રહ્યો છે. વિચાર કરીએ તો જગત આખુંયે એ સચ્ચિદાનંદ સ્વરૂપનો આવિર્ભાવ હોઈ ને એ મય છે. ને જેમ હૃદય સચ્ચિદાનંદમય થતું જાય તેમ જગત વચ્ચેનું તાદાત્મ્ય પણ સ્પષ્ટ થતું જાય છે. ને પછી જ સર્વં ખલુ ઇદમ્ બ્રહ્મ (આ બધું સચ્ચિદાનંદ તત્વ જ છે) એ ભાવના સ્વભાવ જેવી થઈ જાય છે. જ્યારે આપણે એક સુંદર ફૂલને જોઈએ છીએ ત્યારે શું થાય છે ? તેના પ્રત્યે આકર્ષણ થાય છે અથવા તો તેને સૂંઘવાની ઈચ્છા થાય છે. આના મૂળમાં શું છે ? બીજું કાંઈ નહિ પણ એ જ છે કે સૌન્દર્ય રૂપે તે ફૂલમાં જે આત્માનો અંશ રહેલો છે તે આપણા આત્માને આકર્ષે છે. તેમની પ્રીત તાજી થાય છે. તેવી જ રીતે કોઈ સુંદર સ્નેહી કે વ્યક્તિને જોતાં પ્રેમની કે આકર્ષણની લાગણી થાય છે. આ પણ શું છે ? એ જ કે તેનામાં રહેલો આત્મા આપણા આત્મા સાથે પરિચય કરે છે, એક થવા પ્રયત્ન કરે છે. પરંતુ આપણો અનુભવ આ વસ્તુને, આ રહસ્યને પારખવા જેટલો વિકસિત નથી હોતો અને આપણે પોતે વાસના ને દુષ્ટ વૃત્તિઓથી છલાછલ ભરેલા હોઈએ છીએ. તેથી જ આપણે તે દિવ્ય પ્રેમ અને આકર્ષણની ભાવનાને કામ ને સ્વાર્થ તથા ભોગની નીચી ભૂમિકા પર ઉતારી પાડીએ છીએ. આમ જે વસ્તુ આપણે માટે સાક્ષાત્કારની જનેતા બનત, અસીમ આનંદ ને દેહાધ્યાસની વિસ્મૃતિનું કારણ બનત, તે આપણા વિલાસનું સાધન થઈ પડે છે ! એટલે જગતની પ્રત્યેક વસ્તુમાં સુંદરતા, પ્રેમ, આનંદ વગેરેરૂપે ઈશ્વરને જ જોવો ને તે તો તેનો અંશ છે માટે તે પરથી તે વિરાટ સચ્ચિદાનંદની ઝાંખી કરવી એ પ્રભુતા તથા દિવ્યતાથી ભરેલા જીવનનો મંત્ર છે. એ જ પ્રભુમય જીવન છે.

આ તો બધી બહુ જુદી વાત થઈ ગઈ. પણ તું લખે છે કે તારી બેનો બહુ પ્રેમાળ તથા સંસ્કારી છે તો તેમને મારા નમસ્કાર ને વંદન છે. અલબત્ત, તે અપ્રકટ જ રાખજે. તેમની સાથે હળીમળી જવું ને તેમના ભાઈ જેમ થવું એ આપણો શિક્ષક તરીકેનો સ્વભાવ હોવો જોઈએ. તો જ તેમના જીવન સમજી ને સુધારી શકાય.

યોગાશ્રમમાં જવાનો વિચાર સારો છે. શીર્ષાસન, સર્વાંગાસન, વગેરે તો કરતો જ હોઈશ. ગીતાનું વાંચન મનન સાથે નિયમિત રાખવું ઉચિત છે. રામકૃષ્ણનું જીવન વાંચવું શરૂ કર્યું છે તે ખૂબ સારું કર્યું છે. પછી બને તો રામતીર્થનું જીવન વાંચજે. રામકૃષ્ણમાં શારદામાતા પ્રત્યે કેવી ભાવના હતી ! કાલીમા પ્રત્યે તેમની કેવી ભક્તિ ને નિષ્ઠા હતી ! તેવું જ જીવન કેળવવા આપણે પ્રયાસ કરવાનો છે. પ્રયત્ન કરનાર પર ઈશ્વર જરૂર દયા કરે છે.

નવીન અનુભવ લખતા રહેવું. શરીર સારું છે તથા આનંદ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૪ : ઈશ્વરનો પ્રેમ

ઋષિકેશ,
તા. ૧૩ ઓગસ્ટ, ૧૯૪૩.

પ્રિય ભાઈ,

ગઈ કાલે તારો પત્ર મળ્યો. વાંચીને ઘણો જ આનંદ થયો. આર્થિક સ્થિતિ સારી છે તેય જાણ્યું. ઉપરાંત ગૃહસ્થજીવનને બનતું ઉચ્ચ કરવાનો પ્રયત્ન પણ સમજી શક્યો. એ બધું 'મા'ની કૃપાનું જ ફળ છે. પ્રયત્ન ચાલુ રાખવો. અંતે સફળતા જરૂર મળશે. ગીતા પણ કહે છે કર્મણ્યયેવાધિકારસ્તે. (તારો પ્રયત્ન કરવામાં અથવા પુરુષાર્થમાં જ અધિકાર છે.) ફળ આપવાનું ઈશ્વરના હાથમાં છે. અને જે ઈશ્વર પરની દયાને લીધે પુરુષાર્થ કરે છે ને તેની વિશેષ દયા માટે પ્રાર્થના પણ કરતા રહે છે તેમને ઈશ્વર વિશેષ બળ આપે છે. જે ઈશ્વરની કૃપા યાચે છે તેને તે પ્રાપ્ત પણ થાય છે. માત્ર એક બાળક પોતાની સ્વાભાવિક સરલ અવસ્થામાં ‘મા મા’ એવો આર્ત પોકાર પાડે છે તેવો જ આર્ત પોકાર આપણી દુન્યવી પ્રતિષ્ઠા, દુન્યવી વાસના ને અભિમાનને બાજુએ મૂકીને આપણે પાડવો જોઈએ. એટલે જ ઈશુ કહે છે - 'નોક ધ ડોર એન્ડ ઈટ શેલ બી ઓપન્ડ'.

મારામાં આશિર્વાદ આપવાનું બળ શું હોય ? ઈશ્વરના આશિર્વાદ એ જ સાચા છે. ને તે તમારા પર ઊતર્યા છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. કેમકે ઈશ્વરની દયા જેના પર હોય તેને જ ઉચ્ચ જીવન જીવવાની પ્રેરણા થાય. નિષ્ફળતા મળે તે છતાંય પ્રયત્ન ચાલુ રાખવો ને ઈશ્વરની શ્રદ્ધા કાયમ રાખીને દુષ્ટ વૃત્તિઓ સામે લડ્યા કરવું એ ઈશ્વરની કૃપા વિના ન જ થાય. એવા આત્માઓને આશિર્વાદ આપવા જેવી મોટાઈ મારામાં ના જ હોય. તેમનાં તો ચરણ ચૂમવાનું મને મન થાય. કેમકે એવા આત્માઓને ધન્ય છે. છતાં પણ સરસ્વતી ખૂબ પ્રેમાળ છે. સંસ્કારી છે. હું જાણું છું કે તેના સહયોગથી તારું બળ વધશે, તારી શક્તિ તેની પ્રેરણાથી વધારે પરિપક્વ થશે. ઈશ્વરના આશિર્વાદ તેને મળી જ ચૂકયા છે છતાં તે માગે જ છે તો મારા તેને જરૂર આશિર્વાદ છે. એક સ્નેહી તરીકે તમારા બેઉ પ્રત્યે હું મારી શુભેચ્છા વ્યક્ત કરું છું. પ્રયત્ન ચાલુ રાખવો. પ્રયત્ન કરવાથી જ હરકોઈ સફળ થઈ શકે છે. પ્રયત્નથી સાંપડેલી નિષ્ફળતા નિષ્ફળતા નહિ પણ સફળતાની કેડી છે.

*

આજે આ શરીરનો જન્મદિવસ છે. અલબત્ત, તેનો બહુ આનંદ તો નથી જ કેમકે તેને માટે તો અહર્નિશ આનંદ છે. છતાં તેના વિષે થોડુંક લખી લઉં. પ્રથમ તો એ કે આ શરીર ઈશ્વરનું મંદિર છે. તે એક ફૂલ જેવું ફોરમવંતુ બનીને ઈશ્વરને ચરણે પડી રહે એમાં જ એની ધન્યતા છે. જેમ ફૂલમાં મઘમઘાટ હોય છે તેમ આ શરીરમાં પણ પ્રેમ, આનંદ, દયા વગેરે દૈવી ગુણોનો મઘમઘાટ હોય, એમાં જ એની કૃતકૃત્યતા છે. જેમ વિષયી પુરુષના અંગેઅંગમાંથી વાસનાની જ્વાળા ફૂટી નીકળે છે તેમ એમાંથી પણ ઈશ્વરનો પ્રેમ ફૂટી નીકળે એ જ એની ધન્યતા હોય. રામકૃષ્ણદેવની દશા કેવી હતી ! તોતાપુરીએ તેમને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરાવી આપેલી તેમજ તે જ્ઞાનીના પણ જ્ઞાની હતા પરંતુ તે તો જીવનભર 'મા' કાલીના બાળક જ

રહ્યા. તેવા રહેવામાં જ તેમને ગૌરવ જણાયું. તેમાં જ તેમનો આનંદ હતો. એ રામકૃષ્ણદેવ, વિવેકાનંદ, રામતીર્થ, બુદ્ધ ભગવાન બધાયે ચિત્રરૂપમાં 'મા'ની આજુબાજુ મારા ઓરડામાં બેઠા છે. લગભગ હરરોજ રામકૃષ્ણદેવ એકીટસે મારા તરફ જોઈ રહે છે. ખરેખર, રામકૃષ્ણદેવ જ મારા શરૂઆતના જીવનના મુખ્ય પ્રેરણારૂપ હતા અને આજેયે હું તેમના પર જ વિશેષ પ્રેમ કે આકર્ષણ ધરાવું છું. તે જેમ 'મા' માં મસ્ત હતા, 'મા'ને માટે જ ને 'મા'ના આદેશ અનુસાર જીવતા હતા, મારું જીવન પણ તેવું થઈ રહે એ મારી ઈચ્છા છે.

યોગ વિષે તું વાંરવાર પૂછે છે પરંતુ હું લખતો નથી તેનું કારણ તને આમાંથી પણ જડશે.

આ વરસની નવીનતામાં પ્રાણાયામ, મુદ્રા, અનુભવની સ્થિરતા ને સતતતા વગેરે છે જ, પરંતુ હજી તે વધારે થશે કેમકે એ તો માત્ર બાળપોથી રૂપ જ છે. યોગની ચરમસીમા (પાતંજલોક્ત) હજી દૂર જ છે. સમય જતાં 'મા' તે મેળવી આપશે. મારે તો તેની આંગળી ઝાલીને પગલાં ભરવાનાં એટલું જ. એટલું નક્કી છે કે જેમને પણ પૂર્ણતા પ્રાપ્ત થઈ છે અથવા તો જે જે મહાયોગી થયા છે તેમનામાં લગની પણ તેટલી જ જાગેલી હતી. જેમ એક કામી પુરુષ પોતાની પ્રેયસીને માટે કામાતુર થઈ જાય છે અને તેને માટે જ જીવે છે, પૂર્ણતાને પંથે ધપનારનું જીવન પણ તેવું જ પૂર્ણતામય હોય છે. અરવિંદની વર્ષોની સાધના ને તેનું (હજીય) સાતત્ય, રામકૃષ્ણદેવની એકાંતિક ભક્તિ, દયાનંદના પ્રચંડ પુરુષાર્થની પાછળ છુપાયેલી હિમાલયની સાધના, આ બધુંય એકાંત ને તલ્લીનતાની વધારે જરૂર માગી લે છે. મારો ઝોક એ તરફ જ રહ્યો છે. ને તેથી જ આવતીકાલ વિષે કશું નિર્ણાયાત્મક કહી શકતો નથી. અલબત્ત સાત્વિક આધ્યાત્મિક પ્રવૃત્તિ કરતાં પણ મને તદ્દન એકાંતિક વાસ જ વધારે પસંદ છે. ને તેને માટે આજે તો 'મા'ની પાસે મારી એ જ પ્રાર્થના છે કે હું તેને જોઈ જ રહું ને તે મને જોઈ રહે. એવી ધન્યતાનો અવસર તે દે. જો કે શાંતિ, સંતોષ ને ધન્યતા માટે બીજું કશું કરવાની જરૂર જોતો નથી. કેમકે હૃદયની રહીસહી શુદ્ધિની વાટે પ્રકટેલો જ્ઞાનનો અનુભવ (સર્વત્ર અનુભવવાનું ચૈતન્ય) એ જ કૃતકૃત્યતા માટે બસ છે. અને જે આત્મા છે તે જ મારે મન 'મા' છે. છતાં કોણ જાણે કેમ 'મા'ની આગળ એક બાળક બનીને રહેવાનું મને વધારે પસંદ છે ને પૂર્ણ યોગી થાઉં તોય હું તો એવો જ 'મા' 'મા' કરતો સરલ શિશુ રહેવા માગું છું.

*

અહીં આનંદ છે. આધ્યાત્મિક વિકાસ વિના આનંદનો સંભવ નથી. આનંદ અંદર જ છે ને તે અંદર ડોકિયું કરવાથી પ્રાપ્ત થાય છે. એ આનંદ મળે એટલે બધા સંશયો છેદાઈ જાય છે ને મનુષ્ય પોતાના મહિમામાં શોભતો, ઉપનિષદ કહે છે તેમ 'સ્વે મહિમ્ને પ્રતિષ્ઠિત' સ્થિર થઈ રહે છે. આ ઋષિકેશની ભૂમિ જ અનેરી છે ને મારો તેના પ્રત્યેનો સંબધ તો મેં આ પહેલાં અનેક વાર આલેખ્યો છે. એના પર પગલી મૂકતાંની સાથે જ 'મુક્ત છું' એવી ભાવના ઊછળી આવી હતી. એ એક આધ્યાત્મિક માતા છે. આવી ભૂમિમાં આનંદ હોય જ એ સમજી શકાય તેવું છે.

*

ગીતા વાંચે છે તે સારું છે. અર્થપૂર્વકનું જેટલું વંચાય તેટલું લાભકારક છે. ગીતાના વાચનમાં શરૂઆતમાં ૧૨ મો અધ્યાય, પછી ૧૬ મો, પછી ૧૫ મો, પછી બીજો ને પછી બીજા અધ્યાય સમજવા સહેલા પડશે. ગીતા એક અદભૂત ગ્રંથ છે. ગીતા પ્રમાણે જ ચાલનાર કોઈપણ વ્યક્તિ આ જીવનમાં મુક્ત થઈ

ધન્યતા ભોગવી શકે છે. ગીતામાં એટલું બળ છે. તેના મુખ્ય ધ્વનિ કે ઉપદેશ વિષે આજપર્યંત ઘણું ઘણું લખાયું છે. પરંતુ ઘણા વિદ્વાનોએ તેને પોતાની જ વિદ્વત્તા અનુસાર મૂલવવાનો પ્રયાસ કર્યો છે. તિલકે એ જ ગીતા પરથી કર્મયોગનું વિસ્તૃત વિવેચન લખી નાખ્યું ને શંકરાચાર્યે જ્ઞાન પર જ તેનો આંક કાઢ્યો. પણ મારી મતિ પ્રમાણે ગીતાનું અંતરંગ તત્વ જુદું જ છે. ગીતાનો મુખ્ય ઉપદેશ કર્મ કે જ્ઞાનનો નથી. તેનો સંદેશ ઈશ્વરમયતાનો છે. મન, વાણી ને શરીરના રોમરોમમાંથી ઈશ્વરત્વનો નાદ થવો એ જ ગીતાનો ઉપદેશ-ધ્વનિ છે. સહેલી ભાષામાં કહીએ તો ગોપીઓના જેવી તન્મયતા ને રાધાના જેવી સર્વસમર્પણતા-આ જ ગીતાનું હૃદય છે. જ્ઞાન પણ તે આને જ માને છે તથા આને જ પરમભક્તિ કે યોગ કહે છે. એના સમર્થન માટે તેરમા અધ્યાયના જ્ઞાનનાં લક્ષણો જુઓ. તેમાં કૃષ્ણ ભગવાન ક્યાંય એમ નથી કહેતા કે વેદ જાણે, શાસ્ત્રો જાણે, વાદવિવાદ કરી શકે કે, જગત, બ્રહ્મ ને જીવની માહિતી આપી શકે તે જ્ઞાની. તે તો કહે છે જેનામાં નિર્માનીપણું હોય, દંભ ન હોય, અહિંસા, ક્ષમા, પ્રામાણિકતા હોય, તે જ જ્ઞાની છે. વળી જે સર્વમાં પોતાને ને પોતામાં સર્વને જુએ તે જ જ્ઞાની એટલે ઈશ્વરપરાયણતા કે આત્મમયતા એ જ ગીતાનો મુખ્ય સંદેશ છે. કેટલાક કહે છે કે અર્જુનને ઉપદેશ આપીને યુદ્ધ માટે પ્રેર્યો માટે ગીતાનું રહસ્ય કર્મ જ છે. પણ તે યથાર્થ નથી. અર્જુનને કર્મની જરૂર હતી. માટે જ તેને કર્મની પ્રેરણા આપી છે. તે પ્રેરણાના ઊંડાણમાં પણ તેને ઈશ્વરપરાયણતાનો ઉપદેશ કર્યો જ છે. પોતાનું વિરાટ રૂપ દેખાડીને તેના રોમરોમમાંથી પોતાનો નાદ જગાડ્યો, પછી જ તેને કર્મ માટે યોગ્ય કર્યો. એટલે ગીતાને કર્મ સામે વિરોધ નથી પરંતુ તેનું મધ્યવર્તી રહસ્ય તો ઈશ્વરમયતા જ છે. આનો સ્ફોટ કરવાનો ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે અનેક વાર પ્રયાસ કર્યો છે.

*

ધ્યાન કરવાનો અભ્યાસ રાખવો. સૂતી વખતે ૦ા કલાક પણ કરી લેવું. ધ્યાન કરતાં જો 'મા'ની છબી આંખ સામે રાખો તો ફાયદો થશે. શરૂઆતમાં મન સ્થિર કરવું અઘરું પડશે. તો 'મા'ની છબી સામે રાખી તેના તરફ નજર ઠરાવવી. સરસ્વતીની છબી ચાલે. કાલી એ જગજ્જનનીનું રૌદ્ર રૂપ છે ને સરસ્વતી શાંત રૂપ. એટલે સરસ્વતીની છબી સારી પડે. તે ઉપરાંત શિર્ષાસન પણ કરવું. એથી ખૂબ ફાયદો થાય છે.

ઉચ્ચ આધ્યાત્મિક જીવન જીવવા ઈચ્છનારે નીચેના પ્રશ્નોના જવાબ મેળવી લેવા ઘટે છે.

(૧) વહેલા સૂવાનું રાખ્યું છે કે નહિ ? ૧૦ વાગે તો સૂવું જ જોઈએ.

(૨) વહેલા ઊઠવાનું રાખ્યું છે કે નહિ ? ૪ વાગે તો ઊઠવું જ જોઈએ.

(૩) ઊઠીને મનોમન પ્રાર્થના કરવાની ટેવ છે કે નહિ ?

(૪) શૌચ, દાતણ, જલદી કરી લઈને તથા સ્નાનથી પરવારીને જપ કે ધ્યાનમાં બેસવાનો નિયમ રાખ્યો છે કે નહીં ?

(૫) ગીતાનું વાંચન-મનન ઓછામાં ઓછા એક અધ્યાયનું પણ થાય છે કે ? સંતપુરુષોનાં જીવન વાંચો છો કે તેને યાદ પણ કરો છો કે ?

(૬) કોઈપણ જાતનું વ્યસન તો નથી ને ? ભોજન પણ વ્યસન ખાતર તો નથી જ કરતા ને ?

(૭) કપડાં વગેરે જરૂરિયાતો સંયમપૂર્વક રાખો છો ને ?

(૮) બોલવા ચાલવામાં ધ્યાન રાખો છો ને ? સમયનો દુરુપયોગ તો નથી કરતા ?

(૯) કોઈપણ કામ કરતાં આત્મલીન રહેવાય અથવા ઈશ્વરનું સ્મરણ રહે એવી ટેવ પાડી છે ?

(૧૦) રાતે સૂતી વખતે આખાયે દિવસને યાદ કરી જાઓ છો ?

(૧૧) સૂતા પહેલાં પ્રાર્થના કરો છો ?

(૧૨) કામ ક્રોધ લોભથી પર થવા પ્રયાસ કરો છો ?

(૧૩) સત્ય જ બોલો છો ને ? જીવનને દયામય, પ્રેમમય, નિ:સ્વાર્થી, આનંદી બનાવવા પ્રયાસ કરો છે ને ?

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૫ : ઈશ્વરી પ્રેમનો સ્વાદ

ઋષિકેશ,
તા.૨૮ સપ્ટે. ૧૯૪૩

પ્રિય ભાઈ નારાયણ,

તારા પત્રની રાહ જોઈ. આજે ઉતાવળમાં લખી રહ્યો છું. ફરી નિરાંતે લખીશ. શરીર તો સારું છે ને ? શિક્ષણનું કાર્ય પણ સારું ચાલતું હશે.

અહીં ઋતુ બદલાઈ છે. ગંગામાતાનું દૃશ્ય અપૂર્વ, હૃદયંગમ ને શોભાસ્પદ છે. ગંગા સાક્ષાત્ પ્રભુનો પ્રેમરસ છે. તેનો સ્વાદ, તેમાં સ્નાન કરવાનો આનંદ, તેનું દર્શન, સર્વ કાંઈ આનંદકારક છે.

હમણાં ખાસ કશું જણાવવા જેવું નથી. ભર્તૃહરિના વૈરાગ્યશતકના કેટલાક શ્લોકોનું સમશ્લોકી ભાષાન્તર કરાયું છે. સાધન-મનન ચાલ્યા કરે છે. અહીં તો એ જ આનંદ છે. જેમ સંસારી વિષયોમાં વિલાસ કરવાનો સંસારી જીવોને આનંદ હોય છે તેમ મુક્તાત્માઓનો આનંદ અંતરમાં ડૂબકી મારવાનો હોય છે. માછલી જેમ પાણીમાં જ જીવે છે ને તેમાંથી બહાર કાઢતાં જીવ ખોઈ બેસે છે તેવી જ રીતે જેઓએ ઈશ્વરી પ્રેમનો સ્વાદ ચાખ્યો છે તેઓ તેમાં જ જીવે છે, તેમય બની જાય છે, ને તેની બહાર રહી શકતા નથી. આ જ મુક્તિ. અશુદ્ધિનાં પડળોને દૂર કરીને સર્વત્ર રહેલા ઈશ્વરીતત્વનો અનુભવ કરવો, તેમાં એકાકાર થવું, એ જ દિવ્ય જીવનની પરિસીમા. આવો મનુષ્ય પ્રેમ, સત્ય ને દયાની મૂર્તિ બની જાય છે. જેમકે બુદ્ધ ભગવાન અથવા તો ગોપીઓ અથવા તો ઈશુ.

સર્વને મારાં વંદન કહેશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૬ : સત્યમ્ શિવમ્ સુંદરમ્

અભય મઠ, દહેરાદુન
તા. ૫ ઓકટો. ૧૯૪૩

પરમ પ્રિય ભાઈશ્રી,

તારો પત્ર મને આજે જ મળ્યો. સર્વ વાત જાણી. પત્ર મોડો લખાય તેનું કાંઈ નહિ. અનુકૂળ સમયે લખતા રહેવું. આપણો સંબંધ કાંઈ અક્ષરોમાં ઓછો મર્યાદિત થઈ જાય છે ? એ તો અનેરો સંબંધ છે.

સત્યં શિવં સુંદરમ્ । સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ । ..વગેરે. શ્રુતિઓ કહે છે કે ઈશ્વર પ્રેમમય, સત્યમય ને શુદ્ધિમય છે. એટલે જે કોઈ પ્રેમની, સત્યની કે પવિત્રતાની પૂજા કરે છે તે ઈશ્વરની જ પૂજા કરે છે, ને જેટલા પ્રમાણમાં જે પ્રેમ, પાવિત્ર્ય કે સત્યની સમીપ જાય છે તેટલા જ પ્રમાણમાં તે ઈશ્વરની પાસે પહોંચે છે. આપણે બારીકાઈથી જોઈશું તો પ્રેમ, સત્ય ને પાવિત્ર્ય રૂપે રહેલા ઈશ્વરને આપણે ઠેર ઠેર અનુભવી શકીએ છીએ. સંસારમાં રહેનાર માણસને પણ આવા અનેક અવસર મળી રહે છે. પરંતુ તેને સમજનારા થોડા જ હોય છે. ને આને લીધે જ મોહ ને દુ:ખની ઈન્દ્રજાળ ઊભી થાય છે. જે દિવસે આપણે સૌન્દર્ય, સત્ય ને પ્રેમને ઈશ્વરનાં સ્વરૂપ સમજતા થઈ જઈશું તે દિવસે આપણું જીવન પલટાઈ જશે. સંસારમાં પણ આપણે ઈશ્વરને અનુભવી શકીશું અને કૃતકૃત્ય થઈશું. કેમકે આપણે જાણીશું કે પ્રત્યેક પુરુષ કે સ્ત્રીમાં રહેલું સૌન્દર્ય, પાવિત્ર્ય ને સત્ય ઈશ્વરનું રૂપ છે ને તેને પૂજવામાં ઈશ્વરની પૂજા ને તેને મારવામાં કે વિકૃત કરવામાં ઈશ્વરનું કે આપણું જ અપમાન રહેલું છે. આ દૃષ્ટિ આવતાં આપણી ત્રુટિઓ ને વિકૃતિઓ ક્ષણમાત્રમાં ચાલી જશે ને આપણે ખરેખર આનંદનો અનુભવ કરી શકીશું. આ વિચારસરણી પ્રમાણે 'સરસ્વતી એ જગદંબા કે ભગવતી છે, આદ્યશક્તિનું જ પ્રતિરૂપ છે, ને તેનામાં જે પવિત્રતા, સૌન્દર્ય કે પ્રેમનું તત્વ રહેલું છે તે તેની જ વિભૂતિ છે' આમ મનન કરવાથી બ્રહ્મચર્યને ખૂબ સહાય મળશે. તારા પ્રયત્ન ખરેખર પ્રશંસનીય ને મહાન છે. સંસારી જીવનમાં રહીને તું જરૂર સંયમ રાખી શકીશ ને જીવનને ઊર્ધ્વગામી બનાવીશ. ઈશ્વર એ માટે બળ આપશે. હું એક સુંદર પરિચય આપું : અહીં એક જોશીજી કરીને વ્યક્તિ છે. ખૂબ પ્રેમી છે. નમ્ર પણ તેટલા જ છે. સારી સ્થિતિએ પહોંચેલા છે. મુખ્ય વાત તો એ છે કે તેઓ ગૃહસ્થી છે ને ગૃહસ્થ જીવનમાં રહીને તેઓ આવી સારી સાધના કરી રહ્યા છે. તેમનો પરિચય મને ઋષિકેશમાં થયેલો. ત્યારથી પ્રેમ પણ પારસ્પરિક થયેલો. ને આજે અમારો સંબંધ ઘણો જ મિત્રતાભર્યો છે. તેમના લખવાથી જ હું અહીં આવ્યો છું. એ તો બધું ઠીક, પરંતુ તેમની આવી સાધનાના મૂળમાં શું રહેલું છે તે ખબર છે ? તેમના કહેવા પ્રમાણે તેઓ લગભગ બાર વરસથી બ્રહ્મચર્ય પાળી રહ્યા છે ને આ સાધનામાં લાગ્યા છે. અલબત્ત, આવા આત્માઓ પર ઈશ્વર અનુગ્રહ કરે જ છે ને તેમને સ્ત્રી પણ તેવી જ સારી મળી છે. આમની સાથે મારે જે રહસ્યમય વાત થઈ છે તે હું તારી આગળ વ્યક્ત કરું છું :

'ભક્તિની સીમા તો દર્શનમાં જ છે, ખરું ને ?'

'હા.'

'તો તમને દર્શન થયું છે ?'

'હા.'

'કેવી રીતે ?'

'પહેલાં તો જ્યોતિ દેખાઈ. પછી દર્શન થયું.'

'પણ કેટલાકને તો કહે છે ને કાંઈ માગ. તમને તેવું કહ્યું ખરું ?'

'હા મને કહ્યું.'

'તમે શું માગ્યું ?'

'મને કહ્યું, તારે શું જોઈએ ? મેં કહ્યું, કાંઈ નહિ. વળી પૂછ્યું, તારે શું જોઈએ ? મેં કહ્યું : મારે સર્વ કાંઈ જોઈએ.'

'બસ ?'

'હા. આ તમારી આગળ જ પહેલી વાર વ્યક્ત કરું છું. આવી રહસ્યમય વાત મેં કોઈને કરી નથી.'

'સારું છે. ઈશ્વરનો અનુગ્રહ છે. તેની ઈચ્છા જ તમને બોલાવી રહી છે.'

'તો તમને એક જ વાર દર્શન થયું ?'

'ના. ત્રણ વાર. પહેલાં ભગવતીનું, પછી કમલનું ને પછી કૃષ્ણનું.'

'દર્શન વખતે તમારી સ્થિતિ કેવી હતી ?'

'ખૂબ વ્યાકુળ. પહેલાં દેહથી પર ને પછી જાગૃત.'

થોડી વાર પછી મેં પૂછ્યુંઃ

'રામકૃષ્ણદેવ તો હર ક્ષણે કાલી સાથે વાત કરી શકતા, રહેતા, તમે તેમ કરી શકો છો ?

'હું તેને પોકારું તો ઉત્તર મળે છે.'

'બીજો કોઈ અનુભવ ?'

'હું કહું ? કોઈને કહેશો નહિ. ગૌરાંગ પ્રભુ મને દેખાયા છે.'

'જાગ્રતમાં ?'

'હા. વિવેકાનંદ, મહમદ તથા ઈશુને પણ જોયા છે.'

'રામકૃષ્ણદેવને જોયા છે ? તેઓ તો અલૌકિક હતા.'

'ના. તેમને નથી જોયા. પણ ધ્યાનાવસ્થામાં કે જપ કરવા બેસતાં તેમની આકૃતિ આવે છે.'

થોડી વાર પછી તેઓ પાછા બોલ્યા પણ તમને સાચું કહું ? મને સંતોષ નથી. કેમ નથી કહું. મને ઈશુનું દર્શન થયું છે, બધું થયું છે, પણ મને થાય છે કે હું તેમના જેવો કેમ થઈ શકતો નથી. તેમને જોતી વખતે મારી જે ધ્યાનાવસ્થામાં સ્થિતિ હોય છે તે કાયમ કેમ નથી રહેતી ? હું જોઈ શકું છું કે જાગ્રતાવસ્થામાં મારી સ્થિતિ પડી જાય છે.

એ જ ખરું છે. હું ધારું છું કે એ જ સાધનાની પરિસીમા હશે. મનુષ્યમાંથી દેવત્વ અને પ્રભુત્વ. રામકૃષ્ણદેવની સ્થિતિ તેવી જ હતી. તેઓ ધારતા તે કરતા. તેમની વિશેષતાઓ અજબ હતી. કોઈ શિષ્ય તેમની પાસે પ્રાર્થના કરતો કે દેવ, મને સમાધિ આપો. તો તે તેને તે સ્થિતિ આપતા. વિવેકાનંદ ને બીજા ઘણા સાધકોના જીવન આની સાક્ષીરૂપ છે. એક વાર એક સાધકે તેમની પાસે સમાધિ માટે પ્રાર્થના કરી. તેનું

મન સંસારી હતું. એટલે સમાધિ પ્રાપ્ત થતાં જ તે બૂમ પાડી ઉઠ્યો : ‘અરે, આ શું ? મારે તો છોકરા, બધું છે. હું આ અવસ્થાને શું કરું ?’ રામકૃષ્ણદેવે તેને તરત જ નીચે ઉતાર્યો. આવા અયોગ્ય માણસની પ્રાર્થના પણ તેમણે સાંભળી.

‘ઈશુની વાત પણ છે ને! એક વાર તે એક ઠેકાણેથી જતા હતા. કેટલાક કોઢિયા માણસો સમજ્યા કે ઈશુને અડવાથી અમારો કોઢ દૂર થઈ જશે. તે તેને અડ્યા. તેમનો કોઢ જતો પણ રહ્યો.’

‘એવી દિવ્યતા આવે ત્યારે જ ખરું. અરવિંદ પણ આ માને છે. એ સ્થિતિ ના આવે ત્યાં સુધી કોઈ પણ જાતની આશ્રમાદિક પ્રવૃત્તિનો વિચાર ન કરવો ઘટે. એ આવશે ત્યારે સાધકોને શીખવવું નહિ પડે. તેઓ તમારા અનુગ્રહ માત્રથી જ જોઈતું મેળવી લેશે.

‘ને એટલે જ મેં કહ્યું કે મને અસંતોષ છે. પણ મેં આટલું બધું આ પહેલી જ વાર કહ્યું છે.’

‘બહુ સારું છે. મને પણ તમારા જીવન વિષે બહુ જાણવા મળ્યું.’

અલબત્ત, એમનામાં થોડી નિવૃત્તિ લાગે તેવી વિચિત્રતાઓ પણ છે. તેનું કારણ એ છે કે તેમની સાધના તાંત્રિક જેવી વધારે છે. ને આ જ કારણથી એક ભક્ત હૃદયમાં જણાતી મસ્તી, તલ્લીનતા, ભક્તિ, આવું તેમનામાં ખાસ જણાતું નથી. જેઓ ભક્તિમાં આરૂઢ થઈને વધે છે તેમનું તો સારું કલેવર બદલાઈ જાય છે. પરંતુ તાંત્રિક કે મંત્રાદિ સાધન જે કરે છે તેમનું હૃદય પૂર્ણ પલટાયું હોય છે જ એમ નથી. આવી સારી સાધના તેઓ કરી શક્યા છે તેના મૂળમાં બ્રહ્મચર્ય ને ઈશ્વરને સર્વસમર્પણ એ બે રહેલાં છે એમ તેમનું કહેવું છે. પ્રસંગ નીકળતાં આટલું લખાયું છે.

પ્રાણાયામને માટે આ સમય અનુકૂળ છે. નવરાત્રી-કાર્તિકથી અનુકૂળ ઋતુ શરૂ થાય છે. પરંતુ તે કોઈ યોગ્ય માણસની દૃષ્ટિ સામે જ થવા જોઈએ નહિ તો નુકશાન કરે. સંધ્યા સમયે કરાતા પ્રાણાયામ એમ ને એમ કરી શકાય છે. શિર્ષાસન કરવાનું રાખવું. ખૂબ ફાયદાકારક છે. ૦॥ કલાક સુધી કરવું. પેટ સાફ હોય તો સ્નાન કર્યા વિના કરવું સારું છે. તે પછી સર્વાંગાસન ને પશ્ચિમોત્તાનાસન (પગ લાંબા કરી અંગુઠા પકડી નાક ઘુંટણે લગાડવું ) કરવું. એથી લોહીનું ભ્રમણ સારી રીતે થાય છે.

દિનચર્યા કેમ ચાલે છે ? સાદો ને અલ્પ આહાર, ઉમદા વિચાર ને સાર્વત્રિક પ્રેમ જીવનને દૈવી બનાવે છે ને જ્યાં આ વસ્તુઓ હોય છે ત્યાં જ ઈશ્વર આસન માંડે છે કેમકે આજ તેની ભૂમિકા છે.-ૐ

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૭ : પ્રેમનું બળ

ઋષિકેશ,

તા. ૩ નવે. ૧૯૪૩

પરમ પ્રિય ભાઈ,

તમે જે પૂછ્યું છે તે આનંદપ્રદ છે. પરંતુ વિચારણીય છે. પ્રેમી ભક્તને એક અથવા બીજી રીતે દર્શન થાય છે જ. અલબત્ત હું એમ નથી માનતો કે પ્રેમીએ દર્શન કરવું જ જોઈએ. ભક્તોની પ્રકૃતિ પર તે નિર્ભર છે. પરાભક્તિનું દર્શન દરેક ભક્તના જીવનમાં થાય છે એ એક નિર્વિવાદ સત્ય છે. પરાભક્તિ એટલે માત્ર ઈશ્વર ને ઈશ્વરને માટેની જ વેદના-સતત દર્દ ભાવના ને તેના જ સતત અનુભવની વિરહાવસ્થા. આ અવસ્થા પછીનો વિકાસ એકસરખો નથી. શક્ય છે કે આ વિરહના દર્દથી એને દર્શન થાય. બીજી શક્યતા એ છે કે તેને ચારે બાજુ પોતાના ઈષ્ટનો કે આત્માનો અનુભવ થાય. તે અનુભવથી તે શાંત બને, આનંદિત બને ને તે અનુભૂત તત્વને પ્રકટ ન કરે પરંતુ એવું જ અનુભવે (નિરાકાર રૂપમાં) ને જીવનમુક્તિની દશાએ પહોંચી જાય. આ બે વસ્તુ છે. છતાં પણ ઈશ્વરી ભાવનાનો સાક્ષાત્કાર એક કે બીજી રીતે થાય છે જ. પ્રેમનું બળ જ એવું છે.

તમારા પ્રશ્નનો એક ઉત્તર ૧૯૪૧ ના માર્ચના પત્રમાંથી મળી જશે. એ વસ્તુ આજે અદભુત રીતે વિકસી ઊઠી છે. પણ તમે સાકાર દર્શન વિષે પૂછ્યું છે. લખતાં પહેલાં વિચાર થાય છે. કેમકે મારા ધાર્યા પ્રમાણે આ પત્ર વાંચનારાં ઘણાં હશે. તેમને કદાચ મારા પ્રત્યે માનની લાગણી થશે ને તેઓ મારા વિષે મોટું મોટું ધારશે. એ વિચારથી હું કહું છું ને બહુ જ સાવધ રહીને વાત કરવામાં કે લખવામાં ધ્યાન રાખું છું. ઈશ્વરનો માર્ગ અનંત છે. તેનું સ્વરૂપ પણ અનંત છે. તેનું દર્શન થયું એમ કહેવું મનુષ્ય માટે હાંસીજનક છે. વળી એ પણ સાચું છે કે શુદ્ધહૃદયી પુરુષને જગતમાં ઈશ્વરનું દર્શન થાય જ છે. એટલે ઉપનિષદની જેમ આપણે પણ કહેવું પડે છે કે, નાહં મન્યે સુવદતિ નો ન દતિ વેદ ચ । (હું એમ નથી માનતો કે તેને પૂરેપૂરો જાણું છું તથા જરાય નથી જાણતો એમ મારું માનવું નથી.) હું તો એક ક્ષુદ્ર મનુષ્ય રહ્યો. વિરાટ ઈશ્વરનું દર્શન મને શેં થાય ? એટલું પ્રેમબળ મારામાં છે પણ ખરું ? હું તો તેને માટે બનતું રડી જ જાણું, પોકારી જ જાણું. શાંત ચિત્તે તેને ઠેર ઠેર દેખતો રહું. આ જ મારી મનીષા. છતાં તને આટલા ઉત્તરથી તૃપ્તિ વળશે નહીં. જોશીજીની વાતચીત સાથે મારા અનુભવ વિષે લખવા જતો હતો પરંતુ પાછળથી મારા વિશે બીજાનો અભિપ્રાય વધારે સારો થઈ જાય એ વિચારથી કેટલુંક કાઢી નાખ્યું. મેં પહેલાં લખ્યું છે કે ભક્તને કે પ્રેમીને પોતપોતાની રીતે દર્શનાનુભવ થાય જ છે. એમાં જ બધું સમજવાનું છે. અને જો તું તારા વિના કોઈને પ્રકટ ન કરે તો અહીં લખું કે 'મા'એ મારા પર કૃપા કરી છે. '૪૧ ની સાલમાં હું તેને જોવા માગતો હતો પરંતુ તેણે મને જુદી જ રીતે તૃપ્ત કર્યો. પછી પણ મારું હૃદય તલસવા માંડ્યું કેમકે મારે ખાત્રી જોઈતી હતી. 'મા'નું રૂપ અપાર છે. તેના વિરાટરૂપના અંશને તેણે મારી આગળ આણ્યું છે. પરંતુ તે ભાવાવસ્થા ને દેહાતીત અવસ્થામાં. એવી જ રીતે કૃષ્ણદેવે, બુદ્ધદેવે તથા બીજા અર્વાચીન પ્રાચીન સંતોએ કૃપા કરી છે. એ સૂચન પૂરતું લખું છું. એથી એમ નથી ધારવાનું કે મારો માર્ગ પૂરતો થઈ ગયો છે. રામકૃષ્ણદેવને જેમ ક્ષણેક્ષણે

'મા' પ્રત્યક્ષ હતા તેમ મને થઈ શકે. 'મા'ની કૃપા પર એ છોડવાનું. બીજું, રામકૃષ્ણદેવ ધારતા તેમ બીજાને 'મા'નો કૃપાપ્રસાદ આપી શકતા એ સ્થિતિ મારી આવે એ માટે તમારા બધાનાં આશીર્વાદની જરૂર રહે છે. મને બહુ ઊંચો માનશો નહિ. તમારા પ્રેમનો ભાગી બનાવજો.

મારી સાધનામાં ભક્તિ-જ્ઞાનનું મિશ્રણ છે. એટલે અનુભવો વિવિધ છે. કોઈ વાર પ્રત્યક્ષ રીતે જ તે પર વાત થાય.

તમારા પ્રેમ માટે આભારી છું.

*

જપ માટે મધ્યરાત્રિ ને બ્રાહ્મમુહૂર્ત બંને સમય સારા છે. શરૂઆતનો સાધક રાત્રે ઊઠી ન શકે તો તેને માટે બ્રાહ્મમુહુર્ત સારું છે. ૩ વાગ્યાથી પણ સારો સમય શરૂ થાય છે. જપ સાથે ધ્યાન પણ કરવું જોઈએ તો પ્રગતિ સધાયાને આનંદ મળે. વળી હરેક પળે તે જપ ને ધ્યાન કાયમ રાખવાનો અભ્યાસ કરવો જોઈએ. શૌચ જતાં પહેલાં પણ મધ્યરાતે જપ થઈ શકે. હાથ-મોં ધોઈ લેવાં. શરૂઆતમાં ચિત્ત સ્થિર ન થાય તો ધીરેધીરે બોલવું. સ્થિર થતાં મૌન રાખી જપ કરવા. શરૂઆતમાં મોઢેથી બોલવું ઠીક છે. માળા સારી. આંખ સામે ઈશ્વરનું ધ્યાન કરવું. જપની શરૂઆતમાં કરુણ પ્રાર્થના કરવી ને તેના અંતમાં શાંત ચિત્તે માળા મૂકી દઈને એકલું ધ્યાન ધરવું.

ધ્યાન વખતે દર્ભ ઉપર લુગડું રાખવું. આસન સુંવાળું જોઈએ. પગ બદલતા રહેવું. ત્રણ કલાક સુધી બેસવા અભ્યાસ કરવો.

તમે પૂછો છો કે આત્મા ને મનના અવાજ વચ્ચેનો ભેદ કેમ જણાય. એ માટે એક દૃષ્ટિ સમજી લેવી જરૂરી છે. પહેલું તો એ કે જે વસ્તુ આપણને પ્રેમ, દયા, ઈશ્વરભાવ ને સત્ય તરફ લઈ જાય કે તે તરફ જવામાં મદદ કરે તે વસ્તુ જ ઊંચી છે. એ વિનાની બીજી બધી વસ્તુઓ ખોટી સમજવી. શુદ્ધ મન હોય તે જ સાચો અવાજ આપી શકે છે. એટલે વારંવારના અવાજની પરીક્ષા ઉપરના વિચાર પરથી થઈ શકે છે.

ગીતા વાંચશો. ગુરુ બીજો કોઈ નહિ, ઈશ્વર જ છે.

*

અત્યારની પરિસ્થિતિ ઈશ્વરના સંકેત પ્રમાણે જ છે. હિંદનો ઉદયકાળ શરૂ થઈ ચૂકયો છે એમ લખું તો ખોટું નહિ લાગે ને ? મારા હાથને જેમ લખાવે તેમ લખું છું. માનું છું, ભવિષ્યમાં હિંદ જગતને અગ્રસ્થાને વિરાજશે. તેને માટે તેણે મંથન કરવું જોઈએ, પોતાનો કચરો સાફ કરવો જોઈએ, ને તે કાર્ય પણ યુરોપ પછી હિંદમાં શરૂ થઈ ચૂકયું છે. એમાં ઈશ્વરની કોઈ શંકા કરવી રહેતી નથી. બહુ જ યોગ્ય છે કે ઈશ્વરના એ પરિવર્તનને માટે હિંદે મહાન ભૂખમરો ને દુ:ખ-વેદના સહેવાં પડશે. ઈશ્વરની મંગલમય દયાની પ્રતીતિ અંતે થશે જ એટલું જ આજે તો લખું છું.

નવા વરસનો સંદેશ (મોડે મોડે પણ) શું લખું ? જીવનનું ધ્યેય મુક્તિ છે. મુક્તિ શબ્દથી કાંઈ મુંઝવણમાં પડવાનું નથી. એનું રહસ્ય સહેલું છે. સ્વાર્થ એ બંધ છે, ને નિ:સ્વાર્થતા એ મુક્તિ છે. દ્વેષ એ બંધ છે, ને પ્રેમ એ મુક્તિ છે. વિલાસ એ બંધ છે, ને સંયમ એ મુક્તિ છે. દ્વેષદર્શન એ બંધ છે, ને એકદર્શન-અભેદદર્શન એ મુક્તિ છે. બહારના પદાર્થો પાછળ સુખશાંતિ માટે પડવું એ બંધ છે ને અંદર જ તેનો પ્રવાહ

પ્રાપ્ત કરવો એ મુક્તિ છે. દેહનો અધ્યાસ એ બંધ છે, ને આત્મતત્વની અનુભૂતિ એ મુક્તિ છે. કામ, ક્રોધ ને લોભ એ બંધ છે, ને નિ:સંકલ્પતા, નિર્લેપતા ને ક્ષમા તથા દયા એ મુક્તિ છે. આ મુક્તિની ટૂંકી સમીક્ષા છે. આ અનુસાર આપણે જીવન બનાવીએ તો મુક્તિ એ આવતા ભવની વાત નહિ પણ આ જન્મની સત્ય પ્રતીતિ થઈ જાય છે, ને શાંતિ પ્રાપ્ત થાય છે. જીવન પરીક્ષણ કરી તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી જોઈએ. એ સ્થિતિ તમે પ્રાપ્ત કરો એવું ઈચ્છું છું.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૮ : અમૃતનું તીર્થ

ઋષિકેશ,
તા. ૮ નવે. ૧૯૪૩

પરમ પ્રિય ભાઈ,

પાંચેક દિવસ પહેલાં મેં અહીંથી એક પત્ર લખેલો. મળ્યો હશે. તે પછી એક-બે દિવસ હું હરિદ્વાર જઈ આવ્યો. કાલે પાછો આવ્યો. આજે વળી લખું છું.

આજે તને એક નવા સમાચાર આપવાના છે ને તે એ કે આ ધર્મશાળાના કાર્યનું મેં આજે રાજીનામું આપી દીધું છે. 'મા'ની ઈચ્છા એવી જ છે. તેની આકસ્મિક અને સખત પ્રેરણાથી જ તેણે આ કરાવ્યું છે. તેના મૂળમાં મારી કેટલાય સમયની પ્રાર્થના છે. અત્યાર સુધી જો કે હું 'મા'નો જ હતો, પરંતુ બાહ્ય રૂપથી પણ મારે તેના ને તેના જ થવાની જરૂર હતી ને તેણે તે આમ પૂરું પાડ્યું છે. કેમકે હું અત્યાર સુધી માતાના ગુજરાનનો વિચાર કરીને પણ આવી સાત્વિક પ્રવૃત્તિમાં રહ્યો હતો. તે મારે તથા 'મા'ને માટે અપમાનજનક હતું ને તેમાં મારી શ્રદ્ધાની ન જણાય તેવી ખામી પણ હતી. છેલ્લા દસેક દિવસના પ્રસંગોએ મારી એ શ્રદ્ધાને ખૂબ દૃઢ કરી છે ને તેથી જ ('મા'ની પ્રેરણાને વશ થઈ) મેં એકલા રહેવાનું સ્વીકાર્યું છે. હવે હું કેવો શોભી ઊઠીશ ? જ્ઞાન, વૈરાગ્ય, પ્રેમ, ભક્તિ, મોક્ષ, બધાં હવે કોઈ અજબ રીતે શોભશે. 'મા' પણ હસશે કેમ કે મારા પ્રેમની તેને પૂર્ણ પ્રતીતિ થઈ.

હવે હું શું કરીશ ? નક્કી નથી. 'મા'એ જ તે વિચારવાનું કબૂલ્યું છે. છતાં આજથી એક માસ સુધી તો કદાચ ધર્મશાળામાં છું. પછી કદાચ પહાડોમાં ચાલ્યો જાઉં તો નવાઈ નહિ. તું કાગળ લખી શકશે પરંતુ આ પત્ર તને મળે કે તરત જ લખજે. પછી મારો પત્ર તને ન મળે ત્યાં સુધી લખી શકશે નહિ.

ઈશ્વરી પ્રેમ એ જ સાચી વસ્તુ છે. જ્યાં સુધી એ પ્રકટે નહિ ત્યાં સુધી દુ:ખ રહે છે. એ પ્રકટે એટલે થઈ રહ્યું. જ્યાં સુધી એના સહસ્ત્રાંશના સ્વાદનું પણ ભાન થયું નથી ત્યાં સુધી જ અશ્રદ્ધા ને કટુતા રહે છે. તે થાય એટલે બસ. જીવન ઈશ્વરી બને છે. અમૃતનું તીર્થ થઈ રહે છે.

તું પૂછશે, માતાજીનું શું ? પણ તને ખબર નથી કે 'મા'એ તે વિચારી જ લીધું છે. તે તો 'મા' જ સંભાળશે. 'મા'એ એવા માણસો ઊભા કર્યા છે, જેઓના દ્વારા તે કામ થશે. એ બધી 'મા'ની જ લીલા છે.

હું તો મુક્ત રહ્યો. 'મા'એ આજ સુધી જે વેશમાં રાખ્યો તે વેશમાં રહ્યો. હવે પણ તેની જ ઈચ્છા પ્રમાણે થવાનું. લોકોને કદીક લાગે કે હું રંગમાં છું. પરંતુ મને તે સ્પર્શે નહિ. હું તો મુક્ત જ રહ્યો.

ધર્મશાળાને લીધે લાભ તો થયો ગણાય. એક તો એ કે અહીંની બાઈ મને લગભગ રોજ ગાળો દેતી. તે મારી સહનશક્તિની કસોટી થઈ. હું તો તેને 'મા' જ માનતો હતો ને તેની ગાળોને શબ્દબ્રહ્મ સમજતો. તે બિચારી પરમ દિવસે મરી ગઈ પરંતુ તેણે આટલો લાભ કર્યો છે. વળી અહીં એકાંત મળ્યું. પ્રપંચથી દૂર રહેવાનું ને 'મા'ના પરમ પ્રેમમાં મસ્ત રહેવાનું મળ્યું. માતાજીનો યોગક્ષેમ પણ ચાલ્યા કર્યો. હજી ધર્મશાળાનો ફેંસલો થયો નથી. કેસ ચાલે છે. પરંતુ 'મા'નો વિચાર મને હવે ઉંચકી લેવાનો ને મારા કરમાં

કર લઈ, મારો પ્રેમ લૂંટતાં-લૂંટતાં ગંગાના તીરપ્રાન્ત પર કે પહાડોનાં સૂનાં શિખરો પર ફરવાનો છે. તું પત્ર જરૂર ને તરત લખજે. તારી મનોદશા ને સ્થિતિ જણાવજે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૨૯ : ઉદાત્ત રહસ્યજ્ઞાન

ઋષિકેશ,

તા. ૨૪ નવે. ૧૯૪૩

પરમ પ્રિય ભાઈ શ્રી,

તારો પત્ર તા. ૧૫ મીએ મળ્યો હતો. હજી હું અહીં જ છું. તારો પ્રેમ કાયમ જ રાખજે. તમારા જેવા ઉચ્ચ આત્માઓના આશિષ મને ખૂબ ખૂબ મદદ કરશે. માટે તું પણ જરૂર આશિષ આપજે. હું અહીંથી પરમ દિવસે નીકળવા વિચાર રાખું છું. અહીંથી ૪૦-૪૨ માઈલ દૂર દેવપ્રયાગ છે ત્યાં જવાશે. તે સ્થાન વિષે મેં તને લખ્યું હશે. ખૂબ સુંદર છે. ભાગીરથી ને અલકનંદા બે નદીનો સંગમ થાય છે. ત્યાંથી છ-સાત માઈલ દૂર દશરથાચલ પહાડ છે. ખૂબ જ ઊંચો, એકાન્ત ને સુંદર. મને તે ખૂબ ગમી ગયો હતો. ત્યાં એકલા રહેવા હૃદય કહે છે.

હમણાં તો નોકરી ચાલુ જ રાખવી ઠીક છે. મારા ધાર્યા પ્રમાણે એ વધારે માથાકુટનું કામ તો નથી જ. કેમકે આર્થિક સ્વાતંત્ર્ય એ પણ ગૃહસ્થ જીવનમાં એક અગત્યની વસ્તુ છે. એટલે તે પ્રત્યે દુર્લક્ષ કરી શકાય નહીં. હા, અર્થ એ જ આપણો આદર્શ ના હોય. વળી હમણાં ફકત ધ્યાન કે યોગ કરીને આપણે દિવસો પસાર કરીએ એ આપણી સ્થિતિ નથી. તે ઉપરાંત એક બીજી વસ્તુ. જેમ આગળના કોઈ એક પત્રમાં લખ્યું હતું તેમ ફરી લખું છું કે ભૂમિકા એ મુખ્ય વસ્તુ છે. તે તૈયાર થાય એટલે બીજી બધી વસ્તુ આપોઆપ આવે છે. ત્યાગ પણ કાંઈ કરવાનો નથી હોતો, તે તો થાય છે. એ એક ભૂમિકા છે. આધ્યાત્મિક વિકાસની સ્વભાવગત અવસ્થા છે, ને યોગ્ય સમય આવતા તે થઈ રહે છે. જેમ પરિપકવ પાંદડું વૃક્ષ પર રહી શકતું નથી, ખરી પડે છે, તેવું જ મુકતાત્મા કે ઉચ્ચ પુરુષનું છે. આ એક અદભૂત રહસ્ય છે. આને લક્ષમાં ન લેવાથી ને પોતાની ઈચ્છાથી જ ઘરબહાર, સ્નેહી વગેરેનો ત્યાગ કરવાથી કેટલાંક જીવન નષ્ટપ્રાય થઈ જાય છે, ને ત્રિશંકુની દશા ભોગવે છે. સમય આવતાં અદૃષ્ટ પોતે જ ત્યાગની ઈચ્છા રૂપે અવતીર્ણ થાય છે. આ રહસ્યને લીધે જ ગીતાએ ક્યાંય પણ બાહ્ય ત્યાગ કરવા પર જોર દીધું નથી. કેવું ઉદાત્ત રહસ્યજ્ઞાન !....માટે હમણાં તો જપ, ધ્યાન, સ્વાધ્યાય વગેરે કરતા રહેવું ને બેનોને જગદંબા સમજી, મનોમન પ્રણામ કરી તેમના જીવનમાં રસ લેવો ને તેને યોગ્ય વળાંક આપવા પ્રયાસ કરવો. તમારે એમ માનવું જ નહિ કે તમે શિક્ષક છો કે પગારદાર છો. બેનોના પ્રિય બંધુ બનીને જ તમે ત્યાં જાઓ છો ને ઈશ્વરની ઈચ્છાનુસાર તે પ્રવૃત્તિ કરો છો એમ સમજવું. આથી સંતોષ ને સુખ તથા અદભૂત અનાસક્તિ રહેશે.

ધ્યાન કરવાની ટેવ જો રાતે પાડી શકો તો સારું. રાતે ત્રણેક વાગે. નહિ તો બાર વાગે ઊઠી એકાદ કલાક પછી પાછા સૂઈ શકો. તે માટે સુવાનું ખૂબ વહેલું રાખવું જોઈએ ને રાતનો આહાર ખૂબ સૂક્ષ્મ જોઈએ. આગળના પત્રમાં તમે ગુરુ વિષે લખ્યું હતું પણ ઈશ્વરને જ ગુરુ માનવો. તેના પર અપાર શ્રદ્ધા રાખીને તેની પાસે હૃદયને ખુલ્લું કરવું. એ જ માર્ગ બતાવશે. સમયાનુસાર એવાં માણસોને પણ એ મેળવી આપશે કે જે આપણી વ્યક્તિગત સાધનાને વેગ આપે. નિયમિત જપ તથા ધ્યાન કરવાનો અભ્યાસ રાખવાથી ખૂબ સારો વિકાસ થાય છે એ વિશ્વાસ રાખવો. રામકૃષ્ણદેવનું કેવું હતું ! તેમને જે સમયે જે ગુરુની જરૂર પડી તે આવી

મળ્યા. મૂળ વાત ભૂમિકાની છે. યોગ્યતા કેળવવાની છે. દરેક સાધનનું મૂળ આંખ સામે રાખવું જોઈએ. એ મૂળ દૈવી સંપત્તિ કે સાત્વિક અંતઃકરણની પ્રાપ્તિ છે. આ જ મૂળ વસ્તુ છે. જો આ સાધ્ય થાય તો જ્ઞાન, ભક્તિ ને યોગનાં રહસ્ય કરતલ જેમ થઈ જાય ને યુગોનો વિકાસ એક ક્ષણમાં જ થઈ શકે. સાંજે કે રાતે અમુક સમય એકલા બેસવાની ટેવ પાડવી ને તે સમય જીવનના પરીક્ષણમાં કે ઊંડી પ્રાર્થનામાં ગાળવો. તે ઉપરાંત ગીતાનું સાર્થ વાચનમનન ને તે પ્રમાણે જીવન બનાવવાનો પ્રયાસ, આ બધું ખૂબખૂબ અગત્યનું છે. પ્રાર્થનામાં અદભુત બળ છે. બાળકનો અવાજ જેમ મા સાંભળે છે તેમ સાચા હૃદયની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. માટે સાધન-દશામાં પ્રાર્થનામય જીવન જીવવું જોઈએ. જીવનની હરેક ક્ષણને પ્રાર્થનામય બનાવવી એ પ્રાર્થનામય જીવન છે.

માતાજીના પ્રશ્ન માટે આજની નિશ્ચિંતતા ને ઈશ્વરનિષ્ઠાની અડગતા ને સહજતા અનુપમ છે. તે વિચાર જ નથી થતો. એ ઈશ્વરની જ લીલા છે. તેવી જ રીતે હું ક્યાં જઈને રહીશ, કેટલો સમય રહીશ, ક્યારે પાછો ફરીશ, વગેરે કશું જ આજે મારા વિચારમાં નથી. એ બધું ઈશ્વરના હાથમાં જ છે, ને તે જ્યાં લઈ જાય ત્યાં જ જવાનું છે. આધ્યાત્મિક માર્ગ અનંત છે ને ઈશ્વરની લીલા પણ તેવી જ અનંત છે. દરમ્યાન તમારા બધાની સ્મૃતિ તો રહેશે. એમ તો લાગે છે કે એ બધું જાણે પૂર્વજન્મનું છે પરંતુ તેમ પણ રહેશે. જો કે એક વિચાર પત્રવ્યવહારને તદ્દન દૂર કરવાનો છે પરંતુ ઈશ્વરેચ્છા હશે તો લખાતું રહેશે.

એક બીજી વાત કે હું આ પ્રમાણે ઉપર જઉં છું ને અહીંનું કાર્ય મૂકી દઉં છું તેનું કારણ એમ નથી કે માતાજી બંધનરૂપ લાગે છે. તે તો પ્રત્યક્ષ માતા જ છે. તેની શક્તિ ને ધન્યતા અપાર છે. પરંતુ મારા કરતાં ઈશ્વરના સબળ હાથે તેની પૂરી સંભાળ લીધી છે એ વિશ્વાસ જ આના મૂળમાં છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૦ : સાધનપરાયણતા

ઋષિકેશ,
તા. ૩ નવે. ૧૯૪૪

પરમપ્રિય ભાઈ,

ગઈ પૂર્ણિમાને દિવસે સરોડાથી અમદાવાદ આવવાનું થયું. ભાઈ, તું એમ ના ધારીશ કે તને મળવાનું નથી થયું એ તારી પોતાની જ કોઈ ત્રુટિનું પરિણામ છે, તેવું કંઈ જ નથી. તારી યોગ્યતા વિશે તો શંકા જ ક્યાંથી ? પરંતુ એમ જ માનજે કે ઈશ્વરે આટલો લાંબો સમય કોઈ વધારે સુંદર ફળ લાવવાને માટે નિર્મિત કર્યો હશે. પૂર્ણ શાંતિની અવસ્થા પહેલાનાં દિવસ ને રાતનાં જાગરણ તથા ઉગ્ર સાધનપરાયણતા ક્યાં નકામા હોય છે ?

તારો કાર્યક્રમ કેવોક ચાલે છે ? આધ્યાત્મિક માર્ગમાં સૌથી અગત્યની વસ્તુ ઈશ્વરશરણની છે. મનુષ્યને જીવનની અનેક સુંદર ક્ષણોએ પોતાનાથી કોઈ વિશિષ્ટ શક્તિની સત્તા વિશે પ્રતીતિ થાય છે. આ સત્તા પર પૂર્ણ શ્રદ્ધા રાખીને તેને માટે જ પ્રયાસ કરવો એ એક જીવનધર્મ છે. જે જે વસ્તુ જે જે વખતે જરૂરી લાગે તે તે વસ્તુ આ વિશિષ્ટ શક્તિ અથવા ઈશ્વરની પાસે જ માગી લેવી. જીવનમાં ઘણી વાર માર્ગદર્શનની જરૂર હોય છે. આત્માનો પંથ પહેલેથી જ સ્વચ્છ નથી હોતો. તેમાં અનેક ભુલભુલામણી પણ હોય છે. પણ દૃઢ નિશ્ચયી ને શ્રદ્ધાળુ આત્મા કદી તેથી મુંઝાતો કે ડરતો નથી. તે તો ઈશ્વરને પ્રાર્થના કરી છૂટે છે. ને ઈશ્વર તેને બુદ્ધિયોગ પ્રદાન કરીને તેનો માર્ગ અજવાળી આપે છે.

બીજી અગત્યની વસ્તુ સાધનપરાયણતાની છે. સાધનમાં સફળતા મળે કે ન મળે, સતત મંડ્યા રહેવું જોઈએ. પરંતુ એ પણ સાચું છે કે જેને સાધનમાં રસ આવશે તે જ તેની પાછળ કમ્મર કસીને પડશે. કહેવાની જરૂર ભાગ્યે જ હોય કે આ એકનિષ્ઠ યોગની પ્રાપ્તિને સારુ માણસે સર્વ પ્રકારની આસક્તિથી દૂર રહેવું જોઈએ. જેનું ચિત્ત સંસારના નાનાવિધ પદાર્થોમાંથી ઉપરામ થયું નથી, જે ઈન્દ્રિયોના ક્ષણિક સુખનો જ ગુલામ થઈને બેસી રહ્યો છે; સ્ત્રી, પુત્ર તથા મિત્રો ને સંબંધીઓના ગાઢ પ્રસંગો જેને લાગણીનાં એકથી એક ઊંચા શિખરો પર વારંવાર નાખ્યા ને ઉથલાવ્યા કરે છે; એ માણસ અનાસક્તિ કેળવી શકે જ કેવી રીતે ? તેને સાધનમાં રસ પણ કેમ આવે ? જે મન પવિત્ર થયું હશે તે જ પોતાના પ્રતિબિમ્બ જેવા આનંદને સાધન દ્વારા અનુભવી શકશે. જે દર્પણ સ્વચ્છ નથી તેમાં મુખનું પ્રતિબિમ્બ દેખાઈ શકશે ખરું કે ? એટલે આધ્યાત્મિક વસ્તુનો પૂર્ણ રસ લેવા સારુ મનુષ્યે ઈન્દ્રિયોની ગુલામીમાંથી પર થઈ, સાંસારિક વિષયોની વચ્ચે સ્થિરતા જાળવીને ઈશ્વરપરાયણ થઈ રહેવાનું છે.

યાદ રાખવું જોઈએ કે આ એ દેશ છે જ્યાં લાખોની સંખ્યામાં મહર્ષિઓ ને બ્રહ્મર્ષિઓ હતા, ને હજીયે છે. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિને માટે સર્વસ્વનો ત્યાગ કરી આત્મારામ જીવન ગાળનારા અલમસ્ત યોગીઓ જેની પવિત્ર કૂખમાંથી જન્મ લઈને જગતને પાવન કરતા હતા; જ્યાં સાંસારિક વૈભવ, ભોગ ને વિલાસથી અતીત એવું તદ્દન સાદું-સંયમી જીવન ગાળવામાં જ મનુષ્યો કૃતકૃત્ય હતાં; આ એ ભૂમિ છે, એ હિંદ છે;

એના પર એને જ પગ મૂકીને સગૌરવ સુવાનો અધિકાર છે જેણે આવું જીવન જીવી બતાવ્યું હોય, જેણે અધ્યાત્મમાર્ગની દીક્ષા લીધી હોય. આ વસ્તુને ધ્યાનમાં રાખીને આપણે માટે હમેશાં વિજય ને વિજય જ છે.

*

ઉચ્ચોચ્ચ કાર્ય કરી નાખવાની ભૂખ લાગવી જોઈએ, ને તે બનાવટી નહિ પણ સાચી જ જોઈએ. અરે, સાંસારિક વ્યાપારમાં સડતો માણસ આ ભૂખ કે તૃષ્ણાને જગાડીને આગળ વધે છે; હજારો સંકટો તેના માર્ગમાં આવે છે છતાંય રોકાતો નથી, તો પછી જેને આત્મદર્શનની લગની છે તેનું તો શું કહેવું ? તેનું ચિત્ત તો કશામાં લાગવું ન જોઈએ; એક ઈશ્વરના જ તેણે ગુલામ થવું જોઈએ. તેના જ સ્મરણમનનમાં લવલીન થઈ રહેવું જોઈએ. પિયરમાં રહેનારી વહુ સારી રીતે સમજે છે કે આ મારા પિતાનું ઘર છે, આનંદ પણ કરે છે, પણ તેને દિવસે ને રાતે જે સ્વપ્ન આવે છે તે તો પોતાના સાસરાનાં જ હોય છે; તેનો પતિ તેની આંખેથી ખસતો જ નથી; આત્માની સાથે આવો ઉચ્ચ પ્રેમ થઈ જાય તો પછી શું બાકી રહે ? સફળતાઓ એ તો નજીવી વાતો છે ને તેને તો ઠોકર માત્રથી ઉડાવી દેવી જોઈએ, સફળતાને ને પ્રેમને આદવેર છે. આપણી તૃપ્તિ હોય તે સફળતાની પ્રાપ્તિથી નહિ પરંતુ સર્વસ્વ આત્મપરાયણ કર્યું છે એ ભાવથી હોય. આવું થશે તો ઈશ્વરને પણ આપણા પરમ પવિત્ર નિરપેક્ષ પ્રેમની ઈર્ષ્યા થયા વિના રહેશે કે ?

*

વિઠ્ઠલભાઈ ત્યાં હશે. ઋષીકેશમાં તેમનો તેમના લખ્યા પ્રમાણે 'જિંદગીમાં સૌથી પહેલો પત્ર' મળ્યો હતો. પણ અમરફળ કાંઈ વારંવાર ખાવાની જરૂર હોતી નથી, તે તો એક વાર ખાવાથી જ બસ થાય છે, તેમ તેમનો એ ટૂંકો ને સુંદર પત્ર હજી સ્મરણમાં છે. વિઠ્ઠલભાઈનું જિજ્ઞાસુ આત્મપ્રેમી હૃદય તેમાં મૂર્ત થાય છે. તેમને યાદ આપશો.

તારું કરુણ પ્રેમી હૃદય સ્મરણમાં છે. એમ ના સમજીશ કે આટઆટલા સમયથી આ તરફ આવ્યા છતાં તને ન મળાયું તેનું કારણ તારી વિસ્મૃતિ છે. તું એટલે એક હાડમાંસનો બનેલો આકાર નહિ પણ તેની અંદરનો શુદ્ધ પ્રેમી આત્મા : આ સગાઈ કદી છૂટી શકે તેમ નથી; કેમ કે આત્મા બધે જ એક છે. જીવનના બધાય પ્રયત્નો ને સાધનો આ એક અતીન્દ્રિય સત્યની અનુભૂતિ માટે જ છે. જીવનનું ચરમ લક્ષ આ જ છે : ઈશ્વરદર્શન, આત્માનુભૂતિ. જગતમાં અનેક પદાર્થો છે - સ્ત્રી, પુરુષ, પશુ, વનસ્પતિ, પત્થર વગેરે. દરેકનાં નામ ને રૂપ જુદાં જુદાં છે. અજ્ઞાનનું આવરણ હોય છે ત્યાં સુધી તો આવી ભેદદૃષ્ટિ જ રહે છે. જ્ઞાનનું કિરણ માત્ર ફેલાતાં આખી દૃષ્ટિ ફરી જાય છે. જગતના વિવિધ પદાર્થો દેખાય છે ખરા, પણ તે સર્વની અંદરથી દૃષ્ટિ કરી રહેલું આત્મતત્વ કે ચૈતન્ય જ તેને તો પ્રતીત થાય છે. આ જ દર્શન છે. ગીતા આને જ જોવું કહે છે. કેમ કે જગતને જોવું એ જોવું નથી, તેની અંદરની ઈશ્વરી શક્તિને જોવી એ જ જોવું છે. આ ઉચ્ચોચ્ચ ધ્યેયની પ્રાપ્તિ કરતાં જ ભેદ ટળી જાય છે, કૃતકૃત્યતા મળે છે.

*

કેટલાક આત્માઓ જગત પર જન્મ્યા હોય છે. તેમને જન્મતાં જ ઈશ્વરે પોતાના પ્રેમી તરીકે પસંદ કર્યા હોય છે. આટલું થયું એટલે બસ; વાતાવરણ ગમે તેવું હોય તેની અંદરથી સંભાળીને પાર ઉતારવાનું કાર્ય ઈશ્વર જ કરે છે. તારી ગણતરી પણ આવા ઉચ્ચ આત્માઓમાં છે એમ આજે વર્ષોથી લાગ્યા કરે છે.

*

લે ત્યારે એક વાત લખીને સમાપ્તિ કરીએ. ગીતાના નીચોડરૂપ કેટલીક વાતો છે જે મનન કરવાથી જીવનને આમૂલ પલટાવી નાખવા પૂરતી છે. તેવી એક વાત ત્યાગની છે. ગીતાના સારને જો એક શબ્દમાં કહેવો હોય તો તે ત્યાગ કહી શકાય છે. ખરી રીતે 'ગીતા' એનું ઉલટું 'તાગી' 'ત્યાગી' યા એવું જ છે. આ ત્યાગ કેટલા પ્રકારનો છે તે જાણવા જેવું છે. એક તો જિહ્વાનો સ્વાદ, વિષયનો સ્વાદ વગેરે. ઈન્દ્રિયોના વિષયો તેમ જ કૃત્રિમ શરીરની સજાવટનો ત્યાગ. બીજો, મનની અંદરનો ત્યાગ એટલે કે રાગ-દ્વેષ, કામ-ક્રોધ, માન-અપમાન, એવાં દ્વંદ્વોનો ત્યાગ. ત્રીજો ત્યાગ પ્રતિષ્ઠા, ધન, સ્ત્રી, (વિષય) દુન્યવી તૃષ્ણા તેનો ત્યાગ. આમાં સમજાશે કે એકેકથી આ વધારે ઊંચા લાગતાં પગથિયાં છે. હૃદયશુદ્ધિ થવા માંડે ને મનુષ્ય દૈવી રસ્તે વળે કે તરત પ્રતિષ્ઠા, ધન વગેરે આવી પહોંચે છે. આનો ત્યાગ એ એક કઠિન વસ્તુ છે. આ પછીનો ચોથો ત્યાગ એ શરીરની આસક્તિનો એટલે કે ઊંચા શબ્દમાં દેહાધ્યાસનો ત્યાગ છે. એટલે કે (૧) જીવનના ઉચ્ચોચ્ચ લક્ષને માટે શરીરને પણ તૃણ જેવું સમજી હોમવાની તૈયારી હોવી અને (૨) એ લક્ષની પ્રાપ્તિ પછી શરીરની આસક્તિ તદ્દન જતી રહેવી, 'હું શરીર છું' એ ભાવના મરી જવી. અને આ બધું થયા છતાં પણ જે એક વસ્તુ સૌથી અઘરી છે તેની ત્યાગના છેલ્લા પગથિયે ગણતરી થાય છે. તે ત્યાગ કર્યો છે અથવા તો આવો સ્વાભાવિક ત્યાગ થયો છે એવા અહંકારનો કે વિચારનો પણ ત્યાગ. ગીતાની એક આટલી જ વસ્તુને જીવનમાં ઉતારવામાં આવે તો કેટલો અદભુત ચમત્કાર કરી બતાવે એ સમજાશે. ગીતાની દરેક વસ્તુ આવી છે. કોઈ પણ એકને પકડતાં બધું આવી જાય છે.

પત્ર વડોદરા લોહાણા બોર્ડીંગને સરનામે લખજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૧ : આધ્યાત્મિક વિકાસ કરવા માટે

સરોડા,
તા. ૨૨ ડીસે. ૧૯૪૪

પ્રિય ભાઈ,

તારો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો.

તું પણ ખરો લાગે છે ! તને પત્ર ના લખાય એટલે એમ નહિ માનવાનું કે તારા પર આ શરીરની દૃષ્ટિ નથી. ઘણી વાર એવું પણ બને છે કે ખૂબ પ્રેમ હોય છે છતાં પત્ર લખી શકાતો નથી. કેમ કે કાંઈ લખવાની ઈચ્છા જ થતી નથી. તેનો અર્થ પ્રેમ નથી. એમ થાય ખરો કે ?

આધ્યાત્મિક વિકાસ કરવા માટે નિયમ (વહેલા ઉઠવાનો વગેરે) બનાવ્યો તે આનંદની વાત છે. પણ તેને વળગી રહેવું જોઈએ. નિયમો બનાવીને તે પ્રમાણે થોડાક સમય ચાલીએ ને પછી તેને મૂકી દઈએ તો તેનો કાંઈ અર્થ નથી. નિયમો હંમેશાં સાચવી રાખવા જોઈએ. નિયમ પ્રમાણે કરેલી સાધનાનું ફળ લાંબે વખતે જણાય છે. શરૂઆતમાં તો કાંઈ જ ફળ જણાતું નથી. ઘણી વાર કંટાળો પણ આવે છે. તે છતાં તેને છોડી દેવા નહિ.

ઊંઘને ઓછી કરવા માટે ખોરાક રાતે ના લેવાનું વિચાર્યું તે ઠીક છે. તારો પ્રયત્ન જ તને તેની સત્યાસત્યતા બતાવી આપશે. આ શરીરનો અનુભવ એવો છે કે ખોરાક બે વાર લેવાય તોય કાંઈ વાંધો નથી. અલબત્ત એક વાર લેવાથી વધારે ફાયદો છે. પણ તારા જેવા વિદ્યાર્થીએ રાતે થોડોક પણ આહાર લેવો જોઈએ. તેથી ઊંઘને કાંઈ બળ નહિ મળે. કેમ કે આવી વસ્તુઓને વશ કરવા માટે દૃઢ નિશ્ચયબળની જ ખાસ જરૂર હોય છે. રાતે નિશ્ચય કર્યો હોય કે વહેલા ઊઠવું છે તો ઊંઘની શી શક્તિ છે કે તે વધારે વખત સુધી ટકી શકે ? અને રાતે તદ્દન ના ખાવા કરતાં થોડું ખાવામાં વધારે શક્તિ જોઈએ છે એ પણ સાચું છે.

ઈશ્વરપ્રાર્થના, જપ, ગીતાવાચન ચાલુ રાખવું. પ્રાર્થનામાં ખૂબ બળ છે. વ્યાયામની જરૂર ખૂબ છે. તેથી બ્રહ્મચર્ય સચવાય છે. બ્રહ્મચર્ય નહિ સચવાય તો બધાયે વિચારો હવાના મકાનની જેમ એકીસાથે ઊડી જશે. તારો વિકાસ જાણી ખૂબ જ આનંદ થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૨ : વિલક્ષણ દશાની પ્રાપ્તિ

અમદાવાદ,
૩૧ ડીસે. ૧૯૪૪

પરમ પ્રિય ભાઈ,

તારો પત્ર અહીં આવ્યા પછી એક મળ્યો. એક કાર્ડ પણ ગઈ કાલે જ મળ્યું. મોટાભાઈને ટી.બી. છે તે જાણ્યું. કેટલા દુ:ખની વાત ! બહુ જ આમતેમ ફરવાથી તબિયતમાં પાછો ઉથલો ખાધો અને અનેક પ્રયાસો ને ઈશ્વરની દયા પછી ઠેકાણે આવેલું શરીર પાછું સપડાયું. માનસિક વ્યગ્રતા પણ ઓછી હશે ? ને તેનું દુ:ખ પણ કેટલું ? શરીર પર તેની અસર કાંઈ ઓછી થાય કે ? મોટાભાઈની લાયકાત વિશે તો કહેવાનું જ શું હોય ? ગયે વર્ષે તો આ વખતે તે સાથે હતા. કેટલી બધી સેવા તેમણે ઊઠાવી હતી ! તેને પ્રેમ પણ પુષ્કળ હતો ! ખાવાનું કરતા, વાસણ સાફ કરતા, પાણી લાવતા, જમાડતા પણ-ને શું શું ના કરતા ! ને આ બધુંયે તેમણે કેવલ પ્રેમને માટે સ્વીકારી લીધું હતું ! કેટલો અજબ તેમનો પ્રેમ હતો ! જો કે મૂળ નાસ્તિક એટલે કે કોઈ વસ્તુને માત્ર શ્રદ્ધાના બળથી માને નહિ કે સ્વીકારે નહિ. વિચારની ચોક્કસ પ્રતીતિ થયા વિના કોઈ વસ્તુને માને જ નહિ. પણ સાથે સાથે એટલુંયે ખરું કે કોઈ વસ્તુ સમજાઈ જાય કે બુદ્ધિમાં ઉતરી જાય તો તેને તરત જ સ્વીકારી લે. તે પછી તેમના હૃદયમાંથી તે કદી જાય પણ નહિ. સારી રીતે ઉછરેલા ને રહેલા છતાં ફક્ત પ્રેમને લીધે કે આવી કો'ક સ્પષ્ટ વિચારની પ્રતીતિને લીધે તેમણે દશરથાચલ પર ખૂબ ખૂબ કામ કર્યું. જે કદી ભૂલી શકાય તેમ નથી.

ગયે વર્ષે આ દિવસ દશરથાચલ પરના દિવસોનો છેલ્લો દિવસ હતો. દેહાતીત અવસ્થાની એક જુદી જ વિલક્ષણ દશા આ દિવસે પ્રાપ્ત થઈ હતી. તે વખતે આ શરીર પહાડની એક ચોટી પર સુતેલું જેવું હતું. સૂર્યના તાજાં પ્રખર કિરણો તેના પર પડતાં હતાં. આખાયે શરીરમાં એક પ્રકારની અજબ સ્ફૂર્તિ હતી. 'સર્વ કાંઈ ઈશ્વર છે, વાસુદેવ છે', એ ભાવના અનુભવાતી હતી એટલે તેનો આનંદ પણ ઓર હતો. એકાએક મન નિર્વિકારમાં મળવા માંડ્યું : ભાન થોડું ઘણું હતું તે પણ લુપ્ત થવા માંડયું ને આખરે...બધીયે સુધબુધ જતી રહી. પાંચેક મિનિટમાં જ આ સ્થિતિ પ્રાપ્ત થઈ. શરૂઆતમાં તો ખૂબ ભય જેવું લાગવા માંડયું. શરીરથી મન જ્યારે ઉપર ઊઠે છે ત્યારે શરૂશરૂમાં આમ જ થાય છે, એમ લાગે છે. જાણે કે પડી જવાતું હોય એવો ભાસ થયો. શરીર પહાડની ચોટી પરથી ગબડી પડવાનું હોય, ગબડી પડતું હોય, એમ લાગવા માંડ્યું. મોટાભાઈ પાસે જ બેઠા હતા. કાંઈક લખતા હતા. દેહાતીત અવસ્થામાં જાણે બૂમ પાડી : ભાઈ, પકડો...પકડો...શરીરને પકડી રાખો. તેમણે સાંભળ્યું કે નહિ ખબર ના પડી. પણ શી રીતે સાંભળે ? એ તો દેહાતીત અવસ્થાની બૂમ હતી. ત્રણ-ચાર કલાક એ અવસ્થામાં વહી ગયા હશે. ભાન આવ્યું ત્યારે જોયું તો મોટાભાઈ એમ જ હતા : લખવામાં પ્રવૃત્ત હતા. તેમને જાણે કાંઈ ખબર જ ન હતી.

આ દશરથ પરનો છેલ્લો દિવસ હતો. તેનો આનંદ પણ અજબ હતો. તે સાચે જ એક યાદગાર દિવસ હતો. આ પછી બીજે જ દિવસે સવારે નીચે આવવાનું થયું. મૌન હજી પણ ચાલુ જ હતું. જીવનના

યાદગાર દિવસોમાં ૯ જાન્યુ. (ઋષિકેશ ૧૯૪૧ નો અનુભવ દિવસ) ને ૧ જાન્યુ. એમ બે દિવસો વિશેષ મહત્વ ધરાવે છે.

તારો કાર્યક્રમ કેવોક ચાલે છે ? ધ્યાનાદિ કેમ થાય છે ? કાંઈ વાંચન ચાલે છે કે નહિ ? દસ દિવસની નોંધ લખવાનો વિચાર કરેલો તેનું શું થયું ? કૃષ્ણની પ્રતિમા રાખી, જાણી ખૂબ આનંદ થયો. શરૂઆતમાં થોડું થોડું ઉઘાડી આંખે ધ્યાન કરવાનું રાખવું વધારે ઉપયુક્ત છે. સાથે સાથે બંધ આંખે પણ ધ્યાન કરતા રહેવું. બંને રીત એકસરખી ઉપયોગી છે; ઉઘાડી આંખે ધ્યાન કરવું કે બંધ આંખે તે બહુ અગત્યનું નથી. અગત્યની વસ્તુ તો પ્રેમ કે ભાવ છે. આ પ્રકટે એટલે થયું. સ્થિતિની અગત્ય કાંઈ વિશેષ નથી. મનની એકાગ્રતા જ મુખ્ય છે. એ અભ્યાસ કરતાં કરતાં પ્રકટે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૩ : જે સાકર ચાખે તેને સ્વાદ સમજાય

દેવપ્રયાગ,

તા. ૮ જાન્યુ. ૧૯૪૪

પ્રિય નારાયણ,

આજે વળી એકાએક વિચાર થતાં અને અનુકૂળતા મળતાં પત્ર લખું છું. ખરેખર, તારી સ્મૃતિ મને વારંવાર રહે છે. તારામાં જે હૃદયશુદ્ધિ, તાલાવેલી ને ભાવના છે તે ક્યાંય દેખાતી નથી, ને તેથી જ આજે પાછો તને કંઈક લખવા પ્રેરાઉં છું. હવે પહેલાંની જેમ લખતો રહીશ.

ઋષિકેશથી મેં તને છેલ્લો પત્ર લખેલો. તે પછી દશરથાચલ રહેવાનું થયેલું. તે વિષે મનુભાઈએ પત્રમાં લખ્યું હશે. બહુ સુંદર સ્થાન હતું. ત્યાં એક માસ રહેવાનું થયું. અત્યારે દેવપ્રયાગ ગંગોત્રીના રસ્તા પર રહેવાનું થયું છે. સાથે મનુભાઈ પણ રહે છે. મનુભાઈ ઋષિકેશથી સાથે થયા છે. સારા ભક્તિભાવવાળા છે. જો કે મારી તદ્દન એકલા રહેવા ઈચ્છા છે પરંતુ ઈશ્વરેચ્છા પ્રમાણે થશે તે સારું જ થશે. મારામાં હજી એવી શક્તિ નથી કે હું બીજાને ઉપયોગી થઈ શકું. અને મારી આજની અવસ્થા જોતાં હું અપરિચિત ને એકલો રહું એ ઠીક જણાય છે. જેવી ઈશ્વરેચ્છા. જગતમાં અનેક સંતપુરુષો થયા છે. મારી વિશેષ પ્રીતિ ને આકર્ષણ રામકૃષ્ણદેવ પર છે. તેઓ ધારે તે કરી શકતા. એવી સ્થિતિ ના આવે ત્યાં સુધી નાનીસૂની વાતોથી આનંદ માનવાનું મારું વલણ નથી. ખરી રીતે તો હજી આધ્યાત્મિક સાધનામાં હું બાળક જ છું. શરૂઆતમાં રમનારો છું. એટલે મારે માટે સમય-શક્તિની ખૂબ જરૂર છે.

અહીં એકાદ માસ રહેવાશે. તારી સ્થિતિ વિષે લખજે.

*

તને ખબર છે કે ૧૯૪૧માં મારું ઋષિકેશ આવવું થયું. તે પછી માતાજીને ઘેર સ્વપ્ન આવેલું. તેમાં શંકર ભગવાને કહેલું કે તું વ્યર્થ શોક શું કામ કરે છે ! તારો પુત્ર કાંઈ તારો નથી. એ તો મારો છે. હું એને લઈ ગયો છું ને હું જ એને પાછો લાવીશ. આ પછી માતાજીને શાંતિ થઈ હતી. માતાજીએ એ વાત ૧૯૪૧માં ઘેર ગયા પછી કરી હતી. પણ તે જ રાતે મેં ૧૯૪૧માં ઋષિકેશથી જે પત્ર લખ્યો હતો તે અનુભવ થયો હતો. તે પછી વિવિધ અનુભવો થતા ગયા. પરંતુ એક વાત દૃઢ રહી કે હું મુક્ત છું. આ વખતે દશરથાચલ જતાં એક નવીન વિચારધારા પ્રકટી કે માતાજીને સ્વપ્ન આપનાર એ શંકર ભગવાન તો એ દિવ્ય વાણી કરનાર પણ તે જ હોવા જોઈએ. અને જો તે સત્ય હોય તો એક વાર ઘેર માતાજીએ મને કહેલું કે ઈશ્વર ઈશ્વર તો બહુ કરે છે : તારામાં એવી શક્તિ હોય તો મને ઈશ્વરનાં દર્શન કરાવ. તે વખતે મેં તો કહ્યું : મારામાં એવી શક્તિ નથી. પરંતુ તે જ રાતે માતાજીને શંકર ભગવાનનાં સ્વપ્નમાં દર્શન થયાં હતાં. તે પ્રમાણે મને પણ દર્શન કેમ ન થાય ? ખાલી મુક્ત માનવાથી શું વળે ? આ વિચારની ચોક્કસ છાપ પડતી ગઈ. તે પછી થયું પણ એમ કે ૧૬ ડીસે. ૧૯૪૩ ગુરુવારે બ્રાહ્મમુહૂર્તમાં ભગવાન શ્રી રામચન્દ્રે ધ્યાનાવસ્થામાં દર્શન આપ્યું. ખૂબ આનંદ થયો. સાકાર દર્શનની ઈચ્છા તથા સમાધિ દશાની પ્રાપ્તિ આ બે વિચાર દશરથાચલ જતા હતા. તે અનુસાર દર્શન માટે વેદના પણ થયેલી. પરંતુ રામચન્દ્રજીનાં દર્શન કરવાં છે એવી ઈચ્છા હતી નહીં. તે

વિષયક સાધન પણ નહિ થયેલું. પરંતુ પ્રભુ પ્રેમી છે, દયાળુ છે. તે પ્રેમને જ જુએ છે. તેમની આવી અપાર, અકારણ કૃપા જોઈ હૃદય ગદગદ થઈ ગયું. આનંદની તો વાત જ શી ! જે સાકર ચાખે તેને સ્વાદ સમજાય.

આ પછી ૨૫ તારીખ સુધીમાં થોડા વિલક્ષણ અનુભવો થયા. ૨૫ તારીખથી એમ થયું કે તદ્દન એકાંત સેવવું ને બને તો એકાંતમાં જ રહેવું. (મૌન તો કુદરતી રીતે જ દશરથાચલ જતાં વાર થઈ ગયું હતું. હજી તે ચાલુ છે. બધે એક ચેતન તત્વનો અનુભવ થતાં હૃદય આનંદના રસથી તરબોળ થઈ જાય છે ને સ્વાભાવિક રીતે જ વાચા અટકી જાય છે. ઈશ્વરેચ્છા હશે ત્યાં સુધી આમ રહેશે.) એકાંતમાં ખાવાનું મનુભાઈ મૂકી જતાં. મનુભાઈએ આ દરમ્યાન સારો ભાવ બતાવ્યો. આ દરમ્યાન પેલો વિચાર નિશ્ચયરૂપે પરિણત થયો કે શંકર ભગવાનનાં દર્શન ન થાય ત્યાં સુધી આ ઓરડાની બહાર નીકળવું નહિ. લોકો ધન, ધરા ને રમાને માટે હતા-ન હતા થઈ જાય છે, આંસુના ઘડા છલકાવે છે. આપણે આ ઉચ્ચ આદર્શને-જગતના જીવનને-માટે પ્રાણાર્પણ કરીએ એ આપણું ભાગ્ય ક્યાંથી ? વળી એક વાર તો આ શરીર જીર્ણ થશે જ ને ભસ્માવસ્થાને પ્રાપ્ત થશે તો તે ભગવાનને માટે પડે એ જ ઉત્તમ છે. જ્યારે કોઈક સાંભળશે કે અમુક પ્રેમીએ ભગવાનને માટે શરીર છોડવું પડ્યું ત્યારે તે ભગવાન પર હસશે કે અહા, આમ કહેવાય છે તો દીનદયાળ, ને એક આવો બાલક કે જે ધન, વૈભવ, વૈકુંઠ, સ્વર્ગ કે મોક્ષ પણ ઈચ્છતો ન હતો, અરે તારી મધુર વાણી પણ માગતો ન હતો, તારું દર્શન જ માગતો હતો, તેને તેં તૃપ્ત ન કર્યો ? આ બધા વિચારો સાથે આંખમાંથી આંસુની ધારા ચાલી જતી હતી. વ્યાકુળતાની તો વાત જ શી કરવી ! બુદ્ધદેવ યાદ આવ્યા. આમ તો જેમ રામકૃષ્ણ તેમ તે પણ અવતાર જ ગણાય છે. તેમનું દર્શન પહેલાં થયું હતું. પણ મારે તો શંકર ભગવાનને જ જોવા હતા. આગલે દિવસ રાતે સ્વપ્નમાં તેમનો કરાલ સર્પ પણ દેખાયો હતો. ગમે તેમ, બે દિવસ એમ જ ગયા. ત્રીજે દિવસે ભોજન છૂટી ગયું. સ્પષ્ટ વિચાર હતો કે દર્શન ન થાય ત્યાં સુધી જમવું નહિ-જમવું ગમે જ ક્યાંથી ? ભલે એમ જ કાયા પૂરી થાય. આખો દિવસ પહેલાના બે દિવસ કરતાં વ્યાકુળતા વધારે રહી. પાછળથી એ વિષે વિચાર છોડી દેવાનો વિચાર થયો. થયું કે એમને આવવું હશે તો આવશે. મારે શું ? શંકર ભગવાનનાં આશુતોષપણા પર તે પહેલાં કાવ્યો લખાયેલાં. વિચાર થયો કે આજે દર્શન ન થાય તો સવારે તે ફાડી નાખવાં. ત્રણ દિવસમાંનો એ છેલ્લો દિવસ હતો. (જ્ઞાન ભાવ દબાઈ ગયો હતો. નહિ તો હું મુક્ત જ છું, એમ જ રહેત ને આવો પ્રબળ ભક્તિભાવ જાગત નહિ ) રાત થઈ. સુઈ જવા વિચાર કર્યો. ઊંઘ આવી નહિ. પ્રાર્થના શરૂ કરી. આ પછી શું થયું તે ખ્યાલ નથી. લગભગ ૧૦-૧૧ વાગ્યા હશે. સ્થિતિ ખૂબ બદલાઈ હતી. તે વખતે મન કોઈ આકાશી પદાર્થની જેમ ઊડ્યું. ને તે પછી ? તે પછી શું તે કહેવું પડશે ? પદ્માસનસ્થ, કૌપીનધારી, વ્યાઘ્રચર્મ શોભિત, ભગવાન શંકર...ભગવાને કૃપા કરી ! આનંદ આનંદ થઈ રહ્યો. એક જ રાત હતી, અરે થોડા જ કલાક, પણ ભગવાને લાજ રાખી. મારી ને તેમની બેઉની. રાતે કરતાલથી ખૂબ કીર્તન થયું. આ પછી કૃષ્ણ ગોપિકાની પ્રારંભિક રાસલીલા શરૂ થઈ, કેમ કે તે પણ જોવા ઈચ્છા હતી. પરમહંસ દેવનાં વચન આ રહ્યા : કલિયુગમાં ઈશ્વરદર્શન માટે ફક્ત ત્રણ દિવસ પૂરતા છે, જાણે તેની જ પ્રતીતિ થઈ.

આખી રાત ઊંઘ તો ક્યાંથી આવે ? હૃદય ખૂબ આનંદથી ગદગદ્ હતું. 'અહા પ્રભુની કરુણા, દીનદયાળુતા ! ભક્તવત્સલતા ! મનુષ્યની તાકાત શી છે કે તે તેમને પ્રેમથી બાંધી શકે ? તેમને જોઈ શકે ?

તેમની પોતાની દયા વિના કાંઈ બને નહિ. તને, લખાઈ જાય છે, હર્ષ થશે કે જેમના પર મારો પ્રથમથી જ ખૂબ ભક્તિભાવ રહ્યો છે ને જેમને જોવા ઈચ્છા પણ હતી તે પરમહંસદેવે પણ કૃપા બતાવી દર્શન દીધાં છે. (ઋષિકેશમાં)

એ સિવાયના કેટલાક અદભૂત ને વિલક્ષણ અનુભવોની વાત લખીશ નહિ, ને પૂછીશ પણ નહિ. કેમ કે એવી વાતો સર્વ સાધારણ સામે પ્રકટ કરવી ઠીક નથી. ફક્ત આ બે ત્રણ વસ્તુઓ મારા વ્હાલા પતિતપાવન પ્રભુની દયા બતાવવા ને મારું નહિ પણ તેમનું ગૌરવ વધારવા તારો અનુપમ પ્રેમ જોઈને લખી છે. મારા જેવો નિર્બળ ને તે પણ સાકારનાં દર્શન કરવા વિશેષ પ્રયત્ન નહિ કરનારો, તેને જ્યારે વય, યોગ્યતા, વગેરે કોઈ વસ્તુને ધ્યાનમાં લીધા સિવાય પ્રભુએ કૃપાવૃષ્ટિથી રસબોળ કર્યો તો જે વિશુદ્ધ મન હોઈ ભક્તિનું જ સાધન કરશે. તેને તો શું નહિ મળે ? જેનો દરબાર દીનને માટે ને શરણાગતોને માટે હરહંમેશ ઉઘાડો છે, એવા પ્યારા પ્રભુનો જય હો ? પ્રેમ એ જ પર્યાપ્ત છે. પ્રેમ આગળ કોઈ બીજી વસ્તુની ઈચ્છા રહે તો સમજવું કે પ્રેમ પ્રકટ્યો નથી. એ પ્રેમ જ આપણે તો માગીએ. જગત આખુંય એ પ્રિયતમનું, પરમ આત્મદેવનું મંદિરિયું છે. તેમાં રાતદિન તેનામાં જ જીવવું, તેનો જ અનુભવ કરવો ને રહે ત્યાં લગી શરીરમાં પ્રેક્ષક જેમ રહેવું, એ જ એક આનંદ છે.

*

મુખ્ય વાત હૃદયની શુદ્ધિ ને શરણાગતિની છે. અશુદ્ધ હૃદયમાં તો મનુષ્ય પણ પગ મૂકતાં અચકાય છે ! અને જે આપબળે તેને જોવા ઈચ્છે, મથે, તેને તે મળે નહિ. તેને ઉલટી કેટલીક જવાબદારી વહોરવી પડે. જે તેના જ પર બધો ભાર મૂકી દે ને હે પ્રભુ, હું તારે શરણે છું, એમ કહી જે તેના ચરણનો જ આધાર લે, તેનો બધો ભાર તેને વહોરવો પડે છે. ને તેને સફળ પણ કરવો પડે છે. કેમ કે તેમાં તેની જ મોટપ-નાનપનો પ્રશ્ન રહેલો છે. આ જ શરણાગતિનું રહસ્ય છે. સર્વધર્માન્ પરિત્યાજ્ય મામેકં શરણં વ્રજ !

પણ હું તો કહું છું પ્રેમ પ્રકટવા દો. હૃદય શુદ્ધ થતાં ને પ્રેમ પ્રકટતાં બધે તેનું પ્રતિબિંબ પડશે. ને સૌન્દર્ય, દયા, પ્રેમ ને માધુર્ય રૂપે રહેલો ઈશ્વર સર્વ સ્થળે દેખાશે-અનુભવાશે આનો આનંદ ભારી હશે. આના રસમાં શરીર પણ વિસરાશે. આ જ આત્મસાક્ષાત્કાર, જીવનમુક્તિ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૪ : ધીરજપૂર્વકની સતત સાધના

ઋષિકેશ,

તા. ૨૧ જાન્યુ. ૧૯૪૫

પ્રિયતમ રામ, આત્મન્

ગઈ કાલે તારો પત્ર મળ્યો. વાંચી ઘણો જ આનંદ થયો.

પત્રમાં તેં તારી સ્થિતિ વિશે આ લખ્યું છે. પ્રેમીના હ્રદયની સ્થિતિ અનેરી હોય છે. તેની આંખમાંથી અશ્રુ વહેવા માંડે છે, પ્રેમીનું નામ સાંભળતાં તે નાચવા માંડે છે, આનંદ પામે છે. પણ ભાવનો ખૂબ જ અતિરેક થતાં તે શૂન્યમનસ્ક જેવો પણ બની જાય છે. ને લાગણીથી પર જડ હોય તેમ બેસી રહે છે. આ પણ પ્રેમીની એક મનોદશા છે. પણ શરૂઆતના સાધકોને માટે તે દશા દરેક વખતે પ્રેમમાંથી જન્મેલી નથી હોતી. તેમને માટે તો તે લાગણી વિનાની જ દશા અથવા પ્રેમ વિનાની દશા જ હોય છે. આનું કારણ હ્રદયમાં પૂર્ણ પ્રેમ પ્રકટ્યો નથી તે જ છે. સંસારનો થોડોક પણ રસ રહી જાય ત્યાં સુધી ઈશ્વરનો પરમ પ્રેમ પોતાની પૂર્ણ કલાથી જીવનમાં પ્રકટી શકે નહિ. આ પ્રેમ પ્રકટે તો થઈ રહ્યું. જીવન ધન્ય બની જાય. આનંદની તો ખામી જ ના રહે. સંત પુરુષો કે પ્રેમી આત્માઓના જીવનના મનનથી પ્રેમ ખીલે છે ને મદદ મળે છે. બને તેટલો વધારે સમય નામસ્મરણ કરવાથી પણ પ્રેમનો વેગ વધે છે.

અહીં માતાજી, તારા, સૌ કુશળ છે. સાતેક દિવસ અહીં રહેવાનું થશે એમ લાગે છે. પછી વડોદરા થઈ ઉત્તર તરફ જવાનો વિચાર છે. શરીર હવે સારું છે.

ધ્યાનાદિ નિયમિત ચાલુ રાખવું. એ બધી વસ્તુઓ એવી નથી કે એકાદ બે દિવસમાં જ તેનું ફળ પ્રાપ્ત થઈ જાય. એને માટે ધીરજપૂર્વકની સતત સાધના જોઈએ. ઈશ્વરની કૃપાની પણ તેટલી જ જરૂર છે. લાંબા વખતના સતત સાધન પછી ઈશ્વરકૃપા થાય છે ને તેનું પરિણામ ખુબ જ મોટા પ્રમાણમાં જણાય છે. ત્યાં સુધી સાધકે પ્રયાસમાં લાગ્યા રહેવું જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૫ : જીવનની ધન્યતા

ઋષિકેશ,

તા. ૨૧ ફેબ્રુ. ૧૯૪૫

પ્રિય આત્મન્ (બાબુભાઈ)

તારો પ્રેમભર્યો પત્ર પણ મળ્યો. વાંચી આનંદ થયો જે થોડાક વિશિષ્ટ આત્માઓ આ શરીર પર પ્રેમ રાખે છે તેમાં તું પણ છે. બહુ જ થોડા વખતમાં તારો સંબંધ ખૂબ ખૂબ દૃઢ બન્યો છે. એ તારી યોગ્યતા જ બતાવે છે.

તારામાં વ્યાકુળતા વિશેષ લાગે છે. પણ એકલી વ્યાકુળતાથી ચાલશે નહીં. ધીરજ પણ જોઈએ. માણસે સાક્ષાત્કાર કે દર્શનને માટે બહુ ઉતાવળા ના થવું. પ્રેમનો પરમ આસ્વાદ એ જ જીવનની ધન્યતા છે. તે પ્રેમની વિશેષ ને વિશેષ અનુભૂતિમાં જ સંતોષ હોવો જોઈએ. પ્રેમ પ્રાપ્ત થાય તો બીજા કયા ઈશ્વરની ઈચ્છા રહે ? પ્રેમ જ પરમ ઈશ્વર છે. કદાચ કોઈની કૃપાથી દર્શન આદિ થઈ ગયું તો પણ પ્રેમ નહિ હોય તો તેવા જીવનમાં આનંદ શો ? પ્રેમ પ્રકટાવો, ઈશ્વર તો એની મેળે આવશે. તે આવ્યા વિના રહી શકતો જ નથી. કમલ ખીલે એટલે ભ્રમર તો આપોઆપ આવે. તેમને કાંઈ બોલાવવા પડે નહિ. તેવું જ ઈશ્વરનું છે. એટલે મૂળ વાત એ છે કે પ્રેમ પ્રકટાવવો, પ્રેમમય થવું. પ્રેમમાં જ મસ્ત રહેવું. આ પ્રેમ હૃદયમાં પ્રકટાવવો, તે મય થવું, ને તેને જગતના પ્રત્યેક સ્વરૂપમાં જોતાં શીખવું અને એ રીતે એકત્વનો અનુભવ કરવો એ જ સાક્ષાત્કાર છે. આ પ્રેમ પ્રકટે તો તમે ગમે તે રીતે તેનું દર્શન કરી શકો છો ને ન કરો તો પણ માત્ર આ પરમાનુભવથી જ શાંત ને કૃતકૃત્ય બની શકો છો.

આ પ્રેમ સંતમહાત્માઓના જીવનના પરિશીલનથી તેમ જ ઈશ્વર પ્રણિધાનથી હૃદયશુદ્ધિ થતાં પ્રકટે છે.

સાધકે હમેશાં ધીરજ રાખવી જોઈએ. અક્રોધ એ ખૂબ ઉંચો ગુણ છે. પણ સંસારમાં તેટલાથી ના ચાલે તો કુંફાડો રાખવાની જરૂર છે. તેથી કાંઈ બગડી જતું નથી. જો કે કુંફાડો પણ ના રાખવો પડે એ વધારે સારી સ્થિતિ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૬ : અંતિમ ધ્રુવસ્થાન

દેવપ્રયાગ,

તા. ૨-૪-૧૯૪૫

પરમ પ્રિય,

તારો પત્ર છ-સાત દિવસથી મળ્યો હશે. અહીં રહેવાનું અનિશ્ચિત હતું એટલે ઉત્તર લખ્યો ન હતો. હવે નિશ્ચિત છે ને તે પ્રમાણે આગલા ઓછામાં ઓછા બે-ત્રણ માસ અહીં જ રહેવાનું થશે. ત્યાં આપણે આશ્રમ સંબંધી વાત થઈ હતી. અહીં આવ્યા પહેલાં ચક્રધરજીને પણ એ વિચાર થયો હતો, ને તેમણે અહીં એક સરસ સ્થાન શોધ્યું છે. એકાંત, ઝરણાની પાસે-પર્વતની ગોદમાં, ગામથી દૂર. ખૂબ જ સુંદર સ્થાન છે. આ તરફ એવું સ્થાન મળવું મુશ્કેલ છે. જમીન બહુ જ વિશાળ છે. હાલ તો તેમણે તે લીધી છે. ત્યાં હાલ તુરત માટે એક કુટીર બની રહી છે. જે છ-સાત દિવસમાં પૂરી કરાઈ જશે. તે પછી ત્યાં જ રહેવાનું થશે. આશ્રમ માટેની યોજના અનુકૂળતા હશે તો શિયાળામાં થઈ શકશે. કેમ કે ચોમાસામાં મકાન થઈ શકે નહિ. અહીંની પરિસ્થિતિ પ્રમાણે સુંદર આશ્રમ દસ હજાર સુધીમાં તૈયાર થઈ શકે. હમણાં જે કુટી બની રહી છે તેનું ખર્ચ ૩૫૦ થશે ને જમીનને માટે તેમને ૨૦૦-૨૫૦ આપવા પડ્યા છે. એટલે કુલ ૬૦૦-૭૦૦ નું ખર્ચ થયું છે. ભગવાન જે કરે છે તે સારાને માટે જ કરે છે. પણ...આપણો વિચાર એ છે કે આપણે આ ખર્ચનો ભાર તેને માથે પડવા દેવો જોઈએ નહીં. હું પૂછું છું કે ત્યાં આગળ તારા મોટાભાઈ જે કહેતા હતા તે ખરેખર કહેતા હતા ? તે શું આ વસ્તુમાં કાંઈ મદદ કરી શકે તેમ છે કે ? એટલે કે કોઈની દ્વારા કાંઈ મદદ કરાવી શકે તેમ છે કે ? ઉપરાંત કોઈ બીજી વ્યક્તિઓ દ્વારા પણ સહાયતા મળે તેવો સંભવ હોય તો તું લખી જણાવજે. આ વખતે ચક્રધરજીનું એ તરફ આવવાનું જરા અનિશ્ચિત છે (આ કામને લીધે જ) છતાં તે આવશે તો એપ્રિલ પછી, કદાચ એપ્રિલ આખરે ત્યાં આવશે. શક્ય છે કે તારું એમનું મિલન તે વખતે ના પણ થઈ શકે કેમ કે તું દેશમાં ગયો હોય. એટલે જો આપણા તરફથી આપણે તેમને આ શુભ કાર્યમાં કાંઈક પણ મદદ કરી શકીએ તેમ હોઈએ તો તે અહીં મોકલવું જ ફાવે. પહેલાં તું પ્રયાસ કરી જોજે ને શું મદદ મળી શકે છે તે લખી જણાવજે. પછી બધું થઈ રહેશે. જો કે તે પોતાના સ્વતંત્ર પ્રયાસથી કાંઈક કરી લેશે યા તો ઈશ્વર એવો દયાળુ છે કે તેને આ શુભ કાર્યમાં સાથ જરૂર આપશે, છતાં પણ આપણાથી બનતી મદદ કરીને જો તેનો ભાર હળવો કરી શકાય તો તે સારું છે. કેમ કે ભાવિમાં આ બીજ કેવા રૂપે ફાલશે તે આપણે શું કહી શકીએ ? આ વસ્તુનો ઉહાપોહ બહુ કરવાનો નથી. તેનો નિર્ણય કરી પત્ર લખવામાં વિલંબ પણ કરવાનો નથી. તને આ ભાર નીચે નિમિત્ત બનાવીને નાખવાનો જરા પણ વિચાર નથી. છતાં કહેવાં જેવું કોઈ આ જગતમાં હોય તો કેટલાય સમયથી જાણે એક તું જ છે. તને જ કહેવાનું યોગ્ય લાગે છે. પત્રની આશા જલદી રાખું છું. તું પણ વિના સંકોચ સત્ય વસ્તુસ્થિતિ રજૂ કરજે. હવે આ પાનું ફાડી નાખીશ તો પણ હરકત નહિ રહે.

અહીં આનંદ છે. જેણે આત્માના પ્રદેશ પર પગ મુક્યો તેને આનંદ નહિ તો બીજું શું હોય ? દેવપ્રયાગ પહાડની વચ્ચે વસેલું છે. બે બાજુ ગંગા છે. એટલે સુંદર લાગે છે. પણ પહાડ હોવાને લીધે જરા તપે પણ છે.

હમણાં તો પરીક્ષાની ધમાલ ચાલતી હશે. બાબુભાઈની પણ પરીક્ષાઓ ચાલતી હશે. મનુષ્યની સાચી પરીક્ષા જીવનની મધ્યમાં થાય છે. એકાંત મનુષ્યને વિચારશીલ ને ગહન બનાવે છે એ સાચું. પણ કસોટી તો વ્યવહાર જ કરે છે. વ્યવહાર એ એક આગ છે ને પ્રત્યેક આત્માએ તેમાંથી કંચન થઈને બહાર આવવું જ જોઈએ એ એક નિર્વિવાદ સત્ય છે. માન ને અપમાનની સમતા, સુખ ને દુઃખ, સમયની અવિચલિત નિષ્ઠાવૃત્તિ, કામ-ક્રોધના આવેગને સહન કરવાની શક્તિ, બધુંયે વ્યવહારમાં પ્રાપ્ત થાય છે. ક્ષમા, દયા, સંયમ, બધાની ખરી કસોટી વ્યવહાર કરે છે. પણ હા, જે મનુષ્ય જડ જેવો છે ને સાવધ નથી, તેમ જ જેને જીવનના ચરમ વિકાસની ઈચ્છા નથી, તે તો એ આગમાં ક્યાં જતો રહેશે એ સમજવું મુશ્કેલ છે, ને તેની રાખનો પણ પત્તો લાગવો કઠિન પડશે. અસાવધ મનુષ્ય હમેશાં ફસાય છે; સાવધ જીતે છે. જીવનના સંગ્રામમાં પણ જે હરક્ષણે સાવધ છે, હરેક પ્રસંગે વિચારી વિચારીને ચાલે છે, તે જ જીતી શકે છે. શાંતિ પણ તેને જ પ્રાપ્ત થાય છે. શાંતિ એ કાંઈ કોઈ એકનો જ ઈજારો નથી. એકાદ બુદ્ધ, એકાદ ઈશુ કે એકાદ સોક્રેટિસનો જ અધિકાર નથી. બુદ્ધ, ઈશુ ને સોક્રેટીસ એ શું છે ? પ્રેમ, જ્ઞાનની તીવ્ર ઈચ્છા ને સત્યને માટે મરી ફીટવાની ને સત્ય જ આચરવાની ઈચ્છા. જે કોઈ એવું બને તે પણ બુદ્ધ થઈ શકે છે. શાંતિ પ્રાપ્ત કરી શકે છે. અને શાંતિ તો સર્વ કોઈનું લક્ષ્ય, અંતિમ ધ્રુવસ્થાન છે !

☼ ☼ ☼ ☼ ☼



## પત્ર ૩૭ : મનુષ્યજીવનની ઈતિશ્રી

દેવપ્રયાગ,

તા. ૨૪-૪-૧૯૪૫

પરમપ્રિય ભાઈ,

તારો પત્ર પાંચેક દિવસ પહેલાં મળેલો. વાંચી આનંદ થયો. શરીર સારું છે. દેવપ્રયાગ એ પહાડોની તળેટીમાં વસેલુ મોટું ગામ છે. આજુબાજુ પહાડો હોવાને લીધે સુંદરતા વિશેષ લાગે છે. વળી એ સુંદરતામાં વધારો કરતી અહીંની બે સરિતા છે - અલકનંદા ને ભાગીરથી. બંનેનો સંગમ અહીં થાય છે ને અહીંથી તે ગંગા કહેવાય છે. આ સંગમને લીધે દેવપ્રયાગનું મહત્વ વિશેષ ગણાય છે. સંગમને આપણા પ્રાચીન ઋષિઓએ પૂજ્યા છે, તેની પાસે તપસ્યાનાં સ્થાનો નિર્માણ કર્યા છે, ને તેને અલૌકિક દૃષ્ટિથી જોયા છે. અત્યારે બદરીનાથ યાત્રા શરૂ થઈ ગઈ છે એટલે ઘણા માણસો યાત્રામાર્ગ પર સવારથી સાંજ સુધી આવતાં હોય છે.

વરસાદ એ આ પહાડી પ્રદેશની એક વિશિષ્ટતા ને શોભા છે. માનવજીવનના અનેકવિધ રંગોની જેમ આકાશ અહીં અનેક રંગો ધારણ કરે છે. ઘડીમાં પ્રસન્ન બાળક જેવો સૂર્ય પ્રકટે છે, તો ઘડીમાં વાદળ છવાઈ જાય છે. ઘડીમાં તાપ હોય છે તો ઘડીમાં વળી ગડગડાટ શરૂ થાય છે ને વરસાદ વરસે છે ! વળી સૂર્ય પ્રકટે છે. આવી આવી કુદરતની વિચિત્રતા એ આ પ્રદેશની શોભા છે. ઉઘાડી આંખવાળો માણસ જીવનનાં અનેક ગૂઢતમ રહસ્યોને આ શિક્ષાદાયી કુદરત પાસેથી શીખી શકે છે.

ત્યાં દિવસો કેમ પસાર થાય છે ? ઈડર પણ પર્વતીય પ્રદેશ છે. મંદિરો ને તીર્થસ્થાનો ત્યાં પણ અનેક છે. ત્યાં બધાં કુશળ હશે.

ભગવદ્ ગીતા વંચાય છે કે ? ગીતાનું અધ્યયન ને મનન મનુષ્યને હમેશાં સત્યાભિમુખ રાખે છે. તે તેનામાં એક પ્રકારનું અમૃત ભરી દે છે, જેને પ્રાપ્ત કરીને મનુષ્ય સાંસારિક વિષ સામે, લાલસા ને વિષયો સામે, સહેલાઈથી ટકી શકે છે. મનુષ્યજીવનનું ધ્યેય જે બીજા ધર્મો ને શાસ્ત્રોને સંમત છે તે ગીતા પણ વારંવાર રજૂ કરે છે. ગીતામાં જીવનના ત્રણ મહત્વના મુદ્દાઓ વિશે વારંવાર વ્યાખ્યાન આવે છે. એક તો મનુષ્ય જે સાંપ્રત સ્થિતિમાં છે, વિષયના દાસત્વમાં છે, તે પામરતા અથવા તો આસુરી સંપત્તિમાંથી તેણે દૈવી સંપત્તિમાં આવવું જોઈએ, વિષયના સ્વામી થવું જોઈએ, કામ, ક્રોધ, લોભ, માન-અપમાન, સ્તુતિ-નિંદા વિગેરેથી અવિચલ રહીને દયા, પ્રેમ ને નિષ્કામ સેવા-કર્મના પ્રતીક બનવું જોઈએ. આ જીવનની પહેલી આવશ્યકતા. સારીયે યૌગિક ક્રિયાઓ ને જ્ઞાન-ભક્તિની સાધનાઓ આની અંતર્ગત આવી જાય છે. તે પછી તેવી દૈવી સંપત્તિ દ્વારા જે પવિત્રતા પ્રાપ્ત થાય તે પવિત્રતા દ્વારા સર્વમાં એકાત્મનું દર્શન કરવું- અભિન્નતા જોવી-આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું; ને છેલ્લે તે જ્ઞાનની દૃઢતા કેળવવી, તેની નિષ્ઠા કરવી. ગીતામાં આ ત્રણ મુદ્દાઓ વિશે વારંવાર ચર્ચા ને વર્ણન આવે છે, ને મનુષ્યજીવનની ઈતિશ્રી પણ આમાં જ છે.

હજી સુધી કુટિ તૈયાર થઈ નથી. વચ્ચે મજૂરોનો ઉત્સવ હોવાથી મોડું થયું છે. એટલે રહેવાનું હમણાં ચક્રધરને ત્યાં જ છે. ચક્રધરનું ઘર પણ અલકનંદાના તટ પર હોઈ બહુ જ સુંદર છે. સામે સંગમનું દર્શન ગમે ત્યારે કરી શકાય છે.

ઈશ્વર શું શા માટે કરે છે તે જાણવું ને સમજવું સામાન્ય મનુષ્યબુદ્ધિની બહાર છે. ગુજરાતનો પ્રવાસ ખૂબ જ રસમય ને યાદગાર નીવડ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૮ : હૃદય શુદ્ધિ

દેવપ્રયાગ,

તા. ૮-૫-૧૯૪૫

પ્રિય ભાઈ,

મુંબઈનો તારો પત્ર મળ્યો હતો. તે પછી ઘરના સરનામે એક પત્ર લખેલો. તે મળ્યો હશે.

શ્રી ચક્રધરજી અહીંથી ૧૫-૨૦ દિવસ થયા આકસ્મિક નીચે ગયા છે. લગભગ દસ દિવસથી મુંબઈ-દાઉજી મંદિર ભુલેશ્વરમાં છે. તેમનું કાંઈ નિશ્ચિત નથી. કદાચ આ તરફ આવનાર કોઈ યાત્રી હશે તો પાંચ સાત દિવસમાં જ પાછા વળશે. ઈચ્છા હતી કે તમારા બંનેનો મેળાપ થાય તો સારું. પણ તેમને જવાનું આકસ્મિક જ થયું. એટલે શું થાય ? હવે ઈશ્વર ઈચ્છે ત્યારે ખરું.

અહીં શ્રી ચક્રધરજીએ પસંદ કરેલી જગ્યા પર એક કુટી હાલ તૈયાર થઈ ગઈ છે. પરંતુ રહેવાને હજી ત્યાં રાખ્યું નથી. આવતી કાલથી ત્યાં રહેવાનું થશે. આ વખતે બદ્રીનાથ તરફ થઈને બની શકે તો કૈલાસ જવાનો વિચાર છે. પરંતુ ચક્રધરજી આવશે ત્યારે બધું નક્કી થશે. હમણાં તો અનિશ્ચિત છે.

શરીર સારું છે.

ત્યાં કેમ ચાલે છે ? અમુક વિકાસ પર જ્યાં સુધી માનવ હૃદય સ્થિત થતું નથી ત્યાં સુધી તેની અંદર યુદ્ધ ચાલ્યા કરે છે. કદીક ધીરું તો કદીક વેગથી. કેમ કે દૈવી (સારી) ને આસુરી (ખરાબ) બંને વૃત્તિઓ હૃદયમાં છે ને બંને પોતપોતાની રીતે પ્રબલ છે. જેનામાં સંયમ નથી તેનામાં આ વૃત્તિઓને પારખવાની ને તેમાંથી પોતાનો માર્ગ મેળવવાની શક્તિ રહેતી નથી. તે વૃત્તિઓનો દાસ થઈ રહે છે. આવું થાય ત્યાં સુધી માનવને માટે આશા ઓછી છે. કયી દિશામાં ક્યાં સુધી તે પહોંચશે તે કહેવું મુશ્કેલ છે. પણ વૃત્તિઓનો જય થઈ એક ચોક્કસ અવસ્થા પ્રાપ્ત થતાં હૃદય પર વૃત્તિઓની શક્તિ રહેતી નથી. વૃત્તિઓ પર આત્માની શક્તિ રહે છે ! તે પછી મનુષ્યને પરિસ્થિતિની બીક નથી. આ સંઘર્ષ જીવનમાં ને જગતની ઘટમાળમાં જ શક્ય છે. જંગલમાં આ પરીક્ષા નથી. કહો કે બહુ ઓછી છે. એટલે જગતની વૃત્તિઓ-અનેકવિધ વસ્તુઓ વચ્ચે રહીને જેણે પરીક્ષા આપી છે, વૃત્તિઓને દાસી બનાવી છે, તેની શક્તિ સાચી છે, કદી ડગે તેમ નથી. આજ સાચી હૃદયશુદ્ધિ છે. ને હૃદયશુદ્ધિ એ કોઈ પણ ધર્મ કે ક્રિયાની ચાવી છે. સર્વ સાધનાની પાછળ હૃદયશુદ્ધિ જ અપેક્ષિત છે. મનુષ્યને શાંતિ પણ આ હૃદયશુદ્ધિથી જ મળે છે.

એટલે જીવનના પ્રત્યેક પ્રસંગ પ્રત્યે સાવધ રહી તેની પરીક્ષા જરૂરી છે. ને તે પ્રત્યે જાગૃત રહી હૃદયશુદ્ધિ મેળવવાની છે. તેમ જ તેને કસવાની છે.

માતાજીને પત્ર લખ્યો હતો કે ? માતાજી હમણાં અમદાવાદ જઈ આવ્યાં. ભગવાનની લીલા અપાર છે. દુનિયામાં સત્ય કરતાં અસત્ય વધારે પૂજાય છે, ને માણસોનો સ્વભાવ પણ કંઈક પરંપરાગત એવો થઈ ગયો છે કે તેમને અસત્ય જ વધારે પસંદ પડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૩૯ : ધ્યેય અને ધ્યેયની દિશા

દેવપ્રયાગ,

તા. ૨૫ જૂન, ૧૯૪૫

પ્રિય નારાયણ,

આગલો પત્ર મળ્યો હશે. ત્યારબાદ બાબુભાઈનો પત્ર મળ્યો. તેના ઉત્તરમાં એક પત્ર આની સાથે જ લખ્યો છે.

શ્રી ચક્રધરજી બદરીનાથથી સાતેક દિવસ થયાં આવી પહોંચ્યા છે. હવે અહીં વરસાદ શરૂ થઈ ગયો છે. વરસાદ એ એવી વસ્તુ છે જે કુદરતને જુદી જ શોભા પ્રદાન કરે છે. જ્યારે વરસાદ પડે છે ત્યારે અહીં આજુબાજુના પહાડો લીલાછમ થઈ જાય છે. વૃક્ષો ને પુષ્પો સઘળામાં એક પ્રકારનું નવજીવન છવાઈ જાય છે. અહીંની શોભા તે વખતે અનેરી જ થઈ જાય છે. અને અહીંના આનંદનું તો પૂછવું જ શું ? સ્વર્ગ જેવું વાતાવરણ વ્યાપી રહે છે. રાત્રિની ચાંદની, પ્રભાતનો પ્રથમ એવો સૂર્યોદય ને સંધ્યાકાળની રાત્રિમાં પ્રત્યેકને અહીં પોતપોતાની અભિનવ શોભા છે. આ પરથી આ સ્થાનમાં કેટલો આનંદ હશે તે તું કલ્પી શકશે.

શરીર સારું છે. તારું શરીર કેમ છે ? સ્કૂલની પ્રવૃત્તિ તો છોડી દીધી. હવે સમય કેવી રીતે પસાર થાય છે ?

જીવનના વિકાસને માટે એક વસ્તુનું ખૂબ જ ધ્યાન રાખવાનું છે. એક તો દૃઢ ઈચ્છા. પછી દૃઢ ને અનવરત પ્રયત્ન ને ધ્યેયની દિશા. જીવનની સમુજાત સાધનામાં પડતાં પહેલાં માણસે ધ્યેયની દિશા ને ધ્યેય નક્કી કરી લેવાની જરૂર છે. અન્યથા ઉલટે માર્ગે ચાલ્યા જવાનો કે વચમાં જ રોકાઈ જવાનો ભય છે. પ્રત્યેકના જીવનમાં નાનાંમોટાં અનેક ધ્યેય હોઈ શકે. પરંતુ જીવનનું એકમાત્ર સાચું ધ્યેય તો આત્મદર્શન જ છે. વાસના ને વિષયથી આસક્તિની નિતાન્ત નિવૃત્તિ એ તેની દિશા છે. સાધારણ રીતે પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સારી ને નરસી, દૈવી ને આસુરી શક્તિઓનો સંઘર્ષ ચાલે છે. કેટલીક વાર દૈવી વૃત્તિઓ માણસને ભાવાન્વિત કરી દે છે. કેટલીક વાર આસુરી વૃત્તિઓની શક્તિ નીચે તે ઝડપાય છે. આત્મદર્શન નથી થતું ત્યાં સુધીની આ સાધારણ અવસ્થા હોય છે. જીભ વગેરે ઈન્દ્રિયોના સ્વાદ તથા મનોભોગ એવાં પ્રબળ છે કે તે મનુષ્યને પશુ કરી દે છે. જાગૃત માણસ તે વાસનાને હલકી કરી શકે છે, પણ તેનો સ્વાદ નિર્મૂલ કરવો એ ઘણું જ કઠિન કામ છે. પણ આ પણ સાચું છે કે પ્રત્યેક શ્રેયાર્થીને આ સંઘર્ષમાંથી પસાર થવું જ પડશે ને તેમાં વિજયી પણ થવું પડશે. સંસાર એ આ મહાકાર્યની પાઠશાળા છે. તેમાં કસાયેલો મનુષ્ય સો એ સો ટકા સોનું થઈને બહાર આવે છે.

ચાર-પાંચ દિવસ પર અહીં એક હિંદી ભાઈ આવેલા. નાગપુર તરફના રહેવાસી હતા. ચક્રધરજી સાથે શ્રી બદરીનાથની યાત્રા કરી આવ્યા હતા, આશ્રમમાં બે દિવસ રહ્યા. અહીંનું વાતાવરણ એટલું સુંદર ને શાંત છે કે હમેશને માટે રહી જવા તૈયાર થયા. પણ તે યોગ્ય ન હતા. એક તો તદ્દન નિવૃત્તિ પચાવી શકે તેવી તેમની શક્તિ ન હતી. બીજું તેમનામાં ઈશ્વર માટે કે આત્મદર્શન માટે તાલાવેલી પણ ન હતી. એ અવસ્થા વિના એકાંત એટલી મદદ ન કરી શકે ને માત્ર આંતરિક આવેગને વશ થઈ એકાંતનો આશ્રય

સ્વીકારી લેવામાં આવે એટલે કે ત્યાગી અથવા નિવૃત્તિપરાયણ જીવન લઈ લેવામાં આવે તો ક્ષણિક રસ મટી જતાં તેવું જીવન માત્ર ઘરેડ થઈ જવાનો પૂરો સંભવ છે. ને તેવી સ્થિતિમાં આવા જીવનથી પોતાનું તેમ જ પારકાનું કોઈનું કાંઈ કલ્યાણ થઈ શકે તેમ નથી. તે ભાઈ અધ્યાપકનું કામ કરે છે. સાથે સાથે સાધન પણ કરશે. એમ કરતાં જ્યારે વૈરાગ્ય પરિપક્વ થશે-ઈશ્વરપ્રેમ તીવ્ર થશે ત્યારે તે જ્યાં હશે ત્યાં ફળ મળશે, ને કોઈ એકાંત સ્થાનનો આશ્રય તેવે વખતે અપરિહાર્ય બનશે તો તેવું એકાંત તેમને શીઘ્ર ફલદાયી નીવડશે. ધીરજનું આ માર્ગમાં બહુ જ કામ છે. ઉતાવળથી કશું જ કામ સરતું નથી. આજે તે ભાઈ ઘેર ગયા છે.

આ સ્થાન આવું સુંદર ને હરેક રીતે અનુકૂળ હોવાથી હમણાં અહીં જ રહેવાનું રાખ્યું છે. ઋષિકેશ તરફ જવાની તો હવે ઈચ્છા પણ થતી નથી. આ પહાડી પ્રદેશનો આનંદ ઓર છે.

શરીર પહેલાં જેવું જ છે કે ? પહેલાં ખૂબ કૃશ હતું. હવે તો વધારે મહેનત કરવાની નહિ હોય તો શરીર તરફ પણ લક્ષ આપવું. આસન કરવા. એમ. એ.માં કયો વિષય લીધો ?

માતાજીને પત્ર લખ્યો તે માતાજીને મળ્યો તેવું તેમણે લખેલું. માતાજીને તેથી ખૂબ જ આનંદ થયો. તેવી જ રીતે કોઈકોઈ વાર લખતા રહેવું.

☼ ☼ ☼ ☼ ☼



## પત્ર ૪૦ : મનનો ખેલ

દેવપ્રયાગ

તા. ૧૯ જૂન, ૧૯૪૫

પ્રિય ભાઈશ્રી બાબુભાઈ,

તમારો પત્ર ગઈ કાલે મળ્યો. ખૂબ આનંદ થયો. તમે દેશમાંથી બે પત્રો લખ્યા હશે પણ તે મળ્યા નથી. ટપાલની અવ્યવસ્થાને લીધે પણ હોય. તમારા સમુન્નત વિચારો જોઈને આનંદ થાય છે. તમારો જન્મ સાક્ષાત્કાર માટે જ છે. સાક્ષાત્કાર કાંઈ મનુષ્યને પ્રાપ્ત કરવાની વસ્તુ નથી, તે તો નિત્યપ્રાપ્ત જ છે. પણ મનુષ્યને તેની પ્રતીતિ થતી નથી. તે થવી જોઈએ. તમને તેવી પ્રતીતિ થતી નથી તો ઓછું આણવાની જરૂર નથી. વિવેકાનંદને પ્રખર આધ્યાત્મિક અનુભવો થયા છતાં રામકૃષ્ણદેવે તેને કહ્યું કે બસ. હવે ચાવી મારી પાસે રાખું છું. સમય આવશે ત્યારે તાળું આપોઆપ ઊઘડી જશે. તેમ તમારું તાળું પણ નિયત સમય પર જરૂર ઊઘડશે. ત્યાં સુધી તમારી દ્વારા જે કાર્ય લેવું હોય તે પ્યારા પ્રિયતમને લેવા દો. બી.એ. નો બરાબર અભ્યાસ કરો. ફિલસુફી તથા સંસ્કૃતમાં સિદ્ધહસ્ત બનો. સાથે સાથે અનુકૂળ સમયમાં ધ્યાનાદિ કરતા રહેવું. ઘણે ભાગે એવું બને છે કે જીવનમાં ઉર્ધ્વારોહણ માટે પ્રબળ આવેગ આવે છે તેને રોકી ન શકવાથી શરૂઆતના સાધકો સંસાર-ત્યાગી થઈ જાય છે. આ લોકોમાં સાચો આવેગ ભાગ્યે જ હોય છે. એટલે સ્વલ્પ સમયમાં જ ત્યાગી જીવનના કષ્ટથી કે સાધનાની નિષ્ફળતાથી તે શમી જાય છે. તેમની પોતાની ગુઢ વાસનાઓ પણ તેમના માર્ગની રુકાવટ બને છે. જેમનો ત્યાગ કુદરતી છે, તેમને તો ઝટ સફળતા મળી જાય છે. આવા પુરુષો પોતે તો આનંદ, શાંતિ, જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, પણ બીજાને તેનો આસ્વાદ કરાવી શકતા નથી. કેમ કે તેમનામાં કેવલ અનુભવ જ્ઞાન હોય છે.

તમારા જેવા શક્તિશાળી યુવકો કેવળ વનવાસી બની પલાંઠી વાળીને બેસી જાય એ મારા હૃદયને જરાય રૂચશે નહીં. તમારા જેવા યુવાનો એકાંત ને તપસ્યા દ્વારા અધિક શક્તિ સંપાદન કરે ને તે દ્વારા હિંદની સમુન્નતિમાં પણ સહાયક બને-હિંદના જ્યોતિર્ધર બને, એ જોવાનું મને ગમશે. એટલા માટે જ અત્યારે મળેલાં સમય ને શક્તિ વધારેમાં વધારે જ્ઞાન (ભલે તે બહારનું રહ્યું) પ્રાપ્ત કરવામાં ખર્ચવા રહ્યાં. આધ્યાત્મિક વિકાસ તો મનુષ્યનો સ્વભાવ જ છે. તે તો થયે જ જાય છે. ને જેણે ઈશ્વર સમર્પણનું રહસ્ય જાણ્યું છે તે પોતાની મુક્તિ માટે ચિંતીત પણ શું કામ રહે ? તેની પાસે પોતાનું એવું છે જ શું ? તે તો નોકર, વેચાયેલો ગુલામ, ભિક્ષુક !

તમારા ને નારાયણ જેવા ઉચ્ચ આત્માઓને સંસાર કે તેની કોઈ પરિસ્થિતિ કાંઈ કરી શકે તેમ નથી. તમારો જન્મ જેને માટે છે તેને જગતની કોઈ પણ સત્તા તિલમાત્ર પણ ફેરવી શકે તેમ નથી. જે ઉચ્ચ શક્તિ દ્વારા તમારું અવતરણ થયું છે તે જીવનના દરેક વાતાવરણમાં તમારી સંભાળ રાખે છે. કોઈ પણ પરિસ્થિતિમાં તેનાથી તમારું અહિત થવું એ સંભવિત જ નથી. એ નિશ્ચયપૂર્વક માનો. ને હમેશાં આનંદમાં રહો. મનને નિર્બળ બનાવીને માણસે જે દીનહીનનો બુરખો ઓઢી લીધો છે તેને તે ખંખેરીને દૂર કરે એટલી જ વાર છે. કેમ કે મુક્તિ ને બંધન, જન્મ ને મરણ, બધો મનનો જ ખેલ છે.

અહીં આનંદ છે. આ સ્થાન ખૂબ જ રમણીય ને એકાંત હોવાથી પ્રિય લાગે છે. એને 'શાંતાશ્રમ' ને 'તપોવન' એવું સુંદર નામ આપ્યું છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૧ : ચિત્તશુદ્ધિ

દેવપ્રયાગ

તા. ૧૭ જુલાઈ, ૧૯૪૫

મારા વ્હાલા આત્મા,

પત્ર તા. ૧૪ જુલાઈને રોજ મળ્યો. વાંચી ખૂબખૂબ આનંદ થયો. આર્થિક પ્રતિકૂળતા નોકરી ના કરવાને લીધે ભોગવવી પડે એ દેખીતું જ છે. મારી આંતરિક માન્યતા ને ઈચ્છા પ્રમાણે તો શિક્ષકના કામ જેવી નોકરી તારે માટે વધારે બાધક ના થઈ પડે. પરંતુ તે છોડી દીધી તો પણ કોઈ બીજું કામ મળી રહે તો લઈ લેવામાં વાંધો નથી. આર્થિક સ્થિતિ તેથી સબળ રહે છે. નોકરીને નોકરી સમજીને કરવામાં આવે તો જ બાધક છે. જીવનની પૂર્ણતાની જે મહાન સાધના છે ને જેને માટે જ વાસ્તવિક રીતે આ જીવન છે, તેના એક અંગ તરીકે તેને સ્વીકારવામાં આવે તો જરાય ખોટું નથી. ગમે તેવા સાધનસંપન્ન સાધકને પણ શરીરનિર્વાહની તો જરૂર રહેવાની જ. ને તે માટે તેણે જ્યાં સુધી સંસારમાં છે-ગૃહસ્થરૂપે છે, ત્યાં સુધી તો કોઈને કોઈ પ્રવૃત્તિ ચલાવવી જ પડવાની. કબીર, રૈદાસ, જેવા મહાન સંતપુરુષો પણ જીવનનિર્વાહ માટે ભક્તિની સાથે સાથે સામાન્ય કામકાજ પણ કરતા. ફક્ત તેમનાં ચિત્ત આઠે પહોર ઈશ્વરના ચરણોમાં આસક્ત હતા, તેમનાં હૃદય ઈશ્વરનુરાગનો ઉચ્ચોચ્ચ આસ્વાદ લેવામાં અનુરક્ત હતાં, ને તેથી જ બાહ્યવૃત્તિ તેમને માટે બાધક નહોતી થતી, કિન્તુ તે કામકાજની સામાન્ય વૃત્તિ મટીને કાર્ય થઈ જતી. હા, જીવનનિર્વાહના એક જરૂરી અંગ તરીકે એવા કારણને સ્વીકારવું જોઈએ. એવું કાર્ય લેવું જોઈએ જે કેવલ આર્થિક લાભવાળું જ નહિ, મન તથા આત્માના વિકાસમાં પણ મદદ કરનારું હોય. દુનિયાનાં અનેક કાર્યોમાંથી શિક્ષકનું કાર્ય આને માટે સારું છે પણ બીજાં કાર્યો પણ હોઈ શકે છે. હું માનું છું કે શિક્ષકનું કાર્ય કેવલ અક્ષરજ્ઞાન આપવાનું કે કાંઈક કરીને પૈસા પ્રાપ્ત કરવાનું કાર્ય નથી. તેની પાછળ મહાન ઉદ્દેશ છે. ને તેથી જ જે શિક્ષક છે તેને માથે ભારે જવાબદારી છે. તે સારાયે રાષ્ટ્રનો-રાષ્ટ્રીય જીવનનો રચયિતા છે. ને જ્યાં આને માટે અવકાશ નથી ત્યાંથી પૈસાના લોભને ત્યાગીને ખસી જવાથી શિક્ષક પોતા પર ને દેશ પર ભારે ઉપકાર કરે છે. તું લખે છે કે 'કેટલીક વાર માત્ર ઈશ્વરની સેવામાં જ રહેવાનો વિચાર આવે છે.' ખરું છે. પણ તે માટેનો સમય આ નથી. અત્યારે તો જે ચાલે છે તે જ બરાબર છે. ઈશ્વર જેના પર દયા કરે છે તેના હૃદયમાં પરમ પ્રેમ, અપાર કરુણા ને પવિત્રતા રૂપે પ્રકટ થાય છે. ગૃહસ્થજીવનના આવશ્યક કાર્યની સાથે સાથે ઈશ્વરારાધન કરતાં કરતાં આ સહજ રીતે પ્રાપ્ત થઈ જશે. તેને માટે બાહ્ય કર્મનો સંન્યાસ કરવાની હમણાં જરૂર નથી. દરેકને માટે વિકાસના રાહ વિવિધ હોય છે. તારો વિકાસ કોઈ પણ પરિસ્થિતિમાં થવા સર્જાયલો છે. કેમ કે પૂર્ણ વિકાસને માટે જ તારું જીવન છે. એટલે નોકરી જેવી બાહ્ય પ્રવૃત્તિને એક આવશ્યકતા માનીને સ્વીકારી લેવી.

*

બીજી વાત પ્રેમ વિશે છે. તેના ઉત્તરમાં લખવાનું કે પ્રેમ કોઈ રીતે બંધનકારક થતો જ નથી. જે બાંધે છે એટલે કે ગુલામની જેમ પરવશ કરી પોતાની સત્તા ચલાવે છે તે પ્રેમ નથી. તે તો મોહ છે. પ્રેમ તો હંમેશાં મુક્તિદાતા છે. તે તો બંધનથી ઉન્મુકત કરનાર છે. માટે ઈન્દ્રિય તૃપ્તિનો પ્રેમ જે પૂર્ણ પવિત્ર પ્રેમ

નથી, તેને સુસંસ્કૃત કરી આત્માના સીધા વ્યવહારમાં માણસે આવવું જોઈએ. પ્રેમમાં પણ વિકારનું તત્વ કો'કવાર (શરૂઆતમાં) આવે છે. પણ તેમાં ને મોહમાં મુખ્ય અંતર એ જ છે કે પ્રેમ મુખ્યત્વે ઈન્દ્રિયો, મન ને શરીરથી પર કોઈ તત્વના આકર્ષણરૂપે પ્રકટ થયેલી વસ્તુ છે, જ્યારે મોહ કેવલ શરીર ને ઈન્દ્રિયો પર જ મુખ્યત્વે રચાયેલી વૃત્તિ છે. એટલે પ્રેમના મૂળ સ્વરૂપને ઓળખવાથી પણ ખૂબ લાભ થાય છે. પ્રેમ એ ઈશ્વરનું જ સ્વરૂપ છે એમ માનવામાં આવે તો પ્રેમ (ભલે સ્ત્રીનો, માતાનો કે કોઈનો પણ) કદી બંધનકારક થઈ શકતો નથી. એમ જ માનવું કે દિવ્ય અનુભૂતિ વાટે પ્રકટ થતો પ્રેમ જે દેવી જગદંબા સારીયે સૃષ્ટિમાં અનેકાનેક રૂપે વ્યાપી રહી છે તે જ પ્રેમનો-તે જ દેવીનો એક પ્રવાહ છે ને દિવ્ય અનુભૂતિ પણ તે જ મહાદેવીનું જીવંત પ્રતિરૂપ છે. આવી દૃઢ  અનુભૂતિ આગળ વિકાર એક તિલમાત્ર પણ રહી શકતો નથી ને પ્રેમનો પવિત્ર સ્વાદ મળે છે. બસ. આ જ તો ઈશ્વર છે. આ જ તો ઈશ્વરનો પ્રવાહી પ્રેમોદ્રેક -અવતાર ! ધન્ય હો આવી અનુભૂતિ કરનારને ! ગૃહસ્થજીવનમાં રહીને પણ આ ઉચ્ચોચ્ચ પ્રેમરૂપી પરમેશ્વરનો સાક્ષાત્કાર કરનારને !

*

સંધ્યા પૂજાની જરૂર હરેકને છે જ એમ નથી. તે તો એક વિધિ છે. મુખ્ય વાત તો એ છે કે તે દ્વારા ચિત્તશુદ્ધિ કરીને માણસે પોતાના પ્રેમના વર્તુલને વિશાળ બનાવવું જોઈએ, રાગ-દ્વેષથી પર થવું જોઈએ, ને ટૂંકમાં દૈવી સંપત્તિના અવતાર જેવું થઈ રહેવું જોઈએ. આ સ્થિતિ પછી સંધ્યા-પૂજા જેવી ક્રિયાઓ આપોઆપ ખરી પડે છે. પણ ઘણા પુરુષો તેવી ઉચ્ચોચ્ચ અવસ્થા પ્રાપ્ત થયા પછી પણ તેને સાચવી રાખે છે. જેમ કે તોતાપુરી. તારી પણ આ સ્થિતિ થાય એ સ્વાભાવિક છે. તેને માટે સંધ્યા ભલે ના કરે. પરંતુ રાતે અથવા સ્નાનાદિ કર્યા પછી વહેલી સવારે પૂજાને નામે પણ એક સ્થાને બેસવું તો જોઈએ જ. તે સમયે જપ કરવા બહુ ઉપયોગી છે. ૦॥-૦॥ કલાક જપ કરવા જોઈએ. તેની શરૂમાં ને અંતમાં પ્રાર્થના કરવી જોઈએ. ઉપરાંત દિવસના સારાયે ભાગમાં કોઈ પણ કામ કરતાં માનસિક રીતે જપ કરવાનો અભ્યાસ રાખવો જોઈએ. સંસારનો, કામિની-કાંચનનો ને માન પ્રતિષ્ઠાનો મોહ છોડીને જેમણે પોતાનું જીવન ઈશ્વરપરાયણ કર્યું છે ને તે વાટે પરમ શાંતિ મેળવી છે એવા મહાપુરુષોના જીવનનું પણ વારંવાર મનન કરવું જોઈએ. આથી પરાભક્તિ (જેમાં પ્રેમ ને આંસુનો સમાવેશ છે તે) નો વિકાસ થાય છે. આંસુને તથા પોકારોને જ સર્વસ્વ માની લેવાની જરૂર નથી. વિરહને ને વ્યાકુળતાને જ આખરી સ્થિતિ સમજી બેસી રહેવાનું નથી. પરાભક્તિની સાથે સાથે દિવ્ય દૃષ્ટિ પણ પ્રકટવી જોઈએ, જેમ ગોપીઓ શ્યામને માટે રોતી ને કકળતી હતી. સારાયે જગતને તેનું પ્રકટ રૂપ પણ સમજતી હતી. આવી દિવ્યાનુભૂતિ પવિત્ર હૃદય વિના શક્ય નથી ને તે જ સાધનાનું સર્વસ્વ છે. વિધિ ને ક્રિયાઓ સર્વ બહિરંગ છે. આ પરમપાવની સ્થિતિ પ્રાપ્ત થયા પછી પરમ શાંતિ પણ પ્રાપ્ત થાય છે. આંસુ ને વ્યાકુળતા ભલે થાય પણ હૃદયમાં એક પ્રકારનો આનંદ હમેશાં રહે છે. કેમ કે પ્રીતમના મિલનનો નશો સારાયે જીવનમાં વ્યાપ્ત થઈ તેને કૃતકૃત્ય કરી દે છે.

*

વાસનાઓની પૂર્ણ નિવૃત્તિ વિના શાંતિ નથી. પણ નિવૃત્તિ સાચા અર્થમાં શક્ય નથી. વાસના મનુષ્ય વિકાસમાં બાધક પણ નથી. ફકત તેનું રૂપાંતર કરવું ઘટે છે. જે જાગ્યા છે ને જેના હૃદયમાં દૈવી ને આસુરી

સંપતિનો સંઘર્ષ થયો છે તે બડભાગી છે. કેમ કે આજે નહિ તો કાલે પણ વાસનાને પૂર્ણ પવિત્ર કરી તે કૃતકૃત્ય બનશે. પણ કમભાગી તો તે છે જેને જાગૃતિ નથી, ને સાંપ્રત સ્થિતિને જ જે સર્વસ્વ માને છે. આ લોકોને શાંતિનો સાચો ખ્યાલ જ નથી.

*

પ્રિય ભાઈ ! ઈશ્વરને સર્વસમર્પણ કરવાનો આનંદ કેટલો બધો છે ! તે જ બધું સંભાળે ! આપણે કાંઈ પરવા નહિ. દુનિયામાં કદાચ આવા સંપૂર્ણ સત્યની અનુભૂતિ સ્વાભાવિક ના ગણાય. કિન્તુ અમારા એકાન્તિક કુદરતમય જીવનને માટે તો આ શ્વાસ લેવા જેટલી જ સાચી વાત છે. કેમ કે આ કુદરતી પહાડી પ્રદેશમાં વિના યાચના અમે સાનંદ રહીએ છીએ, કેવલ એના પ્રેમ મદિરાની પ્યાલીને અધરે લગાવતાં જીવીએ છીએ. તેવી સ્થિતિમાં યોગક્ષેમની ચિંતા જે કાળજીથી તે વહન કરે છે તે વિચારતાં તો હૃદય ગદગદ્ થઈ જાય છે. ને તેના પ્રેમ માટે આંસુમાં આભાર માન્યા વિના નથી રહેવાતું. ખરેખર, જેણે આ પરમ પ્રેમનો-પ્રેમ સાગરનો જરાય વિશ્વાસ પ્રાપ્ત કર્યો નથી, તે જ સંસારની અનેકાનેક વસ્તુઓમાં ભટકે છે, નાહકની ચિંતા લઈને ફરે છે.

પ્યારા ! પ્રેમ મદિરાની પ્યાલીને હાથમાં લઈ લો. તેને અધર પર ચઢાવી દો. જુઓ કેવો નશો ચઢે છે ! કેવો આનંદ આવે છે ! જીવનનું સાર્થક્ય આ એક પ્રેમ જ છે. તે પ્રેમની મદિરાના પ્રેમી થઈ જાઓ.

*

હરિશ્ચંદ્ર તથા બાબુભાઈ બંને નપાસ થયા તે જાણ્યું. કાંઈ નહિ. હિંમત તથા ધીરજ રાખી અભ્યાસ કર્યા વિના છૂટકો નથી જ.

અહીં વાતાવરણ ઘણું જ સુંદર છે. હમણાં હમણાં તો રાતે જ્યારે આકાશમાં ચંદ્રમા ખીલે છે ત્યારે આ શાંત એકાન્ત વનની કુટિયા અજબ શોભા ધારણ કરે છે. વરસાદ શરૂ થાય છે ત્યારે પણ અજબ શોભા લાગે છે.

અહીં આશ્રમાદિ પ્રવૃત્તિ જેવું કંઈ જ નથી. ખાલી એક સ્વતંત્ર કુટી જ છે. સ્થાન સુંદર છે. પોલી વાંસળીની જેવી અમારી સ્થિતિ છે. અમે તો પ્રેમની મદિરા પીને પાગલ થયેલા પ્રેમી છીએ ! જેમ ફૂંકવામાં આવે છે તેમ સૂર રેલીએ છીએ ! હા, સારાયે વિશ્વમાં એક જ તત્વની અનુભૂતિ થવાથી ને શાંતિ તથા આનંદને હૃદયમાં જ લઈને ફરતા હોવાથી હરેક કાળ ને દેશમાં અમને આરામ રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૨ : લોખંડી શ્રદ્ધા

દેવપ્રયાગ

તા. ૨૧ સપ્ટે. ૧૯૪૫

પ્રિય ભાઈશ્રી નારાયણ,

પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. સેક્રેટરીએટમાં નોકરી સ્વીકારી લીધી તે આનંદની વાત છે. જોઈતું હતું તેવું જ મળી ગયું. હવે તો શારીરિક શ્રમ પણ ઓછો પહોંચે તેવું કાર્ય મળ્યું. એ તો બધું સારું જ થાય. માત્ર શ્રદ્ધા જોઈએ. જે કોઈ પણ સારા કે નરસા પ્રસંગે અવિચલિત રહે, એવી લોખંડી શ્રદ્ધાની જરૂર છે. નોકરી કરવાથી આધ્યાત્મિક શક્તિ હણાય છે એમ માની દુ:ખ લગાડવું નહિ. ઉલટું, એમ માની આનંદમાં રહેવું કે એક કડવી નોકરી છોડાવીને બીજી કેવી અનુકૂળ નોકરી ઈશ્વરે લાવી આપી ! બાકી સંસારમાં રહીને તો થોડીક પણ અર્થપ્રાપ્તિ માટે એવા વ્યવસાયની જરૂર છે જ. સાથે સાથે ઈશ્વરસ્મરણ તથા ચિંતન-મનન પણ ક્યાં નથી થતું ? સ્વાભાવિક રીતે એવું જોવામાં આવે છે કે જરાક ફુરસદ કે નિવૃત્તિનો સમય મળે એટલે માણસ ઈશ્વરસ્મરણ કરે છે. વધારે સાચી વસ્તુ તો એ ગણાય કે ભારેમાં ભારે પ્રવૃત્તિમાં પણ તે ઈશ્વરને ન ભૂલે. તો જ તેનો આનંદ છે ને તેવા જ સ્મરણની કીંમત છે. સંસારને કે તેની પ્રવૃત્તિને મિથ્યા માનવાની નથી. ને તેમ માનીને પરમ શાંતિ તથા ઈશ્વરપ્રાપ્તિને માટે દરેકે જંગલની વાટ પકડવાની પણ નથી. શું સારું ને શું ખોટું, આપણે માટે શામાં મંગલ ને શામાં અમંગલ છે તે આપણે જાણવા સમર્થ નથી. આપણું જ્ઞાન જ કેટલું સીમિત છે ! જે પરમ શક્તિ આ સારી સૃષ્ટિના સૂત્રધાર રૂપે લીલા કરી રહી છે, તે જ એક બધાના મંગલ-અમંગલને જાણે છે. તે બધાંનું મંગળ જ કરે છે. અમંગલનો દોષ તેને કેમ આપી શકાય ? એટલે ઉત્તમ વાત તો એ છે કે જે પરિસ્થિતિ મળે તેમાં મંગલને જોતાં ને આનંદ લેતા શીખવું જોઈએ. આ બધી મનની તો બાજી છે. પોતાને નિત્ય મુક્ત ને શુદ્ધ આત્મસ્વરૂપ સમજીને એક નટ કે સૂત્રધારની જેમ પ્રવૃત્તિની વચ્ચે રહેવાનું છે. હા, જ્યારે તે ઈશ્વરને યોગ્ય લાગશે ત્યારે ઘડીના છઠ્ઠા ભાગમાં તે પ્રવૃત્તિને મુકાવી દેશે ને તેને જ માટે ઝૂરતા કરશે. બાકી દરેકને એવી નિવૃત્તિની જરૂર હોય જ છે. એમ પણ કયાં છે ? શું નાગમહાશય ગૃહસ્થી ન હતા ? પણ વિવેકાનંદ કહે છે કે નાગમહાશય જેવા વિરક્ત પુરુષ રામકૃષ્ણદેવના શિષ્યોમાં કોઈ જ ન હતા. ભગવાન રામકૃષ્ણને માટે તેમના હૃદયમાં જેવો પ્રેમ હતો તેવો પ્રેમ ભાગ્યે જ કોઈકનામાં જડે. વિવેકાનંદ પણ તેમનાં દર્શને વારંવાર જતા. ને જે દૈવી પુરુષે 'રામકૃષ્ણ કથામૃત'ની નોંધ રાખી હતી તે શ્રી.મ. પણ ગૃહસ્થ જ હતા. તે શિક્ષક હતા. છતાં તેમનો વિકાસ તો ચાલુ જ રહ્યો. એટલે બાહ્ય અવસ્થા પર હમેશાં વધારે જોર દેવાની જરૂર નથી. મુખ્ય વસ્તુ છે તે આંતરિક વિકાસ છે. તે જ સાધતા રહેવાની જરૂર છે.

મધ્યકાલીન ભારતમાં બાહ્ય ત્યાગની જે પ્રચંડ ભાવના સંત સમાજમાં ફરી વળી હતી તે આજે આપણને કામ આવશે નહીં. આજનો યુગધર્મ તો ઈશ્વરની અર્ચના કરી જે બાહ્ય સૃષ્ટિ દેખાઈ રહી છે તેને તે જ મહેશ્વરની અભિવ્યક્તિ સમજવાનો ને તે માટે તેની પૂજા કરવાનો છે. માત્ર 'મિથ્યાત્વ'ના તત્વજ્ઞાનને લીધે ને કેવલ નિવૃત્તિપરાયણતાના મોહને લીધે ત્યાગના બાહ્ય સિદ્ધાંત પર જોર દઈને ભારતે ઘણું ઘણું

ખોયું. હવે એ સમય આવ્યો છે જ્યારે તેણે સાચા તત્વજ્ઞાનને સમજવાનું છે નહિ તો તે જ તત્વજ્ઞાન જેણે તેને એક વખત સારીયે સૃષ્ટિનો શિરમુકુટ કર્યું હતું તે તેનો આત્મઘાત કરનાર નીવડશે. એમાં શંકા નથી. સારે ભાગ્યે ભારતનો પુનરુદય શરૂ થયો છે. એ સમય સમીપમાં આવે છે જ્યારે ભારત એ સારાયે વિશ્વને માટે ગૌરવ ગણાશે ને આધ્યાત્મિક ગુરુ બનશે. તે વખતે આજ 'પ્રવૃત્તિમાં નિવૃત્તિનું તત્વજ્ઞાન' તેને માટે કામ લાગશે ને જગત પણ તેને જ સ્વીકારશે.

આધ્યાત્મિકતા વિના ભારતની ઉન્નતિ કદાપિ નથી. આજે ભારતની અવનતિનું કારણ બીજા લોકો રાષ્ટ્રીયતાનો અભાવ-કુશિક્ષા કે ગમે તે ગણે. સાચી વાત તો એ છે કે આપણે આધ્યાત્મિક તત્વોનું સાચું મૂલ્યાંકન ભૂલ્યા છીએ ને તેથી જ આપણી અવનતિ છે. તત્વજ્ઞાનનો સંબંધ બે પ્રકારનો છે. એક તો તેનાં ઉત્તમોત્તમ તત્વો કે રહસ્યોનું પરિશીલન ને બીજું તે તત્વોનો જીવનની સાથે સાંગોપાંગ સમન્વય. આ બંને વસ્તુઓ આપણી પાસે નથી એટલું જ નહિ, પહેલી વસ્તુ પારખવાની સાચી શક્તિ આપણામાં બહુ જ થોડી રહી છે. પણ તેથી શું ? ભારતને માટે તો એ એક સ્વભાવ છે ને તે કાર્ય તેના દ્વારા થશે એ પણ નક્કી જ છે.

*

મારા અનુભવ પરથી હું એટલું સમજી શક્યો છું કે ઈશ્વરદર્શન અથવા આત્મસાક્ષાત્કાર એ જ કાંઈ જીવનની ઈતિશ્રી નથી. તેનું ક્ષેત્ર ઘણું જ વ્યાપક છે. કેવલ ઈશ્વરદર્શન કરીને માણસે કૃતકૃત્યતા માની લેવાની નથી, પરંતુ પોતાની સારીયે પ્રકૃતિનું રૂપાંતર પણ તેણે કરવાનું છે. એટલે કે સ્થૂલ ને સૂક્ષ્મ-બંને શરીરનું દિવ્યકરણ કરી પ્રકૃતિ તથા પંચમહાભૂત પર પૂર્ણ સ્વામિત્વ મેળવવાનું છે. ભક્તિ, યોગ કે જ્ઞાન, કોઈ પણ વિશિષ્ટ રીતે આ કાર્ય થઈ શકે છે. આવી ઉત્તમોત્તમ શક્તિ (જેવી કે શ્રી રામકૃષ્ણદેવ, ચૈતન્ય પ્રભુ, ઈશુ વિ.માં જણાઈ હતી) પ્રાપ્ત થાય તો માણસને કશું જ કરવાનું રહે નહિ. તેના સાન્નિધ્ય ને સ્પર્શ કે સંકલ્પથી જ ઘણાંનું કલ્યાણ થાય. આ શક્તિની જરૂર છે. તે પછી માનવજાતિની નિસ્વાર્થ સેવાનો આદર્શ સ્વીકારવાનો છે. તે વિના માણસ કોઈને કશું જ સ્થાયી આપી શકવાનો નથી. સેવાની મદિરાના કેફમાં મસ્ત થઈ માત્ર તે કૂદાકૂદ કરે એટલું જ. જરા કલ્પના તો કરો કે જે મહાત્માના હૃદયમાં માનવજાતિ પ્રત્યે અગાધ પ્રેમ ભર્યો હોય તથા જેનામાં સર્વ શક્તિ હોય, તે મહાત્મા જગતને માટે કેવું વરદાન થઈ પડે ! મને એમ લાગ્યા કરે છે કે આવા પ્રકારનું જીવનકાર્ય એ મારે માટે એક નિર્મિત વસ્તુ છે, ને તેને જ માટે આ શરીરનું ધારવું થયું છે. આ વસ્તુ કયારે થશે ને કેવી રીતે થશે તે ખબર નથી. તેને માટે કોઈ નિયત સાધનપ્રણાલિ પણ નથી. આ તો વારંવાર હૃદયમાં જે પ્રેરણા થાય છે તે જ લખાઈ રહ્યું છે. તેની પૂર્તિ માટેના બધાયે માર્ગ એક ઈશ્વર જ જાણે છે. પણ તે જરૂર થશે ને થાય તો આશ્ચર્યનો વિષય ન જ ગણાય એમ સ્પષ્ટ લાગે છે. કોની દ્વારા શું હેતુ સાધ્ય થવાનો છે ને કયું કાર્ય નિર્માયું છે તે કોઈ કહી શકે તેમ નથી, તેમ જ ઈશ્વર કયા કાર્યને માટે કયું શરીર પસંદ કરે છે તે પણ કોઈની સમજમાં આવી શકતું નથી. આપણો ધર્મ તો સારીયે શક્તિને એક તે જગદીશ્વરની પૂજામાં જ લગાડી દેવાનો છે. તેને જ્યારે જરૂર જણાશે ત્યારે તે હૃદયપાત્રને અધરેથી ઉતારશે ને બીજા માટે વહેતું મૂકશે. જે તેનું છે તેનો ઉપયોગ તે ગમે તેવો કરી શકે છે.

*

આ બધીયે વસ્તુ શ્રી પરમહંસદેવના જીવનનો વિચાર કરવાથી બરાબર સમજાય તેવી છે. શ્રી તોતાપુરી તેમજ ભૈરવી (ને ખાસ કરીને તોતાપુરી) ના સહવાસ પછી તેમનામાં દૈવી શક્તિનો આવિર્ભાવ થયો હતો ને સમાધિની સહજ પ્રાપ્ય અવસ્થા પણ તેમણે તે પછી જ પ્રાપ્ત કરી હતી. મારા જીવનમાં પણ એવો સહવાસ આવશે એમ ઘણા સમયથી લાગ્યા કરે છે. તેની ઘડી નિર્માણ થઈ ચૂકી છે. તે સમય પણ ખૂબ જ નજીક છે એમ લાગે છે.

હમણાં તો ઈશ્વરી પ્રેમમાં મસ્ત રહીએ છીએ. જેણે ઉત્તમોત્તમ આનંદનો ને ધન્યતાનો આસ્વાદ લેવો છે તેણે તો (૧) ઈન્દ્રિય ને મનના વિષયરસથી વિમુખ થવું જોઈએ ને (૨) પોતાના પ્રેમને કોઈ પણ સાંસારિક પદાર્થ કે વ્યક્તિમાં કેન્દ્રિત ન કરતાં પ્રેમના સાગરરૂપ ઈશ્વરને જ તેનું ધ્યેય બનાવવું જોઈએ ને પછી (૩) જીવનનું અમૃતપાન કરવું જોઈએ. કાચું કે નિર્બળ વાસનાવાળું મન આ માર્ગમાં ચાલી શકે એમ નથી. તેવા મનને પ્રાર્થના દ્વારા શુદ્ધ કરવું જોઈએ. પછી તેને ઈશ્વરને ચરણે ફૂલ ધારી અર્પણ કરવું જોઈએ. એટલે હમણાં તો પ્યારા પ્રભુની જ સાથે ક્રીડા કરીએ છીએ. પ્રિયતમનો પ્રેમરસ અપાર છે. જામ પર જામ ભરી પીએ છીએ. મધ્યરાત્રીએ-જ્યારે ચંદ્રકલાની ચાંદની સારાંયે વૃક્ષો પર છવાઈ હોય છે ત્યારે, ને ઉષઃકાલીન સવારે તેમજ હરેક સમયે હમણાં તો તે જ એક મહાપ્રેમીની પાસે બેસી હૃદયનું બીન બજાવીએ છીએ. ને તેવી જ ક્રીડામાં આનંદ છે. આજે વધુ વિચાર ઊઠે છે તે તો તેની જ લીલા છે, ને પોતાના કોઈ હેતુને માટે જ તેને તે ઉત્પન્ન કરે છે. ને તેમાં મંગલ જ છે કેમ કે માનવના પ્રેમથી રહિત એવી કોઈ સાધના-જીવન ને જગત સાથે સમન્વય સાધી તેનું આત્યંતિક કલ્યાણ ન કરનારી એવી કોઈ પણ તપસ્યા, ને માનવ તથા પ્રભુને માટે બલિ થઈ સફલ ન થનારી એવી કોઈ પણ પ્રકારની આધ્યાત્મિકતા, કશા જ ઉત્તમ કામની નથી એવું સ્પષ્ટ સમજાય છે.

*

આશા છે કે આ બધીયે વિચારસરણી સારી રીતે સમજમાં આવી હશે.

ભાઈ, જીવનની ઈતિકર્તવ્યતા આમાં જ છે. એકાંતમાં રહીને અમે આ જ વસ્તુ કરીએ છીએ. કોણ જાણે કેમ, છેક નાની અવસ્થાથી, સાધનાની શરૂઆતથી જ આધ્યાત્મિકતા દ્વારા કલ્યાણ કરવાની ઈચ્છા જાગી છે. એટલે બીજાનું કલ્યાણ થાય એ ભાવના પણ મંગલ લાગી છે. ખરેખર, જીવનનું શ્રેય આધ્યાત્મિકતાની ઉચ્ચોચ્ચ અનુભૂતિમાં જ છે. વિષયરસના રસિકોને ને અર્થ તથા કેવલ સાંસારિક પદાર્થો પાછળ જ શક્તિને બરબાદ કરનારા મનુષ્યોને સાચો આનંદ પ્રાપ્ત થતો નથી. ખરેખર, તે લોકો ઠગાય છે, ને દિવ્ય માનવજીવનને હતું-ન હતું કરી નાખે છે. જે દિવ્ય મહાત્મા પુરુષોએ પોતાની સમગ્ર શક્તિને ઉચ્ચ આધ્યાત્મિક માર્ગે વાળી દીધી અને અનેક પ્રકારે શક્તિ સંપાદન કરી તેમનો વિચાર તો કરો ! કહે છે કે ચાંગદેવે ૧૪ કે ૧૬ વાર મૃત્યુને પાછું મોકલ્યું હતું; જ્ઞાનેશ્વરે ભીંત ચલાવી હતી ને બીજી અનેક અલૌકિકતા કરી હતી. બાઈબલ તો જુઓ, ઈશુમાં કેવી માનવોત્તર શક્તિ હતી ! શ્રી રામકૃષ્ણદેવ પોતાના શિષ્યો જેવી માગતા તેવી શક્તિ ને સ્થિતિ તેમને આપી શકતા. આવા દૈવી પુરુષોનો વિચાર કરતાં શું જણાય છે ? એમ નથી જણાતું કે ક્ષણિક સુખદાયી પરંતુ અંતે દુઃખદાયી એવા આનંદકારક વિષયસુખ માટે મનુષ્યો જીવનને

વ્યર્થ ગાળી રહ્યા છે; ને તો પછી જે શરીર દ્વારા આત્મોન્નતિ કરવી જોઈએ તે શરીર દ્વારા અવનતિ કરવાનો અપરાધ પણ શું તે નથી કરતા ?

પણ તેથી તો કહ્યું કે ‘બહુનાં જન્મનામન્તે’ ને ‘મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિચતતિ સિદ્ધયે’. માટે આપણે તો ઈશ્વરસ્મરણાદિ જે બને તે ચાલુ જ રાખવાનું છે. ને ઉત્તમોત્તમ માનસિક વિચારો દ્વારા જીવનને વધારે ને વધારે ઉર્ધ્વતર બનાવવાનું છે.

*

ધારું છું કે આ બધું સ્પષ્ટ થયું હશે. ઈશ્વર કરે છે તે ઠીક જ કરે છે. આશરો એક તેનો જ છે. ઘણા સમયથી તેની પ્રેરણા થતી હતી. પાછલા ૭-૮ દિવસથી એક પ્રકારની નિશ્ચિત પ્રેરણા થવાથી હું આ સ્થાન છોડી દેવાનો છું. નવરાત્રી અહીં કરીને તરત જ આ સ્થાનથી નિવૃત્તિ લેવાનો છું. તને થશે કે ક્યાં જશે. કલ્પના કરી શકે છે ? હવે પછીનું ગન્તવ્ય સ્થાન બીજું કોઈ નહિ પણ જે મહા અવતારી પુરુષે આ જીવનમાં શૈશવથી જ પ્રેરણા પાઈ તે ભગવાન શ્રી રામકૃષ્ણદેવનું સ્થાન, તેમની લીલાભૂમિ-દક્ષિણેશ્વર છે. ઈશ્વરની આંતરપ્રેરણાથી જ આવો વિચાર કર્યો છે, ને નવરાત્રી દરમ્યાન કોઈ વિશેષ મહત્વનો બનાવ ન બને તો આ જ નિશ્ચય કાયમ રાખવાનો છે. સંભવ છે કે થોડી કાવ્યોની નોટો તથા નોંધબુકો જે અહીં આવ્યા પછી લખાઈ છે, તે અહીંથી જતી વખતે તને મોકલીશ. તે રાખજે. અંગત નોંધો તો હરેકને વાંચવા માટે નથી જ હોતી એટલે તે જાળવી જ રાખવાની છે.

એટલે તારો પત્ર હવે ધારું છું તેમ જો જવાનું નક્કી જ રહેશે તો મને એક જ મળી શકશે. દશેરા સુધીમાં સંભવિત હશે તેટલા પૂરતો જ. અહીંથી ગયા પછી મારા પત્ર તો ત્યાં આવતા જ રહેશે તેમજ માતાજીને પણ લખાતા રહેશે. માતાજી ખૂબ જ ઉચ્ચ વ્યક્તિ છે. તેમને પત્ર લખે છે તે ખૂબ જ આનંદની વાત છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૩ : દક્ષિણેશ્વરનો અનુભવ

દેવપ્રયાગ

તા. ૧૩ ઓકટો. ૧૯૪૫

પરમપ્રિય ભાઈ,

ગઈ તા. ૩૧ ને દિવસે અહીંથી પ્રસ્થાન કર્યું. ભગવાન શ્રી રામકૃષ્ણદેવની પૂણ્યભૂમિ શ્રી દક્ષિણેશ્વરમાં નવરાત્રી પહેલાં જ પહોંચી જવાયું. બહુ આનંદ થયો. પુનઃ ત્યાંના પ્રાથમિક સંસ્કારો પૂરા થવાથી ને અહીંનું અન્નજલ હોવાથી ગઈ કાલે અહીં પહોંચી જવાયું છે. સ્વાસ્થ્ય સારું છે.

દક્ષિણેશ્વર સ્થાન ખૂબ જ સુંદર છે. સુંદર જ હોય ને ? જે સ્થાનમાં ભગવાન શ્રી રામકૃષ્ણેદેવે પોતે તપશ્ચર્યા કરી, વસવાટ કર્યો ને લીલા કરી બતાવી, તે સ્થાનની સુંદરતા વિશે કહેવાનું શું હોય ? કલકત્તાથી ૫-૬ માઈલ દૂર ગંગાજીને કિનારે દક્ષિણેશ્વરનું સ્થાન છે. રાતે ત્યાં રહેવાની રજા કોઈને મળતી નથી. પરંતુ ભગવાનની કૃપાથી ચાર રાત એ સ્થાનમાં જ ગાળી. ત્યાં રામકૃષ્ણદેવે પોતે વૃક્ષારોપણ કરી પંચવટી બનાવી છે. એની નીચે એક કુટી બની છે જે બહુ જ સુંદર છે. પરમહંસદેવ જે ખંડમાં રહેતા તે ખંડ હજી એવો જ સુરક્ષિત છે એટલે કે તેમનો પલંગ એવો જ બિછાવેલો રાખ્યો છે. ઓરડામાં અનેક દેવીદેવતાની છબી છે ને પરમહંસદેવ તથા શારદામાતાની છબી પણ છે. રોજ ત્યાં પૂજા થાય છે ને બપોર તથા રાત્રિના થોડા સમય વિના સારોયે ખંડ દર્શનાર્થી માટે ખુલ્લો રહે છે. પરમહંસદેવ પોતે આ સ્થાનમાં વસતા હશે ત્યારે શોભા કાંઈ જુદી જ હશે. અત્યારે તો દિવસે ત્યાં લોકોની ખૂબ અવરજવર રહે છે, વિમાન ને મોટર તથા રેલ્વેના શબ્દથી વાતાવરણ ભરાયેલું રહે છે. છતાં છેક રાતે જ્યારે કોઈ દર્શનાર્થી મંદિરના ભાગમાં રહેતું નથી ને કેવલ આકાશના અગણિત તારાઓ જ આ પુણ્યપ્રદ સ્થાનનું દર્શન કરતા જાગી રહે છે ત્યારે અહીંના સામર્થ્યનો અજબ અનુભવ થાય છે. લાગે છે કે પરમહંસદેવ હજી અહીં ફરે છે, ભક્તો સાથે હજીયે વાતો કરે છે, ને વારંવાર કાલિમાના મંદિરમાં જઈને પ્રેમથી ગદગદ્ થતાં પ્રણામ કરે છે.

પરમહંસદેવનું જીવન ખરે જ મહાન અને આદર્શ છે. તેમના જીવનનો પ્રત્યેક પ્રસંગ વારંવાર મનન કરવા જેવો છે, તેમાંથી ખૂબખૂબ પ્રેરણા મળે છે. કામિની ને કાંચન માટેની આવી ઉપરતિ ભાગ્યે જ કોઈ જીવનમાં જડે. ઉપરાંત દુઃખી ને અજ્ઞાની મનુષ્યો પ્રત્યેનો તેમનો પ્રેમ ખરેખર એક તદ્દન નવીન વાત ને પ્રશસ્ય વસ્તુ છે. તેમના જીવનનું વારંવારનું પરિશીલન કોઈ પણ જીવનને ખરેખર ઉદાત્ત ને દૈવી બનાવે. પરમહંસદેવ જેવા અવતારી પુરુષને મૃત્યુ હોઈ શકે નહિ જ. કાળ તેમના શરીરને કશું જ કરી શકે નહિ. હા, તેમના શબ્દોમાં તે શરીર છોડીને ‘એક ઓરડામાંથી બીજા ઓરડામાં’ જાય એટલું જ. તે તો હજીયે છે. હજીયે પેલી પંચવટી ને દક્ષિણેશ્વરમાં ફર્યા કરે છે ને જે કોઈ પ્રેમથી યાદ કરે છે તેની પાસે પણ હાજર રહે છે. આ ધ્રુવસત્ય છે. તેવા મહાન પુરુષ પર શ્રદ્ધાભક્તિ કરવાથી કોઈ પણ આત્માનું કલ્યાણ સહજમાં થઈ શકે.

પરમહંસદેવના પુણ્ય સ્થાનમાં વધારે રહેવાની ઈચ્છા હતી. પરંતુ તેમ ના બન્યું. તેમના ખંડમાં બેસતા સવારે ને સાંજે હૃદય ગદગદ્ થઈ જાય ને સતત આંસુ વહે. પોક પણ પ્રેમથી મુકાઈ જાય. પરિણામે દર્શનાર્થી પણ ખૂબ જ આવવા માંડ્યાં. ઉપરાંત ત્યાંનું વાતાવરણ બહુ રુચ્યું નહિ. આધ્યાત્મિક શક્તિ એ એક

લોહચુંબક છે. દુનિયાની કોઈ શક્તિ એવી નથી જે તેની સામે ન નમે. પરંતુ કાચોપોચો માણસ આવે વખતે અસ્થિર બની જાય એવો સંભવ રહે છે. લોકો વાહવાહ કરે, નમસ્કાર કરે, પદની ધૂલિ શિર પર ચઢાવે, તેથી ઘણાં એમ માની બેસે છે કે આપણે પૂરા પાકા સિદ્ધ થઈ ગયા ! આપણે માટે હવે કાંઈ જ કરવાનું રહેતું નથી. પરંતુ આ ક્ષેત્ર તો અનંત છે. જેમ ઊંડે જાઓ તેમ વધારે ને વધારે રતન જડે. એટલે તેવો ખોટો આત્મસંતોષ પોતાનો જ ઘાત કરનારો નીવડે છે.

હમણાં શું ચાલે છે ? તબિયત કેમ છે ? હવે ઈશ્વરેચ્છા હોય ત્યાં સુધી અહીં જ રહેવાનું છે. પત્ર અહીં જ લખજે. શરીર સારું હશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૪ : યોગનું સાચું રહસ્ય

દેવપ્રયાગ
તા. ૩૦ નવે. ૧૯૪૫

પ્રિય નારાયણ,

તારો પ્રેમપૂર્ણ પત્ર મળ્યો. વાંચી આનંદ થયો.

સૌથી સુંદર વાત તો યોગાશ્રમમાં જવાનું શરૂ કર્યું તે લાગી. જે ભાઈ અહીં આવવા ઈચ્છા કરતા હતા તે પણ યોગાશ્રમમાં જાય છે તે જાણી આનંદ થયો. બસ આવા જ રચનાત્મક નક્કર કાર્યની જરૂર છે. કેવલ ઈશ્વર ઈશ્વર કરવાથી ને ત્યાગી જીવનનાં સ્વપ્ન સેવવાથી કશું વળવાનું નથી. જો કે યોગની જે પ્રણાલિ આજકાલના યોગાશ્રમોમાં પ્રચલિત છે તે ઉપલક્રિયા જ છે. યોગનું સાચું રહસ્ય તેનાથી ઘણું દૂર છે, છતાં તેથી શરીર ખૂબ કેળવાય છે ને શુદ્ધ તથા સમૃદ્ધ બને છે એમાં શંકા નથી. તેની આજે ખૂબ જરૂર છે. વાસ્તવિક રીતે જોઈએ તો પૂર્ણ યોગમાં શરીરશુદ્ધિ એ પ્રાથમિક સોપાન જ છે. છતાં તે એક ખૂબ મહત્વનું સોપાન છે. કેમ કે તે દ્વારા માનસિક શુદ્ધિ તેમજ એકાગ્રતા જળવાય છે. યોગની જે પ્રણાલિમાં શરીર તરફ દુર્લક્ષ રાખવામાં આવે છે ને તેને મલિન, નિર્બલ તેમ જ જલદી ખતમ થાય તેમ રાખવામાં મહાત્માપન માનવામાં આવે છે તે કાંઈ સાચો યોગ નથી. તે તો કહેવાતા યોગમાર્ગીઓએ ઊભી કરેલી વિકૃતિ છે. આપણા દૃષ્ટિબિંદુ પ્રમાણે તો યોગી જેમ સારાયે વિશ્વને તેમ શરીરને પણ ઈશ્વરનું મંદિર માને છે, ને એ મંગલ મંદિરને હરહંમેશ પવિત્ર રાખી તે દ્વારા પરમ શાંતિ પ્રાપ્ત કરે છે. તથા સમય પર શરીરને પણ ચૈતન્યમય અથવા અમર બનાવી દે છે. આવું શરીર એ અવગણવાનો વિષય નથી જ.

સ્વતંત્ર વિચારની જરૂર છે ને તેવો વિચાર વિશુદ્ધ હૃદય વિના આવી શકતો નથી. અત્યાર સુધી સામાન્ય લોકોમાં યોગ તથા યોગીઓ વિશે વિચિત્ર વિચિત્ર ખ્યાલો પ્રચલિત થતા આવ્યા છે. ને તેવી જ રીતે યોગી કે મુક્ત મહાપુરુષોનો એક વર્ગ પણ તેને પુષ્ટિ આપતો આવ્યો છે. આવા પુરુષો જનસેવાને અજ્ઞાન માને છે, લોકકલ્યાણને ભ્રમ કહે છે, તથા કેવલ ત્યાગ પર જ જોર દે છે. લોકોનાં દુઃખની વાત જોઈને કરુણા ઉત્પન્ન થવી તેને તેઓ ચંચલતા તથા હૃદયની દુર્બળતા કહે છે. જગત-કલ્યાણના પ્રશ્નોથી તેઓ અલગ રહે છે. આ કંઈક અંશે ઠીક પણ છે, કેમ કે નિતાન્ત એકાંત ને પૂર્ણ આંતરબાહ્ય ત્યાગ તેમજ કેવલ આત્મતલ્લીનતા વિના પરમ શાંતિનું મંદિર ઊઘડી શકતું નથી. જે બધુંયે ભૂલી જઈને કેવલ તેના જ ચરણે સમર્પિત થઈ જાય છે તેનું જ આલિંગન વહાલા પ્રભુ કરે છે ને તે જ પૂર્ણ પ્રિયતમનો પ્યાર પામી શકે છે. તે વિના બધું અશક્ય છે. પણ આ તો એક સાધના રહી. તેનો અર્થ એવો નથી કે જગત પર યા તો તેને લગતા પ્રશ્નો પર તિરસ્કાર કે ઘૃણા ઊપજે. જો વાસ્તવિક યોગીને માટે સર્વ કાંઈ ઈશ્વર જ હોય-ને છે જ, તો જગતને પણ તે શા માટે અવગણે ? આ બાબતમાં આજે આપણા ગુરુ ભગવાન બુદ્ધ થઈ શકે છે જેમણે દુનિયાનાં દુઃખ દેખી, અનુકંપિત થઈ, તેને દૂર કરવા સ્વયં સાધના કરી. આ જ માર્ગ આજે હિતાવહ છે. જે દિવસે ભારતની એકાંતિક આધ્યાત્મિકતા ને તપસ્યા, જીવનની સાથે હસ્તમેળાપ કરશે ને જગતની વાસ્તવિકતા પર પ્રકાશ ફેંકશે તે જ દિવસે ભારત ખરેખર જાગશે, જગદગુરુ બનશે, ને જગતને તારશે.

કેવલ ભક્તિ કે ભાવાવેશ ને જ્ઞાનથી આજે કાંઈ જ વળશે નહીં. મનુષ્યે અવિરત પ્રયાસ કરી પોતાની આત્મતૃષાને વિરાટ બનાવવાની જરૂર છે. તે જ દ્વારા તે પ્રબળ શક્તિ પ્રાપ્ત કરશે. આવી શક્તિની ને તેથી વિભૂષિત યોગીવરોની ભારતને અને તે દ્વારા સારાયે જગતને જરૂર છે ને તે કાર્ય જરૂર થશે. એમાં લવલેશ સંદેહ નથી.

ભારતનાં દુ:ખ જોઈને કોનું કલેજું કંપી નહિ જાય ? પરંતુ દુનિયાની સ્થિતિ પણ તેવી જ દુ:ખદ છે. સાથે સાથે એ એટલું જ સત્ય છે કે ભારત એ જ જગતની ચાવી છે ને તે વિના જગતની શાંતિનું દ્વાર ઊઘડી શકવાનું નથી. ઈશ્વરની લીલાને કોણ જાણી શકે છે ? પણ જે ન જાણતા હોય ત્યારે તેના પર અવિશ્વાસ કરી નિરાશ થવું જોઈએ નહિ, ફક્ત તેને જોઈ રહેવું જોઈએ. પાછલા યુદ્ધમાં જે થયું તે પણ સહેતુક જ છે. નહિ તો કદાચ ભારત તેમજ સારાયે જગત પર વધારે મોટું દુ:ખનું વાદળ આવત. આજની સ્થિતિ કરૂણ છે પરંતુ ભારતના ભાગ્ય વિશે જરાય સંદેહ નથી. ભારતની સ્વતંત્રતાનો પ્રશ્ન ઈશ્વરે પોતે હાથમાં લીધો છે. એમાં જરાય મીનમેખ થવાનો સંબંધ નથી. સુભાષચંદ્રનો પ્રયાસ ભારે પ્રશંસા માગી લે છે. એક વીર-આઝાદીનો ઈચ્છુક જે કરી શકે તે જ તેમણે કર્યું છે. પરંતુ અહિંસાનો માર્ગ જ ભારતનો મહામાર્ગ છે એ પણ સમજી લેવાની જરૂર છે.

*

ચોક્કસ કાર્યદિશા માટે પ્રેરણા થાય એ સમય હજી દૂર છે. હમણાં તો યોગ સાધના કરી શરીર મનને સુંદર બનાવવાની જરૂર છે. બ્રહ્મચર્ય સાથે જ્ઞાનભંડોળ અને હૃદયની દિવ્યતા સાચવવાની છે. તે જ મુખ્ય વસ્તુ છે. હમેશાં જીવનનું ધ્યેય ઉચ્ચોચ્ચ રાખવું જોઈએ. યાદ રાખો કે તમારા કરતાં ને તમારા સંકલ્પ કરતાં વધારે મહાન જીવન તમને કોઈ પ્રદાન કરી નહિ શકે. દરેક મનુષ્યનું જીવનનું લક્ષ્ય અલગ અલગ હોય છે. કાર્ય કરવાની પદ્ધતિ પણ જુદી હોય છે. ગાંધીજી જે કાર્ય કરવા આવ્યા છે તે કાર્ય તે કરશે જ, પણ અરવિંદને તે કાર્ય માટે ફરજ પાડી શકાય નહિ તેમજ તે ન કરવા બદલ દોષ પણ દેવાય નહિ. જે કામ અરવિંદનું છે ત્યાં ગાંધીજી ચંચુપાત પણ કરવાની જરૂર નહિ જુએ. મુખ્ય વસ્તુ એ છે કે નાનાં નાનાં કાર્યોમાં ને નજીવી ચળવળોમાં ક્ષણિક આવેશને લઈને તારા જેવા આત્માએ બલિ થવાની જરૂર નથી. તારું જીવન ઉચ્ચ આધ્યાત્મિક આદર્શ માટે છે. ઈશ્વરપ્રાપ્તિ એ જ તારા જીવનનો મહિમા છે, એ ભૂલવું જોઈએ નહિ. હરેક ક્ષણ આ વાતને દૃષ્ટિ સમક્ષ રાખીને જ મુંબઈની નાની-મોટી સડકોમાં ફરવાની જરૂર છે. ત્યારે તે સડકો મુક્તિના મહાન માર્ગ થઈ જશે. આત્માની પ્રાપ્તિ થાય નહિ ત્યાં લગી જીવનનો ચરમ આદર્શ સમજી શકાતો નથી. ભગવાનની દયાથી પૂર્વજન્મનું પણ સ્મરણ થાય છે એમ મેં તને એક વાર કહ્યું હતું, ને તે વખતે આ જીવનનું કાર્ય પણ સ્પષ્ટ સમજાય છે. આ વાત કેવલ અનુભવની ને ઈશ્વરની કૃપાની છે.

ઈશ્વરની કૃપા વિના જીવનની યથાર્થતા પ્રાપ્ત થતી નથી. ધન, સંપત્તિ ને ભોગ જેવી બાહ્ય વસ્તુઓમાં રહેતી આજની દુનિયા જીવનના પરમ સત્યથી તેમજ તેની યથાર્થતાથી ખૂબ જ દૂર છે. અમારી આગળ તો તે એક વામન જેવી છે. સાચું સુખ ને શાંતિ તેનાથી કેટલે દૂર-આકાશના ચંદ્ર જેટલી દૂર છે ! ને આકાશ એટલે અવકાશ, જે કદી પ્રાપ્ત થાય જ નહિ. પણ જીવનની યથાર્થતાનો મહિમા ને ઈશ્વરની શ્રદ્ધાભક્તિ-દિવ્ય જીવનની રૂચિ જગતમાં ફરી પ્રકટ થશે. વારંવાર સંહાર એ તો તેને માટેની થપ્પડો છે.

ભાઈનો પત્ર તો અહીં આવ્યા પછી આ વરસે એક પણ મળ્યો નથી. રામદાસે કુશળ સમાચાર મળ્યા છે એમ લખ્યું હતું.

*

જ્યાં શુદ્ધ પ્રેમ છે ત્યાં બે અલગ લાગે તોય આત્મા કે હૃદય એક જ છે, શરીર ભલે જુદા હોય. શરીરથી પર જે આત્મારૂપે પ્રેમનું તત્વ રહેલું છે તે હાથમાં આવી જતાં ભેદ રહેતો નથી. આવું હૃદય જેમ પાસે રહે. તો આનંદ આવે તેમ તેનાથી છૂટું પડવાનું થાય તો દુઃખ પણ થાય એ સ્વાભાવિક છે. કેમ કે પોતાનો જ આત્મા-પોતાના જ હૃદયનો એક ભાગ છૂટો પડ્યો એમ લાગે છે. એમાં કાંઈ કચાશ નથી. એ તો પ્રેમનું પરમ પવિત્ર સ્વરૂપ છે. ફક્ત દૃષ્ટિ કે ભાવના શી છે તે જોવું જોઈએ. દુઃખ કોઈ શારીરિક કે ઈન્દ્રિયજનિત વાસનાને માટે થતું હોય તો તે દૂષણ છે. પણ જેનો વિયોગ અનુભવાય છે તે વ્યકિતમાં ઈશ્વર જેવી પવિત્ર ભાવના હોય ને દુઃખ સ્વાભાવિક તેના વિયોગનું જ થતું હોય તો તે એક ભૂષણ છે. એક ભક્તના ઈશ્વર પ્રત્યેના પ્રેમભાવથી આ જરાયે કમ નથી. અલબત્ત જે શુદ્ધ પ્રેમ છે તે તો વિરહ ને મિલન બંનેમાં દિવ્ય જ રહે છે, પરંતુ વિરહ એ પ્રેમની એક કસોટી ને તેને દૃઢ- વધારે દૃઢ કરનારી કડી છે.

*

દુન્યવી કામોને માટે તો હંમેશ માટે ઓડકાર ખાઈને સંતોષ માની લેવાની જરૂર છે. એમ ન થાય તો ઓછામાં ઓછું ચિત્ત તેમાં આસક્ત કરવાની જરૂર છે. દુન્યવી રીતે સંપન્ન હોવું એક વાત છે ને તેમાં કીટની પેઠે આસક્ત હોવું એ બીજી જ વાત છે. તેવી આસક્તિ ન જોઈએ. ખૂબ આસક્તિ ને અવિરામ આત્મસંતોષ પોતાના વિકાસને માટે રાખવાની જરૂર છે. જ્યાં લગી જીવન છે ને તેમાં કાંઈક પણ પ્રાપ્ત કરી લેવાની અનુકૂળ ઘડી છે, શક્તિ છે, ત્યાં લગી ગાડીને એકાદ-બે નાનાં સ્ટેશનોએ અટકાવી દેવાની જરૂર નથી-ઠેઠ પેશાવર સુધી ફ્રંટિયર મેલને લઈ જવાની જરૂર છે. આ માર્ગ અનંત છે ને માણસે હરહંમેશ તેમાં વિદ્યાર્થી થઈને જ વિચરવું જોઈએ. જ્યાં સુધી આત્મદર્શન કે ઈશ્વરદર્શન ન થાય અને તે પછી પણ બીજી અનેક વસ્તુની પ્રાપ્તિ સાથે લોકોત્તર દૈવી-શક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં લગી પ્રયાસ કરતાં જ રહેવું જોઈએ. અરવિંદ જેવા મહાયોગી આજે ૩૦-૩૫ વરસથી એક સ્થાને એકાંતવાસ સેવી ઊંડી તપસ્યામાં લાગી ગયા છે ! કેવી અલૌકિક વસ્તુ ! શું તેમની પાસે આજના કહેવાતા વેદાંતીઓની જેમ ‘અમે તો સ્વભાવથી જ મુક્ત છીએ’ એમ કહીને ખોટો આત્મસંતોષ મેળવવા જેટલું જ્ઞાન નથી ? તેમનું મહાન વિશાળ જ્ઞાન ને તે સાથે આવી દૈવી સાધનાનો વિચાર કરીને દુન્યવી લોકોએ પોતાની ક્ષુદ્ર અવસ્થા માટે રડવું જોઈએ. જે મહાત્મા-પુરુષો (જ્ઞાનેશ્વર તથા રામકૃષ્ણ જેવામાં) સર્વ કાંઈ કરવાનું સામર્થ્ય હતું, ને જે હંમેશ માટે કૃતકૃત્ય હોઈ સંસારના બાહ્ય રૂપરંગને તૃણવત સમજતા હતા; રાજ-રાજેન્દ્રોના વૈભવને પણ જે ક્ષુલ્લક જાણતા હતા, તેવા મહાપુરુષોનો વિચાર કરતાં કેવલ શરીરભોગ ને સાંસારિક વાતોનાં બડેખાં બની બેસી રહેનાર આજના અધિકાંશ મનુષ્યો શું ક્ષુદ્ર ને કેવલ ક્ષુદ્ર નથી લાગતા ? ખરેખર તે બધા બાળક જેવા જ અજ્ઞાત લાગે છે જે હરહંમેશ પોતાને જ હાથે સમુદ્ર કે નદીના તીર પર રેતીનાં ઘર બનાવે છે ને ભાંગે છે ! જે સત્યને પંથે પડી ગયા છે તેમને તેથીયે વધારે ધન્ય છે ! ને જેમણે તે પંથનો પ્રવાસ પૂર્ણ કરી સદાની શાંતિ મેળવી લીધી, કૃતકૃત્યતા પ્રાપ્ત કરી, તેમની ધન્યતાનું તો કહેવું જ શું ? તેમનાં તો દર્શન, સ્પર્શ ને પરિચય જેને પ્રાપ્ત

થાય તે પણ સદાને માટે ધન્ય છે ! સત્યનો માર્ગ હરેકને માટે ખુલ્લો છે, ને હર કોઈ તેનો પ્રવાસ પૂરો કરી શકે છે. માત્ર અતૂટ નિશ્ચય, શ્રદ્ધા ને ધીરજ જોઈએ.

*

ભારત અજ્ઞાન ને દરિદ્રતાની ઘોર નિદ્રામાં હતું. તેનો અનવરત વિકાસ ચાલુ હતો પરંતુ તે માત્ર અંધ અનુકરણ હતો. ઈશ્વર તથા આધ્યાત્મિકતા જેવી વસ્તુમાં તેના પાશ્ચાત્ય શિક્ષાપ્રાપ્ત યુવકોને વિશ્વાસ રહ્યો ન હતો. આવે સમયે ભગવાન શ્રી રામકૃષ્ણદેવનો આવિર્ભાવ થયો. ત્યાગ ને વૈરાગ્ય તથા પ્રેમના પ્રતીક જેવા આ અવતારી પુરુષે ઈશ્વરની પૂરી નિષ્ઠા જીવનમાં મૂર્ત કરી બતાવી ને વિવેકાનંદ જેવા મહાપુરુષને તૈયાર કરી ભારતની પતન-ઘડીને ઉગારી લીધી. દરિદ્રનારાયણ પ્રત્યેની તેમની દયા પ્રશસ્ય હતી. ગાંધીજીએ આગળ વધીને ભારતની કાયાપલટ કરી નાખી. પરંતુ કાર્યપ્રણાલિ અલગ રહી. સમસ્ત દેશમાં જાગૃતિ છવાઈ ગઈ. પરંતુ ભારતની સાધનાને માટે આ જ કાંઈ સર્વ નથી. દરિદ્રસેવા ખૂબ ઊંચી વસ્તુ છે પરંતુ તેમાં પડનાર માણસ સમય પર પોતાની ઈશ્વરપ્રાપ્તિની વાત ભૂલી જાય છે. આ ઠીક નથી. પહેલાં પોતે ઈશ્વરદર્શન કરી જીવનની યથાર્થતાની ઉપલબ્ધિ કરવાની જરૂર છે. પછી સેવા આપોઆપ થશે. ઈશ્વરની પ્રાપ્તિ ભારતની સાધનાનો પ્રાણ છે. તે પ્રત્યે જરાય દુર્લક્ષ કરી શકાય નહિ. દરિદ્રસેવા પણ એ જ મહા સિદ્ધાંત પર અવલંબે છે. આવો જ પુરુષ વિશ્વને માટે આદર્શ થઈ શકે જેણે સ્વયં સાધના કરી ઈશ્વરપ્રાપ્તિ કરી હોય ને જેનામાં માનવપ્રેમ-દુ:ખિત જગતનાં દુ:ખ દૂર કરવાની તીવ્ર લાગણી હોય. ભગવાન બુદ્ધ, ચૈતન્ય ને રામકૃષ્ણ આવા પુરુષો હતા. ગાંધીજીનું કાર્ય દેશની બાહ્ય કાયાપલટનું છે. સાધના કે સાધનાની આંતર બાજુ પર તેમનો નિર્દેશ નથી ને તેમને માટે તે બરાબર પણ છે. પરંતુ જગતના દુ:ખથી ક્ષુબ્ધ પ્રેમાળ હૃદયી પુરુષવર ઈશ્વરત્વના પ્રતીક રૂપે, ભારતના રંગમંચ પર અવતીર્ણ થશે એ નિ:સંદેહ છે. રામકૃષ્ણદેવે કહ્યું હતું :'જ્યાં લગી દુનિયામાં દુ:ખ હશે ત્યાં લગી બંધનગ્રસ્તને મુક્ત કરવા હું અવતીર્ણ થઈશ.' આવા દૈવી મહાત્માના શબ્દો મિથ્યા ના થાય. તેવી શક્તિ દ્વારા જ જગતની સમસ્યાઓનો મૂળભૂત ઉકેલ થશે.

*

એટલે જીવનને પ્રેમ તથા ભક્તિથી ભરી દેવાની જરૂર છે. વાસના ને વિષયનાં બંધનોથી મુક્ત થવાની જરૂર છે. ને જીવનની સ્વલ્પતાનો વિચાર કરી ઈશ્વરપ્રાપ્તિમાં જરાય ઢીલ કરવાની નથી. જેમ બને તેમ જલદી ધ્યેયપ્રાપ્તિ કરવાની છે. પોતે જ મુક્ત નથી તે જગતને દુ:ખમુક્ત શું કરશે ? તમારામાં જગતનું દુ:ખ ફેડવાની શી શક્તિ છે ? ઈશ્વરપ્રાપ્તિ પછી ઈશ્વર તમને દૈવી શક્તિ આપશે. તે વખતે તમે ઈશુ ને બુદ્ધ તથા ચૈતન્ય ને રામકૃષ્ણની જેમ માત્ર સ્પર્શ કે સહવાસથી જ અનેકને દુ:ખમુક્ત કરી શકશો, રોગથી રહિત બનાવશો. એટલે આવશ્યક્તા છે પહેલાં સ્વયં શક્તિનાં પુંજરૂપ સૂર્ય બનવાની. ભગવાનની પ્રાર્થના ને નામસ્મરણ સુંદર સાધન છે.

આધ્યાત્મિક ભાવ બની રહે તે માટે સંતમહાત્માઓનાં જીવન વારંવાર વિચારવાની તથા ગીતા પ્રમાણે જીવન જીવવાનો પ્રયાસ કરવાની જરૂર છે.

*

માતાજીને તું પત્ર લખે છે તે એક અપૂર્વ આનંદનો વિષય છે. મારા નાનાશા હૃદયમાં તેમના પ્રત્યે ખૂબ ખૂબ માન છે, ને એક જનની તરીકે નહિ (તે ભાવ તો હૃદયમાં ઊઠતો જ નથી) પણ એક આદર્શ માતા તરીકે હું તેમને પૂજ્ય બુદ્ધિથી જોઉં છું તથા તેમનાં પવિત્ર ચરણોની ધૂલિને માથે ચઢાવવામાં ગૌરવ માનું છું. તેમના ગુણો ખૂબ પ્રશંસનીય છે. જો કે જીવનભર તેણે દુ:ખ જ વેઠ્યું છે, ને નાની વયે વૈધવ્ય પ્રાપ્ત કરીને આજ લગભગ ૪૨-૪૩ ની વય સુધી સંકટ સહન કર્યું છે, પણ તેમનો પરમ પ્રેમ, તેમની નિ:સ્વાર્થતા ને દુ:ખને ભૂલી જવાની વૃત્તિ તેમજ દયાળુતા જેમણે જોઈ હશે તે જ જાણશે. શું તને આટલું નથી સમજાતું કે જે નારીએ હસતાં હસતાં પોતે જેને પુત્ર કહે છે તેના આધ્યાત્મિક જીવનમાં સહકાર આપ્યો ને તેના કંઠમાં હિમાલય જતાં હાર પહેરાવ્યો એનો મહિમા કોઈ પણ સ્વાર્થત્યાગી મહાનારીથી કમ નથી ? તેઓ એક જીવનમુક્ત છે. ઈશ્વરે તેમને દર્શન પણ તેમની ભક્તિ તથા સરલ હૃદયને વશ થઈને દીધું છે. તેમનો પુત્રભાવ હવે તો છેક જ ઊડી ગયો છે. શું આ સ્ત્રીનો મહિમા કોઈ પણ અવતારી પુરુષની માતાથી ઓછો છે, તેમજ શું તેમનો ત્યાગ પણ પૂજાને પાત્ર નથી ? તેમને પત્ર જરૂર લખતો રહેજે. તેમનો પત્ર સહેલાઈથી ના આવે તો સરનામા સાથે જવાબી કાર્ડ લખવું જેથી તેમને ખૂબ જ સુગમતા થશે. મહિનામાં એક પત્ર તેમને લખવો એ કાંઈ મોટી વાત નથી. તેમને આનંદ થશે.

☼ ☼ ☼ ☼ ☼



## પત્ર ૪૫ : આત્મપરિક્ષણ

દેવપ્રયાગ
તા. ૨ નવે. ૧૯૪૫

પ્રિય નારાયણ,

પત્ર મળ્યો. આનંદ થયો. તારા પત્રો વાંચી મને હરેક વખતે આનંદની લાગણી થાય છે.

તારામાં બીજા ગુણો કરતાં એક વધારે સારો ગુણ મને આત્મપરીક્ષણનો લાગે છે. તે એક ખૂબ જ જરૂરી ગુણ છે. આત્મપરીક્ષણ એક એવી વસ્તુ છે જે માણસને હંમેશ જાગ્રત રાખે છે માણસ પોતાને માટે જાગ્રત છે તેને હંમેશા પોતાના વિકાસનો ખ્યાલ રહે છે. પોતાની નબળાઈઓ તે ભૂલતો નથી ને એક વિવેચકની જેમ બરાબર તપાસે છે. ખરી રીતે તો એવું પણ છે કે માણસે પોતાને માટે જાગ્રત રહેવાની સાથે સાથે ઈશ્વરના પરમ પ્રેમમાં વધારે ને વધારે ડૂબવાનો પ્રયાસ કરવો જોઈએ. કેમ કે પૂર્ણ સંશુદ્ધિ કેવલ પ્રયાસની વસ્તુ નથી. માત્ર વિવેચકની દૃષ્ટિથી જ નહિ પરંતુ ઈશ્વરની દયાથી જ માણસ પૂર્ણાંશે પવિત્ર ને પરમ બની શકે છે. ઈશ્વરી પ્રેમની વાત જ જુદી છે. તે વધતાંની સાથે જ દૂષણો દૂર થતાં જાય છે. જેમ સૂરજ પ્રકટે તો અંધકાર આપોઆપ નષ્ટ થાય તેમ. જો પરમ વિકાસ સાધવો હોય તો પવિત્રતાની જરૂર પહેલી છે. ખાસ કરીને માનાપમાનમાં સમતા, નિરભિમાન, દયા, કામનો અભાવ ને ઈશ્વર પ્રત્યેની સમર્પણની ભાવના, કેળવવાની જરૂર છે. આવી પવિત્રતામાંથી વિશુદ્ધ પ્રેમ પ્રકટી નીકળે છે ને માણસને હંમેશને માટે મસ્ત તેમજ ધન્ય કરી દે છે.

આજે જે સંસારમાં દેખાય છે તે કાંઈ સત્ય પ્રેમ નથી. તે તો પ્રેમનાં હાડચામ છે. સત્ય પ્રેમનું સ્થાન દેહજનિત વાસના ને ઈન્દ્રિયસંતોષથી ખૂબખૂબ પર છે. તે તો આત્માનો સીધો ને સાદો તેમજ પવિત્રતમ સંબંધ છે. જો આપણે મોહ, સ્વાર્થ તથા મમતાના ઉપરના આવરણને હઠાવી દઈએ તો પ્રત્યેક વ્યક્તિમાં આપણને એક વિશેષતાનું દર્શન થઈ શકે. આ વિશેષતાને પ્રેમ કહો, સૌન્દર્ય કહો કે માંગલ્ય કહો. તેને ભલે ઈશ્વર ગણો, પણ સાચી ને સનાતન વસ્તુ તે આ શરીર વાસનાથી અસ્પર્શ્ય તત્વ તે જ છે. જેમ જેમ હૃદય શુદ્ધ થતું જાય તેમ તેમ પ્રેમની આ સૂક્ષ્મ અનુભૂતિ હરેક વ્યક્તિમાં જ નહિ પરંતુ પશુપક્ષી ને વૃક્ષાદિ સર્વમાં થઈ શકે. ત્યારે જ મનુષ્યનું જીવન ધન્ય બને છે.

તારે માટે તો ઈશ્વરની દયાથી સમય પર બધું જ આપોઆપ થતું રહેશે. કાચબા જેવી ગતિ લાગે તો તેથી અસંતુષ્ટ થવું નહિ. આપણો ધર્મ કેવલ ઈશ્વરનાં શ્રીચરણોમાં શિર ઝુકાવવાનો ને તેને ગદગદ્ હૃદયે પ્રાર્થતા રહેવાનો છે. આપણે માટે શું સારું ને ક્યારે સારું તે એ બરાબર જાણે છે. તે ખૂબ દયાળુ છે. તે એક એવી મા છે જે પોતાના બાળકની સર્વ ઈચ્છાઓને પૂરી કરે છે. આવું સમજી આપણો અવાજ તેને હમેશાં સંભળાવ્યા કરવો. તે જરૂર સાંભળશે ને આપણી ઈચ્છા પ્રમાણે કરી દેશે. રોજ સૂતા પહેલાં થોડો સમય જપ-ઈશ્વર સ્મરણ તથા પ્રાર્થના અથવા તો સુંદર જીવનચરિત્રના વાચનમાં ગાળવો જોઈએ. ઉપરાંત વહેલી સવારે પણ થોડો સમય ધ્યાનમાં પસાર કરવો જોઈએ. આને માટે કડક નિયમપાલન થવું જોઈએ. શરૂ શરૂમાં ખૂબ ખૂબ નિયમપાલનની જરૂર છે. રામકૃષ્ણદેવ જેવા પ્રેમના મહાવિદ્યાલયના પ્રિન્સીપાલ પણ સાંજે

થોડો સમય ધ્યાનાદિનો નિયમ પાળતા હતા તો બીજાને માટે તો કહેવું જ શું ? પ્રમાદ એ આધ્યાત્મિક જીવનમાં ખૂબ માટો અવગુણ છે. ધીરજ ને સતત નિયમપૂર્વકનું સાધનામય જીવન એ બંનેની ખૂબ જરૂર છે. એક દિવસમાં ફળ ન મળે ને મળવા માંડે ત્યારે રાખવાનો તાગ પણ ન રહે એવી વાત આ માર્ગની છે. માટે હમેશાં આશા સાથે નિયમપૂર્વક થોડુંક પણ કરતા રહેવું. અનેક જન્મોનું પુણ્ય હોય તો જ આ માર્ગે પગલાં ભરવાની વૃત્તિ થઈ શકે છે. આજકાલ જડવાદનો સમય છે. કમનસીબી એ છે કે જે ભારત યોગ તથા આધ્યાત્મિકતા માટે ગુરૂરૂપ હતું તે જ ભારત આજે ત્રિશંકુની દશામાં છે. જે મહાત્માઓએ આ જીવન દ્વારા અનંત શક્તિ પ્રાપ્ત કરી તે ચૈત્નયપ્રભુ, રામકૃષ્ણદેવ, સ્વામી શ્રી વિશુદ્ધાનંદ, ગોરખ ને મત્સ્યેન્દ્રનાથ, નરસિંહ, મીરાં વગેરેનો વિચાર કરવામાં આવે તો સંસારી માણસોની કેટલી શક્તિ વ્યર્થ જાય છે ને સત્તા, ધન તથા સૌંન્દર્યને નામે કેટલો કીમતી સમય વ્યતીત થાય છે તે તરત સમજવામાં આવે.

જે ભાઈઓ વિશે પત્રમાં લખ્યું છે તેમની વાત જાણી. ઈશ્વરમાં ને ઉચ્ચ જીવનમાં જેમને પ્રેમ છે તેવા આત્માઓને માટે આનંદ જ થાય છે. પરંતુ એક વાત કહેવાની એ કે તેમનું આ તરફ આવવું ઠીક નથી. એક તો આ ૠતુ જ અહીં પહેલવહેલાં આવવા માટે અનુકૂળ નથી, ને બીજું એક વાર ઉનાળામાં આવીને આ પ્રદેશને બરાબર જોયા વિના અહીં કાયમ રહેવાનો નિશ્ચય કરવો પણ યોગ્ય નથી. તે ભાઈઓ બરાબર બને તેમ ધ્યાનાદિ કરે, સદગ્રંથો-ખાસ કરીને સંતોનાં જીવનનું મનન કરે એ વધારે યોગ્ય છે. અહીં મારી પાસે એક જ નાની ઓરડી છે. તેમાં કોઈને પણ રાતે રહેવાની રજા નથી. હા, ચક્રધરને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી શકાય પણ તે ઉનાળામાં જ બને. ગુજરાતમાં આવવાનું ઈશ્વર પર જ અવલંબે છે.

દક્ષિણેશ્વરમાં ખૂબ જ આનંદ આવ્યો. ત્યાંના અનુભવો વિશે પત્રમાં લખવું અશક્ય છે. કેમ કે તે શબ્દાતીત વિષય છે. પણ તે સ્થાન ખુબ જ દૈવી લાગ્યું. બે પ્રસંગ લખીશ. જે દિવસે દક્ષિણેશ્વર જવાયું તેને બીજે દિવસે સવારે પંચવટી નીચેની કુટિયા પાસે બેઠો હતો. ત્યાં એક માતા આવી. ઉંમર ૨૫-૨૬ થી વધારે નહિ હોય. છેક જ પ્રણિપાત કરીને નીચે બેસી ગઈ. કેશ ખુલ્લા, શરીર કૃશ ને તેજસ્વી આંખ. આશ્ચર્યની વાત એ કે તે ખૂબ જ રડવા માંડી. તેનું મુખ કેટલું સુંદર લાગતું'તું ! મને સમજ ન પડી. રસગુલ્લાંનો પડિયો તથા શ્રીફળ જે તે લાવી હતી તે મારી આગળ મૂકીને તે બોલવા માંડી- 'બાબા, હમેં મિલેગા, રામકૃષ્ણદેવ હમેં ભી મિલેગા ?' ને તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. મેં કહ્યું 'જરૂર મળશે. કેમ નહિ. તે તો ખૂબ દયાળુ છે.' તે કહે, 'એણે મને પાગલ કરી દીધી. ખૂબ તલસાવી.' મેં તેને મારો ફોટો બતાવ્યો ને રામકૃષ્ણદેવનો ફોટો પણ બતાવ્યો કહ્યું : 'દેખો' તે બોલી : 'હાં બાબા, એ તો ખરું પણ મારે તો પહેલાંના જ સ્વરૂપમાં દર્શન જોઈએ.' ને તેણે 'તુલસી મસ્તક તબ નમે ધનુષ-બાણ લો હાથ' ની વાત કહી. મેં કહ્યું : 'શ્રદ્ધા કરો, એ સ્વરૂપમાં પણ દર્શન થશે. 'ને કેટલીય વાર સુધી રડતી રડતી બેસી રહ્યા પછી તે પ્રણિપાત કરી ચાલી ગઈ. કેટલી પવિત્ર સ્ત્રી ! ખરેખર, આવા પ્રેમીઓનું દર્શન આપણને થઈ જાય તો પણ આપણા મળ કપાઈ જાય ને કૃતાર્થ થવાય. એવા પ્રેમીની એક દૃષ્ટિ પણ આપણને મસ્ત કરવા પૂરતી છે.

અજબ વાત એ લાગી કે પછી બેત્રણ દિવસ સુધી તે મળી જ નહિ !

બીજી વાત પણ તે જ અરસાની છે. દક્ષિણેશ્વરમાં ભગવાન રામકૃષ્ણદેવની ઓરડી છે. તેના દ્વાર પાસે બેસી તેમની છબીનું દર્શન કરતાંવેંત મારી આંખમાંથી આંસુની ધાર ચાલી જાય. ત્યાં ગયા પછી બીજી

સવારે જે ભાઈના પ્રયાસથી મંદિરમાં રાતે પણ રહેવાની વ્યસ્થા થઈ હતી (રાતે મંદિરમાં કોઈને રહેવા દેતા નથી) તે ભાઈ આવ્યા. થોડી વારે બોલ્યા, 'મારી ઈચ્છા છે કે તમે મારે ઘેર આવો ને એક વાર ભોજન કરો.' મારે ઘેર મારા દાદા જીવતા ત્યારે રામકૃષ્ણદેવ વારંવાર આવતા. તમે પણ પણ આવો.' એટલામાં તે ભાઈની પત્ની આવી ને તે પણ પ્રણિપાત કરીને સામે ઊભી રહી. મારી આંખમાંથી આંસુની ધારેધાર ચાલી જતી હતી. મેં કહ્યું : ' હું જરૂર આવીશ. તમારે ત્યાં પ્રભુ પોતે આવતા'તા એટલે હું આવીશ. તમારા ઘરની ધૂલિ પણ મારા અંગે અડે એ ક્યાંથી !'

ચોથે દિવસે સવારે અમે તેમને ઘેર ગયા. ઘર બાજુમાં જ હતું. રસ્તામાં તેમને ઋષીકેશ જવાની વાત કરી. તેમણે ખર્ચ વિશે પૂછ્યું તો કહ્યું કે જવું તો છે પણ રૂપિયા ત્રણ જ છે. રામકૃષ્ણદેવ તરફથી સંકેત મળ્યો છે કે તમારા દ્વારા વ્યવસ્થા થશે. સાંભળીને તે આનંદ પણ પામ્યા ને ખેદ પણ. ખેદ એટલા માટે કે તેમની સ્થિતિ તદ્દન ગરીબ હતી. પણ રામકૃષ્ણદેવ પ્રત્યેની તેમની શ્રદ્ધાભક્તિ અજબ હતી. ખાવાનું પણ ઠેકાણું તેમને ત્યાં ન હતું ને તેમનું સર્વ કાંઈ તેમના મિત્રો પૂરું કરતા. તે ચિંતીત હતા. તેમની સ્ત્રીએ કારણ પૂછ્યું તો તેમણે બધી વાત કરી. સ્ત્રી કો'ક દેવી હતી. તેણે તરત કહ્યું : 'એમાં ચિંતા શું કરો છો ? મારાં ઘરેણાં તમારી પાસે છે તે વેચીને જે પૈસા આવે તેમાંથી મહાત્માજીને ટિકિટ કઢાવી આપજો.' ધન્ય છે ! ભાઈએ મને અંગ્રેજીમાં એ કહી સંભળાવ્યું. મેં કહ્યું : 'ના, ના, તેમ નહિ થાય. રામકૃષ્ણદેવ પોતે જ વ્યવસ્થા કરશે. એટલામાં જ તેમના એક મિત્ર આવ્યા. તેમણે તરત પોતાની ઈચ્છાથી મદદ કરવા માંડી. પેલા ભાઈએ કેવલ ૧૨ રૂ. લીધા ! પૈસા આપી તે ભાઈ ચાલ્યા ગયા. આ પછી પણ બીજી વ્યવસ્થા કેમ થઈ તે વિસ્તારભયે લખતો નથી. પરંતુ પેલી ભક્તિમય માતાના શબ્દો અમર છે. ધન્ય છે એ પ્રેમને !

આ જીવન અને આવા અનુભવો તો અગાધ ને અપાર છે. માણસે હંમેશા બાળક જેમ સરલ રહીને ઊંડે ને ઊંડે ઊતરવું જોઈએ. ખોટો આત્મસંતોષ એ મરણનું જ બીજું નામ છે. પ્રેમના પથિકે હમેશાં પ્યાસી રહેવું જોઈએ. જેમ ઊંડે ઊતરીએ તેમ રહસ્ય મળે. મહાન મહાન સંતોમાં કેવી અપાર શક્તિ હતી ! તેવી શક્તિ પ્રાપ્ત થવી જોઈએ. ત્યાં સુધી આગળ ધપ્યે જ જવું જોઈએ. આવા માણસને માટે આધ્યાત્મિક પૂર્ણતા રૂકાવટ વિના તેના ચરણોમાં હાજર રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૬ : અમિટ લગનીની આવશ્યકતા

દેવપ્રયાગ
તા. ૨૦ ડીસે. ૧૯૪૫

પ્રિય નારાયણ,

તેં પેલા ભાઈ વિશે લખ્યું તે જાણ્યું. સાચું છે કે જેમનામાં જુસ્સો હોય છે તે સારું કામ કરી શકે છે. કદી પણ ન મટનારી એવી લગની વિના આ માર્ગનું કામ અધૂરું જ રહે છે. પણ તે જુસ્સો માત્ર સાગરના તરંગ જેવો ઉપરનો ન હોવો જોઈએ. શાંત પ્રવાહની જેમ હૃદયમાં ઊતરી જવો જોઈએ. નહિ તો ઘણીવાર તે ક્ષણજીવી નીવડે છે. વળી મનની ચંચલતાને કારણે તે જ જુસ્સો મન કોઈ બીજા પદાર્થ કે વિષયમાં જોડાતાં તે પદાર્થમય બની જાય છે. તે ભાઈ સતારા ગયા છે તે ઠીક છે. જ્યાં સુધી કયાંક પણ જવાનો ભાવ છે ત્યાં સુધી તેને પોષવો ઠીક છે. એથી અનુભવ પણ મળે છે. કો'ક સદગુરુની પ્રાપ્તિ પણ થઈ રહે છે. પણ આવા વખતમાં એવું કલ્યાણ કરી દેનારા ને માત્ર સહવાસથી જ શાંતિ આપનારા એવા ગુરુ કે મહાત્માઓ બહુ વિરલ છે; એટલે કેવળ નામ સાંભળીને કે બીજાની પાસેથી બે-ચાર વાતની માહિતી મેળવીને વારંવાર દોડ્યા કરવું પણ ઠીક નથી. એક વાત આ પણ છે કે જો સાચી લગનથી મનુષ્ય આ માર્ગે જવા તત્પર બને ને ઈશ્વરને પ્રાર્થના કર્યા કરે તો તેને સહાય કરનાર વ્યક્તિ તે જ્યાં હોય ત્યાં આવી મળે છે, અથવા તો તેને તે વ્યક્તિ પાસે જવાનો આદેશ મળે છે. જ્યાં સુધી પોતાની યોગ્યતા નથી ત્યાં સુધી ગમે તેવા મહાત્માનો સંપર્ક પણ એટલો ફળદાયક થતો નથી. ને યોગ્યતા ન હોય તે છતાં કૃપા કરનાર મહાપુરુષ તો ભાગ્યે જ મળે છે. એટલે ઘેર બેસી સાચા મનથી જપ ધ્યાન વગેરે કરતા રહેવાની જરૂર છે. એક બે દિવસમાં પૂર્ણતા ન પણ મળે, પણ તેથી ધીરજ રાખવાની જરૂર છે. સાધન છોડવાનું કામ નથી. સાધનની શક્તિ ઘણીવાર એકસામટી ને થોડા લાંબા સમયે માલુમ પડે છે. ત્યાં લગી દૃઢતા રાખવાની જરૂર છે. અમારા વિચાર પ્રમાણે તો કોઈ મહાત્માનો સંગ અમુક વખત પૂરતો કરવો જોઈએ, બાકી વધારે લક્ષ પોતાના એકાંતિક સાધન પર ને ભગવાનની કરુણાની યાચના પર આપવું જોઈએ. જ્યારે આમ કરતાં પરિપક્વ થવાશે ત્યારે સ્વયં ગુરુ બનાશે. જ્યાં સુધી વાદળ છે ત્યાં સુધી ચંદ્ર ક્યાંથી દેખાય ? હૃદય શુદ્ધ થાય ને ચિત્ત એકાગ્ર થાય એટલે અંદરથી જ બધું આવી મળશે; આ સાચી વાત છે. હા, મહાપુરુષ પાસે જવામાં કશો દોષ નથી. કાંઈ ને કાંઈ શીખવાનું જરૂર મળે છે. પરંતુ ફરવાનો રસ ન લાગવો જોઈએ. માણસ જો સવાર-સાંજ મળી ઓછામાં ઓછા ૨-૩ કલાક સાધનામાં નિયમિત રીતે ગાળે ને દૈવી સંપત્તિના ગુણોને પોતાનામાં ઉતારવાના પ્રયાસની સાથે મહાત્મા પુરુષોનાં જીવન ને ગીતા એવાં પુસ્તકોનું મનન રાખે, તો ભગવાન એવા દયાળુ છે કે તેને જરૂર આગળ માર્ગ બતાવે.

તમારી સાથેના ભાઈ યોગાશ્રમમાં આવે છે તે જાણ્યું. તેમને લગ્ન કરવાની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ તે પણ વાંચ્યું. બ્રહ્મચર્ય એ સૌથી ઉત્તમ માર્ગ છે, ને જેણે ઉત્તમોત્તમ આધ્યાત્મિક વિકાસ કરવો હોય તેણે લગ્નજીવનમાં ઊતરતાં પહેલાં બનતી વધારે વાર વિચાર કરવો જોઈએ. આ એક બાજુ છે. છતાં તે ભાઈને પરિસ્થિતિ પ્રમાણે લગ્ન કરવું પડે તો પણ ગભરાવાની કે હિંમત હારવાની જરૂર નથી. તેમના જેવા સમજુ

પુરુષને માટે લગ્નજીવન એ બંધન ના જ બને. તેમનામાં જે જ્ઞાન ને ઈશ્વરપ્રાપ્તિ માટેની અભિરુચિ છે તે તેમને હમેશાં જાગૃત રાખશે ને બીજા ભાનભૂલ્યા સંસારીઓથી જુદા જ કરશે. જેને જ્ઞાન છે તેને સંસારમાં કાંઈ જ નથી. તરવામાં જે પ્રવીણ હોય છે તે તો વારંવાર નદીમાં તરે છે ને સહિસલામત બહાર નીકળે છે. ઈશ્વર પ્રત્યે જેની રુચિ હશે તે તો સ્ત્રીને ભોગ્ય વસ્તુ જ નહિ માને, પરંતુ તેનામાં જગદંબાનું દર્શન કરી તેની પ્રત્યે પવિત્ર દૃષ્ટિ કેળવશે. જે ઈશ્વરને બહાર જોવાનો તેનો પ્રયાસ છે તેને તે સ્ત્રીમાં જ અનુભવશે. ને હરેક કામ કરતાં ક્ષણેક્ષણે તેને યાદ રહેશે કે સ્ત્રી, ધન, પુત્ર તથા બીજી સાંસારિક વસ્તુઓ કરતાં જીવનનું લક્ષ્ય ખૂબ જ ઊંચું છે; ને જે શક્તિની પાછળ સૂર્ય ચંદ્ર ને નક્ષત્રો ફરે છે, જે સુંદર સ્ત્રીઓને ગાલની લાલી ને સૌન્દર્ય પ્રદાન કરે છે, તેમજ ફૂલને સુવાસ આપે છે, તે જ પરમશક્તિ તે પોતે છે, આત્મા છે : આવી અનુભૂતિ એ જ જીવનનું ઈતિ કર્તવ્ય છે. તેને ડરવાનું કામ નથી. તેની રક્ષા ઈશ્વર પોતે કરશે. કેમ કે તે ઈશ્વરને હંમેશા પ્રાર્થના કરશે કે હે પ્રભુ ! તારાં અર્પણ કરેલાં બાહ્ય રૂપનાં બધાંય બંધનમાં મને મુક્તિનું દર્શન કરાવો : મારાં પ્રિયજનોમાં ને મારી આગળ પાછળનાં સૌમાં મને તારું દર્શન કરાવો; ને હે નાથ ! કર્તવ્યની આગમાં મને પરમ વિશુદ્ધ કંચન બનાવો. મને તમારો ને તમારો જ બનાવો. એટલે કોઈ પરિસ્થિતિથી ડરવાનું નથી. ઈશ્વરની ઈચ્છા માની હરેકમાં આનંદવું. ભાઈને મેં પ્રત્યક્ષ જોયા નથી એટલે કોઈ એક નિર્ણય આપી શકાય તેમ નથી.

જે તત્વ ચરાચરમાં વ્યાપકરૂપે રહેલું છે, સુંદર, સત્ય ને શિવ બની તથા તેથી વિકૃતરૂપે પ્રતીત થઈ જે સારાયે જગતમાં છવાયેલું છે; જેને જ્ઞાનીઓ બ્રહ્મ ને ભક્તો ઈશ્વર કહે છે તથા સુફીવાદના પ્રેમી ઓલિયાઓએ જેને પ્રિયતમા માની પુકાર્યું છે, તેને માટે જ જીવન જીવવું જોઈએ. આને અમારી ભાષામાં પ્રેમ કરવો કહે છે. ભાઈ પ્રેમની નગરી મહાન છે. પ્રેમનો યોગ અપાર છે. નેતિ ને ધોતિ તથા પ્રાણાયામની બાહ્ય ક્રિયાઓ તો બચ્ચાંના ખેલ છે. તેથી તે ક્યાંય દૂર-જેટલું ઊંચે આકાશ છે ! આ મહાન નગરીમાં પ્રવેશ તેનો જ થઈ શકે છે જેણે પ્રેમ દેવતાનાં પવિત્ર ચરણોમાં પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કર્યું હોય, પ્રેમના પવિત્ર દેવને માટે જ જેણે જીવનને હોડમાં મૂક્યું હોય, આજીવન તેના જ રહેવાનું નક્કી કર્યું હોય, ને તેના જ નશાથી હૃદયને ભર્યું હોય. એકાદ મીરાં કે એકાદ શબરી, એકાદ જયદેવ કે એકાદ લયલા-મજનૂ, એના વિના આ પ્રેમમાર્ગના અધિકારી કોણ છે ? તેમનામાં કેવી અલૌકિકતા હતી ! સાચા પ્રેમને સમજનારા વિરલ જ છે. સાધારણ માણસોનો પ્રેમ ઘણે અંશે શય્યા સાથે જ સંબંધ રાખે છે ! પણ પ્રેમના આ મસ્ત ફકીરોને પોતાના દેહની પણ પરવા ન હતી. ઈન્દ્રિયભોગ ને વિષયવાસનાથી તેમની સ્થિતિ ઘણી ઘણી ઉપર હતી. શું તે વાત કહેવાની છે ? ધ્યાનાદિ કરીને જે ચંચલ મનને વશ કરવું પડે છે તે પ્રેમીને સાધ્ય હોય છે. તેનું મન તો પ્રેમ-મદિરા પીને હંમેશ માટે આવેશમાં જ રહે છે, પૂર્ણ શાંતિ અનુભવે છે. યોગની બાહ્ય ક્રિયાઓ જરૂરી છે પણ તે જ કાંઈ જીવનનું સર્વસ્વ નથી. જ્યાં લગી દૈવી સંપત્તિ આવે નહીં, સત્ય પર શ્રદ્ધા જામે નહીં, ને સારી-નરસી વાસનાઓમાં રમકડા જેમ રમવું પડે, રાગદ્વેષ મટીને વ્યાપક પ્રેમ જાગે નહિ, તેમ જ ચરાચરમાં રહેલા એક જ ઈશ્વરી તત્વનો અનુભવ એ કાયમનો સ્વભાવ બને નહીં ત્યાં લગી જીવનનું લક્ષ્ય ઘણું જ દૂર છે. પ્રેમ વિના કંઈ બનતું નથી. લગન વિના કંઈ સાધ્ય થતું નથી. પ્રેમને જ લગન કહે છે. પ્રેમના ભાવનું એકાદ આંસુ, એકાદ પુકાર, ને તેની એકાદ આહ, ગમે તેવા ઈશ્વરને પણ યુગયુગને માટે બાંધી દેવા સમર્થ

છે. નિષ્ઠાનું બીજું નામ પ્રેમ છે. હૃદયના મળ ધોવાઈ જતાં સાચા સ્વરૂપનું દર્શન થાય છે. આ સમયે સારુંયે જગત ઈશ્વરમય લાગે છે. ને અપાર આનંદ થાય છે. આ આનંદાનુભૂતિમાં ને શાંતિની સ્થિતિમાં કાયમ રહેવું તેને જ નિષ્ઠા કહે છે. આ રસમાં તર ને મસ્ત રહેવું એને જ પ્રેમમય રહેવું એમ કહે છે. બંને એક જ વસ્તુ છે.

આજનું તમારું જીવન એ કાંઈ જીવન નથી. રોજના વ્યવહારમાં માણસને જે જૂઠનો આશ્રય લેવો પડે છે, પોતાની જાતને છુપાવવાનો પ્રયાસ કરી જે દંભ કરવો પડે છે, તેમજ વૃત્તિઓના દ્વંદ્વોમાં હીંચકાની જેમ ઝૂલવું પડે છે, તે બધું જોતાં તો તેને મરણની આવૃત્તિ જ કહી શકાય. આ દશા ઘણી જ દયનીય છે. ને વધારે દયા તો ત્યારે ઉત્પન્ન થાય છે જ્યારે એને જ સર્વસ્વ માનવામાં આવે છે.

સાચું જીવન તો ત્યારે જ શરૂ થશે જ્યારે વૃત્તિઓના દ્વંદ્વોમાં રમવાનું બંધ થશે, ને મનુષ્યની સર્વ શક્તિ પ્રેમ, શાંતિ તેમજ જ્ઞાન માટે ને બીજાના કલ્યાણને માટે જ ખર્ચાશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૭ : મન ને ઈન્દ્રિયના સ્વામી

દેવપ્રયાગ

તા. ૩૧ જાન્યુ. ૧૯૪૬

પરમપ્રિય ભાઈ,

પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. શ્રી ચક્રધરજી હજી અહીં જ છે. બનતાં સુધી વસંતપંચમી પછી તે તરફ આવવાનું નક્કી કરશે. અથવા હોળી પણ અહીં થઈ જાય. મારું આવવાનું તો ચોક્કસ નથી. બધું જ ઈશ્વરની ઈચ્છા પર અવલંબે છે. ગુજરાતનો સમય તો શિયાળામાં જ વિશેષ સુંદર રહે છે. હવે તો તે સમય પૂરો થવા આવ્યો. એટલે આવવાનું અશક્ય જેવું છે, વળી આ વખતે આવવાની એટલી બધી ઈચ્છા પણ થતી નથી.

તને મળવા માટે ઈચ્છા થાય છે તે જાણ્યું. જ્યાં પ્રેમ હોય ત્યાં આ વસ્તુ સ્વાભાવિક છે. ને તારો પ્રેમ તો ઘણો જૂનો ને મજબૂત તથા દિવ્ય છે. તેથી મિલનની ઈચ્છા કોઈ આશ્ચર્ય નથી. પણ શું થાય ? આટલે દૂર હોવા છતાં પણ આત્મસ્વરૂપે તો હું તારી નજીક- સૌથી નજીક છું. સ્થૂલરૂપે દૂર રહીને પણ તારી પવિત્ર પ્રેમધારાને ભૂલી શકવા અસમર્થ છું. આ સંસારમાં મેં કોઈની આગળ શિર ઝુકાવ્યું નથી, તેમજ આત્મગૌરવના સદગુણમાં કોઈનું કશું માન્યું પણ નથી, પરંતુ પ્રેમના આ દૈવી દેવની પાસે હું હંમેશ માટે એક સુમન છું. ને હૃદયમાં ગંગા થઈને વહ્યા કરું છું. તારામાં પૂર્વજન્મના ફલસ્વરૂપ ખૂબ ખૂબ સારા સંસ્કારો છે, ને તેને લીધે જ અમારા જેવા અનિકેત પ્રેમીઓ પર પ્રેમ પણ થાય છે.

સંસારમાં રહેતાં ને તેની અનેકવિધ પ્રવૃત્તિઓમાં બાહ્ય દૃષ્ટિએ મળી જવા જેવું જીવન જીવવા છતાં આત્મામાંથી પૂર્ણ નિર્લેપ રહેવું જોઈએ ને એક ક્ષણને માટે પણ ભૂલવું ન જોઈએ કે સંસારનો આ બધોયે ચમત્કાર, આ સર્વ ખેલ એક વાર અદૃશ્ય થઈ જવાનો છે; ને બહુ જ શક્ય છે કે તે પહેલાં આપણો સ્થૂલ વેશ જ પલટાઈ જવાનો છે. નાટકમાં વેશ ભજવનાર કોઈ પાત્રની જેમ પાઠ પૂરો કરવાનો છે, પણ આપણે કોણ છીએ તે વિચાર હંમેશ માટે તાજો રાખવાનો છે, ને સમય આવ્યે આ બધાય વેશ ને આડંબરને એક બાજુએ ફગાવી પોતાના સત્ય સ્વરૂપમાં સ્થિત થઈ જવાનું છે.

જ્યારે જ્યારે કોઈ અસ્પષ્ટ વાતાવરણ જાગે કે 'શું સારું ને શું નરસું'ની ગડમથલ ચાલે તથા સ્પષ્ટ માર્ગનું દર્શન ના થાય, ત્યારે મહાન આત્માઓનો વિચાર કરવો જોઈએ. મહાન આત્માઓ એટલે વીર કે પરાક્રમી પુરુષો નહિ, પરંતુ એ અલૌકિક પુરુષો જેમણે જીવનના ઉચ્ચોચ્ચ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સંસારના પ્રલોભનાત્મક પદાર્થોની આસક્તિને તોડી નાખી હતી. આ લોકોને શું જીવન પ્રિય ન હતું ? શું તેમને પણ જીવનનો રસ માણવો ન હતો ? શું તે પણ આનંદના પ્રદેશમાં સ્થિત થવા ઈચ્છતા ન હતા ? અલબત્ત, તેમની તે માટે ઈચ્છા હતી જ, પરંતુ તેમને સાથે સાથે ખબર હતી કે સંસારનો જે રસ ને આનંદ, કે જે ઈન્દ્રિય કે મનની અનુભૂતિની અંતર્ગત આવી જાય છે ને માણસ એક ગુલામની જેમ તેનો ભોગ કરે છે, તેના કરતાં વધારે સ્થાયી ને સાચો રસ કે આનંદ તો મન ઈન્દ્રિયથી પર છે, ને તે મનુષ્યને પ્રાપ્ત થાય છે

જે એક સ્વામી છે માટે સત્ય આનંદને માટે સ્વામી થવાની જરૂર છે ને આ સ્વામી એટલે મન ને ઈન્દ્રિયના સ્વામી, પ્રકૃતિના અધિષ્ઠાતા.

કેવલ ધન કે વૈભવ ને સાંસારિક પ્રવૃત્તિની અંદર સમાપ્ત થનારું જીવન એ આવા દિવ્ય જીવનની આગળ કશી જ કીંમતનું નથી, ને તેવા જીવનથી આગળ વધવાની તાલાવેલી ના જાગે ત્યાં લગી સાચા જીવનની શરૂઆત પણ નથી. પણ તેનો અર્થ એમ નથી કે વર્તમાન જીવનને માટે તીવ્ર અસંતોષ ઉત્પન્ન કરી દેવો અથવા તો તેનો સદંતર ત્યાગ કરવો. તેથી તો ઘણી વાર વધારે ખરાબ પરિસ્થિતિ પણ જન્મે. કેમ કે જ્ઞાન કે સમજ વિનાના કેવલ પરિવર્તનથી કશું જ વળતું નથી. એટલે સુંદર ઉપાય એ જ છે કે વર્તમાન જીવનમાં એક સતત સાધક બની જવું; તેનો લાભ લઈ બને તેટલા શુદ્ધહૃદય, વિચારક ને ક્રિયાશીલ થવા મથ્યે જવું. આ જ સુંદર ને સાચો સર્વસાધારણ માર્ગ છે. આમ કરતાં કરતાં, એટલે કે સંસારના વ્યવહાર કરતાં કરતાં ને સાધના પણ ચાલુ રાખતાં એક સમય એવો આવશે જ્યારે આત્મદર્શન થશે, પૂર્ણ જ્ઞાન પણ પ્રાપ્ત થશે ને સાચું જીવન મળશે.

યોગાશ્રમમાં જવાનું ચાલુ હશે. નેતિ તથા ધોતી આવડી ગઈ હશે. બને તો બસ્તી પણ કરી લેવી. શરીર શુદ્ધિને માટે તે ખૂબ જ ઉપયોગી છે. ઉપરાંત કુંડલિની જાગરણમાં પણ સહાયક છે. માટે જરૂર શીખવી. આસનનો અભ્યાસ રોજ કરવો. ખાસ કરીને શીર્ષાસન ૦॥ કલાક જેટલું નિયમિત કરવું. યોગાશ્રમનો પણ પૂરો ઉપયોગ કરી લેવો. આગળ માટે સહાયક થાય છે.

જાણ્યું છે કે ગૂજરાતના કવિસમ્રાટ ન્હાનાલાલે શરીરત્યાગ કર્યો. ન્હાલાલ એટલે ગૂજરાતના મહાનમાં મહાન કવિ. પણ તેમનું હૃદય ભક્તહૃદય પણ હતું તે ગયે વરસે ખબર પડી. ગયે વરસે ન્હાનાલાલને મળવાનો પ્રસંગ આવ્યો. તે પોતે કામ પ્રસંગે બંગલે આવેલા. તેમણે ભાઈને કહેલા શબ્દો હજી યાદ છે. તેમણે કહ્યું હતું : 'તમારો બંગલો શાથી વધારે સુંદર લાગે છે તે તમને ખબર છે ? આ ત્યાગી મહાત્મા પુરુષથી ?' અનંતસૂરના થોડાં કાવ્યો જોઈને તેમણે કહેલું: 'તમે તો ભારે મંથન કર્યું છે, ને નવનીત ઉતાર્યું છે.' તેમને ત્યાં આમંત્રણ પણ આપેલું. અમે ગયા તો તે ખૂબ સાદા પોશાકે હાથમાં તંબૂરો લઈને ભજન ગાતા હતા. એ ચિત્ર ભૂલી શકાય તેમ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૮ : સતત પ્રયત્નશીલતા

દેવપ્રયાગ

તા. ૧૬ માર્ચ, ૧૯૪૬

પ્રિય ભાઈ,

પત્ર મળ્યો. આનંદ થયો. આ વખતે આ પત્ર સાથે એક પત્ર માતાજીને માટે પણ લખું છું. તે સરોડાને સરનામે (સાથે કંઈક લખીને) મોકલી દેજે.

અત્યારે રાત્રિનો સમય છે અને આ પત્ર લખવા બેઠો છું. રાત્રિ શુકલ પક્ષની છે એટલે ચંદ્રમાનો પ્રકાશ અનેરો છે. ને નિંદ્રા તો 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી' એ ન્યાયે ક્યાંથી હોય ? એટલે વિચાર થતાં લખું છું.

ગૃહસ્થાશ્રમની પ્રવૃત્તિમાં ને ખાસ કરીને ત્યાંના વ્યવસાયી જીવનમાં ખાસ કશું સાધનાવિષયક કાર્ય થતું નહિ હોય એ સંભવિત છે. એ પણ સાચું છે કે સાધનાનો માર્ગ હરેકને માટે નથી. (અહીં હું તીવ્ર સાધનાની અથવા તો સાક્ષાત્કારની તીવ્ર ઈચ્છાની વાત કરું છું.) જે પુણ્યશાળી આત્માઓએ પૂર્વજન્મમાં કાંઈક કર્યું હોય છે તે જ ઈશ્વરની કૃપાથી આ જન્મમાં આ સાધના માર્ગ તરફ તીવ્ર ગતિથી વળે છે, ને વિના રુકાવટે વધે છે. બીજાને માટે આ માર્ગ એટલો સહેલ નથી. કેમકે વાસના ને તૃષ્ણાપૂર્ણ જીવનમાં ઈશ્વરી પ્રેમનો ઉદભવ સંભવ નથી. મને તારામાં પ્રથમથી જ એક ઊંચી આધ્યાત્મિક યોગ્યતાની ભૂમિકા લાગી છે. 'કાંઈ નથી થતું' માટે નિરાશ ના થવું. એમ નથી કે હરેક તીવ્ર સાધના કરવી જોઈશે ને પ્રાણાયામાદિ સાધનોમાં પારંગત પણ બનવું પડશે. મુખ્ય વસ્તુ ઈશ્વરી પ્રેમ છે. તેમજ પ્રેમથી પૂર્ણ સમર્પણ પણ આવશ્યક છે. આપણાં સર્વ કર્મોની અંદર ઈશ્વરની પૂજાની ભાવના રહેતી હોવી જોઈએ ને જીવનનો ઉપયોગ એક શોખની વસ્તુ તરીકે નહીં પરંતુ સાધના કે સંયમની પાઠશાળારૂપે થવો જોઈએ. ગમે તેવા કર્મ કે પ્રવૃત્તિ પરાયણ હોવા છતાં એક ક્ષણને માટે પણ ભૂલવું જોઈએ નહીં કે આ બધી બાજી બે આંખ ઉઘાડી છે ત્યાં સુધીની જ છે. ને જીવનનો સાચો ઉપયોગ આત્મદર્શન છે. કેટકેટલા મહાત્માઓ ને મહાન પુરુષો સંસારની પ્રલોભનાત્મક વસ્તુઓને સલામી ભરીને આ રસ્તે વળી ગયા, ને જીવન ધન્ય કરી ગયા. એ હમેશાં યાદ રાખવું જોઈએ. એથી પ્રમાદ ને આળસ કે જડતા દૂર થઈ જશે.

જીવનના પરિપૂર્ણ અનુભવ માટે કોને માટે કયી ક્ષણ નિર્મિત છે તે કેવલ ઈશ્વર જ જાણે છે. મનુષ્યે માત્ર ઈચ્છા બનાવ્યે રાખવી જોઈએ, ને બનતી રીતે જીવનને આદર્શ બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. યાદ રાખો કે તીવ્ર ઈચ્છા જ એક વાર બધાંય આવશ્યક ઉપકરણો લાવી દેશે ને તે સમયે અચિંત્ય બાહ્ય મળશે.

પણ શાંતિથી જડની જેમ સૂવાનું કામ નથી. જીવન ખૂબ વેગથી ચાલે છે. જે ઉત્તમમાં ઉત્તમ સમજીએ છીએ તેને આચારમાં ઉતારવા સતત પ્રયાસ કરવો જોઈએ. તો આ જ જીવન ઉજ્જવલ બની શકશે.

હા, પ્રાર્થના ખૂબ ઊંચી વસ્તુ છે. ઈશ્વરની સાથે તેના દ્વારા અનુસંધાન થઈ શકે છે. પ્રાર્થના વખતે હરહંમેશ ઈશ્વરને કહેવું જોઈએ કે, હે પ્રભુ ! અમને તમારી વધારે ને વધારે પાસે લેતા જાઓ. અમારા હૃદયને શુદ્ધતર બનાવો. ને અમારું જીવન સત્યમય બનો. સંસારની પ્રવૃત્તિમાં અમે તમને કદી પણ ભૂલીએ નહીં.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૪૯ : સાચા હૃદયનો તલસાટ

ધરમપુર

તા. ૨૬ મે, ૧૯૪૬

પ્રિય નારાયણ,

ઘણા દિવસ થયા તારો પત્ર નથી. કારણમાં શું સમજવું ? આળસ, અનિશ્ચિતતા કે પછી સ્વાસ્થ્યની ખરાબી ? જે હોય તે, પરંતુ આ પત્ર મળે એટલે તરત પત્ર લખજે.

ઉપર ધરમપુર વાંચીને તને લાગશે કે દેવપ્રયાગથી ધરમપુર કયારે આવવાનું થયું. તને ખબર નહિ હોય કે પંચગિનીથી મનુભાઈ અહીં આવ્યા છે. તેમની પાસે થોડા દિવસ રહેવા હું અહીં આવ્યો છું. આ સ્થળ પંજાબમાં છે ને સીમલા હીલ્સમાં ગણાય છે. કુદરતી સૌન્દર્યની દૃષ્ટિએ સુંદર છે.

તે દેશમાં જવા લખેલું તો કદાચ તું અત્યારે દેશમાં હશે. યાદ તારી વારંવાર આવતી, પરંતુ તારા પત્રની રાહ જોવી ઠીક લાગવાથી ઠેઠ આજે જ્યારે તારો પત્ર નથી જ તો લખું છું.

હમણાં શું ચાલે છે ? જીવનનું લક્ષ ઈશ્વરદર્શન છે એ કદીયે ભૂલવું જોઈએ નહીં. તારા પ્રાથમિક જીવનના સંસ્કારો ખૂબ ઊંચા છે, ને તારા હૃદયમાં આધ્યાત્મિકતાનું ચિરંજીવ ઝરણું વહે છે, જે પરિસ્થિતિ ને સ્થળ કે સમય કશાના પ્રભાવમાં આવી જઈને લુપ્ત થઈ શકે તેમ નથી. કેમ કે પૂર્વજન્મમાં તેં આ માર્ગે પ્રયાણ કર્યું છે, ને આ જીવનમાં પણ તારું અંતિમ લક્ષ તે જ છે. ઈશ્વર પોતે જ તને છોડે તેમ નથી. ને હરેક પરિસ્થિતિમાંથી બહાર સુરક્ષિત રીતે ખેંચી લાવીને તે તને પોતાને જ માટે તૈયાર રાખશે. તારો ધર્મ એટલો જ છે કે જે પ્રવૃત્તિ ચાલે છે તેને ઈશ્વરની ઈચ્છા સમજવી, ને તેનો સર્વ ભાર તેના હાથમાં સોંપીને જીવનની જે જે આરામની ક્ષણો મળે છે તેમાં તેના પવિત્ર પ્રેમથી ઓતપ્રોત થવા ઉત્કટ પ્રયાસ કરવો.

ઉત્કટ પ્રયાસ હું નિરંતર સાધના અથવા તો લગનને કહું છું. ઈશ્વરી પ્રેમને માટે સાચા હૃદયથી તલસવું જોઈએ. તેની મહાન કૃપાને માટે બને તેટલા વ્યાકુળ થઈને પ્રાર્થતા રહેવું જોઈએ. હરેક ક્ષણ તેના સ્મરણમાં પસાર કરવી જોઈએ ને પ્રત્યેક વસ્તુમાં, પ્રત્યેક વ્યક્તિને રૂપે તે છે, એમ સમજી તેનું દર્શન કરવું જોઈએ. વાસનાના થર જ્યાં લગી દૂર થયા નથી ત્યાં લગી આવો અલૌકિક અનુભવ સ્વભાવ સિદ્ધ થતો નથી. માટે વાસનાની વિશુદ્ધિ માટે હરસમય આત્મપરીક્ષણ ચાલુ રહેવું જોઈએ. પરંતુ એક વાત એવી પણ છે કે ઈશ્વરી પ્રેમનો પ્રકાશ જેટલા વધારે પ્રમાણમાં હૃદયનાં પ્રાંગણમાં પડશે તેટલા જ વધારે પ્રમાણમાં અજ્ઞાન અથવા તો વાસનાનો અંધકાર દૂર થશે. તેથી ઈશ્વરના પ્રેમને બને તેટલો વધારવા પ્રયાસ કરવો જોઈએ. આને વધારવાનો એક જ માર્ગ ઈશ્વરી કૃપાની યાચના ને નામસ્મરણ-જપનો છે.

જીવન ખૂબ જ ચંચલ છે. વૃત્તિઓ પણ ખૂબ પ્રબલ છે. તેમજ આ આંખ બંધ થાય તે પહેલાં જ જીવનના લક્ષને પ્રાપ્ત કરી લેવાનું છે. જેથી એકાદ રામકૃષ્ણદેવ જેમ આપણે પણ કહી શકીએ કે હા, મેં ઈશ્વરને જોયો છે, ને તને પણ બતાવી શકું તેમ છું. ઓછામાં ઓછી ‘ઈશ્વરને જોયો છે’ એ સ્થિતિ તો આવવી જ જોઈએ. નહિ તો આ મહામોંઘા જીવનને બીજી વસ્તુઓમાં વેડફી નાખવાનો શો અર્થ છે ?

ખૂબ પ્રેમ ને શ્રદ્ધાથી ઈશ્વરના જપધ્યાનમાં નિરંતર લાગી રહેવું જોઈએ. સાધન હંમેશ નિયમિત ને અતૂટ રહેવું જોઈએ. દર્શનની એટલી ચિંતા ના કરવી જોઈએ જેટલી પ્રેમની પ્રાપ્તિની ને હંમેશના ભજનની. જેમ શરાબીને શરાબનો નશો લાગી જાય છે, ચાહે તે બેહાલ પણ થઈ જાય છતાં તેનો ચસકો છૂટે નહિ, ભજનનો તેવો જ રસ લાગી જવો જોઈએ. ઊઠતાં, બેસતાં, હરેક કામ કરતાં નામસ્મરણ ચાલુ રહેવું જોઈએ. દર્શન થાય કે ના થાય, વહેલું થાય કે મોડું થાય. કાંઈ જ ચિંતા નથી. એ બધું ભગવાનના હાથમાં છે. તેની વાત તે જાણે. પણ આપણો ધર્મ-આપણો પોકાર કદી છૂટવો ના જોઈએ.

*

અત્યારે ઈશ્વરની ઈચ્છાથી મારા હૃદયમાં એક મહાન માર્ગની ઝાંખી થઈ છે, ને મને ચોક્કસપણે લાગી રહ્યું છે કે મારું જીવનકાર્ય આ જ છે. જો હું તને તેનું સવિસ્તાર વર્ણન કરું તો તે શક્ય નથી-દક્ષિણેશ્વર જતાં જે પત્ર તને લખેલો તેમાં તેની ઝલક હતી જ, પરંતુ એટલું તો ચોક્કસ છે કે તે એક ઈશ્વરનો નિશ્ચય છે. ને ઈશ્વરી નિશ્ચય હોવાથી તેમાં મીનમેખ કરી શકે એવી તાકાત કોઈ જ નથી. મારા હૃદયમાં જે જે પ્રેરણા આજ લગી ઉત્પન્ન થઈ છે, તેનો માર્ગ ને તેની પૂર્તિ ઈશ્વરે કર્યા જ કરી છે. એટલે થોડા જ સમયમાં આ વસ્તુ પણ થઈ જશે.....ત્યારે તે મારે માટે ને માનવતાને માટે એક મહાન આશીર્વાદ થશે.

આપણી ગાડીને નાનાં નાનાં સ્ટેશનોએ ભૂલથી પણ રોકવી જોઈએ નહીં. ગંતવ્યસ્થાન સુધી તેને ચલાવ્યે જ રાખવી જોઈએ. કોઈ પણ ભાવના, લાગણી કે બુદ્ધિના પ્રસંગથી પ્રભાવિત થઈને તેને રોકી રાખવાની નથી, પરંતુ કોમલમાં કોમલ ફૂલ જેવા છતાંયે એક જડ પત્થર જેવા-સતત મનોબળવાન થઈને-આગળ ને આગળ વધ્યે જવું જોઈએ. આ સંસારમાં અનેક મહાપુરુષો થઈ ગયા છે. માનવની સામાન્ય વાસનાઓથી પર ને પ્રકૃતિવિજયી એવા અનેક મૃત્યુંજય યોગીઓ થઈ ગયા છે, તેવા જ યોગી થવું જોઈએ. યોગીનો અર્થ જંગલમાં જવાનો કે બધું છોડી દેવાનો નથી, પરંતુ હરરોજના જીવનમાં સાવધ રહીને દૈવી સંપત્તિમાં જવાનો, કામ ને ક્રોધમાંથી, પ્રેમ ને કરુણામાં જવાનો ને શરીરની અંદર ચેતના છે, તે આપણા સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર-આત્મદર્શન કરવાનો છે. આજે જગતની અનેકવિધ પ્રવૃત્તિ વચ્ચે આ વધારે સંભવિત નથી, પરંતુ આ દૃષ્ટિને પણ જરીયે વિસારે પાડવાની નથી....કેમ કે આના વિના જીવનની કીંમત એક કોડીનીયે નથી.

અત્યારે તો ખૂબ જ અનેરી રીતે દિવસો પસાર થાય છે. ગયા વર્ષે દેવપ્રયાગ આવવાનું થયું ત્યારથી એક નવી દિશા સૂઝી છે. તે પ્રમાણે આઠે પહોર તેમાં જ-ધ્યાનમાં પસાર થાય છે. આ વસ્તુની સિદ્ધિ સત્વર થતાં તારા જેવા બીજા અનેક આધ્યાત્મિક વિકાસ ઈચ્છતા સાધકોને ખૂબ જ ઓછા પ્રયાસે કેવલ શ્રદ્ધા ને પ્રેમ રાખવાથી જ જીવનનું અભિસ્થિત પ્રાપ્ત થઈ જશે. મારું શરીર આટલા જ માટે જન્મેલું છે કે માનવ જાતિની આગળ આધ્યાત્મિક ને યૌગિક પરિપૂર્ણતાનો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દાખલો એક વાર ફરી મૂકીને તેમજ તે શક્તિનો ઉપયોગ જીવનના ને માનવજાતિના હિતમાં કરીને લુપ્તપ્રાય આધ્યાત્મિક માનસને જાગૃત કરી યોગ અથવા ઈશ્વરની અશ્રદ્ધાને ફરી વાર નિર્મૂલ કરી દેવી. જડવાદની આજની ભયંકર તાકાત સામે નાનીસૂની આત્મિક શક્તિથી ચાલે તેમ નથી, ને તેથી જ ઈશ્વરે પોતાના સમસ્ત મહિમા સાથે મારામાં પ્રકટવાનું પસંદ કર્યું છે. મને શા માટે પસંદગી આપી છે તે તે જ જાણે છે. પરંતુ આ બાબત માટે મને

જરીયે શંકા નથી રહી, ને દિવસે દિવસે હું તેનો સ્વર વધારે ને વધારે સ્પષ્ટ ને તીવ્ર રૂપમાં સાંભળી રહ્યો છું. જે તેની પ્રેરણા છે તેની પૂર્તિ માટેનાં ઉપકરણ પણ તે જ તૈયાર કરે છે.... પણ આજે મારા આનંદનો પાર નથી કેમ કે પોતાનું આવું હથિયાર બનાવીને મારા જેવા દરિદ્ર પ્રેમીને ઈશ્વરે મહાન ભાગ્ય આપવા ધાર્યું છે એમ હું સમજું છું.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૫૦ : ઈશ્વરની વિચિત્ર લીલા

ધરમપુર

તા. ૩૦ નવે. ૧૯૪૫

પ્રિય નારાયણ,

કાલે અહીં આવ્યો છું. અહીંથી તારો પત્ર મનુભાઈએ સોલન મોકલ્યો છે તેથી તે મને મળી શક્યો નથી. પરંતુ તેની વિગત જાણવા મળી છે.

ઘણું જ વિચિત્ર થયું ને તદ્દન અણધાર્યું. આવું કોણે ધારેલું ? તમને બંનેને બહુ જ દુઃખ થયું હશે. પણ એમાં ઉપાય શું છે ? ઈશ્વરે જે કર્યું છે તે સારું જ કર્યું છે એમ માની દુઃખનો ઉત્તર વાળવો જોઈએ એ જ યોગ્ય છે. ઈશ્વરની લીલા ઘણી વિચિત્ર છે. ઘણીવાર તે આનંદદાયક તો કોઈ વાર દુઃખદાયક નીવડે છે. પણ ઈશ્વરનિષ્ઠ પુરુષે તે બંનેમાં સમાન રહીને શાંતિ ગ્રહણ કરવી જોઈએ ને પોતાની અહેતુકી નિષ્ઠામાં ખામી આવવા દેવી જોઈએ નહીં.

જે ગયું છે તે પાછું ક્યાંથી આવવાનું છે ? ને પાછું આવવાનું છે તે પણ હંમેશને માટે થોડું આવવાનું છે ? આવવા જવાનો ક્રમ તો સૃષ્ટિનો ક્રમ, સ્વભાવ છે. જ્યાં આવવાનું છે ત્યાં જવાનું પણ છે. એટલે આવનારને માટે જે તૈયાર હોય ને પ્રસન્ન થાય તેણે જનારને માટે પણ તૈયાર રહેવું જોઈએ. આ નિયમ છે.

આખરે ઈશ્વરની વસ્તુ ઈશ્વરે જ લઈ લીધી છે ને ? તેમાં હર્ષશોક શો ? તેણે આપેલું તે તેના જ હાથમાં ગયું છે. હું જાણું છું કે માણસનું હૃદય આટલો આઘાત સહેવા હંમેશાં તૈયાર નથી હોતું, ને તેમાંયે જ્યારે તે આકસ્મિક આવી પડે છે ત્યારે તો એક કુઠારાઘાત બને છે, પરંતુ તે વખતે પણ લાગેલા ઘાને રુઝાવવા માણસે આ જ રીતે પ્રયત્નશીલ થવું જોઈએ.

*

પાછા લાવી આપવાની વાત લખી છે તે વિશે મનુભાઈએ કહ્યું. પણ એવી તાકાત અત્યારે ક્યાં છે ? એકાદ રામકૃષ્ણદેવ ધારે તો તેમ કરી શકે. પણ આપણે કાંઈ તેવા થોડા જ છીએ ? તેમની શક્તિ તો અગાધ હતી. તે તો સર્વ સમર્થ હતા. પણ તેય આવું કરે કે કેમ એ શંકા છે. કેમ કે તેમના જ સ્વરૂપ જેવા ભગવાન બુધ્ધે આ વિશે જુદું જ કર્યું છે.

આપણે માટે પણ આ જ માર્ગ છે. પુત્રના દુઃખથી એટલો શોક ના થવો જોઈએ, જેટલો ઈશ્વરના દર્શન ના થવાના દુઃખથી. સાંભળ્યું છે કે નરસિંહ મહેતાના પુત્રને પણ યુવાવસ્થામાં જ વિદાય થવું પડ્યું હતું. જ્યારે બાળક જ હોય ત્યારે કોઈ અદૃશ્ય થઈ જાય તો તેટલું દુઃખ ન પણ લાગે જેટલું યુવાન બાળકને લીધે. છતાં તે ભક્તાત્માએ તો હસતાં હસતાં આ સહન કર્યું....ને ઉપરાઉપરી તેવા આઘાત થવા માંડ્યા ત્યારે પણ 'ભલું થયું ભાગી જંજાળ' કરીને જ વધાવ્યા. આપણે આવી રીતે ગાઈ ના શકીએ. પરંતુ એટલી તો આશા રાખી જ શકીએ કે ઈશ્વરે જો એક ગૌરાંગને લઈ લીધો હશે તો તે સારાને જ માટે. ને આપણે ઈચ્છીએ કે એકાદ ગૌતમ (બુદ્ધ) આપવાને જ માટે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૫૧ : બે પ્રકારના યોગીઓ

દેવપ્રયાગ

તા. ૧૦ નવે. ૧૯૪૬

પ્રિય ભાઈ,

અરવિંદ વિશે થોડુંક લખ્યું હતું. તેમના શરીરના પરિવર્તનનો અર્થ તે શું કરે છે તે તો તે જ જાણે. બાકી હું તે વિશે જે વિચાર ધરાવું છું તેમાંથી કંઈક ગયા પત્રમાં લખ્યું છે. અહીં વધારે લખું છું. આપણે જોઈએ છીએ કે કેટલાય માણસો પોતાને જ્ઞાની કહે છે, છતાં તેમને શરીરનાં કષ્ટ હોય છે. વ્યાધિથી તે પ્રભાવિત થતા હોય છે. આપણે ત્યાં એક વિચારધારા એવી છે કે જ્ઞાની એ પોતે બ્રહ્મ છે ને જગત પણ બ્રહ્મ છે એ ભાવનામાં સ્થિતિ કરવી જોઈએ. તાવ આવે, રોગ થાય, તો તે શરીરને છે, પોતાને નથી, એમ માનીને સહન કરવું જોઈએ. એટલું જ નહિ, કેટલાક તો શરીરને ઔષધિની જેમ અન્ન આપી તેને જલદી ખતમ કરવામાં જ માને છે. તેમને મન પોતાના પૂર્ણ આત્મસ્વરૂપની સ્થિતિ માટે શરીર એક અંતરાયરૂપ છે.... આ વિચારોની સામે એક બીજો વિચાર છે. શરીર એ બાધા નથી, બલ્કે તેથી ઈશ્વરદર્શન થઈ શકે છે, આત્મલાભ પણ થાય છે, ને અનેક વસ્તુ સાધી શકાય છે. તેથી તે ખૂબ જ ઉપયોગી છે. તે ઈશ્વરનું-આત્માનું મંદિર છે. તેને સુંદર, સ્વચ્છમાં સ્વચ્છ, ચિરસ્થાયી રાખવું જોઈએ. તેની પ્રત્યે ઘૃણા કરવાની નથી, પરંતુ પ્રેમ કરવાનો છે. કેમ કે ઘૃણા કયી વસ્તુ પ્રત્યે કરવાની હોય ? સાચો જ્ઞાની તો જગતને તેમજ શરીરને પણ બ્રહ્મમય જુએ છે. ઈશ્વર વિના તેને મન કંઈ છે જ નહીં. તો તે ઘૃણા કોની કરે ? બાધા કે અંતરાયરૂપ કોને માટે ? તે ઉપરાંત જે યોગી છે તેને વિશે પણ આવું જ છે. યોગી પ્રાણ તેમજ મન પર પૂરો કાબૂ પ્રાપ્ત કરે છે. એટલું જ નહિ; શરીર પર પણ તેનું સ્વામિત્વ થઈ જાય છે. કામ, ક્રોધ વગેરે જડ ને આસુરી સંપત્તિને જેણે જીતી નથી તે વાસ્તવિક રૂપમાં મહાત્મા નથી; તેમ જેણે પ્રકૃતિ પર સ્વામિત્વ મેળવ્યું નથી, મન તેમજ પ્રાણ ને શરીરના ગુણધર્મોને જે વશ છે, તે પણ પૂર્ણ યોગી નથી જ. મુક્ત ને પૂર્ણમાં ભેદ છે. આત્મદર્શન થઈ જાય કે જ્ઞાન થઈ જાય, અથવા સમાધિ થાય, તેથી માણસ મુક્ત થઈ રહે છે. પરંતુ કેટલાય આત્માઓનો વિકાસ આટલો થાય છે ને તેઓ તૃપ્ત થઈ બેસી જાય છે. વિકાસનો નિયમ એવો પણ છે કે માણસે નારાયણ થવું જોઈએ. ઉપનિષદ કહે છે કે બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ (બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થઈ જાય છે). તેના અર્થ બે છે ને મે હમણાં કહી તેવી બંને તર્કધારાને લાગુ પડે છે. આત્મજ્ઞાન થઈ જાય એટલે શાંતિ મળે છે. માણસને અનુભવ થાય છે કે તે મૂળરૂપે બ્રહ્મ જ છે, અને શરીર છૂટતાં તે વિરાટ બ્રહ્મમાં મળી જાય છે. જ્ઞાનના પ્રભાવથી તેના સંકલ્પ-વિકલ્પ ખાખ થઈ જાય છે, ને તેથી તેનો જન્મ થતો નથી, કેમ કે સંકલ્પ જ પુનરાવૃત્તિનું કારણ છે. આ એક પ્રકારના જ્ઞાની. બીજા પ્રકારના જ્ઞાની આત્મલાભ થયા પછી પણ અટકતા નથી. તેમની ઈચ્છા શરીર પડે પછી તેને વિરાટ બ્રહ્મમાં મેળવી દેવાની હોતી નથી. તે તો કહે છે કે ના, શરીર પણ બ્રહ્મ છે. માટે તે ખરેખર બ્રહ્મમય, મરણ જેવા પ્રકૃતિના ગુણધર્મથી પર થવું જોઈએ. ગોરખનાથ તેમજ બીજા કેટલાય યોગીઓ હજી છે. બુદ્ધ, જ્ઞાનેશ્વર જેવા અનેક સંતો પોતાના વ્યષ્ટિરૂપને કાયમ રાખી હજી પણ રહે છે. મારાં અનુભવથી આ કહું છું. તેમના શરીરને કાળ કે સમયની અસર નથી. તેઓ મુક્ત જ

નહિ પરંતુ પૂર્ણ યોગીશ્વરો છે. એમ કહીએ કે તે ઈશ્વર જ છે. પણ વિભિન્ન સ્વરૂપે રહે છે. આજે પણ જે ઉચ્ચ કક્ષાના સાધકો કે મહાત્માઓ છે તેમની પાસે તેઓ આવે છે, માર્ગદર્શન તેમજ ઉત્સાહ આપે છે, સૂચના આપે છે. આ તેમનું કાર્ય છે. ને જ્યારે આ પૃથ્વી પર ભયંકર ગરબડ ઉત્પન્ન થાય છે ત્યારે તેમાંના એકાદ કે કેટલાક અલગ શરીર પણ ધારણ કરે છે, લોકકલ્યાણ કરે છે, ધર્મનો પ્રસાર કરે છે, ને સમય પર અદૃશ્ય થાય છે. આ બીજા પ્રકારના યોગી છે.

મને આ બીજો પ્રકાર વધારે ગમે છે, ને તેમાં જ મને વિકાસની પૂર્ણાહુતિનું દર્શન થાય છે. આ યોગીઓને અનેક સિદ્ધિ-આકાશમાં ઊડવું, અનેક રૂપ લેવાં, ધારે તે કરવું વગેરે પ્રાપ્ત થાય છે. આ કાંઈ કપોળ કલ્પનાઓ નથી. આજે ઘણાં સાધકો સિદ્ધિને સાધવામાં બાધા માને છે, પણ તે ઠીક નથી. જેમ સૂર્ય પાસે પ્રકાશ તેમ મહાત્મા પાસે, યોગી પાસે, આ યોગબળ હોવું જ જોઈએ. તેનો ઉપયોગ કરવો કે કેમ તે તેના હાથમાં છે. બાકી શક્તિ તો જોઈએ જ. નહિ તો સાધારણ માણસમાં ને તેનામાં વધારે ભેદ શો ? સિદ્ધિ સામે સૂગ રાખ્યે હવે ચાલશે નહીં. હવે તો તેની પૂરી પ્રાપ્તિ કરવી જરૂરી છે. હા, તેમાં આસક્ત ના થવું જોઈએ. સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરવો ના જોઈએ. બાકી માનવકલ્યાણ માટે એક સિદ્ધિસંપન્ન યોગી કેવું મહાન કાર્ય કરી શકે ? આજે વિજ્ઞાનની તાકાત પ્રબળ છે. યોગની આવી દૈવી શક્તિ વિજ્ઞાનને નમાવી શકે, શસ્ત્રોને નિરસ્ત્ર કરી શકે, અશક્ત કરી દે, ને વિશ્વમાં કલ્યાણ કરી દે. જીવનથી છૂટવું એ જ કાંઈ સાધના નથી, એ તો 'એસ્કેપ ફ્રોમ લાઈફ' - ભાગવું છે. શરીર સુંદર છે. જગત સુંદર છે. જીવવામાં જ આનંદ છે એ તત્વજ્ઞાનની ભારતને જરૂર છે. હા, કશામાં આસક્તિ ના જોઈએ. ઉપરાંત અત્યાર સુધીના ઘણાં યોગીઓએ સમાજથી દૂર રહેવામાં જ શ્રેય માન્યું હતું. સેવાને તે ઠીક સમજતા નહીં. જેમણે કર્યું છે તેમણે પણ ન છુટકે અથવા ખાસ ઈચ્છાથી નહિ, પણ થઈ ગયું માટે કલ્યાણનું કામ કર્યું છે. અલબત્ત જેના લલાટમાં જેટલું લખાયલું હોય છે તેટલું જ તે કરી શકે છે, પરંતુ તાત્પર્ય એ છે કે એ વિચાર હવે જરૂરી નથી. અત્યારે તો કરુણામૂર્તિ બુદ્ધ થવાની જરૂર છે. યોગ કે ધર્મ દ્વારા પેલા મહાત્માઓએ જગતને બહુ જ ઓછું શાશ્વત એવું આપ્યું છે, તેને લીધે યોગ હજી રહસ્ય ગણાય છે, ને તદ્દન નિરુપયોગી તેમ જ ગાંડાનું શાસ્ત્ર મનાય છે. મહાત્માઓનો આદર પણ આજે દુનિયામાં ઓછો છે. તેનું કારણ આ ઉદાસીનતા જ છે. પણ ભારતે જીવવું હશે અને આ મરવા પડેલી દુનિયાને પણ જો પ્રેમ તેમ જ દયાનો મંત્ર આપી જીવાડવી હશે તો આ વિચારનો ત્યાગ કરવો પડશે. જે યોગી દુનિયાનાં દુ:ખ જોઈ આંસુ ના સારે તેને માટે શું સમજવું ? જે દયામૂર્તિ, પ્રેમમૂર્તિ મહાત્મા વેરઝેરથી ભરેલા જગતને જોઈ કંપી ન જાય તો તેને માટે શું ગણવું ? ભારતમાં આજે ગાંધીજીના પ્રાકટ્યથી સત્ય ને અહિંસા જેવા તત્વ પર તેમજ ચારિત્ર્ય પર પ્રેમ ઉત્પન્ન થયો છે, પરંતુ તે ગણ્યાગાંઠ્યામાં જ. ઈશ્વરને તો હજી તેઓ માનવા તૈયાર નથી. ધર્મને શોખ સમજે છે. તેમ જ અહિંસા પણ જીવનની આવશ્યકતા, ઉચ્ચ જીવનની કસોટી નહિ, સ્વરાજ્ય માટેની એક ટેકનીક-યુક્તિ જ માને છે. આ વસ્તુ ખૂબ ભયંકર છે. ગાંધીજી જો ખસી જાય તો ભારતનું ભવિષ્ય ખૂબ જ અંધકારમય બને તેવો સંભવ છે. આ ના થાય ને ઈશ્વરનો મહિમા જગતમાં વધે તે માટે બુદ્ધ જેવા એક મહાન યોગીની ભારતને જરૂર છે. જો આવા યોગીની યોગશક્તિ દ્વારા ભારત સુખી તેમ જ સ્વતંત્ર થાય, તેમ જ દુનિયાના શાસ્ત્રગર્વિત દેશોનો દંભ તૂટે તો ખૂબ લાભ થઈ શકે. એક તો જગત સાધનાનું મહત્વ સમજે. યોગને એક આવશ્યક વસ્તુ તરીકે

અપનાવે. સારાયે વિશ્વના દેશો કોઈ પણ દેશની બીક વિના ભ્રાતૃભાવ તેમ જ સ્વતંત્રતાના પાયા પર જીવવાનું શરૂ કરે, તેમ જ એક નવી લહર બધે ફેલાઈ જાય.

એટલે કેવલ મુક્ત યોગીની નહિ પણ સિદ્ધ યોગીની આજે જરૂર છે. જડવાદમાં જીવનારી ને વધારે ને વધારે આસક્ત થતી જનારી દુનિયાને માટે તે વિના શાંતિનો કોઈ આરો મને જણાતો નથી. જેમ શોધો વધશે તેમ લાલસા પણ વધતી જ જશે, ને કોઈ પ્રજા સુખપૂર્વક રહી શકશે નહીં. એક માત્ર આ જ ઉપાય છે કે આધ્યાત્મિકતાના સિદ્ધાંતો પર જગતનું ઘડતર થાય. પણ આધ્યાત્મિક જીવન કે ઈશ્વરની મહત્તાને આજનું જગત ત્યારે જ સ્વીકારશે, જ્યારે તે દ્વારા તેની વિષમ પરિસ્થિતિનો ઉકેલ થાય.

આ જ પ્રમાણે ભક્તે પણ આખર સુધી વળગી રહેવાની જરૂર છે. વિરહમાં જ સર્વ કાંઈ સમજવું ઠીક નથી. દર્શન કરવું જ જોઈએ અને એવી ભક્તિ કેળવવી જોઈએ કે હર સમયે ઈશ્વરદર્શન થઈ શકે. એવું નથી કે પ્રેમ ઈશ્વરમાં જ હોય : કોઈ દેવતા કે ગુરુમાં પણ હોઈ શકે છે, પણ તે આવો તીવ્રતમ જોઈએ. આમાંથી પણ અનેક પ્રકારની શક્તિ પ્રકટે છે.

એટલે કેવળ વાચિક જ્ઞાનથી કે સર્વ કાંઈ મિથ્યા સમજવાથી કશું વળવાનું નથી. મિથ્યા શું છે ? જ્યાં ઈશ્વર વિના કંઈ જ નથી, જે છે તે તેનું જ પ્રતિરૂપ છે, ત્યાં મિથ્યાપન ક્યાંથી આવી શકે ? સર્વ કાંઈ સત્ય જ છે, પરંતુ જે દૃષ્ટિથી તમે જુઓ છો તે અર્થમાં જ તે સત્ય નથી. અત્યારે તમે સ્ત્રી પુરુષ....પ્રત્યેક વસ્તુમાં ભેદ જુઓ છો....આ દર્શન મિથ્યા છે. જે કેવલ ઈશ્વર છે, સુંદર છે, સત્ય છે, સનાતન છે ને મંગલ છે, તેનાથી ઉલટું જોવું તે અજ્ઞાન મિથ્યા છે ને તેનો જ ત્યાગ કરવાનો છે. વાચિક જ્ઞાનથી સાચી શાંતિ વળતી નથી. રોટલી રોટલી બોલવાથી કોઈની ભૂખ કેવી રીતે મટી શકે ? તેવી જ રીતે હું બ્રહ્મ છું, ઈશ્વરમાં ને મારામાં કાંઈ ભેદ નથી, એમ માત્ર બોલવાથી કેમ ચાલી શકે ? રોગ તો તેને થાય છે, તેનું મન પણ ત્યારે દુઃખાય છે, તેનામાં કાંઈ જ શક્તિ નથી, વાર્ધક્યનો પણ તેના પર પ્રભાવ છે, કોઈ તામાચો મારે તો તેને વાગે છે, બધું જ કાર્ય થાય છે, આ અવસ્થામાં તે પૂર્ણ બ્રહ્મ ક્યાંથી હોઈ શકે ? મહાત્મા પુરુષોની શરીર મનની ક્રિયાઓ ચાલે છે, પણ તેમાં ને આવા લોકોમાં આભ જમીનનું અંતર હોય છે. તેમનો શરીર પર પૂરો કાબુ હોય છે. જેમ પરિપક્વ (સૂકા) નારિયેળની છાલ તેની અંદરના ગર્ભથી બિલકુલ પૃથક હોય છે. તેમ આ મહાત્માઓના આત્મા પણ શરીરથી અલગ હોય છે. માટે જ શૂળી પર (વધ સ્થંભ પર) ચઢેલા ઈશુને કાંઈ જ ઈજા થઈ નહોતી. તેના શરીરને જલાવી દો તોય તેને કાંઈ કષ્ટ થતું નથી. અનલહક (હું ઈશ્વર છું) એમ પોકારનાર એક મહાત્માની ચામડી ઉતારી લેવામાં આવી હતી. છતાં તેણે આખર સુધી અનલહકની ધૂન ચાલુ રાખી હતી. આ જ સાચું જ્ઞાન છે. કેવલ જ્ઞાન નહિ, પરંતુ વિજ્ઞાન. આ જ્ઞાની પૂર્ણ જ્ઞાની કહેવાય છે. તેનામાં ને ઈશ્વરમાં કાંઈ ભેદ હોતો નથી.

એટલે ભક્તિ, યોગ તેમજ જ્ઞાનના માર્ગ આખરે એક બની જાય છે. અનુભવ થતાં આખરી તત્વ એ જ નીકળે છે કે નર નારાયણ બને છે. આ જ સાધના છે, સાધનાનો આદર્શ છે.

હમેશાં આત્મનિરીક્ષણ કરવું જોઈએ. તેથી માણસ પોતાની ત્રુટિઓ જોતાં શીખે છે, ને ધીરેધીરે જીવનને દૈવી કરી દે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર પર : મહાપુરુષોની સત્યનિષ્ઠા

દેવપ્રયાગ

તા. ૬ નવે. ૧૯૪૬

પ્રિય નારાયણ,

તારો પત્ર વાંચીને આનંદ થયો.

ભાઈ, આ જગતમાં વિવેકાનંદ જેવા મહાપુરુષની નિંદા કરનાર પણ થઈ ગયા છે ! સર્વધર્મ પરિષદમાં જ્યારે તેમને પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી હતી, ત્યારે તેમની સામે આ જ દેશના લોકોએ ધૂળ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો સુકરાત ને ઈશુની દયા અંત સમયે કેવી થઈ ! પરંતુ મહાપુરુષમાં ને પ્રાકૃત માણસમાં અહીં જ ફેર પડે છે. એક વાર જે સત્ય જણાયું, જેનો હૃદયથી સ્વીકાર કર્યો, મહાપુરુષો તેને દૃઢ મનથી છેવટ સુધી વળગી રહે છે. એટલું જ નહિ, તેને માટે ગમે તેવો ભોગ પણ આપવો પડે તો હસતે મુખે આપી રહે છે. ગમે તેવો વિરોધ તેમને પોતાની સત્ય નિષ્ઠાથી ડગાવી શકતો નથી. જે વિરોધથી ડરે છે ને સત્યને છોડી દે છે તે કાયર છે. દુનિયામાં તે કંઈ જ કરવા સમર્થ નથી. જેનામાં સત્ય છે, આત્મવિશ્વાસ છે, ને નિ:સ્વાર્થતા તેમ જ પવિત્રતા છે, દુનિયાની એવી કોઈ તાકાત નથી જે તેની સામે ઝુકી ના પડે.

ભાઈ, તારો પ્રેમ જોઈ ખૂબ ખૂબ આનંદ થાય છે. ધન્ય હો તારા જેવા મહાન આત્માને ! આ જગતમાં યથાર્થ રીતે તે જ મહાન છે, પ્રેમના આસન પર પ્રતિષ્ઠિત થઈને જે પ્રાણીમાત્રને પ્રેમમય જોઈ શકે છે. જેના અંતરમાં સર્વ પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે, જે સત્યને સમજે છે, અપનાવે છે, ને જીવનમાં ઉતારે છે. તારું હૃદય ઘણું મહાન છે, તેમ જ તારું શરીર પણ મહાન કાર્યમાં સહભાગી થવા સર્જાયેલું છે એ મને હંમેશાં લાગે છે. તું એક નિત્યમુક્ત વર્ગનો આત્મા છે. આજે તું સંસારમાં ભલે રહેતો હોય, ને સંસારમાં રહેવું કાંઈ ખરાબ નથી....સંસાર તને કંઈ જ કરી શકશે નહીં. ભગવાનની કૃપાથી સરસ્વતી જેવી દેવી તને સહયોગિની મળી છે. તારી આંખ જોઈને મને ૧૬-૧૭ વર્ષની ઉંમરથી કોઈ વીતરાગ યોગીની યાદ આવતી જે મેં વારંવાર કહ્યું પણ હશે; ને આજે પણ મારી આગળ તે જ ભાવના રમી રહી છે. તારા જેવા આત્મા આ સંસારમાં બહુ જ વિરલ કાળે આવે છે, ને જ્યારે આવે છે ત્યારે કોઈ વિશેષ હેતુની પરિપૂર્તિ માટે જ આવે છે. તેમને કાંઈ સાધનાની લાંબી કસરત કરવાની હોતી નથી. દૈવી સંપત્તિને લઈને જ આવે છે. અતૂટ વિશ્વાસ, તીવ્ર ને લોખંડી શ્રદ્ધા, સરલ હૃદય, ઊંડો ભાવ ને એક મહાન ભક્તમાં દેખાતી સમર્પણની ભાવના, આ બધું તેમનામાં એવું નિરાળું હોય છે કે આખરી પૂર્ણાવસ્થાના અનુભવ માટે તેમને એક મિનિટની જ વાર લાગે છે. આ માટીમાંથી તું બનેલો છે. મને લાગે છે કે જે મહાન આત્માઓ મારા કાર્યમાં યોગ દેવાના છે તેમાં સૌથી પ્રથમ ને મહત્વનો એક તું છે. ને જ્યારે જોઉં છું ત્યારે તારામાં જે છે તે ક્યાંય જણાતું નથી. બીજામાં છે, પણ તારામાં જે છે તે જુદું જ છે, તદ્દન ભિન્ન છે, ને મને તે વધારે પ્રશંસનીય ને સુંદર લાગે છે. આટલા માટે જ તારો પરિચય જીવનમાં આટલો વહેલો થયો હતો.

શ્રી અરવિંદ વિશે જાણ્યું. ખરેખર હજી તે એક રહસ્ય જ છે. મારી સમજ પ્રમાણે તેમના વિચારમાં તદ્દન મૌલિકતાપૂર્ણ નવીનતા નથી. કેવળ શિક્ષાની અસર હોવાથી તેમની ભાષા ભભકભરી છે. અત્યાર

સુધીના યોગીઓમાંના ઘણાએ મન કે પ્રાણ પર જય કરી વિશેષ સિદ્ધિ મેળવી હતી. એ ખરું છે. પરંતુ શરીર તેમ જ મન કે પ્રાણને પૂર્ણરૂપે પલટાવવાની જે વાત અરવિંદ કરે છે તે નવી નથી. તેમના 'સુપરમાઈન્ડ' ના સિદ્ધાંત વિશે પણ તેવું જ છે. નાથસંપ્રદાય તેમ જ હઠયોગમાં યોગી શરીર, મન ને પ્રાણનો જય કરી તેને આમૂલ પલટાવી દે છે એટલે કે ચિન્મય બનાવે છે. હઠ યોગની વિશેષતા જ આ છે. તને કદાચ ખબર નહિ હોય કે શ્રી રામકૃષ્ણદેવને કાલિ દર્શન થયું પછી તેમનું શરીર પલટાઈ ગયું હતું, ખૂબ જ પ્રકાશમય બની ગયું હતું. જ્યારે તેમણે 'મા'ને તે પ્રકાશ લઈ લેવા પ્રાર્થના કરી ત્યારે અંતે શરીર પૂર્વવત થઈ રહ્યું. ચૈતન્ય મહાપ્રભુ, સિદ્ધ યોગી સુંદરનાથજી વગેરે આવા જ સિદ્ધ યોગી હતા. હું તો માનું છું કે કેવળ ઈશ્વરદર્શનથી જ બધું રૂપાંતર થઈ શકે છે. પરંતુ ઈશ્વરનો સાક્ષાત્કાર પ્રત્યેકને ભિન્નભિન્ન રૂપે થાય છે. કેટલાકને સ્પષ્ટ નથી પણ થતો, તેવાને માટે સાધના કરવી શેષ રહે છે. નહિ તો ઈશ્વર મળ્યા પછી કયી વસ્તુ શેષ રહે ? નરસિંહ ભગત, તુકારામ ને એકનાથને શી કમી હતી ? ચૈતન્ય મહાપ્રભુ કે મીરાંને કયી બીજી સાધના કરવી પડી ? અલબત્ત, પ્રત્યેકના આદર્શ ભિન્ન હોઈ શકે છે, ને અરવિંદ મૂળ યોગી છે, તેથી તેમની ભાષામાં તારા કહ્યા પ્રમાણે સુવિકસિત માનસ જરૂર દેખાય છે.

☼ ☼ ☼ ☼ ☼



## પત્ર ૫૩ : સમયની વ્યર્થતા એ મોત

દેવપ્રયાગ

તા. ૨૪ ડીસે. ૧૯૪૬

પ્રિય નારાયણ,

દિવસો પર દિવસો ચાલ્યા જાય છે. માણસની મહામૂલી શક્તિ ને જિંદગી સમાપ્ત થતી જાય છે. એક મહાન અવસર, આત્મદર્શન કે ઈશ્વરદર્શન કરવાનો એક અપૂર્વ સમય વહી જાય છે. જે વાસનામાં જ રત છે, તે તો હંમેશને માટે કુંભકર્ણની નિદ્રામાં છે. પરંતુ જ્ઞાનવાનને માટે સમય વ્યર્થ વહી જવો એ મોત છે. સાથે સાથે એ પણ વાત છે કે સંસારમાં માણસને પ્રતિકૂળતા વિશેષ છે. છતાં ધીર ગંભીર ને સત્યાન્વેષી થઈને જ રહેવું હરદમ ઉચિત છે. જેને ઉચ્ચ માનીએ છીએ તેને આચરતા થઈ જવામાં જ સાચું ડહાપણ છે. ધીરે ધીરે માણસ ખૂબ વિકાસ પ્રાપ્ત કરી લે છે.

ઈશ્વરની દયાથી બધી જ પ્રતિકૂળતા અનુકૂળતા થઈ જાય છે. માટે પ્રેમ ને પ્રેમ જ સાધ્ય છે. આ ઈશ્વરી પ્રેમ જ સંસારમાં અમૃત છે, રસ છે, જીવન છે.

☼ ☼ ☼ ☼ ☼



## પત્ર ૫૪ : નક્કર સંકલ્પ

દેવપ્રયાગ
તા. ૧૪ ઓકટો. ૧૯૪૬

પ્રિય નારાયણ,

પત્ર મળ્યો. ખૂબ ખૂબ આનંદ થયો. આપણો પ્રેમ તો અપાર્થિવ છે. એટલે તેને દેશ કે કાલના બંધન નથી. તેમ જ તે નિરપેક્ષ છે એટલે હરહંમેશ વહેતો જ રહે છે, ને પોતાનામાં જ તૃપ્તિ માને છે. દેશ ને કાલના પ્રાકૃતિક જગતમાં સ્થૂલરૂપે આપણે ગમે તેટલા દૂર હોઈએ, સૂક્ષ્મ જગતમાં આપણે તદ્દન સન્નિકટ છીએ એમાં લવલેશ સંદેહ નથી. પ્રેમ વિના જીવનની કંઈ જ કીંમત નથી. પણ જ્યારે જીવન તેથી રહિત થઈ જાય છે, કે પ્રેમને સ્થાને પાર્થિવ પ્રેમ કે કામ પોતાની પ્રતિષ્ઠા જમાવે છે ત્યારે જીવનમાં અનેક દુ:ખો ઊભાં થાય છે, જેનો ઉપાય સંસારના બીજા કોઈએ પદાર્થમાં મળી શકતો નથી.

દશરથાચલ પર્વત પરથી અહીં આવ્યે મને થોડાક જ દિવસ થયા છે. પર્વત ખૂબ રમણીય છે. ઊંચા ઊંચા ચીડનાં વૃક્ષ અસંખ્ય સંખ્યામાં ત્યાં આવેલા છે. જાણે અનંત વર્ષોથી પોતાની એકનિષ્ઠ મનોવૃત્તિથી કોઈ તપસ્વી તપ કરી રહ્યા હોય એવું લાગે છે. હમણાં અહીં જ રહેવા વિચાર છે. દિવાળી અથવા કાર્તિક પૂર્ણિમા સુધી તો અહીં જ રહેવા વિચાર છે. પછી જેવી ઈશ્વરેચ્છા. હમણાં હમણાં એક વિશેષ કાર્યમાં પડ્યો છું.

*

ભારતની અશાંતિ તેમ જ કષ્ટપ્રદ ભયંકર સ્થતિને જોઈને ખૂબ ચિંતા થાય એ માનવજાતિના કોઈ પણ પ્રેમીને માટે તદ્દન સ્વાભાવિક છે. મારું હૃદય પણ ખૂબ જ વ્યથિત થઈ ગયું છે. આવો બર્બરતાપૂર્ણ વર્તાવ અને આ અત્યાચારની જોડ ભારતના ઈતિહાસમાં મળવી મુશ્કેલ છે. મેં તો પ્રથમથી જ કહ્યું હતું કે અલગ થવામાં લીગનો હેતુ પોતાની રક્ષાનો નહિ પરંતુ અલગ શાસન પ્રાપ્તિનો, ને તે દ્વારા પોતાની સામ્રાજ્ય લાલચુ નીતિને નગ્ન હિંસા કે યુદ્ધ અથવા ફૂટ ઉપાય દ્વારા પોષવાનો ને હિંદુ સ્થાનને નષ્ટ કરવાનો જ હતો. આજે ભલે શાંતિ દેખાય, કે લીગના આગેવાનો પોતાનાં કાળાં કૃત્ય પર પડદો ઢાંકવા રાગ બદલીને ફરીથી શાંતિ-સંપની વાતો કરે; પણ એ નક્કી છે કે લીગના લોહીમાં પેસી ગયેલી આ સ્વાર્થનીતિ દુર થવાની નથી ને તેનો ભય હિંદુસ્તાન પર જરૂર ઝઝૂમે છે. મારા શરીરનો ઉપયોગ ભારતના મહાન હિત તેમજ સંસ્કૃતિ રક્ષા પાછળ કરવાનો મારો મનોરથ તેમજ નક્કર સંકલ્પ છે, પરંતુ તે માટે હું મારી ઈચ્છા પ્રમાણેની શક્તિની રાહ જોઈ રહ્યો છું. કાર્ય માટે મને ઈશ્વરી સૂચના તેમ જ પ્રેરણા પણ થઈ ચૂકી છે, ને તેથી જ ઈશ્વર મને શક્તિભૂષિત પણ કરશે જ, ને તે ધારશે તો સમય પર મારો પ્રયાસ જરૂર સફળ બનશે. આજે મારી ક્ષણેક્ષણ આ ચિંતામાં પસાર થાય છે અને એક સર્વત્યાગી પરિવ્રાજક છતાં ભારતના આ મર્મકાળમાં મારું હૃદય તેના સમાચાર સાંભળીને હાલી ઊઠે છે. ઈશ્વરના દ્વાર પર હું પોકાર કરીશ, મારો કરૂણ અવાજ ચાલુ રાખીશ, ને જ્યાં સુધી તે તેને નહિ સાંભળે કે યોગ્ય પ્રત્યુત્તર નહિ આપે, હું મારા કાર્યને છોડીશ નહીં. મારી આધ્યાત્મિક ક્ષતિની પૂર્તિ કરવાની મારી સાધના છે. ને મારો નિર્ણય છે કે ઝાઝો સમય તેમાં નહિ

લાગે. ઉપયુક્ત સમયે જ ઈશ્વરનું સૌ કામ થાય છે, થવું જોઈએ; તે પ્રમાણે યોગ્ય સમય આવે છે, ને તેને માટે આજે મારી તૈયારી છે.

ભારતીય અશાંતિના મૂળ કારણની મેં શોધ કરી છે ને તેના ઉપાયને પણ શોધ્યો છે. મારે કહેવું જોઈએ કે વર્તમાન સમયના સર્વ અગ્રગણ્ય નેતાઓ કરતાં મારા મનમાં જુદી જ વસ્તુ ઘૂમી રહી છે, પણ તે જ મને સત્ય અને એક માત્ર નિરાકરણની મૌલિક વાત લાગી છે, ને તેથી જ તે મને પ્રિય છે. અલબત્ત, આ વિચાર એકદમ નૂતન નથી, પણ આજની સ્થિતિમાં તદ્દન નવીન છે, ને તેથી જ તેને પ્રકટ કરવાનો યોગ્ય સમય ના આવે ત્યાં લગી તેને ગુપ્ત રાખવાની જરૂર છે. વધારે ને વધારે નમવાથી હવે ચાલવાનું નથી, ને પરિણામે સંભવ છે કે આપણે મહાન ફટકો ખાવો પડશે. આપણે સ્વાયત્ત થવું જોઈએ ને સંસ્કૃતિના આધાર પર સંગઠિત બનવું જોઈએ. આ વિના કોઈ માર્ગ નથી. જ્યારે આપણે પ્રબલરૂપે સંગઠિત થઈશું ત્યારે લીગ આપણી સામે કંઈ જ વિરોધાત્મક નહિ કરી શકે.

મેં આગળ કહ્યું છે તેમ વધારે લખવા આજે મારી ઈચ્છા નથી. પત્ર કરતાં પ્રત્યક્ષ રીતે જ આની ચર્ચા કરવી વધારે ઉચિત છે. પણ એટલું કહીશ કે મુસ્લીમ વર્ચસ્વ ગમે તેવું હોય, તેને સફળતા કદાપિ મળી શકે તેમ નથી. ઉલટું તેમના કાર્યથી જ તેમના સર્વનાશનું બીજ નંખાઈ ચૂક્યું છે. હા, સંકટ આપણે ઘણાં સહેવા પડશે, ને કપરી ક્ષણોમાંથી સાવચેતીપૂર્વક માર્ગ કરી આગળ વધવાનું રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૫૫ : પરમ કૃપાળુ 'મા' ને પ્રાર્થના

દેવપ્રયાગ
તા. ૨૧ નવે. ૧૯૪૭

પ્રિય નારાયણ,

તારો નૂતન વર્ષાભિનંદનનો પત્ર મળ્યો. નવા વર્ષે તમે બધાં સુખી બનો, તેમજ પ્રેમ, દયા, સચ્ચાઈ વગેરે માનવ જીવનને દેવથી પણ ઉજ્જવળ ને મહાન કરનારા દૈવી ગુણોના શણગાર બનો, એ શુભેચ્છા.

ઈશ્વરની વધારે ને વધારે પાસે જવું એ જ જીવનનું એકમાત્ર મૂળ ધ્યેય છે, ને જીવનની બધી જ પ્રવૃત્તિ તેમજ સઘળીયે શક્તિનો ઉપયોગ એ મહાન ધ્યેયને માટે જ થવો જોઈએ. આજે પરિસ્થિતિવશ સંસારમાં આ વસ્તુ વિસરાઈ ગઈ છે.

સંસારમાં ઘણા એમ માને છે કે ઈશ્વર ને ઈશ્વરમય જીવન સુખશાંતિ ને રાષ્ટ્રીય કે સામાજિક તેમજ વ્યક્તિગત જીવનના અભ્યુદય માટે રુકાવટરૂપ છે, પણ તે તદ્દન અજ્ઞાન જ છે. મૂળ વાત તો એ છે કે દુ:ખ, અશાંતિ, પાપ, લાલસા, સર્વનું અસ્તિત્વ ત્યાં જ સંભવિત છે જ્યાં ઈશ્વરમય જીવન નથી. ઈશ્વર તો તદ્દન પવિત્ર, જ્ઞાનમય, શક્તિમય છે, તેની ઉપાસના જે કરે છે તેનું જીવન પણ તેવું જ બને છે. તેમાં અશાંતિ સ્વપ્ને પણ થઈ શકે નહિ. જે દિવસે સંસાર આ સમજી જશે તે દિવસે નવજીવનની ઉષા ઊગશે. ભારતનો આદર્શ આ પરમ જ્ઞાનની પ્રાપ્તિ ને તે જ્ઞાનની જીવનમાં સર્વ અંગોમાં પ્રતિષ્ઠા, એ જ છે. અનંતકાલથી આ આદર્શને માટે ભારત વર્ષે જીવવું પસંદ કર્યું છે, ને આને જ લીધે ગ્રીસ, રોમ જેવાં સમર્થ રાષ્ટ્રો મૃત્યુને શરણ થયાં છતાંયે તે અજર-અમર ઊભો છે. ભારતવર્ષ એટલે જ ઈશ્વર, ધર્મ, આધ્યાત્મિકતા. આ વિના ભારતનું કાંઈ સ્વતંત્ર બલ કે અસ્તિત્વ નથી. રાજકીય સ્વતંત્રતા, સામાજિક કે આર્થિક અભ્યુદય ને જીવનના બીજા સર્વ પ્રકારના પુનરૂત્થાનમાં ભારતીય આદર્શની પૂર્ણાહુતિ નથી; તેની પૂર્ણાહુતિ તો તેથીયે આગળ તે સર્વના શક્તિપ્રદાયક ઈશ્વરને પહોંચવામાં છે. ને જગતને પણ ભારતે આ જ શીખવ્યું છે. જ્યારે જ્યારે ભારત આ મહાન સત્યને ભૂલ્યું છે અથવા તો તેને ગૌણ ગણી ઉપેક્ષા કરી ચાલ્યું છે, ત્યારે ત્યારે તેને સહેવું પડયું છે, ને તેની ધરતી પર આ આદર્શનો ઉદ્દઘોષ કરતું એકાદ પ્રચંડ મહાવ્યક્તિત્વ પ્રકટ્યું છે. છેક ભગવાન કૃષ્ણ કે રામના સમયથી ઈતિહાસ આ સત્યની સાક્ષી પૂરે છે. એવો જ સમય આજે પણ ઉપસ્થિત છે. ને ઘણા જ સ્વલ્પ માણસો સમજતા હશે કે આજે થઈ રહેલા ભારતીય પુનરૂત્થાનની પાછળ કેવલ રાજનૈતિક નહિ, સામાજિક નહિ, પરંતુ આ મહાન દિવ્ય આધ્યાત્મિક, ઈશ્વરીય માર્ગનું પુનરૂત્થાન આદર્શ બની રહેલું છે. ને સન્નિકટ ભાવિમાં જ તે પૂર્ણરૂપે પ્રકાશ બની પ્રકટી ઊઠશે એ તદ્દન નિર્વિવાદ છે. ત્યારે જ ભારતની રાજકીય મડાગાંઠ પણ ઊકેલી શકશે, ને જગતમાંથી પણ હિંસા ધર્મનો લોપ થશે. ત્યારે જ જગતને નૂતન શાંતિ સંદેશ ને નવજીવનનો, શાંતિનો માર્ગ મળશે. ને ભારતમાં પ્રકટેલો આ આધ્યાત્મિક પ્રકાશ વિશ્વના સમસ્ત નાના-મોટા દેશોમાં ફરી વળશે; સર્વ દેશો તેની આગળ નતમસ્તક થશે, તેને સ્વીકારશે, તેથી પ્રેરણા પીશે, શાંતિ પામશે ને તેને પૂજશે; ને આ રીતે આવતીકાલનું ભારત પહેલાં કદીયે ન હતું તેવું સારીયે સૃષ્ટિનું સાચું ગુરુપદ પ્રાપ્ત કરશે. ભારત વિશ્વનું સંજીવન સ્થળ બનશે. આજે ભારત ને સમગ્ર વિશ્વમાં જે પરિવર્તન થઈ

રહ્યાં છે, ને જે અણધાર્યા પરિસ્થિતિના સંદેશ મળી રહ્યા છે, તે આમ તદ્દન સહેતુક, ઈશ્વરના પૂર્વ નિયોજિત, તેમજ આવા મહાન મંગલને માટે જ છે. આ સત્ય હું વરસોથી જોઈ રહ્યો છું, ને હવે તો તે પ્રત્યક્ષ થવાનો સમય પણ સન્નિકટ આવી પહોંચ્યો છે. વાતાવરણ તીવ્ર ઝડપે તે તરફ જતું જાય છે. આ વખતે વૈયક્તિક રીતે જીવનને ખૂબ પવિત્ર, દૈવી ગુણસંપન્ન, આશાભર, જ્ઞાનસમૃદ્ધ તેમજ ઈશ્વરમય ને પરપીડાથી ભરેલ તેમજ પરકલ્યાણપરાયણ બનાવવાની જરૂર છે. હિમાલયના પવિત્ર સૌન્દર્યમય ને નિર્જન પ્રદેશમાંથી સમસ્ત વિશ્વ માટે મારો આ જ પ્રેમસંદેશ છે. રાતનો સમય છે. કલમ ચાલ્યે જાય છે. આ નાનકડા હૃદયમાં દુઃખી ભારત પ્રત્યે કેવો પ્રેમ, સારી માનવ જાતિ પ્રત્યે કેવી કરૂણા ને આશા ભરી છે તે બતાવી શકાય તેમ નથી. પરમ કૃપાળુ 'મા'ને એ જ પ્રાર્થના છે કે તે ભારતને ને સૃષ્ટિને ફરી એક અખંડ, કુટુંબવત, નંદનવન કરે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૫૬ : આનંદ આનંદ પરમાનંદ

દેવપ્રયાગ

તા. ૩૦ નવે. ૧૯૪૭

વહાલા નારાયણ,

આનંદ આનંદ પરમાનંદ. પરમશાંતિ. આજનો દિન એક પર્વદિન થઈ ગયો. કેટલા દિવસો, અરે વરસોની ચિંતા, રોજ રોજની અંતરને કોરી ખાનારી જૂનીપુરાણી તીવ્રતમ વેદના, ભયંકર ગડમથલ ને દર્દ, બધું જ દૂર દૂર થઈ ગયું !

તને થશે આ શું ? તું કલ્પી શકીશ પણ ખરો ? આજે વધુ નહિ લખું, કેમ કે આવી વાતો લખવાની નથી, પ્રત્યક્ષ મિલન સમયે વ્યક્ત થઈ જાય તો થવા દેવાની છે.

ઈશ્વરે મારા પોકારને સાંભળી લીધો છે, પૂરો સાંભળ્યો છે, ને મારી ઈચ્છા તેણે પૂર્ણ કરી છે. તેની કરૂણા મારા પર વરસી ગઈ છે, ને જીવન ધન્ય બન્યું છે. મારી ચિંતા કેવલ મારે માટે ન હતી; મારે જ માટે વિકાસ કરવાનો ને તે માટે રડવા, મથવા કે સહવાનો મારો પ્રયાસ કે માર્ગ કદી રહ્યો નથી. હું તો વ્યક્તિગત શાંતિ ઉપરાંત ભારત ને સમસ્ત સૃષ્ટિની ઉન્નતિ ને સુખસમૃદ્ધિ તેમજ શાંતિને ચાહું છું. આ જ મહાન આદર્શ માટે મારી કેટલાય વખતથી વેદના ને કરૂણાત્મક અશાંતિ છે જે વારંવાર પત્રોમાં મેં સૂચિત કરી છે. આજે મારા તરફથી તેના નિવારણ માટેની સાધના પૂરી થાય છે એ કેટકેટલા આનંદની વાત છે ! આ બતાવે છે કે મારો આદર્શ જેમ પહેલાં અનેક વાર કહ્યું છે તેમ ઈશ્વરી આદર્શ ને ઈશ્વરી પ્રેરણા છે, ને તેથી જ તે પૂર્ણપણે સફળ થવા માટે જ છે, એમાં લવલેશ શંકાને સ્થાન નથી.

*

આને માટે મેં કેટકેટલું સહ્યું ? એકાંતમાં હૃદયને કેટકેટલું મથ્યું ? શરીર, સગવડ, સલામતી ને જીવનનીયે પરવા કર્યા વિના, તેની તરફ જોયા વિના, કેવલ લગન, ધૂન, વેદના, મહાત્વાકાંક્ષા, આદર્શ ને સમસ્ત માનવજાતિ પ્રત્યેના પરિપૂર્ણ વિરાટ પ્રેમથી પ્રેરાઈને કેટકેટલું સહ્યું ? કેવા કેવા સાધનમાર્ગ ને ક્રમમાંથી પસાર થયો ? ને અંતે અહીં પહોંચ્યો. આધ્યાત્મિક ઈતિહાસમાં આ એક અમર અને અનન્ય દૃષ્ટાંત છે. તેની પાછળ ઈશ્વરની જ કૃપા છે. મારો પ્રયાસ, મારું મંથન, મારો માર્ગ, બધું સર્વ સાધારણથી ગૃપ્ત રહે એ જ જરૂરી છે, ઠીક છે, ને તેથી આજે પ્રકટ કરવાની જરૂર નથી. પરંતુ એટલું કહીશ કે છેલ્લા ૩-૩॥ વરસથી મેં આ માટે કેટલાય સ્થળે પ્રવાસ કર્યો, વિવિધરૂપે મથ્યો, ને અંતે બધું થયું મારી જ અંદરથી અને એ જ રીતે થતું આવ્યું જે રીતે મેં સ્વયં વિચારેલું, નક્કી કરેલું ને ચાહેલું. આમાં ઈશ્વર વિના કોઈ સ્થળનો, કોઈ બાહ્ય વ્યક્તિનો સહકાર મને કામ ના લાગ્યો. કેવલ ઈશ્વર જ મારો પથપ્રદર્શક કે સફલતાપ્રદાયક બન્યો. કેટલી આનંદપ્રદ ને સુંદર વસ્તુ છે આ ! હવે વધારે નહીં લખું. મળીશું ત્યારે વિસ્તારથી વાતો કરીશું. આ પત્રને તદ્દન ગુપ્ત રાખવાની જરૂર છે.

*

કેટલું અલૌકિક છે આ કાર્ય ! કેટલો મહાન છે આ સફળતાનો આનંદ ! ખરેખર કોઈ સાધારણ માણસ હોત તો તેનું તો મગજ જ આવી સફળતાને પામીને નહિ, સાંભળીને જ ખસી જાત. પરંતુ મારે માટે તો કંઈ જ નથી. હું તો પૂર્વવત મારી સમસ્ત લાગણીઓને શાંત ને સંયમિત કરીને બેઠો છું. કેમ કે મારે માટે આ એક સ્વાભાવિક ક્રમ છે, અનેક દિનનાં મંથન, ચિંતા, પ્રયાસ ને પરિશ્રમ તથા ઉત્સાહપૂર્વકની લગનનું ફળ છે. ને તેથી તે મારે માટે બરાબર છે. સાધારણ પુરુષને આવી પ્રાપ્તિ, અરે તેનું સ્વપ્ને ક્યાંથી ? વળી મારે મન તો આ બાળક સુલભ વસ્તુ છે. આમાં કંઈ વિશેષ ચમત્કૃતિ મારે મન નથી, કેમ કે મારો સ્વભાવ તેને અનુરૂપ જ છે. ઉપરાંત મને થાય છે કે મેં તો આ મહાન સાફલ્ય દ્વારા મારો ધર્મ જ બજાવ્યો છે, આ જગતમાં આવીને મારી જે ઈચ્છા, પ્રેરણા, આદર્શ હતો, તેને જ મૂર્તિમાન કરવા પ્રયાસ કર્યો છે, ને તેથી પણ મને આનંદનો અતિરેક થવાનું કંઈ કારણ નથી. આનંદની વાત છે કે આજે તે ફળે છે, મારી જ અંદરથી ને ઈશ્વરી કૃપા દ્વારા ફળે છે. ને આજે હું ફરી કહું છું કે દુનિયામાં આપણું જીવનકાર્ય ખૂબ ખૂબ ઉજ્જવલ ને તદ્દન નૂતન છે. સંસારમાં આપણે હવે શાંતિ પ્રસારનું આપણું ઈપ્સિત માર્ગનું કાર્ય કરી શકીશું. હવે આપણો માર્ગ સ્પષ્ટ છે. ઈશ્વર આપણી સાથે છે, પછી આપણને ડર કોનો છે ? પહાડ આપણી સામે તૂટી પડશે, સાગર માર્ગ કરશે, ને પ્રારબ્ધ આપણી પાછળ પાછળ ચાલશે. મારા હૃદયની ઊંડામાં ઊંડી શ્રદ્ધા આજે ગદગદ્ કંઠે હું વ્યક્ત કરું છું કે ઈશ્વરના નામ પાસે કંઈ જ અશક્ય નથી. તેની કૃપા પાસે કંઈ અસાધ્ય નથી. મનુષ્ય પામર, ક્ષુદ્ર ને હડધૂત એ માટે છે કે તે ઈશ્વરને ભૂલ્યો છે, પોતાને ભૂલ્યો છે, ને જે તદ્દન ક્ષણિક, નીરસ, અંશમાત્ર છે તેમાં કીટ બની પડ્યો છે. પ્યારા પ્રભુનો જય હો !

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૫૭ : અનુભવના અગ્નિમાં કંચન

દેવપ્રયાગ
તા. ૧૦ એપ્રિલ, ૧૯૪૫

પ્રિય નારાયણ,

પત્ર બે દિવસ થયાં મળ્યો છે. વાંચી ખૂબ આનંદ રહ્યો. બેને પણ લખ્યું છે તે ઘણા જ આનંદની વાત થઈ. હવે શરીર તેનું સારું હશે. પણ દુ:ખ તે શા માટે લગાડે છે ? રડે છે પણ શા માટે ? ઈશ્વર જે જે પ્રસંગ આપે છે તે તે કોઈ ગૂઢ શિક્ષાને માટે હોય છે. તે તે પ્રસંગથી મનુષ્યની કચાશ મટી જાય છે. અનુભવના અગ્નિમાં તે કંચન બને છે. બેન પોતાની દૃષ્ટિને વધારે ખોલી દે ને જે દેખાય તે સર્વ બાળકોમાં પોતાની મમતા જોવાનો પ્રયાસ કરે તો તેને શોક કે દુ:ખ કંઈ જ નહિ થાય.

તેનો પ્રેમ યાદ આવે છે ત્યારે અંતર અગમ્ય ભાવ અનુભવે છે. તેનામાં ઘણા ઊંચા ને વિરલ સદગુણો છે, ને સમય પર તેને કેળવીને જીવન કે આત્માની શાંતિ તે જરૂર પ્રાપ્ત કરી શકશે એવી તેની ભૂમિકા છે. હરેક માણસને સાધના કરવાની હોય જ છે એમ નથી. કેટલાક આત્મા આ સૃષ્ટિમાં અનુગ્રહ-સૃષ્ટિના હોય છે. તેમનામાં પ્રેમ હોય છે, હૃદયની નિર્મળતા ને ભારી શ્રદ્ધા હોય છે, ને આ જ શક્તિને બળે તેમના પર ઈશ્વરનો અનુગ્રહ યથા સમયે થાય છે. તું ને સરસ્વતી આવા આત્માઓ છો. સંસારના વ્યવહાર તારી આત્મોન્નતિની આંતર અભિપ્સાને દબાવી કે તોડી શકશે નહિ. વ્યવહારથી તેની ભૂમિકા વધારે ને વધારે નિર્મળ બનતી જશે, અને એક કાળે એ અભિપ્સા પૂર્ણાંશે પ્રકટી નીકળતાં શાંતિ મળશે જ મળશે.

આ દુનિયામાં મને કોઈ પણ વસ્તુ પ્રત્યે વધારે માન હોય તો તે પ્રેમ છે. સ્ત્રી હો કે પુરુષ, કીટ હો કે પતંગ, પ્રેમનો પવિત્ર પ્રવાહ મને જ્યાં પણ માલુમ પડે છે ત્યાં મારું હૃદય નમી પડે છે, ને એક દેવતાની જેમ તેની પૂજા કરવામાં ગૌરવ ગણે છે. કેમ કે મારું દૃષ્ટિબિંદુ આવું છે, ને જીવનના પ્રભાત કે ઉષ:કાલથી જ હું આ મનોવૃત્તિનો બનેલો છું, પ્રેમ મારા જીવનમાં વારંવાર કે સતત એ રીતે પ્રકાશે છે જેમ આકાશના આ તારા, અથવા તો જંગલમાં ચમકનારા પેલા જીવંત દીપ જેવા આગિયા. પરંતુ આગિયાનો જે પ્રકાશ તેને પોષે છે તે જ તેને મારે છે એમ કહેવાય છે. તેમ આ પ્રેમના સંબંધમાં નથી. કેમ કે હું નક્કી માનું છું કે પ્રેમ કદી મરતો કે મારતો નથી. તે તો સદા જીવે છે ને જીવાડે છે. જે તેને ચાખી લે તેને તે અમર બનાવે છે. પરંતુ આજે દુનિયામાં પ્રેમનું દર્શન કરવા જાઓ તો દ્વારે દ્વારે ભટકવું પડશે. આજે તો પ્રેમને નામે કામ કે મોહ જ વધારે છે. પ્રેમમાં ને ઈશ્વરમાં કાંઈ ભેદ નથી, એ જો બરાબર હોય, ને બરાબર જ છે, તો ઈશ્વરની જેમ પ્રેમ પણ માણસને સુખ, શાંતિ ને આનંદ પ્રદાયક હોવો જોઈએ, બંધનથી મુક્ત કરી સૃષ્ટિમાં રહેલા પોતાના સમગ્ર સ્વરૂપનું અનુસંધાન કરાવનારો હોવો જોઈએ. ને જ્યાં આથી વિપરીત દેખાય ત્યાં તેને કામ જ માનવો જોઈએ. મારું મંતવ્ય છે કે જો આ પ્રેમને માણસો પૂજતાં થયાં હોત તો ઈશ્વરને પૂજવા જેટલો જ લાભ થાત, ને જીવનમાં કેટકેટલાં જટિલ દુ:ખો, દુનિયાના કેટકેટલા જટિલ પ્રશ્નો, કેવલ પ્રેમમાંથી ઉકલી જાત. પરંતુ વાસનાના પ્રભાવે, રૂઢિજન્ય ભાવોને કારણે કે બીજા કોઈ કારણે આપણે આ પ્રેમને તુચ્છ માનતા થયા છીએ. ને તેથી જ શાંતિ, સુખ કે આનંદની વેદના જાગે છે ત્યારે પ્રેમના સંબંધોને નિરર્થક ને સ્વલ્પ

ગણી સાધનાના કરાલ માર્ગે દ્રાવિડી પ્રાણાયામ કરીએ છીએ. આ પ્રેમને આપણે સમજી જઈએ તો કેટકેટલો આનંદ થાય ! સ્ત્રી એ આ પ્રેમનું મધ્યવર્તી બલ-ભંડાર જેવું સ્વરૂપ છે, ને તેથી જ મારે મન પ્રેમમયી સ્ત્રી એક માતા છે, દેવી છે, પૂજા કે સન્માનની વસ્તુ છે. બીજાની જેમ મારે મન તે કોઈ કારણસર, કોઈ વાર હેય નથી. હેય છે તે કેવલ મનુષ્યની મલિન બુદ્ધિ, બૂરી વાસના, જે પરમેશ્વરીના રૂપમાં રહેલી સ્ત્રીને ઓળખી શકતી નથી. જે સાધના સ્ત્રીને રૂકાવટ માને છે તે પોતે પાંગળી છે, ત્રુટિપૂર્ણ છે, એમ હું માનું છું.

આ દુનિયામાં જેમ ઘોર આસક્ત જીવો છે તેમ મહાન બડભાગ પ્રેમાત્માઓ પણ, ભલે રણના કોઈ રણદ્વીપ જેવા વિરલ છે, જે કોઈ ધન્ય ક્ષણે મળી જાય છે. ઈશ્વરની દયાથી મને આવા પ્રેમાત્માઓ સાથે અનેકવાર સંપર્ક થાય છે. આહા, પ્રેમ કેવી વસ્તુ છે ! જીવનની આવી અનુભૂતિમાંથી તે જાણવા મળે છે.

*

ભારતની તેમ જ સૃષ્ટિની સ્થિતિ દિનપ્રતિદિન વધારે જટિલ બનતી જાય છે. મારો ચોક્કસ નિર્ધાર છે કે આજે જે થઈ રહ્યું છે તે ઈશ્વરી સંકેત છે, સૃષ્ટિનો કે ભારતનો પ્રશ્ન આપસી નિરાકરણનો રહ્યો નથી; હવે તો ઈશ્વરની પ્રીવી કાઉન્સીલમાં તેનો કેસ મૂકવામાં આવ્યો છે, ને સમય પર ઈશ્વરની શક્તિથી સૃષ્ટિમાં પ્રકાશ, શાંતિ, સુખ, બધું જરૂર પ્રકટશે. ત્યાં લગી માણસે પોતાની શક્તિનો પ્રયોગ રક્ષા સારું કરતા રહેવું એજ ઉપાય આજે તો છે.

મુંબઈમાં પણ અશાંતિ હતી. હવે ઠીક હશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૫૮ : એકાંતની અગત્યતા

દેવપ્રયાગ
તા, ૨ મે, ૧૯૪૭

પ્રિય નારાયણ,

પત્ર મળ્યો. આનંદ. તેવી જ રીતે લખતા રહેવું. ફોટા વિશે વાત જાણી. હવે તો તૈયાર થઈ ગયા હશે. તો સૂચના પ્રમાણે યાદ રાખી મોકલી દેજે.

બેન સરસ્વતીનું શરીર હવે સારું છે તે આનંદની વાત છે. સરસ્વતી આનંદી છે ને પ્રેમાળ પણ ખૂબ. નામ પ્રમાણે તો વિદ્યાની દેવી પણ પ્રેમની જાણે તે દેવી જ છે. તેના જેવી સરલ, પ્રેમાળ, આનંદી સ્વભાવની સ્ત્રીઓ આજે જ્વલ્લે જ મળે. ખરેખર કોઈ પુણ્યપ્રદ મહાન પૂર્વસંબંધથી જ તમારો બંનેનો મેળાપ થઈ ગયો છે. જેથી જ્યાં અનેક જગાએ ગૃહસ્થાશ્રમ માત્ર કલુષિત, ઉદ્વેગમય, દુઃખદ ને પતિપત્નીના માનસ વચ્ચે તદ્દન મેળ વિનાનો થઈ ગયો જણાય છે, ત્યાં તમારો સંસાર સ્વર્ગમય, પ્રેમમય ને ખૂબ પ્રસન્ન માલૂમ પડે છે. આ કાંઈ જેવી તેવી વાત નથી. આજના સમયમાં આ વસ્તુ મહાન આશીર્વાદ જેવી છે.

હું હમણાં ૫-૬ દિવસ માટે અહીંથી છ માઈલ દૂર આવેલા દશરથાચલ નામે પહાડ પર નિવાસ કરવા ગયો હતો. આ પહાડ ૮૦૦૦ ફીટ ઊંચાઈ પર છે ત્યાંથી સારોયે હિમાલય હિમાચ્છાદિત ધવલ રૂપમાં અર્ધચંદ્રકાર રીતે દેખાય છે. ઊંચા ઊંચા ચીડનાં અનેક ઝાડ ને ઘોર જંગલ વિના ત્યાં બીજું કશું નથી. પાણી માટે લગભગ ૦॥ માઈલ દૂર એક ઝરણ છે. કોઈ જમીનદારનું એક બે-ત્રણ ઓરડીવાળું પુરાણું પહાડી મકાન છે. તે વિના બીજી કોઈ વસ્તી નથી. ૧૯૪૩ માં મનુભાઈ સાથે ત્યાં નિવાસ કરેલો તે પછી આ વરસે ફરીવાર જવાનું થયું. પણ અમુક કારણોસર વધારે દિવસ રહેવાની ઈચ્છા છતાં ત્યાં રહી શકાયું નહિ. આવા સ્થાનમાં થોડો સમય એકાંત નિવાસ કરવાથી ખૂબ ખૂબ લાભ થાય છે. એકાંતનો ખરો આનંદ આવા સ્થળોમાં જ મળી શકે છે. અને એકાંત માણસના વિકાસને માટે ખૂબ ખૂબ જરૂરી છે. જેને આત્મજ્ઞાનની ઉચ્ચોચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી છે, ક્ષણિક વાસના કે વિષયસુખથી પર થઈને જેણે આત્માનંદના અમર આસન પર પલાંઠી મારવી છે, તેણે એકાંત સેવન કર્યે જ છૂટકો છે. ચિત્તની એકાગ્રતા કે ધ્યાનને માટે તો એકાંત એક ઔષધિ જ છે. એકાંતમાં સાધના ઝડપી બની જાય છે, અને એવા કેટલાય દોષો જેની નિવૃત્તિ સંસારમાં થતી નથી. તે એકાંતમાં તરત શમી જાય છે. મહાન પુરુષો કે યોગીઓએ એકાંતવાસથી કેટલી ચમત્કારભરી આત્મશક્તિ મેળવી છે તે વાત ઈતિહાસ બતાવે છે. આ જ મહાન પુરુષોએ સૃષ્ટિને પ્રેરણા પાઈ છે ને યુગો આગળ ધકેલી દીધી છે. સંસારમાં રત માણસને પણ એકાંતની તેટલી જ જરૂર છે. ઈન્દ્રિયવાસના, કામના, લાલસા વગેરે કેટલીયે દુષ્ટ વૃત્તિઓ જે માનવને દાનવ કરે છે તે એકાંતના અદભૂત આનંદથી મટી શકે છે, ને માણસને એ શક્તિ ને પ્રેમનું પાન કરાવે છે, જે તેને દેવ બનાવી દે છે. એટલા જ માટે પ્રવૃત્તિશીલ માણસે પણ પોતાની પ્રવૃત્તિનો થોડો ભાગ પણ નિવૃત્તિ માટે ગાળવાની ખૂબ જરૂર છે. સુંદર એકાંત સ્થળે થોડો સમય પણ રહેવાની ખાસ જરૂર છે. સંસારની પ્રવૃત્તિ માટે આ એકાંત તેને વધારે દૃઢતા ને વધારે બળ આપશે એ નિર્વિવાદ છે.

## પત્ર ૫૯ : ઈશ્વરીય લીલાનો આનંદ

દેવપ્રયાગ

તા. ૧૪ જુલાઈ, ૧૯૪૭

પ્રિય ભાઈ,

કેટલાય દિવસ પછી પત્ર લખી રહ્યો છું. બદરીનાથ જઈને આવ્યા પછી એક પત્ર અહીંથી મેં લખ્યો હતો. પણ તે મુંબઈના સરનામે લખેલો. તેથી દેશમાં કદાચ મળ્યો ના હોય એ સ્વાભાવિક છે. હવે તો મુંબઈ હોઈશ એમ માનીને આ પત્ર લખું છું.

આ વરસે ફરીથી બદરીનાથ જવાનો સુયોગ મળ્યો. હિમાલયના પ્રદેશમાં શ્રી બદરીનાથ એક મહાન સુંદર તીર્થસ્થાન છે. ઊંચા ઊંચા પહાડ ને હિમાચ્છાદિત પર્વત શિખરોથી આ પ્રદેશ અજબ રીતે સુશોભિત લાગે છે. પુરાતન સમયમાં તો ત્યાં ઘોર જંગલ હશે, પરંતુ આજે તો એક સુંદર ગામ થઈ ગયું છે, તેમ જ બધી જ વસ્તુ ત્યાં પ્રાપ્ત થઈ શકે છે. દર વરસે લાખો માણસો આ ભૂમિમાં આવે છે, ને કુદરત તેમજ ઈશ્વરીય લીલાનો આનંદ લઈ પાછા વળે છે. ખરેખર બદરીનાથ યાત્રા એ જીવનનો એક લ્હાવો છે.

અત્યારે શું ચાલે છે ? ભારતીય પરિસ્થિતિ હજી વિકટ જ બનતી જાય છે. ઈશ્વરના પ્યારા આ દેશમાં ફરી ક્યારે શાંતિ સ્થપાશે ને સુખ ફેલાશે એ જ હવે તો ઈચ્છા છે. ભારતને માથે બહુ વિપત્તિ પડી. પણ એય એક સત્ય છે કે જેની વધારે ઉન્નતિ થવાની હોય તેને ભયંકર સંઘર્ષ ને આપત્તિમાંથી પણ પસાર થવું પડે છે. ભારતને માથે આજે જે અગ્નિપરીક્ષા છે તે તેને સુવર્ણમય કરી દેશે. તેમ જ તેના સત્વને પૂરી રીતે બહાર લાવવામાં મદદ કરશે એ ચોક્કસ છે. ભાવિમાં શું છે તે ઈશ્વર જ જાણે છે. આપણે તો એક તટસ્થની જેમ તેને નિહાળ્યા કરીએ એ જ સંભવ છે.

જીવનના આજના દુષ્પરિણામોમાંથી બચવું હોય તો આપણા પોતાના વૈયક્તિક જીવનને ઉપર ઊઠાવવાની જરૂર છે. આજે માણસમાં આત્મવિકાસ, આત્મબલ કે નીતિપરાયણતા ખૂબ ઓછાં છે, તેને લીધે જ તે આજની આપત્તિમાં વધારે દુ:ખી થઈ જાય છે. જે દિવસે માણસ પોતાની અંદરના દેવને ઓળખવાની સાધના તરફ દૃષ્ટિ માંડશે, તે દિવસે જીવનની ઘણીયે યાતનાઓ અડધી થઈ જશે, ને હરેક પરિસ્થિતિ તેને માટે સુખદાયક થશે.

મારું શરીર હવે બરાબર છે. બનતો પ્રયાસ કર્યા કરું છું. ઈશ્વરની પાસે મારી જે માગણી છે તે ક્યારે પૂરી કરશે તે ઈશ્વર જ જાણે છે. એટલું નક્કી છે કે તે પૂરી થઈ જાય તો અનેક લોકોને લાભ થાય. પરંતુ આજે તો છેક અસહાય છું. હજુ શક્તિની દૃષ્ટિએ કંઈ જ નથી. આશ્વાસન કેવલ એટલું જ છે કે એ સમર્થ ઈશ્વરની ઈચ્છા વિના કોઈ સંકલ્પ કે વિચાર આપણા હૃદયમાં ઊઠી શકતો નથી, ને પ્રત્યેક વિચાર જે ઊઠે છે તે સત્ય છે, સત્ય થવા માટે જ છે; એટલે સમય પર ઈશ્વર આપણી ઈચ્છાની પૂર્તિ જરૂર કરશે; કેવલ આપણે પ્રયાસમાં લાગ્યા રહેવું જોઈએ. તેની ઈચ્છા થશે તો કંઈ જ વાર નહિ લાગે, ને તે દિવસે પંગુ પણ પર્વત ઓળંગી જશે એ નિર્વિવાદ છે. બાકી અત્યારે તો હજી શ્રીગણેશ પણ મંડાયા નથી એમ તટસ્થરૂપે આત્મપરીક્ષણ કરવાથી લાગે છે.

મનુભાઈ ધરમપુર છે. ત્યાં હમણાં ૧૦-૧૨ દિવસથી તાવ આવે છે. તેથી ચિંતામાં છે. માણસની મતિ એવી છીછરી છે કે લાભ થાય તો ઈશ્વરની કૃપા ને કંઈક અમંગલ થતું લાગે તો તેમાં ઈશ્વરની અવકૃપાને જુએ છે. પણ હરેક વસ્તુ ઈશ્વરની ઈચ્છાથી થાય છે તેમ જાણનાર કોઈ સ્થિતિમાં ધીરજ કે શ્રદ્ધા ખોઈ બેસતો નથી.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૦ : મેરે તો ગિરિધર ગોપાલ

દેવપ્રયાગ

તા. ૧૭ ઓગસ્ટ, ૧૯૪૭

પ્રિય નારાયણ,

પત્ર મળ્યો. મનુભાઈ તથા કનકબેન તા. ૧૪મી એ ધરમપુરથી રાજકોટ જવા રવાના થયાં છે એવો પત્ર હતો. તેમનો વિચાર હમણાં રાજકોટથી થોડે દૂર એક ગામ છે ત્યાં રહેવાનો છે. તબિયત સારી છે છતાં હજી પૂર્ણ આરામની જરૂર છે. બેન કનકની તબિયત જરા અસ્વસ્થ રહેતી હતી ને તાવ આવતો હતો તેથી મનુભાઈને વહેમ આવ્યો કે ટી.બી. નો ચેપ પણ લાગ્યો હોય. આને લીધે તેમને માનસિક સંતાપ ઘણો થયો. ત્રણ ચાર ડોકટરોની વારંવારની તપાસ ને પરીક્ષા પછી તેમને ખાતરી થઈ કે તાવનું કારણ કોઈ બીજું જ - લોહીની ફીકાશ છે, તથા ટી.બી.ના વહેમ માટે જરાય સ્થાન નથી. ઈશ્વરકૃપાથી આમ તેમને મોટી આફત ટળી ગઈ લાગી, મનને શાંતિ થઈ, ને હવે ધરમપુરના ખૂબ ખર્ચાળ વાતાવરણમાં વધારે ના પોસાય, માટે આર્થિક દૃષ્ટિએ તેમણે રાજકોટ જવાનું ઠરાવ્યું છે.

ઈશ્વરની કૃપા એટલી અનેરી છે કે જેના પર તે થઈ હોય છે કે થતી હોય છે તેવા માણસોની પણ કોઈક વાર ખૂબ ખબર લે છે. સામાન્ય રીતે માણસ એમ જ માને છે કે લૌકિક રીતે સુખ લાગે તો જ ઈશ્વરની કૃપા છે. સંકટ, દુઃખ કે વિપરીત પરિસ્થિતિમાં તેમની ઈશ્વરનિષ્ઠા ડગી જાય છે, ને ઈશ્વરની અવકૃપાનો તેમને ભાસ થાય છે. પણ આ એક અજ્ઞાન માત્ર છે. લૌકિક રીતે કેવલ સુખ જ જરૂરી છે એમ માનવું તદ્દન સાચું નથી, ને ઘણી વાર સુખને માટે દુઃખની જરૂર પણ પડે છે એ એક સત્ય વસ્તુ છે. આમ સમજનાર પુરુષ કદી દુઃખમાં ડગતો નથી. તે ઉપરાંત જેનો એવો વિશ્વાસ છે કે ઈશ્વર સર્વ કાંઈ મંગલ જ કરે છે, તે દુઃખ કે કષ્ટમાં પણ મંગલતાનું દર્શન કરે છે તથા ઈશ્વરનું કંઈક રહસ્ય સમજે છે. દુઃખમાં તેની શ્રદ્ધા ડગી જતી નથી. ઈતિહાસમાં આપણે જોઈએ છીએ કે ઘણાયે મહાન ભક્તોને માથે ખૂબ જ વિપત્તિ પડી છે. નરસિંહ ભગત, મીરાં, તુકારામ, જ્ઞાનેશ્વર એ બધાને લૌકિક જીવનમાં અનેક વાર વિપત્તિ પડી છે, પરંતુ ફેર એ જ છે કે તેમની શ્રદ્ધા સાચી હતી, અનુકૂળ કે પ્રતિકૂળ હરેક પરિસ્થિતિમાં તે ઈશ્વરી કૃપાનું દર્શન કરતા હતા, ને તેથી જ વિપત્તિએ તેમની ઈશ્વરી નિષ્ઠામાં અગ્નિમાં ઘીના જેવું કામ કર્યું છે. નહિ તો જ્ઞાનેશ્વરનો તે વખતના બ્રાહ્મણ સમાજે જેટલો અનાદર કર્યો હતો, તેટલો બીજાનો ભાગ્યે જ કર્યો હશે. નરસિંહ ભગતને માથે તો મોતની નોબત આવી ગઈ હતી. ને સારી રાત ભગવાનના મંદિરની બહાર તેમને બેસવું પડ્યું હતું. છતાં તેમની શ્રદ્ધા ડગી નહિ, ને ભગવાને મંદિરના બંધ દ્વારમાંથી પણ તેમને હાર પહેરાવ્યો. મીરાંના ઈતિહાસ પરથી સંસારમાં તે દુઃખી જ લાગે છે, પણ તેનું એકમાત્ર સુખ એક સાચા ભગવદ્ ભક્તની જેમ ઈશ્વરનો પ્રેમ હતો, ને તેથી જ જે દુઃખની આગળ કોઈ પણ માણસ ભગવાનને ગાળો દેવા બેસે ત્યાં તેણે 'મેરે તો ગિરિધર ગોપાલ' કહીને પ્રેમનો જ સંબંધ જ વધાર્યો. ઈશુને તો શૂળી પર ચઢવું પડ્યું, ને તે વખતના સમાજે તેનું જે અપમાન કર્યું તે તો અભૂતપૂર્વ ને ભયંકરમાં ભયંકર કહેવાય. છતાં તેણે 'ધાય વીલ બી ડન' કરીને બીજાની મંગલ કામના જ કરી છે. કેમ કે સાધારણ માણસને મન મૃત્યુ એ અભિશાપ કે દુઃખનું કારણ છે, પરંતુ ઈશુને

મન તે વરદાન હતું, ઉત્સર્ગ હતો, ઈશ્વરની ઈચ્છા હતી. ને તેથી જ તે તેને સુખરૂપ થઈ ગયું. આવું કૃપા દર્શન, આવી દૃઢ શ્રદ્ધા, ઈશ્વરમાં પરમ પ્રેમ ના જાગે ત્યાં લગી આવી શકતી નથી. ને તે વિના ઈશ્વરનું દર્શન શક્ય પણ નથી. એટલે જીવનની પ્રત્યેક પરિસ્થિતિમાં ઈશ્વરી રહસ્યનું દર્શન કરતા રહેવાનો પ્રયાસ કરવો એ મુખ્ય વસ્તુ છે.

આપણે જે કંઈ કરવાનું છે તે સંસારમાં રહીને જ કરવાનું છે. સંસાર એક એવી મોટી યુનિવર્સિટી છે કે ધારીએ તો તેમાંથી ઘણું ઘણું શીખી શકીએ. આસુરીમાંથી દૈવી સંપત્તિની પ્રાપ્તિ, કામ-ક્રોધાદિ પર વિજય, મન-ઈન્દ્રિયનો સંયમ, અનેકમાં એક ઈશ્વરની ઝાંખી, આ બધું સંસારમાં થઈ શકે છે. વિકાસ ને પતન બંને માટે સંસારમાં અવકાશ છે. કેમ કે તેમાં બંને પ્રકારનાં અનુકૂળ ને પ્રતિકૂળ તત્વો ભરેલાં છે. જેનામાં દૃઢ નિશ્ચય છે, નિશ્ચિત આદર્શ છે, હરહંમેશ જે જાગ્રત છે, જે સદા આત્મપરીક્ષણ કરીને પોતાની ત્રુટિઓને જુએ છે, ને દૂર કરવા સતત પ્રયત્નશીલ રહે છે, જે ઈશ્વર પર શ્રદ્ધા રાખી ઈશ્વરની પાસે પહોંચવા યથાશક્તિ પ્રયાસ કરતો રહે છે, તેમ જ જે આ સંસારને જ સર્વકાંઈ સમજીને તેમાં સાકર પરની કીડીની જેમ આસક્ત થવાને બદલે તેના વિધાતા એવા ઈશ્વરમાં આસક્ત થવા માટે જ સંસારનો ઉપયોગ કરે છે, તે સંસારમાં જીતી જાય છે. તે વિકાસ કરી શકે છે. બાકી જે બાહ્ય રૂપરંગમાં રત, સ્ત્રી, ધન ને કેવલ બાહ્ય પદાર્થોમાં આસક્ત હોય તે સંસારની સાચી બાજી હારી જાય છે, ને એક ઠોઠ નિશાળિયાની જેમ હતપ્રભ થઈને સંસારથી વિદાય લે છે. શું એ આશ્ચર્ય નથી કે કોઈ માણસને પૂર્ણ સુખ, પૂર્ણ આનંદ ને પરમ શાંતિ પ્રાપ્ત કરવા ઈચ્છા થતી નથી ? શું એ અચરજ નથી કે જ્ઞાની ને પંડિત, ધની ને પ્રતિષ્ઠાપ્રાપ્ત પણ કેવળ સ્ત્રી, ધન ને બાહ્ય પદાર્થમાં જ આસક્ત છે ? જન્મ-જરા-મૃત્યુ ને વ્યાધિ પર વિજય મેળવવા જીવનમાં ક્ષણે ક્ષણે દર્શન થઈ રહ્યું છે કે પોતાની શક્તિ સીમિત ને પોતાનું સર્વ કંઈ પરિમિત છે, છતાં તેમાંથી અપરિમિત શક્તિને ત્યાગ ને અનાસક્તિ તથા સાધના દ્વારા પ્રાપ્ત કરવા, કોઈને તાલાવેલી જાગતી નથી એ શું અજાયબી નથી ? ખરેખર આવી ઉત્કટ કે તીવ્ર ઈચ્છા જાગ્યા વિના મનુષ્ય પામર છે. આ બધુંયે સંસારમાં જ થઈ શકે છે, ને તે થઈ શકે છે તીવ્ર ઈચ્છા, સતત પ્રયાસ ને પવિત્રતા, અનાસક્તિ તેમ જ ઈશ્વરની પરમ ઉપાસના દ્વારા. પરંતુ સંસારનો આવો અનુકૂળ ઉપયોગ કરનારા મનુષ્યો બહુ ઓછા માલૂમ પડે છે. દયારામ કહે છે 'જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.'

*

ભારતની દશા દિનપ્રતિદિન બગડતી ચાલે છે. વિભાજન થવાથી તો સ્થિતિ તદ્દન ઊલટી ને બૂરી થઈ ગઈ એમ લાગે છે. હવે આગળ પર શું થશે એ કલ્પવું ખૂબ મુશ્કેલ છે. છતાંયે ભારતની ભગ્નદશાને ભારતવાસી વધારે વખત સાંખી નહિ જ શકે. ટૂકડા થવા છતાં પણ ગુંડાશાહી ને અત્યાચારનો અંત આવ્યો નથી. સાંપ્રદાયિકતાની જે જૂઠી નીંવ પર આજે ભારતનું વિભાજન થઈ રહ્યું છે તે તોડીને ભારતને ફરી એક અને અખંડ કરવું જ પડશે. આ વિશે વધારે નહિ લખું. તે પ્રમાણે કોઈ આધ્યાત્મિક શક્તિપ્રાપ્ત પુરુષ, જેના દિલમાં ભારતીય એકતા ને અખંડતાની શ્રદ્ધા હોય તેની જરૂર છે. મારો વિશ્વાસ છે કે સમય પર ઈશ્વર એ કાર્ય જરૂર કરશે.....આજે તો હું આ નિર્જન પહાડોમાં પ્રાર્થનામય દિવસો પસાર કરું છું. શું કરવું ને શું ના કરવું તે ઈશ્વરના હાથની વાત છે. છતાં મારો પોકાર તેને સદા સંભળાવતો રહું છું, ને શ્રદ્ધા છે કે બીજા

બધાયે પોકારોની જેમ આ પણ સાચો ઠરશે. આજે તો આજ લાલસા છે કે દુ:ખથી તપેલાં મનુષ્યો-પ્રાણીઓનાં દુ:ખ દૂર હો ! જે ઈશ્વર મૂંગાને પણ વાચાળ કરી દે છે, પંગુને પણ પર્વત ઓળંગવાની શક્તિ દઈ દે છે, તેને માટે અશક્ય કશું જ નથી. ને આપણા હૃદયમાં ઊઠતો હરેક વિચાર એ સર્વસમર્થ ઈશ્વરની જ કૃપાપ્રસાદી છે એ શું સત્ય નથી ?

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૧ : જીવનનું સુખ

વડોદરા

તા. ૧૨-૧-૧૯૪૭

ભાઈ,

કેટકેટલા દિવસ થયા ! છેક આજે પત્ર લખી શકું છું. તે તરફ આવવાનું નિશ્ચિત નહોતું એટલે લખવાનું ઠીક પડતું નહિ.

તારો આ પહેલાંનો પત્ર મળ્યો છે. વાંચીને આનંદ થયો છે. બેને તારે માટે લખ્યું છે કે 'ના, ભાઈ ખૂબ જ પવિત્ર માણસ લાગે છે.' તે અક્ષરશઃ સત્ય છે. ને હજી તો તેને તારો પૂરો પરિચય નથી. બાકી તારામાં જે વસ્તુઓ છે તે બધી ખૂબ ખૂબ મહાન છે, એમાં સંશય નથી. બેનનું હૃદય કેટલું દૈવી છે ! વિકારની તેમાં ગંધ ન મળે. સ્વાર્થની વાસ નહિ. પ્રેમ જ્યારે પાર્થિવતાથી પર થઈને પોતાના મૂળ સ્વરૂપે પ્રકટ થાય છે ત્યારે તેનું સ્વરૂપ કેટલું વિશાળ, મહાન ને પવિત્ર હોય છે, તે આ મહાન આત્મામાંથી આપણને જાણવા મળે છે. ને ત્યારે જ સમજી શકાય છે કે પ્રેમ પણ એક એવી વસ્તુ છે, એવી સાધના છે, જે પરમેશ્વરનું દર્શન કરી શકે છે, જેનો પરમેશ્વરની સાથે અભેદ છે. આજના સમયમાં આવી મહાન પ્રેમભાવના ક્યાં હશે ? એ અલૌકિક પ્રેમ પૂજાને પાત્ર છે એમાં લવલેશ સંશય નથી.

આવવાનું હજુ નક્કી નથી. પણ ઈશ્વરેચ્છા હશે તો ત્રણચાર દિવસમાં આવી શકાશે. મનુભાઈની એવી ઈચ્છા છે.

જીવનનું સુખ કેવળ ઈશ્વરમાં જ છે. ઈશ્વર જ જીવનનો આનંદ છે. ઈશ્વરને માટે જે મહાન પુરુષોએ સંસારમાંથી હાથ ધોઈ નાખ્યા તેમનો વિચાર કરીએ તો આજનો વ્યવસાયી માણસ કેવો લાગે છે ? જે મહાન શક્તિ, જે મહાન શરીર ને તક માણસને મળી છે તેનો ઉપયોગ કરી લેવામાં જ માણસાઈ છે. પણ દુનિયામાં આજે લાખો માણસો છે જે જીવન વિશે વિચારતા પણ નથી. જીવન શું ને તેનો ઉપયોગ શો, તેનું ધ્યેય શું, એ તેમની સમજ બહાર છે. બાહ્ય જીવનના રસ ને જીવનકલહ (સ્ટ્રગલ ફોર લાઈફ)માં જ તેમની શક્તિ સમાઈ જાય છે. આ લોકો ભુલભુલામણીમાં છે ને રતનને ખોઈ નાખે છે. એક દિવસ હતો જ્યારે સિદ્ધાર્થને જન્મ, મૃત્યુ, જરા ને વ્યાધિનાં દુઃખ દેખાયાં હતાં. તેનો ઉપાય શોધવા તેણે નિશ્ચય કર્યો હતો. આજે પણ એ વસ્તુઓ છે. આપણી આંખે તે દેખાય છે, પણ સિદ્ધાર્થની ભાવના આજે કેટલાકમાં ઊઠે છે ? જે કંઈક સમજે છે તે તો તેથીયે કફોડું જીવન જીવે છે. મૂર્ખ રહેવું સારું છે, પણ સાચી વાતને જાણ્યા ને સમજ્યા પછી તેનું આચરણ ના કરવું, તેના અનુભવના સુખથી વંચિત રહેવું એ તો ખૂબ જ દયાજનક છે. એના મૂળમાં બે વાત છે. એક તો સમજે છે તેને આચરવાની નૈતિક હિંમત માણસમાં નથી, ને બીજું જે જાણે છે તેમાં તેનો પૂરો વિશ્વાસ નથી. પૂરો વિશ્વાસ હોત, તેની પૂરી જરૂર તે સમજત, તો તેને માટે મરી ફીટવાની હિંમત પણ તેનામાં આવત, ને તે વિના તે રહી જ ના શકત. આજે આવો વર્ગ પણ ઓછો નથી. એક રીતે કહીએ તો પ્રથમ વર્ગથી પણ વધારે છે. ને આપણા કેટલાંયે વિખવાદ, આપણાં કેટલાંયે દુઃખ આ જ મૂળમાંથી આવ્યા છે, આ જ કારણમાંથી જન્મ્યાં છે; વિચાર ને આચારની એકતાનો અભાવ.

પરંતુ આચાર એ જ સુખ છે, જીવન છે, એમ સમજીને માણસે આચારશીલ બનવા વધારે ને વધારે પ્રયાસ કરવો જોઈએ, ને તેવા આચારમાં ધર્મ, દેશ, જાતિ કે દુનિયાની બીજી કોઈ શક્તિનો ડર રાખવો જોઈએ નહીં. ડર ત્યાં જ છે જ્યાં અસત્યનો પ્રભાવ છે. સત્ય છે ત્યાં ડર નથી. ત્યાં તો સદા અભય છે. આધ્યાત્મિક કે સાધનાની પરિભાષામાં આ વસ્તુને મુમુક્ષુત્વ કે લગન અથવા તીવ્ર ઈચ્છા કહેવામાં આવી છે. અને આ જ વસ્તુને કેળવવાની સાધકને જરૂર છે.

મનમાં દૃઢ નિર્ણય થઈ જવો જોઈએ કે વ્યાધિ, મૃત્યુ કે જરામય જીવનમાં ને પાર્થિવ વિષયોના જગતમાં સાચું કે સનાતન સુખ હોઈ શકે નહીં, ને તેથી તેને જ સર્વકાંઈ સમજી લેવું એ ભ્રમણા છે. એથી રહિત જે પરમ પવિત્ર અવસ્થા-ઈશ્વર, તે જ સત્ય છે, ને તેની પ્રાપ્તિ ને વહેલામાં વહેલી પ્રાપ્તિ એ જ જીવનની સાર્થકતા છે. આવો દૃઢ નિરધાર હશે. ત્યાં સંસાર કે શરીરનો મોહ ફરકી પણ શકશે નહીં. વિકાસના માર્ગ બધા જ ખુલ્લા થઈ જશે, સમય કે સંજોગો અનુકૂળ બની જશે, ને સમય આવશે જ્યારે શાશ્વત સ્થાનને આસને માણસ પ્રતિષ્ઠિત બની જશે. આ જ જીવનનું લક્ષ છે એ હરહંમેશ ધ્યાનમાં રહી જશે તોય અવનવીન પરિવર્તન ને લાભ થતો જશે.

શરીર સારું હશે. જે યાદ કરે તેમને પ્રેમ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૨ : શાંતિનું ધામ

વઢવાણ કેમ્પ
તા. ૧ ફેબ્રુઆરી, ૧૯૪૮

પરમપ્રિય નારાયણ,

તારો પત્ર તા. ૨૮ નો મળ્યો છે. વાંચી ખૂબ ખૂબ આનંદ થયો છે. તને પત્ર લખ્યો ત્યારે બેન સરસ્વતીને પણ એક પત્ર ખૂબ ખૂબ ઉતાવળમાં મેં લખ્યો હતો, જે તેને તે જ સમયે મળી ગયો હશે. ભાઈ, આ ચંચલ ને પાર્થિવ સંસારમાં પ્રેમ ને ઈશ્વરી પ્રેમ એ જ એકમાત્ર શાંતિનું ધામ છે. પ્રેમ જ એક એવી વસ્તુ છે જેનાથી જીવન સ્વર્ગસુખદ લાગે છે, અને આ પ્રેમની પરિતૃપ્તિ પાસે માણસ વેદના, દુઃખ, યાતના, તાપ, મંથન ને બીજું બધું જ ભૂલી જાય છે. જીવન પ્રેમની પૂજા કે ઉપાસના છે, ને જે આના તરફ મોં મચકોડી ચાલે છે, તે વ્યક્તિ, સમાજ, દેશ, સિદ્ધાંત, નિયમ, પ્રણાલી, ધર્મ કે સાધના ગમે તે હો, કોઈ પણ દિવસ ઉપકારક થઈ શકતી નથી.

તારા પ્રેમને જોઈને અમે ગદગદ્ થઈ જઈએ છીએ. તું તેમ જ સરસ્વતી બંને કાંઈ કાચી માટીમાંથી બનેલાં નથી. તમે પ્રેમનાં પવિત્ર પુષ્પો છો, ને તેથી જ બંને એકઠાં મળી, હાથમાં હાથ મિલાવી, આજે જીવનમાં સુખ પામો છો. તમારું એ સુખ અક્ષય રહે, એ મારી કામના છે. સરસ્વતીનો પત્ર મારા પર કોઈ કોઈ વાર આવે છે. તેમાં કાંઈ જ પાંડિત્ય, ભાષાવિહાર કે શબ્દજાળ હોતી નથી. પણ મને તે એકથી વધારે વાર વાંચવો ગમે છે. કેમ કે તેમાં જે સ્વચ્છતા, સચોટતા ને ભાવમયતા હોય છે, તે મને ખૂબ પ્રિય છે. પાંડિત્ય, ભાષાવિલાસ ને દંભ ઘણાં જાણે છે. એવા માણસો દુનિયામાં ડગલે ને પગલે મળશે, પણ હૃદયની આવી ભાવમયતા, પવિત્રતા ને સ્વચ્છતા દેવદુર્લભ વસ્તુઓ છે, ને ઈશ્વરના અનેક આશીર્વાદ વિના તે મળી શકતી નથી. જ્યાં આ દેખાય છે ત્યાં મારું હૃદય પ્રેમને દોરે બંધાઈ જાય છે.

ઈડર જવા વિશે તારી વિગત જાણી છે. મારું માનવુ એમ છે કે હવે તો પંચમી તદ્દન નજીક છે. તો તેટલા દિવસ ઈશ્વરેચ્છા છે તો અહીં જ કાઢી નાખું. તારે તારી પ્રવૃત્તિને તોડી મરોડી નાખવી પડે, ને આર્થિક ફટકો પણ સહેવો રહે, આ વાત કાંઈ ઉપેક્ષા કરવા જેવી નથી જ. વળી પંચમી પછી મારે કોઈ કઠિન સાધનમાં પડવું પડે, તો તારે તો મુંબઈ તરત જ ફરવું પડે, ને તે પરિસ્થિતિમાં મને તારા વિનાનું ઈડર ન જ ગમે. એટલે પંચમી ને તે પછીનો થોડો સમય અહીં જ વીતાવું તો કંઈ ખોટું નથી. તે છતાં જો ઈશ્વરની ઈચ્છા જ હોય, ને તેવી વ્યવસ્થા સુખપૂર્વક થઈ રહે, તો તું મને ત્યાં લગીમાં અહીં જ લખજે. આપણે આનંદપૂર્વક સાથે સાથે ઈડર જઈશું, ને પંચમી પછી પણ થોડા દિવસ ત્યાં રહીશું. પણ તેવો નિર્ણય કાંઈ પણ મુશ્કેલી સહ્યા વિના ને આપોઆપ ઈશ્વરી પ્રેરણા કે ઈચ્છા પ્રમાણે થતો હોય તો જ બરાબર છે.

*

ભારતમાંથી ગાંધીજી ચાલ્યા ગયા, એ કાંઈ હવે કહેવાનું રહ્યું છે ? આ સમાચાર કેટલા કરુણ અને આકસ્મિક તેમ જ અકલ્પ્ય હતા ? મેં તે રાતે સાંભળ્યા પછી તો નજીકમાં રેડિયો પર ગયા. ત્યાં બધી વિગત સાંભળી ને સાંભળતાં સાંભળતાં મારી આંખમાંથી આંસુની ધારા નીકળી પડી ! ઊર્મિને સંયમિત કરવી પડી.

ઘેર આવ્યા; પણ કાલનો આખોયે દિવસ મારું માથું ખૂબ ભારે રહ્યું. આખરે જેની કલ્પનાય ન હતી તે વાત બની ગઈ ને ભારતમાતા એક વાર ફરી અનાથ બની.

આજે આવી ચર્ચા નહિ કરીએ. ફરી ફરી કાગળમાં ને આંખમાં વેદના, દુઃખ કે કરુણાનાં આંસુ નહિ વહાવીએ. ફક્ત એટલું જ કહીશું કે આ મહાન પુરુષે જે કર્યું છે, ભારત માટે જે સહ્યું છે, તેની જોડ ઈતિહાસમાં જડે તેમ નથી. હજારો કે લાખો વરસ પછી એક ગાંધી પાક્યા, ને હવે ક્યારે પાકશે એ પ્રશ્ન જ છે, જેનો સમ્યક ઉત્તર ભાવિ બતાવશે.

*

ગાંધીજી તો ગયા પણ ભારતની એવી કટોકટીની પળે ગયા છે કે જેની ભયંકરતાની કલ્પના પણ અસહ્ય છે. ને એટલા જ માટે વીત્યા પર દિનરાત આંસુ સારવાને બદલે, હૃદયના ઘાને કરૂણાની મલમપટ્ટી કરી, ‘હવે શું’ એ ભારતના ભાવિનો ધીરજ ને શાંતિથી વિચાર કરવાનો રહે છે. ભારતને માટે જેને દુઃખ છે, વેદના છે, ને ભારતની અશાંતિ અને અવદશાથી જે ખરેખર અશાંત છે, તેની જવાબદારી હવે ખૂબ જ વધી છે. ને મારું મન ઈશ્વરે તે જ સ્થાનમાં મૂક્યું હોઈ, મારું હૃદય ખૂબ જ કરૂણ બની પ્રબળરૂપે હવે જાગી ઊઠ્યું છે, વેદનાનું ગીત ગાઈ રહ્યું છે. આપણી આશા ફળશે એ મારી નિશ્ચિત શ્રદ્ધા છે. જો ભારતે બચવું હોય, ને દુનિયાએ પ્રકાશ પામીને જીવવું હોય, તો મારા માર્ગ વિના આજે કોઈ જ ઠીક ઉપાય નથી, ને તે ઈશ્વરની જ પ્રેરણા છે, એટલે ઈશ્વર તરફથી જ સત્ય ને વાસ્તવિક થનાર છે, એ મારી આજની દૃઢ શ્રદ્ધા છે. સદભાગ્યે દિવસ હવે થોડા જ છે, જ્યારે મારા કાર્યની પૂર્ણાહુતિનો નિકાલ થઈ જશે, ને તેમાં લેશ પણ ગડબડ લાગશે તો હવે મને આ શરીરનો મારે માટે ને મારા સુખ માટે લેશ પણ મોહ નથી. આ દુનિયામાં મારે બીજો કોઈ જ શોખ ભોગવવાનો નથી. દુઃખથી દબાયેલાં ને તાપથી તપેલાં લોકોના તાપની આત્યંતિક નિવૃત્તિ કે શાંતિ ને ઈશ્વરી મહિમાનો સાર્વત્રિક પ્રસાર, આ જ મારું કલ્યાણકાર્ય છે. ને તે માટેની વિરાટ યોગ્યતાને પરિપૂર્ણ કરવા, શરીરને હોમી દેવાનો પણ મારો નિર્ણય છે. જગતને જે અમૃત જડ્યું છે તે એકાદ-બે વિરલ કલ્યાણકારી વિભૂતિઓના જલવાથી, તપવાથી કે વેદનામાં મરવાથી જ મળ્યું છે. ને મારે માટે પણ જો તે જ ધાર્યું હશે તો ઈશ્વરને હું તે પણ લેણું ચુકવી દઈશ. પરંતુ હું જીવતો હોઈશ ત્યાં લગી ભારતને અશાંત, દુઃખી, દલિત કે હડધૂત થવા દઈશ નહીં, કે ઈશ્વરને કદીયે ને કોઈયે કારણથી વધારે ઉપેક્ષણીય કે વિસ્મૃત, કોઈનેય હાથે, થવા દઈશ નહીં. એ માટે જ મારું શરીર છે. એ પ્રતીતિભાવના આજે મારી રગેરગમાં રમે છે, ને લોહી કે શ્વાસના ધડકારમાં સદા ધડકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૩ : એક ધ્રુવ વાત

વઢવાણ કેમ્પ
તા. ૧ જાન્યુ. ૧૯૪૮

પ્રિય નારાયણ,

તમે લખેલો પત્ર ત્રણેક દિવસ થયાં મળ્યો છે. આજે ઉત્તર લખી શકું છું જે દિવસે તમારો પત્ર આવ્યો તે દિવસે આકાશમાં વાદળાં હતાં. વરસાદને લીધે જમીન સુગંધિત બની ગઈ હતી, તેથી ખૂબ જ નવીનતા લાગતી હતી. હું ને માતાજી ફરવા ગયાં હતાં. બપોરે નીકળ્યાં તે ચાલવા જ માંડયાં. લગભગ ૧॥ માઈલ ચાલતાં જ રહ્યાં, ને તમારો પત્ર પણ સાથે સાથે વાંચતાં રહ્યાં ! તમારા પ્રેમભર્યા મધુર પત્રથી ખૂબ ખૂબ આનંદ થયો.

બેન સરસ્વતીને ઈડર ના આવવાથી દુ:ખ થયું, પણ પ્રેમ હોય તેણે એટલો ભોગ પણ આપવો જ રહે છે, પ્રેમમાં મિલન થવાની ને ભોગવીને આનંદ કરવાની જે મજા છે, તેવી જ બીજી મજા વિરહની ને સહન કરવાની છે. આમાં પ્રેમની પરમ કસોટી થાય છે, અને એક પ્રકારના અગ્નિમાં પ્રેમ તપીને કંચન જેવો ખરો ને વિશુદ્ધ બને છે. ને જેને સાચો પ્રેમ છે, ને સાચું દુ:ખ પણ થાય છે, તેને તો સુખ પણ તરત જ સાંપડે છે. આ વાત સરસ્વતીને ત્યાં થયેલા રાત્રિ અનુભવ પરથી બરાબર સમજાય છે. પણ તે કાંઈ તેટલાથી જ સંતોષ માને ? પણ ઈશ્વરેચ્છા વિના કંઈ પણ ક્યાં થઈ શકે છે ? ઈશ્વર ધારશે ત્યારે કંઈ જ વાર નહીં લાગે, ને આપણે જરૂર જરૂર મળીશું. શરીર ખૂબ ઘસાઈ ગયું છે, એટલે તેને સમૃદ્ધ કરવાની પણ ઈચ્છા છે. ને ઈશ્વરની ઈચ્છા હોય તો સરસ્વતી જેવી પ્રેમાળ બેનની માવજત નીચે લાંબો વખત ઈડરના ગ્રામ પ્રદેશમાં કુદરતી જીવનના આનંદ વચ્ચે રહીને તે સમૃદ્ધિ મેળવવી છે. પણ ઈશ્વર તે મંજુર કરે ત્યારે ખરું.

પ્રિય નારાયણ ! અહીં રહેવાનું તો તારું થોડુંક જ થયું પણ, તે પણ ખૂબ જ આનંદદાયક થઈ પડ્યું. ખરું ને ? સાંસારિક વ્યવહાર ને ઉપાધિની ગડમથલથી અલિપ્ત રહીને કોઈ ગ્રામ વાતાવરણમાં આમ લાંબો વખત સાથે રહેવાનું હોય તો ઘણો ઘણો આનંદ આવે. તારો પ્રેમ મને ખૂબ જ યાદ આવે છે. હું તો જગતમાં પ્રેમનો જ પૂજારી છું. ને કેવલ પ્રેમનો ભૂખ્યો છું. મારામાં અત્યારે તો એવું કશું જ નથી જેથી તમને કાંઈ લાભ થઈ શકે, ને તેથી પ્રેરાઈને પ્રેમ કરવા કારણ મળે. પરંતુ પ્રેમ મારી દૃષ્ટિએ એવો વેપાર કે બદલો નથી. તે તો એક સહજ સ્વભાવગત વસ્તુ છે. માણસ રહી શકતો નથી, માટે તે શ્વાસ લે છે, જીવન જીવે છે, ને માટે જ પ્રેમ કરે છે, એમ હું માનું છું, ને એટલા માટે જ તેણે પ્રેમ કરવો જોઈએ એમ ભારપૂર્વક સમજું છું. તેમાં નફાતોટાની કે લાભાલાભની ગણતરી હોય નહિ. તે તો અનુકૂળ તેમજ પ્રતિકૂળ બંનેય પરિસ્થિતિમાં પોતાનો માર્ગ કરે ને ફાલે. હડધૂત થાય, અપમાનિત થાય કે સહન કરે, છતાં બંધ ના થાય, પણ તેવો જ અબાધિતરૂપે વહ્યા કરે. તેમાં કોઈ જાતિધર્મનાં બાહ્ય બંધનો હોય નહીં, તેમ જ દેશકાલની સાંકડી માનવમનની મર્યાદાઓ પણ તેને ના સ્પર્શે. કેવળ શરીર પર નભનારો તે ના હોય, પણ સાથે સાથે શરીરની છેક સૂગ રાખનારો પણ ના હોય. તે એક આત્માનો ધર્મ હોય એ બરાબર છે, પણ શરીરના સંપર્કમાં આવે છે ત્યારે જ વ્યક્ત થાય છે, પોતાને વધારે સ્પષ્ટરૂપે જાહેર કરે છે, માટે શરીરના ઋણને પણ ભૂલે નહીં. આત્મા

કે શરીર બેમાંથી કોઈનાયે કેવળ બંધનમાં તે ના બંધાય, પણ બંનેના પારસ્પરિક સહકારથી વધે. અલબત્ત શરત એટલી કે તેમ કરતાં તે પોતાની જાતને શુદ્ધ રાખે. આવો પ્રેમ આપણા જગતમાં જ્યારે પ્રકટશે ત્યારે ત્યારે સમગ્ર સંસાર નવો પ્રકાશ પામશે, આપણી પોણાથી પણ વધારે ભાગની વિકટ સમસ્યાઓનો ઉકેલ થઈ જશે, ને સૃષ્ટિ સ્વર્ગથી પણ વધારે ઊંચી થઈ રહેશે.

આજે જીવનમાં જે દુ:ખ છે, જે સડો છે, વેદના ને સંઘર્ષ છે, તેનાં કેટલાંયે કારણો છે. પણ પ્રેમને ના જાણવાનું કારણ તેમાં પ્રધાન છે. આજે વધારે ભાગની દુનિયા પ્રેમને નામે મોહમાં જ જીવન જીવે છે, વાસનાના કાદવમાં જ ઊંડે ને ઊંડે ડૂબે છે, ને પરિણામે મહાન ઉલ્કાપાત ને બંધનમાં ફરે છે. મનુષ્યની અંદર જે જાતીય આકર્ષણ તેમ જ પ્રેમભાવના છે, તે પણ પ્રેમના આધાર પર સમગ્ર સૃષ્ટિની જે સહજ એકતા છે તેનું જ એક પ્રતીક છે. ને તેથી જ મનુષ્ય જ્યારે મનુષ્યને જુએ છે ત્યારે એક થવા તલસે છે. શૃંગારિક જગતમાં આ કુદરતીભાવ કામની અનેક વિકૃતિઓમાં અંતે પરિણામ પામે છે, ને પોતાના મૂળ સ્થાનને પણ ચૂકી ને ભૂલી જાય છે. પણ જોઈએ છીએ કે તેથી મનુષ્યનો આત્મા તૃપ્ત થતો નથી. કેમ કે કામ તેનો સહજ ધર્મ નથી. તેનો સહજ ધર્મ તો પ્રેમ છે, જે કામના ઉપભોગ પછી ફરી એક વાર માણસ જીર્ણ બને છે ત્યારે કે ગમે ત્યારે પણ ઊગી નીકળે છે. પણ તે સમયે માણસ એટલો અશક્ત હોય છે કે પ્રેમનો આનંદ લઈ શકતો નથી. આવો પ્રેમ જે પ્રાપ્ત કરે છે ને અનુભવે છે તે ખરેખર ધન્ય છે.

પ્રિય નારાયણ ! તને શું લખું ? તું તો ખૂબ જ સમજુ છે. તારે માટે મને મોટી મોટી આશા છે, જે માટે મેં તને અનેક વાર કહ્યું છે. બીજું બધુ જવા દઈએ તોય આધ્યાત્મિક વિકાસના માર્ગમાં તો અગ્રેસર થવા તારે જીવન સમર્પિત કરવાનું છે એ એક ધ્રુવ વાત છે. આપણી આધ્યાત્મિકતા બૌદ્ધ સંપ્રદાયના શ્રમણોની સાધના જેમ કેવલ એકાંગી કે નિવૃત્તિપરાયણ નહિ હોય, પરંતુ નિવૃત્તિ અને આત્મિક વિકાસ તેનાં નક્કર ને તદ્દન આવશ્યક અંગો હશે. જીવનનો બીજો કોઈ ઉપયોગ મારી દૃષ્ટિએ એટલો સાચો, ઉન્નત ને ઉપકારક નથી લાગતો, જેટલો કે આત્મિક સાધના તરીકે તેનો ઉપયોગ. ને તેથી જ બીજા પણ પોતાના જીવનને તે વિકાસના કે ઉપયોગના કેન્દ્રની આજુબાજુ ઘડે એમ ઈચ્છું છું. ને સમય પર એ જરૂર થશે.

સંસારને માટે આપણે જે પ્રયાસ કરીએ છીએ તે પૂરો થશે ત્યારે જ મારા નાનકડા અંતરને પૂરી શાંતિ થશે. જો કે તેની ઘણીખરી મંઝિલ આજે કપાઈ ગઈ છે, છતાં હજી આખરી પદને વાર છે. ને ઈશ્વરેચ્છા હશે તો તદ્દન સન્નિકટના ભાવિમાં જ તે થઈ રહેશે. આ વિના મને ચેન પડનાર નથી. સૃષ્ટિના કલ્યાણને માટે મારા હૃદયમાં આજે વર્ષોની વેદના ને દુ:ખ છે. છેલ્લા હિમાલયના તપસ્યાયૂત જીવન પછી તે એક નિશ્ચિત આધારમાં પલટાઈ ગયું છે. ને કેમ કે તે મારી પ્યારી 'મા'ની જ પ્રેરણા, ઈચ્છા ને લીલા છે, તે બરાબર પૂર્ણ થવા ને ફળવા માટે જ છે એમાં જરાય સંદેહ નથી. આ પ્રમાણે તદ્દન નિકટના ભાવિમાં આપણામાંથી એક એવું મહાન વ્યક્તિત્વ પ્રકટી ઊઠશે જે આજના જડવાદી જગતને માટે એક ચમત્કાર કે પડકાર હશે. આપણે આજના મોટા મોટા અધ્યાત્મ જીવનથી સૂકા ને ઈશ્વરશ્રદ્ધાથી હીન વિચારક વર્ગને તદ્દન અચંબામાં નાખી દઈશું. જો કે આ મારો ઉદ્દેશ નથી પરંતુ આ વસ્તુ સહજ થશે એમ બતાવું છું, ને તેના પરિણામે તદ્દન સહજ રીતે એક આધ્યાત્મિક પ્રવર્તનકાલ શરૂ થશે, જે રાષ્ટ્રીય તેમ જ સાંસારીક આગેકૂચની સાથે હસ્તમિલાપ કરી ચાલશે. દુનિયાના આજ સુધીના આધ્યાત્મિક કે રાષ્ટ્રીય ઈતિહાસને માટે એ એક અજોડ અને અજબ પળ

તેમજ પ્રસંગ હશે. પણ સૌથી મોટું સાંત્વન તો મને એ થશે કે જે શરીરને મેં બાલપણથી જ સાંસારિક રાગથી રહિત રાખ્યું છે તેનો ભારત ને વિશ્વના કલ્યાણ માટે ઉપયોગ થશે, ને પ્યારા પ્રભુનો મહિમા આપણા અશ્રદ્ધાળુ, નિરાશ, અશાંત સંસારમાં પ્રાણની પેઠે ફરી વળશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૪ : વિધિના લખેલા લેખ

દેવપ્રયાગ

તા. ૧-૫-૧૯૪૮

પ્રિય નારાયણ,

પત્ર મળ્યો. આનંદ થયો.

આર્થિક વ્યવસ્થા સંબંધી જાણ્યું. પણ મને આ રીતે પૈસા માટે તું પ્રયાસ કરે એ રૂચતું નથી. પરંતુ આજે કોઈ ઉપાય નથી. છતાં સહેલાઈથી મળી જાય તો જ પૈસા મોકલવા. નહિ તો કોઈની આગળ વ્યર્થ હાથ ધરવો નહીં. ઈશ્વર અમારું અહીં બરાબર ચલાવશે. માતાજીનું જવાનું હજી બરાબર નક્કી નથી. છતાં ૧૫-૨૦ દિવસમાં મોકલી દેવા વિચાર છે. ઘેર પણ તેમણે વ્યવસ્થા કરવી જોઈએ. તેથી જ તેમને મોકલવાની જરૂર છે. ઘરનો પ્રશ્ન છે ત્યાં લગી તો તેમણે તે સંભાળવો જ બરાબર છે.

આ વખતે હજી મારું મન આ પ્રદેશ ને સ્થળમાં બરાબર ગોઠતું નથી. એમ લાગે છે કે અહીંના સંસ્કાર હવે જલદી પૂરા થાય છે. જો મારે સાધનાનું કોઈ કાર્ય બાકી ના હોત તો અહીં એક દિવસ પણ રહેત નહિ. પરંતુ ઈશ્વરની ઈચ્છાનુસાર અહીં રહેવું પડશે. મારા અધૂરા રહેલા કાર્યને પૂર્ણ કરી લેવા માટે ટૂંક સમયમાં જ પ્રયાસ કરવાનો મારો વિચાર છે, ને તે રીતે મારી બધી જ મનીષા પૂર્ણ થતાં આ સ્થળને પકડી રાખવાની જરૂર રહેશે નહીં. પણ આ બધાનો મૂળ આધાર મારા કાર્યની પરિપૂર્ણતા છે, ને તે માટે આજે તો હું સતત ચિંતા ને પ્રાર્થના કરું છું.

ઈશ્વર પર શ્રદ્ધા રાખી બધું કરજે. તે ખૂબ દયાળુ છે, ને તેની દયાથી સર્વ માર્ગ સાફ થઈ શકે છે. તું જે આદર્શમય જીવનને ઝંખે છે તે જીવન ઈશ્વરકૃપાથી તને જરૂર મળશે. આત્માની શાંત આરાધનામાં, પ્રેમના વિવિધ સંબધોની પૂજા કરતાં, બીજાને મદદરૂપ થઈ રહેતાં જીવવું એ જ આપણો ભાવિ આદર્શ હશે. ઈશ્વર એ દિવસ પણ જરૂર લાવશે. આજે તેવી પરિસ્થિતિ ના હોય તેથી શું ? આ તો સંક્રમણકાળ છે ને તે તરત જ પસાર થઈ જશે.

ભારતમાં હજી અશાંતિનાં વાદળ ઊભા છે. ક્યારે આગ સળગી ઊઠશે તે કહેવું કઠિન છે. જો કે આખરે તો આ દેશને અપાર સુખ શાંતિની પ્રાપ્તિ થશે, પણ આજે તો એટલા જ અપાર અશાંતિના કાળમાંથી તે પસાર થઈ રહ્યો છે. દેશ ને માનવ-જાતના આ કષ્ટકાળમાં ઊપયોગી થઈ પડવાની આપણી મહેચ્છા છે, ને તેને જ માટે આ સાધના છે. તે જેટલી સત્વર પૂરી થશે તેટલી જ કલ્યાણપ્રદ છે એમાં શંકા નથી. પ્રયાસ કરું છું, સફળતા જરૂર મળશે, કેમ કે આ તો તે જ ઈશ્વરની ઈચ્છા ને વિધિના લખેલા લેખ છે. આ વખતે તો પૂરું કર્યે જ અટકવું છે.

અહીં માતાજી કુશળ છે. તથા તમને બધાંને વારંવાર યાદ કરે છે. માતાજી પણ હમણાં તો અહીં આનંદમાં રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

**પત્ર ૬૫ : ગડમથલ**

દેવપ્રયાગ
તા. ૧૨ મે, ૧૯૪૮

પ્રિય નારાયણ,

તારો પત્ર તા. ૫નો આજે મળ્યો. વાંચી ખૂબ આનંદ થયો.

તેં મોકલેલું ચામડાનું પાકીટ મળી ગયું છે.

પૈસા માટેની વ્યવસ્થા બરાબર થતી રહે તે જરૂરી છે ને તે માટે તેં જે ધોરણ રાખ્યું છે તે પણ બરાબર છે. મદદ કોના તરફથી મળે છે તે મને લખી જણાવજે. આ વખતે વળી ઈશ્વરેચ્છાવશ આપણે આવી વ્યવસ્થા કરવી પડી છે. ને તે બરાબર છે એમ જ લાગે છે. કેમ કે અહીંની અજ્ઞાન પ્રજા વચ્ચે સ્વતંત્રપણે રહેવું હોય તો તે જ એક માર્ગ છે. છેલ્લા બે વરસના અહીંના વ્યાપક અનુભવે મારું હૃદય આ પ્રદેશ પરથી ઊઠી ગયું છે. પહેલાં જે અલૌકિકતા કે અસાધારણતા લાગતી તે હવે લાગતી નથી. તેના બદલામાં અહીં ઉલટી નિસ્તેજતા ને નીરસતા લાગે છે. ને તેથી જ ઈશ્વરેચ્છાને વશ થઈ મારું કામ છે ત્યાં લગી હું અહીં રહું છું ને રહીશ. પછી આ પ્રદેશમાં હંમેશ માટે વસવાનો કોઈ જ મોહ નથી. બાહ્યજીવનમાં પણ સાધનાની પરિપૂર્ણતા થઈ રહેતાં પરિવર્તન કરવાની મારી ઈચ્છા હવે દૃઢ બની છે. ને તે વિશે મેં તને અનેકવાર વાત પણ કરી છે. આધ્યાત્મિકતાને હું સમગ્ર જીવન તરીકે નહિ, પરંતુ જીવનના મુખ્ય અંગ કે કેન્દ્ર તરીકે સ્વીકારું છું, ને તેથી જ બીજા તદ્દન નિવૃત્તિપરાયણ સંત કરતાં મારો વિચાર આમ જુદો જ પડે છે. મને જીવનની એકાંગિતા કે એકવિધતા જરાય પસંદ નથી. ને તેથી જ થોડા સમય પછી મારું બાહ્ય ક્લેવર હું પલટાવી દેવા માગું છું.

તારા પ્રેમ માટે મારી પાસે શબ્દો નથી. પૂર્વજન્મના અપાર સંસ્કારને લીધે આપણો સંબંધ થયો છે, ને તે અક્ષય રહેવા સર્જાયેલો છે. તારા પર મને પ્રેમ ને વિશ્વાસ બંને છે, ને તેથી જ જીવનના ગુઢ રહસ્યો પણ કોઈક વાર તને કહું છું. કેમ કે હું જાણું છું કે તેને સમજવા ને પચાવવા માટે તું એક યોગ્ય પાત્ર છે. મારું જીવન એવું તો વિરોધાભાસી ને ગહન છે કે તેને સમજવા માટે ભારેમાં ભારે વિવેક, સહાનુભૂતિ, અનુભવ ને ચિંતન જોઈએ. આ બધું તારામાં હોવાથી જ તું મને હરેક અવસ્થામાં સમજી શકે છે, ને તેથી જ ભલે કોઈ ભૂલ ખાય પણ તું કદી ભૂલ નહીં ખાય એમ ચોક્કસ માનું છું.

*

સંસારમાં અત્યારે ભયંકર ગડમથલ ચાલી રહી છે. ભારતને માથે હજી વિપત્તિના ભણકારા વાગી જ રહ્યા છે. હૈદરાબાદની પરિસ્થિતિ આતંક ફેલાવશે એમ લાગે છે. કાશ્મીરનો ઠરાવ કરીને સમિતિએ પોતાનો મેલ ખુલ્લો પાડ્યો છે. પણ ભારતનું ભાગ્ય ઘણું પ્રબલ છે એટલે એ ક્રૂર નીતિને વશ થાય તેમ કદી નહી બને. વચ્ચે અશાંતિ ઊભી થશે એટલું જ છે. પણ તે તો નવનિર્માણને માટે જરૂરી છે. ભારતની બહાર પણ સંસારમાં હોળી જ ચાલી રહી છે. સ્વાર્થ ને સત્તા પોતાનું નાટક ભજવી રહ્યાં છે. રશિયા ને અમેરિકા બંને સામ્રાજ્યલાલચુ છે એમાં તો હવે કોઈનેય સંદેહ રહ્યો નથી. ભાવિ જગતમાં આધ્યાત્મિક પરિપૂર્ણ શક્તિવાળા

વ્યક્તિત્વ વિના કોઈ પણ પ્રકારનું નક્કર નવનિર્માણ શક્ય નથી, એ ચોક્કસ છે. ને સમય પર તેનું કાર્ય ભારતમાંથી જ શરૂ થશે. ઈશ્વરની એ ઘટના કે સંકલ્પમાળાને કોઈ આંચ આવે તેમ નથી.

માતાજી લગભગ આ માસને અંતે અહીંથી જશે. કોઈ સારો સાથ મળે એટલે તેમને મોકલાવી દઈશ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૬ : સાચું સુખ

સરોડા
તા. ૫ સપ્ટે. ૧૯૪૮

પ્રિય નારાયણ,

પત્ર આજે મળ્યો. આનંદ થયો. લાંબા વખતથી લથડી પડેલી તબિયત હવે ઠેકાણા પર આવશે એમ જાણી આનંદ વધુ થાય છે. બસ, તાવ જાય એટલે થયું. અશક્તિ તો લાંબા વખતની માંદગીને લીધે જરૂર રહે જ. પણ હવે ખૂબ સારી સંભાળ લેવાથી શક્તિ આવવા માંડશે. આ માટે સારાં હવાપાણી, પથ્ય ને સાત્વિક તેમ જ શુદ્ધ ખોરાક ને કુદરતી વાતાવરણ તેમ જ તે બધાંની સાથે દિલને શાંતિ ને આનંદ આપે તેવા સરસ સહવાસની અત્યંત જરૂર છે. સહવાસ સારો હોય તો મન ખૂબ પ્રફુલ્લિત રહે ને ખાનપાનની શુદ્ધિ શરીરમાં જોમ ભરે, એ દૃષ્ટિએ બંને વસ્તુ મહત્વની છે. આ માટે બ્રહ્મપુરી જેવા સ્થળે કંઈક સમય રહેવાનો વિચાર થાય તો તે ખૂબ સુંદર ને આવકારદાયક છે. પહેલાં શરીર, પછી કામ. શરીર હશે તો બધું જ થઈ રહેશે. ને ઈશ્વર ખૂબ દયાળુ છે. તેની પરમ દયા આપણાથી હરેક પ્રસંગે ને તરત સમજી શકાતી નથી. તેની દયાથી સૌ સારાં વાનાં થશે. આજે આર્થિક રીતે તમારે ખૂબ સહેવું પડ્યું હશે, પરંતુ ઈશ્વરને વરસાવવું હશે તો તે ન જાણે કેવી બારી ખોલી નાખશે ને અર્થ કે સુખની વૃષ્ટિ પણ કરશે. જે સત્યશીલ છે, પવિત્ર છે, ને ઉદાત્ત વર્તન ને ધ્યેયવાળા છે, તેમને જગતમાં કદી કષ્ટ હોતું નથી. ને કોઈ કર્મ કે સંસ્કારવિશેષના યોગથી બાહ્ય રીતે કંઈ કષ્ટ પડતું પણ લાગે તો પણ અંત તેનો સુખદ જ હોય છે, ને સત્યશીલ પુરુષો પોતાનાં સત્ય, પ્રેમ, પવિત્રતા ને વિચાર દ્વારા સુખશાંતિ સદા મેળવતા હોઈ તેવે પ્રસંગે પણ ઈશ્વરમાં જોડાઈ રહેલું તેમનું ચિત્ત સુખ જ અનુભવે છે. આ જ સાચું સુખ છે.

બેન સરસ્વતીના લખાણ પરથી જાણવા મળે છે કે અત્યારે પિતાજી પણ ત્યાં જ છે. તેમને મારો ખૂબ ખૂબ પ્રેમ જરૂર પહોંચાડજે. તેમનું સુદૃઢ શરીર, ઉન્નત ભાલ ને દયાભર્યું મુખ મારી આંખ સામે તરે છે. ખરેખર તે એક યોગ્ય પિતા છે. બ્રહ્મપુરીના આ વખતના સંસર્ગમાં તેમની વધારે નજીક આવી શકાયું. તેમનો પ્રેમ કેટલો અપાર ને તેમનું હૃદય કેટલું વિશાળ છે ! તેમના ઘણાખરા શબ્દો મને ખૂબ યાદ આવે છે. તેમને અત્યારે કંઈક માનસિક દુ:ખ હશે. પણ મારું તેમને આશ્વાસન છે કે જે અગ્નિપરીક્ષામાંથી તમે બધાં છેલ્લાં થોડાં વરસોથી પસાર થઈ રહ્યા છો તેમાંથી તમે જરૂર અણુશુદ્ધ પાર ઉતરશો ને ઈશ્વર હંમેશ માટે તમારું કૌટુંબિક મંગલ કરશે. માતાજી પણ કેવાં પ્રેમાળ છે ! તેમને પણ દેશમાં મારો પ્રેમ પહોંચાડશો.

ઘણા સમયથી પથારીમાં પડ્યા રહેવું પડ્યું એટલે હવે તો કંટાળો આવ્યો હશે. શું થાય ? ઈશ્વરની લીલા અપાર છે. પણ દરેક વસ્તુમાં કંઈ ને કંઈ મંગલ રહસ્ય રહેલું હોય છે એમ માની શાંતિ મેળવવી. સમય ના જાય તો પથારીમાં પ્રભુસ્મરણ કરતા રહેવું. એથી ચિત્તને શાંતિ મળે છે. ઈશ્વર જેવો આધાર બીજો કોઈ નથી. જે તેને પકડે છે તેને કદી કષ્ટ નથી. જે તેના નામમાં ને પ્રેમમાં તરબોળ કે મસ્ત થઈ ગયા તે સદા માટે ધન્ય થયા, ને પ્રત્યેક પરિસ્થિતિમાં તેના રહીને આનંદી જ રહ્યા એ પ્રસિદ્ધ જ છે. તુકારામનો ગૃહક્લેશ છતાં તેમાં સતત ચાલતી તેની ભક્તિની ભાગીરથી ધારા; હરિશ્ચંદ્રની અનંત કષ્ટ વચ્ચે વહેતી

સત્યની અપૂર્વ નિષ્ઠા; ને ભગવાન રામકૃષ્ણદેવની અંતિમ રૂગ્ણ અવસ્થામાં પણ પરોપકારને માટે ચાલતી ઉપદેશની અનંત વાગ્ધારા, આ બધાં તેનાં અમર ઉદાહરણ છે. આ જ જગતની એક માત્ર આધ્યાત્મિક પુંજી છે, જેમાંથી અનેક શ્રદ્ધાસંપન્ન ભક્ત જીવો પોતાની પ્યાસ શમાવે છે ને જીવનમાં શ્રદ્ધા, વિશ્વાસ, અડગતા બધું મેળવે છે. ખરેખર, કોઈપણ દશામાં સત્ય ને આદર્શ તેમ જ ઈશ્વરનિષ્ઠા ના જવી એ ઉત્તમ જીવનનું રહસ્ય છે.

આજની દુનિયા યંત્રવાદી છે. બહારની વસ્તુને વધારે પૂજનારી છે. સત્ય, ઈશ્વર ને આદર્શની તે એટલી પૂજક નથી. માનવતાથી તે દૂર ને દૂર જતી ચાલે છે. આને પરિણામે શું થાય છે તે આપણે બધાં જોઈએ જ છીએ. પરસ્પર વિદ્વેષ, સત્તાલોલુપતા, વૈભવ ને ભોગની ભૂખ ને વિષયવૃત્તિની અદમ્યતા; યુદ્ધ, અસત્ય, ઉત્પાત આ બધાં તેનાં પરિણામ છે. આવા જગતમાં પ્રકૃતિ પણ વિપરીત બને જ ને ? પરિણામે વૃષ્ટિના અભાવ, અસહ્ય તાપ, એવું એવું આપણે જોઈએ છીએ. સંસારના આજના અનેક જટિલ પ્રશ્નો-લગભગ બધાય-આ જ કારણથી ઉદભવ્યા છે ને વધ્યા છે કે માનવ માનવતાથી દૂર ને દૂર જતો થયો છે, આસુરી સંપત્તિ વધી છે, જડની પૂજા વધી છે, ને માનવ કોણ, શા માટે ને ક્યાં એ વાત વિસરાઈ ગઈ છે. બાકી તો જે સંહાર આપણે જોયા છે તેથીયે ભયંકર સંહાર હજી શેષ છે. કેમ કે કર્મના ફળ મળે જ છે. માણસ જે કરશે તેવું જ તેને મળશે. કુદરતી જીવન, સત્યમય ને પવિત્ર પરોપકારી જીવન એ જ ઉપાય છે, ને ઈશ્વરી પ્રકાશમાં પગલાં ભરવાં એ જ માર્ગ છે. દુનિયા જેટલું વહેલું આ સમજી લે તેટલું સારું છે. તે વિના સંસારમાં શાંતિ નથી. ને શાંતિ, સમૃદ્ધિ તથા સુખના જે યુગમાં આપણને ઈશ્વર લઈ જવા માગે છે તે યુગ આવો જ છે. તેમાં હરેક મનુષ્યે સત્વપ્રધાન થવું જ પડશે. અલબત્ત, તેમાં જડની ઉપેક્ષા નહિ હોય, પણ જડની પાછળ માણસ જડ ના બની જાય તે જોવાશે. જડની માણસ ઉપાસના ન કરે, પરંતુ ઈશ્વરને જ ઉપાસે, ને જડનો પોતાના મંગલ માટે ઉપયોગ કરે.

માતાજી કુશળ છે. તે તમને બધાંને કેમ ભૂલે ? રોજ યાદ કરે છે. તેમનો પ્રેમ તો તું જાણે છે. તા. ૨૫ થી મેં અહીં ૯ દિનના ઉપવાસ કરેલા જે તમને કોઈએ લખ્યું નથી. ને તે પૂર્ણ થતાં થોડા દિન ભારે ચિંતામાં ગાળી. કંઈક વાંધો આવતાં તે ઉપવાસ ફરી ઊભા થયા, ને આજે બરાબર છેલ્લા ૩૧ દિવસથી સતત ઉપવાસમાં છું. આ દિવસો દરમ્યાન અન્નાદિ લીધું નથી એટલે શરીર પર અસર થઈ છે. છતાં દશા ચિંતાજનક નથી. ઈશ્વર જેનો પ્રેરક ને રક્ષક છે તેને કદીયે શી ચિંતા ? હજી આ ઉપવાસ કેટલા ચાલશે તે ઈશ્વર જ જાણે છે. પણ જલદી તેનો નિકાલ 'મા' લાવી દેશે એવી શ્રદ્ધા છે. આ વખતે નિશ્ચિત પ્રાપ્તિ પછી જ ઉઠવાનો મારો નિરધાર છે, ને 'મા' તે કૃપા કરી પૂર્ણ કરશે જ એ શ્રદ્ધા છે. તેની દયા વિના આવાં કાર્ય થતાં નથી કે આવાં વ્રત થતાં ને ટકતાં નથી. જે કષ્ટ, ચિંતા, વેદના હું વેઠી રહ્યો છું ને ભૂતમાં મેં વેઠ્યાં છે, તેની કલ્પના કોઈને આવી શકે તેમ નથી. સાધારણ માણસનું ત્યાં ગજું નથી. ઈશ્વરની કૃપા છે. ને મારી પોતાની પરિપૂર્ણ શાંતિ ને પૂર્ણતા જ નહિ, પરંતુ પરિપીડિત સંસાર ને માનવતાના મંગલ ને પરમ કલ્યાણને માટે જ હું આ બધું કરી ને વેઠી રહ્યો છું. સંસારને કંઈક કામ આવવાની, ને વિરાટ રીતે કામ આવવાની મારી ઈચ્છા છે. 'મા'ની કૃપાથી આજે હું તપું છું, ને તપીશ કે વેઠીશ, પરંતુ ભાવિમાં તેનાં ફલથી સંસાર આનંદ કરશે એ નક્કી છે, કેમ કે એ મારી વર્ષોની નેમ છે. આ તો મેં તને પણ આટલા લાંબા કાળે એટલા માટે જણાવ્યું કે

ખૂબ પ્રેમ ને ઈચ્છા હોવા છતાં કેવા સંજોગોમાં હું ત્યાં આવી શક્યો નથી ને અહીં જ ટક્યો છું. વ્રતમાંથી ઊઠ્યા પછી પણ શરીર ખૂબ સંભાળવું ને સુધારવું રહેશે તેથી (ને બીજે સ્થળે આવા સરસ ગ્રામજીવનનો અભાવ હોવાથી) ઓછામાં ઓછા ૧૦-૧૫ દિવસ તો અહીં રહેવું જ પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૭ : કાર્યનું મહત્વ

સરોડા

તા. ૨૩ ઓકટો. ૧૯૪૮

પ્રિય નારાયણ,

તા. ૨૦ નો પત્ર મળ્યો. તે પહેલાંનો પત્ર તા. ૧૦ નો મને હજી મળ્યો જ નથી. તબિયત હવે સુધારા પર છે તે જાણી આનંદ થયો છે. મારા વ્રત સંબંધી ઘણું ઘણું કહેવાનું છે પણ તે આવા પત્રમાં લખવું શક્ય નથી. મૌખિક રીતે જ તે વિશે વાત થઈ શકે. હાલ તો એટલું જ લખીશ કે ૩૮ દિવસ પછી મારા ઉપવાસ પૂરા થયા છે - બરાબર ૧૧ સપ્ટે. ને દિવસે. ઉપવાસ છૂટ્યા છે પણ કાર્ય શેષ રહે છે તેથી પ્રયાસ રાત-દિન ચાલુ જ છે ને થોડો સમય રાહ જોઈ જરૂર પડતાં મારે ફરી ઉપવાસ કરવા પડે તો તે પણ કરવાની મારી ઈચ્છા ને તૈયારી છે. કેમ કે ચાલુ કરેલું કાર્ય હવે વધારે વાર લંબાવવાની જરીય ઈચ્છા નથી. આ કાર્ય ખૂબ મહાન ને વિરાટ છે. પણ તેનો મહત્વનો ભાગ મેં પૂર્ણ કર્યો છે. હવે છેલ્લું જ અંગ શેષ રહે છે. આ અતિમહત્વનું હોઈ આવી પૂર્તિ માટે ઘણો સમય મારે વેઠવું પડયું છે ને મંથન લઈને ફરવું થયું છે. પણ તે ઈશ્વરની જ ઈચ્છા છે એટલે પરિપૂર્ણ થશે જ એમાં સંદેહ નથી. ને વહેલામાં વહેલા તેને પૂર્ણ કરી લેવાનો મારો મક્કમ નિરધાર છે.

શરીર અશક્ત ઘણું થયું છે. પણ કાર્યનું જે મહત્વ છે તેની પાસે તે વસ્તુ એટલી મહત્વની નથી. હવે આ સ્થળે પણ ખૂબ દિવસ થયા એટલે સ્થાનાંતરની ઈચ્છા ખુબ રહે છે. આમ તો રહેવાનાં સ્થળ ઘણાં છે પણ આજની અવસ્થામાં એવું સ્થળ જોઈએ જે મારે નજીકમાં ફરી ઉપવાસ કરવા પડે તો તે માટે અનુકૂળ હોય. હા, હજી એકાદ-દોઢ માસ અહીં જ જેમતેમ ચલાવવું હોય તો ચલાવી શકું. નહિ તો બીજો વિકલ્પ દેવપ્રયાગ ૧॥-૧ માસ માટે રહેવા જવાનો છે. ને તે માટે હું વિચારણા ચલાવું છું. જેમ થાય તેમ ખરું.

ઉપવાસ દરમ્યાન દુર્બળતા ઘણી જ થઈ ગઈ છે. પણ ઈશ્વરની દયાથી કંઈ ખાસ જણાયું નથી. માતાજી પણ કુશળ છે. તમે બ્રહ્મપુરી જવા વિચાર્યું તે ખૂબ સારું છે. ગામડાનાં હવા-પાણીથી ઘણો જ ફાયદો થઈ શકશે. આટલે નજીકથી જતા હોવાથી સ્વાભાવિક રીતે મળવાનું મન થાય. જો અનુકૂળતા થાય તો જરુર આવવાનું રાખવા વિનંતી છે. પિતાજીને પણ સાથે લાવશો. થોડો વખત અહીં મારી સાથે રહેશો તોય તબિયત સુધરશે.

નિઝામ-હૈદ્રાબાદની મહત્વની સમસ્યા તો આજે મોટેભાગે ઉકલી ગઈ છે. એટલું સારું થયું. ઈશ્વરનું સઘળું સહેતુક તથા મંગલ જ હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૬૮ : વ્યવહારિક પરિસ્થિતિ

સરોડા.
તા. ૩ ડીસે. ૧૯૪૮

પ્રિય નારાયણ,

તારો પત્ર મળ્યો છે. ડોશીમાના મરણ બાદ થોડીક વ્યાવહારિક મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું. તેથી તરત પત્ર લખી શક્યો નથી. આજે બેન તારા અહીંથી અમદાવાદ ગઈ છે. અમારે પણ આજે જ નીકળવા વિચાર હતો. પરંતુ બે દિવસ પર રાજકોટથી મનુભાઈનો પત્ર છે. ને તેમાં લખ્યા પ્રમાણે આજે કે કાલે તે અહીં આવવાના છે. અહીં તે વધુમાં વધુ ૩ કે ૪ દિવસ રહેશે. એટલે અમે સાથે સાથે જ અમદાવાદ જઈશું. ને સાબરમતી રોકાવું પડશે તો ૭-૮ દિન રોકાઈ પછી માતાજી સાથે ઈશ્વરેચ્છા હશે તો હું મુંબઈ આવીશ. હવે માતાજીનાં પણ બધાં સાંસારિક બંધન તૂટી ગયાં છે. એટલે તે મારી સાથે જ રહેશે. તેમનાથી દેવપ્રયાગની ઠંડી અત્યારે સહન થાય નહીં. તે માટે શિયાળો આ બાજુ જ પસાર કરવા વિચાર છે. છતાં નક્કી વિચાર મુંબઈ આવ્યા બાદ કરીશું. દેવપ્રયાગવાળા ભાઈ રામદાસ ત્યાં આવે તો કહેશો કે હમણાં દેવપ્રયાગ જવા તે ઉતાવળ ના કરે. હું મુંબઈ આવું ત્યાં લગી તે ત્યાં જ રહે ને રોજ રામચરિતમાનસનો પાઠ કરે.

☼ ☼ ☼ ☼ ☼

**પત્ર ૬૯ : એ સાંજ !**

મદ્રાસ

તા. ૧ જાન્યુ. ૧૯૪૯

પ્રિય નારાયણ,

તા. ૨૭નો પત્ર મળ્યો છે. આનંદ થયો. પત્રની રાહ જ જોતો હતો. ઉપરાંત ભાઈ વિઠ્ઠલ પણ કાંઈક લખે તેવી ઈચ્છા હતી. એ ઈચ્છા પૂર્ણ કરતા અક્ષરો આજે જોયા. તેથી આનંદમાં વધારો થયો છે.

અમારો અહીંનો નિવાસ હજી થોડા દિવસ લંબાશે એમ લાગે છે, વસંતપંચમી તો અહીં જશે જ એ નક્કી છે. પણ તે પછીયે થોડા દિવસ અહીં રહેવાનું થાય તેવો સંભવ છે. પત્ર અહીં જ લખવો.

આવતી કાલે તો ગાંધીજીની સંવત્સરી છે. એક સાંજ એવી હતી જ્યારે ભારત ને વિશ્વના એ મહાપુરુષને એક ઉદ્ધત આદમીની ગોળીના ભોગ બનવું પડ્યું. આ જ દેશના એક સ્વાર્થસાધુ ને સંકુચિત દૃષ્ટિના માનવે તેમના દેહને દૂર કરી દીધો. કેવી આકસ્મિક ને કરુણ હતી એ સાંજ ! એ સાંજ તે મહાપુરુષને જે મૃત્યુ મળ્યું તે ખરેખર અતિ કરુણ હતું. આપણાં દિલ તે સાંભળીને ઘવાયા. અને આપણી આંખનાં આંસુ પણ છૂટી પડ્યાં. કેવો માણસ ને કેવું મૃત્યું ?

ખરાબને ખરાબ કહી દે, ને કરાલને વિકરાળ કહેતાં જરાય અચકાય નહિ, એવા પુરુષો પણ આ મૃત્યુ પ્રસંગથી હાલી ઊઠ્યા. ને આ મૃત્યુને તેમણે મંગલ જોયું. ને તેનાં ગુણગાન કર્યાં. સોક્રેટિસ, ઈશુ ને ભગવાન કૃષ્ણની સાથે આ મૃત્યુને સરખાવીને આપણામાંના કેટલાયે તેને શોભા માની, ને કહ્યું કે આવું મૃત્યું કોઈકનું જ હોય. ને ગાંધીજીને માટે તો આ મૃત્યુ મંદિરના ઘુમ્મટ પરના સુવર્ણ કળશ જેવું થઈ ગયું. મૃત્યુ ગાંધીજીના જીવન જેવું જ મહાન બની ગયું.

મનુષ્યનો આ સ્વભાવ જ છે. પોતે જેને પ્રિય માને છે, તેનાં મૂલ્યાંકન કરવા બેસે, ત્યારે તે તેની મહત્તાને ગમે તેવા પ્રસંગોમાંથીયે આગળ કરવાનું નહિ ચૂકવાનો. આ વ્યક્તિ પૂજાની વાત છે. ને તે માનવસ્વભાવમાં રહેલી ખૂબી છે. આવી બાબતોમાં ઉલટો અભિપ્રાય કેટલીયે વાર આપે એવા નેહરુ ને સરદારે પણ આ પ્રસંગ વિશે આવું જ કહ્યું છે, ને વ્યક્તિપૂજાના પ્રભાવે દબાઈને આવા મૃત્યુને તેમણે મહાન ને બિલકુલ છાજે તેવું ગણ્યું છે.

પણ આ બધા પ્રવાહમાં વહેનાર વ્યક્તિ છે. આપણે તેથી બહાર છીએ. ને બહાર રહીને હું જ્યારે ગાંધીજીના મૃત્યુ વિશે વિચાર કરું છું ત્યારે મારો અભિપ્રાય જુદો પડે છે. ગાંધીજીની માનસિક ભૂમિકા એવી અનાસક્ત હતી કે કોઈયે સ્થિતિનું મૃત્યુ તેમના મનને મારી શક્યું ના હોત, તેમ જ તેમના પવિત્ર મુખમાંથી રામનામને દૂર કરી કે ભૂલવી દેવા શક્ત ના બનત. આ બરાબર છે. પણ જ્યારે ગાંધીજીના વ્યક્તિત્વનો વિચાર કરું છું, તેમની મહાનતા ને મહત્તાને સંભારું છું, ત્યારે તેમની પ્રત્યેના અપાર ને ઊંડા પ્રેમને લીધે, લાગ્યા વિના રહેતું નથી કે તેમને આવું મૃત્યુ બરાબર ન હતું. એકાદ પટુ ને રાગદ્વેષભર્યા રાજનીતિજ્ઞનું આવું મૃત્યુ થાત (ને તેવાં ખૂન અનેક થાય છે.) તો ઠીક કહેવાત. પણ ગાંધીજી.....તેમને માટે આવું મૃત્યુ બંધબેસતું, મંગલ ને જીવનને ઉજ્જવલ કરનારું માની લેવામાં મને તો લાગે છે કે ગાંધીજીની મહત્તાને ભૂલી

જવામાં આવે છે. પણ કર્મ ને સંજોગ જીવનના ધ્રુવ નિયમો છે, ને તે છોડી શકાતા નથી જ. તે મંગલ જ હોઈ શકે એ હમેશાં બનતું નથી. મૃત્યુએ તેમને ન્યાય કર્યો છે એમ માની શકાતું નથી જ.

ઈશુ ને સોક્રેટિસ તેમ જ કૃષ્ણના મૃત્યુના પ્રસંગમાં ને ગાંધીજીના પ્રસંગમાં મૌલિક ફેર રહેલો છે. બાહ્ય રીતે આ ફેર જણાવો મુશ્કેલ છે. પણ ઝીણવટથી જોતાં નજરે પડ્યા વિના રહેતો નથી. તે કહું છું. ઈશુ ને સોક્રેટિસ જેવાને પોતાના મૃત્યુ વિશેની ખબર હતી. સમાજે કે રાજસત્તાએ તેમને મૃત્યુ પાસે પહોંચાડવાની ક્રૂરતા દર્શાવી હતી. તે છૂટવા ધારત તો છૂટી શકત કે કેમ એ પ્રશ્ન તેમને માટે રહી શકે છે. અલબત્ત, મૃત્યુ અવશ્યં-ભાવિ છે, પણ તે પહેલાં તેને અન્યથા કરવા જે થઈ શકે તેવા પ્રયાસો કરવાની આ મહાપુરુષોને તક હતી. તેમણે તેનો ઉપયોગ કર્યો નથી. કેમ કે જીવન-મરણ તેમને બરાબર હતાં. આ રીતે તેમણે મરણને સ્વેચ્છાએ સ્વીકાર્યું છે, એટલે કે દેહનું બલિદાન આપ્યું છે. જ્યારે ગાંધીજીનું તેવું નથી. ગાંધીજીનું મૃત્યુ એક અકસ્માત છે ને ખૂનની શ્રેણીમાં (કેવલ એક વ્યક્તિની ઈચ્છાથી અજાણમાં થયેલા ખૂનની શ્રેણીમાં) આવી જાય છે. ને તેથી જ મારું હૃદય રોઈ ઊઠે છે ને કહે છે કે ના, ગાંધીજીને માટે આવા મૃત્યુ કરતાં વધારે ઉજ્જવલ મૃત્યુ હોઈ શકત. તેમના સિદ્ધાંત પ્રમાણે યુદ્ધનો વિરોધ કરવા પોતાના દેહને ગોળીથી વીંધાવી દેવામાં કે એકતા માટેના ઉપવાસમાં અથવા વધારે સારી તો જીવનનું કાર્ય કરી નિવૃત્ત થયેલા એક મહાપુરુષની જેમ આગળથી જાણ્યે અજાણ્યે પણ, શાંતિથી શ્વાસ છોડી દેવામાં, તેમનું મૃત્યુ વધારે યશસ્વી બની રહેત એમાં સંદેહ નથી. આ મૃત્યુ યાદ કરવું ગમે તેવું નથી. પેલું મૃત્યુ યાદ કરવું, ગાવું ને ગવરાવવું ગમત.

પણ......એ વાત આટલે જ મૂકી દઈએ. વિધિ પોતાનું કામ કર્યે જાય છે. કાલે તો મૃત્યુના એ દિવસને એક વર્ષ થશે. એક વર્ષ ? હા, એક વર્ષ ! વર્ષ ઘણું ઝડપથી ચાલ્યું ગયું છે, ને તે દરમ્યાન ભારત તેમ જ જગતે કેટલુંય નવું નવું જોયું છે. હરેક વખતે આપણા હજી હમણાં જ આઝાદ બનેલા દેશને તે મહાન આત્માની ખોટ સાલી છે. સારે નસીબે આજે દેશનું સુકાન જેના હાથમાં છે તે ઘણા જ નિઃસ્વાર્થ ને સેવાભાવી ને વજ્જર છાતીના મહાપુરુષો છે. તે છે ને દોરે છે ત્યાં લગી દેશને ભય નથી. મુશ્કેલીઓ છે પણ તેમનો માર્ગ તે કરશે એ નક્કી છે. ગાંધીજીને તે બરાબર સમજેલા છે. ને પોતાના વિરાટ અનુભવથી તેમણે એ શક્તિ મેળવી છે જે દેશને કોઈ પણ સંજોગોમાં ઉજ્જવલ કરવામાં સહાયભૂત બની રહેશે. નહેરૂ ને સરદાર બે ભારતના હૃદય ને મન છે, ને તેમના હાથમાં દેશ બિલકુલ સલામત છે. આ બે પુરુષો એવા છે જે જીવશે ત્યાં સુધી દેશને માટે જીવશે, ને આખો દેશ ભૂલશે તોય દેશને માટે શ્રેયસ્કર શું છે તે નહિ ભૂલે.

પણ મારે બીજી વાત કરવાની છે. તે એ કે જે આદર્શો લઈને ગાંધીજી આપણી પાસે આવ્યા હતા, ને જે આદર્શોના સૂત્રધારરૂપે ઈશ્વરે તેમને મોકલ્યા હતા તે આદર્શ હજી પૂરા થયા નથી. જે કાર્યક્રમ તે આદર્શોને પહોંચી વળવા ગાંધીજીએ આપણી સામે મૂક્યો હતો, તે પણ આપણે વ્યાપક રીતે હજી ખીલવી શક્યા નથી. ગાંધીજીની ઈચ્છા રામરાજ્યની હતી. રામરાજ્ય એટલે સુખ, સમૃદ્ધિ ને શાંતિ તેમ જ એકતાનું રાજ. આ કરવાનું આપણે હજી શેષ રહે છે. ને દુનિયાએ પણ તે આદર્શ પર પહોંચવા ઘણું ઘણું કરવાનું બાકી છે. એકલા રાજપુરુષો, નેતાઓ કે પ્રજાના પ્રતિનિધિઓથી આ થવાનું નથી. પ્રત્યેક પુરુષ ને સ્ત્રીની જવાબદારી છે. ને સર્વના પ્રયાસો પર આ આદર્શની પરિપૂર્ણતાનો આધાર રહે છે. આ એક ઈશ્વરનિર્મિત વસ્તુ છે, ને તે

થવાની જ છે એ નક્કી છે. પણ હરેકે તેમાં સેતુબંધ વખતની ખીસકોલીનું કે તેથી વધારે ગજા પ્રમાણેનું કામ કરવું પડશે. આપણા જીવનમાં આ માટે ગાંધીજીના સિદ્ધાંતોને જાણી લેવાની જરૂર છે. તે મહાપુરુષના રચનાત્મક કાર્યક્રમના અંગમાંથી બને તેટલાંને જીવનમાં ઉતારવાની જરૂર છે. ને તેમની પાછળ સેવાની એક ભાવનાથી લાગવાની જરૂર છે. આ જ રીતે તેમના પ્રત્યેક ઋણ આપણે અદા કરી શકીએ, ને તેમના પ્રશંસક બનીએ. તે વખતની સંવત્સરીની ઉજવણી ઓર હશે, કેમ કે તે જીવનનું એક અવિભાજ્ય અંગ હશે. તેમાં પ્રાણ હશે, ઉમળકો હશે, આદર્શ હશે, સાચી પૂજા હશે. તે કેવલ આજના રામનવમી કે જન્માષ્ટમી જેવો આનંદનો જડ દિવસ જ નહીં બની રહે.

ભાઈ, ગાંધીજીનું જીવન એક દિશાસૂચન છે. જેમનામાં માનસિક, શારીરિક, નૈતિક કે આત્મિક કોઈયે શક્તિ છે, તેમને ગાંધીજી જનતા જનાર્દનની વ્યાપક સેવા કરવાનો રાહ બતાવે છે. દેશ ને વિશ્વને માટે પોતાની જાતની કુરબાની કરી દેવા ચાહનારને ગાંધીજી માર્ગ ચીંધે છે. જેનામાં વિશેષ શક્તિ છે તેમણે કયે માર્ગે ચાલવાની ને શું કરવાની જરૂર છે તે ગાંધીજી પોતાના મહાન જીવન દ્વારા બતાવી જાય છે. ખરેખર, સેવા એ જ જીવનનો ઉજ્જવલ ઉપયોગ છે.

આપણી આકાંક્ષાઓ અપાર છે. ને જીવનને બીજાના કલ્યાણમાં લગાવી દેવાની નેમ છે. મારા હૃદયમાં એક ઈશ્વર ને તેના વિરાટ પ્રતીકરૂપ જગત એ બેની સેવાનો ઉમંગ છે. ઈશ્વરનો આશીર્વાદ, તેની શક્તિ ને તેનો સાથ મેળવીને શેષ જીવનને સેવાના માર્ગ પર લગાડી દેવાનો મારો મનોરથ છે. કેમ કે તે વિના બધું ધૂળ છે. માટે હું ગાંધીજીને વારંવાર યાદ કરું છું, આદરથી વિચારું છું, ને માનું છું કે તેમનો માર્ગ એક આવશ્યક માર્ગ છે. આ દિવસે ઈશ્વરને શક્તિ ને યોગ્યતાની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરતાં કરતાં આ પત્ર બંધ કરું છું.

જીવનાં વિકાર, વાસના, ક્ષુદ્ર દુર્ગુણો જીતજો. ઈશ્વરને માર્ગે ચાલજો. દીન, દુઃખી, દરિદ્ર ને સમસ્ત સૃષ્ટિને માટે કંઈક કરવાનું વ્રત લેજો. કંઈક પણ કરજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૦ : પ્રેમસંગીત

દેવપ્રયાગ

તા. ૨૭ જુન, ૧૯૪૯

પ્રિય નારાયણ,

પ્રેમપત્ર મળ્યો છે. આનંદ થયો.

આ એકાંત પ્રદેશમાં રહીને મારું કાર્ય ઈશ્વરકૃપાથી ચાલ્યા કરે છે. ઘણાં વરસોથી હું એકાંતનું કષ્ટ ને સાધનાત્મક ચિંતા વેઠી રહ્યો છું. તેનો સુખદ અંત હવે તદ્દન નજીકના ભાવિમાં આવી જશે એમ લાગે છે. ઈશ્વરની દયા પાસે કશું જ અસંભવ નથી. તેને દ્વારે પોકાર કરે છે તેને તે જરૂર સાંભળે છે, ને સમય પર પૂરી રીતે સંતોષ પણ આપે છે.

હમણાં હમણાં અહીં આવ્યા બાદ મેં શ્રેષ્ઠ ને સારાં ગણાતાં દસ ઉપનિષદનું ગુજરાતી કાવ્યમાં ભાષાંતર કર્યું છે. ભાષાંતર ઘણું સરલ, સ્પષ્ટ ને સુંદર થયું છે. બરાબર એક મહિનો લાગ્યો. મૂળ સંસ્કૃતમાંથી વિચાર ને ચિંતનના એ પ્રવાહને સરલ ગુજરાતી-ને તે પણ ગુજરાતી કાવ્યમાં ઉતારવાનું કામ ખુબ અઘરૂં છે. તેમાં કેવલ સંસ્કૃત પ્રત્યેનો પ્રેમ જ નહિ, પરંતુ ઊંચી અનુભૂતિ પણ જોઈએ છે. ઈશ્વરની આકસ્મિક પ્રેરણાથી તે કાર્ય શરૂ થયું, ને પૂરું પણ થઈ ચૂક્યું છે. ત્યાર બાદ હમણાં હમણાં 'પ્રેમ સંગીત' નામે લગભગ ૨૫૦ પંક્તિનો એક બીજો કાવ્યસંગ્રહ લખાયો છે. તેમાં 'મા' ના પ્રેમ ને મહિમાની સ્તુતિ છે. હવે પછી આ સંગ્રહને ગદ્યમાં લખવા વિચાર છે.

દેશની સ્થિતિ અત્યારે અશાંત છે. ભાવિમાં હજી અવ્યવસ્થા વધશે એમ લાગે છે. કારણ કે દેશમાં પ્રતિસ્પર્ધી ને વિઘાતક બળો ખૂબ વધી પડયાં છે. સ્વાર્થ, લાલસા ને અધિકારની પાછળ સેવાની ભાવના છૂપાઈ ગઈ છે. છતાં બધીયે અશાંતિ કે અવ્યવસ્થા પર કાબુ મેળવીને આ મહાન દેશ નજીકના ભાવિમાં ફરી એક વાર સુખી, ઉન્નત ને મહાન થશે, ને જગતના સર્વ દેશોનું પ્રેરણાસ્થાન ને આધ્યાત્મિક ગુરુ બનશે, એ ધ્રુવ વાત છે. ભારતનો ઉદય સૂર્ય ઊગી ચૂકયો છે. તેનો પ્રકાશ વધારે ને વધારે તીવ્ર બનશે એ નક્કી છે.

આપણા જીવનમાંથી સત્ય, પ્રેમ, દયા, પરોપકારિતા જતાં રહ્યાં છે. તેને બદલે જૂઠ, કુડકપટ ને સ્વાર્થપરાયણતા વસ્યાં છે. આજે આપણા જીવનનો ઈષ્ટ દેવ ઈશ્વર નથી, ધન છે. ને તેને લીધે આપણું જીવન નૈતિક રીતે અધઃપતિત છે. આવા જીવનમાં ગમે તેટલા વૈભવ છતાં શાંતિ કે વ્યવસ્થા તેમ જ સલામતી હોઈ શકે નહીં. શાંતિ ને સલામતી તો તેના જ જીવનમાં છે જેનો ઉપાસ્ય ઈશ્વર હોય, ને બીજી વસ્તુનો જેમાં જીવનની આવશ્યકતા તરીકે સ્વીકાર હોય. આપણા જીવનને નૈતિક ને આધ્યાત્મિક રીતે જેટલું ઊંચું કરીશું, ઈશ્વરના પ્રકાશે ભરવા જેટલા મથીશું, ટૂંકમાં, સાચા અર્થમાં જેટલા માનવ બનવા મથીશું તેટલાં જ સુખશાંતિ નજીક છે. આ સાચી ફિલસુફીથી આપણે ઘણા દૂર થઈ ગયા છીએ, એટલે આપણે માથે આફતો છે, ને હજી પણ એ આફતો દેશ કે જગત ને વ્યક્તિને માથે વધશે જ એમ લાગે છે.

મારું શરીર સારું છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૧ : ધ્રુવ લક્ષ

સરોડા

તા. ૨૬ નવે. ૧૯૪૯

પ્રિય ભાઈશ્રી,

તમારું એક કાર્ડ મળ્યું. છેલ્લે છેલ્લે દેવપ્રયાગ લખેલું કાર્ડ હજી મળ્યું નથી. ત્યાંથી પાછું ફરીને તે મને અહીં મળી જશે. મનુભાઈ (ચંપકભાઈ) નો પત્ર મને અહીં પહોંચી ગયો છે. અમદાવાદ આવીને પણ મેં તેમને એક પત્ર લખ્યો છે. હજી જવાબ નથી.

ત્યાં સૌ કુશળ હશે. બેન સરસ્વતીની તબિયત હવે કેમ રહે છે ? મનુનું સ્વાસ્થ્ય પણ સારું હશે. શહેરમાં જેમને ખુલ્લી હવા તેમ જ રહેવા માટે નિર્મલ વાતાવરણ મળતું નથી, તેમનું સ્વાસ્થ્ય ઉપર ઉપરથી સારું લાગવા છતાં ખરી રીતે સારું હોતું નથી. એવાં ઘણાં કુટુંબો હોય છે જેમને સૂર્યનાં દર્શન પણ લાંબા કાળ સુધી થતાં નથી. સ્વચ્છ ખાનપાન તો હવે કલ્પનાની જ વસ્તુ થઈ ગઈ છે. તે ઉપરાંત આજનું આપણું જીવન કેટલાક સુવાના ને ઉઠવાના તેમ જ ખાવાના કૃત્રિમ ને અસ્વાભાવિક નિયમો પર ચાલતું હોય છે. કુદરતી સાદું જીવન, સ્વચ્છ ખાનપાન ને હવામાન ભાગ્યે જ આપણને મળે છે. અને આપણા સ્વાસ્થ્યને વિકૃત કરવામાં આ ઓછો ભાગ ભજવતું નથી. ને તેથી જ જોઈએ તો ભારતમાં મૃત્યુ તેમ જ રોગનું પ્રમાણ વધારે દેખાય છે.

ગયા ઓગષ્ટ મહિનામાં મને જે ભયંકર ટાઈફોઈડ થયો તેનું મુખ્ય કારણ હિમાલયમાં મેં વર્ષો સુધી સહન કરેલું ખાનપાનનું કષ્ટ છે. શરૂશરૂમાં જ્યારે હિમાલય જવાનું થયું ત્યારે મેં અયાચક વ્રત લીધું હતું. ઉપરાંત હિમાલયની વસ્તી શ્રદ્ધા ને સક્રિય સેવાની ભાવનાથી રહિત હોવાથી, ઘણા દિવસો મારે છેક ભુખ્યા પણ કાઢવા પડ્યા છે. કાચા ચોખા ફાકીને કેટલાક દિવસ કાઢ્યા હશે ને પાંચ વરસ સુધી દાળ કે શાક તો મેં બનાવ્યું જ નથી. દૂધ ને ઘી તો જોવાનાં જ ક્યાંથી હોય ? આવા ખોરાક સાથે સાધનાના કપરા માર્ગમાં હું લાંબો વખત ઝઝૂમ્યો છું, અનેક સ્થળોમાં જુદાં જુદાં પાણી ને હવા વચ્ચે ફર્યો છું. છતાં પણ લાંબા કાળ સુધી સ્વસ્થ જ રહ્યો છું. તેનું મૂળ કારણ પ્રભુની કૃપા, નિયમિત વ્યાયામ અને આધ્યાત્મિક વિકાસ માટેનો મારો અબાધિત, અદમ્ય ઉત્સાહ ને પુરુષાર્થ છે. છતાં શરીરનો શ્રમ તો શરીરે કરવો જ જોઈએ ને ? શરીરને ટકાવવા ને સુદૃઢ રાખવા જે તત્વ જોઈએ તે જીવનતત્વ (વિટામીન) ખોરાક દ્વારા તેને ના મળતાં ને શ્રમ વધારે પડતાં તે બળવો કરે જ. છેલ્લા ૧॥ જેટલા વરસથી આની સૂચના મળતી'તી ને તેણે જ આ વખતે ભયંકર રૂપ પકડ્યું. ઈશ્વરની કૃપાથી તે ભયંકરતા દૂર થઈ ગઈ છે ને ભયંકરતાના દિવસોમાં પણ મન ઈશ્વરમાં જ અચલ રહ્યું છે એ કાંઈ નાનોસૂનો આનંદ ન હતો.

આપણા જીવનનું ધ્રુવ લક્ષ ઈશ્વરની પ્રાપ્તિ છે. ઈશ્વર એ યોગી પુરુષોના વિકાસમાં જે 'પૂર્ણતા' નો આદર્શ છે, તેનો પર્યાયમાત્ર છે. ઈશ્વરની પાસે પહોંચવાનો અર્થ એવી અવસ્થાએ પહોંચવાનો છે. જ્યાં આપણી શક્તિ, આપણું જ્ઞાન અને આપણો આનંદ તેમજ આપણું અસ્તિત્વ એટલે જીવન પરિપૂર્ણ બની જાય, તે વખતે આપણે સસીમ મટીને અસીમ બની જઈશું, ને પ્રકૃતિ તેમજ ઈન્દ્રિયોની પર આપણું સ્વામીત્વ

આવી જશે. જીવન આપણે માટે રહસ્યવાદ નહીં બને, પણ ઇચ્છા પ્રમાણેનું ક્રીડાસ્થળ બનશે. સાકાર ઉપાસના દ્વારા, પ્રેમના બળથી ઈશ્વરને વ્યક્ત કે મૂર્ત કરીને પણ આપણે આ અવસ્થાની પ્રાપ્તિ કરી શકીશું. તે જ વખતે જીવન કૃતાર્થ થશે. આ પૂર્ણતાની પ્રાપ્તિ એ જ જીવનનો મહાનતમ આદર્શ છે, ને માનવશરીર એ જ આદર્શની પૂર્તિનું સાધન થવું જોઈએ.

આ માટે ગૌણ છતાં મહત્વના ધ્યેય તરીકે આજના જીવનમાં આપણે હૃદયશુદ્ધિ એટલે દૈવી સ્વભાવની પ્રાપ્તિ ને પ્રાર્થના જેવા મહત્વના નિયમોને સ્થાન આપવું જોઈએ. માર્ગ ઘણો મોટો છે. પણ બેસી રહીશું તો કંઈ નહિ વળે. એથી ઊલટું, ખૂબ વિચાર કરીને ને જરાય ભ્રાંતિ વિના, ક્રમે ક્રમે વધવાનું ચાલુ રાખીશું તો ગંતવ્ય સ્થાને એક વાર પહોંચી જઈશું એમાં શંકા નથી. આ દુનિયામાં માનવ માટે કશું જ અસાધ્ય કે અસંભવ નથી. માનવ ધારે તે કરી શકે છે. પ્રકૃતિના હૃદયમાં ઉતરીને, તેના ગુણધર્મને જાણીને, વિજ્ઞાન દ્વારા માણસે કેટકેટલું સિદ્ધ કર્યું છે ? અખંડ પુરુષાર્થ, ઉત્કટ ઈચ્છા ને મહાન ભોગનું એ પરિણામ છે. પણ વિજ્ઞાનની સાધના બાહ્ય જગતમાં કેન્દ્રિત બનેલી છે. તત્વજ્ઞાન કહે છે કે બાહ્ય જગત આંતર જગતનું જ પ્રતિબિંબ છે, ને તેથી આંતર જગત પર કાબુ મેળવો તો બાહ્ય જગત પણ તમારા હાથમાં આવી જશે. આ કાંઈ કલ્પના કે તરંગ નથી. પ્રાચીન ને અર્વાચીનકાળમાં અનેક મહાપુરુષો આ સત્યનું દિગ્દર્શન કરાવનારા થઈ ગયા છે, ને હજીયે છે, ને આજે કે ભાવિમાં પણ જે કોઈ ઈચ્છા કરશે ને પુરુષાર્થ દ્વારા આગળ વધશે, તે આ સત્યનો સાક્ષાત્કાર કરી શકશે. માનવ તુચ્છ પણ બની શકે છે ને વિરાટ પણ થઈ શકે છે. ધન, ધરા ને રમામાં જીવન સમાપ્ત કરીને ચાલ્યા જવું કે તેથી ના અટકતાં ઈશ્વરની પાસે પહોંચવાનું સ્વપ્ન સેવવું ને તેની પાસે પહોંચવું એ માનવની પસંદગીની વાત છે. જીવન ઘણું મહાન છે. તેમાં અનેક શક્યતા ને શક્તિ ભરી છે. ફક્ત જાગૃત થઈને તેનો વિચાર કરવો રહ્યો. ને વિચાર જો ખરેખર સમજપૂર્વકનો ને પુરુષાર્થથી પ્રેરાયેલો હોય તો તે શું નથી કરી શકતો ?

૧૫મી નવેમ્બરે દેવપ્રયાગ છોડ્યું તે દિવસ ભારતીય ઈતિહાસમાં મહત્વનો હતો. મહાત્મા ગાંધીજીનું ખૂન કરનાર ગોડસેનો તે ફાંસી દિન હતો. ફાંસીમાંથી છૂટવા ગવર્નર જનરલ સુધી આરોપીઓના કુટુંબી તરફથી પ્રાર્થના થયેલી. પરંતુ તે માન્ય થઈ નહીં. ભારતમાં જ નહિ, પણ અમેરિકા જેવા દેશમાં પણ આ સજા માટે લોકોને વિચાર ઉઠેલો. નહેરુજીને એક પ્રશ્ન પણ ત્યાં પૂછવામાં આવ્યો હતો, જેના ઉત્તરમાં તેમણે કહેલું કે 'એક સાધારણ માણસના ખૂનીને પણ ફાંસીની સજા આપવામાં આવે છે તો મહાત્મા ગાંધીના ખૂનીને તો તે અપાય જ એમાં બેમત શું હોઈ શકે?

આ પ્રશ્ન જરા વિચારવા જેવો છે. સાધારણ માણસના ખૂનીને ફાંસી અપાય છે એ સાચું છે. પરંતુ મહાત્મા ગાંધીના ખૂનીને ફાંસી આપવી હોય ત્યારે વિચાર કરવો જોઈએ એમ લાગ્યા વિના રહેતું નથી. જો કે ફાંસીની સજા કાયદા દ્વારા મળી છે ને કાયદા દ્વારા તે જ સજા આવે એ દેખીતું છે, વળી ગાંધીજી હોત તો તે કાયદા દ્વારા કામ પણ ચાલવા ના દેત, કેમ કે તે 'અતિ ભલા' હતા. પરંતુ આ પ્રસંગમાં કામ ચાલ્યું એટલે સ્વાભાવિક રીતે જ તેનું પરિણામ સજામાં આવી શકે. પરંતુ તે સજા ફાંસીની જ હોય કે કેમ એ જ મુદ્દો વિચારવા જેવો છે.

ખરી રીતે તો સજા દોષિતને માટે દંડરૂપ હોય છે. પરંતુ ગોડસેને માટે તો ફાંસીની સજા દંડરૂપ નહીં પરંતુ પોતે કરેલા ખૂનના મહાન (?) કામને માટે આપવા પડનારા બલિદાનરૂપ હતી. ગોડસેએ ખૂન કરતાં પહેલાં જ મોતની તૈયારી કરી હતી. ખરી રીતે તો ગાંધીજીને ગોળી માર્યા પછી પોતે ગોળી ખાઈને મરી જવું એ જ તેનો વિચાર હતો. પરંતુ પકડાઈ જવાથી તેમાં તે ફાવી શક્યો નહિ. તે પછી પણ, અદાલતમાં તેણે કરેલા જાહેરનામામાં પોતે સ્વેચ્છાથી ગાંધીજીનું ખૂન કર્યું છે, તેને તે એક ધર્મ કે દેશસેવા માને છે, ને મૃત્યુને ભેટવા તે તૈયાર જ છે, એવું તેણે જાહેર કર્યું હતું. એટલે કાયદા દ્વારા તેને થયેલી સજા એ સજા નહિ, પણ તેના ને તેના સમર્થક કે પ્રશંસકોના મનથી 'બલિદાન' છે. સજા તો ત્યારે હોત જ્યારે તેને તેની ઈચ્છા વિરુદ્ધનો દંડ મળ્યો હોત. આ વિચારથી એમ કહેવું ઠીક લાગે છે કે સરકાર તેને કાયદા દ્વારા કામ ચલાવીને છોડી તો ના જ શકે, તે તો એકલા ગાંધીજી જ કરી શકે, પરંતુ ફાંસીને બદલે પશ્ચાત્તાપના કે બીજા અગ્નિમાં જલતા રહેવા તેને જન્મટીપની કે એવી આકરી સજા કરીને તેને સાચા અર્થમાં સજા કરી શકાઈ હોત.

દુનિયામાં ફાંસીની સજા પર પુનર્વિચારની જરૂર છે કેમ કે તેમાં ખાસ તથ્ય નથી. શરીરના અંતથી માનવનો અંત થતો નથી, તેના વિચાર મરતા નથી, ને બીજા જન્મમાં તે તે જ વિદ્વેષ, ભયંકર ભાવના વિગેરે લઈને આવે છે. એટલે આપણી સજાઓ સુધાર માટેની હોવી જોઈએ.

કોઈ પણ સજામાંથી છૂટા કરવાનું તો સરકાર માટે ત્યારે જ જરૂરી ગણાત જ્યારે ગોડસે ને આપ્ટે પોતાના કુ-કૃત્ય બદલ જાહેર પશ્ચાત્તાપ વ્યક્ત કરત, ફરી તેમ ના કરવાનું કબૂલત, ને જીવનનું પરિવર્તન કરવા તૈયાર થાત. તે વિના તો કોઈ પણ સરકાર સજા જ કરે એ દેખીતું છે. પરંતુ ફાંસીની સજા ના કરીને સરકાર બીજી સખત સજા દ્વારા તેમને 'ખરી સજા' કરી શકત એ જ મારે કહેવાનું છે. આખરે તો 'ધાર્યું એક ધણીનું થાય' એ જ ન્યાય છે.

પત્ર લખશો. માતાજી યાદ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૨ : અમર સંદેશ

દેવપ્રયાગ

તા. ૬ જુન, ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

પત્ર મળ્યો છે. સમાચાર જાણી આનંદ. હવે તો ગતિશીલ મુંબઈનું ગતિમય જીવન શરૂ થઈ ગયું ! એ મુંબઈના વાતાવરણમાં રહીને પણ અંતરના આધ્યાત્મિક સંસ્કારોને જાળવી રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. તમને ખબર છે કે મારા આધ્યાત્મિક જીવનનો મૂળ પાયો મેં ત્યાં જ નાખ્યો છે. મુંબઈમાં રહીને જ આત્મનિરીક્ષણ કર્યું છે, ઈશ્વર પ્રાર્થના કરી છે, ને જીવનને શુદ્ધ તેમ જ દૈવી સંપત્તિવાળું બનાવવા પ્રયાસ કર્યો છે. વાતાવરણની અસર થાય છે એ સાચું છે, પરંતુ આ માર્ગમાં વાતાવરણ કરતાં આપણી પોતાની વિકાસની ઈચ્છા વધારે ભાગ ભજવે છે. આધ્યાત્મિક માર્ગે પ્રવાસ કરવાનો કે સત્યની શોધ કરવાનો એક વાર માનવે નિર્ણય કર્યો, એટલે ઉપકરણો તેને આપોઆપ મળી રહે છે. આધ્યાત્મિક જીવનનું તંત્ર ખૂબ વ્યવસ્થિત છે. તે જગતમાં એવા અનેક મહાપુરુષો છે જે દુનિયાને કોઈ પણ છેડે બેઠેલા છતાં આધ્યાત્મિક ઈચ્છા કરતા માનવીને મદદ પહોંચાડે છે. એટલે મુખ્ય વાત ઈચ્છાને જગાવવાની છે. જગાવીને તેને જીવાડવાની છે ને વધારવાની છે. આ માટે જેવા વાતાવરણમાં રહીએ તેવા વાતાવરણમાંથી માર્ગ કાઢવાનો છે. કેમ કે જીવન ચંચલ છે. પ્રવાહની જેમ સતત વહ્યે જાય છે. એટલો દાવ હાથમાંથી જતો જાય છે. જે સાધન જેટલું પણ થાય તેટલું અત્યારથી જ કરતા રહેવાનું છે. ને વધારેને માટે ઈશ્વરને પ્રાર્થવાનું છે. તે દયાળુ છે. ને જે સાચા દિલથી પોકારે છે તેને જવાબ આપે છે, તેમ જ માર્ગ કરી આપે છે.

ઈશ્વર વિના માનવને શાંતિ ક્યાં છે ? ને સૃષ્ટિનું સર્વ ઐશ્વર્ય મેળવે છતાં આત્માને ના જાણે-પોતાને ના ઓળખે, તો તેવા ઐશ્વર્યની કીંમતેય શી છે ? માણસની ખરી મહત્તા જીવનમાં વૃત્તિ ને સ્વભાવ કે વાસનાની જે પામરતા કે પશુતા છે, તેને દૂર કરી માનવ બનવામાં છે. ને એ પછી પોતાને ઓળખવામાં છે. આ વિના શાંતિનું દ્વાર સદાને માટે બંધ છે. જગતમાં સર્વ મનુષ્યો-જીવમાત્ર આ શાંતિ પ્રતિ જઈ રહ્યાં છે, શાંતિને ઈચ્છી રહ્યાં છે, વત્તે ઓછે અંશે માણી પણ રહ્યાં છે. પણ તે શાંતિ શાશ્વત નથી, ચિર કે અમર નથી. વળી તે બાહ્ય સાધનો-જેવાં કે સ્ત્રી, યૌવન, ધન, વિગેરે પર આધાર રાખે છે, એટલે તે સાધનો છૂટતાં માનવ અશાંત ને હતભાગ્ય થઈ જાય છે. તડકા ને છાંયડામાં માનવ ઝુલ્યા કરે છે, ને એકવાર વિશ્વના રંગમંચ પરથી અદૃશ્ય થાય છે. શું આ જ જીવન છે ? જીવનનો અભિનય ને આદર્શ, આટલો જ છે ? છેક ઉપનિષદ કાળથી આની વિચારણા આરંભાઈ છે, ને ભારતના મહાન સત્યશોધકોએ જીવનનો મહાન આદર્શ, શાંતિનો અમૂલ મંત્ર, માનવ જાતિ સમક્ષ ધર્યો છે. 'આત્માને જાણો, શાંતિના ભંડાર પરમાત્માને જાણો, વિકાર ને વાસના પર વિજય મેળવો, સત્ય, પ્રેમ ને પવિત્રતાના આસન પર આરૂઢ થાઓ, ભેદભાવને દૂર કરો, ચરાચરમાં એક આત્મા જુઓ, સૌને પ્રેમ કરો, આત્માને ઓળખી અપાર શક્તિ પ્રાપ્ત કરો, મહાન બનો, શોક, મોહ, ભય, અલ્પતા ને મૃત્યુના સ્વામી બનો !' ભારતીય સંસ્કૃતિની આ બુલંદ વાણી માનવમાત્રનો વારસો છે, ને આપ્તકામ, સત્યપ્રાપ્ત મહાપુરુષોની અનુભવભાષા છે. આજે કે આવતીકાલે, જ્યારે પણ માનવના

દિલમાં શાંતિની ચાહ જાગશે, પોતાની અલ્પતાને તોડવાનો તરફડાટ જાગશે, ને પંખીની જેમ પામરતાના પીંજરમાંથી મુક્ત થવા માનવ છટપટાશે, ત્યારે આ વાણીનો આશ્રય તેણે લેવો જ પડશે. આ માર્ગે પ્રયાણ કરવું જ પડશે. આ ભાષાનો આશ્રય તેણે લેવો જ પડશે. કેમકે તે વિના બંધનથી મુક્તિનો કોઈ મારગ નથી. અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં, મૃત્યુમાંથી અમૃતમાં-માનવના અંતરાત્માનો આ સર્જનજૂનો પોકાર છે. તે વિના માનવને-ને સમજુ માનવને શાંતિ ક્યાં છે ?

*

આધ્યાત્મિકતાના આ અમર સંદેશને જીવનમાં ઉતારી, તેમાંથી જાગેલા પ્રવાહને, ગંગાની જેમ જગતમાં વહાવવાની મારી નેમ છે. બુદ્ધની જેમ માનવ કલ્યાણની બોધિ-બૂટી મેળવી સૃષ્ટિના હિતમાં લાગવાનો મારો સંકલ્પ છે. ને એટલા જ માટે હિમાલયના ઉત્તુંગ શિખર વચ્ચે જુવાનીના અમૂલ્ય દિવસો વિતાવી રહ્યો છું. ઈશ્વરની પ્રેરણા, ઈચ્છા ને શક્તિ વિના આવું મહાન ને લોકોત્તર કાર્ય કેવી રીતે થઈ શકે ? ઈશ્વરની ઈચ્છા જ મારા નાનકડા દિલમાં રહીને કામ કરી રહી છે. ને તે ઈચ્છાનો પડદો મારી આગળથી હઠી ગયો છે. સતયુગનો હિમાલય ! આજે તો આ પ્રદેશમાં આમૂલ પરિવર્તન થઈ ગયું છે. ફલ, ફૂલ, ધનધાન્ય, કશું જ રહ્યું નથી. પરંતુ માનવમનની ઈચ્છા તો એની એ જ છે. સૃષ્ટિની નિયામક શક્તિ પણ એ જ છે. ને તેના જ બળથી સાધનાનો યજ્ઞ માંડી હું અહીં બેઠો છું. માનવે ચાહ્યું હોય ને તેને ના મળ્યું હોય તેવું કદી સાંભળ્યું છે ? ને તેમાંય જ્યારે ઈશ્વરી પ્રેરણા જ માનવ પ્રયાસના મૂળમાં હોય, ત્યારે તો કહેવું જ શું ? તેનો ભાર ઈશ્વર જ ઉપાડી લે છે એ નિર્વિવાદ છે. જે દિવસે આ યજ્ઞની પૂર્ણાહુતિ થશે તે દિવસ ખુબ ખુબ મંગલ હશે. હિમાલયનું ગૌરવ તેથી ખુબ ખુબ વધશે. તે દિનની મંગલ ઉષા હવે તો ખુબ ખુબ નજદીક હશે-છે.

*

એક ખાસ વાત મારા જાણવામાં આવી છે કે અરવિંદે શ્રી દિલીપકુમાર રોય પરના પત્રમાં તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા કરારની સફલતા વિશે શંકા વ્યક્ત કરી છે ને બંને વચ્ચે અથડામણ થશે જ એવી આગાહી કરી છે. આ વાત 'અખંડ આનંદ' દ્વારા મારા વાંચવામાં આવી છે. હું પોતે તો કરારને હાલની પરિસ્થતિમાં ઠીક પગલું માનું છું. છતાં અરવિંદે ભારતની રાજકીય પરિસ્થિતિ વિશે જે કહ્યું છે તે ઘણાનું-ખાસ કરીને શ્રી અરવિંદના પ્રશંસકો ને ભક્તોનું ધ્યાન ખેંચશે.

*

પૂર્વ બંગાલની વિકટ સમસ્યાથી પ્રેરાઈને ભારત-પાકિસ્તાને કરાર કર્યા તેનું પરિણામ હજી નજીકનું ભાવિ બતાવશે પણ હાલમાં જ અમેરિકા પ્રવાસમાં પ્રવચન કરી ચૂકેલા લિયાકતઅલીખાને પોતાની ભારત વિરોધી નીતિ પ્રવચનમાં ક્યાંક ક્યાંક સાફ રીતે જાહેર કરી છે. ભારત ને પાકિસ્તાન સંપથી રહે તે જરૂરી છે. ને બંને વચ્ચે શાંતિના કરારો થાય તે પણ આવકારદાયક છે. પરંતુ તે કરારોને નિભાવવાની ચોખ્ખી દૃષ્ટિ કે દાનત નહિ હોય તો પરિણામે કાંઈ જ અર્થ સરવાનો નથી.

ભાગલાનો સ્વીકાર કોંગ્રેસે વિવશ થઈને જ કર્યો છે. તેથી જે ઉદ્દેશ કે હેતુ સરવો જોઈએ તે સર્યો નથી. ઉલટું, આપત્તિ એક પછી એક વધતી જ ગઈ છે. ભારત કે પાકિસ્તાન કોઈનેય લાભ થયો નથી. અમુક મદાંધ કે સત્તાશોખીન નેતાઓની લાલસા તૃપ્ત થયા સિવાય ભાગલાનું બીજું શું ફળ આવ્યું છે ? ભારતની

ભૌગોલિક એકતા અભંગ ને અખંડ છે. હિંદુ, મુસલમાન, શીખ, ખ્રીસ્તી બધા જ ભારતમાતાનાં બાળકો છે, ને ભારતમાતા બધાની છે.

આ માટે લોકોના હૃદયના પરિવર્તનની જરૂર છે. હિંદુ-મુસલમાનોએ સમજવું ને જાહેર કરવું જોઈએ કે સૌ એક જ ઈશ્વરનાં, એક જ ભૂમિનાં સંતાન છે. ને સૌએ આ દેશમાં પ્રેમશાંતિથી રહેવું જોઈએ. અલગતાની ભાવના લોકોના મનમાંથી દૂર કરવી જોઈએ.

એકતા બળજબરીથી થાય તેના કરતાં સ્વાભાવિક ક્રમથી થાય તે વધારે સારૂં છે. ને તેને માટે જનતાના દિલનું પરિવર્તન આવશ્યક છે.

હાલને તબકકે આપણો વધારે ઝોક બંને દેશો વચ્ચે મીઠા સંબંધ જળવાઈ રહે તે પ્રમાણે હોવો જોઈએ. ભાગલાની નાબુદી પ્રલાપ કરવાથી થશે નહીં ઉલટું, અત્યારના સમયમાં તેવા પ્રલાપ અનેક અનિષ્ટોનું કારણ થઈ શકે છે. એક રીત એ પણ છે કે ભારત ને પાકિસ્તાન વચ્ચે મીઠો સંબંધ તેમ જ સહકાર વધે તેવા પ્રયાસ કરવા. આનું પરિણામ બંને દેશોની જનતા પર થશે. એ બાહ્ય રીતે એક નહિ થાય તો પણ આંતરિક રીતે હૃદયથી એક બનશે. આ માર્ગ પાકિસ્તાનને રુચે તો સારું જ છે. બાકી તે પોતાની ફૂટ તેમ જ વિરોધી નીતિ ચાલુ રાખશે તો કુદરત તેને લપડાક મારશે, ને પોતાની ગર્તામાં સમાવી લેશે. આ બેમાંથી કયા માર્ગે કાર્ય થાય છે તે તો ભાવિ જ કહેશે.

*

આજે બધા જ દેશો શાંતિ શાંતિનો જપ કરે છે, પણ વાસ્તવિક રીતે જોતાં તેમનામાં અશાંતિ જ વધતી જણાય છે. શાંતિના જપથી કે શાંતિની વાતો વહેતી મુકવાથી શાંતિ થવાની નથી. શાંતિને માટે પહેલી શરત તો એ છે કે તમે પોતે શાંતિ માટે ખરેખર આતુર છો ? તમને થશે કે આ શું ? શાંતિની ઈચ્છા કોને ના હોય ? પણ આ પ્રશ્ન વિચારવા જેવો જરૂર છે. કેમ કે એવી કેટલીય વ્યક્તિઓ છે જે શાંતિ કરતાં અશાંતિ વધારવામાં જ આનંદ ને ગૌરવ માનતી હોય છે. એટલે પહેલાં તો શાંતિની ભૂખ લાગવી જોઈશે. શાંતિને માટે દૃઢ પ્રતિજ્ઞ થવું પડશે. તે પછી બીજી વાત-બીજી શરત આવે છે. તે એ કે શાંતિ માટે સહકાર કરવો. જેમ તમારી શાંતિની તમને ઈચ્છા છે તેમ જગતમાં સર્વ શાંતિથી રહે એ તમારી ઈચ્છા ને અભિલાષા હોવી જોઈએ. તમારા રાષ્ટ્રની મર્યાદા તોડીને બહારના પ્રાદેશિક પ્રચાર માટે કે પ્રદેશ માટે પ્રકટ કે અપ્રકટ આક્રમણ કરતા હો ને શાંતિના સુર છોડતા હો તો તે પ્રલાપ થાય છે, ને તેથી શાંતિ સ્થપાવાની કે સચવાવાની નથી જ નથી.

વિશ્વના દેશોએ એકમેક સાથે સહકાર સાધવો પડશે, વિશ્વને એક કુટુંબ માનીને એકમેકની પડખે ઊભા રહેવું પડશે, ને સર્વે દેશોની ઉન્નતિ ને આઝાદી માટે મદદરૂપ થવું પડશે. રોટી ને વસ્ત્ર તેમજ આવાસની દૃષ્ટિએ સર્વ દેશો સુખી થાય તે દરેકે જોવું પડશે. ને આ ભૌતિક ઉત્કર્ષની સાથે સાથે માનવીના મનને સત્યમય, પ્રેમમય ને સેવામય બનાવી આધ્યાત્મિક માર્ગે વાળવું પડશે. આધ્યાત્મિક મૂલ્યોના આદર વિના કેવલ ભૌતિક ઉત્કર્ષને લીધે જગતમાં કાયમી શાંતિ થઈ શકશે નહીં. શાંતિ માટે માનવના મન ને હૃદયને પલટાવવાની ને કેળવવાની પણ જરૂર છે. ધિક્કાર, પારસ્પરિક ભેદભાવ ને દમન જ્યાં લગી માનવમનમાં ચાલુ હશે, ભય ને સ્વાર્થનું સામ્રાજ્ય જ્યાં લગી માનવ આત્માને પંગુ બનાવીને સર્વસત્તાધીશ

થઈ બેઠું હશે, ત્યાં લગી શાંતિનું સ્વપ્નું સફળ થવાનું નથી. નીતિ ને ધર્મમય જીવનનો સ્વીકાર કરી જીવનને પરોપકારમય બનાવવાની જરૂર છે, ને આત્મજ્ઞાનના અભેદ સિદ્ધાંતો સમજી માનવ માનવ જ નહિ, પરંતુ જીવમાત્રની શાંતિ, સેવા ને કલ્યાણની શ્રદ્ધાને અચલ કરવાની છે. આધ્યાત્મિક તાકાતની આસપાસ ઊભેલી ભૌતિકતા જ માનવ તેમ જ જગતને સાચું સુખ આપી શકે છે.

આ વિરાટ કાર્યને માટે, માનવજાતિની સમક્ષ પડેલા આ મંગલ ભાવિને માટે, નેતાઓની કે દેશસેવકોની અથવા જુદા જુદા દેશના શાંતિવાદીઓની જવાબદારી ઓછી નથી. જેમના હાથમાં રાષ્ટ્રની લગામ છે, જેમના પર હજારો-લાખો-કરોડો લોકો જીવનની આશા રાખી રહ્યા છે, તેમની જવાબદારી ખૂબ ઊંચી છે. તેમની લાયકાત શી હોઈ શકે તેનો વિચાર કરવાનો છે. આજે તો સારી ભાષામાં ભાષણો કર્યાં, કોઈ પક્ષમાં જોડાઈ ગયા, એટલે ને તર્ક કે દલીલબાજી કરતાં આવડી એટલે ઘણા લોકો પોતાને નેતા માનતા થઈ જાય છે. પણ નેતાપદ એટલું સહેલું નથી, જેમના હાથમાં અનેકના ભાવિનો પ્રશ્ન છે તેમનામાં ઘણી ઘણી વિલક્ષણતા હોવી જોઈશે. તો જ તેમની દ્વારા લોકોને લાભ પહોંચી શકશે.

નેતા કોણ થઈ શકે ? હજારો લોકોના ભાવિનો નિયામક કોણ બની શકે ? જેના દિલને અનેકનાં દુઃખ સ્પર્શતાં હોય, જેને સર્વ રાષ્ટ્ર પ્રત્યે-જગત પ્રત્યે પ્રેમ હોય. સૌની સુખાકારી ને ઉન્નતિ એ જ જેનો આદર્શ હોય. જેને ધન, સત્તા કશાનો સ્વાર્થ ના હોય. ગમે તેવા વિરોધમાં પણ જે દેશનો વફાદાર સેવક હોય. પ્રજાની સુખાકારીના માર્ગનું જેણે મનન કર્યું હોય, જેની પાસે તે માટે નિશ્ચિત યોજના હોય. આવા પુરુષો જ દેશ કે દુનિયાની શાંતિ સાધનામાં સફળ થઈ શકે. સૃષ્ટિમાં સૌનો ઉત્કર્ષ સાધી શકે. આવા મહાન પુરુષો દેશ ને દુનિયાને જેટલા વધારે પ્રમાણમાં મળશે તેટલા જ વધારે પ્રમાણમાં માનવજાતિ સુખી થશે એ ચોક્કસ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૩ : અમરનાથ અને દક્ષિણેશ્વર

કલકત્તા

તા. ૩૦ ઓગસ્ટ, ૧૯૫૧

પ્રિય નારાયણ,

ભાઈ ધનેશ્વર દ્વારા મોકલાવેલો તમારો પ્રેમપત્ર મને મળ્યો હતો. તે બાદ અમે કાશ્મીર ને અમરનાથ જઈ આવ્યા, ને પછી અહીં આવ્યા છીએ.

કાશ્મીર પ્રવાસમાં ઈશ્વરેચ્છાથી ભાઈ ધનેશ્વરનો સાથ મળ્યો. પ્રવાસ દરમ્યાન તેમનો પ્રેમ, ઉદાર ને આનંદી મસ્ત સ્વભાવ તેમ જ તેમની ઊંચી સેવાવૃત્તિનો પરિચય થયો. ધનેશ્વરભાઈ એક રતન છે. તેમનામાં ઘણી જ સારી શક્યતાઓ છે, ને તે તેમને જીવનના ઉજ્જવલ ભાવિ ઘડતરમાં કામ લાગશે. તેમના અનેકવિધ ગુણોનો પરિચય મને આ પ્રવાસમાં થયો. પરિણામે મારા દિલમાં તેમને માટે માન ઉત્પન્ન થયું. હજી તો તે મારા સાધનાત્મક જીવન ને ભાવિ આદર્શો વિશે ખાસ નક્કર હકીકત જાણતા નથી, તે છતાં તેમને મારે માટે જે પ્રેમ છે તે અજબ છે. કાશ્મીર પ્રવાસ એટલો બધો ખર્ચાળ છે કે એકલે હાથે તે પ્રવાસ કરવાનો વિચાર અમે માંડી જ વાળ્યો હોત. તે ના આવ્યા હોત તો અમે કાશ્મીર જવાનું બંધ રાખત. પણ ઈશ્વરે તેમને અમારી મદદે મોકલ્યા. ઈશ્વરની લીલા અજબ છે.

અમરનાથનું સ્થળ અત્યંત રમણીય ને વિકટ છે. માઈલો સુધી બરફ પર ચાલવું પડે છે. ઠંડી સખત હોય છે. આ બધી ને બીજી અનેક તકલીફો વેઠીને માણસો એ યાત્રા કરે છે, અને અંતે એવા દર્શનની ઝાંખી કરે છે જે જીવનમાં યાદગાર બની જાય છે. આ બધી પ્રવાસની વાત ભાઈ ધનેશ્વર દ્વારા સાંભળવા મળશે. પ્રત્યક્ષમાં કોઈ વાર મળાશે ત્યારે હું કહી શકીશ.

કાશ્મીર યાત્રા દરમ્યાન મારા જીવનનું ૩૦ મું વર્ષ પણ સમાપ્ત થઈ ગયું, ને ૩૧ મા વર્ષની પ્રભાતે અમે કાશ્મીરની ભૂમિ પર અમરનાથની યાત્રા માટે પગલાં ભરતાં હતાં. ૩૦મા વરસ માટે ખૂબ ખૂબ આશા હતી. પણ બીજી અનેક આશાની જેમ આ આશા પણ હજી આશા જ રહી છે. 'મા' મારા પર ક્યારે કૃપા કરે છે તેની આતુર હૃદયે હું પ્રતીક્ષા કરી રહ્યો છું. કાશ્મીર ને આ બાજુ હું 'મા'ની પ્રેરણાથી જ આવ્યો છું. ને નવાં સ્થળમાં પણ પ્રતિદિન તેની કૃપા માટે ઝંખું છું. શ્રદ્ધા છે કે 'મા'ની પૂર્ણ કૃપા થઈ જ જશે, ને સત્વર થશે. આશા મરી નથી ને મરવાની નથી, પણ ધારેલા કામને પૂરું થયેલું જોઈ લેવાની લગની દિલમાં ઘણી જ છે. ને સમયના આટલા બધા લંબાણ પછી તે વધતી જાય છે. મેં લીધેલું કામ પૂરું થશે જ થશે. તે વિના મને ચેન પડે કે શાંતિ વળે તેમ નથી. આજે મારી આંખ આગળ પડદો છે, ને તેથી 'મા'ની ભાવિ યોજના નક્કર રીતે મારી દૃષ્ટિ સમક્ષ આવી શકતી નથી. પરંતુ એક દિવસ તે પડદો હઠી જશે એ ચોક્કસ છે. પુરુષાર્થ કરવાની ને શ્રદ્ધાપૂર્વક ભોગ આપવાની મારી શક્તિ હજી મરી નથી ને કદી મરવાનીયે નથી. એટલે મારી સફળતા નિશ્ચિત છે. માત્ર તે શીઘ્રાતિશીઘ્ર થઈ જાય એ જ ઈચ્છા છે.

*

અહીં અમે વિખ્યાત સ્થળ દક્ષિણેશ્વર જોઈ આવ્યાં. છ વરસ પહેલાંનાં સંસ્મરણો તાજાં થયાં દક્ષિણેશ્વર ખૂબ જ સુંદર સ્થળ છે. ગંગા કિનારે હોવાથી વધારે રમણીય લાગે છે. રામકૃષ્ણદેવ જીવતા હશે ત્યારે આ સ્થળ કેવું અલૌકિક લાગતું હશે ! જો કે હજી પણ તે ખૂબ સજીવ લાગે છે. આવાં સ્થળોમાં માણસનું મન ઈશ્વરાભિમુખ વધારે ને વધારે થાય છે. જગતની નશ્વરતા, માનવ શરીરની મહત્તા ને ઉત્તમતા તેમ જ માનવ પુરુષાર્થની ભાવિ શક્યતાનો વિચાર આવાં સ્થળોમાં માણસને જલદી આવે છે, ને ઉત્તમ જીવનનો સંકલ્પ ઘડવામાં તે સહાયક થાય છે. આ સંસારમાં માણસ જે ધારે તે બધું જ કરી શકે છે. સંસારના ક્ષણભંગુર પદાર્થોમાં જ તે ફસાઈ જાય ને આસક્તિ કે મમતા ને રાગદ્વેષમાં બંધાય તો તે પોતાને જ હાથે પોતાનો વિનાશ નોતરે છે એમ કહેવાય. એથી ઊલટું, જો તે કામ ક્રોધ ને મમતા-અહંતાના પાશમાંથી છૂટવાનો પુરુષાર્થ કરીને ઈશ્વરનાં ચરણોમાં પ્રીતિ કરે તો મૃત્યુંજય બની જાય. જીવનને કેવું બનાવવું તે માનવના હાથની વાત છે.

અહીં થોડાક દિવસ રહીને અમારો જગન્નાથપુરી જવા વિચાર છે. અહીં વધારે રહેવાનું ગમે તેવું ખાસ નથી. આ સંસારમાં આધ્યાત્મિક રૂચિવાળાં સાચાં માણસો બહુ જ ઓછાં હોય છે. જો અનુકૂળતા હશે તો જગન્નાથપુરી સારી રીતે રહેવા વિચાર છે. તમારો પત્ર અહીં જ લખશો. મને મળી જશે. માતાજી કુશળ છે ને યાદ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૪ : કૃતનિશ્ચય અને કાર્યસિદ્ધિ

નાસિક

તા. ૧૮ ઓકટો. ૧૯૫૧

પ્રિય ભાઈશ્રી,

તમે મોકલેલા ફોટા ને કેલેન્ડર મળ્યાં છે. બંને સુંદર બન્યાં છે. ઈશ્વરભાઈએ પ્રેમપૂર્વક સાહસ કર્યું તો તેનું ફળ પણ સારું જ આવ્યું છે. તે જોઈને તેમને પણ સંતોષ થયો હશે. ફોટા બાબત વાત પાછળથી પ્રત્યક્ષ મળતાં કરીશ.

અહીં આવતાં પહેલાં દેવપ્રયાગથી મેં તમને એક પત્ર લખ્યો હતો. તે તમને મળ્યો નથી તે જાણ્યું. અહીં આવ્યે અમને સાતેક દિવસ થઈ જશે. સ્થળ સારું છે. આજુબાજુનું વાતાવરણ પણ શાંત છે. એટલે પ્રભુની ઈચ્છા પ્રમાણે થોડા દિવસ અહીં રહેવું ગમશે. તે પછી મુંબઈ આવવાનું બની શકશે. અહીંથી મુંબઈ તદ્દન પાસે છે. પણ તમારે નોકરીનો વિચાર કરવાનો એટલે આવવામાં કંઈક અગવડ પડે. વળી મારે મુંબઈ આવવાનું તો થશે જ. એટલે ત્યાં મળવાનું જ છે. છતાં તમને અનુકૂળતા હોય ને રજાનો મેળ બેસી શકે તો ઈચ્છા થાય તો આવી જજો.

માણસની શક્તિ હિંમતપૂર્વક આગળ ને આગળ વધીને પુરુષાર્થ કરવાની છે. ને સાચા દિલનો પુરુષાર્થ સફળ થયા વિના રહેતો નથી એ નક્કી છે. સફળતામાં ભલે વિલંબ થાય, પણ માણસ જો કૃતનિશ્ચયી હશે તો તે મળશે જ એમાં સંદેહને સ્થાન નથી જ નથી. જગતમાં બુરા આશયોવાળા અસંખ્ય માણસો કાર્યસિદ્ધિ કરીને ફાવે છે, ને જગતમાં અનેક પ્રકારે આનંદ કરે છે, તો પછી ઈશ્વરી માર્ગના પ્રવાસીને કાર્યસિદ્ધિ ને આનંદ ના મળે એ બને જ કેમ ? હા, આત્મિક વિકાસમાં સંસિદ્ધિને વાર લાગે છે. કેમ કે તે કામ ભગીરથ હોય છે, ને તેનું ફળ પણ તેવું જ ભારે હોય છે. જે ફળની પ્રાપ્તિ થતાં માણસનું જીવન પૂર્ણ, સફળ ને કૃતકૃત્ય બની જાય ને ટૂંકમાં તે ઈશ્વરતુલ્ય બની જાય તે કેટલું અલૌકિક ને અંતિમ ફળ છે ! તેને માટે કેટલો ભોગ આપવો પડે ને ત્યાગ કરવો પડે !

વિઠ્ઠલભાઈને કામ મળ્યું કે નહીં ? દિવાળી પછી કામે ગોઠવાઈ જવાનું નક્કી થઈ ગયું છે એમ તેમણે લખ્યું હતું. હવે તે પ્રમાણે તે ગોઠવાઈ ગયા હશે. ઈશ્વરકૃપાથી તેમને હવે સારી તક મળે તો સારું. હૃદયને પત્થર જેવું કરીને આજ લગી તે તેમના માર્ગમાં મક્કમ રહ્યા છે તેનું ફળ પ્રભુ તેમને જરૂર આપશે. આ જગતમાં જે મજબૂત મનોબળના વીર માણસો છે તેમની સામે નિરાશાનો વંટોળ થોડા વખત માટે ઊડે છે. પણ તેની સામે મક્કમપણે ઊભા રહેતાં તે અદૃશ્ય થઈને આશા ને સુખસિદ્ધિનું ઉજ્જવલ પ્રભાત ઉઘડ્યા વિના રહેતું નથી એ પણ ચોક્કસ છે.

સંસારના વાતાવરણમાં હૃદયને શુદ્ધ કરી બનતું સાત્વિક બનાવવા ને મનને સ્થિર રાખવા બનતા પ્રયાસ કરવા જોઈએ. આની સાથે સાથે ઈશ્વરસ્મરણને જીવનમાં એક આવશ્યક ને નિયત સ્થાન આપવું જોઈએ. ઈશ્વરસ્મરણમાં અપાર શક્તિ રહેલી છે. તન અને મનનાં અનેક દરદોનું તે ઓસડ છે. પણ માણસો તેનો આશ્રય લેતાં નથી. ઈશ્વરના નામમાં પ્રીતિ કરવાથી માણસ બળવાન બને છે, ને સંસારમાં પ્રલોભનો ને

ભયસ્થાનો સામે ટકી રહેવાનું બળ મેળવે છે. ઈશ્વરસ્મરણ માનસિક સ્થિરતા ને એકાગ્રતા માટે ઉત્તમ રસાયન છે. મૂળ વાત એ છે કે તે અંતરના અંતરતમમાંથી થવું જોઈએ. ઈશ્વરસ્મરણને જીવનની એક નક્કર આવશ્યકતા તરીકે સ્વીકારીને જીવનને તેથી રંગી દેવું જોઈએ. આ વિના આનંદ નથી. પરમ શાંતિની પ્રાપ્તિ પણ આ વિના થઈ શકવાની નથી. આ ભારતીય તત્વજ્ઞાનનો મહત્વનો દૃષ્ટિકોણ છે.

માતાજી તથા ચંપકભાઈ કુશળ છે. પત્ર લખજો અને અનુકૂળતા હોય તો નાશિક યાત્રાએ જરૂર આવજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૫ : તરતાં લાકડાં

સરોડા
તા. ૮ ડીસે. ૧૯૫૨

શ્રીમાન ભાઈશ્રી ભાઈલાલભાઈ,

તમારો પ્રેમથી ભરેલો પત્ર મળ્યો છે. તમે પ્રેમથી યાદ કરીને મને સમાચાર લખ્યા તે આનંદનો વિષય છે. એક સંસ્કૃત કવિએ સંસારી પ્રાણીના સમાગમને સમુદ્રમાં તરનારાં લાકડાં સાથે સરખાવ્યો છે. આ સરખામણીનો ખ્યાલ પાણીમાં તરતાં લાકડાંને નજરે જોવાથી સારી પેઠે આવે છે. આવાં લાકડાંનું ઉપરાઉપરી દશ્ય હિમાલયમાં વધારે સારી પેઠે જોવા મળે છે. ત્યાં ગંગાજીમાં અસંખ્ય લાકડાંને તરતાં મૂકી દેવામાં આવે છે. ઠેઠ હરદ્વારમાં તેમને મુક્તિ મળે છે. એટલે કે ત્યાં બધાં લાકડાંને કાઢી લેવામાં આવે છે. આ લાકડાં જેમ કેટલીક વાર ભેગાં થાય છે, ને વળી છુટાં પડે છે, તેમ જીવમાત્ર આ સંસારના વિરાટ સાગરમાં પરસ્પર ભેગા મળે છે, ને વળી છુટા પડે છે. આ પ્રમાણે તે સંસ્કૃત કવિનું કહેવું છે. પરંતુ એટલી વાત નક્કી છે કે જીવમાત્રનું મિલન લાકડાંની જેમ આકસ્મિક થતું નથી. તેની પાછળ કંઈ ને કંઈ રહસ્ય જરૂર હોય છે. જેને આપણે લૌકિક ભાષામાં ઋણાનુબંધ કહીએ છીએ, તે તેની પાછળ જરૂર ભાગ ભજવે છે. તેમ જ બીજી વાત એ પણ છે કે છુટા પડેલા લાકડાંની જેમ જીવમાત્ર કોઈ પણ પ્રકારની સ્થાયી કે સૂક્ષ્મ અસર વિના છુટા પડતા નથી. પરંતુ પ્રત્યેક સમાગમ કે સંપર્ક પોતાની સાથે એક ચિરંતન કે અક્ષય સંબંધ સંસ્કાર ઉપજાવે છે, ને મનની પેટીમાં અમુલખ વૈભવ કે ખજાનો બનીને પ્રતિષ્ઠિત થાય છે. એટલે સમાગમમાં આવનારાં માણસો સ્થૂલ રીતે છુટાં પડે તો પણ સંસ્કારોની સૂક્ષ્મ દુનિયામાંથી કદી છુટાં પડતાં નથી. જેમ ફૂલ પોતાની પાછળ ફોરમ, વરસાદ અમી ને વસંત નવજીવનની પ્રેરણાને મુકી જાય છે, તેમ નાનામાં નાનો પ્રસંગ કે સમાગમ-જ્ઞાત કે અજ્ઞાતપણે પણ-પોતાની પાછળ સંસ્કારના અતૂટ અંકુરો મૂકી જાય છે. એટલે જ આપણો સમાગમ ચિરંતન રહેવાનો. ભલે બાહ્ય રીતે તેને કોઈ મદદ ના મળે તો પણ અંતરના અંતરતમમાં તે પોતાનું આસન જમાવી લેવાનો. બાગના બીજને જલસીંચન કરવામાં ના આવે તો તે નષ્ટ થવાનો સંભવ રહે છે ખરો, પરંતુ પ્રેમનો અંકુર તેથી વધારે બળવાન છે, ને તેને માટે એવી ભીતિ સેવવાની જરૂર નથી. માણસ પોતાની મેળે જ દાનવ કે યમ બનીને તેને જડમૂળથી ઊખેડી ના નાખે ત્યાં સુધી તેનો નાશ નહિ જ થવાનો એ ચોક્કસ છે.

મારા સમાગમથી તમને ને તમારા જેવા બીજાને, આનંદ આવ્યો તેનું કારણ તમારી ગુણગ્રાહકતા ને કદર કરવાની શક્તિ છે. તમારા સૌના પ્રેમને લીધે જ મારાથી ત્યાં આટલો લાંબો વખત રહી શકાયું. તમારો સૌનો પ્રેમભાવ સદા યાદ રહેશે. શ્રી મહાશંકરભાઈ, દાસભાઈ, પ્રદ્યુમ્નભાઈ, શાંતિભાઈ તથા ગોરધનભાઈ, સૌનો પ્રેમ અપાર હતો. સંબંધ જ્યારે નિસ્વાર્થ હોય ત્યારે જ પ્રેમની ખરી કસોટી થાય છે. તમારી કલમ ખૂબ જ સારી ચાલે છે. તેમાંથી ઘણાં ભાવવાહી ને સુંદર વાક્યો નીકળે છે. તમારાં સંસ્કાર પણ ઊંચા છે. તેનું પોષણ કરતા રહેજો તો આત્મિક વિકાસ વિના ગમે તેવું વૈભવી કે બૌદ્ધિક જીવન પણ લૂલું જ છે એ તો

નક્કી છે. આ માટે કોઈ નિશ્ચિત સમય મર્યાદા નથી. માણસ ધારે તો થોડા જ વખતમાં ઈશ્વરકૃપા ને તે દ્વારા શાંતિ મેળવી શકે છે.

નડિયાદના ભાઈ અહીં આવશે તો આનંદ આવશે. પણ એટલું ખરું કે આ તદ્દન પછાત ગામ છે. આવા વાતાવરણમાં રહેવા ટેવાયા હોય તેને જ અહીં ફાવી શકે. એટલે આવાં ગામડામાં તે રહી શકે તેમ ના હોય તો મારે સાબરમતી જવાનું થાય ત્યારે પણ તે આવી શકશે. તે તેમની પસંદગીની વાત છે.

તમારો પ્રેમ કાયમ રાખશો, ને જીવનને દૈવી બનાવવાની સાધના શક્તિ પ્રમાણે ઉત્સાહ ને ધીરજથી કરશો. જીવન પૂર્ણતા કે ઈશ્વર પ્રાપ્તિ માટે છે એ વાત યાદ રાખીને તેને પરિપૂર્ણ કરવા સદાય સાધન કરવું એ જ શાંતિ ને સર્વ પ્રકારના સુખનું મૂળ છે.

માતાજી કુશળ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૬ : શક્તિમતી સરિતા

સરોડા
તા. ૧૮ ડીસે. ૧૯૫૨

પ્રેમી ભાઈશ્રી,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. હમણાં જરા કામમાં ગુંથાયેલો છું. આત્મકથાનાં નવાં પ્રકરણ લખવામાં સમય વહી જાય છે. બાકી સંસ્કૃતમાં મહર્ષિ વ્યાસ કૃત વિષ્ણુસહસ્ત્રનામ નામે ખૂબ પ્રસિદ્ધ ગ્રંથ છે. તેનો ગુજરાતી કાવ્યાનુવાદ ચાલે છે. અનુવાદ આજે પૂરો થયો છે. હવે દરેક સ્તોત્ર કે ગ્રંથની જેમ વિષ્ણુસહસ્ત્ર નામનું પણ માહાત્મ્ય છે. તેનો અનુવાદ બાકી છે. તે થોડા દિવસમાં પૂરો થશે.

તમને આત્મિક વિકાસ માટે જે રુચિ ને લગની છે તેને જાળવી રાખજો, ને માળી જેમ છોડને પાણી પાઈને ઉછેરે છે, તેમ સંસ્કાર ને સુકર્મ દ્વારા તેનું જતન કરી તેને વધારતા રહેજો. માનવજીવન પૂર્ણતા માટે છે. તેને જ પરમાનંદ, પરમ શાંતિ કે મુક્તિની પ્રાપ્તિ પણ કહે છે. પણ તે બધા શબ્દો વાપરવાને બદલે પૂર્ણતા શબ્દ વાપરવાનું મને વધારે ગમે છે. તેમાં પરમાનંદ, શાંતિ કે મુક્તિનો સમાવેશ તો થઈ જ જાય છે. પણ સાથે સાથે માનવની શારીરિક, માનસિક ને આત્મિક શક્તિનો પરિપૂર્ણ વિકાસ પણ સમાઈ જાય છે. આ ધ્યેય તરફ જ્ઞાત તેમ જ અજ્ઞાત રીતે બધા જ માનવો-કહો કે જીવમાત્ર જઈ રહ્યા છે. પણ ઈચ્છાપૂર્વક ને પ્રેમ તથા જ્ઞાન સાથે વિકાસ કરનારા માનવો ઘણા જ થોડા છે.

આજે માનવ સુખને માટે પ્રયાસ કરે છે પણ તેનો પ્રયાસ પૂરો થતો નથી, તેમ જ પરમ સુખની પ્રાપ્તિ તેને ભાગ્યે જ થાય છે. કેમ કે તેની સાધના ચોક્કસ દિશામાં હોતી નથી. આજે માનવ વધારે ને વધારે અનીતિમાન ને પ્રકૃતિ તથા મનનો દાસ બનતો જાય છે. ધનસંગ્રહ, સત્તા ને પદની તૃષ્ણા તેમ જ જાતીય આકર્ષણ પાછળની તેની દોટ વધી ગઈ છે. આની સાથે સાથે એક બાજુ અત્યંત અમીરીપણું ને બીજી બાજુ કારમી કંગાલિયત પણ વધી રહી છે. આ દશામાં સુખની કલ્પના અતૃપ્ત જ રહી ગઈ છે. એટલે જ જેને પરમ સુખની ઈચ્છા હોય તેણે ભારતીય ઋષિવરોનો સંદેશ સાંભળવો જોઈએ, ને જીવનમાં સચ્ચાઈ તેમ જ નીતિની પ્રતિષ્ઠા કરી, ઈશ્વરપ્રાપ્તિ કે જીવનની પૂર્ણતાનું વ્રત લઈ, તેની પૂર્તિ માટે પુરુષાર્થ કરવો જોઈએ. જીવન ઘણું જ ટૂંકું છે ને માર્ગ લાંબો છે, એ વાત સાચી છે. પણ જે સતત જાગ્રત કે સાવધ રહીને માર્ગ કાપવાની શરૂઆત કરે, તેને તો આ લગીર જેટલું જીવન પણ પોતાના પુરુષાર્થની સિદ્ધિને માટે પૂરતું થઈ પડે તેમ છે. માટે ડાહ્યા માણસે તો જાગ્યા ત્યાંથી સવાર માની, બધા પ્રકારનો પ્રમાદ છોડી, ઈશ્વરનું શરણ લેવું એ જ હિતાવહ છે. પાણીના ભંડાર જેવી નદી વહી જતી હોય, તેને બંધ બાંધવામાં આવે, તો પૃથ્વીને માટે તે આશીર્વાદ થઈ પડે છે, ને ધરતી તેથી હરિયાળી બને છે, તેવી જ રીતે જીવનની વિશાળ શક્તિમતી સરિતાને સંયમનો બંધ બાંધી, તેના પાણીને જો આત્મિક ઉન્નતિને માર્ગે વાળવામાં આવે, તો તેથી જીવનની વાડી હરિયાળી બને છે, પ્રેરણા ને પ્રકાશથી ભરાઈ જાય છે, ને સ્વર્ગસુખદ બની રહે છે.

શાસ્ત્રો ને મહાપુરુષો કહે છે કે હજારો જન્મોના પુણ્યોદય વિના ઈશ્વરપરાયણ થવાની કે આત્મિક વિકાસ કરવાની ઈચ્છા જાગતી નથી. એ વાતની ચર્ચા ના કરીએ તો પણ એટલું તો સ્પષ્ટ છે કે આજના

જગતમાંથી આ ઈચ્છા વધારે ને વધારે લુપ્ત થતી જાય છે. માનવજાતિને માટે આ વસ્તુ અમંગલકારક છે. કેમ કે દેશ કે દુનિયા જ્ઞાન-વિજ્ઞાન કે ભૌતિક આવિષ્કાર કે રાજકારણ ને વ્યાપાર કે વાણિજ્યની દિશામાં ગમે તેટલો વિકાસ કરે, પણ તેમાં રહેનારી પ્રજાનું નૈતિક કે આધ્યાત્મિક જીવન પાંગળુ હોય તો સંસ્કૃતિની ઉચ્ચોચ્ચ ને સર્વાંગીણ દૃષ્ટિથી તે પછાત જ છે એમ કહેવું જોઈએ. વ્યક્તિગત રીતે પણ આ વાત એટલી જ સત્ય છે. ને બધા જ વિકાસની સાથે આત્મિક વિકાસનો પણ માણસ પ્રતિનિધિ બને, ત્યારે તેને શ્રેષ્ઠ ને સુસંસ્કૃત કહી શકાય. આવા વિકાસને માટે તીવ્ર ઈચ્છા ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. સાધકની અંદર ગમે તેવા સંજોગોમાંથી માર્ગ કરીને આગળ વધવાની ઈચ્છા ખૂબ પ્રબળ હોવી જોઈએ. આ ઈચ્છા નિર્બળ હોવાને લીધે જ કેટલાય સાધકો અધવચ્ચે કે થોડેક ચાલીને જ અટકી જાય છે. સ્વાધ્યાય, સત્સંગ, જપ ને વ્રત આ ઈચ્છાને તીવ્રતર બનાવવાના જ સાધન છે. એનું જતન કરવું સાધકને માટે ખૂબ જરૂરી છે. તમને આત્મવિકાસની ઈચ્છા થઈ છે તે ઈશ્વરનો મહાન આશીર્વાદ છે. એ ઈચ્છા કોઈયે સંજોગોમાં મરે નહીં, પણ સદાય વધતી રહે એવો પુરુષાર્થ કરતા રહેજો.

ભજન ને ધ્યાન થાય તેટલું નિયમિત કરવું. ને ઈશ્વર પર શ્રદ્ધા રાખી ખૂબ ઉત્સાહ, ધીરજ ને આશાથી કરવું. આધ્યાત્મિક માર્ગ કાંઈ એકાદ બે દિવસનો માર્ગ નથી. તેમાં લાંબી સાધના ને લગનની જરૂર પડે છે. શ્રી અરવિંદને કેટલો સમય લાગ્યો ? ૪૦ વરસ સુધી તે સાધન કરતા જ રહ્યા. તેમની ધીરજ ને તેમનું મનોબળ કેવું મહાન હશે ? ઉત્સાહ વિનાના ચંચલ માણસો આ માર્ગમાં કાંઈ જ કરી શકતા નથી. જેની રગેરગમાં ખંત ને ઉત્સાહ હોય, ને જે ગમે તેવી મુશ્કેલી આવે તોય, ડગલું ભર્યા પછી આ મારગમાંથી પાછા હઠવા તૈયાર ના હોય તે મરજીવિયા પુરુષનું જ આ માર્ગમાં કામ છે, ને તે જ આ માર્ગમાં સફળ પણ થઈ શકે. આવા મનોબળનો અભાવ હોવાથી જ વધારે ભાગના સાધકો માર્ગમાં જ અટવાઈ જાય છે. આની સાથે જો યોગ્ય માર્ગની સમજ ને પુરુષાર્થ કરવાની શક્તિ ને ઈશ્વરની કૃપા ભળે તો સાધકનું જીવન ધન્ય બની જાય એમાં સંદેહ નથી.

ત્યાં સૌ પ્રેમી ભાઈઓને પ્રેમ કહેશો. માતાજી કુશળ છે.

તા. ક. : તમે ગયે વખતે બે પૈસાની ટિકિટ વધારે લગાડી છે. 'ઈનલેન્ડ એર લેટર'ને છ પૈસાની જ ટિકિટ લાગે છે, જે તેના પર તૈયાર જ હોય છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૭ : બ્રહ્મચર્ય

સરોડા

તા. ૨ જાન્યુ. ૧૯૫૩

પ્રેમી ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. સારો એવો વખત થઈ ગયો. તમારે ત્યાં પુત્રજન્મ થયો છે એ સમાચાર જાણ્યા. આના પરિણામરૂપ હ્વે તમે બ્રહ્મચર્ય પાળવાનો નિર્ણય કર્યો છે, ને તે માટે અલગ સુઈને જોઈતું મનોબળ મેળવી લેવાનો પ્રયાસ કરો છો તે બહુ આનંદની વાત છે. ખરૂં જોતાં તો આ વાત ઘણાં લાંબા સમય પહેલાંથી જ અમલમાં મુકાવી જોઈતી હતી. છતાં તમારી બંનેની માનસિક શિથિલતાને લીધે તેમાં વિલંબ થયો છે. મેં આમાં બંનેની માનસિક શિથિલતા એવો શબ્દ પ્રયોગ કર્યો છે. કેમ કે કોઈ પણ કામ-ખાસ કરીને સંયમ કે શારીરિક પવિત્રતાના ભંગનું-કોઈ એક જ માણસની ઈચ્છાથી થતું નથી. તેમાં બંને પક્ષની વત્તીઓછી ઈચ્છા હોય જ. તે વાત જવા દઈએ તો પણ હજી તમે બંને આ માટે ઈશ્વર પર શ્રદ્ધા રાખી પ્રયાસ કરશો તો ઈશ્વરની દયાથી સફલતા મેળવી શકશો. આ માટે કાયમ માટે અલગ સુવાનો નિર્ણય કરી લેવો જોઈએ. તે સાથે શરીરની ગંદકી ને નશ્વરતાનો તેમ જ સંયમપાલનથી થતા લાભનો ને તેના ભંગથી થતાં નુકશાનનો વિચાર કરતા રહેવું જોઈએ. આ શરીર હાડમાંસ ને મળનું પૂતળું છે. તેમાં કાંઈ જ રસ કે સુંદરતા નથી. માણસો કેવલ ઉપર ઉપરના આકર્ષને લીધે જ તેમાં લપટાય છે. પણ ઈશ્વર વિના બીજી કોઈયે વસ્તુમાં આસક્ત થવાથી જીવનનું સાફલ્ય મળી શકતું નથી, કે પૂર્ણતા ને મુક્તિની પ્રાપ્તિ પણ થઈ શકતી નથી. આ મહાન સત્યને સમજી તથા યાદ રાખી, તે પ્રમાણે ચાલવાનો પ્રયાસ કરનારાં માણસો આજે વિરલ જ દેખાય છે. તુલસીદાસને તેની સ્ત્રીએ મોહના અંચળાને ફગાવી દઈ, જે વીરતાભર્યો ઉપદેશ આપ્યો-ને જેને પરિણામે તુલસીદાસ રામમય બન્યા, તેવો ઉપદેશ પોતાના પતિને આજે કેટલીક સ્ત્રીઓ આપતી હશે, ને કોઈ આપતી હશે તો પણ તેને સાંભળનાર કોણ હશે ? વૈરાગ્ય ને ત્યાગ કે જ્ઞાનની વાતો મોઢેથી કરવી સહેલી છે, પણ તેનો આચાર ખરે જ કપરો છે. ને આચાર વિના જીવનનો આનંદ મળી શકતો નથી એ નક્કી વાત છે. આજની દુનિયામાં જાતીય આકર્ષણ કે શરીર ભોગની ભૂખ ઘણી જ વધી ગઈ છે, ને વધતી જ જાય છે. પંડિત, જ્ઞાની, સાક્ષર ને નિરક્ષર, આ બદીમાં સપડાયલા છે. પોશાક ને હલનચલનનો ઉપયોગ તે માટે જ થાય છે. હોઠને રંગવાનાં ને પાવડર જેવાં બીજાં સાધનો છુટથી પ્રચલિત થતાં જાય છે, ને કેટલેક સ્થળે તો વૃદ્ધાઓ પણ તેનો ઉપયોગ કરી બીજાને આકર્ષવા પ્રયાસ કરે છે. આ વૃત્તિ સ્વચ્છંદપણે વધતી જાય છે, ને તેને રોકવાનો પ્રયાસ કરવાની ખૂબ જ જરૂર છે. આવા કપરા વિલાસયુગમાં સંયમનું અસિધારાવ્રત લેવું એ ઈશ્વરની કૃપાનું જ ફળ છે. ભલે બીજાં માણસો ગમે તેમ કરે. થોડાક માણસો પણ સંયમશીલ બને તો તે વસ્તુ સમાજને માટે તેમ જ વ્યક્તિગત રીતે ખૂબ જ ઉપકારક થઈ શકે. તમે આ માટે પ્રયાસ કરો તો આનંદની વાત છે. પણ તે પ્રયાસને વળગી રહેજો. બીજાની સેવા કરવા ઈચ્છનાર કે આત્મિક ઉન્નતિ કરવા માગનાર પુરુષે મારી માન્યતા પ્રમાણે તો અપરિણીત રહી સંયમી બનવું જ ઉત્તમ છે. એના જેવો માર્ગ તો કોઈ જ નથી. પરંતુ જે પરિણીત હોય, તેણે બનતા સંયમ પાળી સંતાનોની સેનાને વધારવામાં નિમિત્ત ના

બનવું જોઈએ. વધારે સંતાન એટલે વધારે ઉપાધિ, ને વધારે બંધન. માણસ તેમની જ ચિંતામાંથી મુક્ત ના થઈ શકે તો બીજાની સેવા માટે બધો જ સમય ને શક્તિ કેવી રીતે આપી શકે ? વળી શરીરના આરોગ્યની દૃષ્ટિએ પણ સંયમનું મૂલ્ય ઓછું નથી. ઉપરા ઉપરી સુવાવડથી સ્ત્રીનું શરીર નબળું ને કુરૂપ થતું જાય છે - સિવાય કે તદ્દન સશક્ત હોય. આજે તો દેશની વસ્તી વધતી જ જાય છે. એટલે પૂર્ણ સંયમનું પાલન દેશને માટે પણ હિતકારક જ છે.

હું તમને જે સૂચના આપું છું તે પ્રેમથી જ આપું છું. તેનો ભંગ થાય તેથી ડરવાનું કારણ નથી. તમારી ઈચ્છા જાગ્રત હશે, ને તે માટે પ્રયાસ પણ ચાલુ હશે, તો તમે સફળ થઈ શકશો. આ સંસારમાં પ્રયાસ કરનારને માટે કશું જ અશક્ય નથી તે યાદ રાખવું. આ માટે મનોબળ ઘડતા રહેવું જોઈએ, ને ઈશ્વર પ્રાર્થનાનો આશ્રય પણ લેવો જોઈએ. સારા ગ્રંથોનું વાચન-મનન પણ આમાં સહાય કરે છે.

તમારી નોકરી સંબંધી જાણ્યું. આ બાબત ઈશ્વર તમને યોગ્ય રાહ બતાવશે જ. એટલે ચિંતા ના કરશો. કેવલ આધ્યાત્મિક પ્રવૃત્તિ કરવાનું કામ ઘણું સારું છે. પણ જ્યાં સુધી તેની જરૂરી ભૂમિકા તૈયાર ના થાય ત્યાં સુધી કોઈ ને કોઈ કામ આજીવિકા માટે કરવું જ જોઈએ. સંસારી માણસ માટે તે ખૂબ જરૂરી છે. આધ્યાત્મિક પ્રવૃત્તિની ચોક્કસતા પછી જ તે ક્ષેત્રમાં ઝંપલાવવું ડહાપણભરેલું ગણી શકાય. માટે તે બાબત હાલ સાહસ કરવું બરાબર નહિ. તેને માટે યોગ્ય સમય આવશે ત્યારે હું તરત જણાવીશ.

ભારત સેવા સંઘમાં જોડાવું ઠીક લાગતું હોય તો એકાદ કલાક સેવા આપવાનું સારું છે. આ બાબત તમારી પોતાની બુદ્ધિમાં મને વિશ્વાસ છે. એટલે અનુકૂળતા પ્રમાણે વિચાર કરી પગલું ભરશો.

મુંબઈની કોન્ફરન્સમાં ડો. રાધાકૃષ્ણને સંતતિનિયમન માટે પરદેશી સાધનોની ભલામણ કરી તે જાણવું. આ બાબતમાં નહેરુજીનું દૃષ્ટિબિંદુ તેમની સાથે મળતું થાય છે. આ સંબંધી મારા વિચાર મેં વારંવાર જણાવ્યા છે. તેને બદલવાનું કોઈ કારણ હજી ઉપસ્થિત થયું નથી. મારા અભિપ્રાય પ્રમાણે આ દેશમાં સંતતિનિયમન માટે પરદેશી કે તેવાં દેશી સાધનનો ઉપયોગ થવો જોઈએ નહીં. સંતતિનિયમનની જરૂર આ દેશમાં છે તે સાચું. પરંતુ તેને માટે આવાં કૃત્રિમ સાધનોની જરૂર નથી. તેનો પ્રચાર કરવાથી દેશમાં સ્વચ્છંદ, વિલાસ ને છૂપાં પાપ વધતાં જ જશે. મતલબ કે નીતિ ને ચારિત્ર્યનું ધોરણ છે તેનાથી પણ નીચું જશે. આ સાધનોના વારંવાર વપરાશથી આરોગ્ય પણ જોખમાશે. આજે લોકલજ્જાને લીધે જે કેટલોક સંયમ બળજબરીથી પણ પળાય છે, તે સંયમ દૂર થશે, ને કૌમાર્ય અવસ્થાથી માંડી બધી જ અવસ્થામાં લોકો ભોગપરાયણ બનતા જશે. આ છતાં પણ સંતતિનિયમન તો નહિ થાય. તમે સંતતિનિયમનનાં સાધન ઘરેઘરે છૂટથી વહેંચો, તો પણ બધા લોકો તેને નહિ જ વાપરવાના. હા, વેશ્યાઓ ને સ્વચ્છંદી નટનટીઓ ને વિલાસી જીવન જીવવા છતાં પાપ છુપાવવા પ્રયાસ કરનારા તેનો લાભ લેશે. બાકી તેથી વિશેષ લાભ નહિ થાય. સંતતિનિયમનને માટે પ્રજાના દિલમાં સંયમ ને બ્રહ્મચર્યની મહત્તા ઠસીને વણાઈ જવી જોઈએ. આ માટે આખાયે દેશમાં નીતિ ને સંયમના પ્રસારની વિરાટ ચળવળ ઉપાડવી જોઈએ. આ બધું કોઈ આધ્યાત્મિક મહાપુરુષો દ્વારા થવું જોઈએ. સંયમ માટે ત્રણ વર્ગ પાડવા જોઈએ. પહેલા વર્ગમાં એવાં સ્ત્રી-પુરુષો હોય કે જે આજીવન બ્રહ્મચર્ય પાળીને અપરિણીત રહેવાનું વ્રત લે. બીજા વર્ગમાં વધારેમાં વધારે ત્રણ સંતાન થયા પછી બ્રહ્મચર્યનું વ્રત લેનાર સ્ત્રી-પુરુષો હોય. ને ત્રીજા વર્ગમાં પરણ્યા પછી વધારેમાં વધારે દસ વરસ પછી

તદ્દન સંયમ પાળનારા સ્ત્રીપુરુષો હોય. આની સાથે સંતાન હોય કે ના હોય છતાં એક જ વાર લગ્ન કરવાનું વ્રત લેવાવું જોઈએ. ભારતમાં કયાંય વેશ્યાનું બજાર ખુલ્લી કે છૂપી રીતે ચાલવું ના જોઈએ. આજના સભ્ય દેશને માટે વેશ્યા પ્રથા એક કલંક છે, ને હરેક સુધરેલા દેશે તેનો અંત આણવો જોઈએ. આની સાથે સાથે લગ્નસંસ્થા જ્યાં નહિવત્ કે શિથિલ દશામાં છે, ત્યાં વારંવાર પતિ બદલવાને નામે જે વેશ્યાવૃત્તિ ચાલે છે, તેનો પણ અંત આવવો જોઈએ. આ ઉપરાંત, સંતાનને માટેની ભંયકર અને અજ્ઞાનજન્ય ભૂખ પ્રજાના દિલમાંથી દૂર કરવી જોઈએ. સંતાનપ્રાપ્તિ એ જ લગ્નનું ધ્યેય છે, સ્ત્રી માતા થવા જ સર્જાયલી છે, ને સંતાન વિના કોઈની ગતિ થઈ શકતી નથી, એ ખોટી પુરાણી માન્યતા દૂર થવી જોઈએ. આ ઉપરાંત, શારીરિક ને આર્થિક રીતે સંયમથી થતા લાભની સૌને સમજ પાડવી જોઈએ. ને સિનેમા, સાહિત્ય તેમ જ કલાને નામે જાતીય વૃત્તિને ઉશ્કેરવાના પ્રયાસને જડમૂળથી દૂર કરવા જોઈએ. નીતિ ને ધર્મના પ્રચાર દ્વારા આમ પ્રજા જ્યારે સંયમનું મહત્વ પોતાને ને દેશને માટે સમજશે, ત્યારે જ સંતતિનિયમન શક્ય બની શકશે. આવી વિરાટ ને બુદ્ધિપૂર્વકની રીત વિના કેવળ સંતતિનિયમનનાં સાધનનો પ્રચાર ભયંકર પરિણામો લાવશે ને દેશ પતનને માર્ગે જ વળશે. માણસની કીંમત ચારિત્ર્યની ઉન્નતિમાં જ છે, ને તે તેણે સાધવી જ જોઈએ. એનો ઈન્કાર થઈ શકે નહીં. આજનો રોગ કેવળ પ્રજા કે વસ્તીનો વધારો જ નહિ, પણ વિલાસનો વધારો ને ચારિત્ર્યનું પતન ને સંયમનો અભાવ છે. એટલે તેનું ઓસડ કરવું જોઈએ. તે વિના સંતતિનિયમનના સાધનથી તેનું ઓસડ કેવી રીતે થઈ શકશે ? આ બાબત ગાંધીજીના વિચાર સાથે હું પૂર્ણપણે સહમત છું.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૮ : સાત્વિકતાની ખીલવણી

સરોડા

તા. ૩૦ જાન્યુ. ૧૯૫૩

પ્રેમી ભાઈશ્રી ભાઈલાલભાઈ,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. સમાચાર જાણી આનંદ થયો.

ખરેખર, માનવનું જીવન આ પૃથ્વી ને તેના જેવી બીજી અનેક પૃથ્વી એટલે સમસ્ત બ્રહ્માંડની સરખામણીમાં છેક જ સ્વલ્પ, એક લગીર જેટલા તણખલા જેવું છે. આટલા વિશાળ બ્રહ્માંડમાં માણસની કીંમત કીટાણું કરતાં પણ ઓછી છે. છતાં તેની શક્યતાનો એટલે કે માનવજીવનની સંભવિતતાનો વિચાર કરીએ તો તેની કીંમત ખૂબ જ વધારે લાગે છે, ને માનવજીવન ગુણ ને સારની દૃષ્ટિએ સમસ્ત બ્રહ્માંડ કરતાં પણ વિશાળ લાગે છે. આ જીવનમાં સૌથી વિશેષ આનંદ નીતિના આચરણોનો ને આત્મદર્શન કે ઈશ્વરદર્શનનો છે. તે ઉપરાંત આ જીવન દ્વારા માણસ ધારે તે બધી શક્યતા માનવજીવનમાં જ રહેલી છે, ને તેને લીધે જ તેનું મૂલ્ય ઘણું જ વધી જાય છે. તે મૂલ્યને સમજીને જો જીવનને યોગ્ય વળાંક આપવામાં આવે તો જીવન સાચા અર્થમાં ધન્ય બની જાય. પણ માણસ વધારે ભાગે સંસારનાં ક્ષણિક સુખો ને નશ્વર પદાર્થોમાં જ આસક્ત થઈ રહે છે. આને લીધે જ તેને ક્લેશ ને કષ્ટોનો સામનો કરવો પડે છે. ને સંસારમાંથી તે ખાલી હાથે વિદાય લે છે. જીવનને સુખી ને ગૌરવવંતુ બનાવવા માણસે અસત્યને છોડી સત્યમાં પ્રતિષ્ઠત થવાનું છે. એટલે કે પરમ સત્યરૂપી પરમાત્માની પ્રાપ્તિ કરવાની છે. અજ્ઞાન ને અવિવેકને દૂર કરી જ્ઞાન ને વિવેકદૃષ્ટિ તેમ જ ઈશ્વરી પ્રેમના પ્રકાશથી તન, મન ને અંતરને રંગવાનું છે. તેમ જ ભય ને શોક, મોહ ને મમતા તેમ જ રાગ ને દ્વેષમાંથી મુક્ત થઈ અમૃતમય ને પૂર્ણ બનવાનું છે. ભારતની આ સાધના છે. આત્મિક વિકાસના પ્રવાસીએ તેને જીવનમાં અપનાવવાની છે.

આધ્યાત્મિક અનુભૂતિનો આનંદ કેવલ તર્ક દ્વારા પ્રાપ્તિ થનારી વસ્તુ નથી. તેને માટે સતત તપશ્ચર્યાની જરૂર પણ પડે છે. તર્કનો ઉપયોગ મર્યાદિત જ છે. તેથી કેટલોક ખુલાસો ને કેટલુંક સમાધાન મળે છે. પરંતુ સાધનાનો સાચો આનંદ તર્કની પણ પાર પહોંચી, આત્માનુભવમાં પ્રતિષ્ઠિત થવાથી જ મળે છે. એટલે સાધનામાં વધારે જરૂરી વસ્તુ અનુભવ જ છે. સાધકે તેને મેળવવા માટે બધુંયે ધ્યાન લગાડી દેવું જોઈએ. આવો અનુભવ થોડીક વારમાં જ મળી જતો નથી. તે માટે ધીરજ ને ઉત્સાહ તથા લગન ને એકધારા પુરુષાર્થની જરૂર પડે છે. તે દ્વારા સાધક ઈશ્વરની કૃપા મેળવી શકે છે.

બને તેટલું ધ્યાન કરતા રહેશો. જપ સાથેનું ધ્યાન ખૂબ સરલ ને આનંદમય બને છે. નિયમિત જપ ને ધ્યાન કરવાથી મનોબળમાં વૃદ્ધિ થાય છે. ને સાથે રોજના જીવનનું સતત નિરીક્ષણ કરી પોતાની ત્રુટિને દૂર કરવા પ્રયાસ કરવો જોઈએ. સાત્વિકતાની ખીલવણી આધ્યાત્મિક વિકાસમાં ખૂબ જરૂરી છે. રોજીંદા જીવનમાં પ્રેમ, ઉદારતા, સત્યતા ને આનંદને વધારે ને વધારે પ્રમાણમાં સ્થાન આપવું જોઈએ

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૭૯ : પોતે જ પોતાના વિવેચક

સરોડા

તા. ૩ માર્ચ ૧૯૫૩

પ્રેમી ભાઈશ્રી ભાઈલાલભાઈ,

તમારો પત્ર મળ્યો છે. બે દિવસ અગાઉ તમારા તરફથી મોકલેલો ફોટો પણ મળ્યો છે. ફોટો સારો આવ્યો છે. તમારા પ્રેમ ને તમારી ઈચ્છાનું તે ફળ કહી શકાય. આ વખતે અમારે અહીં સારું રહેવાનું થયું. જગા એકાંત જેવી છે. એટલે સારું લાગે છે. હવે પ્રભુઈચ્છા હશે તો અગિયારસ બાદ સાબરમતી જવા ઈચ્છા છે. ત્યાં એકાદ માસ રહેવાનું થશે. તે બાદ થોડા દિવસ જુનાગઢ આવવાનું થાય તો ઠીક, નહિ તો હિમાલય તરફ જવાનું થશે.

આત્મિક સાધનાના માર્ગમાં તીવ્ર ઈચ્છાની જરૂર ખૂબ વધારે છે. સાધના માટેની તીવ્ર ઈચ્છા, સૌથી પહેલી આવશ્યકતા છે. તીવ્ર ઈચ્છા હશે તો આગળની મદદ આપોઆપ મળશે. એ નિયમ છે. તીવ્ર ઈચ્છાવાળા સાધકને કોઈ માર્ગદર્શકની જરૂર હોય છે તો તે પણ તેને જરૂર મળી રહે છે, અથવા ઈશ્વર પોતે તેને પ્રેરણાનું પિયૂષ પાઈને આગળ વધારવાનું કામ કરે છે. અલબત્ત, આ ઈચ્છા તીવ્રની સાથે સાથે સતત પણ હોવી જોઈએ. એટલે કે કોઇયે સંજોગોમાં શિથિલ થવી કે નિર્મૂળ થવી જોઇએ નહીં. આની સાથે સાથે સાધકે સત્વગુણની મૂર્તિ બનવા પ્રયાસ કરતા રહેવું ઘટે છે. આને માટે રોજીંદા જીવનના નાના મોટા પ્રસંગોનું પરીક્ષણ ને પોતાની જાતનું નિરીક્ષણ કે સ્વભાવનું અન્વેષણ કરવાની જરૂર હોય છે. આનો અર્થ એ થયો કે સાધકે પોતે જ પોતાના વિવેચક કે ટીકાકાર થવું. સતગુણની સ્થાપના સાધનાની અનિર્વાય આવશ્યકતા છે. તે સારા પ્રમાણમાં સિદ્ધ થતાં સાધકનું નિર્મલ હૃદય ઈશ્વરની પ્રેરણાને ઝીલવાને શક્તિમાન બની શકે છે, અથવા અંત:પ્રેરણા મેળવી શકે છે. આનો અર્થ એ થયો કે સાધક ઈશ્વર સાથે સંબંધ બાંધે છે, ને પછી ઈશ્વર જ તેને દોરે છે. આ દશા વિરલ છે, પણ ઈશ્વરી કૃપાથી પ્રેમી ને પવિત્ર સાધકોને પ્રાપ્ત થઈ શકે છે. પ્રાર્થના ને ધ્યાન કરતા રહેજો. પ્રેમી ભાઈઓ કુશળ હશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૦ : જ્ઞાનદૃષ્ટિની પ્રાપ્તિ

ઋષિકેશ

તા. ૧૦ જૂન, ૧૯૪૮

પ્રિય ભાઈશ્રી નારાયણભાઈ,

તમારો હમણાંથી કોઈ જ પત્ર નથી. શું કામમાં પડી ગયા ? ઘરસંસારની વિટંબણામાં વધારે પડતું ધ્યાન ના આપશો. તેમાં મન તદ્દન સંડોવાઈ ના જાય તે માટે સાવધ રહેજો. જીવનનો મૂળ ઉદ્દેશ ઘણો જ વિરાટ છે. ને તેને ચરિતાર્થ કરવા માટે પ્રયાસ કરતા રહેવાનું છે. સ્ત્રી, પુરુષ ને એવી ઘરસંસારની સૃષ્ટિ બ્રહ્મા બની માણસે ઊભી કરી છે, એટલે તેની સંભાળમાંથી તે છટકી ન જ શકે. પરંતુ તે સૃષ્ટિની મર્યાદાનો ખ્યાલ પણ માણસને ના રહે તો તે તેમાં જ આસક્ત બની જાય. ઈશ્વર કે આત્મપ્રાપ્તિ જીવનનું મૂળ ધ્યેય છે. શરીર તેને જ માટે છે. તે ભુલાઈ જાય ને માણસ શરીર ને સંસારના વિષયોમાં આસક્ત બને તે જ આત્મઘાત કહેવાય. આ રીતે જોઈએ તો આ સંસારમાં હજારો-લાખો માણસો પ્રતિપળે જીવતાં જ આત્મઘાત કરી રહ્યાં છે. આત્મા ને ઈશ્વરથી દૂર ને દૂર જઈ રહ્યા છે. સત્ય ને સેવા, પ્રેમ ને પવિત્રતા, શુદ્ધિ ને આત્મોન્નતિની સાધના લુપ્ત થતી જાય છે. ઉપનિષદની દૃષ્ટિએ આ બધો આત્મઘાત જ છે. અને આનું પરિણામ પણ સ્પષ્ટ જ છે. જીવતા નરક એટલે કે દુઃખ-દર્દ ને યાતના તેમ જ પરેશાનીમાં માણસ ડૂબતો જાય છે. જીવનની જટિલતામાં માણસ ઈશ્વરનું શરણ લઈ શકતો નથી. પરંતુ એ પણ સાચું છે કે ગમે તે પ્રકારે પણ માણસ જો ઈશ્વરનું શરણ લે તો જીવનની જટિલતા દૂર થવામાં ઘણી જ મદદ મળે છે એમાં શંકા નથી. માણસ જેટલા પ્રમાણમાં પણ ધર્મ ને નીતિ કે ઈશ્વરની પાસે ને પાસે પહોંચશે. તેટલા પ્રમાણમાં શાંતિ, સુખ ને સલામતીની સન્નિકટ જતો જશે એ નિર્વિવાદ છે.

પરંતુ તે ક્યારે બને ? 'દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્' એ મંત્ર પ્રમાણે માણસને દિવ્ય ચક્ષુની પ્રેરણા ને જ્ઞાનદૃષ્ટિની પ્રાપ્તિ થાય ત્યારે, અંતરની આગળનાં અજ્ઞાન-આવરણ દૂર થઈ સાચા ને ઈશ્વરપરાયણ જીવનની ભૂખ જાગવા માંડે. શાંતિના પરમ મધુર સુધારસને ચાખવાની તલપાપડતા થવા માંડે, ત્યારે એ બની શકે. જીવનને ધન્ય કરવા માગનાર માણસે તો એક દિવસ એ કરવું જ પડશે. જે વહેલો જાગશે તેને વહેલો લાભ થશે એ નક્કી છે. જીવન વહ્યું જ જાય છે. આ જીવનનાં મહિમાગાન ગાતાં મહાપુરુષો ને મહાન ગ્રંથો પણ થાક્યા નથી. મોક્ષનું દ્વાર ને દેવદુર્લભ જેવાં વિશેષણો આપીને જીવનની મહત્તા તેમણે બતાવી છે. તે મહત્તા જાણી લઈને માનવ જો જાગી જાય, ને ઉત્તમ બનવા પ્રયાસ કરવા માંડે, તો જીવનને તે અમૃતમય બનાવી શકે. ભારતના ઋષિવરોનો આ અમૂલ્ય જ્ઞાનવારસો છે. તે અપનાવવામાં આવે તો વ્યક્તિ ને સમષ્ટિનું ભારે હિત થઈ શકે.

જપ કે ધ્યાન કરતા રહેશો. સારું વાચન પણ ચાલુ રાખજો. તમારા સંસ્કારો ઊંચા છે. આત્મા જાગૃત છે. તે વધારે વિકસે એવા પ્રયાસ કરજો. સંયમની ફરિયાદ દૂર કરવા બનતું બધું કરજો. બસ નિશ્ચયની જ વાર છે. નિશ્ચય હોય તો એવી કોઈયે મુશ્કેલી નથી જે જીતી ના શકાય. પુરુષાર્થથી જે ડરતા નથી, થાકતા નથી કે નાહિંમત બનતા નથી, તે વિજયને જરૂર વરી લે છે. શરીર ને ઈન્દ્રિયોનાં બધાં જ સ્પર્શજન્ય સુખ

ક્ષણિક છે, તે ઉપરાંત, માણસની શક્તિનો હ્રાસ કરે છે, એમ માનીને ડાહ્યા પુરુષો તેમાં આનંદ માનતા કે ડૂબી જતા નથી. આ કામ કંઈક કપરું છે એ સાચું. પણ જેને કામ કરવું જ છે એને માટે શું કપરું છે ? ઈન્દ્રિયો કરતાં મન બળવાન છે. તે મનને વિવેક દ્વારા વશ કરી પોતાની ઈચ્છા પ્રમાણે દોરી શકાય છે. કેમ કે સૌથી વધારે શક્તિશાળી એવો આત્માનો પ્રકાશ મનુષ્યમાત્રના દિલમાં પથરાયલો છે. તે પ્રકાશનો આશ્રય લીધો નથી, ત્યાં સુધી જ માણસ અંધકારમાં ભમ્યા કરે છે. પ્રભુના પ્રેમપ્રકાશને પકડી જે પ્રભુનો જ આધાર રાખે છે, તે તો પ્રકાશરૂપ ને પ્રલોભન તેમ જ સર્વે પ્રકારનાં ભયસ્થાનોથી નિર્ભય બની જાય છે.

દૃઢનિશ્ચયી માણસ શું ન કરી શકે ? મુશ્કેલીઓને વટાવીને તે ગંતવ્યસ્થાને પહોંચી શકે. સંસારમાં અત્યાર સુધી જે કઠિન ગણાતું હતું તે એવરેસ્ટ પર ચઢવાનું કામ પણ નિશ્ચય ને પુરુષાર્થથી સફળ થઈ શક્યું. એ માન એક ભારતીયને પણ મળ્યું. નેપોલિયને આલ્પ્સ ઓળંગ્યો. ઈચ્છાશક્તિના આ બધા ખેલ છે. તેને ગમે તે દિશામાં વાળો. ચાહે તો તે દ્વારા હાથી, સિંહ કે વાઘ જેવાં ભયંકર પ્રાણીને વશ કરીને સરકસમાં નચાવો કે સમુદ્ર કે પર્વતનાં રહસ્યો શોધો. કાં તો એ જ શક્તિથી આત્મ-વિકાસના માર્ગમાં મદદ મેળવી ધ્રુવ ને પ્રહલાદની જેમ ઈશ્વરના આસનને ડોલાવો. બુદ્ધની જેમ બોધિ મેળવો, ને શંકરની પેઠે સંસારને સત્યનો સાક્ષાત્કાર કરાવવા નીકળી પડો. આ જ મનોબળથી તો ગાંધીજીએ ભારતમાંથી બ્રિટીશ સલ્તનતને દૂર કરી, ને આજે તેમના જ સાચા અનુયાયી વિનોબાજી પગે પરિભ્રમણ કરીને ભૂદાનયજ્ઞનો ચમત્કાર સર્જી રહ્યા છે. દરેક માણસમાં આ શક્તિ છે. ફક્ત તેનો ઉપયોગ કેમ કરવો તે જ તેણે નક્કી કરવાનું છે. માણસ ધારે તો તે શક્તિને કેળવીને મહત્તાના ગમે તેવા ઉચ્ચોચ્ચ એવરેસ્ટ શિખર પર ચઢી શકે છે. છતાં આશ્ચર્યની વાત છે કે માણસો પોતાની નાની નાની વાતોમાંથી જ ઊંચે નથી આવતા !

હમણાં અમે અહીં જ રહીશું. ગરમી ખૂબ પડે છે. યાત્રા પણ સારી છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૧ : જીવનનો ઉપયોગ

ઋષિકેશ

તા. ૩ જુન, ૧૯૫૩

પ્રેમી ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. આનંદ થયો.

જીવનમાં નક્કર નૈતિક ને આત્મિક વિકાસને માટે દૃઢ મનોબળ, લગની ને સતત પુરુષાર્થની જરૂર છે. માણસે પોતાની ભૂલ કે નબળાઈને પકડી પાડવામાં પાછી પાની કરવી ના જોઈએ. વળી, ભૂલ કે ત્રુટિને પકડીને બેસી રહેવાથી પણ કોઈ ખાસ હેતુ સરતો નથી. ઘણાં માણસોને પોતાની ભૂલનું ભાન હોય છે, તેને તે કબૂલ પણ કરે છે, પણ વાસ્તવ જીવનમાં પાછા તે જ ભૂલોનો શિકાર બને છે. ભૂલોને જાણી લઈને તેમને દૂર કરવા કટિબદ્ધ થવું જોઈએ. કેવલ ભૂલોના પોપટપારાયણથી કાંઈ જ વળતું જ નથી. આ માટે ખૂબ નૈતિક હિંમત ને પુરુષાર્થ જોઈએ. કેમ કે કામ કપરૂં છે. છતાં માણસ આથી પણ કપરાં કામ કરે છે. પાણી પર તરી, ભયંકર નદી કે સાગરને પાર કરવા, સાપ ને હાથી તેમ જ વાઘ સિંહ ને રીંછ જેવાં જંગલી જનાવરને વશ કરવાં, પર્વતો પર પ્રાણને હથેળીમાં લઈને ચઢી જવું તેમજ યુદ્ધના મેદાનમાં જીવનમરણની પરવા કર્યા વિના લડવા માટે નીકળી પડવું, આવાં અનેક કામ માણસો કરે છે. સંસારમાં પણ ધન, ધરા ને રમા તેમ જ કીર્તિ માટે માણસો ઓછો પરિશ્રમ કરતા નથી. પણ સાચી વાત એ છે કે માણસને નૈતિક સુધારણા કે આત્મોન્નતિનું સાચું ગૌરવ સમજાવું જોઈએ. માણસ જ્યાં લાભ જુએ છે ત્યાં તેને મેળવવા માટે કમર કસીને પડે છે. માનસિક નબળાઈને દૂર કરવી જોઈએ ને તે માટે જે વ્યક્તિ કે વસ્તુના સમાગમમાં આવવાથી માનસિક નબળાઈને ભૂલોની પરંપરાને વેગ મળતો હોય, તે વ્યક્તિ કે વસ્તુથી દૂર રહી, તેની કામચલાઉ પરહેજી પાળવી જોઈએ. આ વિના આત્મોન્નતિનો કોઈ ઉપાય નથી. માનવજીવનની શક્તિ ને શક્યતા ઘણી જ વિશાળ છે. તેનો પૂરેપૂરો લાભ લેવા માટે જેને તત્પર થવું હોય તેણે ભૂલો ને માનસિક નબળાઈની નાગચૂડમાંથી સૌથી પહેલાં ને વહેલાંમાં વહેલી તકે છૂટવું જોઈએ, ને તે બાદ ઉન્નતિ માટેના અમુક ચોક્કસ નિયમો પ્રમાણે જીવન ઘડવું જોઈએ. આ જ સાધના કે તપશ્ચર્યા કહેવાય છે. ને આમાં પ્રમાદ સેવવો એ આટલા મહાન મણી જેવા જીવનને કાચની કીમતે નાખી દેવા બરાબર છે. માનવજીવન મુક્તિ માટે છે ને તે દ્વારા મુક્તિનો આનંદ મેળવવો જ જોઈએ.

સંસારમાં સામાન્ય રીતે માણસો સ્ત્રી, સંતાન, ધન ને બીજા વિષયસુખમાં જ સંતોષ માને છે. પણ આ અજ્ઞાન જ છે. આ બધા વિષયસુખના પદાર્થો તો પશુની યોનિમાં પણ શું ન હતા ? જેનામાં માનવતા નથી, ને માનવ તરીકેની ઉત્તમ શક્તિનો વિકાસ કરીને જે ઈશ્વરને ઓળખવાનો પુરુષાર્થ કરતો નથી તેના જીવનનો કંઈ જ અર્થ નથી. આ જીવનનો સમ્યક્ ને મહાન ઉપયોગ કરવો જેઈએ. નદીનું નીર જેમ અનેકને કામ લાગે છે, ને વૃક્ષોનાં ફૂલ ને વહેતો વાયુ સમસ્ત સંસારની મિલ્કત બની જાય છે, તેમ જીવન બીજાને માટે પ્રેરણારૂપ, શાંતિરૂપ ને સહાયરૂપ થવું જોઈએ. પણ જેની પોતાની જ પાસે શાંતિ ને શક્તિ નથી, જે

પોતે જ મરુભૂમિમાં જીવન જીવે છે. તે નદી બનીને બીજાની તરસને કેવી રીતે મટાડશે ? એટલે પહેલાં શક્તિ તૈયાર કરવાની જરૂર છે. તે તૈયાર થતાં આગળનો માર્ગ સાફ થઈ જાય છે.

આત્મોન્નતિની સાધના છોડવી ના જોઈએ. આ સંસારમાં ઉન્નત દૃઢ નિશ્ચય ને તેમાંથી પરિણમેલો પુરુષાર્થ કદી પણ નકામાં જતાં નથી. જે પોતાની મજલ ચાલુ રાખે છે તે ફળ જરૂર મેળવે છે. કોણ જાણે ક્યારે ફળ મળે, ને જીવન સફળ થઈ જાય. તે ઘડીની કોને ખબર છે ? એટલે પ્રયાસ કરતા રહેવું એ જ મહામંત્ર છે. એમ કરતાં જ એક ધન્ય ક્ષણે ઉન્નતિનું એવરેસ્ટ શિખર સર કરી શકાશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૨ : આત્મિક વિકાસની સાધનામાં શું જરૂરી ?

ભરતમંદિર, ઋષિકેશ
તા. ૪ જુલાઈ, ૧૯૫૩

પ્રેમી ભાઈશ્રી ભાઈલાલભાઈ,

તમારો પ્રેમ પત્ર મળ્યો છે. આનંદ થયો. તમે મુંબઈના સરનામે ઈલસ્ટ્રેટેડ વીકલીમાંથી ‘હુ આફ્ટર નહેરુ’ લેખનું બુકપોસ્ટ કર્યું ને એક પત્ર પણ લખ્યો, પરંતુ કોઈ કારણથી મને તે મળી શક્યાં નથી. નારાયણભાઈ મુંબઈથી હાલ એક માસ માટે દેશ ગયા છે. છતાં તમારા લખ્યા પ્રમાણે તે મુંબઈ હતા ત્યારે જ તમારું રવાના કરેલ બુકપોસ્ટ તેમને મળી જવું જોઈએ. આ માટે તપાસ કરવા નારાયણભાઈને મેં લખેલ છે. તમારા પત્ર ને બુકપોસ્ટને મળવાની આશા હવે તો ઓછી છે. તમે જે લાગણીથી તે મોકલ્યું હશે તે હું સમજી શકું છું. હવે તો જો ઈલેસ્ટ્રેટેડ વીકલી બીજી પ્રત કોઈને ત્યાં હોય તો તેમાંથી લેખની નકલ કે લેખની કાપલી મને મોકલજો. જરૂર. જો તે શક્ય ન જ હોય તો ‘હુ આફ્ટર નહેરુ’ લેખની મુખ્ય વસ્તુ લખી જણાવજો. ને ઉપરાંત તે લેખ ‘ઈલસ્ટ્રેટેડ વીકલી’ ના કયા માસની કઈ તારીખના અંકમાં છે તે પણ જણાવજો તો હું મુંબઈ કે અમદાવાદ તેને માટે લખીશ. આટલું એક કામ તમારે ખાતે બાકી રહે છે.

ભારતમાં છેલ્લે છેલ્લે બે મુખ્ય બનાવ બની ગયા. એક તો એવરેસ્ટનું આરોહણ ને બીજું ડો. શ્યામપ્રસાદ મુકરજીનું અવસાન. દૃઢ શ્રદ્ધા, નિષ્ઠા ને લોખંડી ઈશ્વરશક્તિ તેમ જ સતત પુરુષાર્થ શું કરી શકે છે તેનું એવરેસ્ટ વિજય એક અજોડ દષ્ટાંત છે. ભૌતિક વસ્તુ કે દુનિયા પર વિજય મેળવવાના પ્રયોગ ગાંધીજી ને શ્રી અરવિંદ જેવા ઉચ્ચ પ્રયોગશીલ પુરુષોના આત્મિક જીવનના વિકટ પ્રયોગો પાસે કંઈ જ વિસાતમાં નથી. બંનેની દિશા જુદી છે છતાં માનવની ઈચ્છાશક્તિ ને કર્તવ્યપરતા બંનેમાં જરૂરી છે. જંગલી જનાવરને વશ કરવાની, સાપને જીતવાની તેમ જ પહાડ ને સાગરને સર કરવાની માનવવૃત્તિને જો નૈતિક ને આત્મિક માર્ગના મહામૂલાં મોતી મેળવવાના કામમાં વેગ મળી જાય તેમજ માનવહિતને માટે જાતને ફના કરવાના સેવાયજ્ઞનો સાથ સાંપડી જાય તો માનવ તેમ જ સંસારનું મહાન મંગલ થઈ શકે. માણસ જો ધારે તો તેને માટે કંઈ જ અસંભવ નથી. જીવનની શક્યતા ખૂબ જ વિરાટ છે. ફક્ત તેનો વિકાસ કરવાની તાલીમ મળવી જોઈએ. આત્મિક વિકાસની સાધનામાં પુરુષાર્થનું સાતત્ય, દૃઢ મનોબળ ને ત્યાગની ખૂબ જરૂર પડે છે. સાધારણ રીતે માણસમાં આનો અભાવ હોય છે. એટલે તે આત્મિક જીવનના એવરેસ્ટ શિખરનો આનંદ મેળવી શકતો નથી. ડો. મુકરજીના અવસાનથી ભારતે એક મહાન નેતા ખોયો છે. તેમના વિરોધી લાગતા વિચારોમાં કેટલું તથ્ય હતું તે તો ભવિષ્યમાં જ જણાઈ શકશે. પણ તેમની દેશદાઝ ને યોગ્યતા વિશે નિ:શંક કહી શકાય કે તે મહાન હતાં.

બાણભટ્ટની આત્મકથા વાંચી આનંદ આવ્યો હશે. ઠીક લાગે તો એક પ્રકારનો ભાવાનુવાદ કરજો. વિષય નવો છે ને તેની પાછળ બાણભટ્ટનું નામ સંકળાયેલ છે તે તેની વિશેષતા છે.

હાલ અહીં વરસાદને લીધે વાતાવરણ ખૂબ જ રમણીય બન્યું છે. બંને કાંઠે ભરપૂર ગંગા ને તેને અડીને ઊભેલા હિમાલયના પહાડ-વર્ષોથી આ જ પ્રમાણે સુંદરતાની મૂર્તિ બનીને ઊભા રહ્યા છે. શાંતિ ને

એકાંત તો આ પ્રદેશની વારસાગત મિલ્કત છે. અહીં શ્રાવણને અંતે ને ભાદરવામાં જરા હવા બગડે છે. એટલે જો અનુકૂળતા થઈ જશે તો અમે ગુરુપૂર્ણિમા બાદ આ બાજુ જ કોઈ બીજા સ્થળમાં રહીશું. ગુરુપૂર્ણિમા સુધી તો નક્કી અહીં જ છીએ.

ગીતાની શંકાઓનો સમાધાન લેખ વાંચ્યો તે જાણ્યું. તેવી શંકાઓનું સમાધાન કરતા બીજા ત્રણેક લેખ લખ્યા છે પણ હમણાં છપાવાના નથી. હાલ ગીતા પર થોડાક નિબંધો લખું છું. કુલ ૧૫-૨૦ લખાશે. 'અખંડ આનંદ' તરફથી કોઈ ધાર્મિક લેખ લખી મોકલવા લખ્યું છે. પણ હાલ લેખ છાપવાનું ચાલુ કરવાનો વિચાર નથી. છતાં અનુકૂળતા હશે. તો એકાદ માસ પછી કોઈ ધાર્મિક લેખ લખી મોકલીશ.

તમારાં માતાજીની બિમારી વિશે જાણ્યું. ચિંતા થાય તે સ્વાભાવિક છે. પણ તેથી શું વળે ? બનતી સેવા કરવી. આ સંસારમાંથી હરેક જીવને નક્કી સમયે વિદાય થવાનું છે. કોઈ અહીં સ્થાયી નથી. વહેલું કે મોડું, આ ભાડુતી ધર્મશાળા ખાલી કરીને સૌને જવાનું જ છે. જે દુઃખ કે પરિતાપ કર્માધીન થઈને ભોગવવાના છે તે પણ અફર છે. ફક્ત પૂર્ણ યોગી કે ઈશ્વરપ્રાપ્ત ભક્ત જ તેમાંથી મુક્ત થઈ શકે છે. સાધારણ માણસને માટે કોઈ છટકબારી નથી. માટે ઈશ્વરની યોજના સમજી, તટસ્થ ભાવે, તેના જીવન-નાટકના નમ્ર પ્રેક્ષક ને ભાગીદાર થવું એ જ યોગ્ય છે. જન્મ ને મરણ, સુખ ને દુઃખ, શરીર સાથે વળગેલાં જ છે. મન ખૂબ ચંચળ બને ત્યારે અંતર્યામી પરમાત્માને પ્રાર્થના કરવી ને મહાન પુરુષોના જીવનને યાદ કરવું તેમ જ પ્રેરણાસ્પદ ઉત્તમ પુસ્તકોનું શરણ લેવું. પ્રાર્થના એક અમોઘ ઉપાય છે. બાકી ઈશ્વર જે વખતે જે દશામાં મૂકે તેમાં સમાધાન મેળવવું.

ત્યાં સૌ કુશળ હશે. સૌને મારા પ્રેમ કહેશો. તમારા ઉચ્ચ સંસ્કાર જતનપૂર્વક વધારે ને વધારે કેળવતા રહેજો. માતાજી કુશળ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૩ : ચંચલ જીવનમાં સુખી થવાનો માર્ગ

ભરતમંદિર, ઋષિકેશ
તા. ૧૦ ઓગસ્ટ, ૧૯૫૩

ભાઈલાલભાઈ,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. સમાચાર જાણ્યા. માતાના સ્વર્ગવાસથી તમને દુઃખ થાય તે સ્વાભાવિક છે. કેમકે તમારા પત્ર પરથી લાગે છે કે તમારી માતા માત્ર જનની જ નહિ પરંતુ જીવન ઘડનારી પ્રેરણામૂર્તિ માતા હતી. તમારા જીવનના ઘડતરમાં તેમણે જે ભાગ ભજવ્યો છે તે તમારા પત્રથી સ્પષ્ટ સમજાય છે, ને તેથી તેમની મહત્તાનું ભાન થાય છે. આ જીવન ચંચલ છે. પાણીના પ્રવાહની પેઠે તે ચાલ્યા જ કરે છે. તેનું અંતિમ મિલનસ્થાન ઈશ્વરના અનંત પ્રેમસાગરમાં છે, પણ તે પહેલાં તે કેટલાય જીવનની આવૃત્તિમાંથી એટલે કે લૌકિક ભાષામાં કોતરો ને ભેખડોમાંથી, ચઢાઈ, ઉતરાઈ ને કદીક સમથલ ધરામાંથી વહ્યા કરે છે ને માર્ગ કાઢે છે. આ પૃથ્વી પર કોઈ જ અમરપટો લઈને આવ્યું નથી એમ કહેવાય છે તે સાચું જ છે. વહેલા કે મોડા સૌને અહીંથી વિદાય થવાનું છે. જીવનની અનંત યાત્રામાં આ જીવન જેવી તો કેટલીય બીજી ધર્મશાળાઓ છે. તેમાં વિશ્રામ લઈને જીવાત્મા આગળ વધે છે. કેવલ કર્મનું પોટલું તે પોતાની સાથે લઈને ફરે છે. બાકી દરેક ઠેકાણે નવા નવા સંબધો ઊભા કરે છે. આ તત્વજ્ઞોની દૃષ્ટિ છે. ફક્ત સારું ને નરસું તેની પાછળ રહી જાય છે. છતાં જેની ઓથ નીચે કોઈને આરામ મળ્યો હોય, ને એક કે વધારે હૈયાંને જેનાથી હૂંફ મળી હોય, તેનું જીવન સદાયે યાદ કરવા લાયક, પૂજ્ય ને પ્રશંસનીય થઈ પડે છે. તમારાં માતા પણ એવાં જ મહાન હતાં. તમને તેમની ખોટ જરૂર સાલશે. તો પણ, જ્ઞાન દ્વારા સમાધાન કરી, ઈશ્વરનાં અટલ વિધાનનો વિચાર કરીને મનને વારી, સદાયે શાંતિથી રહેજો ને તમારાં માતા તમારા જીવનને જેવું ઝખતાં હતાં તેવું જીવન કરવા સદાય તત્પર રહેજો. ઈશ્વરની સૃષ્ટિમાં તો અમુક જ અવતાર કહ્યા છે. પણ માનવની નાનકડી સૃષ્ટિમાં મુંઝવણ ને પરિતાપને ટાળવા તથા વ્યવસ્થા સ્થાપવા જે મૂલ્યવાન માનવીય અવતારો થાય છે ને તે દ્વારા માનવને જે પ્રકાશ મળે છે તેની કથની માત્ર માનવહૃદયમાં જ લખાયેલી છે. તેને જતન કરીને જાળવવાથી માનવને સદાયે લાભ જ છે. તમારાં માતાજી પણ તમારે માટે તેવાં જ પ્રકાશદાયી હતાં.

'હુ આફટર નહેરુ' લેખ મળી ગયો છે. વિષય સારો છે. મારી માન્યતા પ્રમાણે નહેરુ પછી પણ ભારત વિશ્વના રાષ્ટ્રોની વચ્ચે પોતાનું ગૌરવભર્યું સ્થાન વધારે ને વધારે ગૌરવભર્યું બનાવતું જશે. ને તેને વધારે ને વધારે શક્તિશાળી નેતૃત્વ સાંપડશે. આ મારી વર્ષો જૂની અનુભવસંપન્ન માન્યતા છે, ને તે દિવસે દિવસે વધારે દૃઢ થતી જાય છે. નહેરુના પ્રયાણ, પછી ભારત નિરાધાર બનશે કે અવ્યવસ્થિત થઈ જશે એવી શંકા પાયા વિનાની છે. મારી સમજ પ્રમાણે ભારતની આઝાદી ને ભારતનું ઉત્થાન ઈશ્વરની નિશ્ચિત યોજના છે. આજે ભારત ઉત્થાનના બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. તેની સાથે વિશ્વમાં આધ્યાત્મિક ને નૈતિક પ્રકાશ પછી વિશ્વગુરુ થવું ને વિશ્વશાંતિમાં મહત્વનો ફાળો આપવો એ પણ ભારતને માટે નિર્માણ થયેલું છે. તે થઈને જ રહેશે એમાં શંકા નથી. તે માટે ભાવિ ભારતમાં એક મહાન આધ્યાત્મિક વ્યક્તિનો ઉદય થશે, ને ગાંધી તથા નહેરુની જેમ, પણ તેથીયે બળવત્તર રીતે, તે દેશ ને દુનિયાને પ્રકાશ ને પ્રેરણા પહોંચાડશે. આ

વ્યક્તિ નહેરુ પછી કામ કરનારા નેતાગણમાં કેન્દ્ર જેવી બનશે. નહેરુની જગ્યા લઈ શકે તેવી બે-ત્રણ સારી વ્યક્તિ આજે પણ છે. પણ મુખ્ય પ્રશ્ન તે નથી. મારી દૃષ્ટિએ મુખ્ય મુદ્દો એ છે કે નહેરુ પછી વડાપ્રધાન પદે ગમે તે આવે, તે સમગ્ર દેશના સંસ્કૃતિધનની મૂર્તિ જેવી એક વિભૂતિ ભારતમાં સમય પર જરૂર પ્રકટશે. નહેરુ પછી ભારતનું ગૌરવ વધતું જ રહેશે ને તે ગૌરવની પ્રતિમૂર્તિ જેવું એક મહાન વ્યક્તિત્વ બહાર આવશે. બીજા પણ સારા સારા સેવકો તૈયાર થતા જશે.

ગીતા પર નિબંધ લખાતા જાય છે.

હમણાં અમે અહીં જ રહીશું. કોઈ બીજે સ્થળે જવાનો વિચાર હતો પણ હજી પ્રયાસ સફળ થયો નથી. અત્યારે અહીં ઋતુ સારી છે. હિમાલયની દૈવી ભૂમિએ અત્યારે અજબ શોભા ધારણ કરી છે. ગંગાનું સૌન્દર્ય પણ અનુપમ છે. પ્રાચીનકાળના ઋષિમુનિઓએ સેવેલી આ ભૂમિ આજે પણ આકસ્મિક પ્રકાશનાં પરમાણુથી સંપન્ન છે ને સાચા સાધકજનોને શાંતિ ને પ્રકાશ આપે છે, એ ભૂમિમાં અત્યારે તો આનંદ કરી રહ્યા છીએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૪ : ભારતની વિચિત્ર દશા

ભરત મંદિર, ઋષિકેશ
તા. ૨૩ ઓગસ્ટ, ૧૯૫૩

પ્રિય શ્રી નારાયણભાઈ,

તમારો પત્ર મળ્યો છે. તે પછીનું કાર્ડ પણ મળ્યું છે. કાલી માતાના ફોટા વિશે જાણ્યું. તે હમણાં ત્યાં જ રાખી મુકજો. હજી અમે અહીં જ છીએ. કોઈ બીજી સારી જગ્યા જડી નથી, એટલે હમણાં અહીં જ રહીશું. પત્ર અહીં જ લખતા રહેજો. આ વર્ષે વરસાદ સારો છે. હિમાલયના પર્વત ખૂબ હરિયાળા બની ગયા છે. ગંગાજી પણ રમણીય લાગે છે. હવા પાણી સારા છે.

પેલા પીરના આવેશવાળા ભાઈની વાત વાંચી. આવેશવાળા માણસો આત્મિક સાધનાના રહસ્યોને ભાગ્યે જ જાણી કે બતાવી શકે છે. તેમાંના વધારે લોકો તો પોકળ જ હોય છે. ઈશ્વરી માર્ગની સમજ તો કોઈ યોગી, ઈશ્વરની કૃપા પામી ચુકેલા ભક્ત કે સંત પાસેથી જ સાંપડી શકે. એવા મહાપુરુષ પણ આ સમયમાં ઘણાં જ ઓછા છે. તેમની પ્રાપ્તિ વળી તેથીયે વિરલ છે. ઈશ્વરની કૃપા થાય ને તે મળી જાય તો તેમની દ્વારા સાધનાના રહસ્યોની સમજ ને ભવિષ્યનું સાચું દર્શન મળી શકે. બાકી તો બીજો માર્ગ માણસે પોતે જ પોતાની જાતમાં ને ઈશ્વરમાં વિશ્વાસ રાખી પોતાની ઓછીવત્તી શક્તિ પ્રમાણે આગળ વધતા રહેવાનો છે. માણસની સાચી ને દૃઢ ઈચ્છા હશે તો ઈશ્વર તેને ક્યાં સુધી તલસાવશે કે નિષ્ફળ બનાવશે ? આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે, પણ માણસના પરિશ્રમનું ફળ જરૂર મળી રહેશે ને બધાં પ્રશ્નોનાં ખુલાસા થઈ જશે. આ શ્રદ્ધાથી માણસે આ માર્ગમાં આગળ વધતા રહેવાનું છે.

આજે તો ભારતની દશા ખૂબ વિચિત્ર છે. આ ધર્મપ્રાણ દેશમાં આજે ચારિત્ર્યહીનતા એક વ્યાપક રોગનું રૂપ ધારણ કરી રહી છે. દેશની જે કેટલીયે વિકટ સમસ્યાઓ છે તેમાં એક આ પણ છે. દેશના ઉત્થાન માટે કેટલીયે નવી નવી યોજનાઓ બને છે ને માર્ગ શોધાય છે. પણ ચારિત્ર્યહીનતાને મીટાવવાનો માર્ગ ના શોધાય, ને પ્રજા નૈતિક રીતે સલામત ને શક્તિશાળી ના બને, ત્યાં સુધી દેશનું ઉત્થાન સાચા અર્થમાં દૂર જ રહેવાનું. આઝાદી પછી ભારતમાં આ સમસ્યા ખૂબ જ ઉગ્ર ને વિષમ બની છે. જૂઠ, કપટ, સ્વાર્થખોરી, ચોરબજારી ને લાંચરૂશ્વત તથા અનાચારે વધારે વ્યાપક રૂપ ધારણ કર્યું છે. નાનામાં નાના નોકરથી માંડીને મોટા અફસર સુધી સૌ આના શિકાર બન્યા છે. બહુ જ ઓછા માણસો આ બદીમાંથી મુક્ત છે. આ વસ્તુ ભારતના મહાન ગૌરવને અનુરૂપ નથી. ભારતમાં ગોળની અછત ઊભી થઈ ત્યારે દક્ષિણના કેટલાક વેપારીઓએ પૈસા કમાવવા માટે ગોળમાં છાણ ભેળવીને વેપાર કર્યો. એવી જાહેરાત પાર્લામેન્ટમાં શ્રી રાજગોપાલાચાર્યે કરી ત્યારે આ બદીએ કેટલું વિકરાળ રૂપ ધારણ કર્યું છે, તેનો જનતા ને ખ્યાલ આવ્યો. ગોળમાં છીકણી, દૂધમાં પાણી ને ઘીમાં વેજીટેબલ કે ચરબી મેળવવાના પ્રયોગો તો જાણીતા જ છે. જીવનને જરૂરી એવી કોઈયે વસ્તુ ભેળસેળ વગરની મળવાનું મુશ્કેલ બની ગયું છે. પોતાની આ અધમતા માટે ભારતીય વેપારી હવે તો પરદેશમાં જાણીતા થયા છે. જે માલ મંગાવ્યો હોય તેથી જુદી જ જાતનો ખરાબ માલ કેટલીયે વાર તેમણે મોકલ્યો છે. એવી ફરિયાદો થઈ ચૂકી છે. પરદેશોમાં વર્તમાનપત્રો વેચનાર

માણસો હોતા જ નથી. જેને જોઈએ તે પોતે વર્તમાનપત્ર લઈ લે છે, ને તેના પૈસા બાજુમાં પડેલી પેટીમાં નાખે છે. ધર્મપ્રાણ ભારતમાં સાને ગુરૂજીના પુસ્તકો વેચવાનો પ્રયોગ મુંબઈ સરકારે કરી જોયો. તો જેટલા પુસ્તકો માણસો લઈ ગયા હતા તેટલા પુસ્તકોની કીંમત પણ પૂરેપૂરી પેટીમાં ન હતી ! માણસોનું નૈતિક ધોરણ કેટલું શિથિલ થયું છે ! દિલ્હીમાં હમણાં જ પોલીસે બે લત્તામાં દરોડો પાડીને લગભગ ૨૦૦૦ નાની મોટી છોકરીઓને અનીતિનાં ધામ જેવા ઘરોમાંથી હાથ કરી છે. દેશમાં વ્યાપક જેવા બનેલા લોહીના વેપાર તો જાણીતા છે જ. ગમે તેમ કરીને પૈસો ને ભોગ મેળવવાની જ લોકોની વૃત્તિ છે. અલબત્ત સમસ્ત ભારતનું હૃદય આથી રંગાયુ છે એમ ના કહી શકાય. આવા કઠીન કાળમાં પણ ધર્મ ને નીતિની મર્યાદા પ્રમાણે ચાલનાર માણસો પણ છે, ને ભારતનું સાચું પ્રતિનિધિત્વ તે જ રજુ કરે છે. છતાં પણ ચારિત્ર્યહીનતા એક નક્કર વાસ્તવિકતા છે, ને તે રીતે તેનો સ્વીકાર થવો જ જોઈએ. તેને દૂર કરવાથી જ ભારતનું ગૌરવ વધી શકશે. દુનિયાના બીજા દેશોએ પણ એક યા બીજી રીતે પોતાનો કાબુ કરી બેઠેલા અનીતિના આ શયતાનનો સામનો કરવો જોઈએ. શરીરના આકર્ષણ ને જાતીય ભોગની ભાવના પશ્ચિમના કેટલાક દેશોમાં ખૂબ જ પ્રચુર બનેલી દેખાય છે. તે એક ભયંકર રોગ છે. પ્રજા ચારિત્ર્યના બીજા અંગોના પાલનમાં કુશળ હોય, પણ કામુકતાના કેફી કે ઝેરી નશામાં સપડાયલી હોય, તો તેને પૂરા અર્થમાં નીતિમાન કે ચારિત્ર્યશીલ ને સુસંસ્કૃત કહી શકાય નહિ જ. આજે કેટલાક પ્રમુખ રાષ્ટ્રનેતાઓ પરસ્પર, કડવાશ, ધિક્કાર, શત્રુતા ને શંકાની ભાવનાથી વાતો કરે છે, નિવેદનો બહાર પાડે છે, ને પ્રચાર કરે છે. રંગભેદની શાપદાયક નીતિ ને સામ્રાજ્યશાહી રીતરસમ તથા સંસ્થાનવાદનું એક યા બીજા બહાના હેઠળ સમર્થન કરે છે. આ બધાં ચારિત્ર્યની તંદુરસ્તીનાં લક્ષણ નથી જ. માનવજાતિ હજી નૈતિક વિકાસની કેટલી પ્રાથમિક દશામાં છે તેનું આથી ભાન થાય છે. અપહરણ, અત્યાચાર ને સ્ત્રીઓના વેપાર દુનિયાના બીજા દેશોમાં પણ ફેલાયેલા છે. આ વાતાવરણને પરિશુદ્ધ કરવાનું છે, પલટાવવાનું છે, ને તેને ઠેકાણે નવા વધારે ઉત્તમ વાતાવરણની સ્થાપના કરવાની છે. ધર્મની સાચી સમજથી આ કામમાં ઘણી મદદ મળી શકે તેમ છે.

આજે પ્રજાને ધર્મનું શિક્ષણ ભાગ્યે જ મળે છે. એટલે પ્રજા ચારિત્ર્યઘડતરની જરૂરી પ્રેરણાથી વંચિત રહી જાય છે. કોઈ એક ધર્મની શિક્ષાની બળજબરી કરવાની નીતિ બરાબર નથી. પરંતુ તેનો અર્થ એમ પણ નથી કે ધર્મના વિચારની વાતને જ ઉડાવી દેવામાં આવે. ધર્મની અંદર દરેક માનવને ઉપયોગી જે સર્વ સામાન્ય સિદ્ધાંતો, ઉપદેશો ને તત્વો છે, તથા તેને રજૂ કરનારી મહાન પુરુષોનાં જીવનની કે ઈતિહાસની જે વાતો છે, તેને શિક્ષણના કાર્યક્રમમાં મહત્વનું સ્થાન જરૂર આપી શકાય. ધાર્મિક શિક્ષણની અવગણના કોઈ પણ સંજોગોમાં બરાબર નથી. પ્રજાનાં નૈતિક ગઠનને માટે તે ખૂબ જ આવશ્યક છે. નીતિનું મૂલ્ય જ્યાં સુધી માણસને બરાબર રીતે નહિ સમજાય ને એક યા બીજા કારણથી તેના પાલનમાં તત્પર નહિ થાય ત્યાં સુધી ગરીબાઈના ઓઠા નીચે, મુસીબત કે દુ:ખના કારણથી કે લોભ, લાલસા ને સ્વાર્થ ભાવનાથી માણસ અનૈતિક સાધનોનો આધાર લેશે, ને પોતે બરબાદ થઈ અંતે બીજાને પણ બરબાદ કરશે.

અનીતિ કે ચારિત્ર્યની નિર્બળતાના આ રોગને દૂર કરવાની જરૂર છે.

ભારતમાં હમણાં હમણાં ઘણા નવા નવા બનાવ બની ગયા. આમ તો સારાય સંસારને વિશે તેવું છે. છતાં પરિસ્થિતિ વધારે ધ્યાન ખેંચનારી છે. ખાસ કરીને કાશ્મીરની સમશ્યા વધારે ઉલ્લેખનીય છે.

બનતું પ્રભુસ્મરણ કરતા રહેજો. નૈતિક અને આત્મિક વિકાસ માટે જપ તથા પ્રાર્થનાનો આધાર લેવો. તેની શક્તિ અપાર છે. તે ઉપરાંત, સારાં પુસ્તકો પણ વાંચવાં. જીવનને માનવતાપૂર્ણ બનાવવા ને ઉજ્જવલ કરવા પ્રયાસ કરતા રહેવું. સાધના વિશે જાણવાનો કોઈ અવસર મળે તો લાભ જરૂર લેવો. તેમાં નુકશાન કાંઈ જ નથી. માતાજી કુશળ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૫ : પૂર્વજન્મના સુકર્મ

ભરતમંદિર, ઋષિકેશ
તા. ૨૯ ઓકટો. ૧૯૫૩

પ્રેમી શ્રી ભાઈલાલભાઈ,

તમારો પ્રેમપર્ણ પત્ર મળ્યો છે. સમાચાર જાણીને આનંદ થયો છે. તમારા પત્રોમાં તમારું નિર્મળ ને સંસ્કારસંપન્ન માનસ મૂર્ત થાય છે. તમારામાં આધ્યાત્મિક સંસ્કારો સારા પ્રમાણમાં છે. ને તેનો યોગ્ય સંગ્રહ ને ઉપયોગ કરવામાં આવે તો સારું ફળ મળી શકે તેમ છે, એમ મને વારંવાર લાગ્યા કરે છે. કેટલાક માણસોને આત્મિક વિકાસ માટે ભારે મથામણ કરવી પડે છે. તેના વિકાસ માટે જે મૂળ પાયો જોઈએ, તેની રચના માટે તેમને પ્રખર પરિશ્રમ કરવો પડે છે. એક રીતે કહીએ તો માટલાની રચના કરનાર કુંભારની જેમ તેમને જરૂરી ઉપકરણો કે સાધનો એકઠાં કરીને પછી જ ઘડતરનું કામ કરવું પડે છે. પરંતુ બીજા કેટલાક માણસોની વાત જુદી હોય છે. તેમની પ્રકૃતિ જરા નિરાળી હોય છે. તેમની અંદર પૂર્વજન્મના સુકર્મના સુફળરૂપે કહો કે આ જન્મના કંઈક અનુભવના પરિપાકરૂપે સારા સંસ્કારોનું ઘડતર થયેલું હોય છે. ઘડતરને માટે જરૂરી એવાં માટી, પાણી ને ચાકડા જેવાં સાધનો એમની અંદર તૈયાર હોય છે. ફક્ત ઘડતરની કળાને જાણીને તે માટેના પુરુષાર્થની જ જરૂર બાકી હોય છે. શાસ્ત્રીય પરિભાષામાં આવા માણસોને યોગભ્રષ્ટ જીવ કહેલા છે. તેવા માણસોનું કામ સરળ બને છે, ને જીવનના ઈપ્સિત ધ્યેયને તે બનતી વહેલી તકે પહોંચી શકે છે. ફક્ત તેવા માણસોએ ઉચિત માર્ગદર્શન મેળવતા રહીને, પોતાની સમગ્ર શક્તિને વિકાસના અતિ મહત્વના કામમાં લગાડી દેવી જોઈએ.

જીવનમાં આગળ વધવાની ઈચ્છા હોય, પણ તે માટે માર્ગદર્શક મળવાનું કામ કપરું છે. છતાં માણસ પ્રામાણિક હોય તો તેને માર્ગ મળી રહે છે. વાલ્મિક ને વ્યાસ, તુલસી ને કબીર તથા વિવેકાનંદ ને અરવિંદ જેવા મહાપુરુષો પોતાની પાછળ અનુભવ ને વિચારવાનો જે અમૂલ્ય વારસો મૂકી ગયા છે, તે કોઈનેય પ્રેરણા આપવા ને કોઈનાય જીવનમાં પ્રકાશ પાથરવા પૂરતો છે. માનવકુળના જે ઉત્તમોત્તમ હિતચિંતકો ને સદગુરુઓ થઈ ગયા છે તે એ અક્ષરદેહના રૂપમાં આજે પણ અસ્તિત્વ ધરાવી રહ્યા છે, ને અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં ને જડતામાંથી જીવનમાં જવા માગતા જીવોને ધન્ય કરવાની શક્તિ ધરાવે છે. તે ઉપરાંત, સૃષ્ટિના નિયંતા કે સૂત્રધાર ઈશ્વર જેવો વિશ્વગુરુ બીજો કોણ છે ? તેનું શરણ માણસને માટે સદાયે ઉઘાડુ છે. જે ધારે તે તેનું શરણ લઈને ન્યાલ બની શકે છે. તે કૃપાળુ કોઈ પણ જાતના ભેદભાવ વગર, પોતાની કૃપા જે માગે તેના પર વરસાવવા સદા તૈયાર જ રહે છે. વળી એ પણ સાચું છે કે જેને પોતાને માટે કોઈ માનવીય રૂપના પથપ્રદર્શકની તરસ હશે, તેને સમય પર તે પણ મળી રહેશે. આ સંસારમાં બધા જ પદાર્થો અસ્તિત્વ ધરાવે છે, ને દરેકને પોતપોતાની ઈચ્છાનુસાર મળી રહે છે. એટલે મહાપુરુષોનાં વચનોનું મનન કરજો, ને ઈશ્વર પર શ્રદ્ધા રાખીને આગળ વધતા રહેજો. બને તેટલું સાધન ભજન કરતા રહેજો.

હા, ગયે વરસે તો આ દિવસોમાં આપણે પાસે હતા. ત્યાંનું વાતાવરણ બહુ સુંદર હતું. તેમાં વધારો કરતો તમારા સૌનો નિર્મળ ને પ્રબળ પ્રેમ, એને લીધે ત્યાં ખૂબ આનંદ આવ્યો હતો. એ આનંદ જીવનમાં હંમેશા યાદ રહેશે. હાલ તો ગંગાના કિનારાથી થોડેક દૂર એક ઓરડીની કલ્પના કરી લો. તેમાં બેસીને આ પ્રેમસંદેશ લખી રહ્યો છું. ગંગાજી ને હિમાલયનાં દર્શન નિરંતર થયા કરે છે. સ્થાન ખૂબ એકાંત છે. તમારું પ્રેમભીનું આમંત્રણ મળવાથી આનંદ થયો છે. તમારા પ્રેમને માટે આભારી છું, ને તમને હૃદયપૂર્વકના ધન્યવાદ આપું છું. તમારા આમંત્રણ પ્રમાણે ત્યાં જરૂર આવત. પરંતુ મારું જીવન ઈશ્વરી પ્રેરણા પ્રમાણે ચાલતું હોવાથી તે પ્રમાણે બધું કરવું પડે છે. હાલ તો મારું મન સાધનામાં લાગેલું છે.

જે યાદ કરે તે બધા પ્રેમી ભાઈઓને મારો પ્રેમ કહેશો. તમારા સૌનો પ્રેમ યાદ આવે છે. તમારી ભાવના ઈશ્વર જરૂર પૂરી કરશે, ને વહેલા કે મોડા પણ આપણને જરૂર મેળવશે.

તમે લખેલો અનુભવ ખૂબ સારો છે. ઈશ્વરકૃપાથી એવા અનુભવો થયા કરે છે, તેથી ઉત્સાહ વધે છે. ઉત્સાહ વધારીને મહત્વાકાંક્ષાને સેવતા રહીને ઈશ્વરસ્મરણ ને જપ ધ્યાન કરતા રહેજો. માતાજી યાદ કરે છે. પત્ર લખશો.

☼ ☼ ☼ ☼ ☼



## પત્ર ૮૬ : સાધનાનો માર્ગ

સરોડા

તા. ૪ એપ્રિલ, ૧૯૫૫

પ્રિય ભાઈશ્રી ભાઈલાલભાઈ,

તમારા પત્રો મળ્યા છે. તમારો પ્રેમ જોઈને આનંદ થાય છે. ચૈત્રની નવરાત્રી આવી ને પૂરી થઈ. શિરડી જવાની ઈચ્છા હતી. પરંતુ ઈશ્વરની પ્રેરણા ના મળી. ઈશ્વરી પ્રેરણા પ્રમાણે અહીં રહેવાનું બન્યું નવરાત્રી પાણી પર ઉપવાસની ઈચ્છા હતી. પણ તેને માટે પણ ઈશ્વરી પ્રેરણા ના થઈ. એટલે એક ટંક કરીને જ નવરાત્રી વ્રત પૂરું કર્યું. આ વખતે અહીંનું વાતાવરણ બહુ અનુકૂળ નથી. ગરમી પણ જરા વધારે છે. એટલે વધારે કષ્ટમય વ્રત કરવાનું કામ ભવિષ્ય પર મુલતવી રાખ્યું છે.

તમે મંગાવેલી અર્થ સાથેની પ્રાર્થના અનુકૂળતા મળતાં લખી કે લખાવીને બનશે તો મોકલાવીશ. આ વિશે તમે આપણે ત્યાં હતા ત્યારે જો સહેજ વાત કરી હોત તો તરત જ પતી જાત.

સાધનાનો માર્ગ ખૂબ કપરો છે. એ માર્ગમાં મજબૂત મનોબળ, દૃઢ શ્રદ્ધા, ઊંચી કલ્પના ને વિચારશક્તિ તથા સતત પુરુષાર્થની જરૂર પડે છે. નાની નાની કે સાધારણ સફળતાઓ આ માર્ગમાં અનેક આવે છે. પણ વિવેકી સાધક તેથી ભરમાઈ જઈને મિથ્યા સંતોષ માનીને બેસી જતો નથી. વિકાસના નક્કી કરેલા નક્શાને સાકાર કરવા અંતરમાં અદમ્ય ભૂખ ઉત્પન્ન કરીને, કાયમ માટે કોશીષ કર્યા જ કરે છે. સરી જતી સરિતાની જેમ તેની સાધનાનો પ્રવાહ આગળ ને આગળ વહ્યે જ જાય છે. સંપૂર્ણ સિદ્ધિની પ્રાપ્તિ તેવા પુરુષને જ થઈ શકે છે. એવું મજબૂત મનોબળ બહુ ઓછા પુરુષોમાં હોવાને લીધે જ સંપૂર્ણ સિદ્ધિ કે પૂર્ણતાની પ્રાપ્તિ બહુ ઓછાને થઈ શકે છે. અને અધવચ્ચે અટકી જનારા સાધકો હજારોની સંખ્યામાં જોવા મળે છે.

ધ્યાનાદિ નિયમિત કરતા રહેજો. ઉપરાંત, પ્રાર્થનાની ટેવ પણ પાડવી. પ્રાર્થના કોઈ નક્કી શ્લોક, મંત્ર, ગીત કે સ્તુતિનું ઉચ્ચારણ કે પઠન જ નથી. પરંતુ હૃદયના ભાવોની સહજરૂપે કરાતી અભિવ્યક્તિ છે. બાળક જેમ 'મા'ની પાસે મન મોકળું મૂકીને વાતે વળગે છે, તેમ આપણા અંદર ને બહાર રહેલી ચેતન શક્તિ-પરમાત્મ શક્તિ કે ઈશ્વરી શક્તિ આગળ આપણા દિલને ખુલ્લું કરી દેવું કે ઠાલવી દેવું એ પ્રાર્થનાનું મુખ્ય રહસ્ય છે. એ રીતે જોઈએ તો પ્રાર્થના કોઈ પણ પ્રકારના શબ્દ, મંત્ર કે ગીતના ઉચ્ચારણ વિના કેવળ ભાવમય પણ હોઈ શકે છે, ને ભાવસહિત પણ થઈ શકે છે. આ વાત વધારે સહેલાઈથી સમજવા માટે મૂંગા માણસની પ્રાર્થનાનો વિચાર કરો. માણસ જ્યારે અત્યંત ભાવમય દશામાં ડૂબી જાય છે કે ભાવવિભોર બની જાય છે, ત્યારે તેની વાણી વિરમી જાય છે, ને તે શબ્દાતીત સૃષ્ટિમાં પ્રવેશ કરે છે. એ વખતે જે પ્રાર્થના કરવામાં આવે છે, કે લાગણી કે વિચારોનું પ્રદર્શન થાય છે, તે કોઈ અનેરું જ હોય છે. એવી પ્રાર્થના કદી નકામી જતી નથી. તેનો ઉત્તર પણ તરત ને અસરકારક રીતે મળી રહે છે. ઈશ્વરની સાથે અનુસંધાન સાધવામાં તે મદદરૂપ બની રહે છે. દ્રૌપદીની કૌરવોની સભામાં થયેલી પ્રાર્થના આવી જ પ્રાર્થના હતી. પ્રાર્થના દ્વારા એવી ભાવમય દશાએ પહોંચવાનો પ્રયાસ થાય તો પ્રાર્થના એક રામબાણ સાધના થઈ પડે.

પરીક્ષાના કામમાં પડ્યા હશો. માતાજી તથા તારાબેન કુશળ છે.

## પત્ર ૮૭ : ભરત મંદિર વિષે

ભરત મંદિર, ઋષિકેશ.
તા. ૩૦ જુન, ૧૯૫૪

પ્રિય શ્રી નારાયણભાઈ,

તમારો બદરીનાથ લખેલો પત્ર મને મળ્યો છે. આનંદ થયો. આ વરસે બદરીનાથની યાત્રા યાદગાર થઈ ગઈ. ખૂબ આનંદ આવ્યો. બદરીનાથમાં ઠંડી ઘણી હતી. બીજી કેટલીક તકલીફ પણ હતી. ખાસ કરીને ખાવાની તકલીફ મોટી હતી. કેમ કે ત્યાં અનાજ અધકચરા જેવું રહેતું. છતાં 'મા'ની ઈચ્છા પ્રમાણે ત્યાં સત્તર દિવસ રહેવાનું થયું. એકંદરે બધી રીતે અનુકૂળતા રહી.

અહીં હજી વરસાદ શરૂ થયો નથી. એટલે ગરમી પ્રમાણમાં વધારે છે. વરસાદ પડ્યા પછી અહીંનું વાતાવરણ ખૂબ રમણીય થઈ જાય છે. ભરત મંદિરની જગ્યા સારી છે. તેમાં પણ અમને મળેલી ઓરડી ઘણી અનુકૂળ છે. આ ઓરડીમાં ગયે વખતે નવરાત્રી બાદ ઘણા સારા અનુભવો થયા-ઘણું કામ થયું. સાધનાનો ચાલી રહેલો અંતિમ તબક્કો અહીં પૂરો થઈ જાય, તો આ સ્થાન સાધનાના ઈતિહાસમાં ખરેખર અમર બની જાય. ભવિષ્યમાં શું થશે તે ઈશ્વર ને તેના કૃપાપાત્ર મહાપુરુષ વિના બીજું કોણ કહી શકે ? એટલું સાચું છે કે સાધનાની સંસિદ્ધિને થોડો વખત વધારે લાગે તો પણ, 'મા'ની કૃપાથી ભવિષ્ય ઘણું ઉજ્જવલ બનશે.

ત્યાંના વ્યાવહારિક જીવનમાં રહીને તમારી જાતને વધારે ને વધારે વિશુદ્ધ કરવાનો પ્રયાસ કરતા રહેજો. જીવનને સદગુણી, સંયમી ને પ્રભુપરાયણ બનાવવાનો પુરુષાર્થ ચાલુ રાખજો. જીવનને વધારેમાં વધારે ઉન્નત કરવાની જરૂર છે. નોકરી ચાલુ હશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૮ : બરફ નીચેના પ્રવાહો

ભરત મંદિર, ઋષિકેશ.
તા. ૬ ઓગસ્ટ, ૧૯૫૪

પ્રિય ભાઈશ્રી ભાઈલાલભાઈ,

તમારો પ્રેમ-પત્ર મળ્યો છે. આનંદ થયો. બદરીનાથની યાત્રા દરમ્યાન ત્યાંની આયુર્વેદિક કોલેજના એક પ્રોફેસરનો પરિચય થયો હતો. શ્રી અરવિંદના ભક્ત ને સ્વભાવે ઘણા ભલા માણસ હતા. અરવિંદના ગ્રંથોનો તેમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. તે દર વરસે એક વાર શ્રી અરવિંદ આશ્રમમાં જાય છે.

ગીતા પરના લેખ લખાય છે. હાલ સોળમો અધ્યાય ચાલે છે. બને તેટલી સરળ ભાષામાં ને નવી તથા રસમય શૈલીમાં લખવાનો પ્રયાસ કરું છું. લખાણ જરા વિશાળ થાય છે. લગભગ ૭૦૦ પાનાં પૂરાં થયાં છે.

તમારી તબિયત સારી થઈ ગઈ તે જાણી આનંદ થયો છે. સાધન ભજન ચાલુ રાખજો. સાધનની અસર શરૂઆતમાં ઘણા લાંબા વખત લગી જરાપણ દેખાતી નથી. પરંતુ છેવટે માલૂમ પડી આવે છે. સાધના અથવા કોઈયે ભાવ કે વિચાર નિરર્થક નથી. તેની અસર આપણા અદૃષ્ટ મન પર પડે છે. અંતર્ગત મન પર તે પોતાની સૂક્ષ્માતિસૂક્ષ્મ અસર જરૂર મૂકી જાય છે ને સમય પર તે અસર પ્રકટ ને પ્રબળ બને છે. પર્વતોમાં બરફની નીચેથી લાંબા અંતર સુધી વહેતા પાણીના પ્રવાહોની પેઠે સંસ્કારોનો બારીક-સૂક્ષ્મ પ્રવાહ મનમાં સદાયે વહ્યા કરે છે. માટે સારા સંસ્કારનું જતન ને સંવર્ધન કરતા રહેવું.

તમે મોકલેલો ફકરો ઘણો સારો છે. માનવને શરીર સાથે મન ને આત્મા પણ છે. એટલે એકલી રોટી તેને શાંતિ કે સંતોષ આપી શકે તે માનવામાં ભૂલ રહેલી છે. શરીર, મન ને આત્મા ત્રણેનો ખોરાક જરૂરી છે.

વરસાદ સારો છે. કુદરત પૂરી ખીલી છે. માતાજી કુશળ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૮૯ : વિચાર-વર્તનના કજોડા

ભરત મંદિર, ઋષિકેશ.
તા. ૩૧ ઓગસ્ટ, ૧૯૫૪

પ્રિય ભાઈલાલભાઈ,

તમારા બંને પત્રો પહોંચી ગયા છે. તમારો પ્રેમ જોઈને આનંદ થાય છે. તમારામાં આધ્યાત્મિક મસાલો સારા પ્રમાણમાં ભરેલો છે. તેને દિનપ્રતિદિન કેળવતા રહેજો. ધારશો ને પ્રયાસ કરશો તો ઘણો સારો વિકાસ કરી શકશો.

જીવનનો વિકાસ મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય છે. સદ્ વિચાર, સદ્ ગુણ ને સારૂં વર્તન. સાધકમાં આ ત્રણે વસ્તુનો સુમેળ હોવો જરૂરી છે. તેણે ઉત્તમ વિચારથી સંપન્ન થવું જોઈએ ને વિવેકની શક્તિ કેળવવી જોઈએ. સત્યાસત્યનો ભેદ કરતાં શીખવું જોઈએ. વળી ઉત્તમ ગુણની મૂર્તિ બનવું જોઈએ. ને જે જીવનને તે આદર્શ સમજે છે તે જીવનની મૂર્તિ બનવાનો પ્રયાસ કરવો જોઈએ. ઉત્તમ વિચારો સેવવામાં આવે એટલું જ પૂરતું નથી. તે વિચારો જીવન કે વર્તનમાં વણાઈ જવા કે ઓતપ્રોત બની જવા જોઈએ. જીવનનો સાચો આનંદ ત્યારે જ મળી શકે. સાધનાનો પ્રયોગ કરીને માણસ વિચાર ને વર્તનના, અથવા આદર્શ ને વ્યવહારના કજોડાને દૂર કરે છે. બને વચ્ચે એકતા સાધે છે.

શ્રી સાંઈબાબા મહાન સિદ્ધપુરુષ થઈ ગયા છે. તેમના અનુભવથી વધારે ઉત્સાહી બનવું જોઈએ. સાધકોને પોતાના માર્ગમાં એવા અનેક અનુભવો થયા કરે છે. તેમાંથી પ્રેરણા લઈને શ્રદ્ધા જગાવી આગળ વધવાનું છે. છેવટે અંદર ને બહાર બધે પરમાત્મદર્શન કરી લેવાનું છે.

અહીં કુદરત ખૂબ ખીલી છે. ઋતુ હાલ ખૂબ અનુકૂળ છે. માતાજી કુશળ છે. સરનામામાં ભરત આશ્રમ નહિ પણ ભરત મંદિર લખજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૦ : મહુવાના સપ્તર્ષિ

સાબરમતી
તા. ૧૬ માર્ચ, ૧૯૫૫

પ્રિય ભાઈશ્રી, ભાઈલાલભાઈ,

કુશળ હશો. મહુવાથી નીકળ્યા બાદ બીજે દિવસે અહીં આરામથી આવી પહોંચ્યાં. વચ્ચે ૮-૯ દિવસ માટે જૂનાગઢ જવાનો વિચાર કર્યો. પરંતુ જરા શરદીની અસર થવાથી વિચાર માંડી વાળ્યો. હવે કાલે સવારે સરોડા જઈશું. શિરડી માટે કોઈ પ્રેરણા નથી. હવે દિવસ તદ્દન થોડા છે. એટલે સરોડા જ રહેવાનું ને ઉપવાસ કરવાનું થશે એમ લાગે છે.

ત્યાંનો નિવાસ ખૂબ ખૂબ આનંદકારક રહ્યો. ઘણી મજા પડી. કેટલાય અવનવાં સંભારણાં રહી ગયાં. મકાન ઘણું અનુકૂળ હતું. પાસે જ નદી એટલે ફરવાનું પણ રુચિકર થઈ પડતું. તેમાં વળી તમારો સાથ મળતો એટલે આનંદ મળતો. તમારામાં ઘણા સારા ગુણો છો. પાસેના માણસોને કેટલીક વાર પોતાની નજીકમાં રહેનારની વિશેષતાનો ખ્યાલ નથી આવતો પણ આ વખતે તમને જરા વધારે પાસેથી જોવાની તક મળી. ને તેથી મને ખરેખર આનંદ થયો છે. આ શબ્દો ખરેખર કોઈ પરિપાટી કે શિસ્તના ખ્યાલમાં નથી લખાતા. તમારા સુંદર વ્યક્તિત્વને જોઈને આ વખતે મારા મનમાં જે પ્રેમ અને આદરભાવ ઊભો થયો છે તેની આ શબ્દોમાં છેક સાધારણ એવી છાયા જ પ્રકટ થઈ રહી છે અ નક્કી સમજી લેજો. તમારામાં ઘણી ઘણી શક્યતાઓ છે. તમે એક જન્મજાત સાધક ને શબ્દશિલ્પી છો. સંજોગાનુસાર આજે શિક્ષણના ક્ષેત્રમાં પડ્યા છો. પરંતુ તમારા જન્માંતર સંસ્કારો તમને તેમાંથી પણ માર્ગ કરી આપીને સાધના ને શ્રેયને માર્ગે લઈ જશે-જરૂર લઈ જશે. ભાઈ નરોત્તમભાઈ, મહાશંકરભાઈ ને પ્રદ્યુમનભાઈ પણ છૂપાં રતન છે. આવા સુપુત્રોને જન્માવવા બદલ મહુવા ખરેખર યશ ને ગૌરવનું અધિકારી છે. કોઈ વાર હું ‘મહુવાના સપ્તર્ષિ’ કહેતો ત્યારે તેમાં મારું ભાવમય હૃદય રેલાતું. તમે સૌ ઋષિશા યશસ્વી બનો એમ અંતઃકરણપૂર્વક ઈચ્છું છું.

બેનોનો પ્રેમ પણ આ વખતે અદભુત હતો. કેટલીક બેનો સ્ત્રીઋષિની યાદ આપે એવી હતી. બધા દિવસો યાદગાર બની ગયા. પાણીના રેલા પેઠે કાળ ચાલ્યો જ જાય છે. પોતાનું કામ કર્યે જાય છે. જીવન પસાર થતું જાય છે. અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં ને મૃત્યુમાંથી અમૃતત્વમાં જવા માટે શરુ થયેલી આ સંસારયાત્રા અનંતકાળથી આગળ ને આગળ ચાલતી જાય છે. તેનું લક્ષ્ય ન ભુલાય ને લક્ષ્યને માર્ગે નિરંતર આગળ વધાય તે યાદ રાખવાનું છે. શ્રી મથુરભાઈ ને તેમનું કુટુંબ પણ ખૂબ ભાવિક છે. તેમને મારા પ્રેમ કહેજો. ઉપરાંત જે માગે તેને માહિતી આપજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૧ : સંતસમાગમ - એક વનસ્થલી

દેવપ્રયાગ,
તા. ૧૧ એપ્રિલ, ૧૯૫૫

પ્રિય ભાઈલાલભાઈ,

કુશળ હશો.

સંસારના સંતપ્ત ને રેતાળ રણની અંદર પ્રવાસ કરતા માનવ નિત્ય નિરંતર આગળ ને આગળ ધપતો જ જાય છે. વરસોથી, યુગોથી....કોણ કહી શકે કે ક્યારથી ? કેમ કે અનંત કાળના પુરાણા પ્રવાસીની પેઠે તે કેટલાય કલ્પોથી આ સૃષ્ટિમાં વિચરણ કરી રહ્યો છે. કર્મના ગુરૂભાર નીચે દબાતો ને બલવત્તર બનતા જતા બંધનમાં જકડાતો, નવા નવા લેબાશમાં, નવા નવા અભિનય કરતો, તે અવતરીને અદૃશ્ય થઈ જાય છે. આ ચિર યાત્રામાં તેને માટે કોઈ વિશ્રાંતિનું સ્થળ હોય, બે ઘડી શાંતિથી ઠરી ઠામ થઈને બેસવાનું ઠેકાણું હોય, તો તે સત્સંગ છે. પ્રભુમય બનેલા, બનવા માગતા સંતોનો સમાગમ છે. સંસારના સંતપ્ત ને રેતાળ રણની અંદર તૃષાતુર થઈને ફરનારા જીવને માટે તે જ એક વનસ્થલી કે વીરડી છે, એ નક્કી છે. તેનું સેવન કરનાર જીવનમાં શાંતિ મેળવી ધ્રુવપદે જરૂર પહોંચી શકશે.

માનવજીવન પૂર્ણતાની પ્રાપ્તિ માટે છે. પૂર્ણતા આપણો જન્મસિદ્ધ અધિકાર છે. પૂર્ણતા, મુક્તિ, ઈશ્વરપ્રાપ્તિ બધું એક જ છે. નામ જુદાં, વાત એક. તિલકે જેમ કહ્યું કે સ્વરાજ્ય આપણો જન્મસિદ્ધ અધિકાર છે, તેમ આપણા ઋષિ-મુનિઓએ હજારો વરસો પહેલાં જાહેર કર્યું છે કે ઈશ્વરપ્રાપ્તિ, મુક્તિ અથવા આત્મિક સ્વરાજ્ય આપણો જન્મસિદ્ધ અધિકાર છે, તેનો ઉપભોગ કરવા કે તેને ઓળખવા માટે માણસે તૈયાર થવાનું છે. મતલબ કે જે જન્મથી સિદ્ધ અથવા સાબિત થયેલો અધિકાર છે, તેને માણસે કર્મથી સિદ્ધ કરવાનો છે. આ જીવન એટલા માટે જ છે. પળે પળ મૂલ્યવાન છે. તેનો સદુપયોગ કરીને માણસે પોતાના ખોવાઈ ગયેલા સામ્રાજ્યને ફરી મેળવવાનું છે, ને હાથમાંથી જતા રહેતા પૂર્ણતાના પદ પર ફરી વાર પ્રતિષ્ઠિત થવાનું છે. ધર્મ, સાધના, તત્વજ્ઞાન, બધું આટલા માટે જ છે. આ આદર્શનું વિસ્મરણ થઈ જાય ત્યારે ધર્મ એક આડંબર ને મજાક તથા તત્વજ્ઞાન દિલ-બહેલાવ બની જાય છે.

મારા જીવનની પાછળ એક નક્કર ઉદ્દેશ છે, ઈશ્વરી સંકેત કે પ્રેરણા છે. તેને સાકાર કરવા મારાથી બનતો પુરુષાર્થ કરી રહ્યો છું. મારો હિમાલયવાસ આમ માર્મિક છે.

માતાજી કુશળ છે ને યાદ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૨ : ચાર પ્રકારના માણસો

ભરત મંદિર, ઋષિકેશ.
તા. ૨૮ જૂન, ૧૯૫૫

પ્રિય નારાયણ,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. સમાચાર જાણ્યા.

તમારી વિરુદ્ધ કોઈ ભાઈએ કાંઈક ખટપટ કરી હતી. તે જાણ્યું. હવે તો તેની અસર નાબૂદ થઈ ગઈ હશે. જેને રામ રાખે તેને કોણ મારી શકે એ વાત પ્રસિદ્ધ જ છે. તે પ્રમાણે ઈશ્વર પર શ્રદ્ધા રાખીને કામ કરવું. એટલે કોઈ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી. ઈશ્વર આપણી રક્ષા કરવા માટે સદાયે તત્પર છે એમ માનીને નિર્ભયતાની લાગણી અનુભવવી. સંસારમાં કેટલાક માણસો બીજાનું મંગલ કરવા માટે પ્રયાસ કરે છે. તેમને ભર્તૃહરીએ સત્પુરુષ કહ્યા છે. કેટલાક બીજા પોતાના સ્વાર્થની રક્ષા કરીને બીજાના હિત માટે કામ કરે છે. ત્રીજા પ્રકારના માણસો સ્વાર્થની સિદ્ધિ માટે બીજાને નુકસાન કરે છે. ને ચોથી જાતના નિકૃષ્ટ દશાવાળા લોકો બીજાના હીતનો કોઈ પણ પ્રકારના ખાસ હેતુ વિના જ નાશ કરવામાં આનંદ માને છે. તેમાંથી ત્રીજા ને ચોથા પ્રકારના માણસો સંસારમાં વધારે છે. પણ સમજુ માણસે તેમનાથી ડરવાની જરૂર નથી. તેણે તો ઈશ્વર પર શ્રદ્ધા રાખીને પોતાનું કાર્ય પ્રામાણિકપણે કર્યા કરવાની જરૂર છે. તેમ થતાં ઈશ્વર તેની રક્ષા કરવા સદાયે તત્પર રહેજો. ને તેને કોઈ રીતે પણ ઉની આંચ નહિ આવે.

એક બીજી વાત એ છે કે ઈશ્વર જે કરે છે ને કરશે તે સારાને માટે એવી શ્રદ્ધા થઈ જવી જોઈએ. તેમ થાય તો પછી સંપત્તિ ને વિપત્તિ, હર્ષ ને શોક, સુખ ને દુ:ખ, લાભ ને હાનિ ને અનુકૂળતા તથા પ્રતિકૂળતામાં પણ મનની સ્થિરતા સચવાઈ રહે ને ઈશ્વરની દિવ્ય કૃપાની ઝાંખી થઈ શકે. બહારના આઘાત ને પ્રત્યાઘાતથી પછી મન ચંચળ ને ક્ષુબ્ધ ના બને, ને બધે સ્થળે ને બધી દશામાં તે સમતાનો અનુભવ કરી શકે. પ્રભુની કૃપાથી તમારો માર્ગ સાફ થઈ જાય ને તમારી ઉત્તરોત્તર ઉન્નતિ થાય એમ ઈચ્છું છું. હવે તમને પગે સારું હશે.

મહેસાણામાં આ વખતે ખૂબ જ આનંદ રહ્યો. તમારી હાજરીમાં ૩૪ દિવસ વ્રતના પણ શાંતિપૂર્વક પસાર થઈ ગયા. આ વખતે વ્રત ખૂબ લાંબુ ચાલ્યું. 'મા'ના આદેશ ને વિધાનમાં મારી દૃઢ શ્રદ્ધા છે ને તે પ્રમાણે આજે નહિ તો કાલે મારું સ્વપ્ન સિદ્ધ થઈ જશે ને હું 'મા'ની પરિપૂર્ણ કૃપા ને પૂર્ણતાની મૂર્તિ બનીશ એ ચોક્કસ છે. મારા જીવનની સાથે સંસારની સેવાની સાથે પરિપૂર્ણતાનો આ હેતુ પણ સંકળાયલો છે. આજની ને આવતી કાલની દુનિયાને મારી સાધનાની સિદ્ધિના પ્રયોગોમાંથી ઘણું ઘણું શીખવાનું મળશે ને નવી પ્રેરણા ને નવા પાઠની પ્રાપ્તિ થશે. તે માટે જ જાણે મારા જીવનમાં સાધનાનો આ અંક ચાલી રહ્યો છે.

વરસાદ શરૂ થયો છે. પર્વતો રમણીય બનતા ઊભા રહ્યા છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૩ : ત્રણ જરૂરી વસ્તુ

ભરતમંદિર, ઋષિકેશ
તા. ૧૩ સપ્ટે. ૧૯૫૫

પ્રિય શ્રી નારાયણભાઈ,

તમારો પ્રેમપત્ર મળ્યો. આનંદ થયો.

તમારી સૌની તબિયત હવે સારી થઈ ગઈ હશે. બાળકોના હાથે-પગે આરામ હશે ત્યાંનું તમારું ચાલુ મકાન નાનાં બાળકો માટે જરાયે અનુકૂળ નથી. ધીરે ધીરે અનુકૂળતા થતાં ક્યાંક મકાનની બદલી કરો તો સારું. નોકરીમાં તમારી સામે જ વિરોધનો વંટોળ ઊઠેલો તે દૂર થયો જાણીને આનંદ થયો છે. પ્રભુ પર શ્રદ્ધા રાખીને ચાલનારનું પ્રભુ સદા મંગલ જ કરે છે એ વાત નક્કી છે.

ઘી સારું છે. તેનો કેટલોક ભાગ જૂનો છે ખરો. પણ તેથી તેની પ્રામાણિકતામાં જરાપણ ફેર પડતો નથી. ભેળસેળ ને વેજીટેબલ ઘીનો પાર નથી. હિમાલયમાં નાનાં ગામડાંને બાદ કરતાં ઠેઠ બદરીનાથ સુધી આ જ દશા છે. વેજીટેબલ ઘીને વખાણનારા તેનાં ગમે તેટલાં ગુણગાન કરે, પણ તેણે સાચા ઘીને અશક્ય કરી દીધું છે. તેનું એ અનિષ્ટ ઓછું નથી.

સાધના ચાલે છે. આ માર્ગ મનોબળવાળા શૂરવીર પુરુષોનો છે. કાપુરુષોનું તેમાં કામ નથી. ધ્યેય મોટું છે એટલે તે માટેનો પુરુષાર્થ પણ મોટો હોય એ સમજી શકાય તેવું છે.

માતાજી કુશળ છે. ત્યાં સરસ્વતી ને બાળકો કુશળ હશે.

પરમ દિવસે શ્રી વિનોબાની જન્મજયંતિ ગઈ. તેમને ૬૦ વરસ પૂરાં થયાં. જીવનના સંધ્યા સમયે ઈશ્વરે તેમને એક અવનવું કામ સુઝાડ્યું ને યશસ્વી કરી દીધા. ચારેક વરસ પહેલાં તેમને વધારે ભાગની પ્રજા જાણતી ન હતી. ભૂદાન યજ્ઞે તેમને મશહૂર બનાવી દીધા. એ જોઈને મને વિચાર થાય છે કે ઈશ્વરની લીલા કેટલી ગહન છે ! કયા માણસને તે ક્યારે, ક્યાં ને કેવી રીતે પોતાના માંગલિક કાર્યમાં સહભાગી કરીને યશસ્વી બનાવે છે. તે કહેવું મુશ્કેલ છે. વિનોબાજીનું જીવન તો પહેલેથી જ તૈયાર હતું. પણ તેમનો સંપૂર્ણ ભાગ્યોદય જીવનનાં છેલ્લાં વર્ષોમાં જ થયો. તેમનું કામ લાખો લોકોનું મંગલ કરી રહ્યું છે ને કરશે એમાં શંકા નથી. એવા સેવાભાવી ને સર્વ ત્યાગી પુરુષની પણ ટીકા થાય છે, ને મોટા નેતાઓ પણ તેમને વખોડે છે, તેનું મૂળ કારણ આ દેશની પ્રજામાં જે તેજોદ્વેષ ને ટીકાખોરીની બુદ્ધિ જડ જમાવીને બેઠી છે તે છે. તે વૃત્તિએ રામ, કૃષ્ણ, ગાંધીને બીજાને પણ છોડ્યા નથી. તે વૃત્તિએ દેશનું ભારે અહિત કર્યું છે.

ગાંધીજીની જેમ એક સાચા ત્યાગીને કર્મયોગી પુરુષની જેમ વિનોબાજી આગળ વધી રહ્યા છે. તે પારકા ની પીડા દૂર કરવા મહેનત કરે છે. એ એક જ વાત તેમને માટે આપણા અંતરમાં આદરભાવ ઉત્પન્ન કરે છે. વિવેકાનંદે કહ્યું છે કે સાચા સેવક કે સુધારક થવા માટે ત્રણ વસ્તુની જરૂર છે. પહેલી જરૂરી વાત તો એ છે કે માણસની પાસે દિલ હોવું જોઈએ. લાગણી હોવી જોઈએ. બીજાના દુ:ખોની તેને અસર થવી જોઈએ. સંસારમાં જે દુ:ખી, રોગી, અનાથ ને પીડિત છે, તેમની વેદના તેને સ્પર્શી જવી જોઈએ. તે પછી તેણે તેને દૂર કરવાનો ઉપાય શોધવો જોઈએ. એ બીજી જરૂરત. સંસારમાં સુધાર કરવા ને સેવામય થવા તેની પાસે

કોઈ વિશેષ શક્તિ કે માર્ગ છે કે કેમ તેનો તેણે નિશ્ચય કરવો જોઈએ. તે પછી ત્રીજી વાત ચારિત્ર્ય છે. તેનામાં ચારિત્ર્ય હોવું જોઈએ. નિંદા-સ્તુતિ, હર્ષ-શોક ને સ્ત્રી, ધન ને સત્તા તથા યશના પ્રલોભનથી અલિપ્ત રહેવાની શક્તિ તેનામાં હોવી જોઈએ. તેનામાં અંગત સ્વાર્થ ના હોવો જોઈએ. વિવેકાનંદની એ વાતમાં વધારો કરીને આપણે કહીશું કે તેનામાં ઈશ્વરપરાયણતા પણ હોવી જોઈએ. અથવા તે માટે તેનો પ્રયાસ ચાલુ હોવો જોઈએ. વિવેકાનંદ ને ગાંધીજીની જેમ વિનોબાજીમાં પણ એ બધી વસ્તુનો સમન્વય થયેલો છે. કેટલાક તેમને ભાષાશાસ્ત્રી તરીકે વખાણે છે. પણ ભાષાશાસ્ત્રી તો ઘણાં છે. વિનોબાની વિશેષતા હૃદયશાસ્ત્રી થવામાં-જીવનશાસ્ત્રી થવામાં છે. આ દેશનું સદભાગ્ય છે કે દયાનંદ સરસ્વતીના વખતથી એકેક જ્યોતિર્ધર પ્રગટ્યા જ કરે છે. દેશ ને દુનિયાના ઉજ્જવલ ભાવિની તે આશા આપી જાય છે.

વરસાદ ચાલે છે. કુદરત ખૂબ સુંદર થઈ ગઈ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૪ : પ્રેરણાદાયક કાર્યક્રમ

ભરતમંદિર, ઋષિકેશ.
તા. ૮ ઓકટો. ૧૯૫૫

પ્રિય શ્રી ભાઈલાલભાઈ,

તમારો પ્રેમ પત્ર મળી ગયો છે.

સાધનાનું કામ એકાગ્રતા, ઉત્સાહ, આશા, લગન ને મજબૂત મનોબળ માગી લે છે, સાધનાનું લક્ષ જેટલુ વિશાળ તેટલો વિશાળ પરિશ્રમ કરવો પડે છે, ને ભોગ પણ આપવો પડે છે. પછી તો એક દશા એવી આવી જાય છે કે સાધનાનો બધો જ ભાર ઈશ્વર ઉપાડી લે છે. સાધકને ઈશ્વરની પ્રેરણા મળે છે, ને ઈશ્વરની શક્તિથી તે આગળ વધે છે. સાધકના હૃદયમાં સાધનાના વિચારને પોષવાનું ને તેને પરિપૂર્ણપણે સફળ કરવાનું કામ ઈશ્વર પોતે ઉપાડી લે છે. પછી સાધનાનું કામ ખૂબ સુખમય ને હળવું બની જાય છે.

રજાઓમાં તમે જે કાર્યક્રમ ગોઠવ્યો છે તે તમારે માટે પ્રેરણાદાયક થઈ પડશે. ખાસ કરીને અરવિંદ આશ્રમનું દર્શન ને નિરીક્ષણ વિચારને અનુભવની અનોખી સામગ્રી પૂરી પાડશે એ નિર્વિવાદ છે. તમારા અનુભવોને જાણવાનું કામ ઘણું રસપ્રદ થઈ પડશે. તમારી યાત્રા સુખપૂર્વક પૂરી થાય એમ ઈચ્છુ છું.

જીવનના ઘડતરનું કામ નિરંતર ચાલુ રહેવું જોઈએ. ઉત્તમ માનવ બનવા ને આધ્યાત્મિક વિકાસ કરવા સદાયે પ્રયત્નશીલ રહેવું જોઈએ. જીવનના આધ્યાત્મિક ઘડતરમાં બે-ત્રણ વાતો બહુ મહત્વનો ભાગ ભજવે છે. પહેલી વાત તો જીવનના ધ્યેય વિશે સ્પષ્ટતા મેળવવાની છે. જીવનમાં શું મેળવવું છે અથવા કેવા સ્વરૂપનો વિકાસ કરવો છે, તે વિશે સાફ નિર્ણય કરવાની છે. કેટલાય સાધકો પોતાના ધ્યેય બાબત સ્પષ્ટ વિચારણા નથી ધરાવતા. તેમનું કામ ઘણું વિકટ બને છે, ને તેમના સમય ને સામર્થ્ય તે માટે વેડફાઈ જવાનો ભય રહે છે. ધ્યેયની સ્પષ્ટતા થાય એટલે બીજો મહત્વનો નિર્ણય તેની સિદ્ધિના અસરકારક ને અનુકૂળ સાધનનો કરવાનો છે. તે પણ ખૂબ જરૂરી વસ્તુ છે. તે પછી ત્રીજી મહત્વની વસ્તુ તે સાધનનો અમલ કરવાની છે. જ્યાં સુધી ધ્યેયની સિદ્ધિ ના થાય ત્યાં સુધી સાધકે પુરુષાર્થ કરતા રહેવાનું છે. પ્રલોભનોને વશ થયા વિના ને પ્રતિકૂળતાથી નાસીપાસ થયા વિના સાધનાને માર્ગે આગેકૂચ ચાલુ રાખવાની છે. એ ત્રણે વસ્તુ ત્રિવેણી જેવી છે. જેનામાં એ ત્રિવેણીનો સંગમ થઈ જાય તે સાધક જીવનના આધ્યાત્મિક ઘડતરના કામમાં વહેલો મોડો જરૂર સફળ થાય છે એમાં જરાય શંકા નથી.

માતાજી કુશળ છે. હવાપાણી હાલ અનુકૂળ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૫ : આત્મિક મૂલ્યોની સ્થાપના

ભરતમંદિર, ઋષિકેશ.
તા. ૧૩ ડીસે, ૧૯૫૫

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. આ પહેલાંનો તમારો પત્ર ટપાલની કોઈક અવ્યવસ્થાને લીધે ગુમ થયો છે.

નવરાત્રીના ઉપવાસ આ વખતે સુખપૂર્વક પૂરા થયા છે. ગયે વરસે 'મા'એ મારી ઘણી કપરી ને લાંબી કસોટી કરી હતી તે તમે જાણો છો. તેના અનુસંધાનમાં આ વખતે મને સારો સંતોષ આપ્યો છે. તે વિશે વિશેષ વાતો તો પ્રત્યક્ષ મળ્યા પછી જ કરીશું. પૂનમ પછી બીજા છ ઉપવાસ પણ થઈ ગયા. હવે શરીર ધીમે ધીમે વળતું જાય છે. સાધનાનું  જે લક્ષ મેં નક્કી કર્યું છે તેની સિદ્ધિ માટે મજબૂત મનોબળ, સતત સાધનાને 'મા'ની કૃપાની જરૂર છે. ખૂબ ખૂબ ધીરજ, ઉત્સાહ, વિવેક ને હિંમતની પણ આવશ્યકતા છે. 'મા'ની કૃપાથી મેં આજ સુધીનો પંથ સુખપૂર્વક કાપી નાખ્યો છે, ને શેષ પંથ પણ કપાઈ જશે એ નક્કી છે. કેમ કે મારા શરીરધારણ કે જીવનનો તે પ્રથમ હેતુ છે. તે માટે જ મારું આજનું જીવન છે. વિશ્વના મંગળ માટેના પ્રયાસરૂપી યજ્ઞનો બીજો તબક્કો શરૂ થાય તે પહેલાં વ્યક્તિગત પૂર્ણતાના આ તબક્કાની પૂર્ણાહુતિ જરૂરી છે. તે ઈશ્વરનિર્મિત છે એટલે તેમાં તિલમાત્ર પણ ફેર પડવાનો નથી.

માતાજી કુશળ છે. સાધના યજ્ઞની મારી દ્વારા ઉપરાઉપરી અપાતી આહૂતિઓનાં તે આજે વરસોથી સાક્ષી છે. સાધનાની બધી જ અટપટી વાતો તે સમજી શકે છે, ને મારી પ્રેમથી સેવા કરે છે. તેમના જેવી માતાનું દષ્ટાંત જગતના આધ્યાત્મિક ઈતિહાસમાં જવલ્લે જ જોવા મળશે. માતાઓને સાથે રાખનારા સંતો થયા છે. પણ પોતાની સાધનાથી તેમને વાકેફ રાખનારા, તેમનો સહકાર મેળવનારા સંતો સંસારમાં બહુ ઓછા થયા હશે. તેમના જન્માતંર સંસ્કાર પણ ઘણાં ઊંચા છે. નહિ તો આવો અવસર તેમને ભાગ્યે જ મળે. હું તેમનામાં જગદંબાની જ ઝાંખી કરું છું.

વિષ્ણુની પત્ની વિશે જાણ્યું, સંસારમાં એવા સાચા આવેશો પણ હોઈ શકે છે. તેથી માણસે સાચા-ખોટાનો વિવેક કરતા શીખવું જોઈએ.

ભારતને સંસારના પ્રશ્નો માટે રાજદ્વારી પુરુષો તો જોઈશે જ. પણ તે ઉપરાંત, ઈશ્વરી કૃપાપાત્ર અંતદર્શી યોગીની પણ જરૂર પડશે. કેમ કે કેવળ ભૌતિક નહી પરંતુ આધ્યાત્મિક પુનર્જાગરણ ને સમૃદ્ધિ એ આ યુગનું લક્ષ છે. એટલે રાજદ્વારી પુરુષોને પ્રેરણા પાનાર એક મધ્યવર્તી મહાપુરુષની જરૂર છે, જે સત્તાના રાજકારણથી પર રહીને ઈશ્વરેચ્છાથી પ્રેરાઈને દેશ ને દુનિયાના હિતનું કામ કરવા કટિબદ્ધ થાય, ને વધારે ભાગે આધ્યાત્મિક મૂલ્યોની સ્થાપના કરે.

મહાગુજરાતનો નિર્ણય કોંગ્રેસ કારોબારીએ કરી દીધો એ આનંદની વાત છે. થોડા ઓગેવાનો આટઆટલા દીર્ઘ અનુભવ છતાં મહારાષ્ટ્રીય નેતાઓનું માનસ ના સમજીને ‘રાષ્ટ્રીય હિત’ના ખોટા ખ્યાલથી દ્વિભાષી રાજ્ય માટે સંમતિ આપી બેઠા એ આશ્ચર્ય હતું. હવે એ ભૂલ સુધરી છે તે ઠીક જ થયું છે. કોંગ્રેસે

ભાષાવાર રાજ્યોની વાત સ્વીકારી છે એટલે આ જ નિર્ણય ઉત્તમ છે. છતાં પાંચ વરસ પછી મુંબઈના ભાવિનો ફરી નિર્ણય કરવાની વાત નકામી છે. એક નીતિ કરતાં તેનું વિશેષ મહત્વ નથી. વિવાદાસ્પદ વાતો વહેલામાં વહેલી તકે પતાવી જ દેવી જોઈએ. ગુજરાત કોંગ્રેસનો મહેમદાબાદ ઠરાવ અસરકારક થયો હતો.

નવા વરસે તમારું જીવન વધુ ને વધુ સુખી, પ્રભુપરાયણ ને ઉન્નત બનો એમ ઈચ્છું છું.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૬ : સાધનાપરાયણતા

મુંબઈ

તા. ૧૫ ડીસે. ૧૯૫૫

પ્રિય ભાઈલાલભાઈ,

તમારો પ્રેમપત્ર ઋષિકેશ મળ્યો હતો. ત્રણ-ચાર દિવસ દહેરાદૂન રહી આઠેક દિવસ થયાં અમે અહીં આવી પહેંચ્યાં છીએ. તમારું સાધન-ભજન નિયમિત ચાલતું હશે. આ માર્ગમાં નિયમિતતા ને ઉત્સાહ સાથેની સતત સાધનપરાયણતા ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. તેનું મૂલ્ય ઘણું મોટું છે. મન તેને લીધે શુભ સંસ્કારોથી ક્રમશઃ સભર થવા માડે છે ને છેવટે પરમ શાંતિની મૂર્તિ બને છે.

તમે અવારનવાર પત્રો લખતા રહ્યા તેથી મને આનંદ જ થયો છે. પત્રલેખન આ સમયમાં વિચારો ને ભાવોને વ્યક્ત કરવાનું એક અસરકારક વાહન છે. ને તે કેટલેક અંશે મદદરૂપ બને છે. આ દૃષ્ટિ હોવાથી પત્રલેખન મારે માટે યજ્ઞની આહૂતિરૂપ બની રહે છે ને આનંદ આપે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૭ : આફતરૂપ યોજના

ઋષિકેશ

તા. ૧૭ ડીસે. ૧૯૫૬

પ્રિય ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. ખૂબ આનંદ થયો. તેવી રીતે સમાચાર લખતા રહેજો.

ગુજરાતમાં હાલ વાતાવરણ અશાંત છે. તેના સમાચાર 'સંદેશ'માં આવે છે. ગુજરાતના નેતાઓ ને સભ્યોએ દ્વિભાષી રાજ્યની યોજનાનો સ્વીકાર કરીને ભારે ભૂલ કરી છે. આશ્ચર્ય તો એ છે કે કોઈયે નેતા પ્રજાને જે સહેવું ને શોષવું પડ્યું છે તે માટે આશ્વાસન ને અફસોસના બે શબ્દો કહેવાને બદલે, રાષ્ટ્રીય હિત તથા શિસ્તપાલનને ઊજળે ભ્રામક નામે, પ્રજાને પોતે મંજૂર કરેલી તે યોજના મૂંગે મોઢે સ્વીકારી લેવાનો ઉપદેશ આપવા મંડી પડ્યા છે. ગુજરાતની પ્રજાના અભિપ્રાયને જાણવાની લેશ પણ પરવા કર્યા વિના જે ઉતાવળથી એક રાતમાં જ પહેલાં મૂર્ખતામાં ખપાવેલી દ્વિભાષી રાજ્યની યોજનાને સ્વીકારી લીધી તે તેમની કુસેવા ને આપખુદનીતિ સૂચવે છે. આ યોજના ગુજરાતને માટે મોટી આફતરૂપ છે. તેથી તેનો વિરોધ થવો જ જોઈએ, ને શાંતિમયને બંધારણીય માર્ગે તેનો અમલ અટકાવવા પ્રજાએ એક થવું જોઈએ. ગુજરાતની પ્રજાને પૂછ્યા વિના જે ઉતાવળિયું પગલું ભરવામાં આવ્યું છે તે તદ્દન આપખુદ છે. ભવિષ્યમાં ગુજરાત અલગ થશે તો મુંબઈ આપોઆપ મહારાષ્ટ્રમાં ચાલ્યું જશે.

હમણાં એક ટંક ચાલુ છે વરસાદ અહીં તદ્દન થોડો છે. ગંગા ને પર્વતોની શોભા ખૂબ હૃદયસ્પર્શી લાગે છે. ચાંદની રાતે તે ઓર રંગ ધારણ કરે છે.

માતાજી કુશળ છે. જપ, પ્રાર્થના, વાચન કરતાં રહેજો. જીવનને ઉજ્જવળ કરવા બનતા બધા જ પ્રયાસ કરવા જોઈએ. પ્રભુએ તમને સ્વતંત્ર હવામાં શ્વાસ લેવાની તક આપી છે તેનો ઉપયોગ કરી જીવનને વધુ ને વધુ પ્રભુપરાયણ બનાવો એમ ઈચ્છું છું.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૮ : ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર

ઋષિકેશ

તા. ૮ સપ્ટે, ૧૯૫૬

પ્રિય નારાયણભાઈ,

તમારો પત્ર મળી ગયો છે. તમારો પ્રેમ જોઈને આનંદ થયો છે. મહાગુજરાતનો કેસ હાલપૂરતો માર્યો ગયો છે એ બરાબર છે. ગુજરાતના પ્રતિનિધિઓ ખૂબ કાચા નીકળ્યા. તેમના અચોક્કસ ને શિસ્ત તથા રાષ્ટ્રીય હિતને નામે બિનજવાબદાર વલણ ને લીધે હાલપૂરતું તો ગુજરાતને નિરાશ થવું પડ્યું છે. જનતાનો અવાજ સરકારે વારંવાર બાંહેધરી આપ્યા છતાં ને જાહેર કર્યા છતાં પણ સાંભળ્યો નથી. હવે તો આગળ પર જે થાય તે ખરું. તેમના વલણે આખાય પ્રશ્નમાં બહુ જ મહત્વનો ભાગ ભજવ્યો છે. એ એક જ પુરુષે દિલ્હીમાં દ્વીભાષી રાજ્ય રચનાનાં નિર્ણયને સંમતિ આપતાં પહેલાં અમદાવાદ આવીને ગુજરાતના નેતાઓનો વિચાર જાણવાનો પ્રયાસ કર્યો હોત ને તે પછી તેમનો સંયુક્ત અવાજ તેમણે કેન્દ્રમાં રજૂ કર્યો હોત તો મહાગુજરાત જરૂર થાત. પણ તે દિલ્હીમાં બધુ નક્કી કર્યા પછી બહુ મોડે મોડે પોતાની વાત જનતાને સમજાવવા અથવા તો સ્વીકારવાનો આગ્રહ કરવા માટે આવ્યા. પરિણામે પક્ષીય શિસ્તને નામે કાર્યકર્તાઓનો ને ગુંડાગીરી ને તોફાની તત્વોને નામે જનતાનો સાચો અવાજ કોઈ સાંભળી શક્યું નહીં. આવા મોટા અસરકારક પ્રશ્ન પરત્વે પાર્લામેન્ટે એકાએક જે નવું વલણ લઈને બધું ઘડીના છઠ્ઠા ભાગમાં મત એકઠા કરીને નક્કી કર્યું તે તદ્દન બિનલોકશાહી ઢબનું કહી શકાય. ટૂંકમાં કહીએ તો રાજ્ય પુર્નરચનાની બાબતમાં ગુજરાતને કોઈ જ લાભ થતો નથી. પણ અલગ રીતે વિકસવાની તક ના મળવાથી ગેરલાભ જરૂર થાય છે. ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર જેવી વાત થઈ છે. પહેલેથી આવી જ નીતિ હોત તો મુંબઈ ને બીજે જાનમાલનું આટલું નુકશાન ના થાત. પણ આ મહત્વના પ્રશ્નમાં ખરું જોતા સરકારની કોઈ નીતિ જ નથી રહી. પવન વાય તેમ વહ્યે જવું એ જ નીતિ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૯૯ : અસાધારણ પ્રસંગો

મસુરી

તા. ૧૧ ઓગ. ૧૯૫૮

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમ પત્ર મળ્યો. તમારો પ્રેમ જોઈને આનંદ થાય છે. અહીંનું વાતાવરણ હવે ફાવી ગયું છે. માતાજીની તબિયત જરા નરમ થઈ ગઈ હતી પણ હવે સારું છે. ઠંડી અહીં વધારે છે. વરસાદ પણ લગભગ રોજ પડે છે. પર્વતો ધુમ્મસથી ઘેરાયેલા રહ્યાં કરે છે ને કોઈ નવા ને સુંદર સ્વર્ગીય પ્રદેશમાં રહેતા હોઈયે તેવું લાગે છે. વાતાવરણ એકંદરે ઘણું સારું ને સ્થળ પણ નવું છે એટલે સમય સારી રીતે પસાર થઈ જાય છે ને આનંદ આવે છે. હજી અનુકૂળતા પ્રમાણે થોડા દિવસ અહીં જ રહીશું.

સાચું છે કે છેલ્લા ૬-૭ માસનાં પ્રસંગો સાધારણ માણસની શ્રદ્ધા, ધીરજ ને હિંમત ને હલાવી નાખે તેવા હતા. પરતું મારું હૃદય આ બાબત જુદી જ જાતનું બનેલું છે. સાધનાનો માર્ગ અત્યંત શ્રદ્ધા, ધીરજ, સ્નેહ ને સમર્પણનો છે. ને સારા કે નરસા, પ્રતિકૂળ કે અનુકૂળ કોઈયે પ્રસંગે આપણે મદોન્મત્ત થઈ કે હતોત્સાહ બનીને તેનો ત્યાગ ના કરવો જોઈએ. આપણી શ્રદ્ધા, આપણી જાતમાં કે ઈશ્વરી શક્તિમાં અત્યંત દૃઢ, અચળ ને અણનમ હોવી જોઈએ, ને બધાં જ સંજોગોમાં કોઈયે જાતની વિશેષ શંકા સિવાય આપણે તેને વળગી રહેવું જોઈએ. મતલબ કે આપણું સમર્પણ સાચું, સમજપૂર્વકનું, નિઃસ્વાર્થ ને સંપૂર્ણ સ્નેહવાળું હોવું જોઈએ. આ વસ્તુ સિદ્ધ થઈ જાય તો આપણું જીવન સદાય સલામત છે. તે ઈશ્વરી શક્તિના હાથમાં આપણે નિરંતર નિર્ભય બની જઈએ છીએ. તેની અંદરથી આપણો વિશ્વાસ કદી પણ ખૂટતો નથી. આ દશા કેળવવાની જરૂર છે.

માતાજી કુશળ છે ને યાદ કરે છે. તમે પણ આ વરસે ઘણાં કપરા પ્રસંગોમાં મને સાથ આપ્યો, ને ઘણું નવું નવું જોયું. તમારો પ્રેમ ને વિશ્વાસ ખૂબ અનેરો છે. તે માટે ધન્યવાદ. બહુ જ થોડા માણસો આ વખતે અણીશુદ્ધ પાર ઉતરી શક્યા. તમે પણ તેમાંના એક.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૦ : રાષ્ટ્રીય કર્તવ્ય

મસુરી.
તા. ૨૧ જુલાઈ, ૧૯૬૪

પ્રિય નારાયણભાઈ,

પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. તમારા પિતાજીનો તમારા જીવન ઘડતરમાં ઘણો મોટો ભાગ હતો એટલે એમના અવસાનથી વધારે લાગી આવે એ સ્વાભાવિક છે. અમારા પર પણ એમને સારી લાગણી હતી. છતાં પણ હવે સાંત્વન મેળવવા સિવાય બીજો રસ્તો નથી રહ્યો. ઈશ્વરે એમના આત્માને શાંતિ જરૂર આપી હશે કેમ કે એ પવિત્ર ને ઉચ્ચ કોટિના આત્મા હતા.

મહિમ્ન બાબત મેં મુંબઈ લખી દીધું છે. હવે તો કદાચ ત્યાંથી કાગળની વ્યવસ્થા પણ થઈ ગઈ હશે. પુસ્તક જલ્દી પૂરું થઈ જાય તો સારૂં.

અહીં રહેવાનું પહેલા કરતાં સારું છે. મારાં પ્રવચનો પણ રોજ સાંજે છ થી સાત ચાલે છે. ને ઘણાં લોકો લાભ લે છે. ઠંડી ને વરસાદ છે છતાં આનંદ આવે છે.

તમારી બદલી બાબત જે નક્કી થાય તે જણાવજો. ઈશ્વર બધુ સારૂં જ કરશે. મોંઘવારીએ તો માઝા જ મૂકી છે. સામાન્ય માણસને માટે જીવન જીવવાનું મુશ્કેલ બન્યું છે. સરકારે એ બાબત ત્વરિત ને જલદ પગલાં ભરવાની જરૂર છે. સૌથી પહેલું ને મોટું રાષ્ટ્રીય કર્તવ્ય આજે એ જ છે.

જપ ને પ્રાર્થના નિયમિત કરજો. જીવન ઝડપથી વહી રહ્યું છે. અમે આનંદમાં છીએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૧ : પ્રવચનોનું મૂલ્ય

મસુરી

તા. ૨૩ સપ્ટે. ૧૯૬૪

પ્રિય ભાઈલાલભાઈ,

તમારો પત્ર સમયસર મળ્યો છે. તે વાંચીને ઘણો જ આનંદ થયો છે. ઘણો જ સારો પત્ર છે. દરેકે વાંચવા જેવો છે. ફૂલછાબ જેવા છાપામાં છપાય તો પણ સારૂં. વટાળ પ્રવૃત્તિઓ ચાલી રહી છે ને આ દેશની સરકાર તથા હિંદુ પ્રજા એ પ્રત્યે તદ્દન ઉદાસીન છે એ સાચું છે. મસુરી પર્વતીય પ્રદેશ છે અને ખ્રિસ્તી પ્રચારકો ને સંસ્થાઓ જૂના વખતથી જ અહીં પુષ્કળ છે. એ લોકો ભણેલામાં ભ્રાંતિ ને ધર્મસૂગ પેદા કરી, ને અભણને લાલચો આપી, ધર્માંતર માટે બધો જ પ્રયાસ કરી છૂટે છે. એ દૃષ્ટિએ જોતાં મારા અહીંનાં પ્રવચનોનું મૂલ્ય ઘણું મોટું છે. કેટલાય ડગમગતી શ્રદ્ધાવાળા માનવોની શ્રદ્ધા તેથી બળવાન બની છે ને ઘણાને લાભ થયો છે. પ્રવચન ત્રણ મહિનાથી રોજ ચાલ્યા જ કરે છે ને હજી થોડા દિવસ ચાલશે. લોકોની ભીડ માતી નથી. લોકો ભારતના વિભિન્ન ભાગોમાંથી ને ઘણા શિક્ષિત ને સંસ્કારી આવે છે. ગાંધી સોસાયટીનો વિશાળ હોલ પણ નાનો પડે છે. ઘણા લોકોના સંપર્કમાં અવાય છે. આ કામ ઘણું ઉપકારક થઈ પડ્યું છે. મસુરીમાં આટલાં લાંબાં પ્રવચનો ને આટલી મોટી હાજરી આ પહેલી જ છે. મસુરીમાં મારૂં નામ વિખ્યાત થઈ ગયું છે. શીખ લોકોએ પણ મને ગુરુદ્વારામાં ભાષણ માટે નિમંત્રીને માન આપ્યું. થીયોસોફીસ્ટો, આર્યસમાજીઓ ને બધી જાતના લોકો પ્રવચનમાં નિયમિત આવે છે. અત્યારે તો આ નાનું ક્ષેત્ર છે. ઈશ્વર વિશાળ દેશવ્યાપી ને વિશ્વવ્યાપી ક્ષેત્ર આપે તો કામ આવવાની ઈચ્છા તો છે જ. અનુકૂળતા કરવી એના હાથમાં છે.

દેશની હાલત બીજી રીતે ઘણી નાજુક બનતી જાય છે. આટલાં વરસોમાં અનાજ જેવી બાબતમાં પણ દેશ હજી સ્વાશ્રયી નથી બન્યો. મોંઘવારી વધતી જ જાય છે. કાશ્મીરને હાથે કરીને પ્રશ્ન બનાવી દીધો છે. નવી ને વધારે સારી નેતાગીરીની જરૂર તો છે જ. ઈશ્વર જે કરે તે ખરૂં.

તમારી તબિયત સારી હશે. કોઈ જાતની તકલીફ નહિ હોય. સંભાળજો. ધ્યાન, પ્રાર્થના, વાંચન કરતા રહેજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૨ : સંસાર - એક પાઠશાળા

દેવપ્રયાગ

તા. ૧૨ સપ્ટે. ૧૯૪૬

પ્રિય,

તા. ૫નો પત્ર મળ્યો.

સંસારના અનેકરંગી જીવનમાં સ્થિર મન કે ચિત્તની સ્થિરતા રાખવી એ જ જીવન છે, ને એક યોગીનું જીવન છે. સામાન્ય ને અસામાન્ય મનુષ્યોમાં મુખ્ય ફેર આ જ વિષયમાં પડે છે. અસામાન્ય મનુષ્ય તેમને કહું છું, જેમનું જીવનધ્યેય સાધારણ મનુષ્યની જેમ કેવલ ખાવું, પીવું ને મરવું તથા વિષયાનંદ નથી, જે જીવનના ઉન્નતિકરણમાં માને છે, તથા આત્મબળના સિંહાસને આરૂઢ થવા બનતો પ્રયાસ કરે છે. જીવનની કે સંસારની ગતિ હીંચકાના જેવી અથવા નદી જેવી છે, જે હમેશાં અસ્થિર છે. પરંતુ આ અસ્થિરતાને લીધે જ તેનું મહત્વ ને તેનો આનંદ છે. જેનામાં બલ નથી તે તો વૃત્તિના દાસ થઈને આ નદીમાં ડૂબી જ જાય છે, પરંતુ જેના હાથમાં તાકાત છે, બાહુમાં બળ છે, ને અંતરમાં અડગ વિશ્વાસ તથા નિશ્ચિત આદર્શની નેમ છે, તે કદી કર્તવ્યચ્યુત થતા નથી, ને જોતજોતામાં નદીવિહારનો આનંદ પણ લે છે, ને તેની પાર પણ પહોંચી જાય છે. તેની નાવને બાધક થાય એવી કોઈ જ તાકાત નથી. ને ખરી રીતે તો જે મરજીવા છે, વીર છે, તેમને નદી કે સાગરની આવી સાહસભરી સફર ગમે છે. તેમને તો જ્યાં જીવસટોસટ સોદો ના હોય ત્યાં ગમતું જ નથી, ને જ્યાં પ્રાણની બાજી લગાવવાની હોય ત્યાં તે હસતાં હસતાં કૂદી પડે છે. જીવનનો આનંદ પણ તેની વિવિધતાને લીધે જ છે, ને એક મરજીવાની જેમ હરહમેંશ તેમાં રહેવું જોઈએ. સંસાર વ્યર્થ નથી, સત્ય છે. તે એક પાઠશાળા છે, ને માણસ ધારે તો તેમાંથી ઘણું શીખી શકે છે. એ એક એવો અગ્નિ છે જે મનુષ્યને કંચન કરી દે છે. જીવનને મહાજીવન ને પુરુષને મહાપુરુષ બનાવે છે. મોટામોટા પુરુષો સંસારની વિકટ પરિસ્થિતિની વચ્ચે રહ્યા હતા, પરંતુ તેઓ પોતાનું સત્ય લક્ષ ચૂક્યા ન હતા, તેથી જ્યાં બીજા દિવસે દિવસે પામર બની નષ્ટ થતા ગયા ત્યાં તેઓ વધારે ને વધારે સમર્થ થયા ને સિદ્ધ લક્ષ થઈ અમર થયા. મહાન પુરુષોનાં જીવનનું મનન હમેશાં કરતા રહેવું જોઈએ, તથા વિચારોને ખૂબ ખૂબ ઉન્નત, હૃદયને ખૂબ ખૂબ પ્રેમાળ રાખવું જોઈએ. આ જ સાચા ને સફળ જીવનનું રહસ્ય છે.

મનુષ્યજીવન છે તે કાંઈ નાખી દેવા માટે નથી. હરેક મનુષ્ય જે આ પવિત્ર તપોભૂમિ-ભારતમાં જન્મ લે છે, તેની પાસેથી ભારત કંઈ ને કંઈ આશા રાખે છે ને એક તપોભૂમિ બીજી શી આશા રાખી શકે ? એ જ કે તમે પણ તમારું જીવન તપોમય બનાવો, સ્વાર્થમય નહિ ત્યાગમય બનાવો, ને જે ભૂમિ પર જન્મ લો છે, પગ મૂકો છો, શ્વાસ લો છો, તે ભૂમિના અસંખ્ય બાળકોને પ્રેમપૂર્વક આલિંગન આપો, એટલું જ નહિ, તેમની સેવામાં તમારી સંપત્તિ ને સમય આવ્યે શરીરનો પણ ઉત્સર્ગ કરો. આજ મોટું તપ છે. માનવહૃદયની સ્થૂલ ભૂમિકામાંથી ઉપર ઊઠી આ મહાન દિવ્યતામાં સ્થિત થવું એ જ તપ છે. ને એવી દૃષ્ટિ મેળવવી, જે દ્વારા ચરાચરમાં એકતાનું દર્શન થઈ શકે. જેણે પોતાની અંદર જેટલા પ્રમાણમાં પોતે આ સત્ય, શિવ ને સુંદરનું સાન્નિધ્ય સાધ્યું છે. તેટલા જ પ્રમાણમાં તે બાહ્ય જગતમાં પણ સાધી શકશે. એટલા જ માટે સૌથી પહેલાં

અંતરનાં અંતરતમમાં આ મહાન એકતાની, આ મહાન આત્માની અનુભૂતિ કરવાની જરૂર છે. જેને આત્મદર્શન કહે છે. આને જ ભારતે મહાનમાં મહાન સાધના-શરીર દ્વારા થતું મહાનમાં મહાન તપ માન્યું છે. આ આત્મદર્શન માટે જ સંસાર, કર્મ, સર્વ સાધન છે.

શરીર સારું હશે. જે યાદ કરે તે સર્વને પ્રેમ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૩ : નિષ્કપટ પ્રેમદર્શન

સાબરમતી.
તા. ૯ ફેબ્રુ. ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

ખૂબ ખૂબ પ્રેમભર્યો તમારો પત્ર મળ્યો. આનંદ થયો. પ્રેમની સ્મૃતિ કોને ગદગદ્ નથી કરતી ? ને તેની ભાષા હંમેશને માટે આનંદથી પુલકિત કરી દેનારી હોય છે. એ જ પ્રેમને લીધે કાબોદ્રાના નાના સરખા પણ શાંત ગામમાં મને ખૂબ આનંદ પડ્યો, ને ત્યાંનો નિવાસ એક અમર પ્રસંગ બની ગયો. તે સદા અમર રહો !

ઘરનાં બધાં જ ઘણાં પ્રેમી છે. આ દુનિયામાં એવા સ્વચ્છ ને નિષ્કપટ પ્રેમનું દર્શન બહુ ઓછું થાય છે. સૌનો પ્રેમ ખૂબ જ યાદ રહેશે.

વસંતપંચમીની વાત બીજી બધી વાતોની જેમ મિથ્યા નીવડી. તેમાંય કોઈ ઈશ્વરી સંકેત હશે પરંતુ મારી શ્રદ્ધા એવી જ અટલ છે. જે કાર્ય માટે દુનિયા પર મારું જીવન છે તે કાર્ય જરૂર પૂરું થવાનું જ. બે દિવસ વહેલું કે મોડું, મારા કાર્યમાં મને સફળતા મળવાની જ એ નક્કી છે. કેમ કે ઈશ્વરની જ તેવી ઈચ્છા છે. નહિ તો સરોડામાંથી ઊંચકી મુંબઈના શિક્ષિત વાતાવરણમાંથી લઈ તે મને હિમાલયમાં શું કામ મૂકત ? ને માનવજાતિને ઈશ્વરી કૃપા મેળવી ઉપયોગી થવાની પ્રેરક વિચારધારા તે મારી અંદર શું કામ જગાડત ? તે માટે મને નક્કી સાધના કે માર્ગ પણ તે શું કામ બતાવત ? ને મારી સાધનામાં મને તે સફળ પણ શું કામ કરત ? હવે જે સફળતાની મારી કામના છે તે કાંઈ તદ્દન નવી વાત નથી. તેમાં અર્ધી સફળતા તો મેળવી જ છે. હવે બાકી થોડું જ રહે છે. પણ તે ખૂબ જ કીમતી હોઈ વિલંબ થઈ રહ્યો છે. ઈશ્વરે હજી મને તપાવવાનો વિચાર રાખ્યો હોય એ બનવાજોગ છે. પરંતુ તેવી તપામણી લાંબો વખત ચાલે તેમ હું માનતો નથી. એક દિવસ-ને તે તદ્દન નજીકના ભાવિમાં જ, મારા સ્વપ્નને હું મૂર્તિમંત થયેલું જરૂર જોઈશ.

મને ઈશ્વર મારી ઈચ્છા પ્રમાણેની વસ્તુ આપે, એટલે તેનો ઉપયોગ વિશાળમાં વિશાળ રીતે દેશ ને દુનિયા માટે કરવાની મારી ઈચ્છા છે દુનિયાના પ્રશ્નને ઉકેલવામાં આધ્યાત્મિક કે ઈશ્વરી શક્તિ લાગી જાય એ જોવાની મારી ઈચ્છા છે, ને મારું તે સ્વપ્ન પણ સાચું થવા જ સર્જાયલું છે. તેમાં મને વિલંબ થતો લાગે એ જુદી વાત છે. ગાંધીજીએ જીવન દ્વારા બતાવેલા નિષ્કામ સેવાના રાહ પર પૂર્ણતા પ્રાપ્ત કરીને જવાની મારી નેમ છે, ને તે નેમ બર આવશે એ ચોક્કસ છે. હૃદયમાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે, ગમે તેવો જરૂરી ભોગ આપવાની લગન છે, ધીરજ ને ઉત્સાહ છે, ને પોતાના તેમ જ સૌના હિતની-વિશ્વકલ્યાણની ભાવના છે. તો સફળતા કેમ નહીં સાંપડે ? દુનિયામાં કોઈ ચીજ અસંભવ નથી. માણસની શ્રદ્ધા માત્ર લોખંડી જોઈએ ને તેનો પુરુષાર્થ અનવરત ચાલુ રહેવો જોઈએ. મારા પ્રયાસો ચાલુ જ છે ને કામના પૂર્ણ થતાં લગી ચાલુ જ રહેશે. જે દિવસે મારી ઈચ્છા પરિપૂર્ણ થશે, તે દિવસ સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં સાચે જ એક સુવર્ણ દિવસ ગણાશે. ઈતિહાસનાં પાના ઉલટાવી જુઓ, વિશ્વના હિતની ભાવના લઈને હિમાલયની કંદરાઓમાં જીવનની પચ્ચીસીમાં કષ્ટ વેઠીને એકલે હાથે 'તપ' કરનાર કોઈ મળે છે ? આજ લગીના ઈતિહાસે એવું દૃષ્ટાંત આપ્યું

નથી. તે બધી એક ઈશ્વરની કૃપા નહિ તો બીજું શું છે ? તેની પ્રેરણા વિના આ બધું ક્યાંથી થાય ? માનવનું ગજુ શું ? તે મહાન ઈશ્વરના ચરણોમાં મારી પ્રાર્થના છે કે જે મહાન પૂર્ણતાના યજ્ઞને માટે મારા દિલમાં તેણે પ્રેરણા કરી છે તે યજ્ઞ તે જલદી પૂરો કરે, ને તે યજ્ઞના સહકાર્યકર્તાઓ તરીકે મને તમારા જેવા તેમ જ નારાયણ જેવા પવિત્ર આત્માઓનો સાથ મળે.

અહીં વીસેક દિવસ રહેવું થશે. પછી મુંબઈ. ત્યાં જ હવે તો મળાશે એમ લાગે છે. તમારી ડાયરેક્ટરની ભાવના ઈશ્વર જલદી પૂરી કરો. ત્યાં પિતાજી-માતાજી, ભાઈ-તમારાં ભાભી, સૌને મારા તેમ જ માતાજીના પ્રેમ કહેશો. હંસા, ભાનુપ્રસાદ, બેબી, શિવરામ, બેન, પુંજીરામ, માસ્તર સાહેબ, સૌને તેમજ જે યાદ કરે તેમને મારા ખૂબ ખૂબ પ્રેમ.

કાબોદ્રા જેવાં ગામડાનું સ્વચ્છ, સાદું ને કુદરતી જીવન ખૂબ જ યાદ રહી જાય છે. ને તેવાં ગામડાની શોભા તમારા જેવા પવિત્ર પ્રમાળ આત્માઓને લીધે જ છે. એ શોભા સદાયે બની રહો !

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૪ : 'પવિત્ર' શબ્દપ્રયોગ

સાબરમતી

તા. ૫ માર્ચ. ૧૯૫૮

પ્રિય ભાઈશ્રી,

તમારો ખૂબ જ પ્રેમભર્યો-પ્રેમથી નીતરતો પત્ર મળ્યો છે. આનંદ થયો. હજી કાબોદ્રા જ છો તે જાણ્યું. ગ્રામજીવનનો આનંદ અજબ છે. તદ્દન શાંત, કુદરતી ને સ્વચ્છ જીવન. તેનો વધારે લાભ લેવાથી હવે તો સ્વાસ્થ્ય તદ્દન સારું થઈ ગયું હશે.

બ્લીડીંગ બંધ છે તે જાણી આનંદ થયો છે. નિયમિત આસનનો વ્યાયામ મુંબઈના જીવનમાં પણ ચાલુ રાખવાથી ફરીથી તે નહીં થાય. ફક્ત સુંદર ને ઉપયોગી આસનો જીવનભર કરવા કૃતનિશ્ચય થવું જોઈએ. સ્વાસ્થ્યને માટે તેમની જરૂર ઘણી જ છે.

મેં 'પવિત્ર' શબ્દનો પ્રયોગ કર્યો તેમાં ના ગમે તેવું શું છે ? પવિત્ર કાંઈ એ જ નથી જેણે જીવનમાં કદી કોઈ માઠું કામ ના કર્યું હોય. પવિત્રતાનો સંબંધ બાહ્ય કર્મ કરતાં વધારે તો માણસના આંતરિક દેહ એટલે હૃદય સાથે છે. કોઈ કારણથી માણસ કોઈ વાર ભૂલ કરી બેસે, તેટલા જ માટે તે અપવિત્ર બની જતો નથી. પવિત્રતાને જે માને છે, ચાહે છે, ને પવિત્રતા જેનું ધ્યેય છે, તેવા બધા જ માનવ પવિત્ર કહી શકાય છે, ને સન્માનને પાત્ર છે. જીવનમાં ભૂલ કરવી એ કાંઈ છેવટનો ને મોટો ગુન્હો નથી. ભૂલ કોણ નથી કરતું ? ભૂલને ભૂલ તરીકે પિછાની તેમાંથી છૂટવા મથવું ને તેવી ભૂલ ફરી ના થાય તે માટે કૃતનિશ્ચય થવું એ જ માણસાઈ છે. જગતના અનેકાનેક મહાન પુરુષોએ આ જ રીતે જીવનને વિશુદ્ધ બનાવ્યું છે, ને ઉજ્જવલ થઈ અનેકને ઉજ્જવલ કર્યા છે. તમારા હૃદયમાં પ્રેમ ને માયાળુતા તેમ જ પરગજુપણાની મોટી લાગણી ભરેલી છે. તે ઉપરાંત, તમને સત્ય પ્રત્યે પ્રેમ છે. આ તમારા હૃદયની મહાનતાનું સમર્થન કરે છે. એ ઉપરાંત, તમારાં નેત્રોમાં પૂર્વજન્મનાં ઠીકઠીક સાધન કરેલા એવા કોઈ યોગી પુરુષના આત્માની ચમક છે. એટલે આધ્યાત્મિકભાવ તમને વારસામાંથી મળેલો છે, ને આધ્યાત્મિક માર્ગે તમે સારી ઉન્નતિ કરી શકશો એ ચોક્કસ છે.

મનુષ્ય ગમે તેવો હોય, તે જો કટિબદ્ધ બને, ઈશ્વરકૃપાની યાચના કરે તો તે કૃપાના બળથી તે જરૂર મહાન થઈ શકે છે. ને તેની બધી જ ત્રુટિ દૂર થાય છે. ઈશ્વર પોતે પૂર્ણ છે એટલે તેના તરફ જે મુખ ફેરવે તે પણ પૂર્ણતાને માર્ગે વળવા માંડે છે. ઈશ્વરની શક્તિ એવી અજબ છે. જેમ જેમ આપણે તેની પાસે જઈએ છીએ તેમ તેમ આપણી બધી જ ચિંતા ઓછી થતી જાય છે. ઈશ્વરને તરછોડવાથી ને આત્માનો માર્ગ ભૂલવાથી જ જીવનમાં દુ:ખ, અશાંતિ ને ઝેર ઊતરી આવે છે, ને માણસ તે ભારથી નીચે કચરાઈ જાય છે.

સવારમાં વહેલા ઊઠીને ધ્યાન જરૂર કરવું. આરાધ્યદેવ તરીકે આપણા પ્રિય દેવનું ધ્યાન કરવું ને સાથે સાથે મનમાં તેના નામને પણ જપવું. જો રામમાં પ્રેમ હોય તો રામનું ધ્યાન કરવું ને 'રામ રામ' અથવા 'જય રામ જય રામ જય જય રામ' એ મંત્રનો જપ કરવો. કૃષ્ણમાં પ્રેમ હોય તો 'કૃષ્ણ કૃષ્ણ' જપી શકાય છે. ને શંકરમાં પ્રીતિ વધારે હોય તો 'ૐ નમઃ શિવાય' ખૂબ સરસ છે. તમારા સ્વભાવ પ્રમાણે તમને

જે ઠીક લાગે તેનું ધ્યાન ને જપ કરવા. કદાચ રામનું જીવન ને તેના આદર્શ તેમ જ તેમની વીરતા તમને વિશેષ રુચિકારક થાય. જો કોઈપણ સ્વરૂપમાં પ્રેમ ના હોય તો કંઈ પણ જપ કર્યા વિના આંખ બંધ કરી માત્ર જે દેખાય તેમાં મનને સ્થિર કરવું. એથી મન સ્થિર ને શાંત થશે. સવારે પ્રાર્થનાના રૂપમાં ૪-૫ સારા શ્લોકો અથવા 'પ્રભો અંતર્યામી' જેવા ગીતનો ઉપયોગ જરૂર કરવો. જો કોઈ પણ દેવતાનું સ્વરૂપ ગમતું ના હોય તો 'ૐ ૐ' એવો જપ પણ કરી શકાય છે. ને તેની સાથે હું શુદ્ધ છું, મુક્ત છું, પવિત્ર છું, આનંદમય છું, એવી ભાવના કરવી. એટલે ટૂકમાં વહેલી સવારે ઊઠી, હાથ-મોં ધોઈ કે ન્હાઈ, આ પ્રમાણે ત્રણ ક્રમ થઈ શકે. (૧) સંતમહાત્માનું મનમાં સ્મરણ (૨) શ્લોક કે પ્રભુ અંતર્યામી, વૈષ્ણવજન જેવું ભજન (૩) કોઈ રૂપનું ધ્યાન અથવા એમ ને એમ શાંત ધ્યાન. આ બધું મળી ૦॥-૦॥ કલાક થાય તો શરૂઆતમાં સારું છે. એ જ ક્રમ સાંજે કે રાતે પણ જાળવી શકાય છે. તે વખતે ભજન જુદું હોય ને પ્રાર્થના મેં આપેલી છે તે હોય.

મેં આપેલી પ્રાર્થનામાં ખૂબ ઊંચા ભાવો છે તે ખરું છે. પણ તેથી નુકસાન થશે જ નહીં. હૃદય કેળવાશે. વળી ૐ અસતો મા સદ્ગમય જેવા મંત્રોમાં પોતાને માટે પણ પ્રાર્થના છે જે પોતાની શુદ્ધિ માટે પણ સહાયક થઈ પડે છે. આ ઉપરાંત એક બીજી પ્રાર્થના પણ લખું છું.

જપ ને ધ્યાન ખૂબ જ કીમતી છે. તેથી માણસનાં દૂષણ આપોઆપ દૂર થઈ જાય છે. ઈશ્વરસ્મરણ એ ગમે તેવા અનિષ્ટની દવા છે.

પ્રેમ કાયમ રાખશો. ભવિષ્યમાં શું થશે તે ઈશ્વર જ જાણે છે. પરંતુ આપણે ઈશ્વરની કૃપા પામીશું તો ઘણી ઉથલપાથલ કરી મૂકીશું એ ચોક્કસ છે. આપણે ઈશ્વરના મૂક હથિયાર બનીએ તો આપણી બધી જ ક્ષતિ તે પૂરી કરી દેશે. તેવી તેની શક્તિ છે. ઈશ્વર ધારે તે કરી શકે છે. મારા સ્વપ્નની સિદ્ધિ નજીકના ભાવિમાં થઈ જશે એ ચોક્કસ છે. મેં જે જે ધાર્યું છે તે થતું જ ગયું છે. એટલે આત્મશ્રદ્ધાથી ને ઈશ્વરી પ્રેરણાથી મારું દૃઢ માનવું છે કે મારું શરીર ઈશ્વરની મહાન યોજનાની પૂર્તિ કરવા આવેલું છે. ને દુનિયા તેને બહુ જ થોડા સમયમાં હવે જાણશે. હા, આજે તો મેં ધારેલા નક્શા પ્રમાણે જીવનનું ઘડતર કરવું એ જ મારું ધ્યેય છે. તે થતાં લગી હું મૂક જ રહીશ. ને તે પછી જ ઈશ્વરની આજ્ઞા પ્રમાણે વર્તીશ. જગતને કંઈ નક્કર આપી જવું, ભારત ને જગતના આધ્યાત્મિક જીવનને ઉપર ઉઠાવવું ને જગતને સુખી ને શાંત કરવું, એ મારું દીર્ઘ સ્વપ્ન છે. અમૃત પ્રાપ્ત કરીને જે ઝેરમાં ખદબદે છે તેમના મુખમાં પણ તે રેડવાનું છે. કાર્ય ખૂબ મહાન ને મુશ્કેલ છે, પણ ઈશ્વરની વિરાટ શક્તિ તેથીયે મહાન છે. તેની પાસે કશું જ મુશ્કેલ નથી નથી ને નથી જ. માણસ માટે શું મુશ્કેલ છે ? ને તેમાંયે ઈશ્વરની કૃપા હોય તો તો પૂછવાનું જ શું ?

લખવાનું ચાલુ જ રાખશો. તમારા લખાણમાં બલ, નવીનતા ને પક્કડ હોય છે. તમારાં કાવ્યો પણ ઘણાં સરસ હોય છે. વાર્તા વિગેરે લખતા રહેશો. તમારી મહત્વાકાંક્ષા જલદી પૂરી થાય તો અમને પણ આનંદ થાય. મુંબઈ જઈને બને તો 'રામકૃષ્ણ પરમહંસ' ફરી વાંચજો.

એ જ ખૂબ પ્રેમપૂર્વક.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૫ : પ્રેમનું પ્રેરણામૃત

દેવપ્રયાગ
તા. ૧૯ એપ્રિલ, ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

મુંબઈથી છૂટા પડ્યા પછી અમે બે દિવસ વડોદરા રોકાઈ કુંભના મેળા પર હરદ્વારમાં આવ્યા. તા. ૧૩ ને દિવસે હરદ્વારમાં છેલ્લું સ્નાન કર્યું. મેળાનું હરદ્વાર જોવા જેવું હતું. રસ્તાઓ પર પગ મૂકવાની પણ જગા ન હતી. એટલા બધાં વિરાટ પ્રમાણમાં માણસો ઊમટી પડ્યાં હતાં. બે દિવસ હરદ્વાર રહીને ધાર્યા સમય પ્રમાણે બરાબર તા. ૧૬ ને દિવસે અમે અહીં આવી પહોંચ્યા. વડોદરાથી સાબરમતીવાળા ૩ ભાઈઓ પણ સાથે થયા હતા. તેઓ હજી અહીં જ છે. શાન્તાશ્રમ મારે માટે અગાઉથી ખાલી જ કરી રાખ્યો હતો. એટલે અત્યારે અમે આશ્રમમાં જ રહીએ છીએ. આ રીતે ભાઈ મૂળશંકરની મારે માટેની બધી જ પ્રાથમિક વાતો ખોટી પડી છે. તેવું જ બીજી વાતોનું સમજવું. એટલે તમારે પણ હવે હિંમત હારવાની જરૂર નથી. ઈશ્વર પર શ્રદ્ધા રાખી મક્કમ રીતે પુરુષાર્થ કર્યે જવો. પછી ભાવિ ઉજ્જવળ જ છે. એમાં કાંઈ સંદેહ નથી. બીજું, આપણે પડાવેલા ફોટા હવે આવી ગયા હશે. તે મને અહીંને સરનામે મોકલી આપશો. નારાયણનો પત્ર કાલે હતો. તેમાં તેણે લખ્યું છે કે ફોટા મોકલવા માટે તમને આપી ગયેલ છે.

અત્યારે ઉષઃકાલનો વખત છે. માતાજી હમણાં જ ઊઠીને નીચે ગયાં છે. આસપાસ શાંતિ છે. ગંગાનો નાદ દૂર દૂર સંભળાય છે. પંખીના સ્વર પણ ચાલે છે. વાતાવરણ ઉલ્લાસમય છે. ત્યાં તો પંખા ફેરવવા પડતા. અહીં તો ઠંડક છે.

કેટલાંયે વરસોથી જે ચિંતાનો ભાર માથે લઈને તપું છું તે જ ભાર લઈને પાછો આ વરસે અહીં આવ્યો છું. આ સ્થળ મારે માટે પૂર્ણતાને પ્રદાન કરનારું થઈ જાય તો મારી બધી જ ચિંતા ને વેદના શમી જાય. આ વરસનો મારો ફેરો સફળ થઈ જશે એવી મને શ્રદ્ધા તો છે જ. ને ઈશ્વરીની કૃપા વહેલામાં વહેલી થાય તો મારે આ પ્રદેશમાં વધારે તપવાની જરૂર પણ નહીં પડે એ ચોક્કસ છે. ને તો તો ....સારાયે જગતને માટે એક આશીર્વાદ ઊતરી પડશે. મારું કાર્ય ઈશ્વર નિર્મિત છે, ને તેથી તે પૂરું થવાનું જ છે એમાં લેશ શંકા નથી.

તમારો અલગ ફિલ્મ માટેનો પ્રયાસ ચાલુ રાખશો. ઈશ્વર કૃપાથી તેમાં સફળતા જરૂર જરૂર મળશે. આ દુનિયામાં જેણે જે માંગ્યું છે તેને તે મળ્યું જ છે. પછી ભલે તેને માટે વખત લાગ્યો હોય. તમને સ્વતંત્ર રીતે ઉન્નત થયા જોઈને અમે પણ આનંદી ઊઠીશું.

માતાજી કુશળ છે. પ્રેમથી યાદ કરે છે. ઘેર બધાં કુશળ હશે. પત્રો લખો તો સૌને મારા પ્રેમ લખશો. મુંબઈના ગતિશીલ જીવનમાં પણ વ્યાયામ, પ્રાર્થના, ચિંતન વિગેરે આધ્યાત્મિક તત્વોને ચાલુ રાખશો. જીવન પર તે અણધારી પરંતુ એકધારી અસર કરશે.

તમારો પ્રેમ ખૂબ યાદ આવે છે. આ વરસે તો સાથે રહેવાનો યોગ ઘણો મળ્યો. ઈશ્વર ફર સમયે તેવો યોગ આપે એમ ઈચ્છું છું. આ દુનિયામાં પ્રેમનું પરમામૃત જ માનવના દિલને સ્વર્ગમય ને પ્રશાંત બનાવી શકે છે. તે વિશ્વમાં વધારે ને વધારે ઢોળાય તેટલું જ ફાયદાકારક છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૬ : યજ્ઞભૂમિ

દેવપ્રયાગ
તા. ૧૩ મે, ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમભર્યો પત્ર મળ્યો. ખૂબ આનંદ થયો. ભાઈ નારાયણનો પણ આજે પત્ર છે. ૨૧મી તારીખ સુધી દેશમાં રહેવાનું લખે છે.

અહીં અમે આનંદમાં છીએ. હિમાલયનાં ગિરિશૃંગોની વચ્ચે, શાંતા નદીના નાના પ્રવાહની પાસેની નાનકડી મઢૂલીમાં બેઠાં બેઠાં રોજ રોજ આનંદ કરીએ છીએ. અત્યારે બપોરનો સમય છે. દર વરસે તો અત્યારે તાપ સખત હોય છે, પણ આ વરસે ઠંડી વિશેષ હોવાથી હજી તેની અસર છે. ગરમીનું પ્રમાણ કઈંક ઓછું છે. હજી બદરીનાથમાં આ વરસે ૬ થી ૭ ફીટ બરફ પડેલો છે. એટલે ઠંડીનું પ્રમાણ આ વરસે વધારે છે.

આજે તો ઈશ્વરની ઈચ્છાથી પુરાણોમાં પંકાયેલા ને ગીતામાં ગવાયેલા આ હિમાલયમાં બેઠા છીએ. આકાશરંગી ગંગાનો નાદ સંભળાય છે. પંખી બોલે છે. ને આંબાવાડીનો વાયુ મસ્ત થઈને આમતેમ ડોલે છે. ડુંગરાઓ શૂન્યમનસ્કની જેમ, અવધૂત જેવા શાંત ઉભેલા છે. ક્યાં ગુજરાત, ક્યાં મુંબઈ ને ક્યાં હિમાલય ! મુંબઈના ગતિશીલ જીવનની અહીં ગતિ નથી. અહીં તો શાંતિ છે. વિશ્રાંતિ છે. તદ્દન એકાંત છે. આત્માના દેવની ઉપાસનાનો નાદ લાગ્યો હોય, અંદરના ધનને શોધવા ને મેળવવાની ઈચ્છા થઈ હોય, તેને માટે આ ભૂમિ છે. બીજાને તદ્દન શુષ્ક લાગે, નીરસ લાગે, એવી આ ભૂમિ યોગીને સંત મહાત્માને આત્માનાં અજવાળાં પામવા સહાયક થાય એવી છે. વિષયોનાં સ્વાદ હૃદયમાં ભરેલાં હોય, તેવા માણસોને માટે આ ભૂમિ નથી. આ તો વીતરાગ પુરુષોની તપોભૂમિ છે.

ઈશ્વરી અદષ્ટ ઈચ્છા આ પુણ્ય ભૂમિમાં મને એકાદ ધન્ય ક્ષણે ખેંચી લાવી છે, ને આ ભૂમિનો આનંદ મારા દિલમાં ભરી તે ઈચ્છા મારી આગળ આવિર્ભાવ પામી છે. આ ભૂમિએ મને આત્માની મહાન સંપત્તિ આપી છે, ને જીવન શા માટે છે તે સમજાવ્યું છે. આજે વર્ષોથી આ ભૂમિમાં પ્રભુ પ્રીત્યર્થે ને જગતના કલ્યાણાર્થે મેં યજ્ઞ માંડ્યો છે, ને તે યજ્ઞના પરિપૂર્ણ થવા સાથે હિમાલયનું ગૌરવ કલિકાલની આજની દુનિયામાં વધશે. વિશ્વની શાંતિ ને ઉન્નત્તિ માટે આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવા દેવપ્રયાગની આ ભૂમિને મેં યજ્ઞભૂમિ બનાવી છે, ને તે ભૂમિ આજે પ્રજ્જવલિત છે. સંસાર આજે દુ:ખી છે, ત્રસ્ત છે, જડતાને પંથે વળેલો છે. આપણા જગતમાં આજે આત્મા, માનવ કે ઈશ્વરનું મૂલ્ય ને માન ક્યાં છે ? સંસારમાં શાંતિ સ્થાપવા માટે આપણે મૂળ પાયાને અસર પહોંચાડવી પડશે, ને તેને માટે ઈશ્વરી કૃપા કે આશીર્વાદ તેમજ મહાન આધ્યાત્મિક સિદ્ધિની પ્રાપ્તિ કરવી જરૂરી હશે. જગતના મંગલને માટે આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ થાય એ ઈશ્વરની પોતાની ઈચ્છા છે, ને તે કાર્ય ભારતમાંથી જ શરૂ થશે. એ નક્કી છે. આ મહાકાર્યનાં પગરણ ગાંધીજી દ્વારા ક્યારનાંયે નંખાઈ ગયાં છે, ને હજી પણ કોઈ મહાવિભૂતિની જરૂર સંસારને છે. મૂળ વાત એ છે કે ઈશ્વરની પોતાની આવી ઈચ્છા છે કે કેમ ? તે માટે ઈશ્વરી આશીર્વાદ તમારા પર ઊતર્યો છે કે કેમ ?

ઈશ્વરી સહાયતા તમને મળી છે ને મળે છે કે કેમ ? જ્યાં આટલી વાત થઈ એટલે બાકીનો માર્ગ બિલકુલ સાફ છે.

ધીરજ, લગન, શ્રદ્ધા ને મહેનત-અવિરત પુરુષાર્થ, એ બધાની આ માર્ગમાં ખૂબ કસોટી થાય છે. પણ ઈશ્વરી કૃપા હોય તો માર્ગ સુમન જેવો સહેલો બની જાય છે.

મુંબઈના વાતાવરણમાં તો કહેવું જ શું ! એ વાતાવરણમાં રહીને પણ હંમેશાં વિવેકશીલ, જાગૃત ને ઊર્ધ્વગામી રહીએ તો જ લાભ છે. જીવનના નાટકમાં એક તટસ્થ પ્રેક્ષક રહી હમેશાં આગળ વધતા જવાનું છે. તમારા પ્રયત્નો ચાલુ છે તે જાણીને આનંદ થાય છે. ઈશ્વર કૃપાથી સફળતા જરૂર મળશે. ને તે દિવસે અમે ખૂબ ખુશ થઈશું. દૃઢ નિશ્ચયવાળાને માટે જીવનમાં કંઈ જ દુર્લભ નથી. જે સતત પ્રયત્નશીલ છે તે એક દિવસ વિજય કે સફલતાને જરૂર પકડી પાડે છે.

ગઈ તા. ૧૪ ને દિવસે શ્રી રમણ મહર્ષિનું દેહાવસાન થયું. મહર્ષિના જવાથી ભારત જ નહીં બલ્કે સંસારની આધાયાત્મિક સંપત્તિમાં એક ભારે ક્ષતિ થઈ ગઈ. ભારતના દક્ષિણ ભાગને પોતાના પ્રકાશથી તેમણે લાંબા વખત સુધી આલોકિત કર્યો, ને કેટલાયે આત્મિક પિપાસુઓને ત્યાં ખેંચીને શાંતિનાં નિર્મળ પાણી પાયાં. મહર્ષિએ આત્મનિષ્ઠ સાક્ષાત્કારી મહાત્માનું એક મહામૂલું ઉદાહરણ દુનિયાને પૂરું પાડ્યું છે, ને આવા જડ યુગમાં પણ સાધના દ્વારા કેવી આત્મનિષ્ઠા મેળવી શકાય છે તે બતાવ્યું છે. ભારતના ઈતિહાસમાં તેમનું નામ હંમેશને માટે અગ્રપદે લખાઈ રહેશે. આધુનિક દુનિયાએ મહર્ષિના જીવનમાંથી ખૂબ પાઠ લેવાનો છે. સંસારની પાસે આવા મહાન પુરુષો આવી, લીલા કરી ને મૂક રીતે ચાલ્યા જાય છે, છતાં સંસારની નીતિરીતિ બહુ જ ઓછા પ્રમાણમાં બદલાય છે તે વાત ખૂબ નિરાશાજનક ને દુ:ખદ છે. સાથે જ સંસારના ભાવિ માટે અમંગલ પણ છે.

અહીં તમારા પ્રેમને યાદ કરીએ છીએ. માતાજી પણ ખૂબ યાદ કરે છે. આ વખતના દિવસો તો યાદગાર જ રહી ગયા. હજી તેવા મંગલ દિવસો ઈશ્વરકૃપાથી આવશે. ખોરાકમાં ખૂબ ધ્યાન રાખજો જેથી તબિયત બગડે નહીં. પ્રાર્થના ને વ્યાયામ ચાલુ રાખશો. દેશમાં પત્ર લખો તો પિતાજી-માતાજી તેમજ સૌને મારા તેમજ માતાજીના પ્રેમ લખશો.

અહીં બદ્રીનાથ યાત્રા સારી પેઠે ચાલે છે. હજી વરસાદ શરૂ થયો નથી. રામદાસજી આ વરસે તો ઘણા દિવસથી કામ કરવા આવતા નથી. છતાં કાંઈ તકલીફ પડતી નથી. એકંદરે આનંદ છે. આ વર્ષે ઈશ્વરકૃપાથી મારી સાધનાની ઈચ્છા જલદી પૂરી થાય તો હિમાલયમાં પણ વધારે રહેવું નહિ પડે. સાધનાની સફળતા પર બધો આધાર છે. ખૂબ ખૂબ પ્રેમ.

એ જ પ્રેમપૂર્વક.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૭ : તીર્થ પ્રજાની મનોદશા

દેવપ્રયાગ

તા. ૧૪ જુલાઈ, ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. ખૂબ ખૂબ આનંદ. તમારા પત્રની આશા તો હતી જ. પરંતુ તમારો સ્વભાવ જાણવાને લીધે તમે રંગમાં આવશો ત્યારે જ અનુકૂળતા એ લખશો એમ માનતો હતો. તે પ્રમાણે આજે વળી પત્ર મળતા આનંદ થઈ રહ્યો. માતાજી પણ યાદ કરે છે.

આનંદ થાય તેનું પ્રેમ સિવાય એક બીજું પણ કારણ છે. જે દુનિયામાં અમે રહીએ છીએ તે દુનિયા કે પ્રદેશના લોકોને સંત કે મહાત્મામાં ઝાઝો રસ નથી. તેમનો સંગ કરવાનું, તેમની સેવા કરવાનું કે તેમની અગવડો જાણીને તેમની તકલીફ દૂર કરવા માટે પ્રયત્નશીલ થવાનું માનસ આ લોકોનું નથી. બહારથી આ ભૂમિ હિમાલયના ગૌરવશાળી નામે ઓળખાય છે, પરંતુ તેમાં રહેતી તીર્થપ્રજાની (તીર્થમાં રહેતી પ્રજાની) આ મનોદશા છે. આનો જ વત્તોઓછો આભાસ જગતમાં બધે જ મળે છે. પરંતુ આ ભૂમિનું પ્રાચીન મહત્વ ઘણું ઉજ્જવલ હોઈ તેની આ અવદશા ખરેખર વધારે પડતી લાગે છે. આવા પ્રદેશમાં અમે કેવી રીતે રહીએ છીએ ? દેખીતી રીતે જ તદ્દન અલિપ્તની જેમ, અમારા જ આધ્યાત્મિક જગતમાં આનંદ કરતા ઈશ્વરની કૃપા ને શ્રદ્ધાને બળે અમે અહીં સમય નિર્ગમન કરીએ છીએ. આવી દુનિયામાં જ્યારે એવા કોઈ પ્રેમીજનનો પત્ર આવે જેને અમારા જીવનમાં રસ હોય, અમારી આધ્યાત્મિક સાધના પ્રત્યે રુચિ હોય, ને જે અમને કોઈ પણ પ્રકારે મદદ કરવા તત્પર હોય, જેને અમારા પર પ્રેમ હોય, તો તેવે વખતે તેના પ્રેમનીતરતા પત્રને વાંચી આનંદ નહિ તો બીજું શું થાય ? એક સમય એવો હતો જ્યારે આ ભૂમિ સંતમહાત્માની ચરણરજથી શોભી ઊઠતી હતી. ધર્મ, નીતિ ને ઈશ્વરપરાયણ પ્રજા આ દેશમાં ઠેર ઠેર વસતી હતી. તેથી જ આ ભૂમિ દેવોને પણ દુર્લભ એવી ગણાતી. આજે સમયના પરિવર્તન સાથે પ્રજાનું માનસ પણ પલટાયું છે. જેને લીધે આ ભૂમિનું ગૌરવ સમસ્ત સૃષ્ટિમાં ફેલાયું હતું તે ધર્મ, નીતિ ને ઈશ્વરને જ આજે શિક્ષિત (?) ને સુધારક માનવ તૂત માને છે. આધ્યાત્મિક તો શું, પણ સાધારણ નૈતિક જીવન પ્રત્યેનો આદર પણ મોટા વર્ગમાંથી ભુંસાતો જાય છે. આવા સમયમાં જે વિરાટ સાધનાનો માર્ગ અમે અપનાવ્યો છે તે કોણ સમજી શકશે ? ને સમજ્યા વિના તેની મહત્તા પણ કોના ખ્યાલમાં આવશે ? આ માર્ગને આચરવાનું તો ઠીક, પણ સમજવાનું પણ મુશ્કેલ છે. તેવે વખતે તમારા જેવા પ્રેમીજન અમારા માર્ગને માનથી જુએ તે ખરે જ તમારા સાંસ્કારિક પડળો ઉઘાડાં છે એમ બતાવે છે. તમારી સંસ્કારઆંખ ખુલ્લી છે ને પૂર્વજીવનમાં તમે આધ્યાત્મિક ઉન્નતિને માર્ગે જરૂર વિકાસ કરેલો છે તેની પ્રતીતિ આથી થઈ રહે છે. ને તેથી જ, જીવનનો પ્રવાહ બાહ્યરૂપે ગમે તે ક્ષેત્ર કે દિશામાં વહે, તેના પ્રાણમાં તો આત્માની ઈચ્છા કે ઈશ્વરની અભિપ્સા જરૂર રહેવાની, ને તમારા જીવનને તે જ ઈચ્છા ઉન્નતિને માર્ગે લઈ જવાની એમાં લવલેશ સંદેહ નથી. આ જીવનમાં તમને દેવ જેવાં-સરલ ને પવિત્ર માતાપિતા મળ્યાં છે, તે તમારા પૂર્વજીવનના સુકૃતનું જ ફળ છે. તેમના વારસારૂપી સંસ્કાર ને તમારા પોતાના કર્મના અંકુશો તમને આધ્યાત્મિક માર્ગ પર અગ્રેસર કરશે, ને જીવનની વિવિધ પ્રવૃત્તિઓમાંથી પણ

ઉચ્ચ માનવ બનાવતાં ઈશ્વરી પંથે લઈ જશે. તમારાં સરળ સ્વચ્છ નેત્રો ને વિશાળ હૃદય તમારા છુપાયેલા પરંતુ મહાન ને બળવાન હૃદયની સાક્ષી પૂરે છે, ને અનુકૂળ સંજોગો આવતાં તે હૃદય ખૂબ ઉપકારક બની જશે એ ચોક્કસ છે.

આજે તમારા જીવનમાં સંઘર્ષ છે. પણ સંઘર્ષ કરતાં કરતાં જ તમે પુરુષાર્થથી આટલે સુધી આવ્યા છો, ને તે સંઘર્ષ જ તમને સફળ કરશે, વિજય શ્રી અપાવશે. જેના જીવનમાં સંઘર્ષ નથી, મહત્વાકાંક્ષા કે આદર્શ નથી, તેનું જીવન શું કામનું ? તે તો જીવંત છતાં મૃત જ છે. સંઘર્ષ કરનારને વિજય મળે જ છે એ નિર્વિવાદ છે. તમે સ્વતંત્ર પુરુષાર્થ કરતા રહેજો ને તમારી બધી આંકાક્ષાઓ પૂરી થાય એવી અમારી ઊંડી શુભેચ્છા-આશિષ છે.

મારું કાર્ય ચાલ્યા કરે છે. જે કાર્ય લઈને હું અહીં બેઠો છું તે ઈશ્વરની જ પ્રેરણા છે. તે મારા વિચાર કે તર્કનું પરિણામ નથી, પરંતુ ઈશ્વરની જ ઈચ્છા, સાધના ને લીલા છે. એટલે તે તેની કૃપાથી પરિપૂર્ણ થશે એ પણ ચોક્કસ છે. ભોગ ને વિલાસમાં ચકચૂર લંપટ માણસોની ઈચ્છાઓ પણ આ જગતમાં પૂર્ણ થાય છે. તો મારી ઈચ્છા, જે પ્રકારાંતરે ઈશ્વરની જ ઈચ્છા છે, ને જેની પાછળ સારી સૃષ્ટિનું હિત રહેલું છે, તે પૂરી ના થાય તે બને જ નહીં. નક્કર સંકલ્પ, સતત શ્રદ્ધા, પુરુષાર્થ અને અમર આશા આગળ કંઈ જ અશક્ય નથી જ નથી. માણસના આ જ નક્કર સંકલ્પે આલ્પ્સ ઓળંગ્યો, સમુદ્રનું મંથન કર્યું, ધ્રુવ જેવા નાના બાળકમાં રહીને ભગવાન વિષ્ણુનો સાક્ષાત્કાર કર્યો. અને અર્વાચીન યુગમાં-છેક તાજેતરમાં આ જ સંકલ્પ ને ઈશ્વરશ્રદ્ધાને બળે ભારતની આઝાદીની લડતમાં ગાંધીજીએ સફળ ભાગ ભજવ્યો. આ અડગ શ્રદ્ધા હોય તો દુનિયામાં કંઈ જ અસાધ્ય નથી, એ મેં મારા આજ લગીના જીવનમાં અનુભવ્યું છે. મારું સમગ્ર જીવન ઈશ્વરી પ્રેરણા ને શ્રદ્ધાનો નમૂનો છે. ભારતીય આધ્યાત્મિકતાનું તે જીવતું જાગતું દર્શન છે. ને તેની પૂર્ણાહુતિ હવે સ્વલ્પ સમયમાં જ થઈ જશે તે પછી ભારતીય આધ્યાત્મિકતા પોતાને સોળે કળાએ ખીલી દેશ ને દુનિયાના હિતમાં પ્રકટ થશે. આજે તો 'મા' ની કૃપા માગતો તે માટે ઝંખી રહ્યો છું. આ વિરાટ કાર્ય પૂરું થશે ત્યારે જ મને શાંતિ થઈ શકશે. 'મા' ની ઈચ્છા હોય તો તે એક જ ક્ષણમાં થઈ શકે છે. મારું પાત્ર તેની કૃપા-ભિક્ષા માટે હરક્ષણ ખુલ્લું જ છે.

વરસાદ પડ્યો છે. પણ ખૂબ ખૂબ ના કહેવાય. શાંતા નદી પાણીથી ભરાઈ ગઈ છે. પહાડો પર વાદળાં ફરી વળે છે. ઠેરઠેર વનરાજી શોભી રહી છે. એકંદરે વાતાવરણ સારું છે. હવે આ પ્રદેશમાંથી સાધનાના લગીર જેટલાં છતાં ખૂબ જ કીમતી એવા બાકી રહેલા કાર્યમાંથી મુક્ત થઈ જઉં તો પછી આ સ્થળમાંથી વહેલી તકે વિદાય લેવાની ઈચ્છા છે. જલદી પતાવવા પ્રયાસ કરું છું.

તમારું શરીર સંભાળજો. શિર્ષાસન ચાલુ રાખજો. બ્લીડીંગ પર ખૂબ અકસીર છે. લગ્ન માટેની વાતચીત નક્કી તબક્કે પહોંચે તો ઘણું સારું. તેમ થતાં ખબર આપશો. આપણા હનુમાનની વાત સાચી પડશે. તેમને ધન્યવાદ દઈશું. ઘેર સૌ કુશળ હશે. જીવતરામભાઈને પ્રેમ કહેશો. તેમનો પ્રેમ પણ યાદ આવે છે. માતાજી પણ યાદ કરે છે. ચિત્રનું કામકાજ ચાલતું હશે. નારાયણભાઈને પંદરેક દિવસ થયાં પત્ર લખ્યો છે. અનુકૂળતા મળ્યે સમાચાર જરૂર લખશો. દૂર બેઠાં બેઠાં હિમાલયના પહાડી પ્રદેશમાંથી અમારા ખૂબ ખૂબ પ્રેમ ને શુભાશિષ.

## પત્ર ૧૦૮ : પૂર્ણ સિદ્ધિ ક્યારે ?

દેવપ્રયાગ
તા. ૨૩ ઓગષ્ટ, ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમનીતરતો પત્ર મળ્યો. ખૂબ આનંદ થયો. દેવપ્રયાગના શાંતાશ્રમમાં અત્યારે તો અમર શાંતિ છે. વરસાદ રાતથી શરૂ હતો તે હમણાં જ બંધ રહ્યો છે, અત્યારે સવારના ૯॥ થયા છે. આકાશમાં વાદળ હજુયે પથરાયેલાં પડ્યા છે. આશ્રમની પાસેની શાંતા નદી ખૂબ જ જોરમાં આવી ભરયૌવનમાં હોય તેમ વહેવા માંડી છે. તેનો અવાજ રાત-દિવસ ખૂબ ખૂબ જોરથી સંભળાયા કરે છે. ૧૫ ઓગસ્ટ દરમ્યાન અહીં વરસાદે ઘણું તોફાન મચાવ્યું. કાચા પહાડ તૂટી પડ્યા, રસ્તા બંધ થયા, ને લોકોના પાકને પણ પારાવાર નુકશાન થયું. રાત્રિની નિસ્તબ્ધતામાં આજુબાજુથી પડતાં મોટા પત્થરો ખૂબ જ ભયાનકતા મચાવી દેતા. ને તેવો જ સખત વરસાદ. વરસાદમાં અમારી કુટિયામાં બધે જ ચુવે છે. કેવલ બેસવાની જ જગા રહે છે. તેમાં વળી આ વરસે સાપ, સાપનાં બચ્ચાં વિગેરે ઠેઠ કુટિયામાં આવી ગયાં ! ને તે પણ રાતના અંધકારમાં ! ઉપરાંત એક ‘મિનારા’ નામનું જીવડું થાય છે. તે માટી જેવા રંગનું હોય છે. વરસાદના દિવસોમાં તે છાપરામાં પેસી જાય છે, ને લાકડા તેમ જ માટીના રંગમાં મળી જાય છે. તે હોય છે તો ખૂબ નાનું, પણ અવાજ એટલો જોરમાં ને બિહામણો કરે છે કે ન પૂછો વાત. ખૂબ બારિકાઈથી જોઈને તેને પકડીને નાખી દઈએ ત્યારે જ તે દૂર થાય છે. નહિ તો આખી રાત ભજન કે ઊંઘ બેમાંથી એક થવા દેતું નથી. આ બધું એટલા માટે લખું છું કે અહીં હિમાલયમાં કેવી કઠોર વાસ્તવિકતા છે તેનો ખ્યાલ આવે. અહીંની વસતી વિશે તો મેં કહ્યું જ છે કે સાધુ-મહાત્માની સેવા કોઈ સમજતું જ નથી. આ વાતાવરણ ને ભૂમિમાં કેવળ આદર્શની ધૂનમાં રંગાઈને ને 'મા' ની પરમ શ્રદ્ધા ને કૃપાથી ભીંજાઈને અમે આનંદથી રહીએ છીએ.

મારી સાધના બરાબર ચાલ્યા કરે છે. જૂનની ૨૭ થી ૧૫-૧૬ ઓગસ્ટ સુધીનો સમય પાછો મારા જીવનમાં કઠોર વેદનાનો સમય આવ્યો. ૧॥ માસ જેટલા વખતમાં ચાર પૂર્ણ ઉપવાસ ને બીજા એક ટંક ઉપવાસ થયા. એક ટંક ઉપવાસે પણ મારામાં ખુબ અશક્તિ આણી, કેમ કે આ ભુમિમાં એવું રુચિપૂર્ણ ભોજન મળતું નથી કે એક ટંક ખાઈને માણસ રહી શકે. વળી ગયે વર્ષે ભયંકર ટાઈફોઈડની બીમારી આવી ગયેલી. તે બાદ દૂધ, ફળ વિગેરે સારા પ્રમાણમાં મળ્યાં નથી. એટલે શારીરિક ક્ષતિની પૂર્તિ થઈ નથી. છતાં સાધનાની લગનને લીધે 'મા'એ શરૂઆતમાં પ્રેરણા કરીને ઉપવાસની મના કર્યા છતાં મેં ઉપવાસ કર્યાં. ને તે કાળ ખુબ લાંબો ચાલ્યો. ૧૬ મી ઓગસ્ટે તો પૂર્ણ ઉપવાસ હતો ને તે ઉપવાસ ચાલુ રાખવા જ વિચાર હતો. પણ 'મા'એ તે દિવસે રાતે મને શાંતિ આપી. મારો વિચાર પૂર્ણ કામ કરવાનો અથવા સાધનાની સિદ્ધિનો નક્કી દિવસ જાણવાનો-'મા'ને જે યોગ્ય લાગે તે-એમ બે જાતનો હતો. બનતાં સુધી તો કાર્ય પૂર્ણ થાય એ જ માટે મારો પ્રયાસ હતો. બીજી વાત તો અપવાદરૂપે હતી. કેમ કે મારા જીવનની સાધના 'મા'ની જ સાધના છે. તેની ચિંતા તેને જ છે, ને ઠીક સમયે તે મારી બધી જ ઈચ્છા પૂરી કરતી જાય છે, એ મેં જોયું છે. એટલે

જો 'મા'ને થોડા સમય બાદ મારી સિદ્ધિ કરવી હોય, તો પણ તેનો નક્કી દિવસ તો મારે જાણવો જ જોઈએ. અલબત્ત, તે દિવસ ચોક્કસ હોવો જોઈએ, કેવલ આશ્વાસન માટે અપાયેલા અનેક દિવસોની જેમ મિથ્યા દિવસ નહીં-આ મારી ઈચ્છા હતી. આમ થાય તો જ હું શ્રદ્ધા ને શાંતિથી પુરુષાર્થ કરતો બાકીનો સમય કાઢી શકું ને 'મા'એ આ વખતે કૃપા કરી. સાધનાની પૂર્ણ સિદ્ધિ ક્યારે ને ક્યાં, કયા સ્થળમાં થશે તે મને જણાવ્યું, જો કે સમય જરા લાંબો છે, એટલે મારે ધીરજ રાખવી પડશે. પણ આને લીધે-ઉપવાસ દરમ્યાનના અનુભવને લીધે મારી વેદના શમી છે, શ્રદ્ધા બળવત્તર બની છે, ને આવનારા સત્ય ને ચોક્કસ ભાવિની મને ખાતરી થઈ ચૂકી છે. આ દિવસ કે ઉપવાસના અનુભવ હું હમણાં જણાવીશ નહીં. તે આખરી પળ સુધી ગુપ્ત રહે તે જરૂરી પણ છે. પરંતુ મારા પ્રયાસ, સાધનાને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાના, આ છતાં પણ ચાલુ જ છે ને ચાલુ જ રહેશે. હું માનું છું કે તમે મારામાં રસ લેતા હોઈ ને મને પ્રેમ કરતા હોઈ આ જાણી તમને આનંદ થશે, ને તેથી જ મારા અંગત અનુભવ તમને જણાવ્યા છે, ને તેના અનુસંધાનમાં આ વાત તમને જણાવું છું. મને ખાતરી છે કે મારી બધી જ વાત ગુપ્ત રાખશો, ને મારી સાધનાની પૂર્ણ સિદ્ધિ સુધી તે કોઈને જાહેર કરશો નહીં. તમે મારામાં જે આશા રાખી છે તે જરૂર પૂરી થશે. સમય બહુ દૂર નથી. તે તો પાણીના વહેણની જેમ વહ્યે જાય છે. એક ધન્ય પાવન દિવસે મારી બધી ઈચ્છા પૂરી થશે. 'મા'ની પૂર્ણ કૃપા મને મળી જશે, ને પછી 'મા'ની આજ્ઞા ને પ્રેરણા પ્રમાણે ભારત ને સમસ્ત માનવજાતિના મંગલને માટે મારી બધી શક્તિ કામે લગાડીશ. આને જ માટે મારું જીવન છે, હિમાલયનો એકાંતવાસ પણ આ જ માટે છે, ને કષ્ટો, યાતના, અનશનની લાંબી વેદના, બધું મેં આ જ માટે સહ્યું છે. જીવનની પહેલાં તો પૂર્ણતા ને પછી નિષ્ક્રિય બનીને બેસી ના રહેતાં ખૂબ જ વ્યાપક રૂપમાં-બુદ્ધ ને ગાંધીની જેમ સમસ્ત વિશ્વની સેવા-નિષ્કામ સેવા આજ મારું ધ્યેય છે ને તે પરિપૂર્ણ થવા સર્જાયલું છે. હું કદાચ નિષ્ક્રિય બનીને બેસી રહીશ તો પણ તેમ થશે, કેમ કે આની ચિંતા ખુદ 'મા'ને છે. તેની પસંદગી મારા જ પર ઉતરેલી છે. કાળનો આ નિશ્ચિત ક્રમ છે. ને તે સમય પર થઈને જ રહેશે. ને તે વખતે જ દુનિયા મારા આજના શબ્દોનું યથાર્થ રહસ્ય જાણશે. એ ધન્ય ઘડી આવતાં-જીવનની સંસિદ્ધિ પ્રાપ્ત થતાં ને માનવતાના મંગલ માટે 'મા'નો સાથ મળવો શરૂ થતાં જીવનને ધન્ય માનીશ, શરીર ધારણ કર્યું સફલ સમજીશ, ને આજ લગીનાં અનેક કારમાં કષ્ટોને નહિવત્ ગણીશ.

આખરે તો 'મા'એ જે યોજના ઘડી છે તે પ્રમાણે જ બધો ઘટનાક્રમ મારા જીવનમાં બનતો જાય છે. તેણે મને પૂર્વજન્મ જણાવ્યો, જન્મ શા માટે તે પ્રશ્નનો ઉત્તર સમજાવ્યો, ને બીજી અનેક ઈચ્છાઓ પૂરી કરીને આજનો તબક્કો લાવી આપ્યો છે. તેની યોજનામાં એક સેકંડનો પણ વિલંબ નહિ થાય ને મારી ઈચ્છા પૂરી થશે. પછી આ દિવસો એક વીતી વાત, એક મીઠી સ્મૃતિ જ બની જશે.

મોટરો હમણાં બંધ છે. શરૂ થતાં હજી વીસેક દિવસ થશે. તે બાદ હવે અહીંથી નીકળવા વિચાર છે. બને તો કલકત્તા નહિ તો અમદાવાદ તરફ જવા વિચાર છે. નવું વાતાવરણને નવું સ્થળ મળવાથી આનંદ થશે.

તમારો પ્રેમ જોઈ આનંદ થાય છે. મને તમારે માટે ખૂબ માન છે, ને તમારું ભાવિ ખૂબ ઉજ્જવલ બનશે તેવી મને આશા છે. તમારામાં મને ઊંચી જાતના સુષુપ્ત આધ્યાત્મિક સંસ્કારો જણાયા છે, ને તેની

ખીલવણી ભાવિમાં જરૂર થશે. કેવલ પ્રેમને લીધે આ નથી કહેતો, પરંતુ વાસ્તવિક રીતે મને જે લાગ્યું છે તે કહું છું. અત્યારે તમારે ભલે કઠિન માર્ગમાંથી પ્રવાસ કરવાનો હોય, તમારી મુંઝવણ વધારે વાર ટકશે નહિ. શ્રદ્ધા રાખી, હિંમત રાખી, નવું બલ ને નવો ઉત્સાહ લઈને વધતાં જ જજો. તમારા કાર્યમાં તમે જરૂર સફળ થશો. સંપૂર્ણ સુખ મેળવશો. સમય લાંબો હોય તો ગભરાવાનુ કારણ નથી. જેટલો વિતાવ્યો છે તેટલો- તેથી અર્ધોય સમય હવે થોડો જ વીતાવવાનો છે ? મને ખાત્રી છે કે સ્વતંત્ર તક મળતાં તમે તમારા કામમાં નામ કાઢશો, ને શાન બઢાવશો. સાથે સાથે ઉચ્ચ પ્રકારના માનવ બની, લોકોની સેવા કરતા રહી જીવન સફળ કરશો, ને સંસારમાં ગમે તેવા વાતાવરણમાં રહ્યા છતાં આધ્યાત્મિક વિકાસ તમારો ચાલુ જ રહેશે. કેમ કે તેના રસ તમને ગળથૂંથીમાંથી મળેલો છે. આધ્યાત્મિક રસ મેળવવા બધું છોડવાની જરૂર નથી. જ્યાં છીએ ત્યાં ને જે કરીએ છીએ તે કરતાં તે રસને મેળવતા રહેવાનું છે, જેથી જીવનની પવિત્રતા નષ્ટ ના બને, જીવન બીજાને માટે ઉપકારક બને, ને સાચું જીવન, ઈશ્વરનું પ્રેમી જીવન બને. જીવનની પ્રવૃત્તિને ઉદાત્ત કરીને તેની સાથે આધ્યાત્મિકતાનો સુમેળ સાધવાનો છે. ને તમારા જેવા પ્રેમી, અનુભવી પુરુષ તે કાર્ય જરૂર કરી શકશે એનો મને વિશ્વાસ છે. તમારામાં, નારાયણભાઈમાં ને હમણાં સૌરાષ્ટ્રમાં ગયા છે તે મનુભાઈમાં મને ઉજ્જવલ ભાવિની ઝાંખી થાય છે. નારાયણભાઈ તથા મનુભાઈ પણ ખૂબ જ શક્તિશાળી આત્મા છે. તેમના આધ્યાત્મિક સંસ્કાર ઊંચા છે.

વીતેલા જીવનમાં માનવે કોઈ ભુલ કરી હોય તેથી શું થઈ ગયું ? વર્તમાન ને ભવિષ્ય સૌને માટે ઉઘાડું છે. ભુલ કોનાથી નથી થતી ? ઈશુના જીવનમાં પેલી બાઈની વાત આવે છે, ને ઈશુ કહે છે કે જેણે જીવનમાં એકે પાપ ના કર્યું હોય તે આને પત્થર મારે. તે વાત બધાને લાગુ પડે છે. એટલે કેવળ ભુતકાળ તરફ વારંવાર આંગળી ચીંધી નિર્બળ બનવું માનવને પાલવે તેમ નથી. ભુતકાળની ભુલનું ભાન હોય, તેમાંથી માનવે પાઠ લીધો હોય, ને તે પાઠને તાજો રાખીને વર્તમાનમાં પ્રવૃત્ત થતો હોય તો તેવા માનવને શ્રેષ્ઠ ગણીને ધન્યવાદ જ દેવા જોઈએ. પડવાનું બન્યા કરે તે ભલે, પણ પડવાની નિષ્ફળતા સમજી ઊભા થવા તત્પર થવામાં ને ફરી ના પડવામાં માનવની કીંમત રહેલી છે. ને ભુલનું સાચું પ્રાયશ્ચિત આ જ છે કે થયેલી ભુલ માટે પાશ્ચાત્તાપ કરીને માનવ તે ભુલને ફરી ના કરે-અથવા ના કરવા જેટલો જાગૃત રહે.

ભુલ કરવી કે ભુલથી બચવું માણસના જ હાથમાં છે. ઈશ્વરની પ્રેરણા પ્રમાણે માણસ કાર્ય કરે છે એ સાચું, પરંતુ દરેક માણસને માટે એમ નથી. એટલી સ્થિતિ તો ઈશ્વરની સાથે એકતા અનુભવનારા ને તેની પ્રેરણા ઝીલનારા મહાપુરુષોની જ હોય છે. સાધારણ માણસમાં તો ઈશ્વરની પ્રેરણા ને પોતાના સ્વભાવની પ્રેરણા એમ બે શક્તિ કામ કરતી હોય છે. ઈશ્વરી પ્રેરણા તેને સારાં કાર્ય તરફ પ્રેરે છે, પરંતુ તેના પુરાણા સંસ્કાર, રૂઢ વિચાર ને તેનો અહંભાવ ને વિષયરસ તે પ્રેરણાને અવગણીને નઠારા કર્મોમાં લઈ જાય છે. માણસનું આત્મબળ આ દુષ્ટ વૃત્તિ સામે ટકી શકે તેવું દૃઢ હોતું નથી, તેથી જ તે પહેલાં તો પાપ કરતાં ડરે છે, પછી 'એમાં શું, આટલામાં શું' કરીને તેમાં ઝંપલાવે છે, ને છેવટે તે જ સાચું છે એમ માનીને તેમાં જ આસક્ત થઈ જાય છે. આ માટે એક ગજ યાદ રાખવાની જરૂર છે કે ઈશ્વર કે ઈશ્વરની પ્રેરણા હંમેશાં મંગળ જ હોય છે, ને તેથી માણસને તે મંગળ કર્મોમાં જ દોરે છે. આ પરીક્ષા પરથી કહી શકાય કે અમંગળ કર્મ ઈશ્વરી પ્રેરણાથી નહિ પણ માણસની જ ભીરુ ને વિષયી બુદ્ધિથી થાય છે. સત્ય, નીતિ, ધર્મ ને સદાચારથી

વિરૂદ્ધ દિશામાં લઈ જનારી પ્રેરણા ઈશ્વરી પ્રેરણા હોઈ શકે જ નહીં. તે તો માણસની મોહાંધ બુદ્ધિનો પડછાયો છે. આ માટે સતત આત્મનિરીક્ષણની જરૂર છે. ધર્મ ને નીતિનો રસ વધારવાની ને હરેક કામ કરતાં, હર ક્ષણ જાગૃત રહીને તેનો સારાસાર વિચારવાની જરૂર છે. તેમ કરતાં જ્યારે હૃદય પૂર્ણ પવિત્ર ને આસક્તિરહિત બની જશે, ને ઈશ્વર પ્રત્યેનો પ્રગાઢ પ્રેમ જાગશે, ત્યારે ઈશ્વર દોરવાનું કામ કરશે. પછી તો એથી આગળ જતાં માણસમાં ને ઈશ્વરમાં તથા માણસ ને ઈશ્વરની પ્રેરણામાં કાંઈ ભેદ નહીં રહે. માનવ જીવંત ઈશ્વર થઈ જશે. ત્યાં લગી તો માનવે પોતાની અંદર રહેલા દેવ ને દાનવ, સુર ને શયતાનનો ભેદ પારખીને મન ને બુદ્ધિ કે સ્વભાવની નિર્બળતાને ખંખેરી જ કાઢવાની છે, ને આગળ વધવાનું છે.

લગ્ન વિશે જાણ્યું. હનુમાનજીએ કોલ આપ્યો છે એટલે તે પણ સમયસર ઠીક જ થવાનું એ નક્કી. બધી બાજી તેના એટલે કે ઈશ્વરના હાથમાં છે.

માતાજી કુશળ છે. યાદ કરે છે. દેશમાં પિતાજી, માતાજી, બેન, ‘મસ્તરામ’ સૌ કુશળ હશે. શરીર સંભાળશો. બ્લિડીંગ માટે શીર્ષાસન-સર્વાંગાસન સારાં છે. મરચું, આમલી નુકશાનકારક.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૦૯ : વિશ્વનું અમૃત

દેવપ્રયાગ

તા. ૧૭ સપ્ટે. ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

પ્રેમભર્યો તમારો પત્ર મને મળ્યો છે. તમારો પ્રેમ જોઈ આનંદ થાય છે. આ જગતમાં પ્રેમ વિના બીજું કયું સારતત્વ છે ? પ્રેમ વિશ્વનું અમૃત છે, માનવનું જીવન છે, ને તેથી જ તેને વિરાટ ઈશ્વરની શોભા કહ્યું છે. શુદ્ધ પ્રેમની ઉપાસના એ ઈશ્વરની જ ઉપાસના છે.

તમને છેલ્લો પત્ર લખ્યો તે પછી આજે પંદરેક દિવસથી અમે આશ્રમની જ પહાડીમાં આવેલા એક બીજા મકાનમાં રહીએ છીએ. આ મકાન સારું છે, ને તદ્દન એકાંત છે. ગંગાજી અહીંથી તદ્દન સાફ દેખાય છે, ને આશ્રમ પણ પાસે જ નિહાળી શકાય છે. અહીં આવવાનું કારણ આશ્રમનું સ્થાન વરસાદને લીધે ભયંકર ને રહેવા માટે નકામા જેવું થઈ ગયું હતું તે હતું ને મોટરમાર્ગ ચાલુ થતાં અહીંથી નીકળવા વિચાર હતો. પરંતુ મોટરમાર્ગ હજી પૂરો ચાલુ થતાં થોડા દિવસ વધુ લાગશે. દરમ્યાન માતાજી છેલ્લા પંદરેક દિનથી બિમાર પડી ગયાં છે. મેલેરિયા તાવની સાથે ભયંકર શિરદર્દ એ તેમની પ્રધાન બિમારી હતી. ખૂબ અશક્ત થઈ ગયાં છે. સારવાર ચાલે છે. આજે ત્રણેક દિવસથી તાવ બિલકુલ નથી. આજથી થોડો ખોરાક આપવાનું પણ શરૂ કર્યું છે. હજી વચ્ચે કંઈ ઉપદ્રવ ના થાય તો તેમને તાકાત આવતા ૮-૧૦ દિવસ તો સહેજે લાગશે. વધારે પણ લાગે. ત્યાં સુધી અમે અહીં જ રહીશું. આ માંદગી વખતે આશ્રમમાં હોત તો ખુબ મુશ્કેલી પડત. કેમ કે અહીંની વસતી સેવા કે સત્સંગ સમજતી નથી. અહીં અમારી સાથે મકાન સાચવનાર એક નોકર પણ છે. ને તે અમને ખુબ કામમાં આવે છે. 'મા'ની લીલા છે. માણસની અંદર પ્રેરણા બની કામ કરાવવું તેના જ હાથમાં છે. હવે તો આપત્તિનો કાળ પૂરો થતો જશે એમ લાગે છે. એટલે માતાજી માટે ખાસ ચિંતા કરવા જેવું નથી.

હજી અહીં વરસાદ પૂરો થયો નથી. છેલ્લા બે દિવસથી પડ્યા કરે છે. આજે પણ વાદળાં ઘેરાયેલાં છે. ગંગાજીનું જળ બિલકુલ રાતા રંગનું થઈ ગયું છે. આ વરસાદમાં ભારતના બીજા ભાગોની જેમ અહીં પણ લોકોને નુકશાન થયું છે પણ પ્રમાણમાં ઓછું.

છેલ્લા ઉપવાસ વખતે મને તાત્કાલિક શાંતિ મળી ને 'મા'ની કૃપાથી સાધનાની પૂર્ણ સિદ્ધિનો દિવસ જણાયો તે જાણી તમને આનંદ થાય એ સ્વાભાવિક જ છે. આ દિવસ જરા લાંબો છતાં ચોક્કસ છે, ને મારે તેને માટે ધીરજપૂર્વક પ્રતીક્ષા કરવી પડશે. અલબત્ત, મારે માટે તો એક દિવસનું અંતર પણ ખુબ લાંબુ છે. કેમ કે વર્ષોથી હું 'મા'ની કૃપા માટે તલસી રહ્યો છું, હિમાલયમાં એકાંતવાસ ને કષ્ટ સહું છું, ને ક્ષણેક્ષણ પ્રાર્થનામાં પસાર કરું છું. પરંતુ બધું સૂત્ર 'મા'ના હાથમાં હોઈ નિર્ધારેલા સમયે બધું થાય એ સ્વાભાવિક છે. જો કે તે દિવસની અવધિ અતિ લાંબી નથી, છતાં તે ટૂંકાવી શકાય તો તે માટે પ્રયાસ કરું છું. આ દિવસ જાણીને મને સારો આનંદ થયો છે. કેમ કે સાધનાનો કાળ લંબાતો જતો જોઈ મને ચિંતા થયા કરતી હતી.

હવે એ દિવસની પ્રતીક્ષામાં-ને શેષ સમયના બનતા પુરુષાર્થમાં-સમય જતો રહેશે, ને એક ધન્ય દિને મારી બધી જ ઈચ્છા પૂર્ણ થઈ જશે.

અહીંથી જો આંતર-પ્રેરણા મળે તો કલકત્તા જવા વિચાર છે. અલબત્ત, માતાજીની તબિયત સારી હોય તો જ. તે બાજુ માતાજીને ભગવાન રામકૃષ્ણ પરમહંસનું લીલાસ્થાન દક્ષિણેશ્વર તથા બેલુડ મઠ વિગેરે બતાવવાની ઈચ્છા છે. તે બાદ દિવાળીની આસપાસ સરોડા જઈશું. જો કલકત્તા જવાની પ્રેરણા નહિ થાય તો સીધા અમદાવાદ આવીશું. ને ત્યાંથી થોડા દિવસે સરોડા જઈશું. આ વખતે પણ શિયાળાનો બધો જ સમય ગુજરાતમાં જ પસાર કરવાનું નક્કી છે. તે વખતે 'મા'ની કૃપાથી મળવાનો યોગ જરૂર આવશે, ને ત્યારે પ્રત્યક્ષમાં મારા સાધનાત્મક અનુભવો કહીશ.

મારા સંસર્ગમાં મૂકીને ઈશ્વરે તમને એક જુદા જ વ્યક્તિનો પરિચય કરાવ્યો છે. આધ્યાત્મિક જગત શું છે, સાધના શી વસ્તુ છે, ને તેની ઉપકારકતા જગત માટે કેટલી છે, તેનો ખ્યાલ તમને મારા સંગ ને વિચારોથી આવ્યો હશે. ખરેખર, આ જગતમાં આધ્યાત્મિકતા જેવો કોઈ રસ નથી. તેથી જીવન ધન્ય બને છે. તે રસમાં મહાલવા માનવ ઈશ્વરનું શરણ લઈ તેને પ્રાર્થે, તો તેને માટે સંસારમાં કંઈ જ અસંભવ નથી. પણ માનવ કૂપમંડુક છે. પોતાના વિચાર ને વિષયના વર્તુળમાં ફર્યા કરે છે. અહંકારથી વધે છે. દંભ ને વિષયરસ તેને પ્રાણપ્યારા છે. ને જે સત્ય છે, ધ્રુવ છે, એકમાત્ર આનંદ છે. તે ઈશ્વરની તરફ પોતાના દિલને તે ખોલતો નથી. આ જીવનમાં શું રસ હોય ? ધનનો મદ, સુંદર કે વિલાસી નારીની લાલસા કે તેનો સહચાર કે વધારે મેળવવાની મમતા માનવને મંગળમય કે તૃપ્ત કરી શકતી નથી. તૃપ્તિ કે સુખનો માર્ગ આધ્યાત્મિકતાનો જ છે. સંસારના વ્યવહારમાં ડૂબી ન જવાય ને વધારે બળ મળે માટે માણસે તેના સર્વ સ્વામી ઈશ્વરના મહિમાને સમજીને તેનો જીવનમાં લાભ ઉઠાવવાની જરૂર છે. આજે માણસ વસ્તુને છોડીને પડછાયા તરફ દોડે છે. તેમાં નથી મળતી વસ્તુ કે નથી મળતો પડછાયો. જે ઈશ્વરને જ પકડે છે, કે આત્માના દર્શનની દિશામાં પ્રવાસ કરે છે, તે આત્માનો આનંદ મેળવવાની સાથે સાથે સંસારના પડછાયાનો મર્મ પણ પારખી લે છે. જીવન આધ્યાત્મિકતાથી જેટલું દૂર જાય છે તેટલું જ અનર્થમય બનતું જાય છે એ નક્કી છે.

તમારો પ્રેમ અજબ છે. સાથે સાથે તમારા હૃદયની ભાવમયતા ને તમારું સાંસ્કૃતિક સ્તર પણ ઊંચું છે, ને તેથી જ તમે ભારતીય વિદ્યાભવનના ઉત્સવમાં આવું સુંદર ‘કલ્પના ચિત્ર’ જોઈ શક્યા. આવા કલ્પના ચિત્ર જોવાનું કામ કાંઈ સાધારણ માણસનું નથી. તમારા પત્રો ખુબ સરસ હોય છે. એક સિદ્ધ લેખકને છાજે તેવી પ્રથમ પંક્તિનું તે લખાણ હોય છે. તે વાત બાજુએ મૂકીએ તો પણ, તમારા પત્રો વાંચીને તમારી અંદર કેટલી મહાન શક્યતાઓ પડેલી છે તેનો મને ખ્યાલ આવે છે, ને આનંદ થાય છે. તમારા હૃદયમાં આધ્યાત્મિકતાનો એક ગુપ્ત પ્રવાહ વહે છે, ને તેને જરૂરી વેગ ને જીવન મળતાં તમારામાંથી એક સુંદર વ્યક્તિત્વ તૈયાર થઈ શકે તેમ છે, એ નક્કી છે. ઈશ્વર એવો સંજોગ તમને જરૂર આપો ! આજે જે વાતાવરણમાં તમે જીવો છો તે હૃદયને વેગ કે વાચા આપવાને બદલે વધારે ભાગે રૂંધી નાખે છે. એટલે તેમાં માણસનો ધાર્યો વિકાસ થઈ શકતો નથી. છતાં એ જ વાતાવરણ ને જે બીજું ઈશ્વર આપે તે વાતાવરણમાં રહીને માણસે માર્ગ કાઢવાનો છે, પોતાના આદર્શને પોષવાના છે, હૃદય મરી ના જાય તે માટે સજાગ રહેવાનું છે. તો જ આદર્શ માનવ બની શકાય. ને હરેકનું ધ્યેય એ જ છે-એ જ હોવું ઘટે. જીવનનાં

બીજાં ગૌણ ધ્યેય અનેક હોઈ શકે, તેની સફળતાનો આધાર ક્યાંક અર્થ પર, ક્યાંક લાગવગ કે પ્રતિષ્ઠા પર હોઈ શકે, પરંતુ બધાં જ સામાન્ય ધ્યેયની વચ્ચે મધ્યવર્તી ધ્યેય સૌને માટે માનવ ને સાચા માનવ બનવાનું જ છે, ને તે સાધ્ય થતાં જ માનવને સાચો સંતોષ કે ઊંડી શાંતિ મળી શકે છે. જીવનની સફળતાઓ પણ તેમાં છે.

ભવિષ્યમાં તમારું જીવન ઉન્નત બનશે એમાં મને શંકા નથી. જે મુશ્કેલીઓ તમે વેઠી છે તેથી નિરાશ ન થતા. હિંમત હાર્યા વિના પુરુષાર્થ ચાલુ જ રાખજો. તમારી ઈચ્છા ઈશ્વરકૃપાથી જરૂર સફળ થશે. ને તે સફળતા તમને ગર્વમય અહંકારગ્રસ્ત કે જડ નહિ બનાવી દે. આજના જીવનના મોંઘા બોધપાઠ-જે વીરલાના જ નસીબમાં લખાયલા હોય છે, તે તમને તમારા કાર્યમાં ખુબ ખપ લાગશે, ને બીજાને સહાયભૂત થશે. સાથે સાથે કેવલ જડ ડાયરેકટર બનવાને બદલે તમે જીવનના આદર્શ ડાયરેક્ટર બની શકશો. ને તે જ વધારે કીમતી છે. આપણે ત્યાં ડાયરેકટરો ઘણા છે, પણ જીવન-ડાયરેકટરો ઓછા-વિરલ છે. આ બે નો યોગ સાધી જીવનને તમે ઉજ્જવલ કરશો એવી મને આશા છે. તમારી શક્તિઓને અવકાશ મળતાં તે ખીલી ઉઠશે એની મને ખાત્રી છે. ત્યાં લગી હામ રાખજો. આશાને ના છોડશો. ને ભલે વખત વધારે થાય, તો પણ આદર્શ પર અટલ રહેજો.

તમારું જોયેલું 'કલ્પના ચિત્ર' સાચું પડશે એમાં સંદેહ નથી. આ વાત મેં ઈશ્વરી કૃપાથી જાણી છે, ને તેની વાસ્તવિકતા નજીકના ભાવિમાં જ થવા સર્જાયલી છે. આ કાંઈ મારી ઈચ્છા નથી. 'મા'ની મહાન પ્રેરણાને ઈચ્છા છે, ને તે મને નિમિત્ત બનાવી સફલ થઈને જ રહેવાની છે. તેની કૃપા વિના માણસ વિચારી પણ ક્યાંથી શકે, સાધન માર્ગે શી રીતે જઈ શકે, ને સફળે ક્યાંથી થાય ? મારા આદર્શની પૂર્તિ આજના જગતના મંગલને માટે ખુબ જ ઉપયોગી છે, ને તેથી જ 'મા' મારા દ્વારા આ મંગલ કાર્ય કરી રહી છે. જેને મારા આ જ જીવનના પૂર્વકાલની પૂરી જાણ નથી તે મારી વાત સમજી નહીં શકે. પરંતુ પૂર્વજન્મોના જ્ઞાન પછી મેં જાણ્યું છે કે મારા દ્વારા સાધનાનું જે કાર્ય 'મા' કરે છે તે તો તેની લીલામાત્ર છે, ને આ રીતે પહેલાં પણ મેં વિશ્વનું વિરાટરૂપે મંગલ કરેલું છે. પણ ઈશ્વરનાં મહાન રહસ્યને જાણવું અલ્પ ને પામર માનવી માટે શક્ય નથી. તે તો પોતાના જ પૂર્વગ્રહ ને ગજથી સૌને માપે છે. ગમે તેમ, વર્તમાન જ ખાસ અગત્ય ધરાવે છે. ને વર્તમાન જીવનમાં પૂર્ણરૂપે 'મા'ની કૃપા મેળવી જગતને કામ આવવાની કે તેનું મંગલ કરવાની મારી ઈચ્છા છે. તે પૂરી થાય એટલે આનંદ. જે નીકળ્યો છે ને ચાલે છે તે ધ્રુવપદે પહોંચવાનો જ.

વિશ્વમાં જ્યારે જ્યારે અંધકાર ફેલાવા માંડયો છે ત્યારે ત્યારે ભારતે પ્રકાશ આપ્યો છે. છેલ્લે છેલ્લે ગાંધીજીના જીવનરૂપે ભારતનો આ પ્રકાશ જ પ્રકટ થયો હતો. પરંતુ તેનું કાર્ય અધૂરું છે. આજના ભયગ્રસ્ત જડવાદી જગતમાં હજી પણ એક મહાપ્રકાશની જરૂર છે. આ પ્રકાશ પ્રાપ્ત મહાપુરુષ પૂર્ણ સિદ્ધ જોઈએ, ઈશ્વરતુલ્ય જોઈએ. સાધના દ્વારા સંસિદ્ધિપ્રાપ્ત જોઈએ ને તેનામાં માનવ-અનુકંપા હોવી જોઈએ. તેના પર ઈશ્વરી કૃપા ઉતરે ને ઈશ્વરની આજ્ઞાથી તે સેવાના ક્ષેત્રમાં પડે તો જ આપણા જગતને તે સફલ પથપ્રદર્શન કરી શકે. જે ભૂમિને સંસ્કૃતિએ કૃષ્ણને આપ્યા. વ્યાસને, શુકદેવને વાલ્મીકિને પ્રકટાવ્યા, તેમ જ બુદ્ધ, શંકર, રામકૃષ્ણ, ચૈતન્ય ને ગાંધીજી આપ્યા, તે ભૂમિ કે સંસ્કૃતિ જ આવા પુરુષનું દાન કરી શકે. તેને માટે તે અશક્ય નથી.

હા, સંસારના કપરા અનુભવ તમે કહો છો તેમ, માનવને જડ બનાવી દે, ને હિટલર કે મુસોલિની પ્રકટાવે, પણ તે ક્યારે ? જે વિવેકી છે, જાગૃત છે, તેનામાંથી તો તેવા અનુભવ સંસારના બાહ્ય ચળકાટની મમતા ટાળશે, ને ઈશ્વરના પ્રેમની પ્યાસ વધારી જીવનને સાચા અર્થમાં રસિક, મૃદુ ને સત્ય બનાવશે. તમારે એવો કઠોર થઈ જવાનો ભય નથી.

ભાઈ નારાયણને પત્ર લખ્યો છે. મળ્યો હશે. સૌ પ્રેમીજનોને પ્રેમ. પત્ર અહીં જ લખશો. નીકળવાનું થતાં જણાવીશ. માતાજીની ચિંતા કરશો નહીં. દેશમાં સૌ કુશળ હશે. એ જ સપ્રેમ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૦ : નસીબ

સરોડા
તા. ૨ ડીસે. ૧૯૫૦

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમભર્યો પત્ર થોડા દિવસ પહેલાં મળ્યો છે. તમારો પ્રેમ જોઈને ઘણો જ આનંદ થાય છે.

તમારા કામકાજ માટે દિલ્હી-આગ્રા જઈ આવ્યા હશો. એ નિમિત્તે ભારતના અગ્રગણ્ય પ્રાચીન શહેરોમાં ફરવાનો ને ત્યાંનાં દર્શનીય સ્થળો જોવાનો ઠીક યોગ મળી ગયો. તમારું કામકાજ બરાબર ચાલતું હશે. ઈશ્વર પર શ્રદ્ધા રાખી કામ કર્યે જશો. તમારી લાઈનમાં અર્થનું જ પ્રાધાન્ય વિશેષ છે. તે વિનાની નરી બુદ્ધિ, આવડત ને તમન્ના, ફાવી શકતી નથી. અને કંઈક અંશે નસીબના ચમકવા પર પણ આધાર રાખે છે. કેમ કે પાછલા દસકામાં એવા કેટલાય માણસો આગળ આવી એમાં નામનાં મેળવી ગયા, જેમનું નામ તે પહેલાં કોઈ જાણતું નહિ. કંઈક લાગવગ ને બાકી આ નસીબનું પણ ખુબ ભાગ ભજવે છે. અર્થ વિના તમારા ક્ષેત્રમાં કંઈ જ થતું નથી. પરંતુ મને વિશ્વાસ છે કે તમને બધા જ સંજોગો અનુકૂળ મળી રહેશે, ને તમારી ઈચ્છાઓ પૂરી થશે. અત્યારે જે સમય જાય છે તેમાં તમારી ધીરજની કસોટી થઈ રહી છે, ને તેમાં તમે અણીશુદ્ધ પાર ઊતરી એક દિવસ જરૂર ધ્રુવ સ્થાને પહોંચશો, ને ત્યાં લગી કોઈ પણ પ્રકારે-ગમે તેવી મુશ્કેલીઓથી પણ હતોત્સાહ થઈ નાસીપાસ નહિ થાવ એવી આશા રાખું છું.

માણસને જેવી ચાહના હોય તે વસ્તુ તેને જલદી ના મળે તો તે નિરાશ થઈ જાય છે. આવું વારંવાર બને છે. પણ દુર્બળ ને અધીરા મનના માણસ માટે તે વધારે સાચું પડે છે. તેથી માનવને એકંદરે લાભ કંઈ જ નથી. આ જગતમાં જે હૃદયને વજ્જરનું કરીને પ્રારબ્ધ સામે ઝઝૂમે છે, ને પોતાના આદર્શ માટે આભજમીન એક કરતાં લગી પરિશ્રમ કર્યા કરે છે, તેની આગળ આદર્શને નમવું પડે છે, સફળતાને ગુમાન છોડી ઝૂકવું પડે છે, ને ધ્યેયને ધીરજ છોડી તેની આગળ સાકાર થવું પડે છે. આ નિયમ અવિચલ છે. તમારા જીવનમાં તમે લાંબા વખતથી અનેક કષ્ટ સહ્યાં છે. એકલે હાથે હિંમત રાખી આગળ આવ્યા છો, ને હજીયે આગળ-છેક આગળ આવવાની ઈચ્છા રાખો છો. તમારો ઘણો સમય જતો રહ્યો છે, ને બીજો ચાલ્યો જાય છે, તેથી કોઈ વાર તમને અસંતોષ થાય એ સ્વાભાવિક છે. પરંતુ અડગ આશા રાખી, હિંમતપૂર્વક તમારા માર્ગે આખર સુધી ધપતા રહેજો. ઈશ્વર તમને જરૂર સહાયતા કરશે. ધ્યેયને માટે ઝૂઝવામાં બહાદુરી છે. તે જલદીથી ના મળતાં હિંમત છોડી તેને મૂકી દેવામાં કાયરતા છે. પ્રભુકૃપાથી તમને આર્થિક સહાયતા મળે ને તમે સ્વતંત્ર ડાયરેક્ટર બનો એ જોવાની મારી પણ લાંબા સમયથી ઈચ્છા છે. ને તે પૂરી થયે મને ખૂબ આનંદ થશે.

ઈશ્વરેચ્છા પ્રમાણે એ અભિલાષાને પૂરી થતાં થોડોક સમય લાગે, તો પણ નિરાશ તો થવું જ નહીં. એથી કાંઈ માનવીના જીવનનું માપ નથી કાઢી શકાતું. આજે ઘણાં માણસો તક મળવાથી એ લાઈનમાં સારી નામના મેળવી ગયા છે, પરંતુ તેટલા જ માટે કાંઈ તેમના જીવન સફળ નથી. માનવનું જીવનસાફલ્ય ત્યારે જ થાય છે જ્યારે તે જીવનનો સફલ સુત્રધાર ડાયરેક્ટર કે કલાકાર બની જાય છે. લૌકિક રીતે જે વસ્તુ ખૂબ

મહત્વની મનાય છે, તે સાચેસાચ મહત્વની હોય છે જ એમ નથી. જો કે આપણે લૌકિક વસ્તુનો અનાદર કરવાની જરૂર નથી. પણ જીવનનું ખરું સાફલ્ય ને ખરું સુખ માનવની પોતાની અંદર માનવતા જગાડી સાચા, પ્રેમી ને પરોપકારી માનવ બનવામાં ને તે પછી પ્રભુપ્રાપ્તિ કે આત્મદર્શન કરવામાં રહેલું છે, એ જ અહીં કહેવાનું છે. તમારી લાઈનમાં માણસ ઘણું ઉપકારક કરી શકે છે. એમાં સંદેહ નથી, પણ તેવા માણસને પણ સાચા માનવ બની ઈશ્વરપ્રાપ્તિને માર્ગે વળ્યા સિવાય સાચો ને શાશ્વત આનંદ મળી શકતો નથી. એટલે લૌકિક રીતે માણસ ગમે તે વ્યવસાય કે ધંધો કરે, માનવ બનવાની ને તે દ્વારા ઈશ્વરપ્રાપ્તિ કે આત્મદર્શન કરવાની સાધના તો તેણે કરવી જ જોઈએ. માનવ જીવનમાં સફલ થયો કે નિષ્ફળ, વિજયી નિવડ્યો કે પરાજયી તેનું માપ આ જ આદર્શને ધ્યાનમાં રાખીને કાઢી શકાય છે. કેમ કે માનવની રચના જ આ સૃષ્ટિમાં તે માટે જ થઈ છે. પણ વાસનાલોલુપ, અર્થલોભી, જડ માનવ સૃષ્ટિ ને દેહને જ સર્વ કાંઈ માની બેસી શરીર દ્વારા આત્મદર્શનનું જે મહાનને ઉપકારક કામ કરવાનું છે તેને ભૂલી જાય છે. માનવે ભૌતિક ને આધ્યાત્મિક બંને પ્રકારના વિકાસને જીવનમાં અપનાવવાનો છે તો જ જીવન સાચા અર્થમાં ઉમદા થઈ શકે. તમારા પર મને વિશેષ પ્રેમ એટલા માટે છે કે તમે આદર્શ માનવ બનવા પ્રયત્નશીલ છો. તમારો પ્રેમ, સચ્ચાઈ, પરગજુ ને કોમલ સ્વભાવ હું જોઈ શક્યો છું. ને આધ્યાત્મિક ભૂખ તમારા દિલના ઊંડાણમાં લાગેલી છે તે હું જાણું છું. એટલે તમારા જેવા પુરુષ જો લૌકિક રીતે ઉન્નત થશે તો બીજાને માટે ખૂબ લાભદાયક થશે, ને તમે પોતે પણ તમારી એ ઉન્નતિમાં આધ્યાત્મિક વિકાસને નહીં ભૂલો એવો મારો વિશ્વાસ છે. આ રીતે તમે બીજા દુન્યવી જીવો કરતાં ખૂબ જ જુદા પડો છો, ને તેથી જ તમારા માર્ગમાં તમે જલ્દી સફળ થાઓ એવું હૃદયપૂર્વક ઈચ્છું છું. પ્રભુ એ દિન જલ્દી લાવો !

મારે માટે તમે જે પરમ પ્રેમ રાખો છો તે જાણું છું તમારા પત્રો દ્વારા તેનો વધારે ને વધારે પરિચય મળે છે. તમે રાખેલી આશાઓ પ્રભુ મારી દ્વારા પૂરી કરે એથી વિશેષ કાંઈ ચાહતો નથી. મારું આજ લગીનું જીવન મારી પોતાની આધ્યાત્મિક તૈયારીમાં ગયું છે. છેલ્લે છેલ્લે મારી તૈયારીને પરિપૂર્ણ કરવા મારાથી બનતા બધા જ પ્રયાસ મેં કર્યા છે. ને સદભાગ્યે છેલ્લે છેલ્લે દેવપ્રયાગમાં મને સિદ્ધિનો છેલ્લો દિન મળ્યો છે. તે દિનને હજી થોડી વાર છે. એટલે ત્યાં લગી મારે ખૂબ ધીરજ રાખવી પડશે. પરંતુ તે દિવસો પણ ધીરે ધીરે વીતી જશે, ને 'મા'ની કૃપાથી મારી બધી જ મહેચ્છા પાર પડશે. મારા બધા જ જીવન ને જીવનકાર્ય પાછળ 'મા'નો હાથ છે. ને તેની જ ઈચ્છાથી મારા વિરાટ ને અલૌકિક કાર્યની પ્રેરણા મારા દિલમાં જન્મી છે તે 'મા' ધારેલા સમયે મને પૂર્ણ કૃપાથી અભિષિક્ત કરશે એ નિર્વિવાદ છે. મારી ધીરજની, ચિંતાની, કષ્ટસહનશીલતાની, વેદનાની ને આશાની 'મા'એ ખૂબ ખૂબ કસોટી કરી છે. મારા શરીર ને તેણે વારંવાર હોડમાં મૂક્યું છે. પરંતુ 'મા'ના કૃપાદાન આગળ માણસના કષ્ટ, વેદના ને માણસની યાતનાનો શો હિસાબ હોય ? જ્યાં લગી 'મા'ની પૂર્ણ કૃપાના દિન વિશે અજ્ઞાત હતો, ત્યાં સુધી મને ખૂબ મુંઝવણ રહેતી હતી. હવે મુંઝવણ દૂર થઈ છે ને ધીરજથી રાહ જ જોવાની બાકી રહી છે. 'હરિ નો મારગ છે શૂરાનો' એ માર્ગે જે શૂરવીર બનીને આગળ ને આગળ વધે, તેને સફળતા મળ્યા વિના રહેતી નથી, તેને માટે હરિનું દ્વાર ઊઘડી જાય છે. હવે તો 'મા'ની કૃપા મેળવી શેષ જીવનમાં દેશ ને દુનિયાને મદદરૂપ થઈ શકું એ જ ઈચ્છા છે. એ

બધુ 'મા'ના હાથમાં છે. આપણે તો તેના હાથમાં નિમિત્ત બની, તે આપણી અંદરથી જે કરે તે આનંદપૂર્વક કરવા દેવાનું છે.

જીવનનો ઉચ્ચોચ્ચ આદર્શ ઈશ્વરતુલ્ય બનવાનો છે. ત્યાંથી માણસનો વ્યક્તિગત વિકાસ પૂરો થાય છે. આવો માણસ પોતાના શેષ જીવનમાં સંસારને પ્રકાશ આપે, શાંતિ ને આભ્યંતર ઉન્નતિનો રાહ ચીંધે, ને પરગજુ બની સંસારમાં આધ્યાત્મિક ને ઈશ્વરી સંદેશ ફેલાવવા જીવે, તે માનવકુળમાં એક અલૌકિક ઘટના લેખાય. બુદ્ધ ને ઈશુ કે કૃષ્ણ જેવા મહાપુરુષો તેના ઉજ્જવલ દષ્ટાંતો છે. આપણી દુનિયાને તેવા મહાપુરુષની જરૂર છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૧ : જીવન એક સંગ્રામ

સાબરમતી

તા. ૧૭ માર્ચ, ૧૯૫૧

પ્રિય વિઠ્ઠલભાઈ,

ગઈ કાલે ભાઈ નારાયણનો પત્ર મળ્યો. તે દ્વારા જાણ્યું કે મેં સરોડાથી લખેલો પત્ર તમને મળ્યો નથી. આમ કેમ થયું તે સમજી શકાતું નથી. પત્ર મેં તમને સાન્તાક્રુઝના સરનામે લખ્યો હતો. કોઈક ગરબડને લીધે તે મળી શક્યો નહીં હોય. ખૂબ વિગતવાર લખેલો તે પત્ર હતો. ઈશ્વરેચ્છા.

ચારેક દિવસથી અમે અહીં આવી પહોંચ્યા છીએ. આ વખતે સરોડામાં લગભગ ૪॥ માસ જેટલું રહેવાનું થયું. ગ્રામ વાતાવરણમાં ખૂબ આનંદ રહ્યો. હવે અહીં ઈશ્વરભાઈને ત્યાં રહીએ છીએ. માર્ચ માસ પૂરો ને એપ્રિલનો થોડો વખત અહીં જ થઈ જશે. તે બાદ પ્રભુ જ્યાં જવાનું કરે ત્યાં ખરું.

તમારું કામકાજ કેમ ચાલે છે ? હાલ આરામ જેવું  છે કે ચિત્રનું કામ ચાલે છે ? જીવન એક સંગ્રામ છે. તેમાં શૂરવીરતાની જરૂર પડે છે. જીવનના સાગરમાંથી ધ્યેયના મહામોઘાં મોતી મેળવવા કેટલીક વાર ખૂબ હિંમત રાખી ઊંડે ડૂબકી મારવી પડે છે, મરજીવા બનવું પડે છે. ખાસ કરીને આધ્યાત્મિક સાધનાના માર્ગમાં આ એક ધ્રુવ સત્ય છે. મજબૂત મનોબળ, એકધારો દૃઢ પુરુષાર્થ ને મક્કમ નિરધાર આધ્યાત્મિક માર્ગના પ્રવાસીને માટે ખૂબ ખૂબ જરૂરી છે. આ સાથે ધીરજની પણ જરૂર ઘણી જ છે. કેમ કે સાધનાનું બીજ સ્થૂલ બીજની જેમ જ જલ્દીથી ઊગી નીકળતું નથી. તેને માટે ભારે ઉત્સાહથી હિંમતપૂર્વક પ્રતીક્ષા કરવી પડે છે. ને પરિશ્રમ મૂકી દઈ નિરાશ થવાના નિર્બળ સ્વભાવને દૂર કરવો રહે છે. આ મહામૂલી યોગ્યતાના અભાવથી જ ચંચળ ચિત્તના સાધકો આ માર્ગમાં અધવચ્ચે અટકી જાય છે. તેમ જ નફાતોટાનું સરવૈયુ કાઢવાના ઉતાવળા માનસને લીધે સિદ્ધિના મંદિર સુધી પહોંચી શકતા નથી. આને લીધે જ આપણે જોઈએ છીએ કે જગતમાં ઉચ્ચ કક્ષાના સંતપુરુષો-કૃતાર્થ મહાપુરુષો બહુ વિરલ પાકે છે.

જે વાત આધ્યાત્મિક સાધનામાં મહત્વની છે તે લૌકિક રીતે બધી જ વેળા મહત્વની નથી. કેમ કે કેવળ લાગવગ કે પ્રતિષ્ઠાને જોરે લૌકિક પદ કે પ્રતિષ્ઠાના આસન પર ઘણાં માણસો બેસી જાય છે. કેટલીક વાતોમાં ધન પણ મહત્વનો ભાગ ભજવે છે. છતાં લૌકિક આદર્શો માટેની તપશ્ચર્યા પણ વ્યર્થ જતી નથી. ફક્ત માણસે પ્રયાસ કરતાં કંટાળવું કે થાકવું ના જોઈએ. આ બેય વિનાં કદાચ કો'ક વાર ચાલી શકે, પણ કર્તવ્યભાન ભૂલીને જો માણસ નાહિંમત બની જઈ પોતાના આદર્શને અસાધ્ય માની કોરે મૂકી દે તો તેમાં ખોવાનું તેને જ રહે છે. સમુદ્રને મળવા જનારી નદી કેવા કેવા દુર્ગમ પ્રદેશોમાંથી માર્ગ કરે છે ! પણ તેનો તનમનાટ લેશ પણ ઓછો થતો નથી. તેવી જ રીતે જેને પોતાની મહત્વાકાંક્ષા તૃપ્ત કરવાનો તનમનાટ છે તે પોતાના આદર્શની પ્રાપ્તિ કરશે જ. એમાં સંદેહ નથી. તમે જે ધીરજ ને હિંમતથી પ્રતિસ્પર્ધી સંજોગોમાં પણ મક્કમ રહ્યા છો તે જોઈ મને આનંદ થાય છે. ને આજ રીતે લગીરે હતોત્સાહ થયા વિના અમર આશાનો આધાર બની છેવટ સુધી જયશિખરની જેમ ઝઝૂમશો એમ માનું છે. અલબત્ત, આપણે તો જીવનના આ

જંગમાં ઝઝૂમીને વિજયી જ થવાનું છે. ને જેનું મન મરતું નથી, જેની આશા મરતી નથી, તેને વિજય મળે જ એ નક્કી છે.

મને તમારા પ્રત્યે પ્રેમ છે તે તમે જાણો છો. પણ હાલ શુભાશિષ વિના બીજી મદદ મારાથી થઈ શકે તેમ નથી. કેમ કે મદદ કરવા માટે જે પૂર્વભૂમિકા જોઈએ તેની તૈયારી મારે હજી કરવાની છે. તે તૈયારી થઈ ગયા પછી મારાથી શક્ય મદદ હું જરૂર કરીશ. ત્યા લગી તમે પણ તમારો પુરુષાર્થ ચાલુ રાખજો.

માતાજી કુશળ છે. યાદ કરે છે. દેશમાં સૌ કુશળ હશે. સૌને મારા પ્રેમ લખશો. તમારું સ્વાસ્થ્ય હવે બરાબર રહેતું હશે.

આજે માણસોનું જીવન અશાંત ને દોડધામવાળુ થઈ ગયું છે. કોઈની ભૂખ પુરી થતી દેખાતી નથી. જીવનની આ દશા ખૂબ કરુણ છે. શાંતિ, વિવેક, સંયમ ને ઈશ્વરપ્રેમ વિનાનું જીવન કેવળ ભારરૂપ કે વ્યર્થ છે. જીવનમાંથી દાનવતા કાઢી નાખી જ્યારે માનવતા જગાવવામાં આવશે, ને ઈશ્વરની આરાધનામાં માનવ આનંદ લેતા શીખશે, ત્યારે ભૌતિક સમૃદ્ધિની સાથે તે આધ્યાત્મિક રીતે પણ સમૃદ્ધ બનશે ને જગત સ્વર્ગથી પણ અધિક સુખમય ને મંગળ થશે. માનવનું મન પોતાની જડતાને ખંખેરી કાઢી, પ્રેમ, દયા ને સેવા તેમજ સત્ય ને સહકારથી ભૂષિત બની, ઉન્નતિને એ માર્ગે વળો એ જ ઈચ્છા છે. એ વિના વૈયક્તિક કે સમષ્ટિગત શાંતિ શક્ય નથી. ને જગતમાંથી યુદ્ધ, હિંસા ને શોષણ મટવાના નથી.

વધારે શું લખું ? તમારા સમાચાર લખશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૨ : ચર્મવૃત્તિ

સાબરમતી
તા. ૩૦ માર્ચ, ૧૯૫૧

પ્રિય વિઠ્ઠલભાઈ,

તમારો પ્રેમપૂર્ણ પત્ર મળ્યો છે. આનંદ થયો. ઈશ્વરેચ્છા તો આ સાતમી તારીખે મારો વિચાર દ્વારકા તેમજ સોમનાથની યાત્રાએ જવાનો છે. સાતેક દિવસ તે બાજુ થઈ જશે. તે પછી નારાયણભાઈ સાથે ઈડર તરફ જવાનું થાય એમ લાગે છે. કેમ કે નારાયણભાઈનો પત્ર છે. તેમાં તેમણે રજા માટે અરજી પણ કરી દીધી છે એમ લખે છે. આ સંજોગોમાં, ઈડર તરફ જવાનું થશે તો આ વર્ષે મારાથી સોલાપુર ભાગ્યે જ જઈ શકાશે. મુંબઈ આવવાનું પણ બનશે કે નહીં તે ચોક્કસ કહેવાય નહીં. જો વધારે દિવસો ઈડર તરફ વીતી જાય તો મારે હિમાલય જવાનો વખત પાસે આવી જાય, ને બીજે ક્યાંય પણ જવાનું પણ અશક્ય બને. ઈડર તરફ જવાની મારી ખાસ ઈચ્છા નથી. ત્યાં જવામાં બીજા કાર્યક્રમ પણ પડતાં મૂકવા પડે તેમ છે. છતાં આ વર્ષે નારાયણભાઈની ખૂબ ઈચ્છા છે-બનતાં લગી બેન સરસ્વતી ત્યાં છે એટલે પણ તેમની ઈચ્છા હશે ને તેમણે રજા લઈ લીધી છે, ત્યારે થોડા દિવસ તેમની સાથે જવાનું બનશે એમ લાગે છે. હિમાલય જતાં પહેલા તમને બધાને મળી શકું-ખાસ કરીને તમને મળું એવી ઈચ્છા છે જ. પણ તે સંજોગ ક્યારે આવે છે તે પ્રભુ જ જાણે. તમને અનુકૂળતા હોય તો નારાયણભાઈ સાથે આવવાનું રાખશો નહિ તો મુંબઈ ક્યાં લગી તમે રોકાવાના છો તે લખી જણાવશો. તે પ્રમાણે હું મારો કાર્યક્રમ ગોઠવીશ. કોઈ પણ હિસાબે હિમાલય જતાં પહેલાં આપણે મળવું તો જોઈએ જ. તમારી પાસે સીધાં જ આવવાની ઈચ્છાનો અમલ કરતાં પણ તમારી આર્થિક સ્થિતિનો વિચાર કરીને અચકાવું પડે છે, નહિ તો સમય મળતાં તમારે ત્યાં આવવાનું રાખી શકાય. વળી નારાયણભાઈ લાંબી રજા લઈ ઈડર જવાનું રાખે તો તેમના વિના મુંબઈ તેમને ત્યાં રહેવામાં પણ ખાસ આનંદ રહે નહીં. આ સ્થિતિમાં પ્રભુ જે કરે તે ખરું. જોઈએ છીએ. કાંઈક માર્ગ મળી આવશે.

તમારો પત્ર પ્રેમથી ભરેલો ને મીઠી મમતાથી છલેલો છે. ખરું પણ છે. પ્રેમ ને મમતા રાખવા તો ઈશ્વર પર અથવા તો ઈશ્વરનો પ્રેમ ઝંખનાર કોઈ સંત મહાત્મા કે ઈશ્વરના પ્રતિનિધિ પર બાકી હાડમાંસથી ભરેલા ને ચામડાથી મઢેલાં વાસનાગ્રસ્ત લોકોમાં આસક્તિ કે મમતા રાખવાનો કોઈ જ અર્થ નથી. તેમાં તો બરબાદી જ રહેલી છે. જ્યારે ઈશ્વરી પ્રતિનિધિનો પ્રેમ જીવનમાં શાંતિ દે છે, ઉત્સાહ, આશા ને હિંમત આપે છે, ને આત્માનું સાચું કલ્યાણ સાધી દે છે. સાચા ને નિસ્વાર્થ પ્રેમનું દર્શન આજે વિરલ થઈ ગયું છે. આજે તો ચમારની જેમ માણસ ઉપરના હાડચામનું જ દર્શન કરે છે, તેમાં બધાંય છે ને, તેમાં જ રસ જોઈ ચામડીને ચાટવામાં જ આનંદ માને છે. આનું નામ પશુતા કે ચમારવૃત્તિ છે આ વૃત્તિમાંથી ઉપર ઊઠી માણસે શરીરની અંદર રહેલા ઈશ્વરી પ્રકાશને જોતાં શીખવાનું છે. શરીરની અંદર જે જ્યોતિ છે, તે જ્યોતિનું દર્શન કરવાનું છે, ને એ રીતે જડ ને ચેતન સકળ સૃષ્ટિ સાથે ઐક્ય સાધવાનું છે. આજના ચંચલ, શરીરના આકર્ષણને જ પ્રેમ માની બેસનાર ઈન્દ્રિયલોલુપ માનવસમુદાયને પ્રેમ ને પવિત્રતાના આ મહાન દર્શનની સમજ ક્યાં છે ? આજે તો માણસ ભૂખ્યો વરૂ છે.

રાજા જનકની સભામાં ઋષિ અષ્ટાવક્ર પહોંચ્યા, ત્યારે તેમને જોઈને સભાના બધા જ પંડિતો હસી પડ્યા. કેમ કે અષ્ટાવક્રનું અંગ આઠ જગાએ વાકું હતું. આના ઉત્તરમાં લેશ પણ ડઘાયા વિના, ઋષિ અષ્ટાવક્ર સામે હસ્યા. રાજાએ પૂછ્યું, 'આ પંડિતો તમારું શરીર જોઈને હસ્યા છે પણ તમે શું કામ હસ્યા ?'

અષ્ટાવક્રે કહ્યું, 'રાજા, આ તારી સભામાં પંડિતો નથી. આ તો બધા ચમાર ભેગા થયા છે. જેમ ચમાર ચામડાને જ જુએ છે, ચામડામાં જ રસ લે છે, તેમ આ પંડિતો મારા શરીરના ચામડાને જ જોઈને હસ્યા છે. તેમણે મારા ગુણ જોયા નથી કે મારી અંદર રહેલી ઈશ્વરી પ્રકાશની જ્યોતિને-આત્માની દીપશિખાને પણ જોઈ નથી. એટલે જ મને તેમની નીચ વૃત્તિ જોઈ હસવું આવ્યું.' રાજા ને પંડિતો મંત્રમુગ્ધની જેમ આ બધું સાંભળી રહ્યા.

આજે પણ આ ચર્મવૃત્તિ ઘટી નથી. બલકે વધી છે. આપણી મમતા, આસક્તિ ને પ્રેમ કે સહચારના બધા જ સંબંધો આ ચામડીના ખેલ સાથે સંબંધ રાખે છે, ત્યાં સુધી સૌ ચમાર છે. આ વૃત્તિનો નાશ કર્યા વિના છૂટકો નથી. પણ આજે તો માણસ એમ માની બેઠો છે કે આ ચર્મવૃત્તિ કે કામુકતા વિના ચાલે જ નહીં. આના જેવું અજ્ઞાન ને માનવતાનું અપમાન બીજું કયું હોઈ શકે ? હાથી કે ઘોડાને વશ કરવામાં શુરતા નથી, જંગલી જાનવર સાથે ખેલ કરવામાં બહાદુરી નથી, સાચી બહાદુરી તો આ અંધ માન્યતાને મિટાવી દઈ, મનના વાઘ ને વશ કરી, ઈન્દ્રિયના ઘોડા પર સવાર થવામાં ને સ્વાર્થ ને વાસનાને ફગાવી દઈ, ચામડીના આનંદથી મુક્ત થઈ, અખિલ વિશ્વમાં એક ઈશ્વરનું દર્શન કરવામાં રહેલી છે. જે માનવ, સમાજ કે દેશ આ માર્ગે જેટલી આગેકૂચ કરે તેટલા જ પ્રમાણમાં તે સુસંસ્કૃત, સભ્ય, પ્રગતિશીલ કે મહાન કહેવાય. પ્રગતિ ને નામે ઈન્દ્રિયોની લોલુપતા, ભોગની અતિશયતા ને પશુવૃત્તિ કે સ્વચ્છંદતાને હવે ચલાવી લેવાશે નહીં. એ બધી રાક્ષસી માયામાંથી માણસે મુક્ત થવું પડશે નહિં તો માનવ તરીકે તેનું મહત્વ શું ? આજે દાનવની સંખ્યામાં વધારો થતો જાય છે આથી આપણાં દુઃખો વધતાં જાય છે.

માતાજી કુશળ છે. યાદ કરે છે. ઘેર સૌ કુશળ હશે.

☼ ☼ ☼ ☼ ☼

### પત્ર ૧૧૩ : અમૃતપદ

સાબરમતી

તા. ૧૯ એપ્રિલ, ૧૯૫૧

પ્રિય વિઠ્ઠલભાઈ,

તમારો પ્રેમપત્ર મળ્યે લાંબો વખત થઈ ગયો. છેક આજે ઉત્તર લખી શકું છું. વચ્ચે દ્વારિકાથી પત્ર લખવાનો વિચાર હતો. પરંતુ અહીં આવ્યા બાદ જ લખવાનું ઠીક રહેશે એમ માની મુલતવી રાખ્યું હતું.

છેલ્લા પંદરેક દિવસમાં નારાયણભાઈના કંઈ જ સમાચાર નથી. તેમણે રજા લીધી કે નહિ, અહીં આવવાનું નક્કી કર્યું છે કે નહીં તે જાણવા મળ્યું નથી. મારા લખ્યા પ્રમાણે તેમણે અહીં આવતી કાલે પહોંચી જવું જોઈએ. તો રવિ કે સોમવારે અમે અહીંથી ઈડર તરફ જવા નીકળી શકીએ. ને જો કોઈ કારણથી તેમણે રજા લીધી ના હોય તો હાલ બે-ચાર દિવસમાં હું મુંબઈનો કાર્યક્રમ રાખું. આ વિશે સાચી હકીકત શું છે તે તો તમારા કે નારાયણભાઈ સમાચાર દ્વારા જ જાણી શકાય. છતાં તમે આ વિશે નારાયણભાઈને ત્યાં તપાસ કરીને તેમણે શું કર્યું તે મને તરત લખી જણાવશો, જેથી મારે નકામી પ્રતીક્ષામાં અહીં લાંબો વખત ગાળવો ના પડે. તે દરમ્યાન નારાયણભાઈની રાહ પણ હું જોઈ રહ્યો છું. હવે અહીંથી બીજે સ્થળે જવા મારી ઈચ્છા થઈ રહી છે.

તમારા પત્રમાં વ્યક્ત થતી ભાવના ને લાગણી અતિ બળવાન, પવિત્ર ને અમૂલ્ય છે. આ સંસારમાં માણસો ચંચળતા, અસ્વસ્થતા ને લોભની વચ્ચે જીવન પસાર કરે છે. મનુષ્ય જીવનમાં જે મહાન શક્યતાઓ રહેલી છે તેનો ખ્યાલ વધારે ભાગનાં માણસોને નથી. પરિણામે જીવનનું કોઈ ઉજ્જવલ ભાવિ તેમનાથી નિર્મિત થઈ શકતું નથી. આ જીવન ખૂબ અમૂલ્ય છે. માણસ ધારે તો એવી કોઈ વસ્તુ નથી જે આ જીવનમાં ના થઈ શકે. પણ તે માટે ખૂબ ધીરજ જોઈએ. સંકલ્પોને વળગી રહેવાનું ને તેને માટે આવી પડે તે સહન કરવાનું બળ જોઈએ. ઉત્સાહ, ખંત ને હિંમત જોઈએ. આ બધાનો અભાવ હોવાને લીધે જ સંસારમાં જવાંમર્દો ઓછા પાકે છે, ને ઉત્તમ કામો પણ ઓછાં થાય છે. તમારામાં આ નબળાઈઓ નથી. કોઈક વાર ઊઠે તો તેને ખંખેરી કાઢવાની શક્તિ ને હિંમત છે. એટલે જ તમારે માટે ભાવિ ઉજ્જવળ છે.

જીવન કેટલું મહાન છે ? પણ માણસ એટલો પામર છે કે જીવનનો ઉપયોગ તે કરી શકતો નથી. ઉપયોગ એટલે ઉત્તમ ને યોગ્ય એવો ઉપયોગ. માણસ જીવનભર સુખને માટે વલખાં મારે છે, શાંતિને માટે ધમપછાડા કરે છે, પણ આ માટેના તેના પ્રયોગો ખોટા હોય છે. જે વિનાશી છે, સ્વલ્પ સુખ આપી શકે તેવું છે, તેની જ પાછળ માણસ બરબાદ થઈ જાય છે, જીવનને વેડફી નાખે છે. પણ જે અવિનાશી છે, નજીકમાં નજીક ને હૃદયમાં બેઠેલો રામ છે, તેને માટે કોઈ પરિશ્રમ કરતું નથી, આંસુ સારતું નથી, કે કૃતનિશ્ચય પણ બનતું નથી. આ કેવું મોટું આશ્ચર્ય છે ! પરિણામે બધી વસ્તુઓ એક વાર બરબાદ થઈ જાય છે, માણસ પોતે બરબાદ થઈ જાય છે, ને જીવનનું સનાતન સુખ, અમૃતપદ દૂર ને દૂર રહી જાય છે. માણસે સંસારમાં કદાચ બધું જ મેળવ્યું, પણ જો આ અમૃતપદ ના મેળવ્યું તો કશું જ નથી મેળવ્યું. અને આ પરમપદ મેળવ્યું તો

બધું જ મેળવી લીધું એ નક્કી છે. માણસની મહત્તા બાહ્ય મૂલ્યોથી અંકાતી નથી, પણ તેના આંતરિક ઘટકોથી નક્કી થાય છે. માણસ જેટલો નીતિમાન, જેટલો સાત્વિક ને સ્વચ્છ તેટલો જ તે મહાન.

સંસારની આપણી ઘટમાળમાં આ ઉત્તમ ફિલસુફી આપણે ભૂલ્યા છીએ. એટલે જ અનેક પ્રકારનાં દુઃખ બિલાડીના ટોપની જેમ આપણી આસપાસ ઊગી નીકળ્યાં છે. માનવ જાતિને આજે હાશ કે શાંતિ નથી. તે મેળવવા માટે મનુષ્ય ને સમાજે, દેશ ને દુનિયાએ, ઈશ્વરપરાયણ બનવું પડશે, આત્મિક વિકાસની મહત્તા માનવી પડશે, ને જીવનમાંથી આસુરી તત્વોને નિર્મૂલ કરી સત્ય ધર્મનાં દૈવી તત્વોના પાયા પર જીવનની ઈમારત ઊભી કરવી પડશે. આવી વ્યાપક નવરચના વિના આપણાં અંદરનાં ને બહારનાં અનેકરંગી દુઃખો શમવાનાં નથી. ને તે શમી જાય તો પણ શું ? માનવની અંદર રહેલા દેવતાને જ્યાં લગી સાદ કરી જગાડવામાં નહિ આવે, અસત્યમાંથી સત્યમાં, ભયમાંથી અભયમાં, વેરમાંથી પ્રેમમાં ને સ્વાર્થમાંથી પરમાર્થમાં કે સેવામાં જ્યાં લગી પ્રવેશ કરવામાં નહિ આવે, ત્યાં લગી માનવનું મુખ ઉજ્જવળ નહીં બની શકે.

હે પ્રેમ ને કરુણાના સાગર ! હે જ્યોતિર્મય પ્રભુ ! માનવને, દેશને ને દુનિયાને તું એ માર્ગે દોર ! ગંગા, સિંધુ, બ્રહ્મપુત્રા, કાવેરી, નર્મદા ને સાબરમતીથી વીંટળાયલા ને હિમાચ્છાદિત એવા આ પ્રદેશને તારી નિર્મળ ઈશ્વરી ભાવનાથી તું એક વાર ફરી ભરી દે. સારાય સંસારને નવજીવન દે.

હિંમત ને શ્રદ્ધાથી કામમાં લાગ્યા રહેજો. ઈશ્વર તમને જરૂર ન્યાય કરશે ને સફળતા આપશે. તમારો માર્ગ એવો છે, જેમાં માણસને લપસી પડવાનાં ભયસ્થાન ઘણાં છે, છતાં તમે તેમાં સાવધ રહીને આજ લગી બચી રહ્યા છો, તેમ સદા બચીને અણીશુદ્ધ રહેજો. એટલી સફળતા કાંઈ નાનીસૂની નથી. માણસનું હીર ખોવાયા બાદ જે લૌકિક સફળતા મળે છે તે કાંઈ જ વિસાતમાં નથી. માનવતા ને બાહ્ય સફળતાનો સુમેળ જ આપણે તો જોઈએ છે.

લગ્નના સંજોગ ઊભા થાય તો જરૂર લગ્નજીવન શરૂ કરજો એવી મારી ઈચ્છા છે. તમને તે બાધક નહિ બને. આ બાબતમાં વધારે સંભ્રમ રાખશો નહીં. ઈશ્વર જો સંજોગો આપે તો લાભ લઈ લેજો. તેમાં ઢીલ થાય તો શોક કરશો નહીં. કેમ કે જીવનનો આદર્શ ખૂબ મહાન છે. લગ્ન તો સાધન છે. સાધ્ય નથી.

આ વિશે વધારે વાત પ્રત્યક્ષ મળ્યે કરીશું.

માતાજી કુશળ છે. ખૂબ યાદ કરે છે. તમારા સમાચાર અહીં જ લખશો. નારાયણભાઈએ શું કર્યું તે જણાવશો. ઈડર જવાનું થાય તો તમે પણ અનુકૂળતા મેળવી સાથે જ આવવાનું રાખો તો આનંદ આવે. ઈચ્છા થાય તો રવિ કે સોમવારે સવાર સુધીમાં આવી જશો.

તા.ક. : આજે નારાયણભાઈનો બ્રહ્મપુરીથી પત્ર છે. તે આજે જ રાતે અહીં આવવાનું લખે છે. તે આજે આવશે તો અમે અહીંથી રવિ કે સોમવારે ઈડર જવા નીકળીશું. તમારી ઈચ્છા શું છે ? સાથે થવું હોય તો અહીં આવી જશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૪ : તડકા-છાંયા

દેવપ્રયાગ

તા. ૧૧ જુલાઈ, ૧૯૫૧

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમપત્ર મળ્યો. સમાચાર જાણ્યા. સુખદુ:ખની મિશ્રિત લાગણીનું જીવન એટલે જ સંસાર. સંસારના પદાર્થો મૃગજળ જેવાં છે. તે પૂર્ણપણે કદી કોઈના હાથમાં આવતા નથી. એટલે જ યોગી ને મહાત્માઓ તેને છોડવાનું કે તેથી પર થવાનું કહે છે. પણ માનવ આ ફિલસુફીને પચાવી શકતો નથી. જીવનમાં પણ એવા પ્રસંગો કેટલાય બને છે જેના પદાર્થપાઠને કાયમ માટે યાદ રાખીને માણસ વીતરાગ કે નિર્ભય થઈ શકે. આ સંસારમાં મમતા કેવળ ઈશ્વરમાં જ કે તેના પ્રતિનિધિ જેવા મહાન પુરુષોમાં રાખવા જેવી છે. તેમાં જ જીવનનું શ્રેય છે. બાકી તો વાદળના રંગો જેવા આ સંસારના પદાર્થો ને માણસોની મમતા છેવટે દુ:ખદ જ નીવડે. પેલા 'દેવી' તમારાથી વિરૂદ્ધ થઈ બેઠાં પણ તેમાં ઈશ્વરે કંઈ સારું જ નિર્માણ કર્યું હશે. તમને તેનામાં અત્યંત આંધળો રાગ પણ ન હતો. વળી સંસારના તડકા-છાંયાના સારા અનુભવો આજ લગી તમને થયા છે. એટલે ઝાઝું દુ:ખ નહિ હોય. આ સંસારમાં પ્રેમ નામની વસ્તુને ઓળખતાં પણ બહુ ઓછાંને આવડે છે. જ્યાં વિકાર કે કેવળ આકર્ષણ હોય ત્યાં મમત્વ, નિષ્ઠા ને સ્થિરતા હોતી નથી. તેને માટે શોક કરવાનું કારણ નથી. ગામડાંની નિરક્ષર ને અજ્ઞાની કહેવાતી બહેનો હજી આ બદીથી પર છે. શહેરમાં નિર્દોષતા દુર્લભ છે. એટલે ભવિષ્યમાં ખૂબ જોઈ વિચારીને પગલું ભરજો. આ પ્રસંગ દ્વારા ઈશ્વરે તમને શિખામણ આપી એમ સમજજો. બાકી તો તમે ડાહ્યા ને વિચારશીલ છો. ને તમારું જીવનકાર્ય જુદું જ છે. એટલે આ પ્રસંગની ઝાઝી અસર તમારા પર નહિ થાય એમ માનું છું.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૫ : ચંચળ સંબંધો

કલકત્તા

તા. ૨ સપ્ટે. ૧૯૫૧

પ્રિય વિઠ્ઠલભાઈ,

તમારો તા. ૩-ઓગષ્ટનો લખેલો પત્ર દેવપ્રયાગ થઈ હરદ્વાર આવી મને કાશ્મીર પ્રવાસ દરમ્યાન શ્રીનગરમાં થોડા જ દિવસ પહેલાં મળ્યો. તે વખતે અમે અમરનાથ ને કાશ્મીરનો પ્રવાસ પૂરો કરીને દિલ્હી પાછા ફરવાની તૈયારીમાં હતા. તે બાદ 'મા'ની પ્રેરણાથી મારે આ બાજુ આવવાનું થયુ છે. અહીં પણ વિખ્યાત ધામ દક્ષિણેશ્વર ને બેલુડ મઠ જોવા જવામાં સમય વીતી ગયો. આજે અહીં છઠ્ઠો દિવસ છે. આજે નિરાંત મેળવી પત્ર લખું છું.

અહીં જ્યાં ઊતર્યા છીએ ત્યાં બહુ અનુકૂળતા નથી. એટલે હવે અહીંથી ચાર-પાંચ દિવસ બાદ જગન્નાથપુરી જઈશું. ત્યાં થોડા દિવસ અનુકૂળતા પ્રમાણે રહેવા વિચાર છે. પછી ઈશ્વરની પ્રેરણા પ્રમાણે આગળનો કાર્યક્રમ નક્કી કરીશું.

તમારું મન અશાંત રહે છે તે જાણ્યું. તરતના બનેલા પ્રસંગની અસર મન પરથી હવે દૂર થઈ ગઈ હશે. દૂર ના થઈ હોય તો મજબૂત મનથી તેને દૂર કરી દેજો. સંસારના વધારે ભાગના માણસો એવાં જ ક્ષણિક પ્રેમનાં ભરેલાં ને શારીરિક આકર્ષણ શોધનારાં હોય છે. તેમના સંબંધથી લાગણીના પૂરમાં તણાવું ને દુ:ખી થવું ઠીક નથી. પોતાનાં દુ:ખોમાં એ રીતે હાથે કરીને એક દુ:ખને વધારવું ઠીક નથી. પ્રભુની કૃપા છે કે એક ચંચળ સ્ત્રીના સંબંધમાંથી તેણે તેમને ઉગારી લીધા છે. આ સંસારમાં બીજાને માટે પોતાના સુખનો ભોગ આપનારાં ને સ્વચ્છ નિષ્કપટ માનવો બહુ જ વિરલ છે. તેમનો સ્વાર્થ સચવાતો હોય ત્યાં લગી જ તે સંબંધ સાચવે છે. તેમના સાચા સ્વરૂપને જાણીને તેમનાથી દૂર રહેવામાં જ મજા છે. આ અનુભવ તમને ખૂબ ખપ લાગશે. એક ઈશ્વરની પાસે તમારા દિલને પ્રાર્થના દ્વારા ખોલી નાખો, તેનું જ સ્મરણ કરો. તે તમને જરૂર માનસિક શાંતિ આપશે.

તમારું કામ બરાબર ચાલતું હશે. ખૂબ ઉત્સાહ ને હિંમતથી આગળ ધપતા રહેજો. જીવન જીવવું જ છે તો તે મર્દ બનીને આનંદથી જીવવામાં જ બુદ્ધિમાની છે. તમારામાં ઘણા સદગુણો ને ઘણી ભાવિ શક્યતાઓ છે. પ્રભુ આજે નહિ તો કાલે તમને તમારા ક્ષેત્રમાં સફળતા જરૂર આપશે, ને તમારી આશા ને શક્તિનો ઉત્તમોત્તમ ઉપયોગ થઈ શકશે. ખૂબ વિશ્વાસપૂર્વક આજ લગી કર્યું છે તેમ કામ કરજો. શરીર સંભાળજો. હરસ મટયા કે નહિ ? શીર્ષાસન ને સેવાપૂજા ચાલુ રાખજો.

માતાજી કુશળ છે. યાદ કરે છે. ત્યાં નારાયણભાઈ તથા સૌને મારી યાદ આપશો. પત્ર લખવામાં વિલંબ કરશો નહીં.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૬ : જીવનનો આદર્શ

ઋષિકેશ

તા. ૩૦ સપ્ટે. ૧૯૫૧

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમપત્ર જગન્નાથપુરીમાં મળ્યો હતો. તે પછી તરત અમે ત્યાંથી પ્રસ્થાન કર્યું ને હવે ઈશ્વરી પ્રેરણા પ્રમાણે દેવપ્રયાગ જઈએ છીએ. જગન્નાથપુરીમાં કુલ પંદર દિવસ રહ્યા. દરમ્યાન ખૂબ આનંદ રહ્યો. સમુદ્ર કિનારે હંમેશાં ફરવા જવાનો આનંદ અજબ હતો. જો કે મોંઘવારી ને ગંદકી ત્યાં ખૂબ હતી, પરંતુ રહેવાની ધર્મશાળા ને મંદિર સુંદર હતાં. તેથી બધો સમય આનંદમાં વીતી ગયો.

ત્યાંથી મુંબઈ આવવા વિચાર હતો. તે માટે મેં નારાયણભાઈને સૂચના પણ લખી હતી. પણ કોણ જાણે કેમ, તેમનો ઉત્તર હજી સુધી મળ્યો નથી. મહુવાથી પણ નિમંત્રિત કરતો તાર આવ્યો હતો. પરંતુ 'મા'ની ઈચ્છા જુદી જ હતી. ને તેની ઈચ્છા પ્રમાણે જ બધું થાય છે એ નક્કી છે. માણસ તો હથિયાર માત્ર છે. તે ઈચ્છાને માન આપીને આવતીકાલે દેવપ્રયાગ પહોંચીશું. હવે વરસાદ નથી. એટલે ખાસ મુશ્કેલી નહીં પડે. વળી ઠંડી પણ હજી શરૂ થઈ નથી. આબોહવા એકંદરે ખૂબ સારી છે. વળી ત્યાં રહેવાનો વિચાર પણ વધારેમાં વધારે દિવાળી સુધીનો જ છે. તે પહેલાં નીકળાય તો ઠીક, નહિ તો દિવાળી બાદ ગુજરાત તરફ આવવા નીકળીશું. ઈશ્વરની લીલામાં કંઈ ને કંઈ રહસ્ય જરૂર હોય છે. તે પ્રમાણે આ વખતે ફરી દેવપ્રયાગ લઈ જવામાં 'મા'ની કંઈ દૈવી ઈચ્છા જરૂર હોવી જોઈએ. 'મા'ની કૃપા થઈ જાય તેને માટેના મારા પ્રયાસ લાંબા વખતથી ચાલુ છે. તેની પૂર્ણાહુતિ માટે આ પ્રસંગ 'મા'એ છેલ્લે છેલ્લે યોજ્યો છે એમ મને લાગે છે. સાધનાને સફલ કરવા દેવપ્રયાગ નિવાસ દરમ્યાન મારાથી બને તેટલા પ્રયાસ હું જરૂર કરીશ, ને શ્રદ્ધા છે કે 'મા'ની પૂર્ણ કૃપા મેળવી શકીશ. દિવાળી પહેલાં આ વસ્તુ સાધી શકું તો મારું જીવન સફળ થઈ જાય ને, દેવપ્રયાગ અમરધામ બની જાય. તેમ જ ગુજરાત યાત્રા મારે માટે મંગલ નીવડે. શ્રદ્ધા ને આશા તો પૂરી છે. બાકી કામ 'મા'ના હાથમાં છે. શું થાય છે તેની ખબર હવે પછીના દિવસોમાં પડશે. ને તે પ્રમાણે સમાચાર આપી શકીશ હાલ તો આટલું જ બસ છે.

સંસારનાં અનેકવિધ આવરણો વચ્ચે રહીને પણ સમજુ માણસે કદી ભૂલવું ના જોઈએ કે માનવજીવનનો આદર્શ ઈશ્વરપ્રાપ્તિ છે. આ આદર્શ પ્રત્યે સદા જાગ્રત રહી તેને પોષક જીવન બનાવવા માણસે સદા પ્રયાસ કરવો જોઈએ. જીવન અત્યંત કીમતી છે. તે કેવલ ભોગવિલાસ માટે કે જેમતેમ જીવી જવા માટે મળેલું નથી. તે તો મુક્તિનું દ્વાર છે. મનુષ્યત્વમાંથી દેવત્વ ને છેવટે ઈશ્વરત્વ મેળવવાનું તે તો મહાન સોપાન છે. ક્ષુદ્ર વૃત્તિ ને વિકારોને વશ કરી, મનને સ્થિર કરી, અહંતા ને મમતા તેમજ આસક્તિને હઠાવી દઈ પરમાત્માની આરાધના કરવાનું તે ક્ષેત્ર છે. તે ક્ષેત્રનો ઉપયોગ કરી કેટલાય બડભાગી માનવો વીતરાગ, પૂર્ણ ને મુક્ત બની ગયા. જીવનની કીમત તે સમજી ગયા, ને તેથી ક્ષણેક્ષણ તેમણે એવી રીતે ખરચી જેથી આત્મસુધારણા દ્વારા તે પરમપદની પ્રાપ્તિ કરી શકયા. જે એક માણસે કર્યું છે તે કોઈ પણ કરી શકે છે. દરેકની પાસે વિવેક છે ને પોતાની શક્તિનો ઉપયોગ કરવા સૌ કોઈ સ્વતંત્ર છે. પણ વધારે ભાગના

માણસો ધૂળ જેવા સંસારના પદાર્થો પાછળ જ શક્તિ વેડફી છે, ને જીવનનો પૂર્ણતા માટે ઉપયોગ કરી શકતા નથી એ ખૂબ દયાજનક છે.

તમારા જીવનમાં છેલ્લે છેલ્લે જે પ્રસંગ બની ગયો તે પરથી તમે હવે મન હઠાવી લીધું છે તે જાણી મને આનંદ થયો છે. આ જીવનને ઉજ્જવળ બનાવવું હોય, ને કોઈ મહાન આદર્શ માટે તેને ફના કરવું હોય તો લાગણીને ઉશ્કેરી મૂકી બેચેન બનવાને બદલે પ્રત્યેક પ્રસંગનો સ્થિરતાથી ને નિષ્પક્ષપાત રીતે વિચાર કરીને કોઈપણ વ્યક્તિ કે વસ્તુમાં બંધાયા વિના જ જીવવું જોઈએ. મમતા ને આસક્તિ સદાયે દુ:ખદાયક હોય છે. તેનાથી પર થઈને સંસારમાં અનાસક્ત બની જીવવું કપરું છે. પણ જીવનનો સાચો સ્વાદ અનાસક્ત થવામાં જ રહેલો છે. તે પછી જે જાગે છે તે નિ:સ્વાર્થ, વિષયસુખની ઈચ્છા વિનાનો, ને તેથી સુખદ હોય છે. આજે સંસારમાં વિદ્વાન ને મોટા કહેવાતા ઘણા લોકો વિષયી પ્રેમસંબંધમાં જ પડેલા છે. માનવતાની તે શરમ છે. મમતા કેવળ ઈશ્વરમાં જ હોવી જોઈએ. હૃદયનું સમર્પણ કેવળ ઈશ્વરને જ થવું જોઈએ. ને સ્વાર્થસંબંધ પણ તેની સાથે જ થવો જોઈએ. પણ આ જ્ઞાન માણસને ક્વચિત જ થાય છે, ને થાય છે ત્યારે કેટલીક વાર ઘણું મોડું થઈ ગયું હોય છે. સંસારની પાછળ તેની શક્તિ એટલી વેડફાઈ ગઈ હોય છે કે ઈશ્વર-સાધનના કામમાં તે ભાગ્યે જ વળી શકે છે. મમતા ને લાગણીના ભાવને તમે જે હિંમતથી ખાળી દીધો છે તે માટે તમને ધન્યવાદ ઘટે છે. તે વર્તન 'વીર ક્ષત્રિયને' છાજે તેવું જ છે.

કામકાજ સારી પેઠે ચાલતું હશે. રામુભાઈ સાથે મનમુટાવ ચાલે છે પણ બીજું ચોક્કસ કામ મળે નહીં ત્યાં લગી તેમની સાથે નિભાવવું સારું જ છે. તમે ઘણાં કષ્ટ સહ્યાં છે. પ્રભુ તમને બદલો જરૂર આપશે. ફક્ત હિંમત ના હારતા. આશા ને ઉત્સાહથી કામ કર્યે જજો.

દેશમાં જવાનું થયું તે જાણ્યું. માતાપિતા કુશળ હશે. અનુકૂળતા હોય તો યોગ્ય લાગે તો સંબંધ કરી લેજો. તમારા જીવનમાં તે પણ જરૂરી છે.

માતાજી કુશળ છે. યાદ કરે છે.

☼ ☼ ☼ ☼ ☼

### પત્ર ૧૧૭ : કૃપાનો ચાતક

ભરત મંદિર, ઋષિકેશ.
તા. ૧૮ જુલાઈ, ૧૯૫૨

પ્રિય વિઠ્ઠલભાઈ,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. હજી તમારા પ્રયાસમાં કોઈ નક્કર સફળતા મળી નથી તે જાણ્યું. કદાચ પત્ર લખ્યા બાદ આજ સુધી કાંઈક સારું પરિણામ આવ્યું હોય તો તમારા પત્ર દ્વારા તે જણાશે. પ્રયાસ કરવામાં તો તમે કાંઈ જ બાકી રાખ્યું નથી. છતાં સમય ને સંજોગોની વિપરીતતામાં તમારે અટવાવું પડ્યું છે. પણ વિશ્વાસ રાખજો કે સાચા દિલના પ્રયાસોને સફળતા જરૂર સાંપડશે. ને તમારા ઉદ્યોગમાં આગળ આવવાનાં તમારાં સ્વપ્ન પણ સાચાં પડશે. પ્રયાસ કરતા રહેવું એ વિના બીજું આ પરિસ્થિતિમાં થઈ પણ શું શકે ? કામ મળતાં વાર લાગે તો આર્થિક સદ્ધરતા માટે કોઈ બીજું અનુકૂળ કામ કામચલાઉ શોધી લેવું જોઈએ, ને ધંધા માટે તપાસ પણ કરતા રહેવું જોઈએ, જેથી મુંઝાવું ના પડે. આશા ને હિંમત રાખી પ્રયાસ કરતા રહેશો. પ્રભુ જરૂર સફળ કરશે.

આ વખતે અમારે આલ્મોડાનો લાંબો પ્રવાસ કરી છેવટે અહીં આવવાનું થયું તે બધી વાત ધનેશ્વરભાઈએ કરી હશે. પ્રભુની ઈચ્છાની વાત છે. પરંતુ જે થયું તે સારું જ થયું છે. અહીં રહેવાનું સ્થળ એકંદરે ખૂબ સુંદર ને અનુકૂળ મળ્યું છે. સામે જ ગંગાજીનાં દિનરાત દર્શન થયા કરે છે. શાંતિ તથા એકાંત પણ સારું છે. આમ દેવપ્રયાગથી પણ અમુક રીતે વધારે અનુકૂળ છે. એટલે અહીં આનંદ આવે છે. હમણાં તો પ્રભુની ઈચ્છા પ્રમાણે અહીં જ રહેવાનું રાખીશું. અહીં કોઈ જાતની તકલીફ નથી. આબોહવા સારી છે. વરસાદને લીધે પર્વતો ખૂબ રમણીય લાગે છે. હિમાલયની શોભા વરસાદના દિવસમાં ખૂબ જ વધી જાય છે. વળી યાત્રા ધીમી થઈ જવાથી એકાંત પણ ખૂબ છે. આ સ્થાન પણ વસ્તીની બહાર છે. એટલે રહેવાનો પ્રશ્ન અહીં આવ્યા પછી સારી પેઠે ઉકલી ગયો છે.

ધનેશ્વરભાઈને આ વખતે પણ સાથે રહેવાનો ખૂબ લાભ મળ્યો. તેમનો સ્વભાવ ખૂબ જ પ્રશંસનીય છે. પ્રેમ સાથે સેવાની તમન્ના, ઉદારતા ને ઘસાઈ છૂટવાની વૃત્તિ તથા સંસાર પરથી અરૂચિ તેમને ખૂબ મહત્વનું સ્થાન અપાવે છે. તેમનું દિલ ખૂબ સંસ્કારી ને ભાવનામય છે. તેથી સાથે રહેવાની તક તે ઝડપી લે છે. તેમને પણ આ વખતે સારો આનંદ આવ્યો. જો કે રહેવાની અનિશ્ચતતાને લીધે થોડું ફરવું પડ્યું ખરું.

દસ વર્ષ બાદ ઋષિકેશમાં આટલું લાંબું રહેવાનું થયું છે. દરમ્યાન કેટલાય નવા નવા પ્રસંગો બની ગયા. એક અનોખો ઈતિહાસ સર્જાઈ ગયો. ઋષિકેશ એ મારા હિમાલયના મહાપ્રસ્થાનનું પ્રથમ નિવાસસ્થાન કે તપસ્થાન છે. એટલે જો 'મા'ની પૂર્ણ કે આખરી કૃપા આ સ્થાનમાં થાય તો તે પણ યોગ્ય જ હશે. મારું મુખ્ય કામ તેની કૃપા મેળવવાનું છે. પછી તે ગમે ત્યાં મળે. ને તે મેળવ્યા વિના હું જંપવાનો નથી. જીવનનું જે ધ્યેય મેં નક્કી કર્યું છે તે પાર પાડીને જ હું શાંતિથી બેસવાનો છું. ને તે પાર પડશે જ-'મા'ની કૃપા મારા પર વરસશે જ એ મારી ખાત્રી છે. માટે તો કોઈયે સ્થળ ને પરિસ્થિતિમાં હું મારી સાધનાને ચાલુ જ રાખું છું. સિદ્ધિ દેવી સમય પર મારા કંઠે જયમાળા જરૂર આરોપિત કરશે, ને ત્યારે મારું જીવન ધન્ય હશે. સાધના કે

પ્રેમનો માર્ગ તો શિરનો સોદો છે. પણ 'મા'ની કૃપાથી હું તેને પૂરેપૂરો પાર કરી જઈશ એ નિશ્ચિત છે. એટલે 'મા'ની કૃપાનો ચાતક બની આજે તો અહીં બેઠો છું. તે કામ પૂરું થાય પછી હું દેશ ને દુનિયાને કંઈક કામ આવી શકું તે વખતે મને આનંદ હશે. મારો સમગ્ર સમય બીજાના ભલા માટે ખરચાતો હશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૮ : ગ્રામજીવનનો આનંદ

મહુવા

તા. ૩ ડીસે. ૧૯૫૨

પ્રિય વિઠ્ઠલભાઈ,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. હવે તો મારી તબિયત સંપૂર્ણ સારી છે. કોઈ પ્રકારની તકલીફ નથી. આ વખતે નવરાત્રીમાં પાણી પર વ્રત કર્યા બાદ તાવની આકસ્મિક અસર થઈ હતી. પરંતુ હવે તો લાંબા વખતથી આરામ છે. અહીં હવાપાણી ખૂબ સારાં છે. રહેવાનું સ્થાન પણ તદ્દન એકાંત છે. હજી અમાસ બાદ ત્રણ-ચાર દિવસે અહીંથી નીકળવાનું થશે. અહીંથી સરોડા જવા વિચાર છે. વચ્ચે બે દિવસ બને તો અમદાવાદ રોકાઈશું. સરોડામાં આ વખતે જરા વધારે સમય રહેવા વિચાર છે. તમે મુંબઈ જાવ ત્યારે અમે સરોડા હોઈએ તો સરોડા જરૂર આવજો. આનંદ આવશે.

ત્યાંના વાતાવરણમાં આનંદ આવતો હશે. શહેરની દોડધામ ને પ્રવૃત્તિમાં રહેનારા ઘણા માણસોને ગામડાંની શાંતિ સારી લાગતી નથી. તેમનું મન ચંચળ બની ગયું હોય છે. એટલે ખૂબ ધમાલ વિના તેમને ગમતું નથી. ગામડામાં વધારે ભાગે તદ્દન નિવૃત્તિ હોય છે. છતાં સારું સારું વાંચવા-વિચારવાનો ને કંઈક ઉપયોગી કામ કરવાનો રસ લાગે તો ગ્રામજીવન આનંદકારક જરૂર થઈ પડે. નવરા માણસને માટે તો સ્વર્ગ પણ છેવટે કંટાળાભર્યું કે પતનકારક થઈ પડે.

સંસારમાં ઈશ્વરના પ્રેમી બની કોઈએ એક મહાન વસ્તુ પાછળ ભેખ લીધો હોય, ને તે મહાન વસ્તુ તેને ના મળી હોય એવું કદાપિ બન્યું નથી. હા, વિલંબ થાય, કષ્ટ પણ પડે, છતાં જે ડગતો નથી કે હતાશ થઈ માર્ગ મૂકી દેતો નથી, તે આખરે વિજયી થાય જ છે એ નિયમ છે, એટલે જ હરિના માર્ગને શૂરાનો માર્ગ કહ્યો છે. બુદ્ધ ને ઈશુ તેમ જ મીરાં ને સમર્થ રામદાસ તેમજ તુલસી ને તુકારામ ઈશ્વરના પ્રતિનિધિ હતા. છતાં તેમને તેમની ઈપ્સિત વસ્તુ સહેજમાં મળી નથી. તે માટે તેમને શિરસટોસટ ખેલ ખેલવા પડ્યા છે. પણ પ્રામાણિક પ્રયાસ કરનાર કોઈ પણ આ માર્ગમાં નિષ્ફળ નથી જતું એ નક્કી વાત છે.

છેલ્લું વરસ તમારે માટે ભારે કસોટીનું ગયું. હજી તમે બરાબર સ્થિર થઈ શક્યા નથી. જીવનમાં અનેક મુસીબતોનો સામનો તમારે કરવો પડયો છે. પણ હિંમત નથી હાર્યા તે સારું છે. જીવન કાયરને માટે નથી. તે તો ઉત્સાહ, ખંત ને પુરુષાર્થથી ભરેલા વીર કે બહાદુરને માટે છે. પ્રભુ હવે તમને શીઘ્ર સફળતા આપે ને આ વખતે તમે મુંબઈ જાવ ત્યારે સુંદર કામ મળવાની સાથે સાથે તમારા જીવનનો બીજો નવીન ને સુખી અધ્યાય શરૂ થાય એમ ઈચ્છું છું.

લેખનકાર્ય ચાલુ રાખશો. તમારું લખાણ ઘણું સુંદર ને આકર્ષક હોય છે. એટલે લેખનશક્તિનો વિકાસ પણ કરતા રહેજો. તમારાં માતાપિતા, ભાઈ, શિવરામ, બેન સૌ કુશળ હશે. સૌને મારી યાદ આપજો ને પ્રેમ કહેજો. સૌનો નિર્મળ પ્રેમ સદાય યાદ રહી જશે. હરસનો ઉપાય કરશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૧૯ : પુરુષાર્થ

ભરતમંદિર, ઋષિકેશ.
તા. ૧૯ સપ્ટે. ૧૯૫૫

પ્રિય ભાઈશ્રી,

તમારો પ્રેમપત્ર મળ્યો છે. આનંદ થયો.

તમારા સમાચાર જાણ્યા. હજી ધંધાનું અનિશ્ચિત છે તે જાણ્યું. પ્રભુએ તમારી ઘણી કપરી કસોટી કરી છે. વરસોથી તમારે મુસીબતમાંથી પસાર થવું પડે છે. હવે તો પ્રભુ તમારો પોકાર સાંભળે તો સારું. કેમ કે આવી અનિશ્ચિત દશામાં ક્યાં સુધી રહી શકાય ? હવે તો પરિણીત જીવન શરૂ થયું. આજ સુધી તમે ઘણો ઘણો પ્રયાસ કર્યો છે. કષ્ટોનો સ્મિત સાથે સામનો કર્યો છે, ને આશા ને ઉત્સાહમાં વખત વીતાવ્યો છે. તમારું એ બધું તપ ફળે ને હવે તમને તમારું ઈપ્સિત ધ્રુવપદ મળી જાય તો આનંદ થાય. માણસનું નસીબ કયારે ઝળકી ઊઠે ને તેનો પુરુષાર્થ ક્યારે સફળ થાય તે કશું જ કહી શકાતું નથી. તમારું નસીબ પણ ઝળકી ઊઠશે એવી મને આશા છે. નાહિંમત કે નિરાશ થવાનું કોઈ જ કારણ નથી. ઈશ્વર તપાવી તપાવીને પણ કેટલુંક તપાવશે ?

તમે દૂર રહીને સંકટમય સ્થિતિમાં જીવીને પણ મારા પ્રત્યે પ્રેમ રાખો છો તેથી વધારે સેવા બીજી કયી હોઈ શકે ? આ સંસાર વધારે ભાગે સ્વાર્થ ને બદલા અથવા વિનિમયના આધાર પર નભે છે. તેમાં રહીને નિસ્વાર્થ પ્રેમના પૂજારી થવામાં ઓછી બહાદૂરી નથી. તમે તેવો નિસ્વાર્થ ને સાચો પ્રેમ રાખો છો તે ખૂબ આનંદની વાત છે. તમારામાં ઘણી ઘણી વિશેષતા ને ઘણા ઘણા ગુણો છે. ઈચ્છા પ્રમાણેની અનુકૂળતા મળે તો તમારો ઘણો વિકાસ થઈ શકે તેમ છે, ને તમારી દ્વારા બીજાને પણ લાભ થઈ શકે. તે માટે તમને ઈશ્વર તક આપે એવું અંતરના ઊંડાણમાંથી ઈચ્છી રહ્યો છું. જીવનનો સંગ્રામ જટિલ છે. તમે બહાદુર છો. તો આજ સુધી ઝઝુમ્યા છો તેમ છેવટ સુધી ઝઝુમતા રહેજો. એક દિવસ તમારી ઉન્નતિનો સૂરજ પણ ઊગી જશે.

સમાજનું નૈતિક જીવન કથળતું જાય છે, એ સાચું છે. ઠેઠ હિમાલયના આ પ્રદેશ સુધી તેનું દર્શન થાય છે. પરિસ્થિતિ બહુ ઉત્સાહજનક નથી. જૂઠ, કપટ ને છળ રોજનાં ને વ્યાપક થઈ પડ્યાં છે. જે સમજુ છે તેણે સત્ય ને નીતિની મહત્તા પિછાનીને આવા વિપરીત વખતમાં પણ બનતાં શુદ્ધ રહેવા પ્રયાસ કરવાનો છે કેમ કે અનીતિથી ઊભી થયેલી હવેલીઓ એક દિવસ ઉથલી પડશે, ને નીતિની નંદનવન જેવી ઝૂંપડી કાયમ રહેશે.

હાલ અહીં ઋતુ ખૂબ સુંદર છે, અનુકૂળ છે. ૧૯૪૪ સુધીની આત્મકથાનું લેખન ચાલે છે, વીસેક દિવસમાં પૂરું થશે. પછી નવરાત્રી ઉપવાસ આવશે. આ વખતે તો પૂર્ણ સફળતા મળશે એવી આશા છે. આ માર્ગમાં અંધેર ચાલતું નથી. શ્રમનું ફળ જરૂર મળે છે. વળી ધ્યેયના પ્રમાણમાં પુરુષાર્થ પણ પ્રબળ કરવો પડે છે. મારું સમગ્ર જીવન ને કર્મ પ્રભુપ્રેરિત છે. એટલે તેની સિદ્ધિ કે સફળતામાં મને લેશ પણ સંદેહ નથી. મારું ઘડતર પણ એવું છે કે હું ઉપરાઉપરી પુરુષાર્થથી થાકતો કે કંટાળતો નથી.

માતાજી યાદ કરે છે. જશુબેનને મારા પ્રેમ લખશો.

# પૂજ્ય માતાજીને લખેલા પત્રો.......

## પત્ર ૧૨૦ : અભ્યાસની શરૂઆત

વડોદરા

તા. ૨ માર્ચ, ૧૯૩૦

પૂજ્ય માતાજી તથા બેન તારા,

અમો સર્વે રાજીખુશીથી વડોદરા પહોંચ્યા છીએ. અમારી ફિકર ચિંતા કરશો નહીં. મુંબઈ જઈશ ત્યારે કાગળ લખીશ. મને અહીંયા ગમે છે. હું ભણીને હોંશિયાર થઈને ઘેર આવીશ. મારી લગીર પણ ચિંતા કરશો નહિ. મનુ તથા મામી સર્વે ખુશીમાં છે. અમો વડોદરા આવ્યા તે દિવસે સાંજે શિખંડપૂરી જમવા ગયા હતા.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૧ : શાળા જીવન

મુંબઈ

તા. ૧૫ માર્ચ, ૧૯૩૦

પૂજ્ય માતુશ્રી, ભાઈઓ બેનો વિગેરે,

આપનો પત્ર વાંચી બીના જાણી. હું ત્રીજીમાંથી પાસ થઈ સરોડામાં ચોથીમાં ભણતો હતો ને મને અહીં ત્રીજી ચોપડીમાં બેસાડ્યો છે. મને કપડાં, લુગડાં, સુવાનું એક ગાદલું વિગેરે આપ્યું છે. પણ મને હજુ ચોપડીઓ નથી આપી અને મને સ્કુલમાં લઈ જઈ બેસાડે છે ને ત્યાં લખાવે છે. ત્રીજીનું તે મને આવડે છે. તારા મને બહુ જ સંભારતી હશે પણ શું કરું ? હવે દિવાળી ઉપર સરોડા આવીશ ત્યારે. ગામની બીના લખશો. આ કાગળ પહોંચે એટલે તુરત જ જવાબ લખી જણાવશો. મારી ફિકર ચિંતા કરશો નહીં.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૨ : શાળા જીવન

મુંબઈ.

તા. ૩૦ માર્ચ, ૧૯૩૦

સ્વસ્તી શુભ મુ. સરોડા મધ્યે માતાજી જડાવ તથા માતાજી સાંકુ તથા માતાજી રૂખી તથા બેન તારા, ભાઈઓ, બેનો વિગેરે,

ખુશીમાં હશો. અહીં સર્વે રાજીખુશીમાં છે. મારી ફિકર ચિંતા કરશો નહીં. મારું નામ અહીં ચોથી ચોપડીમાં દાખલ કર્યું છે. મારે હવે અહીં કપડાં વાસણ વિગેરે કપડાં ધોવાનાં નથી ને વાસણ માંજવાના નથી. બધું કામ ધોબીને સોંપ્યું છે. હવે ૧ તારીખથી નાના ૮ વરસ સુધીના બાળકોને કશું કરવાનું નથી. મને અહીં ગમે છે. મારે તો હવે સવારમાં ૫ વાગે ઊઠીને કપડાં ધોવા બીજા માણસને આપી દેવાના છે. મને અહીં ચોથીમાં નામ દાખલ કર્યું છે. પણ હજુ ત્રીજીમાં બેસાડે છે. માસ્તરનું કહેવું તેમ છે કે પરીક્ષા થયા પછી ચોથા ધોરણમાં બેસાડશે. મારી કંઈ ફિકર ચિંતા કરશો નહીં. મને અહીં ગમે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૩ : શિક્ષકજીવન

કન્યાવિદ્યાલય, ભાદરણ.

તા. ૨૨ ઓગષ્ટ, ૧૯૪૧

પૂજ્ય માતાજી,

હું આનંદમાં છું. આ વખતે સાબરમતી નદીમાં પુષ્કળ રેલ આવી હતી તો આપણા ગામમાં કાંઈ નુકશાન થયું છે કે કેમ તે જણાવશો. અમદાવાદથી તારાનો કાગળ આવ્યો હતો. મેં ત્યાં એક પત્ર લખ્યો છે. વડોદરે પણ આજે કાગળ લખ્યો છે.

માતાજીને માલમ થાય કે પત્ર વહેલો-મોડો આવે તો ચિંતા કરવી નહીં. હું હંમેશા ખુશી આનંદમાં જ હોઉં છું. પણ ખાસ કાંઈ લખવાનું હોતું નથી એટલે પત્ર લખતો નથી. ઘરડી બાનું શરીર સારું હશે. તેમની સેવા કરવામાં કચાશ ના રાખશો. આપણું મન આપણે મોટું રાખીએ ને સેવા કરતાં કરતાં બધું સહન કરીએ તેમાં આપણી મોટાઈ છે. બીજા ગાંડા થાય પણ આપણે આપણો સારો સ્વભાવ છોડી દેવો નહીં. ગીતાજી પણ એમ જ કહે છે. તુલસીકૃત રામાયણ રોજ રાતે થોડું થોડું વાંચો ને ઘરડી બાને પણ સંભળાવો તો સારું. કાંઈ ચિંતા કરવી નહીં. ઈશ્વર સૌની સંભાળ રાખનારો છે. બહુ મહેનત કરવી નહીં. સૌને મારા સ્નેહ વંદન કહેશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૪ : શિક્ષકજીવન

કન્યાવિદ્યાલય, ભાદરણ.
તા. ૨૬ ફેબ્રુઆરી, ૧૯૪૨

પૂજ્ય માતાજી,

પત્ર મળ્યો. શરીર સારું હશે. લડાઈ પૂરજોશમાં ચાલુ છે. ગામડાંમાં લૂંટ ને ધાડ ચાલે તો સંભાળીને રહેશો. ઈશ્વરના જેટલી સુંદર સંભાળ રાખનાર બીજો કોઇ નથી તો તેને કદી ભૂલવો નહીં ને જરા પણ મનને દુઃખ લાગે તો ઈશ્વરને ચરણે બધું મૂકી દેવું.

ઘરડી બા સારાં હશે. તેમજ બીજાં બધાં સારાં હશે. શરીર સારું છે. તારાબેન સારાં હશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૫ : શિક્ષકજીવન

કન્યાવિદ્યાલય, ભાદરણ.
તા. ૧૧ માર્ચ, ૧૯૪૨

પૂજ્ય માતાજી,

હમણાંથી પત્ર નથી તો લખશો. સર્વે સારાં હશે. ઘરડી બાનું શરીર સારું હશે. વડોદરાથી મામાનો પત્ર પહેલાં ખુશી આનંદનો હતો. મેં પણ તેનો ઉત્તર લખ્યો હતો. આપણે તો એવું કાંઈ મનમાં લાવીએ નહીં કેમ કે તે અજ્ઞાન છે. ઈશ્વર પર શ્રદ્ધા રાખીને ઘરનું કામ કરવું જોઈએ. તે આપણી સંભાળ રાખે છે. અને આપણી મુશ્કેલી તેમ જ દુ:ખનો ભાર બીજાની આગળ ઠાલવવા કરતાં ઈશ્વર આગળ જ ઠાલવવો જોઈએ. તેમ કરવાથી જરૂર સુખ મળે છે.

ઘરનું કામ કરવાની સાથે ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા પણ કેળવ્યે જવી. એ જ સાચું કામ છે. હમણાંથી પૈસા મોકલ્યા નથી તે થોડા જ વખતમાં મોકલી આપીશ. શરીર સંભાળશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૯ : સાધુના ગામમાં

ઋષિકેશ

તા. ૧૬ ફેબ્રુ. ૧૯૪૩

પૂજ્ય માતાજી,

પ્રણામ. આપના બે પત્રો મળ્યા. એક પત્ર તો ગઈ કાલે જ આવ્યો. પૈસા પહોંચ્યા તે જાણ્યું. ઉજમ સ્વર્ગવાસી થયાં તે જાણ્યું. ઈશ્વરની ઈચ્છા. દુનિયામાં કોઈ અમર નથી. જે ભજન કરે તે ભવસાગર તરે. તે અમર થઈ જાય. માટે ભજન કરવું રહ્યું. ઈશ્વરની દયાથી અહીં આનંદ છે. ધમાલ તો કહેવાનીયે નથી તે જાણશો. અહીં અંગ્રેજી છાપું આવે છે તેમાં કદી કદી વાંચીએ છીએ કે અમદાવાદમાં લાઠીમાર ને ગોળીબાર થયો. પણ અહીં તો બહુ જ શાંતિ છે. કેમ કે આ તો સાધુનું ગામ. એક બાજુ ગંગાજી છે. તેને કિનારે ઝાડીઓમાં ઝૂપડાં બનાવીને સાધુઓ રહે છે. થોડાક કહેવાનાં ગૃહસ્થો. એટલે અહીં શાંતિ છે. રોજ ગંગાજીમાં સ્નાન થાય છે. ગંગાજીમાં સ્નાન કરવાનું પુણ્ય કાંઈ જેવું તેવું નથી ને તે પણ આ માઘ માસમાં તો તેનું મહાત્મ્ય બહુ છે. આપણું એવું ભાગ્ય કયાંથી કે ગંગાજળમાં ન્હાવાનું ને ગંગાજળ પીવાનું રોજ રોજ મળે. અહીં તપ કરવાનું મહાત્મ્ય પણ બહુ છે. વળી અત્યારે અહીં બીજુ કાંઈ કામ નથી. અહીં બને તેટલું સાધન-ભજન કરીએ છીએ. એનાથી બહુ શાંતિ અને આનંદ મળે છે. તમે બધા અમને ત્યાં રહીને ખૂબ આશીષ આપજો. એથી અમારું ખૂબ કલ્યાણ થશે.

બેનનો પત્ર અહીં આવ્યો નથી. તેનું સરનામું પણ મને ખબર નથી. તે લખશે તો હું જરૂર કાગળ લખીશ. રસોઈ હાથે કરવાની મજા પડે છે તે જાણશો. મારું શરીર બહુ સારું છે. ત્યાં બધા ખુશીમાં હશે. પુરાણીને મારા નમસ્કાર કહેજો. પંદર દિવસે પત્ર લખીશ. શરીર સંભાળજો. વખત મળ્યે ખૂબ ભજન કરજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૭ : સાધન-ભજનનો આનંદ

ઋષિકેશ

તા. ૧૪ એપ્રિલ, ૧૯૪૩

પૂજ્ય માતાજી,

પ્રણામ. તબિયત સારી હશે. તથા ઘરડી બા, ફોઈ, ઈશ્વરભાઈ સૌ સારા હશે. તારા તથા બચી પણ આનંદમાં હશે. મારું શરીર સારું છે. ઈશ્વરની કૃપાથી અહીં આનંદ છે. મેં ગયા પત્રમાં લખેલું કે ધર્મશાળાનો સંપૂર્ણ ફેંસલો હજી થયો નથી તેથી મારાથી ત્યાં આવી શકાય તેમ નથી. તો ચિંતા કરશો નહીં. હું ખૂબ આનંદમાં છું. દિવાળી પર જરૂર એ બાજુ આવી જઈશ. ને બનશે ત્યાં સુધી આપણે સાથે અહીં આવીશું. અહીં ગંગાજીમાં સ્નાન કરવાનો ને સાધન-ભજન કરવાનો આનંદ છે. મનુષ્ય જીવનમાં એ જ કરવાનું છે. આ શરીર કાંઈ ગમે ત્યારે મળતું નથી ને આ શરીરમાં જ ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે. તથા મુક્તિ મળે છે. તેથી પરમેશ્વરની ભક્તિ વધારી ને માયા ને મમતાને જીતવાનો યત્ન કરવો જોઈએ. તમારાં બધાની આશીષથી અહીં કોઈ વાતની કમી નથી. ખૂબ શાંતિ છે. મામાનો કાગળ વડોદરાથી આવ્યો હતો. ખુશીમાં છે. પહેલી તારીખ પછી પૈસા આવશે એટલે મોકલી આપીશ તે જાણશો. ચિંતા કરશો નહીં તથા શરીર સાચવીને કામકાજ કરશો. વખત મળે ત્યારે ગીતા ને રામાયણ વગેરે વાંચતાં રહેવું. તારા તથા બચી ખુશીમાં હશે. ઘરડી બા પણ સારાં હશે. જે સંભારે તે સૌને મારા પ્રણામ કહેજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૮ : પ્રભુસ્મરણ

ઋષિકેશ

તા. ૨૪ જુલાઈ, ૧૯૪૩

પૂજ્ય માતાજી,

પ્રણામ. તમારો પત્ર નથી તો લખશો. મારો પહેલાંનો પત્ર તમને મળ્યો હશે. આ વખતે જરા મોડો પત્ર લખાયો તેનું કારણ ખાસ કાંઈ નહિ. મારું શરીર સારું છે. તથા અહીં આનંદ છે. કોઈ રીતે ફિકર ચિંતા કરશો નહીં. તમારું શરીર તથા ઘરડી બાનું શરીર સારું હશે. તારાને મેં એક પત્ર લખ્યો હતો. તે પણ મઝામાં હશે. થોડા દિવસોમાં ટ્રસ્ટીઓ પૈસા મોકલશે એટલે તમને મોકલી આપીશ. અહીં વરસાદ થોડો થોડો પડે છે. ત્યાં સારો પડતો હશે. વડોદરા પત્ર લખ્યો છે.

અહીં ગંગાજીમાં પાણી પુષ્કળ છે. સ્નાન કરીએ છીએ ને આનંદ કરીએ છીએ. તમે શરીર સંભાળશો તથા ધ્યાનપૂર્વક ગીતા વાંચશો. જેટલું મેળવ્યું તેટલું આ જીવનમાં કામનું. મર્યા પછી કાંઈ નહીં. આપણી રૂખીબાની ભક્તિ તો સંભારો. મરતી વખતે પણ તેની ભગવાન પરની પ્રીતિ કેટલી બધી હતી ! તેથી તો તે ભગવાનના ધામમાં ગઈ ! એટલે ભગવાનની પ્રીતિ જ સાચી છે. સંસારી વસ્તુઓની સગાઈ કાચી છે. માટે ભગવાનનું જ સ્મરણ કરતાં રહેવું. મારી કોઈ વાતે ચિંતા કરશો નહીં. શરીર ખૂબ સારું છે. તથા શાંતિ છે. આશીર્વાદ આપ્યા કરજો. જે સંભારે તે સર્વને મારા પ્રણામ કહેજો. તથા પત્ર લખતાં રહેજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૨૯ : મનુષ્યજીવન એક લૂંટ

ઋષિકેશ

તા. ૪ ઓગસ્ટ, ૧૯૪૩

પૂજ્ય માતાજી,

આનંદમાં હશો. મારું શરીર સારું છે. અમદાવાદ બહેનને કાગળ લખ્યો હતો. થોડા દિવસ પછી બીજો લખીશ. તમને તો તેના ખબર આવ્યા કરતા હશે. તે મજામાં હશે. વડોદરા પણ એક પત્ર લખ્યો હતો. ત્યાંથી શાસ્ત્રીજી તથા મામા બન્નેના પત્રો હતાં. ખુશીમાં છે. અમારી ફિકર કરશો નહીં દિવસો સારી રીતે તથા આનંદમાં પસાર થાય છે.

આજે તમને ૨૦/-રૂ.(વીસ રૂપિયા) મોકલ્યા છે. તે મળે એટલે એક પત્ર જરૂરથી લખી જણાવશો. શરીર તો સારું હશે.

અહીં ગંગાજીમાં પુષ્કળ પાણી આવ્યું છે. વરસાદ હમણાં હમણાં થોડો થોડો પડે છે. ત્યાં પણ વરસાદ સારો હશે. બીજું કાંઈ નવીન હોય તો લખશો.

અમારી કોઈ જાતની ચિંતા કરશો નહીં. તમારું શરીર સાચવજો તથા શાંતિ રાખશો. ભગવાનની ઈચ્છા હશે તો દિવાળી પર મળીશું. અમે સાધન-ભજન કરીએ છીએ. તમે પણ ગીતાજી વાંચજો, તથા તુલસીકૃત રામાયણ આપણે ત્યાં છે તે પણ વાંચવાનું રાખજો. બધાને અમારા પ્રણામ કહેજો. ઘરડી બાને પણ નમસ્કાર કહેજો. તેમને કહેજો કે ભગવાનમાં ચિત્ત રાખે. કેમ કે જેમાં જેનું ચિત્ત હોય છે તેવી તેને ગતિ મળે છે. વળી ભગવાનમાં ચિત્ત રાખવાથી જ શાંતિ પ્રાપ્ત થાય છે. આ મનુષ્ય જીવન તો એક લૂંટ જેવું છે. તેમાં જેટલું લુંટાય તેટલું ભગવાનનું નામ લૂંટવાનું છે. બધા સાથે હેતથી રહેવાથી ભગવાન રાજી રહે છે. કેમ કે વેર કે અદેખાઈ હોય ત્યાંથી ભગવાન દૂર રહે છે. તમે અમને ખૂબ હેતથી આશીર્વાદ આપ્યા કરજો. શરીર સારું છે. તમારું શરીર સંભાળજો તથા પત્ર લખજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૦ : અજ્ઞાનીનું નિશાન

હરિદ્વાર

તા. ૫ નવે. ૧૯૪૩

પરમ પૂજ્ય માતાજી,

પ્રણામ. ઘણાં વખતે પત્ર લખું છું. કારણમાં ખાસ કાંઈ નથી. શરીર ખૂબ સારું છે. લગભગ સાતેક દિવસ હું ઋષિકેશથી ૪૦-૪૨ માઈલ દૂર બદરીનારાયણને રસ્તે દેવપ્રયાગ જઈ આવ્યો. ત્યાંથી અમે દશરથ રાજાએ શ્રવણને બાણ મારેલું તે સ્થાને પહાડ પર ગયા હતા. ત્યાંથી હિમાલયની આખીયે હાર દેખાય છે. ખૂબ આનંદ છે. ગઈ કાલે હું અહીં આવ્યો છું. લગભગ આજે કે કાલે ઋષિકેશ જઈશ. થોડા દિવસો પહેલાં તમારો નહીં પણ રણછોડમામાનો પત્ર હતો. તેમાં તમને તાવ આવે છે એમ લખેલું હતું તો હવે સારું થયું હશે. શરીર છે એટલે એ તો એના ધર્મ રહ્યા. ગભરાવું નહીં. અહીં ખૂબ શાંતિ છે. દિવાળી પર તો આવવાનું બને તેમ ન હતું. બને તો પોષ માસની શરૂઆતમાં આવવા વિચાર છે. તમારે ચિંતા કરવી નહીં. ભગવાનનું સ્મરણ કરવું. આ વિનાશી સંસારમાં ઈશ્વર વિના બીજું કાંઈ નિત્ય તથા સુખદાયક નથી એમ માની લઈ ઈશ્વરને માટે જ આપણા જીવનને વ્યતીત કરવું જોઈએ. ત્યારે જ સુખ, શાંતિ ને કલ્યાણ મળે. તુલસીકૃત રામાયણ, શ્રીમદ્ ભાગવત, ગીતાજી, ભજનો, વગેરેનો અભ્યાસ રાખવો. સંસારનાં પ્રસંગોથી કંટાળવું નહિ. એ અજ્ઞાનીનું નિશાન છે. ઈશ્વર પર શ્રદ્ધા રાખી દરેક પ્રસંગે આનંદમાં રહેવું. જીવનમાં હરેક પ્રસંગે એનું સ્મરણ કરવાથી અંતે પણ જ્યારે શરીર છૂટી જાય ત્યારે એ પરમકૃપાળુ પરમેશ્વર કૃપા કરીને આપણને ભગવાનનું જ એટલે તેનું જ સ્મરણ આપે છે ને આપણને પરમ શાંતિ મળે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૧ : કર્મનો નિયમ

દેવપ્રયાગ
તા. ૨ એપ્રિલ, ૧૯૪૫

પૂજ્ય માતાજી,

તમારો પત્ર ૬-૭ દિવસ થયા મળ્યો હતો. અહીં રહેવાનું અનિશ્ચિત હતું એટલે કાંઈ લખ્યું ન હતું. ઉત્તરકાશી જવાનો વિચાર હતો પણ હમણાં અહીં જ રહેવાનું રાખ્યું છે. બે-ત્રણ મહિના અહીં જ રહીશ. અહીં જ્યાં મોટર ઊભી રહેતી હતી તેની ઉપર પહાડની અંદર ચક્રધરજી એક કુટી બનાવે છે. તે ૬-૭ દિવસમાં તૈયાર થશે એટલે ત્યાં જ રહેવાનું થશે. ચક્રધરજી ખૂબ પ્રેમાળ છે એટલે અહીંથી જવા દે તેવા નથી. ઈશ્વરની દયા છે. આજે તારાને પણ એક પત્ર લખ્યો છે.

તમારી તબિયત કેવી છે ? ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં રાજી રહેવું. કર્મના નિયમ પ્રમાણે સર્વ કાંઈ બન્યે જાય છે. તેમાં આપણું કાંઈ ચાલતું નથી. ઈશ્વરની દયાથી એક વખત તમે પણ સાથે રહી શકશો એવો વખત આવશે ને તમારા દિવસો પણ આનંદમાં જશે. ત્યાં આનંદ હશે. ઈશ્વરભાઈને પ્રણામ કહેશો. તેઓ ખરેખર મહાપુરુષ છે. તેમના વિચાર ને તેમનું જ્ઞાન ખરેખર આનંદજનક છે. તેમની કથા ચાલે છે એટલે ખૂબ રસ પડતો હશે.

તમારા પત્ર પરથી લાગે છે કે તમે હજી અમદાવાદ ગયાં નથી. તેમ જ તારા પણ હજી ઘેર આવી નહીં હોય. અમદાવાદ અધિક માસ પછી જવાનું થાય તો બંગલે જશો ને પ્રણામ અમારા વતી કહેશો. બિચારા ભાવિક છે. તમારું શરીર સારું હશે. અહીં આવ્યા પછી તબિયત તો ખૂબ સારી થઈ ગઈ છે. કેમ કે ગંગાજીનું પાણી પહેલેથી જ ખૂબ અનુકૂળ છે.

આ માનવદેહ અનેક જન્મોના પુણ્યે મળ્યો છે. ને ભગવાનની વાર્તામાં રસ લાગવો એ પણ લાખો જન્મના પુણ્યનું જ કારણ છે. તો તેવા શરીરનો ઉપયોગ ભગવાનને માટે જ બને તેટલો કરવો જોઈએ. ભગવાનની સેવાપૂજા-ગીતાવાચન-રામાયણ-વાંચન-ભજન વગેરેમાં સમય ગાળવો જોઈએ એ જ ડહાપણ છે.

શરીર સંભાળીને કામકાજ કરશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૨ : પ્રભુની કસોટી

દેવપ્રયાગ
તા. ૪ મે, ૧૯૪૫

પૂજ્ય માતાજી,

તમારો પ્રેમભર્યો પત્ર તારાની સાથે લખેલો તે ગઈ કાલે મળ્યો. વાંચી આનંદ થયો. તમે બંગલે જઈ આવ્યા તે વાત જાણી. સારું થયું. તેમનો ભાવ પણ જણાયો. પત્ર તો એક જ ત્યાં લખ્યો હતો. હવે લખવાનું નથી.

દુનિયામાં પ્રભુ ખાસ કરીને જે તેની ભક્તિ કરે છે તેની કસોટી કરે છે. અનેક રીતે તેના માર્ગમાં તે બાધા મૂકે છે. બધાં જ કાંઈ એકસરખાં થોડાં હોય છે ? કોઈ પત્થર પણ હોય તો વળી કોઈ રતન પણ ન હોય તેમ નહીં. પણ રતન ભાગ્યે જ હોય. તેમ દુનિયામાં પણ સત્ય વસ્તુને જાણનારા ને તેને અપનાવનારા બહુ જ ઓછા હોય છે. આપણે તો આનંદમાં જ રહેવું. કોઈને દોષ પણ ના દેવો. કેમ કે જેના જેટલાં પુણ્યકર્મ તેટલું તેને સારું સુઝે છે. તે પુણ્ય ખલાસ થતાં પાછો પોતાનો નબળો સ્વભાવ આવી જાય છે. ભગવાનની માયા આને જ કહે છે ને આ તેની જ લીલા છે. પણ જે મહાપ્રેમી ને શ્રદ્ધાળુ આત્મા કોઈ પણ વસ્તુને ગણકાર્યા વિના સત્ય કામ કર્યે જાય છે. તેની આગળ ઈશ્વર તો શું-જગત પણ એક વાર નમી જાય છે. માટે હંમેશ આનંદમાં રહેવું ને ભગવાનનું વધારે ભજન કરવું એ જ ધર્મ છે.

જીવન કેટલું ટૂંકું છે ! સંસારમાં શું સુખ ભર્યું છે ? દુ:ખ ને વેરઝેર વિના છે જ શું ? પણ તેને છોડીને પણ ક્યાં કોઈ જઈ શક્યું છે ? જ્યાં જુએ ત્યાં જગત છે જ. માટે સાચો ઉપાય એ જ છે કે ભગવાનના પ્રેમમાં મસ્ત થઈ જવું. ઈશ્વરમય જીવન ગાળવું. સારા પુસ્તકો (ગીતા, રામાયણ જેવા) વાંચવા. આમ કરવાથી જગત આપણે માટે સુખમય ને અમૃતમય બની જાય છે. સુખ પણ આવે ને દુ:ખ પણ આવે. કોઈ બે શબ્દ સારા પણ કહે ને કોઈ પોતાની બુદ્ધિ પ્રમાણે ખરાબ પણ કહે. પણ દરેકમાં સમાન રહેવું. ભગવાનની શ્રદ્ધા રાખીને સહનશીલ બનવું, એ જ મોટું કામ છે. ને તેવું કરવાથી આપણને ભગવાનની પ્રાપ્તિ થઈ શકે છે.

હમણાં અહીં જ રહેવાનું છે. કુટી તૈયાર થઈ ગઈ છે. બહુ સુંદર છે. આજુબાજુ ૫૦-૭૦ આંબાનું મોટું આંબાવાડિયું છે. વચ્ચે કુટિ છે. પાસે શાંતા નામની નદી તથા ૨-૩ ઝરણાં છે. તમને આ સ્થાન યાદ આવે જ. પણ અત્યારે ઉપાય શું છે ? તમે પૂરાં નિવૃત્ત થઈ જાઓ પછી અહીંયા જ સાથે રહેવાનું બનશે. થોડો વખત અહીં-થોડો વખત ત્યાં એમ થઈ શકશે. હમણાં તો ડોશીમાનું કામ છે તો તેને પણ ઈશ્વરની ઈચ્છા માનીને હંમેશા આનંદમાં રહેવું ને તેનું બનતું નામસ્મરણ કર્યા કરવું. ભગવાને તમારી આટલી બધી વાત સાંભળી. ઠેઠ બદરીકેદારની યાત્રા કરાવી તો હજી પણ બધું સાંભળશે, ને તમને અહીં લાવશે, જરૂર લાવશે, તમારી ઈચ્છાઓ પૂરી થશે એવી અમારી શુભેચ્છા છે. શરીર સારું છે. તમારું શરીર પણ સંભાળશો. ઘરડી બા સારા હશે.

તારાને આજે પત્ર લખ્યો છે. તેના પત્ર પરથી દુ:ખી હોય તેવું લાગે છે. તો તે કેમ છે ? કાંઈ દુ:ખ તો નથી ? બહુ કંટાળી ગઈ લાગે છે. તેની ખબર લઈને તમે વારંવાર શાંતિ આપજો.

બીજું આ વખતે ઉનાળામાં વડોદરાથી બધાં આવે ત્યારે જમીન છોડાવવાનું નક્કી રાખજો. અમે વડોદરામાં તમારા નામનું મુખત્યારનામું કર્યું છે. એટલે અમારે નામે તમને ગમે તે કરવાનો હક છે. બેચાર માણસોને બોલાવીને વાત કરજો. પૈસાની મુશ્કેલી હશે. પણ હમણાં ગમે તેમ કરી કામ કરી લેજો. ભગવાનની દયાથી તે સંબંધી વ્યવસ્થા થઈ જશે ને તેની ચિંતા નહીં રહે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૩ : ડૂબ ગઈ દુનિયા

દેવપ્રયાગ

તા. ૨૬ જૂન, ૧૯૪૫

પૂજ્ય માતાજી,

પત્ર મળ્યો. આનંદ થયો. વસંતનો પત્ર પણ મળેલો. તેને રાણેસર હશે એમ માની રાણેસર પત્ર લખ્યો છે. તમારું શરીર સારું હશે. અમારું શરીર સારું છે. ચિંતા કરશો નહીં. તારાનો પત્ર હતો. આજે તેને પણ પત્ર લખ્યો છે.

બીજું જમીન બાબત ભગવાન બધું સારું કરી દેશે. સગા કોઈ સગા નથી. એમનો પ્રેમ જૂઠો ને પોકળ હોય છે. એવું ભગવાન આપણને આવા દાખલા આપીને શીખવે છે. અમારી આગળ તો તે કેવું ડાહ્યું ડાહ્યું બોલતાં'તા ને જમીન આપવા તૈયાર થતાં હતાં. પણ ભગવાન બધું સારું કરશે. આપણે કાંઈ જમીન પર બેઠાં નથી. છે તેટલી જતી રહે તોયે ભગવાનના પ્રતાપે આપણે ઘણું ઘણું છે ને તમને જરાય મુશ્કેલી પડે તેમ નથી. પણ આ તો દુનિયાના સગાની વાત જોવાની છે.

તમારું શરીર સારું હશે. હંમેશાં આનંદમાં રહેવું. ભગવાનના પૂજાપાઠમાં લાગ્યે રહેવું. સંસારના ઝઘડા ને રંગઢંગ તો આંખો ઉઘાડી રહે ત્યાં સુધી છે. પછી તો ભગવાનનુ સ્મરણ જ ખરું કામનું છે. આંખ બંધ થાય એટલે તો કબીરજી કહે છે તેમ 'ડૂબ ગઈ દુનિયા' એવું બને છે. જે અજ્ઞાની છે તે માયા ને મોહમાં તથા સંસારના રંગોમાં જિંદગી ને આવો મહામોંઘો માનવ-અવતાર ખોઈ નાંખે છે. આપણે તેનો ઉપયોગ ભગવાનના ભજનમાં જ કરવો ને દુનિયાના વ્યવહાર તથા ઝઘડાથી દૂર રહેવું. આપણે જ્યાં સુધી ભગવાનનાં ના થઈએ ત્યાં સુધી દુ:ખ છે. ભગવાનના થયા પછી સુખ જ સુખ છે. નરસિંહ મહેતા જેવા કેટલાંય ભગવાનના ભજનથી સુખી થઈ ગયા છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૪ : ભગવાનની લીલા અપાર

દેવપ્રયાગ

તા. ૧ સપ્ટેમ્બર, ૧૯૪૫

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો. સાથે કવર મોકલેલું તે પણ મળ્યું. બધી વાત જાણી. જમીન બાબત તે લોકો સીધી રીતે માને નહીં તો કાયદેસર કોર્ટમાં કામ લીધા વિના છૂટકો નથી. માટે તે બાબત કોર્ટમાં કામ લેવાનું નક્કી સમજી લેજો. એમાં કાંઈ જ ખોટું નથી. કેમ કે ન્યાયને માટે તેવું પગલું લેવાનું છે. તમારું શરીર સારું હશે. વરસાદ સારી રીતે પડતો હશે. અમારી તબિયત સારી છે. આવવા સંબંધી હજી નક્કી નથી પણ દિવાળી પર આવવાનું બને ખરું. પછી તો જેવી ભગવાનની ઈચ્છા.

અહીં વરસાદ બરાબર પડે છે. ચક્રધરજી તો આ વરસે લાગલગાટ બહાર જ ફર્યા કરે છે. જ્યોતિષના કામને અંગે દિલ્હી વગેરે ઠેકાણે જાય છે. હમણાં કલકત્તા ગયા છે, તે સહેજ. અહીં અમારી કુટી દેવપ્રયાગની વસ્તીથી દૂર એકાંતમાં છે. તથા કોઈ અહીં આવે તેવું નથી. વળી અમારા નિયમ પ્રમાણે અમે અયાચક વૃત્તિ જ રાખી છે એટલે કે કોઈની પાસે કશું જ માંગતા નથી. પરંતુ ભગવાનની લીલા અપાર છે. તેની દયા એવી છે કે અહીં કોઈ વાતની ચિંતા નથી. ભગવાન બધું જ મોકલી દે છે. અહીંના લોકો તો ખૂબ જ અશ્રદ્ધાળુ છે. ત્યાં સરોડામાં તો કોઈ સાધુ સંન્યાસી આવે તો એકાદ-બે મહિના બધાં પોતાને ઘેર ભિક્ષા માટે બોલાવે ને તે ખુશીથી રહે. પણ અહીંની વસ્તી જો કે બ્રાહ્મણની છે, પણ તદ્દન સંસ્કાર વિનાની છે. તેથી અહીં સાધુ-સંત રહેતા નથી, ને ઋષિકેશ જેવાં સ્થાનોમાં જ્યાં ક્ષેત્ર છે ત્યાં જ રહે છે. તમને આશ્ચર્ય થતું હશે કે તો પછી અમારા ૫-૬ મહિના અહીં કેવી રીતે ગયા. પણ તેમાં ભગવાનની દયા જ છે. આપણે સાચી નિષ્ઠાથી ભગવાનની ભક્તિ કરીએ તો આપણું યોગક્ષેમ તે ખૂબ જ સંભાળપૂર્વક ચલાવે છે. એવી તેની પ્રતિજ્ઞા છે. ફક્ત વિશ્વાસ ને શ્રદ્ધા જોઈએ. તો બેડો પાર.

બસ. ભગવાનના ગુણ ગાવામાં ને તેની વાતો વાંચવામાં જ આનંદ લેવો જોઈએ. જે ભગવાનનો રસ પીએ છે તેમને માટે આ સંસાર સુખરૂપ થઈ જાય છે ને સ્વર્ગના જેવો સુંદર બની રહે છે. દુનિયાની બાજી તો જ્યાં સુધી આંખ ઉઘાડી છે ત્યાં સુધી જ છે. આંખ બંધ થઈ કે બધુંયે નાટક પૂરું થયું જાણવું. આવે વખતે ભગવાનનું સ્મરણ એ જ સાચી કમાણી છે. સત્યયુગમાં ને દ્વાપર તથા ત્રેતાયુગોમાં ભગવાનની પ્રાપ્તિ માટે તથા આત્માની શાંતિ માટે ખૂબ ખૂબ આકરી તપસ્યાઓ કરવી પડતી. પણ આ ઘોર કલિયુગમાં તો હરિના નામના દરરોજના પ્રેમપૂર્વક સ્મરણથી જ બધું ફળ મળી રહે છે. ફક્ત માયાવી જીવને ભગવાનનાં ચરણોનો રસ લાગવો જોઈએ.

આનંદમાં રહેજો તથા પત્ર લખતાં રહેજો. કોઈ વાતની ચિંતા કરવી નહીં. ભગવાન બધું સારું જ કરશે. હવેથી કવર કે રીપ્લાઈ કાર્ડ મોકલવો નહીં. તમારે કામ આવે. અમને તો ભગવાનની દયાથી બધું મળી રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૫ : દક્ષિણેશ્વરની યાત્રા

દેવપ્રયાગ
તા. ૧૩ ઓક્ટો. ૧૯૪૫

પૂજ્ય માતાજી,

તા. ૩૧ મીને દિવસે ઈશ્વરની અચાનક પ્રેરણા થવાથી અહીંથી કલકત્તા તરફ જવાનું થયું હતું. હજી ગઈકાલે અહીં આવવાનું થયું છે એટલે આ પત્ર લખું છું. આપણે યાત્રામાં બનારસ (કાશી) ગયાં હતાં. ત્યાંથી કલકત્તા ૨૪ કલાકનો રસ્તો છે. તમને યાદ હોય તો યાત્રામાં રામકૃષ્ણ પરમહંસની વાત તમને કહી હતી. તે એક મોટા મહાત્મા થઈ ગયા. તેમને શરીર છોડ્યે ૬૦-૭૦ જેટલાં વરસ થયાં. પરંતુ તેમનું સ્થાન હજીયે સુરક્ષિત છે. તે જે સ્થાનમાં રહેતા તેનું નામ દક્ષિણેશ્વર. ત્યાં પણ ગંગાજી છે ને ગંગાજીને કિનારે જ તે સ્થાન છે. કાલિકા, શંકર તથા દેવી દેવતાઓના ત્યાં મંદિર છે. પંચવટી છે ને ૩-૪ તળાવ છે. રામકૃષ્ણ પરમહંસ જે ઓરડામાં રહેતા તે ઓરડો હજી એવો જ રાખેલો છે. તે જે પલંગ પર સુતા તે પલંગ, તકિયો, ગાદલું વગેરે એવું જ પાથરી રાખેલું છે. ને બપોરે તથા રાતે તે ઓરડો બંધ રહે છે. બાકીના સમયે તે ઉઘાડો રહે છે. તથા અનેક લોકો ત્યાં દર્શન કરવા આવે છે. મારો વિચાર ત્યાં બે ત્રણ માસ રહેવાનો હતો પરંતુ દિવસે લોકોની અવરજવર બહુ હોવાથી જોઈતું એકાંત ના જણાયું. ખૂબ જ લાંબો પ્રવાસ થયો. ભગવાન એવો દયાળુ છે કે જ્યાં જવાનું હોય છે ત્યાંની બધી વ્યવસ્થા કરી દે છે. કેમ કે જે તેનું સતત સ્મરણ કરે છે તેની ચિંતા પણ તેને જ રહે છે.

ઋષિકેશમાં બધાં તમને યાદ કરે છે. દેવકીબાઈ ધર્મશાળાવાળા વલ્લભદાસ તો ન હતા. દેશમાં ગયા હતા.

અહીં આનંદ છે. શરીર સારું છે. રેલમાં આજકાલ ભીડ પુષ્કળ હોય છે. ખૂબ જ ગિરદી હોય છે. ત્યાં પાક સારો થયો હશે. તમારી તબિયત સારી હશે. શરીર સાચવીને કામકાજ કરશો. અમે હમણાં બે-ત્રણ માસ અહીં જ રહીશું પછી ચક્રધરજી આવશે ત્યારે ઈશ્વરેચ્છા ને સંસ્કાર હશે તો તેમની સાથે તે તરફ આવવાનું રાખીશું. નહીં તો પછી ઉનાળાની રજાઓમાં તમને અહીં તેડાવીશું.

આનંદમાં રહેજો ને હંમેશા ઈશ્વરસ્મરણ કરજો. સંસારમાં રહેવું પણ સંસારમાં ચિત્ત ચોટાડવું નહીં. ચિત્ત તો પ્યારા પ્રભુના ચરણોમાં જ રાખવું. તે જ સાચું કરવાનું છે. જેવો પ્રેમ ગોપીઓનો ને મીંરાબાઈ નો હતો તેવો પ્રેમ આપણે કેળવવાનો છે. પ્રભુ તો ખૂબ દયાળુ છે તે આપણી સંભાળ લીધા કરે છે. માત્ર આપણે તેને વારંવાર યાદ કરવો જોઈએ.

બીજી એક ખાસ લખવાની વાત એ કે મનુભાઈની તબિયત હવે તદ્દન સારી થઈ ગઈ છે. રામદાસનો કાગળ વડોદરાથી હતો. તેમાં તે લખે છે કે તેમનું શરીર એટલું બધું સારું થઈ ગયું છે કે જૂનાં કપડાં હવે ટૂંકાં પડે છે. ચાલો સારું થઈ ગયું. હવે દિવાળી પર વડોદરા આવવાના છે. આવશે તો તમને ખબર આપશે. કેમ કે તમારી યાત્રાની રસોઈ તે કેમ ભૂલે ? હવે તેમને ખાસ વાંધા જેવું નથી.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૬ : દેહ જેવું મોંઘું રતન

દેવપ્રયાગ

તા. ૧૦ નવેમ્બર, ૧૯૪૫

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો છે. તે પહેલાનું કવર પણ મળ્યું હતું. વડોદરાથી પણ નૂતન વર્ષાભિનંદનના પત્ર આવ્યા હતા.

અહીં તો નવું વરસ હંમેશા હોય છે. ભગવાનનો પ્રેમ પ્રાપ્ત થાય એટલે હરરોજ શાંતિ ને આનંદ રહે ને તે જ નવું વરસ. સંસારમાં સુખ નથી. તેના પદાર્થો એવા છે કે માણસની બધીયે શક્તિ તેની પાછળ બરબાદ થઈ જાય છે ને સમય જતાં આ નર દેહ જેવું મોંઘુ રતન પણ ‘રામ બોલો ભાઈ રામ’ કરી બાળી દે છે. અનેક જન્મના પાપ માણસની આડે ફરી વળે છે ને તેને સંસારમાં જ બાંધી રાખે છે. આવા જીવોને સાચી શાંતિ તથા મુક્તિ મળતાં નથી. સંસારમાં રહ્યા છતાં પણ જે ભગવાનનું સ્મરણ કર્યા કરે ને સંસારના બધા જ પદાર્થો ને સાથે સાથે આ શરીર પણ નાશ પામનાર છે, ફકત ઈશ્વર જ સાચો છે, એવું સમજે તેને કલ્યાણની પ્રાપ્તિ થાય છે. ભગવાનનો પ્રેમ નથી જાગ્યો, ત્યાં લગી જ દુઃખ છે. તેનો પ્રેમ જાગે તો સુખ ને સુખ છે. કરેલાં કર્મનું ફળ બધાંને મળે છે એટલે આપણે પણ ભગવાનનું રોજ અખંડભાવે સ્મરણ કરતાં રહેવું જોઈએ. જેથી તેના પરમધામની પ્રાપ્તિ થાય.

પુરાણી મહારાજ (ઈશ્વરભાઈ) ને અમારા વંદન કહેજો તથા જે યાદ કરે તેમને પણ કુશળ કહેજો. અમારું ગુજરાત તરફ આવવાનું હજી બરાબર નક્કી નથી. ભગવાનની ઈચ્છા પ્રમાણે થાય. ચક્રધરજી સાથે માગશર મહિનામાં આવવાનું થાય તો અવાય. શરીર ખૂબ સારું છે. તમારું શરીર પણ સંભાળજો. તથા સમય મળ્યે ખુશી ખબર લખતાં રહેજો. કાંઈ ને કાંઈક પણ વાંચવાનું ચાલુ રાખજો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૭ : ભાવના ભૂખ્યા ભગવાન

દેવપ્રયાગ
તા. ૧૬ નવે. ૧૯૪૫

પ્રિય બહેન,

તારો પત્ર બે દિવસ થયા મળ્યો છે.

પત્ર વાંચી બહુ જ આનંદ થયો. ઈશ્વરની દયા વિના સદબુદ્ધિ સૂઝતી નથી. ધનવૈભવ ને ભોગવિલાસની શક્તિ એવી છે કે માણસ તેમાં બંધાઈ જાય છે. ને અંતે બરબાદ થાય છે. ભગવાનના પ્રેમ વિના સુખ-શાંતિ નથી. તે તેની દયાથી જ થઈ શકે છે. શબરી કેવી ભક્તિવાળી હતી ! ભગવાન રામચંદ્રજીએ તેનાં જૂઠાં બોર પણ ખાધાં, મીરાં પણ મહાપ્રેમી હતી. આજે તે અમર છે. મહામોંઘો માનવદેહ પામીને બધાં સંસારમાં બંધાઈ જાય છે ને રતનને ઉકરડામાં નાંખી દે છે. એ અજ્ઞાન છે. હજારમાંથી કોઈકને જ પ્રભુની પાછળ જીવન ગાળવાનું સૂઝે છે. આવા ભક્તોની વાતો વાંચવાથી ને સાંભળવાથી ભગવાનનો પ્રેમ વધે છે.

રોજ ઘરકામ કરતાં ભગવાનનું મનમાં સ્મરણ કરતાં રહેવું. દેવદર્શન કરવાથી ને મંદિર મંદિર જઈ પગ દુઃખવવાથી પ્રભુ પ્રસન્ન થતા નથી. તે તો ભાવના ભૂખ્યા છે. ઉપરાંત રોજ નિયમસર એક જગાએ બેસી ૫-૬ માળા કરવી તથા સવાર-સાંજ તેની પ્રાર્થના કરવી.

રમેશનું શરીર સારું જાણી આનંદ થયો. અંબાલાલ પણ કુશળ હશે. શરીર સંભાળવું તથા હંમેશા આનંદમાં રહેવું. વધારે ભોગ ને વૈભવ તથા બંગલાઓમાં સુખ નથી તેમ જ તે પકવાનમાંય નથી. સુખ તો સંતોષમાં ને ઈશ્વરના સ્મરણમાં છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૮ : સાચું સુખ

દેવપ્રયાગ

તા. ૧૨ ડીસે. ૧૯૪૫

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો. વાંચી ખૂબ આનંદ થયો. મનુભાઈનો પત્ર પણ હતો. હવે તેમનું શરીર તદ્દન સારું છે. તમારું શરીર પણ સારું હશે.

ઠંડી તો હવે અહીં બરાબર પડે છે. પણ કાંઈ ખાસ મુશ્કેલી નથી. ભગવાનની દયાથી જોઈતી વસ્તુ મળી રહે છે તથા હવે તો આવા પ્રદેશમાં રહેવાનો અભ્યાસ પડી ગયો એટલે આનંદ છે. જે હરહંમેશ ઈશ્વરપ્રેમમાં જ સ્નાન કર્યા કરે તેને ઠંડી કેવી ! હમણાં એ તરફ આવવા ખાસ વિચાર નથી. પછી જેવી હરિની ઈચ્છા. એકાદ બે મહિના પછી ચક્રધરજી તે તરફ આવશે. તે વખતે આવવાનું થશે તો અવાશે, નહીં તો પછી હવેની દિવાળીએ તો જરૂર. હમણાં અહીં જ રહેવાનું રાખ્યું છે. આવવાનું થશે ત્યારે પૈસા તો એની મેળે મળી રહેશે, તે કાંઈ તમારે મોકલવાની જરૂર નથી. ઈશ્વર એવો દયાળુ છે કે દરેક વસ્તુ આપી રહે છે. જેમ કોઈ મા પોતાના બાળકની સંભાળ રાખે તેથી પણ વધારે તે સંભાળે છે. ફોટા માટે જો કોઈને જરૂર હોય તો તમે મુંબઈ નારાયણભાઈને લખજો. તે તૈયાર કરી મોકલશે.

સંસારમાં સાચું સુખ નથી. માણસો જે માની બેઠા છે તે તો બહારનું સુખ છે. જ્યાં લગી ભગવાનની ભક્તિ ના જાગે ને વેરઝેર ના મટે ત્યાં લગી સુખ નથી. તમે શાંતિથી રહેજો. ભગવાન બધું સારું કરશે. તમારું જીવન આનંદમાં જશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૩૯ : શરીર એક ધર્મશાળા

દેવપ્રયાગ

તા. ૨૫ જાન્યુ. ૧૯૪૬

પૂજ્ય માતાજી,

તમે લખેલો પત્ર, તારાની સાથેનો અમદાવાદથી તે મળ્યો. તમારું શરીર સારું જાણી આનંદ. તારાને પણ પત્ર લખ્યો છે.

ઈશ્વરકૃપાથી અહીં આનંદ છે. શિયાળો પસાર થઈ ગયો. હવે તો પૂરો પણ થવા આવ્યો. હવે એકાદ દોઢ મહિનો ઠંડીનો બાકી છે. ભગવાનની દયાથી અહીં હરેક પ્રકારનો આનંદ છે. કેમ કે બધું તેની જ ઈચ્છા પર છોડ્યું છે. તે જ બધી સંભાળ લે છે. આ દુનિયામાં સર્વ કાંઈ વિનાશી તથા જૂઠું છે. સાચો ને અવિનાશી તો એક ઈશ્વર છે. તે ઈશ્વરને શરણે જઈએ ને તેની પર શ્રદ્ધા રાખીએ એટલે તે પણ આપણી ફિકર કરવા માંડે.

હંમેશા આનંદમાં રહેવું જોઈએ. ગમે તેવી સ્થિતિ હોય કે ગમે ત્યાં હોઈએ, હૃદયમાં હંમેશા ભગવાનનું સ્મરણ રહેવું જોઈએ. જેના મનમાં ભગવાનનું નામ છે તેને કદી દુઃખ હોતું નથી. તે તો સદા આનંદમાં રહે છે. સંસારના બધાયે રંગ, સારોયે સંસાર ને આ શરીર પણ એક વાર નષ્ટ થઈ જવાનું છે. ફક્ત તે તો એક ધર્મશાળા અથવા તો બદરીનારાયણની યાત્રા વખતે આવતી હતી તેવી ચટ્ટી છે. તેમાં રહીને જેટલું જ્ઞાન મેળવી લીધું ને હરિસ્મરણ કર્યું તેટલું ખરું. તે જ સાચી કમાઈ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૦ : પૂર્વજન્મના પુણ્યપ્રતાપ

દેવપ્રયાગ
તા. ૧૦ ફેબ્રુ. ૧૯૪૬

પરમપૂજ્ય માતાજી,

રાત્રિનો વખત છે. નજદીકમાં જ વહેતી ગંગાજીનો સ્વર સંભળાઈ રહ્યો છે. આકાશમાંના તારા ચંદ્ર પણ જાગી રહ્યા છે. નાનાશી ઓરડીમાં રાત્રિનો ઘણો સમય વીતી ગયો છે. છતાં દીવો બળી રહ્યો છે. ને તે સમયે તમને આ પત્ર લખી રહ્યો છું.

તમે અત્યારે શું કરતાં હશો તે શું ખબર પડે ? કદાચ તમે સૂઈ ગયા હશો, અથવા તો રાત્રિની શાંતિમાં એ એકાંત નાનકડી મઢુલીમાં તમે પણ દીવો બાળીને કાંઈક વાંચતાં હશો કે વિચારતા હશો. તમારું જીવન પણ કોક જોગીના જેવું જ છે. કેમ કે તમારે પણ દુનિયામાં સ્વાર્થ જેવું કે મમતાભર્યું ખાસ કાંઈ નથી. તમે આટલે બધે દૂર છો પરંતુ તમારી ઓરડીમાં તો હું હંમેશા આવું છું ને બધે ફરી વળું છું.

તમને ખબર હશે કે નવરાત્રી દરમ્યાન કલકત્તા જવાનું થયું હતું. તે પછી અહીં આવવું થયું ને અત્યાર સુધી અહીં જ રહેવાયું. ગઈ વસંતપંચમીને દિવસે અહીં ખૂબ આનંદ રહ્યો. હજારો લોકો પહાડના ગામોમાંથી ગંગાસ્નાનને માટે તથા શ્રી રામચંદ્રજીના દર્શન માટે આવ્યા હતા. રસ્તા ભરપૂર હતા. મેળો હતો. તે જ દિવસે સવારે ભગવાનની પ્રેરણા થઈ. ને તેથી અહીંથી આવતીકાલે સોમવારે પ્રસ્થાન કરવાનું છે. અહીંથી મોટરમાં ઋષિકેશ જવાનું છે. તે પછી હરદ્વાર થઈને હિમાલયના ઉપરના પ્રદેશ તરફ જવા ઈશ્વરની પ્રેરણા થઈ છે. ને તેની દયા ને ઈચ્છા હશે તો આ વરસે પવિત્ર ધામ કૈલાસ તથા માનસરોવરની પણ યાત્રા થશે. આલ્મોડાથી કૈલાસ ૨૫૦ માઈલ થાય છે. પણ તે રસ્તો તો વિકટ. વળી બદરીનાથની યાત્રાની જેમ ચટ્ટી વગેરે નહીં. છતાં ભગવાન જેનો હાથ પકડે તેને શી તકલીફ ? તેનો સંગ મળે એટલે બીજા કોઈ સંગની જરૂર રહે નહીં. તેની પ્રેરણા ને ઈચ્છા અજબ છે. તે જેમ હુકમ કરે તેમ આપણે ચાલવાનું છે. તેમાં જ સુખ-શાંતિ છે. એટલે હવે લાંબા સમય સુધી મારા પત્ર કદાચ નહીં આવે તો ચિંતા કરવી નહીં. ઈચ્છા થાય ત્યારે જૂના પત્રો વાંચવા. ટપાલની સગવડ હશે તો કુશળ લખીશ. પરંતુ ટપાલની સગવડ નહીં હોય ત્યાં લખાશે નહીં. ને કયા સ્થાનમાં હમણાં રહેવાનું થશે તે નક્કી નથી. વળી કૈલાસની યાત્રા તો ૨॥ મહિના પછી શરૂ થશે હમણાં એ તરફ જ કોઈ સ્થાન જ્યાં મન ગોઠી જશે ત્યાં રહેવા વિચાર છે.

સંસ્કાર પ્રમાણે બધું બન્યે જાય છે. જુઓને, ગયે વરસે તમારા સંસ્કાર કેવા ઊઘડ્યા કે હિમાલયની ચાર ધામની સુંદર યાત્રા થઈ ને તે પણ અમારી સાથે ! પૂર્વજન્મના હજારો કે લાખો પુણ્યો વિના આવી દૈવી ને પવિત્ર ભૂમિમાં આવવાનું બનતું નથી. કેવી સુંદર ભૂમિ છે ! વળી ભગવાન જરૂર દયા કરશે ને ફરી વાર પણ આ તરફ અવાશે. જરૂર અવાશે. અમારા સંસ્કાર આ વરસે ગુજરાતની ભૂમિના ન હોય એટલે અમારાથી કેવી રીતે અવાય ને ભગવાનનો હુકમે શે થાય ? અહીંના (દેવપ્રયાગ) અમારા સંસ્કાર આજે પૂરા થયા તેથી હવે હિમાલયના બીજા અહીંથી પણ ઊંચા ભાગ તરફ જવાની પ્રેરણા થઈ ગઈ. ભગવાનની ઈચ્છા અપાર છે. કૈલાસ તો શંકરજીનું ધામ છે તેમજ ખૂબ ઊંચો પ્રદેશ છે. તેનો આનંદ કેટલો અપાર હોય ! આ બધું

ભગવાનની કૃપાનું જ ફળ છે. તેની દયા વિના તેનું ધ્યાન કે ભજન કેમ બને ને હિમાલયમાં તપસ્યા કરવાનો અવસરે કેમ મળે ? આ પવિત્ર મહામોંઘા માનવદેહને મેળવીને કેટલાયે મનુષ્યો તેને વેડફી નાંખે છે. છોકરાછૈયાં ને ઘરબાર તથા સંસારના રંગરાગ ને માન તથા અભિમાનમાં અક્કડ થઈ ફરે છે. પણ કાળ એક દિવસ તેમને સખત તમાચો મારે છે, ને તેમના કર્મનો દંડ દે છે. ખરેખર તે લોકો પોતાની જિંદગી બરબાદ કરી દે છે. સુખી તો તે જ છે ને તે જ ધન્ય ભાગી છે, જે ભગવાનને ભૂલતા નથી. તેને ભજે છે, ને સુખમાં કે દુઃખમાં પણ ભગવાનને છોડતાં નથી. ને જે ભગવાનને ભજે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે. વ્હાલા પ્રભુ પ્રેમની દોરીથી હંમેશ માટે બંધાઈ જાય છે. મીરાં, સુરદાસ, તુલસીદાસ, તુકારામ, પ્રહ્લાદ ને ધ્રુવ વગેરે અનેક સ્ત્રી તેમજ પુરુષોએ આ માનવશરીર ધારણ કરી સંસારના સૂકા પદાર્થોમાંથી હાથ ધોઈ નાંખ્યા. સાધારણ માણસો જેથી અંજાઈ જાય છે તે ઘરબાર ને સ્ત્રી તેમ જ પુત્રોને તથા ધનવૈભવને કે પદવીને છેલ્લી સલામ કરી, ને હંમેશને માટે વ્હાલા પ્રભુની સાથે જ પ્રીતની દોરી બાંધી. ત્યારે પ્રભુએ પણ તેમની પૂરી લાજ રાખી. કાળ કોઈને છોડતો નથી. મોટું કે નાનું, જુવાન બાળક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ, કાળ એક દિવસ બધાનો કોળિયો કરી જાય છે. પણ જે ભગવાનને ભજે છે ને જેને ભગવાનનું દર્શન અનેક જન્મોના પુણ્યપ્રતાપે થાય છે, તે તો અમર બની જાય છે. તેવા પુરુષનું દર્શન પણ કલ્યાણકારક થાય છે. તેમ જ પૃથ્વી તેના પગના સ્પર્શથી પવિત્ર થાય છે. તે જ પુરુષનું જીવન ધન્ય છે, જેણે આ જગતમાં જન્મ લઈ ઈશ્વરની સાથે પ્રેમ કર્યો ને અંતે ઈશ્વરની પ્રાપ્તિ કરી જ્ઞાન મેળવ્યું. તેની જ માતાને ધન્ય છે, જેની ગોદમાં આવા પવિત્ર પુત્રે જન્મ લીધો. બાકી તો દુનિયામાં અનેક જન્મે છે ને મરે છે. તેમની કાંઈ જ ગણતરી નથી. તે તો માણસ પણ નથી. તેમની ગણના તો પશુમાં છે. જેમનામાં જ્ઞાન નથી, દયા નથી, કેવળ અભિમાન છે. ને સ્વાર્થપરાયણ હોઈ ઘરબાર તથા પૈસાને જ પરમેશ્વર સમજે છે.

સંસારનું દુઃખ જોઈને ડરવું જોઈએ નહીં. તેમ જ તેને માટે કદી ચિંતા પણ ના કરવી જોઈએ. સંસારમાં તો દુઃખ જ છે. વળી ભગવાન જેના પર દયા કરે છે તેના પર તે દુઃખ જ વરસાવે છે. કેમ કે સુખમાં માણસ તેને ભૂલી જાય છે. તેથી તો મોટા મોટા ભક્તો પર પ્રભુએ દુઃખ જ વરસાવ્યું છે. પણ તે તો બહારથી જોતાં દુઃખ લાગે ! ભગવાનના પવિત્ર પ્રેમીઓને મન તો તે સુખ જ હોય છે. જે પ્રભુના પ્રેમમાં જ મસ્ત છે તે તો હંમેશા સુખી જ છે. ભગવાનનું નામ લેવાનું મળે એ જ મોટામાં મોટું સુખ છે. એ વિનાનું બધુંયે ઘોર દુઃખ છે.

પણ ભગવાન જ્યાં સુધી દયા કરે નહીં ત્યાં સુધી તેનું સુમિરન કરવાનું પણ ક્યાંથી સૂઝે ? તેમજ સમય મળે તોયે તે તો આળસમાં જ ખરચવાનો કે નિંદાકુથલી કરવામાં જ વાપરવાનો. આ તો નીચ માણસોનું કામ છે. પુણ્યનો ઉદય થાય તો તો સંસારમાં દિલ લાગે જ નહીં. ભગવાનની ભક્તિમાં ને તપસ્યામાં જ આનંદ આવે. જૂઓને ! ગંગોત્રીમાં ગંગાને બીજે કિનારે કેવા પેલા મહાત્માજી હતા. તેમનું નામ કૃષ્ણાશ્રમજી ! આપણે તેમનું દર્શન કર્યું હતું. તે ઉપરાંત તમે ઉત્તરકાશી આવ્યાં ત્યારે ત્યાં બિરલાની ધર્મશાળામાં પેલા નારાયણસ્વામી હતા. વળી યાત્રા પછી ઋષિકેશ શ્રાવણ માસ કર્યો ત્યારે પ્રભુદત્તજી મળેલા. બદરીનાથમાં પણ તે મળેલા તે ઉપરાંત પેલા સુંદર ને જુવાન મહાત્મા વેદબંધુ ને યાદ કરો. તે હરિદ્વારમાં સાકરબાની ધર્મશાળામાં આવતા હતા. આ બધા લોકોએ સંસારના સુખોને શા માટે લાત મારી ?

શું તે સુખી સંસારી જીવન ભોગવી શકતાં ન હતા ? તેમણે તેને શા માટે સલામ ભરી ? કેમ કે તેમણે સમજી લીધું કે માનવજીવનનો સાચો ઉપયોગ ઈશ્વરનો પ્રેમ ને ઈશ્વરની પ્રાપ્તિ છે. બીજી બધીયે ભ્રમણા છે. દુઃખથી ભરેલી બાજી છે.

ગંગાજીનો અવાજ ચાલી જ રહ્યો છે. રાત ઘણી જ વીતી ગઈ છે. તમને થશે કે ઊંઘ નહિ હોય ? પણ તમને તો અનુભવ છે. તમે તો બધું આંખે જોયું છે. જવાનું છે કાલે સવારે એટલે પણ ઊંઘ નથી. ને વળી જેણે પ્રેમની મસ્તી લીધી તેને ઊંઘવાનું ક્યાંથી ? ઊંઘવાથી આરામ મળે છે, શાંતિ મળે છે, પણ ભગવાનના પ્રેમનો રસ એવો છે કે તે ત્રિતાપને દૂર કરી દે છે. તથા આત્માને પૂરો આરામ આપે છે.

કાલે તો આ વખતે ઋષિકેશમાં નિવાસ હશે. દેવકીબાઈ ધર્મશાળામાં કાકા પણ તમને ગયે વખતે કલકત્તાથી આવતાં મળ્યાં ત્યારે ખૂબ યાદ કરતાં હતાં. બિચારા ખુબ પ્રેમી છે. તે પણ મળશે. હવે તો તે મૌન રાખે છે. કેવળ એક દિવસ ગુરુવારે બોલે છે. બાકી રોજ લખીને વાત કરે છે ખરાં, પ્રભુદત્ત બ્રહ્મચારીની જેમ. પણ સ્વભાવના ખુબ ભલા છે. બ્રહ્મચારીજીને જોઈને તો ગાંડાઘેલા થઈ જાય છે ને પરાણે પણ તેમના હાથનો પ્રસાદ ખવડાવે છે. ઋષિકેશ એક રાત રહી બીજે દિવસે રેલવે મારફત સીધા આગળ જવાનું છે. રેલવે ખુબ ચક્કર મારી ઠેઠ હિમાલયની બીજી દિશામાં પહોંચે છે. પત્ર લખવાનું બનશે ત્યાં લગી તો લખીશ. પણ ના બને તો ચિંતા ના કરશો. તમને કોઈ દહાડો ભૂલાશે નહીં કેમ કે તમે કદી અમારા માર્ગની વચ્ચે આવ્યાં નથી ને અમારા પર શ્રદ્ધા બતાવી છે. તારાને પણ આજે સમાચાર લખું છું. બાકી તમે પણ સમાચાર પહોંચાડશો. વડોદરાથી રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર મંગાવજો. વાંચવા માટે સુંદર છે. ત્યાં પડ્યું રહ્યું છે. ઉપરાંત ત્યાં પણ લખો તો લખજો કે અમે દેવપ્રયાગ છોડી દીધું છે.

તમારું શરીર સંભાળજો ને હંમેશા ખુશી આનંદમાં રહેજો. તમારું આયુષ્ય ખૂબ છે ને પાછળથી તમને ખૂબ ખૂબ સુખ મળશે તેમ જ મોટી મોટી વસ્તુઓ જોવા મળશે.

અમારી ચિંતા કદી કરશો નહીં. અમારી રક્ષા તો વહાલો પ્રભુ કરે છે. તમે તો જોયું છે. એટલે દુનિયાના ગમે તે ભાગમાં જઈએ તોયે અમોને કાંઈ તકલીફ પડે તેમ નથી. ભગવાનની એવી દયા છે. એક 'મા'ની જેમ ફીકર રાખીને હરહંમેશ તે આપણું જતન કરે છે. કેવળ આપણે તેને યાદ કરતા રહેવું જોઈએ ને તેની પર શ્રદ્ધા રાખવી જઈએ. હરેક કામ કરતાં તેનું નામ મનમાં કાયમ રાખવું જોઈએ. રહેવું દુનિયામાં પણ મન ભગવાનમાં રાખવું.

અહીં છેલ્લો દિવસ હોવાથી ગંગા કિનારે મોટર અડ્ડા નજીક એક દુકાનદારનું ઘર છે. ત્યાં રાત રહેવા આવ્યો છું. બિચારાં ખૂબ પ્રેમી છે. રોજ દૂર કુટિયા પર તૈયાર ભોજન મોકલે છે. તમે કહેતાં હતાં કે આ વખતે તો મનુભાઈ પણ નથી. ત્યારે મેં કહેલું ને કે બીજા આવશે તેમ પ્રભુએ પ્રેરણા કરવાથી આ દુકાનદારે અત્યાર સુધી ભારે સેવા કરી. અત્યારે તેને ત્યાં જ એક ગંગાને કિનારે એકાંત સ્વતંત્ર ઓરડીમાં એકલદોકલ તમે બિછાવી આપતા'તા તેવા ખાટલા પર બેસી લખી રહ્યો છું. કાલે પ્રસ્થાન થશે. જેના પર ભગવાનની દયા છે ને જે ભગવાન સાથે પ્રેમ કરે છે તેને કોણ પ્રેમ નથી કરતું. બધાય રસ્તા સાફ થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૧ : નામજપનો મહિમા

સીમલા હીલ્સ, ધરમપુર

તા. ૩૧ મે, ૧૯૪૬

પૂજ્ય માતાજી,

તમારો પત્ર ગઈ કાલે મળ્યો. વાંચી આનંદ થયો. હવે તો તમે સરોડા પહોંચી ગયાં.

ભગવાનનું સ્મરણ ખૂબ ખૂબ પ્રેમપૂર્વક કરો. ત્યાં રહેવું પડે છે તેથી મનમાં કદી અસંતોષ ના લાવો. તમે જાણો જ છો કે બધું ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ બને છે. તેમાં મનુષ્યનું કાંઈ ચાલતું નથી. તો તે જે સ્થિતિમાં રાખે તેમાં આપણું કલ્યાણ જ હોય છે. માટે તેમાં રહીને આનંદ માનવાનો આપણો ધર્મ રહ્યો. સ્થિતિ ગમે તે હોય, અત્યારે તો ભગવાનની ભક્તિ ખૂબ ખૂબ ને ખરા મનથી કરવી જોઈએ. તેમાં કશો જ વિચાર ના કરવો જોઈએ. આવો અપૂર્વ અવસર ફરી ફરી આવવાનો નથી. મનુષ્ય દેહ મળ્યો છે તે ભગવાનનો મોટો ઉપકાર થયો છે. તો તે દ્વારા ખૂબ ખૂબ પ્રેમથી રહેવું જોઈએ ને એવું કરવું જોઈએ જેથી તે પરમકૃપાળુનો વધારે ને વધારે પ્રેમ પ્રાપ્ત થઈ શકે ને તેનું દર્શન થઈ શકે. આના વિના આવો મહાન ને મોંઘો મનુષ્ય દેહ વ્યર્થમાં ખોઈ દેવા બરાબર છે. મોત માથે જ ભમે છે. આ દુનિયામાં કશી જ વાતનું ઠેકાણું નથી. આપણે માટે પણ એક દિવસ વોરંટ આવશે. તો એવું ભજન કરવું જોઈએ જેથી મરણ આપણી-તમારી રૂખીબાના જેવું આવે.

સુખ ને દુ:ખ તો લાગેલાં જ છે. પણ ભગવાનનું સ્મરણ કરીએ તો સુખ ને સુખ જ લાગે. તમે મળવા લખો છો તો ઈશ્વરેચ્છા પ્રમાણે મળવાનું પણ થશે. તમને આ તરફ બોલાવવા વિચાર છે. ને જો તેમ ના બને તો દિવાળી પર તે તરફ આવીશું. અમારા જેવા વિરક્ત ને ત્યાગી પુરુષ કાંઈ કોઈની સાથે હરહંમેશ રહી શકે છે ? ને રહે તે સારું પણ નહિ. અમને તો એકાંત જ ગમે. ને પ્યારા પ્રભુના પ્રેમમાં જ મસ્ત રહેવું રુચે. દેવપ્રયાગ હમણાં જવાનું નક્કી નથી.

રોજ બને તો માળા પર નહિ તો એમ ને એમ ભગવાનના રામ કે કૃષ્ણ કે એવા કોઈ નામનો જપ કરવો જોઈએ. માળા હોય તો સારું. સવાર-સાંજ નિયમપૂર્વક ઓછામાં ઓછી ૧૦ માળા આંખ મીંચીને ભગવાનની છબી સામે ફેરવવી જોઈએ. ગીતા વાંચતાં હશો. રાતે કે બપોરે બને તેમ કોઈ સારી ચોપડી વાંચવી જોઈએ. રોજ આવી રીતે ભક્તિ કરવી જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૨ : ઈશ્વરસ્મરણ

સીમલા હીલ્સ, ધરમપુર
તા. ૪ જુન, ૧૯૪૬

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો, વાંચી આનંદ.

હું આવતી કાલે અહીંથી ૧૦ માઈલ દૂર 'સોલન' નામે સ્થાનમાં રહેવા જાઉં છું. ત્યાં શ્રી આનંદમયી માતા નામે એક સારી યોગિની છે. તેમની સાથે રહીશ. એકાદ માસ ત્યાં રહીશ. માતાજી મારા પર ખૂબ પ્રેમ રાખે છે એટલે આનંદ આવશે.

ઈશ્વરસ્મરણ હરહંમેશ કરતાં રહેવું જોઈએ. ઈશ્વરસ્મરણ વિના આ સંસારમાંથી તરવાનો કે સુખ પામવાનો કોઈ જ ઉપાય નથી. ઈશ્વરસ્મરણ એ એક ઊંચામાં ઊંચી ઔષધિ છે, ને તેનાથી બધાં જ દુઃખ દૂર થાય છે. એટલે જેટલું બને તેટલું વધારે ને વધારે ઈશ્વરસ્મરણ કરવું જોઈએ. આજ લગી જીવન ગમે તેમ ગયું, હવે તો ખૂબ પ્રેમથી ઈશ્વરનું રાતદિન રટણ કરવું જોઈએ. આ જગતમાંથી આંખ બંધ કરીને જવાનું થશે એટલે આજે જે દેખાય છે તે બધી જ બાજી ઊડી જશે. સાથે કેવલ ઈશ્વરનો પ્રેમ રહેશે. જીવનનો ઉપયોગ જેવી રીતે કરીએ તેવો જ જન્મ મળે છે. આ જીવનમાં બધાં પર પ્રેમ કરતાં કરતાં વિશુદ્ધ મનથી રહેવું જોઈએ. ને ઈશ્વરસ્મરણ એવું સતત કરવું જોઈએ કે ભગવાનને ત્યાં સ્થાન મળે. બધી જ ચિંતા છોડીને તેને ભજવું જોઈએ.

અમારૂં કેવી રીતે ચાલે છે ! અમારે તો તે પ્યારા પ્રિયતમ પ્રભુનો જ આધાર છે એટલે અમને કોઈ પ્રકારે કષ્ટ પડતું નથી. તે અમારી બધી જ ઈચ્છાઓ પૂરી કરે છે. 'આ દુનિયામાં તે જ અમારે માટે સર્વ કાંઈ છે. માતા, પિતા બધું તે જ છે. તેના વિના બધુંયે નકામું ને નશ્વર છે.' આવો દૃઢ ભાવ થઈ જાય એટલે ભગવાન આપણી સંભાળ લે છે, આપણી ગૂંચો ઉકેલે છે ને હરક્ષણે આનંદમાં રાખે છે. ભગવાનના ભક્તોના વિના સાચું સુખ કોઈને જ નથી. બધાંને કાંઈ ને કાંઈ દુઃખ પડ્યું જ છે. આ બધુંયે દુઃખ ભગવાનને ભૂલવામાં જ છે. જે ભગવાનને ભૂલ્યા તેમણે માનવ શરીરને નકામું નાખી દીધું. જે શરીરથી ભગવાનનાં દર્શન કરી મુક્ત થવુ જોઈતું હતું તે શરીરને ખોટી રીતે ખોઈ દીધું !

તારાને પત્ર લખ્યો છે. ત્યાં સૌ કુશળ હશે. ભગવાનની ઈચ્છાથી બનતાં સુધી તમારે અહીં આવવાનું થશે. જોઈએ છીએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૩ : સાચો ધર્મ

દેવપ્રયાગ

તા. ૨૯ ઓગસ્ટ, ૧૯૪૬

પૂજ્ય માતાજી,

એક પત્ર દહેરાદુનથી લખ્યો હતો. મળ્યો હશે. ઈશ્વરેચ્છાથી ને જોશીજીના આગ્રહથી ૧૫ દિવસ રહેવું પડ્યું. ત્યારબાદ એક રાત ઋષિકેશ રહીને ગઈ કાલે અહીં આવી પહોંચ્યો છું. શરીર તદ્દન સારું છે. ચક્રધરજી અહીં જ છે. તે પણ કુશળ છે.

દેહરાદુનવાળા જોશીજી હવે તો ખૂબ પલટાઈ ગયા છે તથા પ્રેમાળ થયા છે. ભગવાન જેના પર દયા ને પ્રેમ કરે છે તેના પર સારીયે દુનિયા પ્રેમ કરવા માંડે છે એવો નિયમ છે. એવું એક પણ કામ આ દુનિયામાં નથી જે ભગવાનની નિષ્ઠાથી ના થઈ શકે. પણ સાચી શ્રદ્ધા ને નિષ્ઠા જોઈએ. જેમ સંસારના માણસોને સંસારના પદાર્થોમાં અપાર પ્રેમ તેમજ આસક્તિ હોય છે તેમ ઈશ્વરમાં ખૂબ પ્રેમ જોઈએ. આ પ્રેમ થતાં શાંતિ જ શાંતિ ને સુખ જ સુખ સાંપડે છે.

અમદાવાદ તારા કુશળ હશે. રમેશ તથા અંબાલાલ પણ કુશળ હશે. તારાને દહેરાદુનથી પત્ર લખ્યો હતો. આજે પણ લખું છું. તમે પણ સમાચાર મોકલજો.

હવે થોડો વખત અહીં દેવપ્રયાગ જ રહેવા વિચાર છે. દેશમાં પરિસ્થિતિ ખૂબ નાજુક છે તો ત્યાં સંભાળપૂર્વક ને ભગવાનના નામસ્મરણ તથા વાંચનમાં રસ લેતાં રહેવું. આ પ્રદેશમાં કશો જ ભય નથી - બાકી બધે જ થોડા થોડા હુલ્લડ વગેરેના બનાવો બન્યે જાય છે.

દિવસો ખૂબ આનંદમાં પસાર કરવા. સારા સારા વાંચનથી ચિત્ત હંમેશા આનંદમાં રહે છે. મનુભાઈના પત્રો આવતા હશે. તે હજી ધરમપુર છે. થોડા દિવસ ત્યાં રહેશે પછી દિવાળી પર ગુજરાત આવશે. ઈશ્વરેચ્છા તો અમારે આવવાનું પણ થશે.

ત્યાં વૃદ્ધ માતાજી કુશળ હશે. સેવા કરો છો તેમ કરતાં રહેજો. ભગવાન એથી ખુશ થાય છે. આ દુનિયામાં કોઈ દુઃખીના હૃદયને શાંતિ આપવા જેવો ધર્મ બીજો કોઈ જ નથી. તે એક રીતે ભગવાનની પૂજા સેવા છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૪ : પ્રેમરૂપી ધન

દેવપ્રયાગ

તા. ૩૧ ઓકટો. ૧૯૪૬

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો છે. શરીર તો હાડકાંનું સ્થૂલ માળખું છે. તેનું આવવા-જવાનું ઈશ્વરની ઈચ્છા પ્રમાણે બને છે. જે ભૂમિના જેટલા સંસ્કાર તેટલા પૂરા કરવા પડે છે. હિમાલય જેવો આનંદ દુનિયામાં ક્યાંય નથી. વળી એકાંતવાસની મજા જુદી જ છે. એટલે હમણાં તો અહીં જ દિવસ પસાર કરીએ છીએ.

મનુભાઈ ધરમપુર છે. શરીર હવે સારું છે. પરંતુ આરામની જરૂર ખૂબ છે. એકાદ માસ હજી ત્યાં રહેશે. તે પછી ગુજરાત તરફ આવશે.

ઈશ્વરનું ભજન એ જ સાચી વસ્તુ છે. બીજું બધું આળપંપાળ છે. અનેક જન્મોના પુણ્ય વિના આવી સુબુદ્ધિ જાગતી નથી. મનુષ્ય શરીર મહાદુર્લભ છે. તે દ્વારા કામ, લોભ, મોહને જીતવાનાં છે, ને ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત કરવાનો છે. જેને ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ત થાય છે તે હરેક સ્થિતિમાં ખુશ રહે છે. ગરીબીમાં કે અમીરીમાં, સંકટમાં કે સુખમાં તેને આનંદ, પ્રસન્નતા તેમજ ઊંડી શાંતિ રહે છે. સાચા સારા ભક્તપુરુષોનાં જીવન વાંચવાથી, રામાયણ તેમ જ ગીતા જેવા પવિત્ર ગ્રંથો વાંચવાથી પ્રેમ પ્રકટ થાય છે. સંસાર બે ઘડીનો ખેલ છે. આંખ બંધ થતાં બધું જ અદૃશ્ય થનાર છે. સાથે આવવાનું છે કેવળ ઈશ્વરનું પ્રેમરૂપી ધન. તેને ખૂબ ખૂબ પ્રાપ્ત કરવું જોઈએ.

શરીર સંભાળશો. મારું શરીર સારું છે. તારાને પત્ર લખ્યો છે. ત્યાં જે યાદ કરે તેમને હરિસ્મરણ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૫ : ઘાંચીનો બળદ

દેવપ્રયાગ

તા. ૨૪ ડીસે. ૧૯૪૬

પૂજ્ય માતાજી,

તમારો પત્ર થોડા દિવસ થયાં મળ્યો છે. તમારું શરીર સારું જાણી આનંદ. દિન પ્રતિદિન ભજનમાં રસ વધારો છો તે ખુબ આનંદની વાત છે. રામાયણ જેવાં સરસ ભગવદ્ પ્રેમનાં પુસ્તકો વારંવાર વાંચવાથી, ભજનાદિ ગાવાથી ને ભગવાનનું જેટલું બને તેટલું નામસ્મરણ કરવાથી મેલ મટે છે, તનનાં ને મનનાં પાપ નાસી જાય છે. હજારો જન્મોથી જે અજ્ઞાનનું અંધારું હૃદયમાં વ્યાપ્યું છે ને જેને લીધે માણસ સુખી-દુઃખી થાય છે ને ચક્કરમાં ફરે છે, તે અંધારું જ્ઞાનનો પ્રકાશ થતાં એ રીતે નાસે છે જેમ સૂકા પૂળા આગનો તણખો મૂકતાં અદૃશ્ય થાય છે કે બળી જાય છે. સંસારમાં માણસ રાતદિન રોટલાની ચિંતા કરતો ને વેઠ કરતો ઘાંચીના બળદની જેમ મરી જાય છે, પણ સુખ તો દૂર ને દૂર રહે છે. કેમ કે રેતીને ગમે તેટલી પીલીએ તો કંઈ તેલ નીકળે ? કે પાણીમાંથી ગરમ કર્યે ઘી જડે ? સુખ તો કેવળ સુખના સાગર પરમાત્મામાં ને આત્મામાં છે. અજ્ઞાનથી શરીરને ને શરીરના સંબંધોને મારા માની લીધા છે ત્યાં સુધી સુખ ક્યાંથી ? પોતે તો આત્મા-શરીરની અંદર બેઠેલા ભગવાન સ્વરૂપ આત્મા છે એ જ્ઞાન જાગતાં તેમ જ ભગવાનનો પ્રેમ પ્રકટતાં સુખ ને સુખ મળે છે. માટે પ્રેમ વધારવો એ જ ઉપાય છે.

હમેશાં આનંદમાં રહેવું. સંસાર મિથ્યા છે. એક નાટક છે. ભગવાન મેળવ્યા તેનો પ્રેમ મેળવ્યો તો કમાયા નહિ તો માર્યા ગયા ! દુનિયામાં આપણું કોઈ નથી. ભગવાન જ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૬ : ક્ષણિક જીવન

વડોદરા

તા. ૩૦ ડીસે. ૧૯૪૬

પૂજ્ય માતાજી,

આજરોજ સવારે અહીં આવી પહોંચાયું. વાતાવરણ તો અત્યારે કરુણ છે કેમ કે પૂ. કાકાશ્રીની તબિયત નરમ છે.

જીવન ખુબ જ ક્ષણિક છે. સપાટામાં ચાલ્યું જનારૂં છે. જેટલું જીવન છે તેનો અર્ધો ભાગ તો નિદ્રામાં જાય છે. બાકી ઘણું ખરૂં જીવન રોગ, ચિંતા ને અજ્ઞાનમાં વહી જાય છે. એકવાર માણસને આ સંસારમાંથી વિદાય થઈ જવું પડે છે. જે જે સારું નરસું દેખાય છે તે અહીં ને અહીં જ રહી જાય છે. પ્રભુની પ્રાપ્તિ, જે માનવજીવનનું મુખ્ય ધ્યેય છે તે ભુલાઈ જાય છે. એટલે જાગ્યા ત્યાંથી સવાર માનીને જ્ઞાન થાય એટલે સંસારની વસ્તુને નિસ્સાર માનીને બધીયે મનની વૃત્તિને પ્યારા પ્રભુમાં લગાડવી જોઈએ. જીવનની ધન્યતા આમાં જ છે. સાચું સુખ પણ આથી જ મળે છે. ભગવાનનો પ્રેમ ન પ્રકટે ત્યાં લગી હૃદયની અશાંતિ મટતી નથી કે વિપત્તિ ટળતી નથી. પ્રેમ પ્રકટે તેનો સાચો, સીધો ને મુખ્ય ઉપાય જેટલો સમય મળે તેટલા સમયમાં જેટલા બને તેટલા વધારે પ્રમાણમાં, ઈશ્વરનું નામસ્મરણ, ઈશ્વરનાં રામ-કૃષ્ણ વગેરે નામનું મધુર કીર્તન કરતાં રહેવાનો છે. એમ નથી કે નામસ્મરણ એક સ્થાને બેસીને જ થાય. હાલતાં ચાલતાં કે કોઈ પણ કામ કરતાં હૃદયમાં નામજપ થવા જોઈએ. પગ કે શરીર ગમે ત્યાં ફરે, મન હંમેશા ભગવાનમાં રહેવું જોઈએ. ભગવાનમાં પ્રેમ થાય એટલે જોઈ લો કે બધું દુ:ખ ટળી જાય છે, અંતરમાં સુખનું ઘર થઈ જાય છે, ને આલોક તેમ જ પરલોક બંને મંગળ થાય છે. જેને ઈશ્વરનો પ્રેમ તેને હરહંમેશ સર્વત્ર સ્વર્ગ ને વૈકુંઠ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૭ : આનંદના દિવસો

દેવપ્રયાગ

તા. ૨૯ માર્ચ, ૧૯૪૭

પરમપૂજ્ય માતાજી,

આપણે બુધવારે સવારે છૂટાં પડયાં તે પછી બીજે દિવસે હું દિલ્હી આવ્યો. તે જ દિવસે રાતે હરદ્વાર આવ્યો, હરદ્વાર રાત રહ્યો, ને ગઈ કાલે શુક્રવારે બપોરે અહીં દેવપ્રયાગ આવી પહોંચ્યો છું. અહીં ચક્રધરજી વગેરે કુશળ છે.

કેવા આનંદના દિવસો હતા ! રોજરોજ સત્સંગ, કીર્તન, જુદા જુદા સુંદર પ્રદેશોમાં ફરવાનું, જુદાં જુદાં સંસ્કારી માણસોને મળવાનું, કોઈ અનેરો આનંદ હતો. ખરેખર આ વખતે તો ગુજરાતમાં ખૂબ ખૂબ આનંદ આવ્યો. હવે ભગવાનની ઈચ્છા થશે ને બીજે વરસે વળી પાછા અવાશે. વચ્ચેના દિવસો જલદી જલદી પસાર થઈ જશે.

તમે પણ શુક્રવારે એટલે ગઈ કાલે સાંજે સરોડા પહોંચી ગયાં હશો એમ માનું છું. અમદાવાદ તારા, રમેશ વગેરે મજામાં હશે. તેને પણ પત્ર આજે લખું છું. હવે તો તમારાં પરસન ડોસી ખુશ ખુશ થયાં હશે. તેમનામાં પણ ભગવાને કેવો પ્રેમ મૂકી દીધો છે ! તેમના પણ કાંઈક સંસ્કાર હશે. કેમ કે સંસ્કાર વિના પ્રેમ થતો નથી. ઈશ્વર તેમને છેલ્લા સમય સુધી શાંતિ સુખમાં રાખશે. તેમનો પ્રેમ જોઈને અમને આ વખતે બહુ આનંદ થયો છે. તો તેમને પણ અમારી પ્રેમપૂર્વક યાદ આપશો. ઉપરાંત જે જે યાદ કરે તે સૌને પણ અમારા પ્રેમપૂર્વક આશિષ કહેજો.

આ સંસારમાં પ્રેમ વિના કશું જ ટકનારું નથી. એકમેક પર પ્રેમ કરવો ને વળી ભગવાન પર પ્રેમ કરવો જોઈએ. ભગવાનને પ્રેમ કરવાથી ભગવાન આપણો દેવાદાર થઈ જાય છે. પછી તે આપણી પૂરેપૂરી સંભાળ લે છે. માટે ખુબ તનમનથી તેનું સ્મરણ-ભજન કરવું જોઈએ.

માતાજી તમારી ઈચ્છા અહીં આવવાની ઘણી જ હતી ખરું ને ? ઘેરથી નીકળ્યે ઘણો વખત થયેલો એટલે અમને થયું હવે થોડો વખત ઘેર પણ રહેવું સારું, સંસ્કાર પ્રમાણે જ બધું બને છે. અહીં તમે આવ્યાં હોત તોય થોડા દિવસ મજા તો પડત. પણ હવે ફરી બીજી વાર જરૂર સાથે આવવાનું રાખીશું.

પંઢરપુર ને સોલાપુરને તો યાદ કરતાં જ હશો. કેવો સુંદર પ્રદેશ, કેવાં ગુપ્ત રતન, કેવો તેમનો પ્રેમ ! તમે આ બધું સમજી શક્યાં માટે અમને તમારા પર વધારે પ્રેમ થાય છે. ખરેખર આ દુનિયામાં ભગવાનની કૃપા વિના તેવું સમજાતું નથી. સરોડામાં પણ આ વખતે તો ખુબ આનંદમાં રહ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૮ : દેવદુર્લભ માનવ શરીર

દેવપ્રયાગ

તા. ૧૧ એપ્રિલ, ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો છે. સાથે સોલાપુરથી આવેલા પત્રો તમે મોકલ્યા તે પણ બધા મળ્યા છે. ખરેખર તે બધાં ખૂબ જ પ્રેમાળ છે. સાચી વસ્તુ દુનિયામાં એક જ છે કે પ્રભુ પર આપણને સાચો પ્રેમ પ્રકટવો જોઈએ. આમ થાય એટલે સારુંયે જગત આપણા પર પ્રેમ કરવા માંડે છે. મનુષ્ય તો શું પણ પશુ, પક્ષી ને વનસ્પતિ પણ આપણામાંથી પ્રેમ પ્રાપ્ત કરે છે. આ જીવનમાં ભગવાનનો પ્રેમ જેટલો પ્રાપ્ત કરશું તેટલું જ કમાઈશું. આવું દેવદુર્લભ માનવશરીર મળ્યું છે તો તેને સંસારના જૂઠા વિષયોમાં નહિ ગુમાવતાં પ્રભુના પરમ ભજનકીર્તનમાં અહર્નિશ વાપરવું જોઈએ. આમ કરતાં કરતાં પ્રભુ આપણા પ્રેમી, સખા કે દાસ થઈ જશે, ને પછી તો હરરોજ આનંદ આનંદ સુખ ને શાંતિ થઈ જશે. માટે ખૂબ ઈશ્વરસ્મરણ કરવું. સંસારથી તો જેટલાં દૂર રહીએ તેટલું જ સારું છે. છતાં સંગ કરવો તો પ્રભુ પર કે પ્રભુની વાતો પર જેને પ્રેમ હોય તેનો જ કરવો. તમે તો મુક્ત આત્મા છો એટલે સદા સારા વાચનમનન ને જપમાં મગ્ન રહેશો.

કેવી સુંદર રીતે આપણે દિવસો પસાર કર્યા હતા ! આલંદી, પંઢરપુર, મુંબઈ, સોલાપુર, ગિરનાર બધું યાદ રહી જશે. એવા દિવસો તો હવે ફરી આવે ત્યારે ને પ્રભુકૃપાથી જરૂર આવશે. કેવાં પ્રેમી માણસો ! કેવાં ઊંચાં હૃદય ! ખરેખર, દુનિયામાં તેમનાં જ જીવન ધન્ય છે. બાકી જે અનેક નાની મોટી વાસનાથી વીંટાયલાં છે તે તો મનુષ્યરૂપે પશુ છે. ત્યાં સૌ કુશળ હશે. પરસન ડોસી તો અમને પણ યાદ રહેશે. પ્રભુ તેમની સદબુદ્ધિ કાયમ રાખે ને તેમના આત્માનું કલ્યાણ કરે. જ્યારે જીવમાં પ્રભુ પર પ્રેમ જાગે ત્યારે તેના પર પ્રભુની કૃપા થઈ ને તેના હજારો જન્મોમાં પાપ ભસ્મ થયાં એમ જાણવું.

શ્રીજી મહારાજ ત્યાં છે તે જાણ્યું. ભગવાનની ઈચ્છાથી કદીક જરૂર મળાશે. મારું શરીર હવે સારું છે. ઈશ્વરકૃપાથી ભોજન બનાવવાની પણ પંચાત નથી કેમ કે એક ભાઈ રોજ બનાવી આપે છે. ભગવાનની દયાથી આનંદ છે. તમે રોજ આનંદમાં રહેશો. તમારી કાયાનું તો કલ્યાણ થઈ ગયું છે. થોડા દિવસ ઝટ નીકળી જશે ને વળી મળવાનું થશે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૪૯ : સત્સંગનું મહત્વ

દેવપ્રયાગ
તા. ૨૧ એપ્રિલ, ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારું કવર મળ્યું છે. આ પહેલાં મેં તમને એક જવાબી કાર્ડ પણ લખ્યું છે તે પણ મળ્યું હશે. તમારી તબિયત સારી હશે.

હું હમણાં પાંચ-છ દિવસ અહીંથી છ માઈલ દૂર દશરથાચલ પહાડ પર આવ્યો. હવે હમણાં અહીં જ રહીશ. સાથે એક માણસ છે. તે ભોજન બનાવી આપે છે તેમ જ ફાલતુ કામકાજ કરે છે. એટલે ઈશ્વરની દયાથી કોઈ કષ્ટ નથી.

આપણે જે આનંદના દિવસો પસાર કર્યા છે તે તો કોઈ રીતે ભૂલી શકાય તેમ નથી. ખરેખર, ભગવાનની સાથે પ્રેમ કરી લઈએ એટલે સારીયે દુનિયા આપણને પ્રેમ કરતી થઈ જાય છે, તેમ જ જ્યાં જઈએ ત્યાં લીલાલ્હેર થઈ રહે છે. ભગવાન જેવી કીમતી વસ્તુ બીજી કોઈ નથી. માણસનો અવતાર તે ભગવાનની પ્રાપ્તિ માટે છે. મૂર્ખ માણસો તે વાતને ભૂલી જાય છે, ને માયાના ચક્કરમાં પડીને મોંઘા શરીરને ખોઈ દે છે. જે ભગવાનને ભજે છે તે તો તરી જાય છે, સુખી સુખી થઈ જાય છે, ને આનંદ કરે છે. પોતે તો જન્મમરણથી રહિત થાય છે, પણ બીજા અનેકને તે દુઃખથી મુક્ત કરે છે. ભગવાનના ભજનનો આવો અલૌકિક પ્રભાવ છે.

તમારે ત્યાં સત્સંગ વગેરે ચાલે છે. તે આનંદની વાત છે. હવે તો તમને 'જેલખાનું' કે આપણે વડોદરામાં રહેતાં હતાં તેવો 'ભૂતિયો મહેલ' નહિ લાગતો હોય. ખુબ લાભ લેજો. સત્સંગ એ જ કળિયુગમાં દવા છે. સત્સંગથી પાપ તેમ જ તાપ દૂર થાય છે, ને મનને શાંતિ મળે છે. સત્સંગ જેવું સુખ બીજું કોઈ નથી. તમે તો જ્ઞાની છો, ખુબ પ્રેમપૂર્વક દિવસો પસાર કરજો. એક વાર ભગવાનની દયા જરૂર થશે ને તમારી સાથે રહેવાની ઈચ્છા પૂરી પડશે.

મદ્રાસથી બેનના પત્ર આવે છે. તમને પણ ખુબ યાદ કરે છે. દુનિયામાં સાચી વસ્તુને ઓળખનારાં પણ કેવાં કેવાં રત્નો છે !

મારું શરીર સારું છે. હવે ખોરાકની બહુ ચિંતા નથી, એટલે ઠીક થઈ ગયું છે. તમે પણ શરીર સંભાળશો તથા શાંતિથી રહેજો. ઉનાળામાં વડોદરાથી બધાં ઘેર આવે ત્યારે ઉકરડાને કઢાવવાનું કરજો. દુનિયા જડ છે. આપણે હંમેશાં સારાં પુસ્તકો વાંચતાં રહેવું તેમ જ ભગવાનનું સ્મરણ કરતા રહેવું. ભગવાનનું સ્મરણ કરનારને દુઃખ કદી પડતું નથી. હા, ભગવાન થોડી પરીક્ષા લે છે, પણ તે તો નામની જ. અંતે તો સુખ જ સુખ છે.

ત્યાં પરસન ડોસી તેમજ બીજાં બધાં સત્સંગપ્રેમીઓ આનંદમાં હશે. રમતાશંકરભાઈ વાંચે છે તે સારું છે. ઘણા પ્રેમાળ ને ભક્ત પુરુષ છે. પોતાનું તો કલ્યાણ કરે છે ને સાથે બીજાં બે-ચાર કાન પણ પવિત્ર કરે છે.

પરસન ડોસીના સંસ્કાર કેવા સારા કે અંત વખતે તેમને આવી ઊંડી પુણ્યબુદ્ધિ થઈ. ભગવાનમાં પ્રેમ થવો એ લાખો જન્મોના પુણ્ય વિના બનતું નથી. ખરેખર તેમના પર હવે ભગવાનની કૃપા છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૦ : કળિયુગમાં તરવાનો ઉપાય

દેવપ્રયાગ
તા. ૧૫ મે, ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો છે. વાંચી આનંદ થયો. તમારા દિવસ સત્સંગ તથા આનંદમાં વ્યતીત થાય છે તે ખૂબ જ સારી વાત છે. કલિયુગમાં તરવા માટે સત્સંગ જેવો ઉપાય બીજો એકે નથી. સત્સંગ કરવાથી મન વધારે ને વધારે શુદ્ધ થાય છે, તેમજ પાપ બધાં બળી જાય છે. જ્યાં સત્સંગ હોય છે ત્યાં માયાનું કાંઈ ચાલતું નથી. મનુષ્ય શરીર મળ્યું છે તે સત્સંગ દ્વારા સારા વિચાર મેળવવા માટે તેમજ ભગવાનની ભક્તિ કરવા માટે. સત્સંગથી ભગવાનનો મહિમા સમજાય છે, ભગવાનનો પ્રેમ વધે છે ને ભક્તિ મળે છે. દુનિયામાં કેટકેટલા મહાત્મા થઈ ગયા. તુલસીદાસ, તુકારામ, સુરદાસ, નરસિંહ ભગત, જ્ઞાનેશ્વર અનેક મહાત્માઓ સત્સંગ તેમ જ ભગવાનના ભજનના પ્રભાવથી સુખી થઈ ગયા છે. મીરાં તેમજ શબરી ને ગોપીઓ પણ ભગવાનના પ્રેમથી આજે પૂજાય છે. આપણે પણ જો ભગવાનનો પ્રેમ પ્રાપ્ત કરીએ તો સંકટ કદી આવે નહિ, આપણને સદા સુખ મળે, તેમ જ બીજાં પણ કેટલાંયને આપણી દ્વારા શાંતિ તથા લાભ થાય. મનુષ્ય શરીરનો મહિમા ઘણો જ મોટો છે. શાસ્ત્રોમાં તેનું ખૂબ વર્ણન છે. મનુષ્ય શરીર ખાવા, પીવા, સુવા માટે નથી. તે તો ઈશ્વરની પ્રાપ્તિ માટે છે. ને ઈશ્વરની પ્રાપ્તિ સત્સંગ દ્વારા થઈ શકે છે. જીવનમાં આ જ એક આનંદ છે કે ઈશ્વરના ખુબ ગુણાનુવાદ ગાવા. ઈશ્વરના ગુણાનુવાદમાં જેને રસ આવે છે તે જીવ મહાપુણ્યશાળી છે.

તમે મામાના આનંદને યાદ કરતાં હશો. મદ્રાસથી બેનના પત્ર આવે છે પણ ખુબ લાંબે દિવસે આવે છે. તમારે લખવો હોય તો એકાદ કાગળ લખજો. તે તો તમને ખુબ યાદ કરે છે.

મનુભાઈ ધરમપુરમાં છે. બેન કનકબેન પણ ત્યાં જ છે.

મારું શરીર હવે ખુબ ખુબ સારું છે. બધી રીતે આનંદ છે. ભગવાનની ભક્તિમાં લાગી જઈએ તો દુનિયામાં આનંદ જ આનંદ છે. શરીરનો, મનનો ને આત્માનો ત્રણે જાતનો આનંદ મળે છે. સોલાપુરથી જશભાઈ તેમ જ વલ્લભદાસભાઈના પત્ર આવે છે. તે પણ તમને યાદ કરે છે. ઊર્મિલાબેન તો હવે કોલંબો છે. એક મહિનો થયો ત્યાં છે. સોલાપુરથી સમાચાર હતા. બેનનો પત્ર તો હજી નથી. એક ભજન મોકલ્યું હતું તે જ. મુંબઈથી નારાયણભાઈનો પત્ર આવતો હશે. તે પણ ખુબ પ્રેમી છે. આપણે ગિરનાર જેમની સાથે હતાં તે રાણપુરીભાઈ ૫-૬ દિવસથી ઋષિકેશ આવ્યા છે. બદરીનાથ જવાની તેમની ઈચ્છા છે. એટલે ૪-૫ દિવસમાં અહીં આવી જશે એમ લાગે છે. યાત્રા તો આ વરસે ખુબ જ ચાલે છે. અમદાવાદ બેન તારા તેમ જ આનંદી રમેશચંદ્ર મજામાં હશે.

યાત્રામાં તો આ વખતે આપણને ખુબ જ આનંદ આવ્યો. વળી થોડા દિવસ ચાલ્યા જશે ને એવો જ આનંદ આવશે. દિવસોને જતાં કાંઈ વાર લાગે છે ? બે મહિના તો ચાલ્યા પણ ગયા ! ધીરે ધીરે સમય ચાલ્યો જાય છે. એમ કરતાં જિંદગી ટૂંકી થતી જાય છે. જેટલું ભગવાનનું ભજન કર્યું તેટલું કમાયાં. ભગવાનનું ભજન એ જ સાચી વસ્તુ છે.

ત્યાં પરસન ડોસી તેમ જ અમને યાદ કરનાર સૌને અમારી યાદ. આ વખતે બધાનો પ્રેમ જોઈને અમને ખુબ આનંદ આવ્યો. જીવ પર પરમેશ્વરની કૃપા થાય છે ત્યારે જ પરમેશ્વર પર તેમ જ પરમેશ્વરના પ્રેમીઓ પર પ્રેમ થાય છે. તે વિના લાભ લઈ શકાતો નથી તમે બધાં ખુબ સત્સંગ કરજો તથા આનંદમાં રહેજો. સંસારમાં બીજું કંઈ જ લેવાદેવાનું નથી.

તમારો પ્રેમ અમને યાદ આવે છે. હંમેશાં શાંતિથી રહેજો તેમ જ દિવસો બધા આનંદમાં પસાર કરશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૧ : પાછા દેવપ્રયાગ તરફ

બદરીનાથ

તા. ૨૬ ફેબ્રુ. ૧૯૪૭

પૂજ્ય માતાજી,

બે-ચાર દિવસ થયાં એક કાર્ડ લખ્યું હતું તે મળ્યું હશે તમારું એક કાર્ડ મને ગઈ કાલે મળ્યું છે. ગયા વખતે તમને મેં લખ્યું હતું કે અહીંથી થોડા સમયમાં જ ઈશ્વરી પ્રેરણાથી મેં દેવપ્રયાગ જવાનો નિર્ણય કર્યો છે. હવે ખરેખર આજે બપોરે હું અહીંથી દેવપ્રયાગ જવા નીકળું છું. ૫૦ માઈલ જતાં મોટર મળશે. એટલે ચાલવાનું થોડું જ છે, ને તે પણ આનંદપૂર્વક. સાથ પણ સારો મળ્યો છે. તમને જાણી આનંદ થશે કે અહીં થોડા દિવસથી કલકત્તા તરફ બિહાર છે ત્યાંના એક સ્ટેટના રાજા બદરીનાથ આવ્યા છે. રાજા ધાર્મિક છે. તેમની સાથે જ દેવપ્રયાગ સુધી જવાનું નક્કી થયું છે. એટલે રસ્તામાં કોઈ પ્રકારની તકલીફ રહેશે નહીં. રાજા એટલા શ્રદ્ધાળુ છે કે તે પણ પગે જ ને તે પણ ઉઘાડે પગે ચાલે છે. ભગવાનની બધી કૃપા છે. તેની કૃપા થતાં મોટા મોટા રાજા પણ ચરણમાં પડે છે. ભગવાનની સાચી ભક્તિનો બધો પ્રભાવ છે.

આજે રવિવાર છે એટલે આ વખતે પૂરા પંદર દિવસ અહીં રહેવાનું થયું. ખૂબ ખૂબ આનંદ રહ્યો. કેટલાય મહાત્મા પુરુષો-ભક્તો ને સંસ્કારી આત્માઓનો મેળાપ વગેરે રહ્યું, ખૂબ સત્સંગ રહ્યો. ઊંચા ઊંચા આકાશની સાથે વાતો કરનારા પહાડ, સુંદર નદી ને ઝરણાં-બધું ખૂબ સુંદર લાગે છે. તમે બધું ફરી યાદ કરી લેજો. આનંદ આવશે. બધે સ્નાન તથા દર્શન કરતાં તમને યાદ કર્યાં હતાં.

લાભુબેનનો પત્ર આવ્યો તે આનંદની વાત. કેટલો બધો પ્રેમ છે ! નારાયણભાઈના પત્ર તેમજ મનુભાઈના પત્ર પણ આવતા હશે. અહીંથી અમે મોકલેલા પૈસા મળ્યા હશે.

વધારે શું લખું ? ખૂબ ખૂબ આનંદમાં રહેશો. શરીર સારી રીતે સંભાળશો. મારું શરીર સારું છે. હવે તો હવાપાણી પણ બદલાશે એટલે બરાબર થઈ જશે. તમે કોઈ વાતની ચિંતા કરશો નહીં. રોજ સારા વાચનમાં-ભજનમાં સમય પસાર કરશો. મનુષ્ય શરીરમાં આવીને તે જ કરવાનું છે.

ત્યાં યાદ કરે તે સૌને અમારા પ્રેમ કહેશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૨ : છૂપો રત્નો

દેવપ્રયાગ

તા. ૧૪ જુલાઈ, ૧૯૪૭

પરમ પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. અમે બે દિવસ પર એક કાર્ડ તમને લખ્યું છે તે પણ મળ્યું હશે. તારાને પણ આજે પત્ર લખ્યો છે. મારું શરીર હવે સારું છે. તમે લખો છો તે પ્રમાણે લાભુબેનનો પત્ર મોકલું છું.

તમારી ઈચ્છા અહીં આવવાની થાય તે સ્વાભાવિક છે. પરંતુ અહીં ઋતુ અત્યારે બરાબર રહેતી નથી. તેથી પહેલવહેલાં અહીં આવવામાં મુશ્કેલી રહે છે. વળી મારું શરીર પણ તદ્દન સારું થઈ ગયું છે, એટલે તે પ્રશ્ન પણ રહેતો નથી. ઉપરાંત અહીં આવવામાં બીજી જાતની મુશ્કેલી પણ અનેક છે. માટે હાલ તે વિચાર મુલતવી રાખશો. હમણાં તો અહીં એકાંતનો આનંદ લઉં છું. વળી ઈશ્વરની ઈચ્છા થશે ને સંસ્કાર જાગશે તો આનંદપૂર્વક મળાશે ને મજા પડશે.

તમે આપણા યાત્રાના સુંદર દિવસ યાદ કરો છો તે સારું છે. કેટલો આનંદ આવ્યો હતો ! જેનું વર્ણન જ ના થાય. ભગવાનની કૃપા થશે ને તેથીયે સુંદર દિવસો પાછા આવી પહોંચશે. ભગવાન ખૂબ દયાળુ છે. દુનિયામાં કેવાં કેવાં પ્રેમી લોકો છે તે તમે જોયું. ખરેખર સાચી વસ્તુને ઓળખનારાં પવિત્ર લોકો પણ દુનિયામાં છે, ને સાચું જુએ છે ત્યાં મધ પર બેસતી માખીની જેમ તે ફરી વળે છે. ભગવાનની જે સાચી ભક્તિ કરે છે ને જેનામાં જ્ઞાન છે તેની પાસે મોટામોટા ધનવાનો ને રાજાઓ પણ નમી પડે છે. સોલાપુર, પંઢરપુર, આલંદી, મુંબઈ, ગિરનાર વગેરેમાં કેવો કેવો આનંદ પડ્યો હતો ! હવે વળી એવાં બીજાં નવાં ને સુંદર સ્થાનમાં જવાનું રાખીશું. તમે ખૂબ પ્રેમથી સત્સંગ કરશો ને સદા આનંદમાં રહેશો. દિવસો જતાં વાર લાગતી નથી. તમારું જીવન પણ ધન્ય છે કે તમારામાં આટલું જ્ઞાન છે ને હરેક વાત સમજી શકો છો. ખરેખર તમે મુક્ત જ છો. ને સંસારમાં નાટકની લીલા કરતાં હોઈએ તેમજ તમે રહેજો. ભવિષ્યમાં તમને પણ દુનિયા માન આપશે, યાદ કરશે ને પૂજશે. દુનિયામાં કશું જ નથી. લોકો નકામું જીવન ફેંકી દે છે. ઈશ્વરી પ્રેમ એ જ સાચી વસ્તુ છે. તેનાથી શાંતિ મળે છે, સમજ તથા બુદ્ધિ આવે છે, પાપ દૂર થાય છે, ને ગમે તેટલું દુઃખ કે સંકટ પડે તો પણ સદા સુખ ને શાંતિ રહે છે. મનુષ્ય શરીર કાંઈ ખાવા, પીવા ને ભોગવિલાસ કરવા નથી. તે તો આવા ઈશ્વરી પ્રેમની પ્રાપ્તિ માટે છે. તેની પ્રાપ્તિ કરવામાં જ બહાદુરી ને આનંદ છે. તમે સારી રીતે ભજન વગેરે કરજો, સારાં પુસ્તકો વાંચજો, ઈશ્વરનું નામસ્મરણ કરજો, ને ખૂબ શાંતિ સુખ તથા આનંદમાં રહેજો.

તમારું શરીર સંભાળશો. ત્યાં આપણાં પ્રેમી માતાજી પરસન ડોસી કુશળ હશે. તેમનો પ્રેમ તથા ભક્તિભાવ કેવો સારો છે ! તેમના પર ભગવાનની દયા થઈ કે બધાં પાપ ટળી ગયાં ને શ્રદ્ધા જાગી ગઈ. ભગવાને તેમને ચમત્કાર બતાવ્યો ને તેમનું જીવન સુખી થયું. હવે તો જીવનભર તેમની આવી બુદ્ધિ રહેશે ને શરીર પણ તેમનું સારી ગતિને પ્રાપ્ત થશે. બીજાં પણ બધાં પ્રેમીજનો આનંદમાં હશે.

પ્રેમી નારાયણભાઈના પત્ર તમારી પર આવે છે તે ખૂબ જ આનંદની વાત છે. તે પણ ઘણા જ પ્રેમી છે. તેમના પ્રેમની બરાબરી થઈ શકે તેમ નથી. સરસ્વતી પણ તેવી જ સંસ્કારી ને પ્રેમાળ છે. દુનિયામાં કેવાં કેવાં રત્નો પડ્યાં છે. તેમનામાં જ્ઞાન છે, બુદ્ધિ છે, કેળવણી છે, એટલે તે સર્વ વસ્તુ જાણે છે ને સમજે છે.

લો ત્યારે હવે બંધ કરું છું.

તમે અત્યારે શું કરો છો ? હું તો નાની સરખી કુટિયામાં બેઠો છું. આજુબાજુ કેટલાયે સંત મહાત્મા ને દેવી દેવતાના ફોટા છે. ખુલ્લી બે બારીમાંથી પવન આવી રહ્યો છે. સાંજનો સમય છે. આકાશમાં વાદળાં છે. આટલો ઠંડો પ્રદેશ છે પણ મને જરા ગરમી લાગે છે એટલે એક જ વસ્ત્ર પહેરીને બેઠો છું. કેરી તો ખુબ ખાધી. હવે થોડા દિવસમાં બંધ પણ થઈ જશે. આંબા પર કેરી નથી, પણ પક્ષીઓના અવાજ ક્યાંક ક્યાંક આવી રહ્યા છે. આવું છે અહીંનું વાતાવરણ ! તમે તો પત્ર વાંચતાં હશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૩ : સાચી સંપત્તિ

દેવપ્રયાગ
તા. ૩ ઓગસ્ટ, ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો છે. વાંચી આનંદ આનંદ.

તમારું શરીર સંભાળશો. અહીં આવ્યા પછી મારી તબિયત તદ્દન સારી છે. વરસાદ તો આ વરસે અહીં તદ્દન ઓછો છે. એટલે તાપ જેવું લાગે છે. પણ આંબાની ઠંડી હવા દિવસ-રાત ચાલ્યા જ કરે છે એટલે ઠંડક ખૂબ રહે છે.

તમે ભજન તથા સત્સંગમાં દિવસો પસાર કરો છો તે ઘણા જ આનંદની વાત છે. ભજન તેમજ સત્સંગ વિના સાચું ને ખોટું શું તે સમજાતું નથી, તે વિના જ્ઞાન થતું નથી, ને અંતરના મેલ કપાતા નથી. સાધારણ માણસોને તો તેમાં રસ પણ ના આવે. તેમને નિંદા-કૂથલીમાં જ મજા પડે. પણ જેમના પર ભગવાનની દયા હોય ને જેમનાં પાપ જતાં રહ્યાં હોય તેમને સત્સંગ-ભજનમાં રસ પડે છે. ભગવાનનો પ્રેમ એ જ સાચી વસ્તુ છે. તે વિનાની ગમે તેવી સંપત્તિ કે બાદશાહી હોય તો પણ તેની કીમત એક કોડીની પણ નથી. મનુષ્ય શરીર મેળવીને ભગવાનનું સ્મરણ જ કરવાનું છે. ભગવાનનો પ્રેમ થવાથી બધાં દુ:ખ ટળી જાય છે. સ્વાર્થી સંસારનો પડદો તૂટી જાય છે, ને ભગવાન વિના કશામાં મન લાગતું નથી. ભગવાનના નામનો જપ ને તેના ધ્યાનમાં-સારાં સારાં પુસ્તકો વાંચવામાં જ આનંદ આવે છે. આવા જીવો પર ભગવાનની દયા થાય છે ને તેમને દર્શન થાય છે, તથા શાંતિ મળે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૪ : હિમાલયનું સ્વર્ગ

દેવપ્રયાગ
તા. ૨૭ ઓગસ્ટ, ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો. ઘણો સમય થયો. મેં તમને એક કવર લખ્યું હતું તે મળ્યું હશે. આશા છે કે તમારું શરીર સારું હશે.

હું હમણાં બે દિવસ પહેલાં અહીંથી ૬ માઈલ દૂર દશરથાચલ પહાડ પર જઈ આવ્યો. ખૂબ સુંદર સ્થાન છે. ત્યાંથી સારોયે હિમાલય બરફ સાથે દેખાય છે. વરસાદની ઋતુ હોવાથી એવું તો રમણીય લાગે છે કે વાત જ નહીં. વાદળાં બધાં ઠેઠ નીચે આવી જાય છે, ને જાણે સ્વર્ગમાં રહેતા હોઈએ તેવું લાગે છે. આપણે બદરીનાથની યાત્રા કરી ત્યારે ત્રિયુગીનારાયણની પહેલાં પવાલીની ચઢાઈ આવી હતી. ત્યાં જેમ વાદળ વાદળ લાગતાં હતાં તેવું જ દશરથાચલ પર પણ લાગે છે.

ત્યાં વરસાદ હશે. અહીં તો દરેક વરસ કરતાં વરસાદ ખૂબ થોડો પડ્યો છે.

શરીર મારું ખૂબ સારું છે. ત્યાં શું ચાલે છે ? હવે તો પુરુષોત્તમ મહિનો પૂરો થયો. તો ઘરમાં વાંચન વગેરે સત્સંગમાં દિવસ આનંદમાં જતા હશે. સત્સંગ એ કળિયુગમાં તરવાની દવા છે. સત્સંગથી સાચું શું તે સમજાય છે, ને ભગવાન પર પ્રેમ થાય છે. ભગવાન પર પ્રેમ થયા વિના જીવનમાં શાંતિ નથી. ભગવાનમાં પ્રેમ થાય એટલે ખૂબ આનંદ લાગે છે. સંસારનાં દુઃખ કંઈ જ અડકી શકતાં નથી. મીરાંબાઈ, નરસિંહ ભગત, તુકારામ વગેરેની જેમ જીવન ધન્ય ધન્ય થઈ જાય છે. મનુષ્ય શરીર એટલા જ માટે છે કે ભગવાનની ખૂબ ભક્તિ થઈ શકે, જ્ઞાન મેળવી શકાય, ને ભગવાનનું દર્શન થાય. બીજી કોઈ યોનિમાં ભગવાનનું દર્શન થઈ શકતું નથી. કેવળ મનુષ્ય યોનિમાં જ તે થઈ શકે છે. એટલે મનુષ્ય શરીરમાં જન્મ લઈને જે ભક્તિ કરે છે, ભગવાન પર પ્રેમ કરે છે તે જ ધન્ય છે, ને તેનું જ જીવન સફળ છે.

ત્યાં સૌ પ્રેમીજનો કુશળ હશે.

નારાયણભાઈનો પત્ર આવતો હશે. અમદાવાદ તારા તથા રમેશ કુશળ હશે. મનુભાઈ તો ધરમપુરથી રોડકોટ ગયા. ડોકટરોએ ખૂબ ખૂબ તપાસ કરીને કહ્યું કે કનકને કંઈ જ રોગ નથી. ખાલી તાવ આવે છે તો તેનું કારણ કંઈક બીજું છે. નકામો વહેમ ને ચિંતા ના કરો. તેથી તેમને શાંતિ થઈ. નહિ તો ખૂબ ગભરાઈ ગયા હતા. ભગવાન પર જેને વિશ્વાસ હોય છે તેને કંઈ જ સંકટ કે દુઃખ પડી શકતું નથી. ને દુઃખ આવે તો પણ તે સુખમાં પલટાઈ જાય છે. એવો ભગવાનની દયાનો મહિમા છે. મીરાંબાઈ ને પ્રહ્લાદને કેટલું દુઃખ પડ્યું હતું ! પણ ભગવાને તેમને ઊની આંચ પણ આવવા દીધી નહિ ને ખૂબ સુખ આપ્યું. ભગવાન પર શ્રદ્ધા ને પ્રેમ ના હોવાથી જ બધાં સંકટ પડે છે.

તમે ખૂબ આનંદમાં રહેજો ને સારાં સારાં પુસ્તકો વાંચીને દિવસ ખુબ જ શાંતિ તેમજ આનંદમાં પસાર કરશો.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૫ : ચાર દિવસનું ચાંદરણું

દેવપ્રયાગ

તા. ૧૨ સપ્ટે. ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારો પત્ર તા. ૧૨ નો લખેલો છેક એક મહિના બાદ પરમદિવસે મને મળ્યો. ટપાલમાં કાંઈક ગરબડ હોવાથી કાગળને મળતાં આટલી બધી વાર થઈ. આ પહેલાં મેં તમને એક કાગળ લખ્યો છે તે પણ તમને મળી ગયો હશે.

મારી તબિયત બરાબર સારી છે. તમારી તબિયત પણ સારી રહે છે તે જાણી અમને આનંદ થાય છે. ઉપરાંત સત્સંગ ભજન ચાલ્યા કરે છે તે પણ ખુબ આનંદની વાત છે. ઈશ્વરની કૃપા વિના આ ઘોર કલિયુગમાં ઈશ્વર પર પ્રીતિ થઈ શકતી નથી. જૂઠા મદમોહ ને અભિમાનમાં માણસો એવાં તો ફસાયેલાં છે કે તેમનું મન ઈશ્વર તરફ વળી શકતું જ નથી. મનુષ્ય શરીરને આવા લોકો ફોગટ જ ખોઈ બેસે છે. જે શરીરથી દયા, દાન, ધર્મ વગેરે કરવું જોઈએ, ને ઈશ્વરસ્મરણ કરી મુક્તિનું સુખ પ્રાપ્ત કરવું જોઈએ, તે શરીરને તેઓ નકામું નાખી દે છે. ઈશ્વરના સ્મરણ વિના કદી સુખ મળતું નથી. જીવનમાં જે અનેક પ્રકારનાં દુઃખ પડે છે તેનું કારણ ઈશ્વરને માણસો ભૂલી જાય છે તે જ છે. જે ઈશ્વરને યાદ કરે છે, તેનું સ્મરણ કરે છે, તેની રક્ષા કરવાને ઈશ્વર સદા બંધાયલા છે. મીરાં, પ્રહ્લાદ વગેરે અનેક સાચાં પ્રેમીઓને તેણે સુખ આપ્યું છે. તેમની ભંયકરમાં ભયંકર વિપત્તિ પણ દૂર કરી છે. આ કલિયુગમાં દંભ ને પાખંડ તેમજ જૂઠ, કપટ ને માયાનું જોર છે. ઈશ્વરનો પ્રેમ તો શોધ્યો પણ જડતો નથી, તેથી આજે સારીયે દુનિયામાં ભયંકર અશાંતિ ને દુઃખ ઊભું થયું છે. જે ઈશ્વરને યાદ કરશે તે જ કેવલ સુખી રહી શકશે. આ સંસાર ચાર દિવસનું ચાંદરણું છે. તેમાં સાચો રસ નથી. બધી સગાઈ કેવળ સ્વાર્થની છે. પણ અનુભવ થયા વિના કે દુઃખ પડ્યા વિના માણસને આ સમજાતું નથી, ને આ ના સમજાય ત્યાં લગી ભગવાન પર પ્રેમ પ્રાપ્ત થતો નથી. જેને ભગવાન પર પ્રેમ થાય છે તેનાં તો અનેક જન્મોનાં પુણ્ય ઉઘડ્યાં સમજવાં. ભગવાનનું સ્મરણ કરવામાં, ને તેની કથાવાર્તા કરવામાં જેને આનંદ આવે છે તેણે તો જીવતાં જ સંસારને જીતી લીધો. દુનિયામાં તેને તો વૈકુંઠ ને સ્વર્ગથી પણ વધારે સુખ મળી ગયું. જે ઘરમાં ભગવાનનું નામ લેવાય છે, ભગવાનનું ભજન થાય છે તે ખરેખર વૈકુંઠ જ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૯ : ફોગટ ફેરો

દેવપ્રયાગ

તા. ૩ ઓકટો. ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારો પ્રેમભર્યો પત્ર મળ્યો. અપાર આનંદ થયો. આજકાલ દેશમાં અશાંતિને કારણે ટપાલમાં જરા વિલંબ થાય છે. તેને લીધે તમારો પત્ર મને છેક એક મહિને મળ્યો. વચ્ચે દિલ્હીમાં ભંયકર અશાંતિ થઈ જવાથી ટ્રેનની અવરજવરમાં મુશ્કેલી થઈ હતી. તેથી જ ટપાલ આટલી મોડી મળી લાગે છે. મારી ટપાલ પણ તમને આ જ રીતે કદાચ મોડી મળતી હશે. જો કે હું ૧૫-૨૦ દિવસે પત્ર લખું છું. છતાં મોડો પત્ર મળે તો ચિંતા ના કરશો. હવે દિલ્હીમાં શાંતિ છે. તમે વાચન-ભજન વગેરે કરજો, ને જીવનનો આનંદ પ્રાપ્ત કરજો. આ જીવનમાં એ વિના બધું મિથ્યા છે. અજ્ઞાની માણસ દુનિયાના રંગરાગમાં ઈશ્વરને ભૂલી જાય છે, ને મોંઘો માનવદેહ માટીમાં નાંખી દે છે. તેને માથે તો દુઃખ જ દુઃખ છે, સુખ કેવળ તેને છે જે ઈશ્વરનાં ચરણોમાં બધું અર્પણ કરી દે છે, સંસારનો મોહ છોડી દે છે, વેરઝેરથી મુક્ત થઈ સૌ પર પ્રેમ કરે છે, ને સત્ય તથા દયાને જીવનમાં ઉતારે છે. આજે દુનિયા આ ભૂલી છે. તેથી મોટામાં મોટી આફત તેને માથે ઉતરી છે. જે આ સમજશે તે પોતાના જીવનનું કલ્યાણ કરશે. વિનાશી સંસારની જૂઠી માયામાં નહિ ભમે ને તરી જશે. માતાજી, તમે તો પૂરાં જ્ઞાની છો, મુક્ત છો. ભગવાનની તમારા પર પૂરી કૃપા છે. ધન્ય છે તમારા જીવનને. તમે તો હવે માયાથી પર છો. ને તમારા પત્રોમાં તમારા મહાન પવિત્ર આત્માનું દર્શન થયા કરે છે. સંસાર તો ચાવી કાઢેલી શેરડીનાં છોડિયાં છે. તેમાં રસ નથી. રસ તો એક પ્રભુમાં છે. મીરાં ને ધ્રુવ, પ્રહ્લાદ ને નારદે, શબરી ને જ્ઞાનેશ્વરે આ રસ જાણ્યો તો આજે તે અમર છે. કેટલાયને શાંતિ આપે છે ને પૂજાય છે. બાકી જે સંસારમાં જ રચ્યાપચ્યા રહ્યા, તેમનું નામનિશાન નથી. ખરેખર પ્રભુપ્રેમ એ જ જીવનનું સાચું કલ્યાણ છે.

વચ્ચે અહીં વરસાદ ખૂબ પડ્યો. ગંગામાં ભયંકર રેલ આવી ગઈ. તે પહેલાં એક ભાઈ સાથે હું દસ દિવસ દશરથ પહાડ પર રહી આવ્યો. ખૂબ આનંદ રહ્યો. હવે અહીં જ રહીશ. શરીર ખૂબ સારું છે. ઝાડા તો બદરીનાથથી પાછા આવ્યા પછી તદ્દન જ મટી ગયા છે. ભોજન હાથે જ બનાવું છું. પણ હવે ઠીક આવડે છે. વરસાદને લીધે અહીં ખૂબ રમણીયતા થઈ ગઈ છે. હમણાં અમારી કુટિયાની સામે શાંતા નદી પાણીથી ભરાઈ ગઈ છે. નાદ દિનરાત ચાલ્યા કરે છે. બાકી તો આ એકાંત જંગલ છે. કોઈ આવતું જતું નથી. અમે પણ કોઈ વાર ક્યાંય જતા નથી. બસ ઈશ્વરપ્રેમમાં, ભજનમાં ને લખવામાં તથા વાંચનમાં ને જપ-ધ્યાનાદિ કરવામાં મસ્ત રહીએ છીએ. અહીં સ્વર્ગથી પણ વધુ આનંદ લાગે છે. અત્યારે સંધ્યાકાળ થવાનો સમય છે. આ વખતે હું ભજનમાંથી ઊઠું છું. દિવસે ને રાતે વધારે વખત બસ ભજનમાં રહું છું. સંતમહાત્માના ફોટા અહીં કુટિમાં ખુબ સુંદર છે. એવો અહીંનો આનંદ છે......

હવે તો નવરાત્રી આવશે. હજી અહીં ઠંડી પડવી શરૂ થઈ નથી. ત્યાં તો ઠંડી નહિ જ હોય. વધારે શું ? ખુબ આનંદમાં રહેશો તથા ઈશ્વરપ્રેમનો વધારે ને વધારે સ્વાદ લેશો.

### પત્ર ૧૫૭ : માખણચોરની મમતા

દેવપ્રયાગ

તા. ૧૪ ઓકટો. ૧૯૪૭

પૂજ્ય માતાજી,

આ પહેલાં તમને મેં એક પત્ર લખ્યો છે. તે મળ્યો હશે. તમે કુશળ હશો. તેમજ અમદાવાદ બેન તારા તથા રમેશ પણ કુશળ હશે. નારાયણભાઈનો મુંબઈથી પત્ર હતો. કુશળ છે. મનુભાઈ આજકાલ કાઠિયાવાડમાં વઢવાણ છે, ત્યાં રહે છે. શરીર હજી બરાબર નથી એમ લખે છે. બેન કનકની તબિયત હવે એકદમ સારી થઈ ગઈ છે. મારી તબિયત અહીં ખૂબ સારી છે. તમારું શરીર પણ સાચવશો. હજી સોલાપુરથી કોઈ કાગળ આવ્યો નથી. મેં તેમને એક મહિનો થયાં એક પત્ર લખ્યો છે. હજી ઉત્તર નથી. તે બધાંનો પ્રેમ પણ ખૂબ ખૂબ છે.

તમારા દિવસો તો સારી રીતે સત્સંગ ભજનમાં તેમ જ આનંદમાં પસાર થતા હશે. ખુબ શાંતિથી ભગવાનનું સ્મરણમનન કરજો. એના વિનાની દુનિયાની બધી જ વસ્તુ જુદી જ છે. ભગવાનમાં જે પ્રીત કરે છે તેની બધી જ સંભાળ તે દયાળુ ડગલે ને પગલે રાખે છે. તુકારામ, ભક્ત નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરે ભક્તોના જીવનમાં ભગવાને કેવા કેવા દાખલા બતાવ્યા છે. આજે પણ કોઈ તેવી જ રીતે શુદ્ધ મન રાખી તેની ભક્તિ કરે તો તેનું દર્શન થાય છે ને તેના ચમત્કાર જીવનમાં પ્રત્યક્ષ મળે છે. જુઓને, અમારી પણ તે કેટલી બધી સંભાળ રાખે છે ! ગમે તેવો શ્રીમંત કે પ્રેમી હોય તો પણ તે આટલા બધા વખતમાં તો જરૂર કંટાળી જાય. બહુ તો એક બે મહિના સેવા કરે. પણ આ પ્રભુ તો આજે વરસોથી અમારી સંભાળ રાખે છે. આવા ઘોર જંગલમાં ને જ્યાં કોઈ માણસ પણ આવે નહિ તેવા સ્થાનમાં તે અમને બધી જ વસ્તુ પૂરી પાડે છે. એ તેની દયા જ છે. ગોપીના મટકામાંથી માખણ ચોરનાર એ પ્રભુ, આપણી મનરૂપી મટકીમાં જે પ્રેમનું માખણ છે તેનો ખુબ ભૂખ્યો છે. ને જ્યાં તેને તે મળે છે ત્યાંથી તે અળગો થતો નથી. તેવા પ્રેમીજનોનો તો તે દાસ જ થઈ જાય છે ને તેમની પાછળ પાછળ પ્રેમપૂર્વક એટલા માટે ફરે છે કે તેવા ભક્તોના ચરણની પવિત્ર રજ તેના પર ઊડે ને તે પવિત્ર થાય ! આવો તે પ્રભુનો મહિમા છે. પણ તેના આવા પ્રેમની પ્રાપ્તિ તેની કૃપાથી જ થઈ શકે છે. મનુષ્ય શરીરનો મહિમા ખુબ મોટો છે. એક મનુષ્ય દ્વારા જ ઈશ્વરની ભક્તિ કરી શકાય છે ને ઈશ્વરદર્શન થઈ શકે છે, બાકી દેવયોનિ કે કોઈ પણ લોકમાં આવું ભાગ્ય મળી શકતું નથી. એમાં પણ ઈશ્વરની દયા ને કૃપા હોય તો જ ને તેવા જ સ્થળમાં ભગવાનના પરમપ્રેમી પુરુષોનો જન્મ કે અવતાર થઈ શકે છે, ને પોતાની જ્ઞાનથી તે હજારો માણસોને શાંતિ આપીને તારી દે છે. સાધારણ માણસો તો મૂર્ખની જેમ ખાવા, પીવા ને સૂવા તેમ જ ભોગવિલાસમાં જ જીવનને વેડફી દે છે ને અંતે મરણને શરણ થાય છે. પણ આવો અવસર ફરી ફરી આવતો નથી એમ સમજી લઈ સમજુ જનો કેવલ ભજન ને ઈશ્વરસ્મરણમાં જ મન લગાડે છે.

તમે અત્યારે શું કરો છો ? વાંચતાં કરતાં હશો. કે કાંઈક કામે વળગ્યાં હશો. અમે તો લખવાનું જ કામ કરીએ છીએ. આજે બે ત્રણ પત્ર લખ્યા છે એટલે જરા હાથ દુ:ખવા માંડ્યા છે. છતાં તમને લખ્યા કરું

છું. અત્યારે બપોરનો વખત છે. કાલથી નવરાત્રી શરૂ થશે. હવે અહીં થોડી થોડી ઠંડી સવારે પડવા માંડી છે. ૧૫–૨૦ દિવસ પછી ખરી ઠંડી શરૂ થશે. છતાં ઋતુ ખુબ જ સોહામણી લાગે છે. હિમાલય તો હિમાલય જ છે. અહીં અત્યારે ખુબ ખુબ શાંતિ છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૮ : ક્ષણભંગૂર જીવન

દેવપ્રયાગ

તા. ૧૮ નવેમ્બર, ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારું શરીર સારું હશે. ખુબ આનંદપૂર્વક ઈશ્વરસ્મરણ કરતાં હશો, તેમજ સારા સારા ગ્રંથોનું વાંચન પણ ચાલુ હશે. જીવનમાં શાંતિનો એ જ ઉપાય છે. એ વિના કદી શાંતિ મળે તેમ નથી. જે ઈશ્વરથી દૂર દૂર જાય છે, તેને ભૂલી જાય છે, ને સંસારના ક્ષણભંગુર પદાર્થ તેમ જ તેના રસમાં લપટાઈ જાય છે તેમને વારંવાર થપ્પડો ખાવી પડે છે, કષ્ટ વેઠવાં પડે છે, ને શાંતિ તેમને કદી મળતી નથી. શાંતિ તો તેને જ હાથવેંતમાં મળે છે જે પ્યારા પ્રભુના પ્રેમને પ્રાપ્ત કરે છે. આ વિનાશી સંસારમાં જે હંમેશ માટે અમર ઈશ્વરને જ ભજે છે, તેનું જ જીવન ધન્ય ને કૃતાર્થ થઈ શકે છે. તેને પ્રભુ અનેક દર્શન પણ આપે છે, તેમજ જીવનમાં ડગલે ને પગલે ચમત્કાર બતાવે છે. ભગવાનની સાચી શ્રદ્ધાનો આવો મોટો મહિમા છે. માટે તેમાં જ મસ્ત થઈ જવું ને કાયાનું કલ્યાણ કરવું.

મારું શરીર બરાબર છે. અહીં હવે ઠંડી શરૂ થઈ ગઈ છે. પણ હજી એટલી બધી ના જ કહેવાય. ધીરે ધીરે પડશે. ભોજન તો હાથે જ બનાવવાનું રહે છે. ખીચડી વધારે ભાગે બનાવું છું. હવે તો બરાબર આવડે છે. બાકી દૂધ, ઘી વગેરે ખૂબ સારા પ્રમાણમાં લઉં છું. હમણાં અહીં નારંગી ખૂબ મળે છે. તે પણ લઉં છું. ભગવાન જેના પર દયા કરે તેને શી કમી હોય ? સારો સંસાર તેને માટે તો દાસ થઈ જાય છે, ને તે આકાશ કે પાતાળમાં હોય તો પણ જે જોઈએ તે ત્યાં તેને આવી મળે છે. ભગવાનની દયા એવી અજબ છે. તેની કૃપાથી જ અમને આનંદ છે. ને એવો આનંદ છે કે જેવા ભલભલા રાજા તો શું, ઈન્દ્ર કે કુબેર ને બ્રહ્માને પણ ના હોય. આ સંસારમાં આવીને અમને એક પ્રભુની પ્રીત લાગી તે જ દિવસથી ભાગ્ય ઊઘડી ગયું, ને આનંદ આનંદનો ઓચ્છવ થઈ રહ્યો.

અહીં જંગલમાં નાનીસરખી કુટિયા છે. પણ મહેલ કરતાંયે વધુ આનંદ આવે છે. રાતે તો એટલી બધી શાંતિ હોય છે કે રજ પણ હાલતી નથી. તેવે વખતે તો આ સ્થાન ખુબ જ સુંદર લાગે છે. કેટલાય મહાત્માઓના ફોટા અહીં છે. તે બધાંની સાથે હું બેસી રહું છું ને મારા રોજના કામમાં તલ્લીન થઈ જાઉં છું. આ જગામાં રહીને મેં ભારે ભારે કામ કર્યાં છે જે આજે નહિ પણ ભવિષ્યમાં કદીક પ્રકટ થશે, તેમ જ ઊંડી શાંતિ મેળવી છે. એટલે આ જગા ખુબ પ્યારી લાગે છે.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૫૯ : ઈશ્વરપ્રેમની તુલના

દેવપ્રયાગ
તા. ૨ ડીસે. ૧૯૪૭

પૂજ્ય માતાજી,

તમારું કવર મળ્યું છે. મેં પણ તમને એક કવર લખ્યું છે તે મળ્યું હશે. તેમાં ગુજરાત તરફ આવવા વિચાર છે એમ લખેલું. તમને આનંદ તો થયો જ હશે. હજી ચોક્કસ દિવસ નક્કી કર્યો નથી. પણ હવે બેચાર દિવસમાં નક્કી કરીશ ને પછી પાછો પત્ર લખી જણાવીશ. શરીર સંભાળજો. ખુબ આનંદમાં રહેજો, તેમજ રોજ ભજન તથા સત્સંગ કરીને ઈશ્વરસ્મરણ કરી આ વિનાશી ને સૂકા સ્વાર્થમય સંસારમાં સાચું સુખ, સાચો રસ ને સાચો આનંદ મેળવજો. ઈશ્વરનો પ્રેમ જાગે પછી દુ:ખ સંકટ કંઈ રહેતાં નથી. ગોપીઓ ને મીરાંની જેમ મન તેમાં મસ્ત થઈ જાય છે ને શાંત બને છે. હૃદયને પ્રેમથી ખુબ રંગી દેવું જોઈએ. ઈશ્વર તે પછી ખુદ આપણો બધો ભાર, આપણી બધી ચિંતા, ઉપાડી લે છે, ને આપણને સદાયે સુખ આપે છે. ઈશ્વરના રસ પાસે મોત પણ તુચ્છ છે, સંસારની બધી વસ્તુ ફીકી લાગે છે. આવો પ્રેમ થઈ જાય છે. અનેક જન્મના પાપોને લીધે માણસ આ સમજી શકતો નથી, ને સંસારમાં ટીચાય છે, કૂટાય છે ને અથડાય છે. છેવટે ખાલી હાથે અહીંથી વિદાય થાય છે. પણ ઈશ્વરપ્રેમી તો ઈશ્વરની પ્રાપ્તિ આ જ જગતમાં કરી લે છે, ને ઈશ્વર સાથે આનંદ કરે છે. એવી ભક્તિ સદા કરવી જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## પત્ર ૧૬૦ : ભવાનીશંકરનો પત્ર

મુંબઈ
તા. ૨૮ ડીસે. ૧૯૫૧


પ્રિય ભાઈશ્રી,

પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. નાશિકના પુણ્યધામમાં મેં ઈશ્વરની પ્રેરણાથી કેવળ પાણી પર ઉપવાસ કર્યા હતા, ને મુંબઈ આવવાનું થયું તે દિવસે ૨૭ મો ઉપવાસ હતો. મારા ઉપવાસ સહીસલામત રીતે ૩૧ મે દિવસે પૂરા થયા છે. હાલ દૂધ, મોસંબીનો રસ ને એક વખત અન્ન લઉં છું. ઈશ્વરકૃપાથી અશક્તિ જણાતી નથી. મેં તો મારું સર્વ જીવન ઈશ્વર પાછળ સમર્પી દીધું છે, એટલે તેને ગમે તે વસ્તુ કરવામાં પણ આનંદ જ આવે છે. જેના અનેક જન્મનાં પાપકર્મ દૂર થયાં હોય તે જ આ ઘોર સમયમાં સંસારની મોહજાળમાંથી છૂટી શકે છે, ને ઈશ્વરપરાયણ બની ઈશ્વરકૃપા મેળવે છે. બાકી તો આવું ઉત્તમ માનવશરીર ઈશ્વરપ્રાપ્તિ કરી મુક્તિ મેળવવા માટે મળ્યું છે. પણ માણસ તેને વિષયસુખ પાછળ વલખાં મારવામાં જ ખોઈ નાખે છે. જે દિવસે માણસ ઈશ્વરની કૃપા મેળવવા આતુર બનશે, તે દિવસે તેને માટે કોઈ જ દુઃખ, શોક, પરિતાપ કે સંકટ નહિ રહે. તેને ભજવાની જ જરૂર સૌથી પહેલી છે.

વૃદ્ધ મહાત્માજીની વાત સાંભળી. ઈશ્વરેચ્છા હશે તો અહીંથી અમદાવાદ જતાં ત્રણ-ચાર દિવસ વડોદરા ઉતરવાનું રાખીશ. બોર્ડીંગના લાયબ્રેરી રૂમમાં કે એવે ઠેકાણે ઉતરવાની વ્યવસ્થા થઈ શકે તો વધારે અનુકૂળતા રહે. માતાજી કુશળ છે.

☼ ☼ ☼ ☼ ☼

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

*